
# શ્રી પ્રાચીન
# સ્તવન સજ્ઝાય સંગ્રહ



શ્રી. જીતવિજયજી ગ્રંથમાળા મણકો ૧ લો

# શ્રી પ્રાચીન
# સ્તવન સજ્ઝાય સંગ્રહ

: સંગ્રાહક :
આચાર્ય મહારાજ શ્રી વિજયકનકસૂરિજી



આવૃત્તિ બીજી
મે ૧૯૬૦

મૂલ્ય : પહેલ પાહેલ

પ્રકાશક
રાજુલાલ જગશીભાઈ શાહ ; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
ગાંધી રસ્તો ; અમદાવાદ.

મુદ્રક
કાન્તિલાલ એમ. દેસાઈ : ચંદ્રિકા પ્રિન્ટરી
મિરજાપુર રોડ : અમદાવાદ




# અર્પણ

જૈનશાસનનભોમણિ, નિર્ગ્રંથવર્ય, સચ્ચારિત્રચૂડામણિ, બાળબ્રહ્મચારી મહાતપસ્વી, પરમ ગુરુમહારાજ શ્રી ૧૦૮ **જીતવિજયજી** મહારાજ તથા સમતાદિગુણનિધાન ગુરુમહારાજ શ્રી **હીરવિજયજી** મહારાજની સેવામાં.

આપે આપના શુદ્ધ ચારિત્ર અને ઉત્તમ બ્રહ્મચર્ય તથા તપશ્ચર્યાદિ અપૂર્વ પ્રભાવથી વિશુદ્ધ ધર્મોપદેશ વડે અનેક દેશના ભવ્યજીવોને સમ્યકત્વ, દેશવિરતિ, સર્વ–વિરતિ આદિ પ્રાપ્ત કરાવીને શુદ્ધ મોક્ષમાર્ગે ચડાવી મહાન ઉપકાર કર્યો છે; તેમાં મને પણ આપે આ સંસાર સમુદ્ર તરવા જહાજ સમાન પારમેશ્વરી દીક્ષા આપી મહાન ઉપકાર કર્યાનું સ્મરણ કરવા ખાતર આ પુસ્તક આપને સમર્પણ કરી આત્માને કૃતાર્થ માનું છું.

લિ૦ આપનો કૃપાકાંક્ષી,

**સેવક કનકવિજય**



# પ્રસ્તાવના

**श्रीवासुपूज्यस्वामिने नमः**

કચ્છ–વાગડ દેશોદ્ધારક આચાર્ય મહારાજ સાહેબ શ્રી વિજય-કનકસૂરીશ્વરજી મહારાજ સંવત ૨૦૧૪ની સાલમાં જ્યારે કચ્છ–માંડવી બંદર સપરિવાર ચાતુર્માસ પધાર્યા ત્યારે ત્યાંના સંઘની તથા કચ્છ–વાગડના કેટલાંયે ગામોના સંઘની પણ ઈચ્છા પ્રાચીન સ્તવન સજ્ઝાયાદિ સંગ્રહનું પુસ્તક ફરીથી પ્રગટ કરાવવાની થઈ. પ્રથમ આવૃત્તિ સંવત ૧૯૮૭માં જ્યારે સિદ્ધગિરિની છાયામાં (પાલીતાણામાં) વાચક (ઉપાધ્યાય) પદમાં હતા ત્યારે થઈ હતી. તે વખતે તેઓશ્રી ત્યાં ચાતુર્માસ રહ્યા હતા અને જ્ઞાનાચારના ચોથા પદ (ઉપધાન–તપ)ની આરાધના કરાવી હતી. ત્યાં ચાતુર્માસ રહેલા ચાતુર્વિધ સંઘ તથા સ્થાનિક શ્રાવક–શ્રાવિકાઓ તરફથી ચોપડી બહાર પાડવા માગણી થઈ હતી.

શ્રી મહાવીરસ્વામીની ૭૧મી પાટે પ્રશાંતમૂર્તિ પરમ પૂજ્ય દાદા શ્રી મણિવિજયજી મહારાજ થયા. તપાગચ્છના વિચરતા આચાર્યાદિ મુનિ મહાત્માઓનો વિશેષ પરિવાર તેઓશ્રીનો છે. તેમના શિષ્ય-જ્યોતિર્વિદ પ. પૂ. શ્રી પદ્મવિજયજી મહારાજના શિષ્યરત્ન કચ્છ–વાગડ દેશોદ્ધારક પરમતપસ્વી શ્રી જીતવિજયજી દાદાના શિષ્યરત્ન શાંત-મૂર્તિ શ્રી હીરવિજયજી મહારાજ થયા. તેમના શિષ્યરત્ન કચ્છ–વાગડ દેશોદ્ધારક, વ્યાકરણ, કાવ્યકોષ, પ્રાકૃત, ન્યાયાદિના વિદ્વાન જેઓ ત્યારે શ્રી ઉપાધ્યાય હતા તેઓશ્રીએ પરોપકાર દૃષ્ટિથી વિચાર્યું કે આ સંસારમાં રહેલા જીવો જ્ઞાનને અભાવે સંસારચક્રમાં ભટકે–રખડે છે.

આ સ્થળે એ પણ જાણવું જરૂરી છે કે ભટકવું–અને રખડવું શબ્દ તો એક જેવો જણાય છે, પણ વિચાર કરતાં તેમાં મોટું

અંતર રહેલું છે. જેમકે ભટકતા લોક એટલે લુહાર, ગાદલિયા, રબારી, ભરવાડ જ્યાં પડાવ નાંખે ત્યાંથી ઊપડે ત્યારે સર્વ માલ સાથે ઉપાડી બીજે ઉતારો કરે, વળી ત્યાંથી જાય. એમ એ ભટકતા લોકો કહેવાય. અને રખડતા માલ સામગ્રી વિનાના ફર્યા કરે, તેમ આ સંસારી જીવોમાં જે આસ્તિક છે તેઓ ધર્મને, પરભવને માને અને અલ્પ-ઝાઝો કરે પણ ખરા, તેથી સાથે લઈ જાય અને તેનું ફલ પણ પરભવમાં ભોગવે પણ ખરા, એટલે તેઓ ભટકતા કહેવાય. હવે રખડતા તે કહેવાય કે જે પરલોક તેમજ ધર્મને ન માને અને ધન, કુટુંબ, શરીર, મકાનાદિને માટે રાત્રિદિવસ પાપારંભ સેવ્યા કરે, પરન્તુ તે ચાર માંહેનું કંઈએ સાથે ન આવે એટલે રખડતાની પેઠે ખાલી જાય. એવા આ સંસાર-ચક્રમાં અનંતાનંત પુદ્ગલ પરાવર્તકાલ નિગોદમાં સહન કર્યાં કે જ્યાં એક શ્વાસોચ્છ્વાસમાં ૧૭ ભવથી અધિક (૬૪૫૫ આવલિકા લગભગ કાલ) કર્યા. બે ઘડીમાં ૬૫૫૩૬, એક અહોરાત્રમાં, ૧૯૬૬૦૮૦ એક માસમાં, ૫૮૯૮૨૪૦૦ અને એક સંવત્સરમાં ૭૦૭૭૮૮૮૦૦ ભવ કર્યા. ત્યાં જે દુઃખ સહ્યાં તેનું વર્ણન કેવળજ્ઞાનીથી પણ ન થાય. જ્યાં અસંખ્યાતા ગોળા, ગોળેગોળે અસંખ્યાતી નિગોદ અને નિગોદે-નિગોદે અનંત જીવો. એક નિગોદના જીવો કેટલા એવો જ્યારે કોઈ જ્ઞાનીને પૂછે ત્યારે એક નિગોદનો અનંત ભાગ મોક્ષમાં ગયો એ પ્રમાણે ઉત્તર મળે. તે નિગોદમાં અનંત જીવો વચ્ચે એક શરીર આ ઔદારિક શરીરની આપેક્ષાએ જાણવું, બાકી તૈજસ, કાર્મણ તો સર્વેનાં જુદાં જાણવાં. અનંત જીવોના શ્વાસોચ્છ્વાસ પણ સાથે અને આહારમાં પણ અનંત જીવોનો મજિયારો (ભાગ). આવાં દુઃખો અનંત કાલ ભોગવી ભવિતવ્યતાને યોગે બાદર નિગોદ અનુક્રમે પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, પ્રત્યેક વનસ્પતિ, વિગલેન્દ્રિ યાવત્ પંચેન્દ્રિય તેમાં પણ અતિદુર્લભ એવો સામગ્રી સંપન્ન માનવભવ પામ્યા છતાં જ્ઞાનના અભાવે નિષ્ફલ ગુમાવે છે.

અલ્પબુદ્ધિવાળા જીવોને પણ જ્ઞાન થાય તેવા હેતુથી મારા પરમોપકારી ગુરુદેવ વાચકવર્ય સાહેબે પ્રાચીન સ્તવનો, સજ્ઝાયો ને ચૈત્યવંદનો,

સ્તુતિઓ વગેરેનો ઘણો ભાગ બહુ પ્રયાસ વડે ઘણે સ્થળેથી મેળવી એકઠો કર્યો હતો તેને તપાસી બને તેટલી અશુદ્ધિઓ દૂર કરી પછી તેને પુસ્તકમાં દાખલ કર્યો હતો. પ્રુફો કાળજી પૂર્વક તપાસવામાં ઘણો શ્રમ સેવી શુદ્ધ કર્યાં. આ સ્થળે મારા જ્યેષ્ઠ બંધુઓ (સંવત્ ૧૯૮૭માં પહેલી આવૃત્તિ બહાર પડી) તે વખતના મુનિમહારાજ શ્રી મુક્તિવિજયજી (જેઓ હાલ પંન્યાસજી છે) મહારાજે આ પુસ્તક પાછળ ઘણો શ્રમ વેઠ્યો હતો તથા મુનિ મહારાજ શ્રી કાન્તિવિજયજીએ પણ પ્રુફો તપાસવાનું કાર્ય કર્યું હતું (જેઓ પાછળથી કાળધર્મ પામ્યા છે.) યત્કિંચત્કાર્ય આ લેખકે કરેલ તેની અનુમોદના કરી છે. તે પુસ્તક તે વખત ચાતુર્માસમાં જ છપાઈ બહાર પડ્યું હતું. જેની શરૂઆતમાં કચ્છ–વાગડદેશોદ્ધારક શાન્તમૂર્ત્તિ બાળબ્રહ્મચારી પરમપૂજ્ય દાદાશ્રી જીતવિજયજી મહારાજ સાહેબનું સંક્ષિપ્ત જીવનચરિત્ર આપવામાં આવ્યું હતું. તેમાં પાંચ વિભાગ પાડવામાં આવેલ જેમાં પહેલા ભાગમાં ૩૨ ચૈત્યવંદનો, બીજા ભાગમાં ૩૫ જોડા સ્તુતિઓ, ત્રીજા ભાગમાં ૬૬ સ્તવનો, ચોથા ભાગમાં વૈરાગ્યરસિક નાની મોટી ૬૪ સજ્ઝાયો અને પાંચમા ભાગમાં મંગલ આદિ પાંચ આપેલ.

આ પ્રમાણે આ પુસ્તક બહાર પડતાં લોકોને અતિ ઉપયોગી જણાતાં કેટલીક નકલો ત્યાં જ ચોમાસામાં ખપી અને પાછળથી પણ ઉપરાઉપર માગણીઓ આવતાં બાકીનો પણ ઘણો ભાગ ખપી જતાં ચતુર્વિધસંઘની બીજી આવૃત્તિને માટે માગણી આવી. કોઈ કારણસર કેટલોએક વખત નીકળી જતાં છેવટ સં. ૨૦૧૪માં જ્યારે માંડવી બંદર ચાતુર્માસ થયું ત્યારે તો વખતોવખત અને ઉપરાઉપરી માગણી આવી. સૂરિપુરંદરની ભાવના પુસ્તક ફરી છપાવવાની હતી, તેને વેગ મળતાં એક બાજુ કાર્તિક સુદ ૫ (સૌભાગ્ય પંચમી) થી ઉપધાનતપ શરૂ થયું અને બીજી બાજુ પ્રાચીન સ્તવન સજ્ઝાયાદિનું દ્વિતીય આવૃત્તિનું કાર્ય ચાલુ રહ્યું. પરન્તુ કેટલાંક વૈરાગ્ય રસિક પ્રાચીન સ્તવનાદિ કે જે પહેલી આવૃત્તિમાં ન હતાં તેવાં કેટલેક સ્થળેથી મેળવી તેનો ઉતારો

કરાવી તેને કાળજીપૂર્વક તપાસી અમદાવાદ છાપખાનામાં મોકલાવ્યાં અને જેમ બને તેમ તાકીદે તૈયાર કરવા ભલામણ પણ કરાઈ, અને ઉપધાનને કારણે માગશર માસ સુધી ત્યાં રોકાવાનું થતાં તે વખતે જ માંડવી સંઘની માગણી થવા લાગી કે હવે પુસ્તક કયારે બહાર પડશે. શ્રી. શંભુલાલ જમશીભાઈએ બીજી આવૃત્તિ છપાવવાનું માથે લીધું પણ કેટલાંક કારણસર છાપવામાં વિલંબ થયો. છેવટે સં. ૨૦૧૫ના ભચાઉના ચાતુર્માસમાં ખૂબ ત્વરા જણાવી ત્યારે ઉત્તર મળ્યો કે હવે જલ્દી તૈયાર કરી આપીશું. આ બીજી આવૃત્તિમાં શરૂઆતમાં કચ્છ–વાગડદેશોદ્ધારક શાન્તમૂર્તિ બાળબ્રહ્મચારી દાદા શ્રી જીતવિજયજી મહારાજ સાહેબનું જીવનચરિત્ર છે, ત્યારપછી પાન ૧ લાથી ૨૭ સુધી ચૈત્યવંદનો, પાન ૨૮ થી પાન ૫૯ સુધી સ્તુતિઓ અને ત્યારબાદ પાન ૬૦ થી પાન ૧૫૧ સુધી સ્તવન સમુદાય અને તેની પશ્ચાત્ પાન ૧૫૪ થી પાન ૩૨૮ સુધી સજઝાયોનો સમૂહ વગેરે આવેલ છે. અહીં પુસ્તકની સમાપ્તિ થતાં, કેટલીક વસ્તુ દાખલ કરવાની જરૂરી જણાતાં, પરિશિષ્ટ ૧લામાં પાન ૧ થી ૬૦ સુધી સ્તવનો, પરિશિષ્ટ બીજામાં પાન ૬૧ થી ૧૦૭ સુધી સજઝાયો અને પરિશિષ્ટ ત્રીજામાં પાન ૧૦૮ થી ૧૩૨ સુધી કવિતા, દુહા, ગંહુલી વગેરે પ્રકીર્ણ આપવામાં આવ્યું છે. તેમજ જ્ઞાન રસિક શ્રાવક–શ્રાવિકાઓએ આ પુસ્તકમાં આર્થિક સહાય આપી છે તેમનાં નામ પણ આ પુસ્તકમાં દાખલ કરવામાં આવ્યાં છે.

આ પુસ્તક બનાવવામાં આરાધ્યપાદ ગુરુદેવ શ્રી ૧૦૦૮ શ્રી વિજયફનસૂરીશ્વરજી મહારાજ સાહેબે અધિક પ્રયાસ વેઠી અત્યંત ઉપકાર કર્યો છે જે આપણાથી કોઈ રીતે ભૂલાવો ન જોઈએ. ઉપકાર બુદ્ધિવિષે ઝાઝું શું કહું.

આ ચાલતા વર્તમાન સમયમાં ૭૮ વરસની વૃદ્ધાવસ્થામાં જો કે દેહબળ ઘટયું છે તો પણ આત્મબળથી બે મુનિઓ અને પચ્ચીશ જેટલાં સાધ્વીજીઓને ઉત્તરાધ્યયન તથા આચારંગાદિના યોગોદ્વહનની

સતતપણે અત્રે (આધોઈમાં) ક્રિયા કરાવી રહ્યા છે, તે અરસામાં તેઓ સાહેબે મારા પર કૃપા કરી આ પુસ્તકની પ્રસ્તાવના લખવા આજ્ઞા ફરમાવી જેથી મારી યત્કિંચિંત્ બુદ્ધિ વડે આ લખાયું છે તેમાંથી વાચક વર્ગ સારસારને ગ્રહણ કરશે તથા આ પુસ્તક બને તેટલા પ્રયાસથી શુદ્ધિ તરફ દૃષ્ટિ રાખી તૈયાર કર્યું છતાં દૃષ્ટિદોષ તથા પ્રેસદોષથી અશુદ્ધિ રહી જવા પામી હોય તો તે મહાશયો સુધારી વાંચે અને અમને જણાવશે તો આભાર માનીશું એટલું જણાવી વીરમું છું.

આધોઈ (વાગડ–કચ્છ)
સં. ૨૦૧૬, ચૈત્ર સુદ ૫
(રોહિણી) શુક્ર

—પં. દીપવિજય



## પુસ્તક છપાવવા માટેનાં સહાયકનાં નામો :—

૩૦૦—૦ શ્રી ભચાઉ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ હસ્તે
જ્ઞાન ખાતામાંથી હા. મેતા અમીચંદ મકનજીવાલા.

૩૦૦—૦ શ્રી મનફરા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ હસ્તે
જ્ઞાન ખાતામાંથી હા. શા. મુરજી ધનજી.

૨૦૦—૦ કુબડિયા જેઠાલાલ જીવરાજ લાકડિયા–હસ્તે
કુબડિયા ડાહ્યાલાલ જેઠાલાલ.

૧૬૨–૧૦ માંડવીમાં બીજા જુદા જુદા આવ્યા.

૧૫૧—૦ મેતા પુરુષોત્તમભાઈ અમરશી–માંડવીબંદર

૧૨૫—૦ મેતા અમૃતલાલ અનોપચંદ–માંડવીબંદર

૧૦૧—૦ શા. લાલજીભાઈ આશકરણ–માંડવીબંદર
હા. સમુબહેન

૧૦૧—૦ ગઢેચા પ્રભુલાલભાઈ મંગળજી–કૃતેહગઢ

૬૦—૦ મેતા સોમચંદ હરચંદ–ગાગોદર

૫૧—૦ શા. હુરગાચંદ ધરમચંદજી વિજયવાડાવાળા

૫૧—૦ શ્રી. પનાલાલજી જુગરાજજી આરકટ

૨૫—૦ પુજ. માહાદેવ દેવરાજ ચીત્રોડવાળા

૨૫—૦ શા. કુંવરજીભાઈ લખમશી–માંડવી બંદર

૨૫—૦ ચંદુરા નેમચંદ મૂલચંદ–પલાંસ્વા

૨૫—૦ શા. ઝુમખલાલભાઈ મલુકચંદ–માંડવી બંદર

૨૫—૦ શ્રી. વિદ્યાબેન ચંદુલાલ–અમદાવાદ

૨૫—૦ શા. દામજીભાઈ નાનચંદભાઈ

૨૫—૦ બહેન કુંવરબાઈ વીસનજી
હા. નાનાલાલ રાયશીભાઈ મંજલવાલા

૨૫—૦ સંઘવી મીઠુભાઈ જીવરાજ–માંડવી બંદર

૨૫—૦ શા. હેમતલાલ કાનજીભાઈ ,,

૨૫—૦ શા. મણિલાલ જેવતભાઈ ,,

૨૫—૦ મેતા મયાચંદ કરમચંદ હા. જેવતીબાઈ
મયાચંદ ઊમીઆ

૨૫—૦ શ્રી પત્રીસંઘ હા. વેારા કાનજી રતનશી

૨૫—૦ કુબડિયા દામજી પરશોતમ–લાકડિયા

૨૫—૦ મેતા ગોવરધનલાલ લખમસી હા. અમૃતલાલ
ગોરધન–ભચાઉ

૨૫—૦ ભણુશાળી ત્રીકમજી હીરાચંદનાં ધર્મપત્ની
દીવાળીબાઈ–ભચાઉ

૨૫—૦ સંઘવી ઓતમચંદ હેમરાજ
હા. સંઘવી રતનશીભાઈ–ભચાઉ

૨૫—૦ ગાંધી પોપટલાલ ભીમજી હા. શાંતિલાલ
પોપટલાલ–ભચાઉ

૨૫—૦ મેતા શામજી માનસંગની કુ.–ભચાઉ

૨૫—૦ ભણુશાળી મોરારજી ભગવાનજીનાં ધર્મપત્ની ભચીબાઈ અલેરાજ હા. ધરમશીભાઈ મોરારજી-ભાઈ–ભચાઉ–કચ્છ

૨૫—૦ મેતા બેચર આશકરણ
હા. પોપટલાલ બેચર–ભચાઉ

૨૫—૦ તુંબડી જૈન સંઘ જ્ઞાન ખાતામાંથી હા. સંઘવી શામજીભાઈ ભવાનજી–તુંબડી–કચ્છ

૧૫—૦ મેતા ફૂલચંદ કેશવજી
હા. છગનલાલ ફૂલચંદ–ભચાઉ

૧૫—૦ શા. ભારમલ નારણ–ભચાઉ.

૧૦—૦ મેતા ગોપાલજીભાઈ દેવચંદ–ભચાઉ

૧૦—૦ મેતા દલીચંદ કેશવજી–ભચાઉ

૧૦—૦ મેતા ઈંદરજી અદેશંગ
હા. મેતા નીમચંદ ઈંદરજી–ળાગેાદર

---

૨૧૮૭–૧૦

ॐ अर्हं नमः

श्रीगौतमगणधराय नमो नमः

# 'માનવતાનો વિકાસ'

યાને દાદા

# 'શ્રીજીતવિજયજી મહારાજ'

**नत्वा श्रीपार्श्वशखेशं, गुरुं जैनं च वाङ्मयम् ।**
**श्रीजीतविजयाह्वानं, गुरुं स्तौमि स्वश्रेयसे ॥१॥**

**અર્થ :**—શ્રી શંખેશ્વર પ્રાર્શ્વનાથ પ્રભુને, શ્રીગુરુમહારાજને તથા શ્રી જૈનાગમને નમસ્કાર કરીને મારા કલ્યાણને માટે હું દાદા શ્રીજીત-વિજયજી મહારાજની સ્તુતિ કરું છું. ( ૧ )

**અનાદિ જગત :**—અનાદિ જગત શુભ અને અશુભ ભાવોથી યુક્ત છે, અગર એ શુભાશુભ દ્વંદ્વને જ 'જગત્–સંસાર–ભવ' વગેરે નામોથી ઓળખવામાં આવે છે. પ્રાયઃ સંસારી કોઈ પદાર્થ એવો નહિ હોય કે જેમાં એ શુભ–અશુભપણું ન મળે! આ દ્વંદ્વને જડ–ચેતન, આત્મા–પુદ્ગલ, કે જીવ–અજીવ પણ કહેવાય છે. આ બન્નેનો પારસ્પરિક સંયોગ તે સંસાર, તથા જડનો સર્વથા વિયોગ તે જીવનો મોક્ષ કહેવાય છે. સંસારી જીવને અંગે વિચારીએ તો તેના આત્મપ્રદેશો ચૈતન્યરૂપે શુભ છે અને તેને લાગેલાં કર્મો કે તેના વિકારરૂપ શરીરાદિ અશુભ છે, કર્મોને અંગે વિચારીએ તો ઘાતી

વગેરે પાપકર્મો અશુભ છે અને શાતાવેદનીયાદિ પુણ્યકર્મો શુભ છે. શરીરમાં જોઈએ તો બહારનો ચામડી વગેરે રૂપવાળો ભાગ સારો અને અંદરનો અશુચિ વગેરે ભાગ ખરાબ છે. બહારના ભાગમાં પણ મસ્તકથી નાભિ સુધીનો ભાગ શુભ અને તેથી નીચેનો ભાગ અશુભ છે. જો કે આ બધામાં અપેક્ષાઓ છે તોપણ માનવ પોતાના જીવનમાં આ રીતે વ્યવહાર કરી રહ્યો છે અને તેથી આ શુભાશુભપણું વ્યવહાર નયથી સમજવાનું છે. સ્વભાવને અંગે પણ 'ક્રોધ અને ક્ષમા, માન અને નમ્રતા, માયા અને સરળતા, લોભ અને સંતોષ, ઔદાર્ય અને કૃપણતા, રાગદ્વેષ અને સમતા વગેરે શુભાશુભપણું પ્રગટ છે. આ દરેકનું વર્ગીકરણ કરીએ તો કહી શકાય કે જેટલું સારું યા શુભ છે તે આત્માના ચૈતન્યરૂપ છે અને ખરાબ યા અશુભ છે તે જડતારૂપ છે.

**આત્માનું પથ્ય:**-શારીરિક ધાતુઓના પોષણ માટે ખોરાકની જરૂર છે તેમ આત્માના ધાતુઓરૂપ જ્ઞાનાદિ ગુણોનું પોષણ કરવા માટે તેના ખોરાકની તેથીય વધુ જરૂર છે. ખોરાક હાજર છતાં ખાધા વિના ભૂખનું દુઃખ મટતું નથી તેમ આત્માની શક્તિ પણ તેનો ખોરાક લીધા વિના પ્રગટતી નથી કે તેનું સાંસારિક દુઃખ ઘટતું નથી. એ વાત પણ સ્પષ્ટ છે કે ખોરાક લેવા માત્રથી કામ થતું નથી, પણ પથ્યાપથ્યનો વિવેક કરી અપથ્યના પરિહાર પૂર્વક પથ્ય ખોરાક લેવાથી જ સ્વાસ્થ્ય પ્રગટે છે. આત્મસ્વાસ્થ્ય માટે પણ એજ નીતિ છે. આત્માના કર્મરોગને નાશ કરવામાં ધન્વંતરી સરખા શ્રીજિનેશ્વર દેવોએ આત્મસુખ માટે જણાવ્યું છે કે તેઓના વચનમાં શ્રદ્ધા રાખી તેઓના ઉપદેશ (શાસ્ત્રો) પ્રમાણે અશુભભાવોની મમતા મૂકીને જગતના શુભભાવોરૂપ પથ્યનો આશ્રય લેવામાં આવે (શુભ વર્તન કરાય) તો કર્મરોગ અવશ્ય ટળી જાય. જીવ સુખનો અર્થી છે, દુઃખ તેને જોઈતું જ નથી, તોપણ સુખ માટે આજ સુધી બેસુમાર ઉદ્યમ: કરવા છતાં તે દુઃખીઅતીવ દુઃખી થયો છે, જગતના અશુભ ભાવોરૂપ કુપથ્યનું સેવન કરી તેણે જ પોતાના કર્મરોગને વધારી દીધો છે.

આજ સુધી દરેક જીવનો અનંતો કાળ ચારે ગતિમાં રખડવામાં ગયો હોય તો તેનું મૂળ કારણ કુપથ્ય સેવન એ એક જ છે. તેણે પ્રયત્નો અનંતાનંત કર્યા છે, દુઃખો પારાવાર વેદ્યાં છે, છતાં સુખ મળ્યું નથી એ વાત અનુભવસિદ્ધ છે.

**આત્માનું કર્તવ્ય**:–અનંતાનંત કાળથી મહાવ્યસનરૂપ બની ગયેલા એ કુપથ્ય (જડતા)નો ત્યાગ કરી, જિનેશ્વરદેવોનાં વચનોમાં શ્રદ્ધા કેળવી, ઉપર જણાવ્યા પ્રમાણે શુભભાવોનો (સદ્વર્તનનો) આશ્રય કરવો તે જ સુખ મેળવવાનો–દુઃખટાળવાનો સાચો ઉપાય છે; કહો કે આત્માનું કર્તવ્ય છે. કારણ કે એ જ તેના કર્મરોગનો નાશ કરનારું સાચું–શુદ્ધ–ઔષધ છે. આ હેતુથી શ્રી જિનેશ્વરોએ આપણને ક્રોધી વગેરે દુષ્ટ જીવો પ્રત્યે પણ ક્ષમા વગેરે કરવાનું, વૈરીનું પણ ભલું ચિંતવવાનું કે બીજું પણ એવું અનેક પ્રકારનું સદ્વર્તન કરવાનું જણાવ્યું છે. આવું સદ્વર્તન જરૂરી છતાં અનાદિકાળથી દુર્ગુણોમાં વ્યસની બની ગયેલા જીવને એ રહેલું નથી, માટે એવું વર્તન કરવા માટે સદાચારી પુરુષોના જીવનનો આશ્રય–આધાર–લેવાનું જણાવ્યું છે. જગતમાં ધર્મી માતાપિતા કે ધર્મગુરુઓ વગેરેની આપણને જરૂર હોય તો આ કારણે જ છે. કારણ કે તેઓ ઉપર જણાવ્યા પ્રમાણે સદાચાર રૂપી પથ્યનું સેવન કરી ગુણોનું–પથ્યનું ભાજન બનેલા હોય છે, અને તેથી તેમના જીવનમાંથી સુખના અર્થીને તેવું પથ્ય મળી શકે છે. જે આત્મા એવા ઉત્તમ જીવોનાં દૃષ્ટાંતોને પોતાના હૃદયની સન્મુખ રાખી તેના આલંબનથી પોતાની કુવાસનાઓ ઉપર કાપ મૂકે છે અને ક્ષમાદિ ગુણોને કેળવે છે, તે ક્રમશઃ પોતાનાં સર્વ કર્મોનો નાશ કરી સંપૂર્ણ સુખનો ભોગી બને છે. અતીતકાળે જેઓ પોતાનું સુખ (મોક્ષ) સાધી ગયા છે, વર્તમાનમાં સાધે છે કે ભવિષ્યમાં સાધશે તે દરેકનો પ્રાયઃ પ્રાથમિક પ્રયત્ન આ (આલંબન) જ હતો, છે અને રહેશે, એમ શ્રી તીર્થંકર દેવોએ જણાવ્યું છે અને બતાવ્યું પણ છે. એથી સુખ માટેનું આપણું દરેકનું પણ ગુણી પુરુષોના જીવનને–ઉપ-

દેશને અનુસરવું એ એક જ કર્તવ્ય છે, એ એક જ માર્ગ છે.

**ગુરુસ્તુતિનું કારણ :**—ઉપર જણાવ્યું તે પરમ પુરુષોનું આલંબન તેઓની સેવા, સ્તુતિ–ધ્યાન કે આજ્ઞાપાલન વગેરે કરવા દ્વારા અનેક રીતે લઈ શકાય છે, એ ઉદ્દેશથી એક નિકટના ઉપકારી **તપસ્વી-શમમૂર્તિ સાધુચરિત દાદા શ્રીજીતવિજયજી** મહારાજના ગુણોની સ્તુતિ કરવા માટે તેઓશ્રીના જીવનના કેટલાક પ્રસંગો–ગુણોને વણવવાનો આ અલ્પ પ્રયાસ છે, અને આશા છે કે તે હિતકર ગણાશે. બેશક ! ગુણાનુરાગી મધ્યસ્થ મહાનુભાવોને એ પ્રશ્ન થાય કે જો ગુણીના ગુણોની સ્તવના કરવી છે તો અતીત કાલીન ભગવાન શ્રી મહાવીર દેવ યા તેઓની પહેલાં–પછી પણ થયેલા અનેક ગુણ-સમુદ્ર પરમર્ષિઓને છોડીને દાદાની સ્તુતિ કેમ પસંદ કરી! આ પ્રશ્ન ગુણાનુરાગ કે માધ્યસ્થ્યમાંથી જોઈ તો તે ઉચિત છે, અને તેનું સમાધાન કરવું પણ વ્યાજબી છે. તે એ કે અનાદિ ભૂતકાળમાં સ્તુતિ કરવા યોગ્ય આત્માઓ અનંતાનંત થઈ ગયા છે, તે દરેકની ભિન્ન સ્તુતિ કરવાનું માનવથી શક્ય નથી, તોપણ તે દરેકનું હૃદયમાં ધ્યાન કરીને આ મહર્ષિની સ્તુતિ કરવી તે અનુચિત નથી. બીજી વાત, વર્તમાન સંઘમાં ઉપકારી પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રીવિજય-કનકસૂરીશ્વરજી મહારાજાદિના તેઓશ્રી દીક્ષાગુરુ અને દાદાગુરુ હોવાથી તેઓના અનંતર ઉપકારી છે અને તેથી વર્તમાન શ્રીસંઘના પણ તેઓશ્રી નિકટના ઉપકારી ગણાય. જ્ઞાનીઓનું એ કથન છે કે સામા-ન્યગુણી પણ નિકટનો ઉપકારી વિશેષ પૂજનિક છે. એથી જ શ્રી તીર્થંકર દેવોએ જણાવ્યું છે કે **'જે પોતાના ગુરુનો કૃતજ્ઞ નથી તે મારો કે કોઈનો કૃતજ્ઞ બની શકતો નથી.'** આપણે જાણીએ છીએ કે મહાસતી શ્રીમદનરેખાએ અંતકાળે ક્રોધથી ધમધમી ગયેલા સ્વપતિને સુંદર નિર્યામણા કરાવી સમાધિસ્થ બનાવ્યાના પરિણામે મરીને દેવ બનેલા પતિએ દિવ્યજ્ઞાનથી પોતાની ઉપકારી એ સતી પત્નીના-ઉપકારનું સ્મરણ કરી દિવ્યશક્તિથી શ્રી નંદીશ્વર દ્વિપે જઈ જ્ઞાની ગુરુના

મુખે ત્યાં ધર્મશ્રવણ કરતી એ સતી મદનરેખાને શ્રાવિકા છતાં ગુરુથી પહેલાં વંદન કર્યું હતું. અને જ્ઞાની ગુરુએ તેને અનુચિત નહિ પણ ઉચિત જણાવ્યું હતું. અર્થાત્ જેને જેનાથી સાક્ષાત્ ઉપકાર થયો હોય તેનો તે સવિશેષ પૂજ્ય ગણાય છે. આ હેતુથી પણ દાદા વિશેષ પૂજ્ય હોઈ તેઓની ગુણસ્તુતિ કરવી અનુચિત નથી. ત્રીજી વાત એ પણ છે કે કોઈ-પણ વ્યક્તિનું મહત્ત્વ તેના ગુણને યોગે હોય છે, એટલે વ્યક્તિની સ્તુતિ એ વાસ્તવમાં તેના ગુણની સ્તુતિ છે. ગુણ સર્વનાય સ્તુત્ય હોવાથી એક ગુણીની સ્તુતિથી સર્વ ગુણીજનોની સ્તુતિ થાય છે, માટે પણ આ સ્તુતિથી કોઈ ગુણીનો અનાદર કે ઉપેક્ષા થતી નથી પણ સર્વગુણી આત્માઓની ગુણસ્તુતિરૂપ દાદાશ્રીના ગુણની સ્તુતિ કરવી વ્યાજબી જ છે. આટલું પ્રાસંગિક જણાવીને હવે તેઓશ્રીના જીવનના અંગે જે કાંઈ જાણવા મળ્યું છે તેનો શબ્દદેહરૂપે અહીં સંગ્રહ કરું છું—આલેખું છું.

**પ્રભુ શ્રીમહાવીરદેવની પટ્ટપરંપરા**—દાદાશ્રી જીતવિજયજી મહારાજ તે પરમારાધ્ય શાન્તમૂર્તિ પંન્યાસજી મહારાજ દાદાશ્રી મણિ-વિજયજી ગણિવરના અંતેવાસી પરમ પૂજ્ય મુનિમહારાજ શ્રીપદ્મવિજયજી મહારાજના શિષ્ય હતા. તેઓનો ભગવાન શ્રી મહાવીરદેવની સાધુ-પરંપરા સાથે કેવો સંબંધ છે તે વિચારીએ.

ભગવાન શ્રીમહાવીરદેવની પાટે પાંચમા ગણધર આર્યશ્રી સુધર્મા-સ્વામીજી પહેલા પટ્ટધર થયા, તેઓની પાટે ક્રમશઃ બીજા આર્ય શ્રીજમ્બૂ-સ્વામીજી, ત્રીજા આર્ય શ્રીપ્રભવસ્વામીજી, ચોથા આર્ય શ્રીશય્યંભવ-સૂરિજી પાંચમા આર્ય શ્રીયશોભદ્રસૂરિજી અને તેમની પાટે એક આર્ય શ્રીસંભૂતિવિજયજી અને બીજા આર્ય શ્રીભદ્રબાહુસ્વામીજી થયા. તે પછી સાતમી પાટે કામવિજેતા મંગળનામધેય આર્ય શ્રીસ્થૂલિભદ્રજી મહારાજ થયા. એ બધાય ચૌદ પૂર્વધરો હતા. આર્ય શ્રીસ્થૂલિભદ્રની પાટે એક આર્ય શ્રીમહાગિરિજી તથા બીજા આર્ય શ્રીસુહસ્તિસૂરિજી થયા. નવમી પાટે આર્યશ્રી સુસ્થિતસૂરિજી, અને આર્ય શ્રીસુપ્રતિબદ્ધ (કોટિકકાકંદિક) થયા. દશમી પાટે આર્ય શ્રીઇન્દ્રદિન્નસૂરિજી, અગિયારમી

પાટે આર્ય શ્રીદિન્નસૂરિજી, બારમી પાટે આર્ય શ્રીસિંહગિરિજી અને તેરમી પાટે છેલ્લા દશપૂર્વી આર્ય શ્રીવજ્રસ્વામીજી * થયા. અહીં સુધી દશપૂર્વનું જ્ઞાન વિદ્યામાન હતું. તે પછી ચૌદમી પાટે શ્રી વજ્રસેનસૂરિજી, પંદરમી પાટે શ્રીચંદ્રસૂરિજી, સોળમી પાટે શ્રીસમંતભદ્રસૂરિજી, સત્તરમી પાટે શ્રી વૃદ્ધદેવસૂરિજી, અઢારમી પાટે શ્રીપ્રદ્યોતનસૂરિજી, ઓગણીસમી પાટે શ્રીમાનદેવસૂરિજી, વીસમી પાટે શ્રીમાનતુંગસૂરિજી અને તેઓની પટ્ટપરંપરામાં અનુક્રમે ૨૧. શ્રીવીરદેવસૂરિજી, ૨૨. શ્રીજયદેવદેવસૂરિજી, ૨૩. શ્રીદેવાનંદસૂરિજી, ૨૪. શ્રીવિક્રમસૂરિજી, ૨૫. શ્રીનરસિંહસૂરિજી, ૨૬ શ્રીસમુદ્રવિજયસૂરિજી, ૨૭. શ્રીમાનદેવસૂરિજી (બીજા) ૨૮. શ્રીવિબુધપ્રભસૂરિજી, ૨૯. શ્રીજયાનંદસૂરિજી, ૩૦. શ્રીરવિપ્રભસૂરિજી, ૩૧. શ્રીયશોદેવસૂરિજી, ૩૨. શ્રીપ્રદ્યુમ્નસૂરિજી, ૩૩ શ્રીમાનદેવસૂરિજી, (ત્રીજા), ૩૪. શ્રીવિમળચંદ્રસૂરિજી, ૩૫. શ્રીઉદ્યોતનસૂરિજી ૩૬. શ્રીસર્વદેવસૂરિજી. ૩૭. શ્રીદેવસૂરિજી, ૩૮. શ્રીસર્વદેવસૂરિજી ( બીજા ) થયા અને ૩૯મી પાટે એક શ્રીયશોભદ્રસૂરિજી, તથા બીજા શ્રીનેમિચંદ્રસૂરિજી થયા. તે પછી ૪૦. શ્રીમુનિચંદ્રસૂરિજી. ૪૧. અજિતદેવસૂરિજી, ૪૨. શ્રીવિજયસિંહસૂરિજી, ૪૩મી પાટે એક શ્રીસોમપ્રભસૂરિજી તથા બીજા શ્રીમણિરત્નસૂરિજી થયા. ૪૪મી પાટે શ્રીજગત્ચંદ્રસૂરિજી, ૪૫. શ્રીદેવેન્દ્રસૂરિજી, ૪૬. એક શ્રીવિદ્યાનંદસૂરિજી, તથા બીજા શ્રીધર્મઘોષસૂરિજી, ૪૭ શ્રીસોમપ્રભસૂરિજી, ૪૮. શ્રીસોમતિલકસૂરિજી, ૪૯. શ્રીદેવસુંદરસૂરિજી, ૫૦. શ્રીસોમસુંદરસૂરિજી, ૫૧. શ્રીમુનિસુંદરસૂરિજી, ૫૨. શ્રીરત્નશેખરસૂરિજી, ૫૩. શ્રીલક્ષ્મીસાગરસૂરિજી, ૫૪. શ્રીસુમતિસાધુસૂરિજી, ૫૫. શ્રીહેમવિમળસૂરિજી અને ૫૬. ક્રિયોદ્ધારક શ્રીઆનંદવિમળસૂરિજી, ૫૭. શ્રીવિજયદાન-

---

* ચૌદ પૂર્વોનો વિચ્છેદ થયા પછીઃ-૧. આર્ય શ્રીમહાગિરિજી, ૨. આર્ય શ્રીસુહસ્તિસૂરિજી, ૩. આર્ય શ્રીગુણસુંદરસૂરિજી, ૪. શ્રીશ્યામાચાર્યજી, ૫. શ્રીસ્કંદિલાચાર્યજી, ૬. શ્રીરેવતિમિત્રસૂરિજી, ૭. શ્રી ધર્માચાર્યજી, ૮. શ્રીભદ્રગુપ્તાચાર્યજી, ૯. શ્રીગુપ્તસૂરિજી, અને ૧૦. શ્રીવજ્રસ્વામીજી એમ દશ મહાત્માઓ સંપૂર્ણ દશપૂર્વના જ્ઞાનવાળા થયા.

નસૂરિજી અને ૫૮મી પાટે અમારીનો વિજયધ્વજ ફરકાવનાર પાદશાહ અકબર પ્રતિબોધક જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરિજી થયા. તેઓની પછી અનુક્રમે ૫૯. શ્રીવિજયસેનસૂરજી, ૬૦. શ્રીવિજયદેવસૂરિજી, ૬૧. શ્રીવિજયસિંહસૂરિજી, ૬૨. ક્રિયોદ્ધારક પંન્યાસજી શ્રીસત્યવિજયજી ગણિવર, ૬૩. પં. શ્રીકપૂરવિજયજી ગણિવર, ૬૪. પં. શ્રીક્ષમાવિજયજી ગણિવર, ૬૫. પં. શ્રીજિનવિજયજી ગણિવર, ૬૬. પં. શ્રીઉત્તમવિજયજી ગણિવર, ૬૭. પં. શ્રીપદ્મવિજયજી ગણિવર, ૬૮. પં. શ્રીરૂપવિજયજી ગણિવર, ૬૯. શ્રીકીર્તિવિજયજી ગણિવર, ૭૦. તપસ્વી શ્રીકસ્તુરવિજયજી મહારાજ અને ૭૧મી પાટે પં. (દાદાશ્રી)મણિવિજયજી ગણિવર થયા. ૭૨મી પાટે તેઓના શિષ્ય શ્રીપદ્મવિજયજી મહારાજ અને તેઓના શિષ્ય તે દાદાશ્રી જીતવિજયજી મહારાજ થયા. આ સિવાય પરંપરામાં નહિ આવેલા એવા પણ શ્રીસિદ્ધસેનદિવાકરજી, શ્રીવનેશ્વરસૂરિજી, શ્રીમલ્લવાદીસૂરિજી, શ્રીદેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ, શ્રીકાલિકાચાર્યજી શ્રીસત્યમિત્રસૂરિજી, યુગપ્રધાન શ્રીજિનભદ્રગણી ક્ષમાશ્રમણ, ચૌદસેં ચુંમાલીસ ગ્રંથના પ્રણેતા યાકિની પુત્ર શ્રીહરિભદ્રસૂરિજી, વાચકવર આર્ય શ્રીઉમાસ્વાતિજી, આ૦ શ્રીમાનભદ્રસૂરિજી, આ. શ્રીયશોભદ્રસૂરિજી, નવાંગી ટીકાકાર શ્રીઅભયદેવસૂરિજી, શ્રીવાદિદેવસૂરિજી, કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિજી, વાચક શ્રીશાંતિચંદ્રસૂરિજી, મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી ગણિ આદિ અનેકાનેક મહાપુરુષો થઈ ગયા છે.

**પૂર્વાચાર્યોનો ઉપકાર**–આ દરેક મહાપુરુષોના વર્તમાન શાસન પ્રત્યે વિધવિધ જાતિના અનેકાનેક ઉપકારો છે, જેનું યથારૂપમાં વર્ણન કરવું કોઈ રીતે શકય નથી. કોઈએ પોતાના જ્ઞાનચારિત્રનો અનુપમ વારસો આપ્યો છે, તો કોઈએ રાજસભાઓમાં વાદ કરી મિથ્યાદર્શનીઓને પણ જૈન બનાવ્યા છે. કોઈએ કોડો સોનૈયાનો ત્યાગ કરીને, તો કોઈએ દેવ–દેવીઓના અનુકૂળ–પ્રતિકૂળ ઉપસર્ગો થવા છતાં ચારિત્રમાં દૃઢ રહીને, કોઈએ અપ્સરાઓ જેવી સતી સ્ત્રીઓના ભોગોને તજીને, તો કોઈએ પોતાના લાક્ષણિક ઉપદેશ દ્વારા જગતને

સત્યનું ભાન કરાવીને, કોઈએ દુષ્કાળ જેવા સમયમાં પીડાતા શ્રીસંઘને અન્ય સ્થાને પહોંચાડીને, તો કોઈએ શાસનની રક્ષા માટે પ્રાણ આપીને, કોઈએ મિથ્યાત્વી રાજાઓ વગેરે તરફથી ધર્મ ઉપર થતાં આક્રમણોનો સામનો કરીને, તો કોઈએ પાપીમાં પાપી આત્માઓને પણ શરણું આપવા પૂર્વક પાવન કરીને, એમ અનેક રીતે સત્યની સેવા કરીને જગત્‌ભરમાં તેની (જૈનશાસનની) મહત્તા વધારી છે. કોઈએ તપ દ્વારા તો કોઈએ જ્ઞાન દ્વારા, કોઈએ રાજા મહારાજાઓને પ્રતિબોધ કરીને તો કોઈએ લખલુટ ધનાઢયોને દાતારો બનાવીને, કોઈએ રંકને સંપ્રતિ જેવા મહાન સમ્રાટ બનાવીને તો કોઈએ મહાન સમ્રાટને પણ મહાયોગી બનાવીને, કોઈએ સમુદ્ર સરખો જ્ઞાનનો ખજાનો ભેટ કરીને તો કોઈએ જગતમાં અજોડ તીર્થો અને મંદિરો બનાવરાવીને, એમ શ્રી ચતુર્વિધસંઘની કહો, કે ભગવાન શ્રીમહાવીરદેવે સ્થાપેલા તરણ તારણ મોક્ષમાર્ગની વા શાસનની કહો, અનુપમ કોટીની સેવાઓ આપી ઉપકાર કર્યો છે–સ્વપર કલ્યાણ સાધ્યું છે. એ મહાપુરુષોના પરમ પવિત્ર પ્રભાવે જ આજે આપણે યત્કિંચિત્ વારસો મેળવી શકયા છીએ અને તેથી તે દરેકનું ઋણ આપણે માથે અગણિત છે. અત્યારે તેમાંના કોઈ વિદ્યમાન નથી, છતાં તેઓના ઉપકારોના અવશેષો છે. તેઓ દરેકને મન, વચન, કાયાથી ત્રિવિધ–ત્રિવિધે વંદના કરીને કૃતાર્થ થઈએ અને આગળ પ્રસતુત દાદાશ્રીના ગૃહસ્થ જીવનને જોઈએ.

## દાદાશ્રીનું જીવન-ચરિત્ર

**ગૃહસ્થ જીવનઃ**–જે કચ્છ દેશમાં પરમપાવન શ્રીઘૃતકલ્લોલ પાર્શ્વનાથ પ્રભુના પ્રતિમાજીથી પુનિત **શ્રીભદ્રેશ્વર** નામનું પ્રાચીન તીર્થ આજે પણ અનેક ભવ્ય આત્માઓને આકર્ષી રહ્યું છે, તે જ ભૂમિનું એક રત્ન બાર વર્ષના દુકાળમાં દેશોદેશના લોકોને જીવાડનાર **શેઠ શ્રીજગડુશાહ** પ્રગટયા હતા. પરમ પાવન તીર્થાધિરાજ શ્રીશત્રુંજય ઉપર ટુંકો બંધાવી અમરનામના કરનારા **શેઠ નરસી નાથા** તથા

શેઠ **નરસી કેશવજી** જેવાં નરરત્નો પણ તે ભૂમિમાં જ જન્મ્યાં હતાં. એમ શૂરવીર, દાનવીર અને ધર્મવીરરૂપ અનેક રત્નોની ખાણ સમા શ્રી કચ્છ દેશમાં આવેલા **ભચાઉ તાલુકાના મનફરા ગામમાં** આપણા ચરિત્રનાયકનો જન્મ થયો હતો. એ પુણ્યપુરુષના માતાપિતા થવા માટેનું સુભાગ્ય જેઓને પ્રાપ્ત થયું હતું તેઓનાં **નામ શ્રી ઉકાશેઠ** અને **શ્રી અવચળબાઈ** હતાં. એ વાત સુનિશ્ચિત છે કે ઉત્તમ પુત્રોને જન્મ આપનાર આત્માઓ પણ સદ્ગુણોની ખાણ જેવા હોય છે. આ દંપતીને સંસારસુખનો અનુભવ કરતાં **વિ૦ સં૦ ૧૯૯૬ ના ચૈત્ર સુદ ૨ ના** દિવસે શુભ મુહૂર્તે એક પુત્રરત્નનો જન્મ થયો. શુભ મુહૂર્તે તેનું "મોહનો **જય** કરવામાં **મલ્લ** સરખા" માટે '**જયમલ્લ**' એવું ભાવિ સૂચક સાર્થક નામ રાખવામાં આવ્યું. ખરેખર! આવાં ગુણસંપન્ન નામો પણ ભાગ્યવંત આત્માઓને જ સાંપડે છે. આ **જયમલ્લ એજ દાદા શ્રીજીતવિજયજી** મહારાજ તરીકે આપણા ઉપકારી **થઈ** ગયા.

**બાલ્યકાળ:**–ઉત્તમ પુરુષોના ગુણો પણ પ્રાયઃ તેની સાથે જન્મે છે. ચોરનાં ઈંડાંની જેમ તેઓને સુશીલ બનાવવા પ્રાયઃ પ્રયત્ન કરવો પડતો નથી, કારણ કે બાલ્યકાળથી જ પૂર્વભવના વારસારૂપે ઔચિત્યાદિ અનેકાનેક સદ્ગુણો તેઓની સાથે રહ્યા હોય છે અને તેથી કોઈ કોઈ બાળકના ગુણો તે વૃદ્ધોને પણ વિસ્મય પમાડે તેવા હોય છે. એ વાત શ્રી જયમલ્લ માટે પણ સંગત હતી. શરીરનાં રૂપ, રંગ, બાંધેલા દરેક અવયવો, પાંચે ઇન્દ્રિયની પૂર્ણતા, આરોગ્ય અને પ્રસન્ન આનંદી ચહેરો, વગેરે શરીર-સંપત્તિ સુંદર અને સંપૂર્ણ હતી, સાથે માતા–પિતાદિ વડિલવર્ગ પ્રત્યે વિનયભર્યું વર્તન, સમાન ઉમ્મરવાળા બાળકો સાથે પ્રસન્ન ભાવે ખેલવું, સંયોગ પ્રમાણે વિદ્યાભ્યાસ કરવો સાથે ગૃહસ્થ-જીવનમાં જરૂરી કુશળતા મેળવવી, વગેરે બાબતો પણ તેઓની ઉત્તમ હતી. એમ તેઓનું બાલ્યજીવન અને વિદ્યાર્થીજીવન પણ સુંદર હતું. બાનવીનું તેની તે તે અવસ્થાને ઉચિત વર્તન તેની એક શોભારૂપ અને

છે. માટે જ 'ધૂળમાં ખેલવું, ગાંડું ઘેલું બોલવું, એ બધું વાસ્તવતાની દૃષ્ટિએ સારું ન હોવા છતાં બુદ્ધિમંતો પણ બાળકોની પાસેથી એવું વર્તન ઇચ્છે છે. આ એક વાસ્તવિકતા છે કે બાલ્યકાળથી માંડી વૃદ્ધાવસ્થા સુધીમાં બદલાતી અવસ્થાઓને અનુરૂપ વર્તન કરતો માનવ અંતે મહાન બની શકે છે. આને ઔચિત્ય પણ કહેવાય છે. આ લોકઔચિત્યની સાથે ધાર્મિક ઔચિત્ય પણ તેઓમાં સુંદર હતું. દેવગુરુની ભક્તિ, યથાશક્ય દાનાદિ ધર્મની રૂચિ, સત્યપ્રિયતા, સાહજિક ઔદાર્ય, સેવાવૃત્તિ, વગેરેથી તેઓએ નાની વયમાં જ પોતાના જીવનને લોકપ્રિય અને ધર્મપ્રિય બનાવી લીધું હતું.

**કર્મનું પ્રાબલ્ય અને દીક્ષાનો સંકલ્પઃ**—જે જયમલ્લના ભાવિ જીવન અંગે લોકો અવનવા મનોરથો સેવતા હતા, તે શ્રીજયમલ્લની દિશા એક જ પ્રસંગે પલટી નાખી. બાર વર્ષ જેવી ઊગતી વયમાં જ તેઓને એકાએક નેત્રરોગ થયો, ઔષધો વગેરે અનેક ઉપાયો કરવા છતાં નેત્રનું નૂર ઘટતું ગયું અને સોળ વર્ષની ઉંમર થતાં તો જીવનવિકાસના અણમોલા સાધનરૂપ તેઓનાં નેત્રોનું તેજ નહિવત બની ગયું. કર્મની કળા અજબ છે, માનવ ધારે છે કંઈ ત્યારે કર્મ કરે છે કંઈ. ચક્ષુદર્શનાવરણીય અને અશાતાવેદનીય વગેરે કર્મો જાણે એ આત્માની કસોટી માટે ઉદયમાં આવ્યાં હોય તેમ ચાર વર્ષના ગાળામાં તો એ કર્મોદયે શ્રીજયમલ્લના જીવન પ્રવાહને રૂંધી નાંખ્યો. બીજી બાજુ શુભ કર્મોનો ઉદય પણ ચાલુ હતો. તેઓના જન્મ પછી ઘરની આર્થિક સ્થિતિમાં, યશ, કીર્તિમાં, તથા બીજી પણ અનેક બાબતોમાં સારો એવો સુધારો થયો હતો. એ કારણે લોકમાં પણ તેઓ ભાગ્યવંતનું સુંદર બિરૂદ પામ્યા હતા. એમ એક બાજુ પુણ્યોદય ચાલુ હતો ત્યારે બીજી બાજુ નેત્રો તેજહીન બની ગયાં હતાં. **'સુખના સાધનો ન હોય ત્યારે જે દુઃખ થાય છે, તે કરતાંય સાધન સંપન્નદશામાં તેનો ઉપયોગ કરવા જેવી સગવડ રહેતી નથી ત્યારે તો અપાર દુઃખ થાય છે'** એ વાત મોહભરી દુનિયામાં

પ્રગટ છે, તથાપિ શ્રીજિનેશ્વર દેવોએ જણાવેલા કર્મસિદ્ધાન્તમાં જેને શ્રદ્ધા છે, તે આત્મા સંકટમાં મુંઝાવાને બદલે સાત્ત્વિક બને છે, સંકટને જીતી લેવા પૂજ્યપુરુષોના જીવનનું આલંબન લઈ ધૈર્ય અને સ્થૈર્ય કેળવે છે, અને જીવનની પવિત્રતાને અખંડ રાખી તેમાંથી પાર ઊતરે છે–વધારે લાયક બને છે. શ્રી જયમલ્લ માટે પણ તેમજ બન્યું. જ્યારે અનેકવિધ ઉપાયો કરવા છતાંય નેત્રોમાં સુધારો ન થયો ત્યારે તેમણે કર્મની વિષમતાને પીછાની લીધી અને સમજી લીધું કે પૂર્વકાળે મળેલાં નેત્રોનો દુરુપયોગ કર્યા વિના આવું દુષ્ટ કર્મ બંધાય નહિ. તેને ટાળવું હોય તો નેત્રોનો સદુપયોગ કરવાથી જ ટળે અને નેત્રોનો તેવો સદુપયોગ ધર્મથી જ થઈ શકે. એથી **તેમણે સંકલ્પ કરી લીધો કે 'જો નેત્રો સારાં થાય તો સાધુપણું અંગીકાર કરવું.'**

**શ્રદ્ધાનો અચિંત્ય મહિમા**—ઉત્તમ આત્માઓના સંકલ્પનું બળ એવું અજબ હોય છે કે પ્રાયઃ સંકલ્પ કરતાં જ તેઓનાં કાર્યો સિદ્ધ થઈ જાય છે. કારણ કે સંકલ્પો–અધ્યવસાયો એ ભાવનારૂપ હોય છે અને અધ્યવસાયમાં–ભાવમાં કર્મોનો સામનો કરવાની અચિંત્ય શક્તિ રહેલી છે. આથી જ 'ચરમ રાજર્ષિ ઉદાયનને દીક્ષાનો સંકલ્પ (ભાવ) થતાં જ ભગવાન શ્રીમહાવીરદેવ ત્યાં આવી પહોંચ્યા હતા,' વગેરે શુદ્ધ સંકલ્પથી કાર્યસિદ્ધિ થયાનાં અનેક ઉદાહરણો જાણવા મળે છે. શ્રીજયમલ્લના સંકલ્પનું પણ પરિણામ એવું જ આવ્યું. જે રાત્રે તેમણે સંકલ્પ કર્યો, તેના પ્રભાતમાં નેત્રની પીડા ઓછી માલુમ પડી અને ચમત્કારિક રીતિએ થોડા કાળમાં વિના ઔષધે તેઓનાં નેત્રો નીરોગી અને સતેજ બની ગયાં. પ્રથમથી પોતે શ્રદ્ધાળુ તો હતા જ અને આ તાત્કાલિક ફળથી તેઓ અખૂટ શ્રદ્ધાળુ બન્યા. **'પ્રતિજ્ઞા-પાલન એ માનવતાનો શણગાર છે.'** એમ સજ્જનોને સમજાવવું પડતું નથી. તેઓએ નિશ્ચય કરી લીધો કે હવે સાધુ બનવા માટે યોગ્ય તૈયારી કરી લેવી જોઈએ, એથી ધાર્મિક અભ્યાસ વધાર્યો, ગૃહસ્થજીવન પણ ધાર્મિકતાથી રંગી દીધું અને સાધુના માટે જીવનનું ઘડતર ઘડવા લાગ્યા.

**યૌવનની સફળતા**—આ બાજુ માતાપિતાના મનોરથો કોઈ જુદા જ હતા. 'હવે તો જયમલ્લનાં લગ્ન થાય અને તે સંસારસુખ ભોગવે, એ જોઈ આપણે સંતોષ અનુભવીએ.' એવી એવી કલ્પનાના ઝૂલણે ઝૂલતાં માતાપિતાએ તો તેઓના લગ્ન માટે ગોઠવણ પણ કરવા માંડી. એ વાત જ્યારે શ્રીજયમલ્લના જાણવામાં આવી ત્યારે બહુ વિનીત ભાવે માતા-પિતાને પોતાનો સંકલ્પ જણાવ્યો અને કહ્યું કે ધર્મ વિનાનું જીવન અને તેમાં યૌવનકાળ તો ભયંકર છે. તેને જો ધર્મના રંગથી રંગી ન લેવાય તો અનેક પાપોથી આત્મા ભારે થઈ જાય, માટે હિતસ્વી તરીકે આપનું કર્તવ્ય છે કે મોહને છોડી મારા કાર્યમાં આપ સહાય કરો! વગેરે પ્રાર્થના કરીને વિનયથી તેઓને સમજાવી લીધાં, કહો કે પોતાનો દીક્ષાનો માર્ગ સરળ બનાવી દીધો.

**બ્રહ્મચર્યનો સ્વીકાર**—તે કાળે રેલ્વેનું સાધન તે પ્રદેશમાં ન હતું. તીર્થયાત્રાઓ જીવનમાં થોડી પણ વિધિપૂર્વક અને નિર્વૃત્તિથી સુંદર કરી શકાતી હતી. સંયમ લેવા પહેલાં તીર્થાધિરાજ શ્રીશત્રુંજયગિરિરાજને ભેટી મિથ્યાત્વ મોહનીયનો મેલ ઉતારવાની ભાવનાથી શ્રીજયમલ્લ તેઓના માતાપિતાદિની સાથે પ્રયાણ કરી શ્રી શત્રુંજય તીર્થે પહોંચ્યા, અને તે પરમ પાવનીય તારણહાર તીર્થનાં દર્શન કરી પ્રથમ તો નયનોને પવિત્ર કર્યાં. ઉપરાંત સ્તુતિ સ્તવનાથી જીહ્વાને, વંદન પૂજનથી કાયાને પવિત્ર કરી હર્ષથી હૈયાને ભરી દીધું. ખૂબ આનંદ પૂર્વક યાત્રા કરી એ શ્રીતીર્થાધિરાજની પવિત્ર છાયામાં જ આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી અને એ રીતે સંયમ લેવાના પોતાના કલ્પના લેખને મહોરછાપ મારી પાકો બનાવી દીધો. એમ વિધિપૂર્વક યાત્રા કરી બ્રહ્મચર્યરત્નની અમૂલ્ય મુડી સાથે પાછા ફરી પોતાના દેશમાં આવ્યા.

**સાધુતા માટે કેળવણી અને તે યુગ**—તે કાળમાં પાઠશાળાઓરૂપે પાઠશાળાઓ ઓછી હોવા છતાં ઘરઘરના કુળાચારો અને દેશાચારો તે કાળના જીવોને ધર્મના પાઠ ભણાવતા હતા. તે કાળે

શ્રાવકોના કુળો ધર્માચારથી સમૃદ્ધ હતાં, યતિઓનું સામ્રાજ્ય હતું, સાધુઓની સંખ્યા બહુ અલ્પ હતી, તેથી સંવેગી સાધુઓનો યોગ બહુ દુર્લભ હતો. વર્ષો ઉપર વર્ષો ચાલ્યા જવા છતાં સુવિહિત સંવેગી સાધુઓનાં દર્શન નાના ગામોના સંઘોને કદાચિત જ થતાં. તે કાળે પુણ્યવંત શ્રાવકો પણ એવા હતા કે થોડા દિવસ માટે મળેલા એ ગુરુયોગને સફળ કરી લેતા. એવું સુંદર સાધી લેતા કે જીવનભર તેની સુવાસ ટકી રહે. રાજા-મહારાજાઓ કરતાં પણ સંતોનાં માન તે કાળે ઘણાં હતાં. તેમાંય જૈનસાધુઓની મહત્તા તો અઢારેય વર્ણોના ઉપકારી તરીકે અતિવિશિષ્ટ હતી. શ્રીજયમલ્લે વર્ષો સુધી વડીલ શ્રાવકોની છાયામાં સાધુતાનો પાઠ શીખી લીધો, અને ભર્યા-પાથર્યા ભોગોમાં રહી ત્યાગ તપના બળે પોતાના વૈરાગ્યને વજ્ર જેવો કઠીન બનાવી દીધો, એમ સાધુજીવનનો પાઠ ભણતાં ભણતાં શ્રીજય-મલ્લે ગૃહસ્થપણામાં પણ અનેક આત્માઓને ધર્મ માર્ગના મુસાફર બનાવી દીધા. વાત પણ સાચી છે કે જે સાધુપણામાં હજારો લાખ્ખો મનુષ્યોના જીવનને પવિત્ર બનાવવાની જવાબદારી માથે આવે છે તેને પહોંચી વળવા માટે પોતાના જીવનને યોગ્ય બનાવ્યા વિના ચાલે પણ કેમ? અર્થાત્ પોતાના રાગ, દ્વેષ, મોહ અજ્ઞાન વગેરેને દૂર કર્યા વિના સ્વપર કલ્યાણ સાધી શકાય પણ કેમ?

**ગુરુયોગ અને દીક્ષા**—એ રીતે જીવનનો ઘાટ ઘડતાં શ્રી જયમલ્લની ઉમ્મર લગભગ ઓગણત્રીસ વર્ષની થઈ ગઈ, તે અરસામાં જાણે ઉદ્ધાર માટે યોગ્ય આત્માની શોધમાં ગામોગામ ફરતા હોય તેમ પૂજ્ય **સુવિહિત શિરોમણી મુનિરાજશ્રી પદ્મવિજયજી** આદિ મુનિવરો વિહાર કરતા કચ્છમાં પધાર્યા અને 'આડીસર' ગામમાં શ્રી જયમલ્લને તેઓશ્રીનો પહેલો યોગ મળ્યો. તેઓની શાન્તમુદ્રા, પવિત્ર ચારિત્ર, પ્રસન્નમુખ, ક્રિયારુચિ, સદાચારનો આદર વગેરે ગુણો જોઈ શ્રી જયમલ્લે તેઓને પોતાની જીવન-નૌકાના સુકાની બનાવવાનો નિશ્ચય કરી દીધો, અને **વિ. સં. ૧૯૨૫** ના

(વૈશાખ સુદ ૩) **અક્ષય તૃતીયાને** દિવસે અક્ષય સુખના અર્થી શ્રી જયમલ્લે માતાપિતાદિ વડીલવર્ગની સંમતિ પૂર્વક શ્રીસંઘના આનંદ વચ્ચે તેઓશ્રીના હસ્તે **પરમ પાવની શ્રીભાગવતી દીક્ષા અંગીકાર કરી** પોતાના આત્માને તેઓશ્રીના ચરણોમાં સમર્પિત કર્યો. આડીસરના શ્રીસંઘે પણ આ પ્રસંગે અષ્ટાહ્નિકા મહોત્સવ આદિ શુભ કાર્યો કરી યથાશક્તિ શાસનપ્રભાવના કરવારૂપ ઉત્તમ લાભ લીધો. '**યોગ્ય આત્માના યોગ્ય કાર્યમાં સર્વનો સહકાર સહજ મળી જાય છે.**' એ ન્યાયે આ દીક્ષાથી સઘળા લોકો, અને તે કાળના જાગીરદાર ગામપતિ ઠાકોર શ્રી લાખાજી પણ ખૂબ પ્રસન્ન થયા, એટલું જ નહિ, જે વૃક્ષની નીચે તેઓની દીક્ષાની પવિત્ર ક્રિયા કરવામાં આવી, તે રાયણનું વૃક્ષ પુનઃ પલ્લવિત થયું. અને જે કૂવાના પાણીથી તેઓએ છેલ્લું સ્નાન કર્યું, તેનું પાણી પણ ખારું મટીને મીઠું થઈ ગયું.* શાસનપ્રભાવક પૂજ્ય શ્રીવિજય-હીરસૂરિજી મહારાજના સ્વર્ગવાસ પ્રસંગે પણ અકાળે આંબા ફળ્યા હતા ને? પુણ્યવાનોના પુણ્યની એ લીલા હોય છે કે-તેઓ જ્યાં જાય ત્યાં અલૌકિક ભાવો જાગે. વસ્તુતઃ તો શુદ્ધપુણ્યવાળા પુણ્ય-વાનોનું જીવન જ સહજ પ્રભાવક હોવાથી અન્ય જીવોને પણ ધર્મની પ્રેરણા આપે છે.

દીક્ષાથી અલંકૃત થયેલા **શ્રી જયમલ્લનું નામ મુનિશ્રી-જીતવિજયજી રાખવામાં** આવ્યું અને તે પણ તેઓશ્રીએ 'જીત એટલે આચાર, તેનો વિજય' કરીને સાર્થક કર્યું. તેઓશ્રીએ પોતાના જીવન દરમ્યાન જ્ઞાનાચાર આદિ પાંચેય આચારોને કેવા સુંદર પાળ્યા હતા, તેનો સાચો અનુભવ તો તેઓ જે જે પ્રદેશોમાં વિચર્યા છે ત્યાંના સંઘોને જ છે. કોઈપણ કાળમાં સ્વ-પર કલ્યાણ સાધી શકાતું હોય તો શ્રદ્ધા-સમજપૂર્વકના આચાર-પાલનથી સાધી

* સાંભળવા પ્રમાણે તે કૂવો અને વૃક્ષ અદ્યાપિ લોકોપયોગી તરીકે વિદ્યમાન છે.

શકાય છે, કેવળ શ્રદ્ધા કે સમજ પ્રાયઃ કારગત નીવડતાં નથી, નીવડે તોપણ તે પોતાના હિત પૂરતાં જ, સ્વપર કલ્યાણ કરવાનું સામર્થ્ય તો આચારોમાં છે. એથી જ **જૈનશાસન તેના પેટાળમાં રહેલી આચાર-પ્રધાનતાને** અંગે અગણિત સદાચારી સાધુપુરુષોને પકાવવાના સુયશથી ગૌરવવંતું છે-જગતમાં જયવંતુ છે.

**ગુરુકુલવાસ**–ગુરુકુલવાસ મોહની મંદતાનું પ્રતિક છે. સામાન્ય માનવતામાંથી મહારાજ બનેલા મુનિ શ્રીજીતવિજયજી દીક્ષા દિવસથી માંડી તેઓના ગુરુમહારાજના સ્વર્ગવાસ સુધી ગુરુની નિશ્રામાં જ–સેવામાં જ–રહ્યા હતા. દીક્ષા પછી ગુરુમહારાજની સાથે તેઓશ્રી ભીમાસર (કચ્છ) પધાર્યા અને વિ. સં. ૧૯૩૪ની સાલ સુધી પોતાના ગુરુદેવ સાથે અન્યાન્ય પ્રદેશોમાં વિચરી જુદા જુદા સ્થળોએ ચાતુર્માસો કર્યાં. વિ. સં. ૧૯૨૫નું ચાતુર્માસ ભીમાસરમાં કર્યું. વિ. સં. ૧૯૨૬નું ચાતુર્માસ (વાગડ) પલાંસવામાં કર્યું. ત્યાંથી વિહાર કરી ગુજરાતમાં પધાર્યા, અને વિ. સં. ૧૯૨૭માં રાજનગરમાં ચાતુર્માસ કર્યું. ત્યાંથી વિહાર કરી સૌરાષ્ટ્રમાં વિચર્યા, અને વિ. સં. ૧૯૨૮માં જામનગરમાં ચાતુર્માસ કર્યું. પુનઃ વિ. સં. ૧૯૨૯નું ચાતુર્માસ ગુજરાતમાં અમદાવાદમાં કરી વિ. સં. ૧૯૩૦ નું ચાતુર્માસ ધાનેરામાં કર્યું. ત્યાંથી પાછા ફરી વિ. સં. ૧૯૩૧માં રાધનપુરમાં ચોમાસું રહ્યા, અને તે પછી ગુરુમહારાજની વૃદ્ધાવસ્થાને લઈને લાંબો વિહાર થઈ શકે તેમ ન હોવાથી વિ. સં. ૧૯૩૨માં પલાંસવામાં ચાતુર્માસ કર્યું. ગુરુમહારાજ અતિવૃદ્ધ થવાથી તે પછીનાં વિ. સં. ૧૯૩૩–૩૪ નાં ચાતુર્માસ (વાગડ) ફતેહપુરમાં કર્યાં અને વિ. સં. ૧૯૩૫ થી ૧૯૩૮ સુધીનાં ચાતુર્માસો પલાંસવામાં કર્યાં.

**ગુરુવિરહ**—વૃદ્ધાવસ્થાને લીધે તેઓના ગુરુમહારાજનું શરીર ઉત્તરોત્તર અશક્ત બનતું ગયું, ત્યારે જાણે છેલ્લે છેલ્લે માનવભવનો –સાધુતાનો લાભ લૂંટવા માટે હોય તેમ તેઓનો આત્મા સશક્ત–

સાવધ બનતો ગયો. મુનિ શ્રી જીતવિજયજીએ પણ અંતકાળ સુધી ગુરુસેવા કરી પોતાના જીવનને પાવન કર્યું, છેલ્લે સમયે પણ પાસે બેસી સુંદર આરાધના કરાવી. એમ તેઓના ગુરુશ્રી વિશિષ્ટ આરાધનાપૂર્વકની જીવનયાત્રાને સમાપ્ત કરતા વિ. સં. ૧૯૩૮ના વૈશાખ સુદ ૧૧ના રાત્રિના પ્રથમ પ્રહરે પલાંસવા ગામમાં કાળધર્મ પામ્યા અને મુનિ શ્રીજીતવિજયજીને ગુરુમહારાજનો એક અનન્ય આધાર છૂટી ગયો. જો કે ઉત્તમ આરાધક આત્માને મરણ-જીવન સમાન હોય છે, તથાપિ આશ્રિતોને આશ્રય તૂટી જવાથી તે દુઃખદ બને છે. મુનિશ્રીજીતવિજયજીને પણ ગુરુવિરહનો સખ્ત આઘાત લાગ્યો તોપણ 'સંયોગની પછી વિયોગ રહેલો જ છે, અનાદિ જગતમાં કોઈના સંબંધો અતૂટ રહ્યા નથી, તો આપણે કોણ માત્ર?' એમ સમજતા તેઓશ્રીએ ગુરુમહારાજના નશ્વર દેહનો રાગ છોડીને તેઓના આત્માને —ગુણનિધિને હૃદયમંદિરમાં પધરાવ્યો અને એ રીતે ગુરુસેવાના પ્રભાવે પોતાનામાં પ્રગટેલા આત્મતત્ત્વના પ્રકાશથી આરાધનામાં સજ્જ બન્યા.

**વિહાર, ચાતુર્માસ-સ્થળો અને સાધના**—અન્યાન્ય પ્રદેશમાં વિચરવું એ સાધુતાનો વિકાસ કરવાનું પરમ સાધન છે, કારણ કે જીવના અનાદિ સ્વભાવ પ્રમાણે તે જે પ્રદેશમાં, ગામમાં, ઘરમાં કે સ્થાનમાં રહે છે ત્યાં અનુકૂળતાના મમત્વથી બંધાઈ જાય છે, માટે જ શ્રીતીર્થંકર દેવોએ છકાયજીવોની વિરાધનાનો સંભવ હોવા છતાં શક્ય હોય ત્યાં સુધી સાધુઓને અન્યાન્ય પ્રદેશમાં વિચરવાની આજ્ઞા કરી તેને માટે નવકલ્પી વિહારની વ્યવસ્થા રાખી છે. આપણો અનુભવ છે કે કલાક બે કલાક પૂરતું જ્યાં રહેવાનું હોય ત્યાં અનુકૂળતા પ્રતિકૂળતાનો લાંબો વિચાર નથી થતો, પણ એક દિવસ-રાત્રિ જેટલું રહેવાનું હોય તો તુરત અનુકૂળતાનો પ્રશ્ન ખડો થાય છે અને તેથી વધારે રહેવાનું હોય ત્યારે તો વધારે મથામણ ઉભી થાય છે. તીર્થયાત્રા જેવા શુભ ઉદ્દેશથી તીર્થભૂમિમાં ગયેલા જીવો પણ બે પાંચ દિવસ રહેવાનું હોય ત્યાં કેટલીયે સગવડોને શોધતા થઈ જાય છે.

સરાગી જીવનમાં આ સંભવિત હોવાથી સાધુતાની પવિત્રતાના અર્થી આત્માઓ પ્રાયઃ શકય હોય ત્યાં સુધી વિચરવાનું ઈચ્છે છે. મુનિ શ્રી જીતવિજયજી પણ આ મર્મને અને જિનાજ્ઞાને સમજીને વિ. સં. ૧૯૩૮નું ચાતુર્માસ પૂર્ણ થયા પછી પોતાનું શરીરબળ પહોંચ્યું ત્યાં સુધી દૂર દૂરના અન્યાન્ય પ્રદેશોમાં વિચર્યા છે, તે વાત તેઓશ્રીના ચાતુર્માસનાં સ્થળો ઉપરથી જાણી શકાય છે. વિ. સં. ૧૯૩૮માં પલાંસવામાં બે ભાઈઓ તથા બે કુમારિકાઓને દીક્ષા આપવાના કારણે શ્રી સંઘના આગ્રહથી ત્યાં ચાતુર્માસ રહ્યા. અને તે પછી તેઓએ વિ. સં. ૧૯૩૯માં રાધનપુર, સં. ૧૯૪૦માં અમદાવાદ, સં. ૧૯૪૧માં ઉદેપુર (મેવાડ), સં. ૧૯૪૨માં (મોટી મારવાડ) સોજત, સં. ૧૯૪૩ પાલી શહેર (મારવાડ) સં. ૧૯૪૪ ડીસા, સં. ૧૯૪૫ પાલનપુર, સં. ૧૯૪૬ પલાંસવા, (વાગડ), વિ. સં. ૧૯૪૭ શ્રી શત્રુંજય ગિરિરાજની છાયામાં પાલીતાણા, સં. ૧૯૪૮ દાઠા (સૌરાષ્ટ્ર), સં. ૧૯૪૯ લીમડી, સં. ૧૯૫૦, ૫૧, ૫૨, ત્રણ અમદાવાદ, સં. ૧૯૫૩ વિજાપુર (ગુજરાત), સં. ૧૯૫૪ ડીસા, સં. ૧૯૫૫ વાવ (થરાદ્રી), સં. ૧૯૫૬ સુઈગામ (રાધનપુર જિલ્લો), સં. ૧૯૫૭ રાધનપુર, સં. ૧૯૫૮ ડીસા, સં. ૧૯૫૯ ભાભર, સં. ૧૯૬૦ સાંતલપુર, સં. ૧૯૬૧ પોતાની દીક્ષાભૂમિ આડીસર (કચ્છ), સં. ૧૯૬૨ લાકડિયા (કચ્છ), સં. ૧૯૬૩ અંજાર (કચ્છ), સં. ૧૯૬૪ રાયણ (કચ્છ), સં. ૧૯૬૫ માંડવી (કચ્છ), સં. ૧૯૬૬ ભુજનગર (કચ્છ), સં. ૧૯૬૭ આણંદપુર (વાંઢિયા–કચ્છ) સં. ૧૯૬૮ બીદડા (કચ્છ), સં. ૧૯૬૯ મુંદ્રા શહેર (કચ્છ) અને છેલ્લે વૃદ્ધાવસ્થામાં સં. ૧૯૭૦ થી ૭૪ સુધી પાંચ ચાતુર્માસ ફતેહગઢમાં તથા સં. ૧૯૭૫ થી ૭૯ સુધી પાંચ ચાતુર્માસ પલાંસવા (વાગડ) માં કર્યાં હતાં.

આ હકીકતથી સમજાય છે કે લગભગ ત્રીસ જેટલાં ચોમાસાં કચ્છમાં અને વાગડ પ્રદેશમાં કરી તેઓએ તે પ્રદેશમાં પોતાના જીવનથી મોટો ઉપકાર કર્યો છે. આજે પણ ત્યાંના પ્રત્યેક ગામો–શહેરોનો

સંઘ તેઓના ઉપકારથી કૃતજ્ઞ છે, એટલું જ નહિ પણ 'દાદા' તરીકે તેઓનું નામ જપે છે. મનુષ્ય માત્રની ફરજ છે કે તે જે કુટુંબમાં–સમાજમાં કે દેશમાં જન્મ્યો છે–ઉછર્યો હોય તે તે કુટુમ્બ–સમાજ કે દેશનો તેની ઉપર ઉપકાર હોવાથી તેની કૃતજ્ઞતા કેળવવી જોઈએ. આનો અર્થ એ નથી કે તે તે કુટુંબ–સમાજ કે દેશનો દૃષ્ટિરાગ યા પક્ષપાત કરવાનો છે, ઉત્તમ પુરુષો સહજ કૃતજ્ઞ હોય છે જ અને પોતાના જીવન ઉપર નાનો સરખો પણ ઉપકાર જેનાથી થયો હોય તેને તે ભૂલતા નથી, પ્રત્યુપકાર કરી કૃતાર્થ થાય છે. મનુષ્યે પોતાના જીવનમાં આ ગુણને કેળવવો જોઈએ. એથી જ સામાન્ય માણસમાંથી મહાન બનવા છતાં જે કુટુંબ–સમાજ કે દેશ તેઓ પ્રત્યે અનન્ય પૂજ્યભાવ ધરાવતો હતો તેને તેઓશ્રી ભૂલ્યા ન હતા, તેઓના કલ્યાણ માટે યથાશક્ય સવિશેષ પ્રયત્નો કર્યા હતા કે જેના પ્રતાપે તે પ્રદેશના શ્રાવકો તેમને દાદાનું ઉપનામ આપી આજ સુધી એ જ નામે સંબોધે છે. આ વાત તેઓશ્રીએ ધર્મનું જે દાન કર્યું છે તેમાંથી પણ જણાઈ આવે છે.

આ હકીકતથી એ વાત પણ સમજાય છે કે દીક્ષાથી માંડીને અંતકાળ સુધીનાં પંચાવન વર્ષોમાં તેઓએ ફત્તેહગઢમાં બે તથા પાંચ, અને પલાંસવામાં ચાર તથા પાંચ ચાતુર્માસો સળંગ કર્યાં છે. આવો એક સાથે એક જ ક્ષેત્રમાં વધુ ચાતુર્માસો રહેવાનો પ્રસંગ પણ પોતાના ગુરુમહારાજની અને પોતાની વૃદ્ધાવસ્થાને લીધે બન્યો છે, સિવાય અમદાવાદમાં ત્રણ ચાતુર્માસો સાથે થયાં છે તે સંભવ છે કે તેઓના ચારિત્રથી આકર્ષાયેલા અમદાવાદના સંઘના આદરથી ભિન્ન ભિન્ન ઉપાશ્રયોમાં થયાં હશે. વળી એક વાત એ પણ સમજાય છે કે તેઓનાં ચાતુર્માસો મારવાડ, મેવાડ, ગુજરાત, સૌરાષ્ટ્ર, થરાદ્રી અને કચ્છપ્રદેશમાં એવી રીતે અંતરે અંતરે થયાં છે કે શેષકાળમાં તેઓનો વિહાર ચાલુ જ રહેતો હતો. આથી એ નક્કી થાય છે કે તેઓશ્રી સતત વિહાર કરનારા હતા. આગળ તેઓના તપનું વર્ણન કરીશું તે

જોતાં તપ સાથે આવો વિહારનો આદર નિઃસ્પૃહતા વિના, પરિષહોનો સામનો કર્યા વિના કે અનુકૂળતાની ઉપેક્ષા કર્યા વિના થવો દુઃશકય છે. માંદગી જેવા પ્રસંગે સ્થાન પરિવર્તન કરીને પણ તેઓશ્રીએ નવકલ્પી વિહારની મર્યાદાને અંત સુધી અખંડ સાચવી હતી એટલે સ્પષ્ટ છે કે તેઓનું જીવન નિઃસ્પૃહતાથી અને પરિષહોમાં કે પ્રતિકૂળતામાં પણ સમતાથી સુશોભિત હતું. અને તેથી એમ કહી શકાય કે તેઓશ્રી ખરેખર યોગી અને ખાખી જેવું જીવન જીવી ગયા છે. આથી જ પોતાના પરિચયમાં આવનાર અનેકાનેક આત્માઓને અનુપમ ઉપકાર કરી શકયા છે. વિહાર કરીને માત્ર પોતાના જ ચારિત્રનું ઘડતર ઘડયું એમ નથી પણ અનેક જીવોને બ્રહ્મચારી, દેશવ્રતધારી અને સંયમધારી પણ બનાવ્યા છે, આ પણ તેઓના જીવનની એક મહત્ત્વપૂર્ણ આરાધના હોવાથી તેને અંગે પણ થોડો ખ્યાલ કરીએ.

**ધર્મનું દાન**—પોતાના ગુરુદેવ સાથે વિ. સં. ૧૯૩૨નું ચાતુર્માસ તેમણે પલાંસવામાં કર્યું ત્યારે ચૌદ તથા સોળ વર્ષની વયવાળી એમ બે કુમારિકાઓએ યાવજ્જીવનું બ્રહ્મચર્યવ્રત ઉચર્યું કે જે બન્ને પાછળથી વિ. સં. ૧૯૩૮માં સંયમને અંગીકાર કરી સાધ્વીજી શ્રીઆણંદશ્રીજી તથા સાધ્વીજી શ્રીજ્ઞાનશ્રીજી તરીકે પ્રસિદ્ધ થયાં હતાં. જેઓના પરિવારમાં આજે સૌથી પણ વધારે સંખ્યામાં સુશીલ સાધ્વીવર્ગ વિદ્યમાન છે. તે ઉપરાંત તે જ વર્ષમાં લોદરિયા હેમચંદ ખેતશીને બારવ્રતો ઉચ્ચરાવી બે વર્ષ પછી ફતેહગઢમાં જાવજ્જીવનું બ્રહ્મચર્યવ્રત આપ્યું હતું. સં. ૧૯૩૫થી ૩૮ સુધી પલાંસવામાં રહીને પણ અનેક આત્માઓને જાવજ્જીવ સુધીના બ્રહ્મચારી તથા દેશવ્રતધારી બનાવ્યા હતા. ઉપરાંત સં. ૧૯૩૯માં રાધનપુરમાં, સં. ૧૯૬૦ અને સં. ૧૯૬૧માં આડીસરમાં એમ અનેક સ્થળોમાં અનેક આત્માઓને બ્રહ્મચર્યવ્રત આપ્યું હતું.

**સમયનાં બળ**—યુગ યુગની દૃષ્ટિ નિરાળી હોય છે એમ આપણને ઇતિહાસ જણાવે છે. તેઓશ્રીનો યુગ વર્તમાન યુગ કરતાં જુદી દૃષ્ટિ ધરાવતો હતો, ધનવાનો કરતાંય ધર્માત્માઓ તે કાળે મહાન

ગણાતા, ક્રોડોની લક્ષ્મી કે શહેનશાહતનું સામ્રાજ્ય ભોગવનારા પણ ધર્માત્માઓના ચરણે નતમસ્તક રહેતા, એ વિનયભાવ એમની પુણ્ય-લક્ષ્મીનો પ્રતિક હતો. એક આત્મા બ્રહ્મચર્ય ઉચ્ચરે કે બારવ્રતો સ્વીકારે ત્યારે સમાજ કે સંઘ તેનું ઘણું બહુમાન કરતો, સઘળાં કાર્યો, ખાસ કરીને ધર્મનાં કાર્યો તેવાઓની આગેવાની નીચે થતાં, આનો અર્થ એમ નથી કે ધનવાનોનો અનાદર હતો, પણ એ વિવેક હતો કે ધનવાનો છતાં ધર્માત્માઓની સામે પોતાના જીવનને તે દરિદ્ર તુલ્ય માનતા, અને એવું ધાર્મિક જીવન જીવવા માટે મનોરથો કરતા. માટે જ તે કાળના ધનવાનો વિપુલ ધન હોવા છતાંય ધાર્મિકતાનો સવિશેષ આદર કરતા.

આ વાત ભૂતકાળમાં થઈ ગયેલા સંઘમાન્ય મહારાજા સંપ્રતિ, કુમારપાળ, કે મંત્રીશ્વર શ્રીવિમળશાહ, પેથડશાહ, ઝાંઝણશાહ, વસ્તુપાળ કે તેજપાળ વગેરે અનેકાનેક પવિત્ર પુરુષોની જીવનચર્યાથી પણ આપણે સમજી શકીએ છીએ. તે કાલે ધર્માત્માઓ પણ ધનવાનોનું ગૌરવ જાળવતા. એમ ધનિક અને ધાર્મિક જીવનના સુંદર મેળથી સંઘ તે કાળે અતુલ આનંદ ભોગવતો. જે યુગમાં ધર્મ કરતાં ધનનું માન વધી જાય છે તે યુગ આત્મજીવન વિકસાવવામાં સહાયક થવાને બદલે વિઘાતક નીવડે છે, અર્થાત્ **ધર્મનું બહુમાન એજ આત્માનું કે આત્મગુણોનું બહુમાન છે, એ જેટલું વધારે કેળવાય તેટલો વહેલો આત્મા સુખી થઈ શકે છે, એ એક સુનિશ્ચિત અને સર્વમાન્ય હકીકત છે.**

**દીક્ષા-પ્રદાન**—ભાગ્યવાન વૈદ્ય-ડોકટરોની પાસે પ્રાયઃ સાજા થનારા દર્દીઓ આવે છે, અને નિર્ભાગીને પ્રાયઃ મરનારા દર્દીઓ મળે છે; પુણ્યવંત વ્યાપારીને ત્યાં સારા-શાહુકાર ઘરાકો પહોંચી જાય છે, અને નિષ્પુણ્યકને પ્રાયઃ અનીતિમાન મળે છે; કોયલ આંબાને અને કાગડો લીમડાને પસંદ કરે છે; વગેરે બહુધા જગતમાં આવી પરિસ્થિતિ વર્તે છે. દીક્ષા માટે પણ એકાન્ત નહિ તો મોટે ભાગે એ ન્યાય વર્તે છે. યોગ્ય ગુરુઓને પ્રાયઃ યોગ્ય આત્માઓનો યોગ મળે છે. માટે જ

શ્રીતીર્થંકરદેવે ફરમાવ્યું છે કે **'સારા સંયોગ મેળવવા માટે જાતે સારા બનો !'** આ ચરિત્ર-નાયકના જીવનની ઉત્તમતા તેઓના હસ્તે દીક્ષિત થયેલા પુણ્યાત્માઓના યોગે પણ સમજાય છે. બહુધા તેઓશ્રીના હાથે એવા આત્માઓ દીક્ષિત થયા છે કે પોતાની સાધુતાને યોગે તે દરેક કંઈક નહિ તો કંઈક પણ સ્વ-પર કલ્યાણ સાધી ગયા છે-શાસન-સેવા કરી ગયા છે-યથાશક્ય જિનાજ્ઞાને શરણે રહ્યા છે. અહીં તે દરેકના જીવનને વર્ણવવાનો પ્રસંગ નથી, એટલે માત્ર તેઓનાં નામો જ જણાવીશું.

વિ. સં. ૧૯૩૧માં તેઓશ્રી રાધનપુરમાં રહ્યા, ત્યારે પહેલ-પહેલી તેઓએ એક ભાઈ તથા એક બાઈને દીક્ષા આપી. ભાઈનું નામ પૂનમચંદ હતું, તેઓને મુનિશ્રી પુણ્યવિજયજી અને બાઈનું નામ નંદુબાઈ હતું તેઓને સાધ્વીજી શ્રીનિધાનશ્રીજી નામ આપ્યું. તે પછી વિ. સં. ૧૯૩૮માં પલાંસવામાં મોટા મહોત્સવપૂર્વક ચાર દીક્ષાઓ આપી. ત્યાંનો તે પ્રસંગ અને શાસન-પ્રભાવના આજે પણ અમર છે. મહોત્સવમાં હજારો રૂપૈયાનો સદ્વ્યય થવા ઉપરાંત આજુબાજુના અનેક ગામોની અદ્ધારે વર્ણની પ્રજાએ તથા ગામગામના જાગીરદારોએ પણ એ દીક્ષાઓની અનુમોદના-પ્રશંસા કરી પોતાના આત્માને પવિત્ર કર્યો હતો. એ ચાર પૈકી પલાંસવાના જ રહીશ બે ભાઈઓ ચંદુરા હરદાસ અને કોઠારી જોઈતાભાઈને દીક્ષાઓ આપી અનુક્રમે મુનિશ્રી હીર-વિજયજી અને મુનિશ્રીજ્ઞવિજયજી નામ આપ્યાં હતાં. આ મુનિશ્રી હીરવિજયજી એ જ વર્તમાન પૂ. આચાર્ય મહારાજ શ્રીવિજયકનક-સૂરીશ્વરજી મહારાજ વગેરેના ગુરુ. બે બાઈઓ કે જેઓનો ઉલ્લેખ ઉપર કરી ગયા તે કુમારિકાઓ અંદરબહેન તથા ગંગાબહેનને દીક્ષા આપી અનુક્રમે સાધ્વીજીશ્રી આણંદશ્રીજી તથા સાધ્વીજીશ્રી જ્ઞાનશ્રીજી નામ આપ્યાં હતાં. તે પછી વિ. સં. ૧૯૪૯ જેઠ સુદ ૧૦ રાજનગરમાં પલાંસવાના રહીશ કોઠારી વાઘજીભાઈને દીક્ષા આપી મુનિશ્રી વીર-વિજયજી નામ આપ્યું. વિ. સં. ૧૯૫૩ના વૈશાખ સુદ ૬ના રોજ ચોટીલાના રહીશ કુમારિકા મણીબહેનને વિજાપુરમાં દીક્ષા આપી,

સાધ્વીજીશ્રી માણેકશ્રીજી નામ રાખ્યું. સં. ૧૯૫૬ના વૈશાખમાં રાધનપુરમાં કીડીયા નગરના રહીશ મહેતા ડોસલભાઈને દીક્ષા આપી મુનિ શ્રીધીરવિજયજી નામ આપ્યું અને સં. ૧૯૬૨ માગશર સુદ ૧૫ ને સોમવારના રોજ પલાંસવાના રહીશ ચંદુરા કાનજી ન્હાનચંદ તથા દોશી ડુંગરશી કસ્તુરચંદને ભીમાસર-કચ્છમાં દીક્ષાઓ આપી અનુક્રમે મુનિશ્રી કીર્તિવિજયજી તથા મુનિશ્રી હરખવિજયજી નામ આપ્યાં. આ મુનિશ્રી કીર્તિવિજયજી એ જ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયકનકસૂરીશ્વરજી. કારણ કે તેઓનું વડી દીક્ષા વખતે મૂળ નામ બદલીને મુનિ શ્રીકનકવિજયજી રાખ્યું હતું. તે પછી વિ. સં. ૧૯૬૭ના મહા સુદ ૧૦ના રોજ કચ્છ માંડવીમાં બે બાઈઓને દીક્ષા આપી હતી, તેમાં એકનું નામ સાધ્વીજીશ્રી મુક્તિશ્રીજી તથા બીજાંનું નામ સાધ્વીજીશ્રી ચતુરશ્રીજી રાખ્યું હતું. આ સાધ્વીજીશ્રી ચતુરશ્રીજીનું ચારિત્ર સુંદર છે, આજે પણ તેઓ વિદ્યમાન છે અને પોતાના પવિત્ર ચારિત્રથી અનેકાનેક આત્માઓને ધર્મમાર્ગે દોરી રહ્યાં છે. તે પછી વિ. સં. ૧૯૭૨માં ભીમાસરમાં વિદ્યુત્ બાઈને દીક્ષા આપી તેઓનું નામ સા. વિવેકશ્રીજી રાખ્યું હતું. તેઓ પણ સારાં ચારિત્રશીલ છે. આ ઉપરાંત પણ અનેક આત્માઓને ધર્મમાર્ગે દોરી તેઓએ પોતાના જીવન દરમિયાન ઘણો ઉપકાર કર્યો હતો.

**શાસન-પ્રભાવના**—તેઓશ્રીના હસ્તે કોઈ મોટા તીર્થોદ્ધાર વગેરે કાર્યો નહોતાં થયાં, તોપણ જે નોંધ મળે છે તેમાંથી એ સ્પષ્ટ જણાય છે કે તેઓએ જીવોને સાધનને બદલે સાધ્યની અનેકવિધ લ્હાણીઓ કરી હતી. ઉદ્યાપન, ઉપધાન, શ્રીગિરિરાજનો છરી પાલતો સંઘ, અઠ્ઠાઈમહોત્સવો, કે એવાં બીજાં શાસનપ્રભાવનાનાં અનેકવિધ કાર્યો તેઓશ્રીની પવિત્ર-છાયામાં થવા ઉપરાંત તેઓ જ્યાં જ્યાં વિચર્યા હતા ત્યાં ત્યાં પોતાના નિર્મળ ચારિત્રના પ્રભાવથી અનેકાનેક ભવ્ય-આત્માઓને ધર્મના રંગથી રંગી નાખ્યા હતા. **શ્રદ્ધા, જ્ઞાન અને ક્રિયા એ એમની અમૂલ્ય ભેટો હતી.** એ ભેટો કેવી કેવી ઉત્તમ

હતી તે આજે પણ વાગડ કે કચ્છનો અનુભવ કરનારને દેખાઈ આવે છે. અલબત્ત, તે પ્રદેશમાં વ્યવહારિક કેળવણી બહુ ઓછી છે, બહુધા ખેતી પ્રધાન દેશ છે, ઓશવાલ જ્ઞાતીય શ્રાવકો પણ કેટલાય ગામોમાં ખેતી કરી આજીવિકા ચલાવે છે, તોપણ ધર્મ અને ધર્મગુરુઓનું બહુમાન તેઓમાં જીવંત છે. સંભળાય છે કે તે પ્રદેશમાં વિચરનાર સાધુને વ્યાખ્યાન આપ્યા વિના ચાલી શકતું નથી. સવારમાં વગડામાં ખેતીનું કામ કરી મધ્યાહ્ન ટાણે ઘેર આવેલા એ ભોળા ધર્મ–ભૂખ્યા જીવોને જાણવા મળે કે ગામમાં મુનિમહારાજ પધાર્યા છે, તો તુર્ત ભેગા થઈ જાય અને સાધુ મુનિરાજ પાસે ભૂખ્યો ભોજન માગે તેમ ધર્મશ્રવણની માગણી કરે છે અને જે એ બોલ સાંભળવા મળે તેનાથી આનંદ અનુભવે છે. બેશક! ત્યાં બીજા અન્ય પ્રદેશો જેટલું વિજ્ઞાન ખીલ્યું નથી, વ્યાપાર રોજગાર પણ વિકાસવાળા નથી, તોપણ ભગવાનની વાણીનો આદર–ગુરુવચનનું બહુમાન, કોઈ વિશિષ્ટ સચવાયાં છે. તેઓ એ સમજે છે કે '**ભાગ્ય હોય તો જ ભગવાનનાં વચન કાને પડે**' અને તેથી સારા વ્યાખ્યાતાનું બહુમાન વિશેષ હોવા છતાં સામાન્ય સાધુ પ્રત્યેનો આદર પણ ત્યાં જીવંત છે. આ પ્રકારના સંસ્કારો એ દાદાશ્રીની અમૂલ્ય ભેટોની શેષારૂપે આજ સુધી પણ વિદ્યમાન છે. આજે જગત ભૌતિકવાદમાં આગળ ધપી રહ્યું છે અને તેનાં સાધનો હજી વધી રહ્યાં છે. એ પ્રદેશમાં પણ હવે યંત્રવાદનો આદર થવા લાગ્યો છે. ગયા વર્ષે જ ત્યાં રેલ્વે પહોંચી ગઈ છે, એટલે અવનવા ફેરફારો થવાનો સંભવ છે. ભાગ્યવાનોને એ ભૌતિક પ્રલોભનોથી આત્માને બચાવવા માટે સાવધ થવાની જરૂર છે. અત્યાર સુધીના અનુભવોથી સિદ્ધ થયું છે કે રેલ્વે પરદેશમાંથી આર્યસંસ્કારનાં ઘાતક અવનવાં વિલાસનાં સાધનોને લાવી આપે છે પણ પ્રજાના જીવનના પ્રાણભૂત ઘી, દૂધ, દહીં કે અબજો મણ અનાજને ખેંચી જાય છે અને એ રીતે પ્રજાને પાંગળી પરાધીન બનાવી દે છે. યંત્રવાદે બહારના ભૌતિક વિલાસોનું આકર્ષણ વધારી માનવના કુલાચાર વગેરે સાચા ધનને લૂંટી

લીધું છે. આપણે જાણીએ છીએ કે મોટા ભાગે સ્વદેશ છોડી પરદેશ જનારો માનવ ધનને મેળવી લાવે છે તેની સાથે ત્યાંથી એવા સંસ્કારોને પણ સાથે લઈ આવે છે કે જેના પ્રતાપે તેના કુલાચારો કે ધર્માચારોને વિદાય લેવી પડે છે. અલબત્ત! આમાં એકાન્ત નથી, 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ' એ ન્યાયે યંત્રવાદથી લાભો પણ હશે, તોપણ એટલું ચોક્કસ છે કે આત્મહિતની દૃષ્ટિએ લાભ કરતાં હાનિ ઘણી જ મોટી છે. કાળબળે આવાં પરિવર્તનો થયા જ કરે છે, તેને રોકી શકાતાં નથી, પણ તેમાંથી આત્માને બચાવી શકાય છે. તાત્પર્ય કે દાદાશ્રીએ કરેલી ભેટની જે શેષા આજે પણ ટકી રહી છે તેની રક્ષા કરીને નવપલ્લવિત કરવી તે દરેક આત્માર્થીનું કર્તવ્ય છે.

**ગુરુભક્તિ**—આપણે જોઈ ગયા કે વિ. સં. ૧૯૨૫માં દીક્ષા થયા પછી સં. ૧૯૩૮ની અંતિમ અવસ્થા સુધી તેઓશ્રી ગુરુમહારાજની સાથે જ રહ્યા અને યથાશક્ય સેવાથી પોતાના જીવનને અજવાળ્યું છે. આ પણ તેઓશ્રીની ઉત્તમતાનું પ્રતિક છે. મોટે ભાગે ઉત્તમ આત્માઓ પોતાના વડિલોનો વિરહ સહન કરી શકતા નથી. સંયોગવશાત દૂર રહેવું પડે તોપણ તેઓ આત્માને તો ગુરુઓના ચરણે જ મૂકે છે અને ગુરુને પોતાના હૃદયમાં રાખે છે. આ એક વાસ્તવતા છે કે—**જેમ જેમ આત્મા યોગ્ય બનતો જાય તેમ તેમ તેનામાં લઘુતા ખીલતી જાય** છે. અને તેથી જ તે ગુરુના વિરહને સહન કરી શકતો નથી. એક કવિએ કહ્યું છે કે—**રાજ્ય સિંહાસન પર આરૂઢ થયેલાની જેવી શોભા દેખાતી નથી તેવી શોભા અંજલી જોડીને નત મસ્તકે વડિલોની સામે ઊભા રહેનારની દેખાય** છે.' અર્થાત્ ગુરુસેવા એ જીવનનો સાચો શણગાર છે. નિશ્ચયનયની અપેક્ષાએ તો નાવડી તારતી નથી પણ મનુષ્ય પોતાની બુદ્ધિથી તેના આધારથી તરે છે, તેમ અહીં પણ ગુરુ તારતા નથી, શિષ્ય સ્વયં-ગુરુ પ્રત્યેના પોતાના પૂજ્યભાવથી તરે છે. આવો પૂજ્યભાવ પ્રગટ કરવા માટે નાવડીના આલંબનની જેમ ગુરુનું આલંબન લીધા વિના

ચાલે તેમ છે જ નહિ. ગમે તેવો બુદ્ધિમાન કે શક્તિમાન સાધન વિના સમુદ્રને પાર કરી શકતો નથી, તેમ ગમે તેવો જ્ઞાની પણ ગુરુજનોની સેવા વિના સંસાર સમુદ્રનો પાર પામી શકતો નથી. '**ગુરુની અવજ્ઞા કરનારો દેવની અને ધર્મની પણ અવજ્ઞા કરનારો છે**' એમ જ્ઞાની પુરુષો કહે છે તે સાચું જ છે, ગુરુને શરણે રહેલાને જગતમાં કોઈનો ભય રહેતો નથી. મુખ્યતયા જે આત્માઓને પુણ્યોદય છતાં મોહનીયની મંદતા નથી હોતી તે ગુરુસેવામાં ટકી શકતા નથી, કારણ કે પુણ્યકર્મના ઉદયે મળતાં યશ–માન વગેરેને તે પચાવી શકતા નથી. સ્વતંત્રતા તરફ તેમની દૃષ્ટિ દોડતી હોય છે, અને તેથી તથાવિધ કર્મનો ક્ષયોપશમ ન હોવાથી તેઓ ગુરુવર્ગની સેવાને પરાધિનતારૂપ માની ગુરુની પાસે રહી શકતા નથી કે રહેવા છતાં પૂજ્યભાવ પ્રગટ કરી શકતા નથી અને આત્માને અજવાળવાના સુંદર પ્રસંગને તે ગુમાવે છે. દાદાશ્રીએ પોતાના જીવનમાં ગુરુસેવાની સુંદર સાધના કરી હતી અને તેથી જ અનેકાનેક આત્માઓએ તેઓશ્રીને ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. કહો કે–લઘુતાથી પ્રભુતાને પામેલા તેમણે પોતાના ગુરુપદને ગુરુની સેવાથી પાવન કર્યું હતું.

**જીવનની સુવાસ**—તેઓશ્રી સૌભાગ્ય અને આદેય નામકર્મના ઉદયવાળા હતા. મોટે ભાગે તેઓના વચનનો કોઈ અનાદર કરતું નહિ અને તેથી તેઓશ્રીએ પોતાના જીવન દરમ્યાન ધર્મના નામે થતાં પશુઓનાં બલિદાનોને બંધ કરાવ્યાં હતાં, માંસાહાર કરનારા અનેક જીવોએ પણ તેઓના પવિત્ર ઉપદેશથી માંસાહાર, દારૂપાન અને તેવાં પાપો છોડી દીધાં હતાં. તેઓના આશીર્વાદમાં અદ્‌ભુત બળ હતું, અનેક આત્માઓને તેઓની વચનસિદ્ધિના ચમત્કારો જોવા મળ્યા હતા. એક લંગડા શ્રાવકને તો નવકાર મંત્ર આપી હંમેશને માટે લાકડાની ધોડીથી મુક્ત કરી સાજા પગવાળો બનાવ્યો હતો. વૈર વિરોધ કે કુસંપ તેઓશ્રીના વચનમાત્રથી વિદાય લેતા, વગેરે અનેકવિધ સુગંધથી તેઓશ્રીનું જીવન સુવાસિત હતું.

**તીર્થયાત્રા**—તેઓશ્રીએ પોતાના વિહાર દરમ્યાન પોતાની દર્શન-શુદ્ધિ માટે અનેક તીર્થોની યાત્રાઓ પણ કરી હતી. વિ. સં. ૧૯૪૧માં શ્રીકેસરિયાજી તીર્થની, તે પછી વિ. સં. ૧૯૪૨-૪૩નાં ચાતુર્માસ મારવાડમાં સોજત અને પાલીમાં કરેલાં હોવાથી અનુમાન થાય છે કે શ્રીઆબુજી તથા શ્રી રાણકપુરજી અને મારવાડનાં બીજાં પણ અનેક નાનાં મોટાં તીર્થોની તેઓશ્રીએ સ્પર્શના કરી હશે. ઉપરાન્ત અનેક વાર શ્રીસિદ્ધાચલજીની, પ્રગટ પ્રભાવી શ્રીશંખેશ્વર પાર્શ્વનાથજીની અને શ્રી ભદ્રેશ્વર તીર્થની યાત્રાઓ પણ તેઓશ્રીએ કરી હતી. તીર્થયાત્રાનું પવિત્ર વાતાવરણ સામાન્ય મનુષ્યના હૃદયને પણ ભક્તિભાવથી ભરી દે છે. તીર્થના આલંબનથી કઠોર કર્મોની પણ નિર્જરા થઈ જાય છે. જેની છાયામાં અનેકાનેક આત્માઓ પાવન થઈ ગયા હોય તેવાં તારક તીર્થોની સ્પર્શના અને તે પણ આશાતનાઓને તજીને વિધિપૂર્વક કરવાથી તો આત્માના જીવનનો પલટો કરાવી દે છે. આ લાભ પણ દાદાશ્રીએ પોતાના સંયમની રક્ષાનો યથાશક્ય ખ્યાલ રાખીને લેવાય તેટલો લીધો હતો.

**તપશ્ચર્યા**—તપશ્ચર્યા એ સાધુતાનો શણગાર છે; બાહ્ય અભ્યંતર તપ વિનાનું સાધુપણું વસ્ત્રાલંકાર વિનાના નગ્ન મનુષ્યની જેમ અનાદર પામે છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ સ્વાધ્યાય કે ધ્યાન વગેરે અભ્યંતર તપથી તેઓનો આત્મા ઓતપ્રોત હતો, એ વાત તેઓના જીવનના દરેક પ્રસંગોથી જણાઈ આવે છે. સંભળાય છે કે તેમનાથી છદ્મસ્થતાના યોગે કદાચ કોઈ કીડી વગેરે જીવની વિરાધના થતી તો તેઓશ્રી તેનું પ્રાયશ્ચિત્ત બીજે દિવસે જ કરી લેતા. જેને પોતાના આત્માની પવિત્રતા સાધવી હોય તેનું જીવન આવું કાળજીવાળું હોય તે સંભવિત છે. અગ્નિકાયના ઉદ્યોતનો વિષમ પ્રસંગે પણ ઉપયોગ નહિ કરતા, એમ દરેક પ્રસંગમાં તેઓની આચારપ્રિયતા આગળ રહેતી, ઉપરાંત બાહ્ય તપમાં પણ તેઓનો સારો આદર હતો. દર મહિને કાયમી છ ઉપવાસ અને પ્રતિદિન એકાસણું કરતા. માંદગીના પ્રસંગે પણ

પોતાના નિયમિત તપને તેઓએ છોડ્યો ન હતો. છઠ્ઠ, અઠ્ઠમ કે અઠ્ઠાઈ સુધી તપશ્ચર્યાઓ કરી તેઓએ પર્વોનું મહુમાન પણ અખંડ જાળવ્યું હતું અને એ અભ્યાસ એટલો વધી ગયો હતો કે તદ્દન અશક્ત અવસ્થામાં છેલ્લી અષાઢ સુદ ૧૪ ની પાંખીનો ઉપવાસ પણ તેઓએ છોડ્યો ન હતો. એમ બાહ્ય અભ્યંતર તપશ્ચર્યાથી તેઓશ્રીએ શરીર અને આત્મા બન્નેની રંગી દીધાં હતાં.

**સાધુ-સાધ્વી-પરિવાર**—તેઓશ્રીના પરિવારના સાધુઓમાં તે કાળે પૂજ્ય મુનિરાજ શ્રીહીરવિજયજી મહારાજ, પૂ. પં. મહારાજ શ્રીકનકવિજયજી ગણિવર, મુનિરાજ શ્રીહર્ષવિજયજી મહારાજ, મુનિરાજ શ્રીબુદ્ધિવિજયજી મહારાજ, મુનિરાજ શ્રીકલ્યાણવિજયજી મહારાજ અને મુનિરાજ શ્રીક્ષમાવિજયજી મહારાજ વિદ્યમાન હતા તથા સાધ્વીવર્ગમાં સાધ્વીજી શ્રીઆણંદશ્રીજી, સા. શ્રીચંદનશ્રીજી, સા. શ્રીરતનશ્રીજી, સા. શ્રીસુમતિશ્રીજી, સા. શ્રીચંપાશ્રીજી સા. શ્રીચતુરશ્રીજી, સા. શ્રીનીતિશ્રીજી સા. શ્રીલાભશ્રીજી સા. શ્રીઅમૃતશ્રીજી, સા. શ્રીહરખશ્રીજી, સા. શ્રીવિવેકશ્રીજી, સા. શ્રીજયન્તીશ્રીજી અને સા. શ્રીઅશોકશ્રીજી વિદ્યમાન હતા. અત્યારે તો તેઓના શિષ્ય-પ્રશિષ્યાદિરૂપે વધીને લગભગ પચીસ ઉપરાંત સાધુઓ અને આશરે સવાસો જેટલાં સુશીલ સાધ્વીજીઓ વિદ્યમાન છે.

**અંતિમ આરાધના**—એ રીતે જિનાજ્ઞાને બળે પોતાના જીવનને પવિત્ર બનાવીને વૃદ્ધાવસ્થાને કારણે છેલ્લે પલાંસવામાં સ્થિરવાસ રહી નિવૃત્ત જીવનદ્વારા પણ ત્યાંના સંઘને અનેકવિધ ઉપકાર કરતા તેઓશ્રી વિ. સં. ૧૯૮૦ના અષાઢ વદ ૬ ને શુક્રવારની સવારે 'સિદ્ધ અનંત નમું નિશદિન' એ પદનું શ્રવણ કરતા શ્રીસિદ્ધપરમાત્માના ધ્યાન દ્વારા સમાધિ ફેલાવી સર્વ જીવોની સાથે મૈત્રી સાધતા, ક્ષામાપના કરતા, અને તેઓશ્રી પ્રત્યેના પૂજ્યભાવને કારણે સાધુ-સાધ્વી આદિ શ્રી ચતુર્વિધ સંઘે તેઓશ્રીને ઉદ્દેશીને ૧૨૨૫ ઉપવાસ, ૩૨૦૦ એકાસણાં, ૧૨૫ આયંબિલ, ૭૦૦૦ સામાયિક, સવાસો

આશરે પૌષધ વગેરે ધર્મ આરાધન કરવાની અને સુમારે પાંચ હજાર રૂપિયા જીવદયાદિ શુભકાર્યોમાં વાપરવાની કરેલી પ્રશસ્ત પ્રતિજ્ઞાની અનુમોદના કરતા, આયુષ્ય સમાપ્ત કરી સ્વર્ગે સિધાવ્યા. અનેકના જીવનનો આધાર તેઓનો આત્મા ચાલ્યો ગયો અને દેહપિંજર પડયું રહ્યું. આ પ્રસંગથી તેઓની અંતિમ સેવા સુધી પાસે રહેલા તેઓશ્રીના મુખ્ય શિષ્ય મુનિરાજ શ્રીહીરવિજયજી મહારાજ, તથા તેઓના શિષ્ય તે વખતના ગણી અને વર્તમાનમાં આચાર્ય શ્રીવિજયકનકસૂરીશ્વરજી મહારાજ અને તેઓના શિષ્યો (વર્તમાનમાં પંન્યાસ) શ્રીમુક્તિવિજયજી મહારાજ, સ્વર્ગસ્થ મુનિરાજશ્રી કલ્યાણવિજયજી, સ્વર્ગત મુનિરાજશ્રી ક્ષમાવિજયજી વગેરે મુનિવરો ઉપરાંત તેઓના અનન્ય ઉપકારથી ઉપકૃત સુશીલા સાધ્વીજી આણંદશ્રીજી, તેઓની શિષ્યાઓ, સાધ્વીજી શ્રીરતનશ્રીજી, સા. શ્રીચતુરશ્રીજી, સા. શ્રીલાભશ્રીજી, સા. શ્રીહરખશ્રીજી અને સા. શ્રીવિવેકશ્રીજી વગેરે સાધ્વીઓ, અને ગામગામથી આવેલા સેંકડો શ્રાવક–શ્રાવિકાઓ સહિત સ્થાનિક સઘળા શ્રાવક–શ્રાવિકાઓ, એમ ત્યાં હાજર રહેલો ચતુર્વિધ શ્રીસંઘ શોક મગ્ન થઈ ગયો. આખરે તેઓશ્રીનાં ઉપદેશ વચનોને યાદ કરી, શોક ઓછો કરી ઉત્તમ આત્માને આશ્રય આપવાથી પૂજ્ય બનેલા તેઓશ્રીના દેહની પણ સ્નાન, પૂજન, વિલેપન આદિ વિધિ કરવા પૂર્વક મહોત્સવ રૂપમાં પણ ઉદાસભાવે સ્મશાનયાત્રા કાઢી ચંદનની ચયમાં પ્રજ્વલિત કરી તેની નશ્વરતા સિદ્ધ કરી.

**સ્વર્ગારોહણ–મહિમા**—પોતાનો અનન્ય આધાર ચાલ્યો જવા છતાં તેઓશ્રીએ કરેલી અખંડ આરાધનાની અનુમોદના કરતા પલાંસવાના શ્રીસંઘે અષ્ટાહ્નિકા મહોત્સવ આદિ ધર્મકાર્યોથી તેઓના સ્વર્ગવાસનો મહિમા ઉજવ્યો અને સમાચાર જ્યાં જ્યાં પહોંચ્યા ત્યાંના સંઘોએ પણ તે પૂજ્યપુરુષની સેવારૂપે યથાશક્ય મહોત્સવો વગેરે ધર્મકૃત્યો કર્યા. આજપર્યંત અનેક ગામના સંઘો તેઓશ્રીના સ્વર્ગદિવસે પૂજાદિ મહોત્સવપૂર્વક ધર્મ–આરાધના કરી કૃતજ્ઞતા અનુભવે છે.

**ઉપસંહાર :**—એ રીતે દાદા શ્રીજીતવિજયજી મહારાજ પંચાવન વર્ષ જેટલો દીર્ઘકાળ સંયમ આરાધના કરીને ૮૪ વર્ષ જેટલું લાંબું આયુષ્ય પૂર્ણ કરીને સ્વર્ગવાસી થયા. આજે તેમનો દેહ નથી તોપણ તેઓના ગુણોની સુવાસ છે અને તેનો લાભ અદ્યાવધિ અનેક આત્માઓને મળે છે. વન્દન હો! ક્રોડ ક્રોડવાર એ પરમ મહર્ષિને! દીર્ઘ તપસ્વીને! પરમ ઉપકારી પવિત્ર આત્મતેજને!

**નિવેદન :**—આજે તેઓશ્રીના અનન્ય સેવક અને કૃતજ્ઞ પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયકનકસૂરીશ્વરજી મહારાજા તથા વિજય શાન્તિચન્દ્રસૂરિજી આદિ મુનિવરો તેઓના જીવનનું યથાશક્ય અનુકરણ કરતા ભવ્ય જીવોને ઉપકાર કરી રહ્યા છે. આ લખાણ મારા ઉપકાર માટે મેં પૂ. આ. મહારાજ શ્રીવિજયકનકસૂરીશ્વરજીએ સંગ્રહ કરેલા લખાણનો અને તેઓના અનુભવોનો આધાર લઈને કર્યું છે, તેમાં વાસ્તવતા સાચવવાનો શક્ય ખ્યાલ રાખવા છતાં સંભવ છે કે અતિશયોક્તિ થઈ હોય, છતાં તે સ્તુતિરૂપ આ લેખના અલંકારરૂપ હોવાથી વિવેકીઓ માન્ય કરશે. પ્રાન્તે છદ્મસ્થતાદિના કારણે જે કાંઈ અનુચિત લખાયું હોય કે ભૂલ રહી ગઈ હોય તેને 'મિચ્છામિ દુક્કડં' દઈ તેઓના પવિત્ર ગુણોનું અનુમોદન કરતો વિરમું છું.

વિ. સં. ૨૦૦૯ ધનત્રયોદશી,
સંવેગીનો ઉપાશ્રય,
હાજાપટેલની પોળ–અમદાવાદ.

પૂજ્ય આચાર્ય મહારાજ
**શ્રીવિજયમનોહરસૂરીશ્વરજી**
શિષ્ય ભદ્રંકરવિજય

# મુનિવંદન સજ્ઝાય

વીરકુંવરની વાતડી કેને કહીએ–એ રાગ.

શ્રીમુનિરાજને વંદના નીત કરીએ, હાંરે તપસી મુનિવર અનુસરીએ;
હાંરે ભવસાગર સહેજે તરીએ, હાંરે જેનો ધન્ય અવતાર. શ્રીમુનિ૦–૧

નિંદક પૂજક ઉપરે સમભાવે, હાંરે પૂજક પર રાગ ન આવે;
હાંરે નિંદક પર દ્વેષ ન લાવે, હાંરે તેહથી વીતરાગ. શ્રીમુનિ૦–૨

સંજમધર ઋષિરાજજી મહાભાગી, હાંરે જેની સંજમે શુભ મતિ જાગી;
હાંરે થયા કંચન કામિની ત્યાગી, હાંરે કરવા ભવ ત્યાગ. શ્રીમુનિ૦–૩

તીને ચોકડી ટાળીને વ્રત ધરિયા, હાંરે જાણું સંજમ રસના દરિયા;
હાંરે અજુઆલ્યા છે આપણા પરિયા, હાંરે ધન્ય ધન્ય ઋષિરાજ. ૪

ચરણ કરણની સિત્તરી દોય પાલે, હાંરે વલી જિનશાસન અજુઆલે;
હાંરે મુનિ દોષ બેંતાલીશ ટાલે, હાંરે લેતા શુદ્ધ આહાર. શ્રીમુનિ૦–૫

**ચિત્ર સંભૂતિ** ને વલી **હરિકેશી**, હાંરે **અનાથી** મુનિ શુભ લેશી;
હાંરે **ગૌતમ** ગણધર વલી **કેશી**, હાંરે એહુના અણગાર. શ્રીમુનિ૦–૬

દશ ચક્રી પ્રત્યેક બુદ્ધને જગ જાણે, હાંરે નમિરાજને ઇંદ્ર સંમાણે;
હાંરે **ઉત્તરાધ્યયને** તે વખાણે, હાંરે **શ્રી દશાર્ણભદ્ર**. શ્રીમુનિ૦–૭

શતત્રીશ કોટિ ઝાઝેરા અઢી દ્વીપે, હાંરે તપ સંજમ ગુણથી દીપે;
હાંરે ચાર સોળ પચીશને જપે, હાંરે કીજે ગુણ ગ્રામ. શ્રીમુનિ૦–૮

**દીપવિજય** કવિરાજના ગુણ ગાવો, હાંરે ગુણ ગાઈને ભાવના ભાવો;
હાંરે ગાતાં પરમ મહોદય પાવો, હાંરે માનવ ભવ સાર. શ્રીમુનિ૦–૯

# અનુક્રમ

## ચૈત્યવંદનો ૧ થી ૨૭


૧ બીજનું ૧
૨ જ્ઞાનપંચમીનું ૨
૩ પંચમીનું ૩
૪ સૌભાગ્ય પંચમીનું ૩
૫ અષ્ટમીનું ૪
૬ એકાદશીનું ૫
૭ રોહિણી તપનું ૬
૮ ,, ,, બીજું ૭
૯ નવપદનું ૮
૧૦ પર્યુષણનું ૮
૧૧ શ્રી વીશ વિહરમાનનું ૯
૧૨ એકસો શિતેર જિનનું ૧૦
૧૩ સીમંધરસ્વામીનું ૧૦
૧૪ ,, ,, બીજું ૧૧
૧૫ અનાગત ચોવીશીનું ૧૨
૧૬ શ્રી મલ્લિનાથ જિનનું ૧૩
૧૭ શ્રી અરનાથ જિનનું ૧૪
૧૮ નવપદનું ૧૫
૧૯ શ્રી પુંડરીકસ્વામીનું ૧૬
૨૦ શ્રી અતીત ચોવીશીનું ૧૬
૨૧ શ્રી મહાવીરસ્વામીના પંચકલ્યાણનું ૧૭
૨૨ શ્રી ચોવીશ તીર્થંકરના લાંછનનું ૧૮
૨૩ શ્રી ભાવન જિનાલયનું ૧૯
૨૪ દોઢસો કલ્યાણકનું ૧૯
૨૫ શ્રી સિદ્ધ ભગવાનનું ૨૧
૨૬ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ૨૩
૨૭ શ્રી પાર્શ્વનાથનું સંસ્કૃત ૨૩
૨૮ શ્રી આદીશ્વર જિનનું ૨૪
૨૯ ચોવીસ તીર્થંકરના દીક્ષા–તપ અને દીક્ષા વગેરેનું ૨૫
૩૦ શ્રી પાર્શ્વનાથના દશમા ભવનું ૨૬
૩૧ સામાન્ય જિનનું ૨૬
૩૨ શ્રી પુંડરિકસ્વામીનું ૨૭


## સ્તુતિઓ ૨૮ થી ૫૯


૩૩ બીજની શ્રી સીમંધર જિનની ૨૮
૩૪ પંચમીની ૨૮
૩૫ ,, બીજી ૨૯
૩૬ અષ્ટમીની ૩૧
૩૭ એકાદશીની ૩૧
૩૮ ,, બીજી ૩૨
૩૯ પર્યુષણની ૩૩
૪૦ શ્રી સિદ્ધચક્રજીની ૩૪
૪૧ ,, બીજી ૩૫
૪૨ શ્રી મહાવીરસ્વામીની ૩૬

૪૩ સિદ્ધચક્રજીની ૩૭
૪૪ સુધર્મા દેવલોકની ૩૮
૪૫ રોહિણીની ૪૦
૪૬ ભીલડિયા પાર્શ્વનાથની ૪૧
૪૭ રોહિણીની બીજી ૪૨
૪૮ શ્રી પાર્શ્વનાથની ૪૨
૪૯ ,, ,, ૪૩
૫૦ ,, ,, જિનની ૪૫
૫૧ વીશસ્થાનક તપની ૪૫
૫૨ સિદ્ધાચલની ૪૭
૫૩ શ્રી ગિરનારજીની ૪૮
૫૪ શ્રી સીમંધર પ્રમુખ
વિચરતા જિનની ૪૯
૫૫ શ્રી સીમંધરની બીજી ૫૦
૫૬ દશત્રિક વગેરેની ૫૧
૫૭ નંદીશ્વર દ્વીપની ૫૨
૫૮ અધ્યાત્મની ૫૨
૫૯ શ્રી સુમતિનાથની ૫૩
૬૦ સિદ્ધાચળની ૫૪
૬૧ ,, ,, બીજી ૫૫
૬૨ આદીશ્વરની ૫૬
૬૩ મહાવીરસ્વામીની ૫૭
૬૪ ઋષભદેવસ્વામીની ૫૮

## સ્તવનો ૬૦ થી ૧૫૨

૬૫ બીજ તિથિનું મોટું ૬૦
૬૬ જ્ઞાન પંચમીનું ૬૨
૬૭ એકાદશીનું ૬૯
૬૮ સાધારણ જિન કલ્યાણકનું ૭૬
૬૯ સિદ્ધચક્રનું–૧ ૮૩
૭૦ ,, –૨ ૮૪
૭૧ ,, –૩ ૮૪
૭૨ શ્રી ઋષભજિનનું ૮૬
૭૩ પ્રભાતિયું ૮૭
૭૪ શ્રી શાંતિનાથનું ૮૮
૭૫ ,, ,, ૮૮
૭૬ શ્રી અષ્ટાપદનું ૮૯
૭૭ શ્રી મહાવીર જિનનું ૯૦
૭૮ ,, ,, ,, ૯૧
૭૯ શ્રી કુંથુનાથજીનું ૯૨
૮૦ શ્રી નેમિનાથના નવ ભવનું ૯૩
૮૧ શ્રી સિદ્ધાચલનું ૯૭
૮૨ શ્રી સિદ્ધગિરિનું–૨ ૯૮
૮૩ શત્રુંજયનું –૩ ૧૦૦
૮૪ ,, –૪ ૧૦૧
૮૫ શ્રી રાયણ પગલાનું ૧૦૨
૮૬ ચોવીશ તીર્થંકરના
આંતરાનું ૧૦૩
૮૭ શ્રી વીશ વિહરમાનનું ૧૦૫
૮૮ ઋષભદેવસ્વામીનું ૧૦૫
૮૯ પરમાતમ અનુભવ
પ્રકાશપદ ૧૦૭
૯૦ સંવચ્છરીદાનનું ૧૦૭
૯૧ પ્રતિમા સ્થાપનનું ૧૧૧
૯૨ શ્રી સીમંધર જિનનું ૧૧૨

૯૩ વીશસ્થાનકનું ૧૧૫
૯૪ એકાદશીનું ૧૧૭
૯૫ શ્રી સીમંધરસ્વામીનું ૧૧૮
૯૬ પાર્શ્વનાથનું ૧૧૯
૯૭ શ્રી શાંતિનાથ જિનનું ૧૨૦
૯૮ ,, ,, ૧૨૧
૯૯ શ્રી નેમિનાથ જિનનું ૧૨૨
૧૦૦ શ્રી પાર્શ્વનાથ જિનનું ૧૨૩
૧૦૧ ,, ,, બીજું ૧૨૪
૧૦૨ શ્રી શત્રુંજયનું ૧૨૫
૧૦૩ અભિનંદન જિન વાણી મહિમાનું ૧૨૬
૧૦૪ શ્રી સીમંધર જિનનું ૧૨૭
૧૦૫ ,, અજિતનાથ સ્વામીનું ૧૨૯
૧૦૬ ,, સંભવનાથ જિનનું ૧૩૦
૧૦૭ ,, અભિનંદન સ્વામીનું ૧૩૧
૧૦૮ ,, સુમતિનાથનું ૧૩૨
૧૦૯ ,, પદ્મપ્રભુનું ૧૩૩
૧૧૦ ,, સુપાર્શ્વનાથનું ૧૩૪
૧૧૧ ,, ચંદ્રપ્રભુનું ૧૩૫
૧૧૨ ,, સુવિધિનાથનું ૧૩૬
૧૧૩ ,, શીતલનાથનું ૧૩૭
૧૧૪ ,, શ્રેયાંસનાથનું ૧૩૭
૧૧૫ ,, વાસુપૂજ્ય સ્વામીનું ૧૩૮
૧૧૬ ,, વિમલનાથનું ૧૩૯
૧૧૭ ,, અનંતનાથનું ૧૪૦
૧૧૮ ,, ધર્મનાથનું ૧૪૧
૧૧૯ શ્રી અરનાથનું ૧૪૨
૧૨૦ ,, મલ્લિનાથનું ૧૪૩
૧૨૧ ,, ,, ૧૪૪
૧૨૨ ,, મુનિસુવ્રતસ્વામીનું ૧૪૬
૧૨૩ ,, નમિનાથનું ૧૪૬
૧૨૪ ,, ભોયણીમંડણ શ્રી મલ્લિનાથનું ૧૪૭
૧૨૫ ,, શાંતિનાથનું ૧૪૮
૧૨૬ ,, સિદ્ધગિરિનું ૧૪૯
૧૨૭ ,, આદિનાથનું ૧૫૦
૧૨૮ ,, શાંતિજિનનું ૧૫૧
૧૨૯ વેદની કર્મનિવારક પૂજાની ઢાલ પમી ૧૫૨
૧૩૦ અંતરાય કર્મ નિવારક પૂજાની ઢાલ ૪થી ૧૫૩


## સજ્ઝાયો ૧૫૪ થી ૩૨૨


૧૩૧ ઝાંઝરિયા મુનિની ચાર ઢાળની સજ્ઝાય ૧૫૪
૧૩૨ શિખામણની ૧૬૧
૧૩૩ દશવિધ યતિધર્મ સ્વાધ્યાયની ૧૬૩
૧૩૪ પદ્મવિજયજી મહારાજની ૧૮૨
૧૩૫ બારમા પાપસ્થાનકની ૧૮૩
૧૩૬ શ્રી પરદેશી રાજાની ૧૮૪
૧૩૭ શીખામણની ૧૮૬
૧૩૮ ધર્મઆરાધનની ૧૮૮

૧૩૯ મંગલ ૧૮૯
૧૪૦ આત્માને શિખામણની ૧૯૨
૧૪૧ સુભદ્રા સતીની ૧૯૪
૧૪૨ માન-ત્યાગની ૧૯૯
૧૪૩ કાયા-માયાની ૨૦૦
૧૪૪ અગિયાર પડિમાની ૨૦૧
૧૪૫ શ્રી રહનેમિ મુનિવરની ૨૦૩
૧૪૬ નિર્પક્ષપુરુષ સ્વરૂપપદ ૨૦૪
૧૪૭ લઘુતા ભાવનાપદ ૨૦૫
૧૪૮ માયાની ૨૦૬
૧૪૯ શ્રી ગૌતમસ્વામીની ૨૦૭
૧૫૦ શીલની ૨૦૯
૧૫૧ વિજયશેઠની ૨૧૦
૧૫૨ ચૌદ પૂર્વની ૨૧૧
૧૫૩ મધુબિંદુની ૨૧૩
૧૫૪ પંચગતિની ૨૧૪
૧૫૫ મધુબિંદુ દૃષ્ટાંતની ૨૧૫
૧૫૬ વણજારાની ૨૧૭
૧૫૭ દીવાળીની ૨૧૮
૧૫૮ શ્રી. સ્થૂલભદ્રની ૨૧૯
૧૫૯ સીતાજીની ૨૨૨
૧૬૦ ઉપદેશની ૨૨૩
૧૬૧ ભવદત્ત ભવદેવની ૨૨૫
૧૬૨ નવ વાડોની ૨૨૬
૧૬૩ ચિત્તપ્રસન્નદત્તની ૨૩૨
૧૬૪ શાલિભદ્રની ૨૩૫
૧૬૫ પડિક્કમણાની ૨૪૦
૧૬૬ ચૌદપૂર્વના દુહા ૨૪૧
૧૬૭ ખામણાં ૨૪૩
૧૬૮ નાલંદા પાડાની ૨૪૪
૧૬૯ જ્ઞાનવિમલસૂરિકૃત સોળ સ્વપ્નની ૨૪૭
૧૭૦ રૂપવિજયજી કૃત મન સ્થિરકરણની ૨૫૧
૧૭૧ છઠ્ઠા રાત્રિભોજન વિરમણની ૨૫૩
૧૭૨ શ્રી વીરપ્રભુની ૨૫૪
૧૭૩ શીલની ૨૫૫
૧૭૪ તપની ૨૫૬
૧૭૫ ભાવની ૨૫૭
૧૭૬ પંચમીની ૨૫૮
૧૭૭ શ્રી લબ્ધિવિજયજીકૃત જીભલડીની ૨૫૯
૧૭૮ શ્રી વીરકૃત લોભ નિવારકની ૨૬૦
૧૭૯ શ્રી તત્ત્વવિજયજીકૃત અન્યત્વ સંબંધની ૨૬૧
૧૮૦ શ્રી લબ્ધિવિજયજીકૃત આત્મબોધની ૨૬૨
૧૮૧ શ્રી પદ્મવિજયજીકૃત આંબિલ તપની ૨૬૩
૧૮૨ શિખામણની ૨૬૫
૧૮૩ દશ ચંદરવાની ૨૬૭
૧૮૪ હોકાની ૨૭૩

૧૮૫ જ્ઞાનવિમલકૃત ચરણ-
કરણ સિત્તરીની ૨૭૪
૧૮૬ અસજ્ઝા વારકની ૨૭૫
૧૮૭ ઉત્તરાધ્યયનના દશમા
અધ્યયનની ૨૭૭
૧૮૮ કેશી ગોયમની ૨૮૦
૧૮૯ સુડતાલીસ દોષની ૨૮૨
૧૯૦ કર્મપચીશીની ૨૮૬
૧૯૧ પંચમહાવ્રત-ભાવનાની ૨૮૯
૧૯૨ દ્વિતીયવ્રત ભાવનાની ૨૯૦
૧૯૩ તૃતીયવ્રત ભાવનાની ૨૯૧
૧૯૪ ચતુર્થવ્રત ભાવનાની ૨૯૨
૧૯૫ પંચમવ્રત ભાવનાની ૨૯૩
૧૯૬ આત્મબોધની ૨૯૪
૧૯૭ ઢંઢણ મુનિની ૨૯૫
૧૯૮ ઇલાચી પુત્રની ૨૯૬
૧૯૯ મેતારજ મુનિની ૨૯૭
૨૦૦ શ્રી અરણિક મુનિની ૨૯૯
૨૦૧ શ્રી વયર મુનિની ૩૦૦
૨૦૨ શ્રી ખંધક મુનિની ૩૦૨
૨૦૩ શ્રી જંબુસ્વામીની ૩૦૪
૨૦૪ શ્રી પ્રસન્નચંદ્ર
રાજર્ષિની ૩૦૬
૨૦૫ શ્રી સ્થૂલિભદ્રજીની ૩૦૭
૨૦૬ શ્રી રુકમિણીની ૩૦૯
૨૦૭ શ્રી સીતાજીની ૩૧૦
૨૦૮ શ્રી દેવાનંદાની ૩૧૧
૨૦૯ શ્રી રાજીમતી અને
રહનેમિનો સંવાદ ૩૧૩
૨૧૦ શિખામણની ૩૧૮
૨૧૧ ધન્ના શાલિભદ્રની ૩૧૯
૨૧૨ શ્રી વિજયશેઠ અને
વિજયા શેઠાણીની ૩૨૦
૨૧૩ ચોથની થોય ૩૨૪
૨૧૪ શ્રી પર્યુષણથી થોય ૩૨૫
૨૧૫ શ્રી મૌન એકાદશીની
થોય ૩૨૬
૨૧૬ ચાર શરણાં ૩૨૭

## પરિશિષ્ટ–૧ સ્તવનો ૧ થી ૬૦

૧ શ્રી. પુન્યપ્રકાશનું સ્તવન ૧
૨ શ્રી. પર્યુષણા મહાપર્વનું
સ્તવન ૧૨
૩ શ્રી. નવકાર મહિમા જિન
સ્તવન ૧૩
૪ શ્રી. નવપદ વર્ણનાત્મક
સ્તવન ૧૪

### શ્રી. જીવણવિજયજી કૃત ચોવીસી

૫ શ્રી આદિનાથ જિન સ્તવન ૧૬
૬ ,, અજિતનાથ ,, ,, ૧૭
૭ ,, સંભવનાથ ,, ,, ૧૮

૮ ,, અભિનંદન ,, ,, ૧૯
૯ ,, સુમતિનાથ ,, ,, ૨૦
૧૦ ,, પદ્મપ્રભ ,, , ૨૦
૧૧ ,, સુપાર્શ્વનાથ ,, ,, ૨૧
૧૨ ,, ચંદ્રપ્રભ ,, ,, ૨૨
૧૩ ,, સુવિધિનાથ ,, ,, ૨૩
૧૪ ,, શીતળનાથ ,, ,, ૨૪
૧૫ ,, શ્રેયાંસનાથ ,, ,, ૨૫
૧૬ ,, વાસુપૂજ્ય ,, ,, ૨૬
૧૭ ,, વિમલનાથ ,, ,, ૨૬
૧૮ ,, અનંતનાથ ,, ,, ૨૭
૧૯ ,, ધર્મનાથ ,, ,, ૨૭
૨૦ ,, શાંતિનાથ ,, ,, ૨૮
૨૧ ,, કુંથુનાથ ,, ,, ૨૯
૨૨ ,, અરનાથ ,, ,, ૩૦
૨૩ ,, મલ્લિનાથ ,, ,, ૩૦
૨૪ ,, મુનિસુવ્રતસ્વામી ,, ૩૧
૨૫ ,, નમિનાથ ,, ,, ૩૨
૨૬ ,, નેમનાથ ,, ,, ૩૨
૨૭ ,, પાર્શ્વનાથ ,, ,, ૩૩
૨૮ ,, મહાવીરસ્વામી,, ,, ૩૪
૨૯ ,, કળશ ૩૫
૩૦ શ્રી પાંચ કારણનું સ્તવન ૩૫
૩૧ શ્રી જિન કલ્યાણક દિન સ્તવન ૪૨
૩૨ શ્રી સિદ્ધગિરિ–સ્તવન ૪૭
૩૩ શ્રી નેમિનાથજીનું સ્તવન ૫૦
૩૪ શ્રી માતર તીર્થભૂષણ સાચા સુમિતિનાથ ભ.નું સ્તવન ૫૧
૩૫ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન ૫૨
૩૬ શ્રી (કચ્છ) મંડણ શ્રી ચંદ્રપ્રભુજીનું સ્તવન ૫૪
૩૭ શ્રી મલ્લિનાથ જિનસ્તવન ૫૬
૩૮ શ્રી વાસુપૂજ્યસ્વામીનું સ્તવન ૫૭
૩૯ શ્રી ભદ્રેશ્વર તીર્થનું સ્તવન૫૮

## પરિશિષ્ટ-૨ સજ્ઝાયો ૬૧ થી ૧૦૭

૪૦ શ્રી જયભૂષણ મુનિની સજ્ઝાય ૬૧
૪૧ શ્રી નંદિષેણ મુનિનું ત્રિઢાળિયું ૬૨
૪૨ શ્રી સનેતકુમાર ચક્રવર્તીની સજ્ઝાય ૬૪
૪૩ શ્રી સહજાનંદીની સજ્ઝાય ૬૮
૪૪ શ્રી પાંચમની સજ્ઝાય ૭૦
૪૫ શ્રી ધન્ના અણગારનું પંચઢાલિયું ૭૧
૪૬ આચાર્ય શ્રી વિજયકનક–સૂરિજી મહારાજની સજ્ઝાય૭૬

૪૭ પડિક્કમણાના ફળની સજ્ઝાય ૮૦
૪૮ શિયળ વિષે સ્ત્રીને શિખામણની સજ્ઝાય ૮૩
૪૯ રાત્રિભોજનની સજ્ઝાય-૧ ૫૮
૫૦ ,, ,, ,,–૨ ૮૭
૫૧ ,, ,, ,,–૩ ૮૯
૫૨ શ્રી ભરત બાહુબલીની બે ઢાળની સજ્ઝાય ૯૫
૫૩ શિયળ વિષે પુરુષને શીખામણની સજ્ઝાય ૧૦૧
૫૪ શ્રી પદ્મવિજયજી મહારાજની સજ્ઝાય ૧૦૪
૫૫ શ્રી જીતવિજયજી મહારાજની સજ્ઝાય ૧૦૩

## પરિશિષ્ટ-૩ પ્રકીર્ણ : કવિતા દુહા વગેરે ૧૦૮ થી ૧૩૨

૫૬ શીખામણની કવિતા ૧૦૮
૫૭ શ્રી શત્રુંજયના...૨૧ નામોના ગુણ ગર્ભિત દુહા ૧૦૯
૫૮ નરક દુઃખ વર્ણન ગર્ભિત શ્રી આદિનાથ જિન –વિનતિ ૧૧૩
૫૯ ચૌદ પૂર્વના દુહા ૧૧૭
૬૦ મત કરના અભિમાન ૧૧૮
૬૧ વેપારમાં અનીતિ કરનાર માટે ઉપદેશ–કવિત ૧૧૯
૬૨ ઉ. શ્રી. વિનયવિજયજી કૃત શત્રુંજયાધીશ શ્રી આદીશ્વર–પ્રભુને વિનતિ ૧૨૦
૬૩ ગંહુલી–૧ ૧૨૫
૬૪ ગંહુલી–૨ ૧૨૬
૬૫ જીવાભિગમ સૂત્રની ગંહુલી–૩ ૧૨૭
૬૬ ગંહુલી–૪ ૧૨૮
૬૭ ગંહુલી–૫ ૧૨૯
૬૮ ઉપાધિમય કફનીની ચોપાઈ ૧૩૦

# શુદ્ધિપત્રક

| પા. | લીંટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૧ | ૧૧ | કલમશ | કલ્મશ |
| ૧૩ | ૫ | દેવને | જીવદેવ |
| ૧૩ | ૧૩ | કાલે જગીશ | એહી જ દીશ |
| ૨૩ | ૧૧ | સંતતં | સતતં |
| ૨૪ | ૧૦ | સેા દેવી | સૌ દેવદેવી |
| ૨૬ | ૧૩ | જિન | જીત |
| ૨૭ | ૧૦ | નામ | પ્રગટનામ |
| ૨૯ | ૧૩ | જયકારી | હિતકારી |
| ૩૨ | ૨ | સ્યામ | સ્યા |
| ૩૫ | ૧૪ | સહુ | આગમ |
| ૩૬ | ૮ | સરિ | સાર |
| ૩૬ | ૧૦ | સુવ્રતને | સુવ્રત ને |
| ૩૬ | ૧૭ | નેમ | નેમિ |
| ૫૧ | ૧ | પંચાંગુલી | સંધવિઘ્નહરી |
| ૫૧ | ૧૬ | ળા | રા |
| ૫૧ | ૧૯–૨૦ | ભાખ્યા તેહ માંહે વિસ્તારોજી | ભાખ્યેા તેહ તણેા વિસ્તારોજી |
| ૫૨ | ૬ | નંદીશ્વર | નંદીશ્વર વર |
| ૫૨ | ૧૩ | સાંભળેા જય | સુધલાલવિજય |
| ૫૩ | ૨ | જૈન | જિન |
| ૫૪ | ૫ | રૂ | રૂપ |
| ૬૯ | ૨ | ગહગહ | ગહગટ |
| ૬૯ | ૧૬ | જીણુંદજી રે | જીણુંદજી જરે |
| ૭૧ | ૧ | ત્ર | તે |

| પા. | લીંટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭૧ | ૩ | ધરણીને | ધરણીને |
| ૭૪ | ૬ | સાસલ્યો | સાંસલ્યો |
| ૭૪ | ૯ | ચઢ્યા | ચઢ્યો |
| ૭૬ | ૧૬ | પંચમી | પંચમ |
| ૮૦ | ૧૧ | પુછે | પછી |
| ૮૪ | ૫ | પ્રગટ | લાલ |
| ૯૦ | ૧૧ | ધામ | ધામ |
| ૯૩ | ૬ | કરી રે | કરીરે |
| ૯૪ | ૨૦ | સુરભોમ | મતિપ્રભ |
| ૧૦૨ | ૪ | સાટેટીઓ | સાહેટીઓ |
| ૧૦૯ | ૨ | ચઉજિન | ચઉદ્વાર |
| ૧૦૯ | ૨૦ | દાવ | દાન |
| ૧૧૩ | ૨૧ | કિરિયાને | કિરિયાનો |
| ૧૧૫ | ૧૯ | સહુ | સાધુ |
| ૧૨૬ | ૧૩ | માન | મન |
| ૧૩૦ | ૧૧ | પરવાર | પરવા |
| ૧૩૧ | ૪ | મોહેના | મોહના |
| ૧૩૨ | ૧૬ | નવણ | ન્હવણ |
| ૧૩૨ | ૧૭ | શિરને | શિર |
| ૧૩૫ | ૧૦ | તિહાં | લિહા |
| ૧૫૨ | ૧૭ | મલીયાં | ગણીયાં |
| ૧૫૪ | ૪ | જાણે | જાવે |
| ૧૫૪ | ૬ | અવદાત | અપાર |
| ૧૫૪ | ૮ | જિન | નિજ |
| ૧૫૬ | ૪ | વિષમ | વિષય |
| ૧૫૬ | ૧૮ | સૌ | સા |

| પા. | લીંટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૫૬ | ૧ | દુહા | દુહા ત્રીજી ઢાળના |
| ૧૫૮ | ૯ | દુહા | દુહા ચોથી ઢાળના |
| ૧૫૯ | ૪ | ધરનાર | ગળનાલ |
| ૧૫૯ | ૧૩ | મોટો | માહો |
| ૧૬૨ | ૧૫ | ખીમાવિજય | ખીમાવિજય જિન |
| ૧૭૪ | ૩ | હાંસ્યાદિક | હાસ્યાદિક |
| ૧૮૯ | ૧૮ | મનુષ્યા | મનુષ્ય |
| ૧૯૧ | ૯ | વિજયરત્નસૂરિ કૃત | વિજયરત્નસૂરિ શિષ્ય દેવવિજય કૃત |
| ૧૯૪ | ૧૫ | અધીર | સુધીર |
| ૨૦૨ | ૧૧ | આધિકા | અધિકા |
| ૨૨૩ | ૧૨ | પૂર્વ છે ચુલ્ | પૂર્વ ચારે છે ચૂલ |
| ૨૩૬ | ૧૮ | જી | જીકા |
| ૨૩૮ | ૧૦ | ધનાધોર | ધનાધેર |
| ૨૩૯ | ૨૧ | ખોખો | પોખો |
| ૨૫૨ | ૮ | કણુક ચન | કણુકચન |
| ૨૫૩ | ૪ | અવુભવ | અનુભવ |
| ૨૫૫ | ૧૪ | જિનવર | શ્રીજિનવર |
| ૨૫૮ | ૧૫ | કુક્કર | કંક્કર |
| ૨૬૪ | ૨ | શીખિ | શીખી |
| ૨૭૦ | ૩ | ફાલતું | ફેલ તું |
| ૨૭૦ | ૧૯ | લાવ્યાં | લાવ્યા |
| ૨૭૫ | ૧૩ | અસજઝા | અસજઝાઈ |
| ૨૮૭ | ૧ | સાયર | સાયરમાં |

# પરિશિષ્ટ

| પા. | લીંટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૧૦ | ગાતમ | ગૌતમ |
| ૭ | ૧ | હડે | હૈડે |
| ૭ | ૧૪ | માયામોહ | માયામોસ |
| ૮ | ૧ | શરણ ચાર | ચાર શરણ |
| ૮ | ૧૩ | કર્યો | કરો |
| ૯ | ૧૧ | ધર્મનો | એ ધર્મનો |
| ૧૧ | ૩ | સિદ્ધારથ | સિદ્ધારથરાય |
| ૧૨ | ૧૦ | સાહજ | સહજ |
| ૧૩ | ૨ | ઉલ્લરે | ઉલ્લસે |
| ૧૩ | ૧૭ | પંમ | પંચ |
| ૧૪ | ૨ | સરળ | સર્પ |
| ૩૧ | ૫ | દીપેજી | દીયેજી |
| ૩૬ | ૧૫ | ચાલે | ઝાલે |
| ૩૬ | ૧૯ | કલિત | કવલિત |
| ૩૮ | ૧૫ | પ્રમદત્ત | પ્રહ્લાદત્ત |
| ૩૯ | ૧૩ | જીવે જોગમાં | જુઓ ગોપાળે |
| ૩૯ | ૧૬ | ઉદ્યમ | ઉદ્યમ માની |
| ૪૦ | ૮ | વેઉલ | દેઉલ |
| ૪૦ | ૧૮ | હરિહંત | અરિહંત |
| ૪૨ | ૧૯ | સહી | તારશે |
| ૪૪ | ૫ | હોય | દોય |
| ૪૮ | ૩ | ધાધરા | વિદ્યાધરા |
| ૪૮ | ૧૦ | સવિકાજી | સવિકારજી |
| ૪૮ | ૧૬ | તો તો | તે તો |

| પા. | લીંટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૯ | ૧ | સુખકંદ | ગિરિસુખકંદ |
| ૫૦ | ૧૪ | સરસ | સહસ |
| ૫૦ | ૧૭ | કુરે | કુહુ [અમાવાસ્યા] |
| ૫૦ | ૨૦ | સુખી | સુણી |
| ૫૦ | ૨૧ | સાત ભાવિ | વાણીભવિ |
| ૫૦ | ૨૨ | રત્નત્ર | રત્નત્રયી |
| ૫૧ | ૩ | સધાવા | સધાવીઆ |
| ૫૧ | ૪ | આચાર્યને | ચારદાને (૬૪) |
| ૫૧ | ૭ | હીરગુરુ | શિષ્ય |
| ૫૧ | ૭ | હીરવિજય | હીરવિજજી દીપતાં |
| ૫૧ | ૮ | કનકસૂરિરાજ | કનકસૂરીશ્વરરાજ |
| ૫૧ | ૮ | ગુરુસમ | સંયમે |
| ૫૧ | ૨૧ | વ્હારે | ત્હારે |
| ૫૨ | ૯ | રાયા | રાધ (વૈશાખ માસ) |
| ૫૨ | ૨૨ | અને | એમ |
| ૫૩ | ૧ | સ્થાને | પુરેરે |
| ૫૩ | ૧૨ | ધરણેં | ધરણેન્દ્રે |
| ૫૫ | ૫ | પરિ | પર |
| ૫૭ | ૭ | અહિંસા | મહિષ |
| ૫૮ | ૧૦ | ચા.ચા. વિ. ભ. ત. | ચા. ચા. વિ. ભ. એ દેશી |
| ૫૯ | ૩ | દશમી | દસમાથી |
| ૬૦ | ૧૨ | પાય | પાપ |
| ૬૧ | ૯ | આવે | સહુ |

# શ્રી પ્રાચીન
## સ્તવન સજ્ઝાય સંગ્રહ

## બીજનું ચૈત્યવંદન

દુવિધ ધર્મ જેણે ઉપદિશ્યો, ચોથા અભિનંદન; બીજે જન્મ્યા તે પ્રભુ, ભવ દુઃખ નિકંદન ॥ ૧ ॥ દુવિધ ધ્યાન તુમે પરિહરો, આદરો દોય ધ્યાન; એમ પ્રકાશ્યું સુમતિજિને, તે ચવિઆ બીજદિન ॥ ૨ ॥ દોય બંધન રાગદ્વેષ, તેહને ભાવે તજીએ; મુજ પરે શીતલજિન કહે, બીજદિન શિવ ભજીએ ॥ ૩ ॥ જીવાજીવ પદ્યર્થનું, કરી નાંણ સુજાંણ; બીજદિને વાસુપૂજ્ય પરે, લહો કેવલનાંણ ॥ ૪ ॥ નિશ્ચય નય વ્યવહાર દોય, એકાંત ન ગ્રહીએ; અરજિન બીજદિને ચવી, એમ જન આગળ કહીએ ॥ ૫ ॥ વર્તમાન

ચોવીશીએ, એમ જિન કલ્યાણ; બીજદિને કેઈ પામીઆ; પ્રભુ નાણ નિર્વાંણ ॥ ૬ ॥ એમ અનંત ચોવીશીએ, હુઆ બહુ કલ્યાણ; જિન ઉત્તમ પદપદ્મને, નમતાં હોય સુખ ખાંણ ॥ ૭ ॥

---

## ज्ञानपंचमीनुं चैत्यवंदन

ત્રિગડે બેઠા વીરજિન, ભાખે ભવિજન આગે; ત્રિકરણ શું ત્રિહુલોકજન, નિસુણે મન રાગે ॥ ૧ ॥ આરાધો ભલી ભાતસેં, પાંચમ અજુઆળી; જ્ઞાન આરાધન કારણે, એહ જ તિથિ નિહાળી ॥ ૨ ॥ જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર; જ્ઞાન આરાધનથી લહે, શિવપદ સુખ શ્રીકાર ॥ ૩ ॥ જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ–કુસુમ ઉપમાંન; લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પરધાન ॥ ૪ ॥ જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કરે કર્મનો છેહ; પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાની કરે તેહ ॥ ૫ ॥ દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન; જ્ઞાન તણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન ॥ ૬ ॥ પંચ માસ લઘુ પંચમી, જાવ જીવ ઉત્કૃષ્ટિ; પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દૃષ્ટિ ॥ ૭ ॥ એકાવનહી

પંચનો એ, કાઉસગ્ગ લોગસ્સ કેરો; ઉજમણું કરો ભાવશું, ટાળો ભવ ફેરો ॥ ૮ ॥ ઇમ પંચમી આરાહિએ, આણી ભાવ અપાર; વરદત્ત ગુણમંજરી પરે, રંગવિજય લહો સાર ॥ ૯ ॥

---

## પંચમીનું ચૈત્યવંદન

બાર પરષદા આગળે, શ્રી નેમિ જિનરાય; મધુર ધ્વનિ દિએ દેશના, ભવિજનને હિતદાય ॥ ૧ ॥ પંચમી તપ આરાધીએ, જિમ લહીએ જ્ઞાન અપાર; કાર્તિક સુદિ પંચમી ગ્રહો, હરખ ઘણો બહુ માન ॥ ૨ ॥ પાંચ વર્ષ ઉપર વળી, પંચમાસ લગે જાણ; અથવા જાવજ્જીવ લગે, આરાધો ગુણ ખાણ ॥ ૩ ॥ વરદત્ત ને ગુણમંજરી, પંચમી આરાધી; અંતે આરાધન કરી, શિવપુરીને સાધી ॥ ૪ ॥ ઇણિ પેરે જે આરાધશે એ, પંચમી વિધિ સંયુક્ત; જિન ઉત્તમ પદપદ્મને, નમી થાય શિવભક્ત ॥ ૫ ॥

---

## સૌભાગ્યપંચમીનું ચૈત્યવંદન

શ્રી સૌભાગ્ય પંચમી તણો, સયલ દિવસ શિણગાર; પાંચે જ્ઞાનને પૂજીએ, થાય સફળ અવ-

તાર ॥ ૧ ॥ સામાયિક પોસહ વિષે, નિરવદ્ય પૂજા વિચાર; સુગંધ ચૂર્ણાદિક થકી, જ્ઞાન ધ્યાન મનોહાર ॥ ૨ ॥ પૂર્વ દિશે ઉત્તર દિશે, પીઠ રચી ત્રણ સાર; પંચ વર્ણ જિન બિંબને, થાપીજે સુખકાર ॥ ૩ ॥ પંચ પંચ વસ્તુ મેળવી, પૂજા સામગ્રી જોગ; પંચવર્ણ કળશા ભરી, હરીએ દુઃખ ઉપભોગ ॥ ૪ ॥ યથાશક્તિ પૂજા કરો, મતિજ્ઞાનને કાજે; પંચ જ્ઞાનમાં ધુરે કહ્યું, શ્રીજિન શાસન રાજે ॥ ૫ ॥ મતિ શ્રુત વિણ હોવે નહી એ, અવધિ પ્રમુખ મહા જ્ઞાન; તે માટે મતિ ધુરે કહ્યું, મતિ શ્રુતમાં મતિમાંન ॥ ૬ ॥ ક્ષય ઉપશમ આવરણનો, લબ્ધિ હોય સમકાળે; સ્વામ્યાદિકથી અભેદ છે, પણ મુખ્ય ઉપયોગ કાળે ॥ ૭ ॥ લક્ષણ ભેદે ભેદ છે, કારણ કારજ યોગ; મતિ સાધન શ્રુત સાધ્ય છે, કંચન કળશ સંયોગ ॥ ૮ ॥ પરમાતમ પરમેશરૂ એ, સિદ્ધ સકળ ભગવાન; મતિજ્ઞાન પામી કરી, કેવળ–લક્ષમી નિધાન ॥ ૯ ॥

---

## अष्टमीनुं चैत्यवंदन

મહાસુદિ આઠમને દિને, વિજયાસુત જાયો; તેમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આયો

॥૧॥ ચૈતર વદની આઠમે, જનમ્યા ઋષભ જિણંદ; દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ ॥ ૨ ॥ માધવ સુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યાં દૂર; અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર ॥ ૩ ॥ એહી જ આઠમ ઊજળી, જનમ્યા સુમતિ જિણંદ; આઠ જાતિ કળશે કરિ, ન્હવરાવે સુર ઇંદ ॥ ૪ ॥ જનમ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રતસ્વામી; નેમિ અષાડ સુદિ આઠમે, અષ્ટમીગતિ પામી ॥ ૫ ॥ શ્રાવણ વદની આઠમે, નમિ જનમ્યા જગ ભાણ; તેમ શ્રાવણ સુદિ આઠમે, પાસજીનું નિર્વાણ ॥ ૬ ॥ ભાદ્રવા વદિ આઠમદિને, ચવીઆ સ્વામી સુપાસ; જિન ઉત્તમ પદપદ્મને સેવ્યાથી શિવવાસ ॥ ૭ ॥

---

## एकादशीनुं चैत्यवंदन

શાસનનાયક વીરજી, પ્રભુ કેવળ પાયો; સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહસેન વન આયો ॥ ૧ ॥ માધવ સિત એકાદશી, સોમલદ્વિજ યજ્ઞ; ઇંદ્રભૂતિ આદિ મળ્યા, એકાદશ વિજ્ઞ ॥ ૨ ॥ એકાદશસેં ચઉ ગુણે, તેહનો પરિવાર; વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર ॥ ૩ ॥

જીવાદિક સંશય હરીએ, એકાદશ ગણધાર; વીરે થાપ્યા વંદીએ, જિનશાસન જયકાર ॥ ૪ ॥ મલ્લી જન્મ અરમલ્લી પાસ, વર ચરણ વિલાસી; ઋષભ અજિત સુમતિ નમિ, મલ્લી ઘન ઘાતી ॥૫॥ પદ્મ પ્રભુ શિવવાસ પાસ, ભય ભવનાં તોડી; એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘળી જોડી ॥ ૬ ॥ દશ ક્ષેત્રે ત્રિહું કાળના, ત્રણસેં કલ્યાણ; વર્ષ અગ્યાર એકાદશી આરાધો વર નાણ ॥ ૭ ॥ અગ્યાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં; પુંજણી ઠવણી વીંટણા, મશી કાગળ ને કાઠાં ॥ ૮ ॥ અગીઆર અવ્રત છંડવા એ, વહો પડિમા અગ્યાર; ક્ષમાવિજય જિનશાસને, સફળ કરો અવતાર ॥ ૯ ॥

---

## रोहिणी तपनुं चैत्यवंदन

વાસવપૂજિત વાસુપૂજ્ય, વર અતિશયધારી; કેવળ–કમળા નાથ સાથ, અવિરતિ જેણે વારી ॥ ૧ ॥ પરમાતમ પરમેશ્વરુ એ, ભવિજન નયનાનંદ; શાંત દાંત ઉત્તમગુણી, વરજ્ઞાન દિણંદ ॥ ૨ ॥ બેઠી બારે પર્ષદા, નિસુણે જિન ગિર્વાણ; એકચિત્ત લય લાઈએ, દેઈ નિજ કાન

॥ ૩ ॥ તવ જગપતિ તિહાં ઉપદિશે, રોહિણી તપ સુવિચાર; આરાધો ભવી ભાવસું, આતમને સુખકાર ॥ ૪ ॥ સાત વર્ષ સાત માસની, અવધિ કહી સુપ્રમાણ; આરાધે સુખ સંપદા, પાંમે પદ નિરવાંણ ॥ ૫ ॥ વાચક શુભનય શિષ્યનો એ, ભક્તિવિજય ગુણ ગાય; વાસુપૂજ્ય જિન ધ્યાનથી, અનુભવ સુખ થાય ॥ ૬ ॥

---

## રોહિણી તપનું ચૈત્યવંદન—બીજું

રોહિણી તપ આરાધીએ, શ્રી શ્રી વાસુપૂજ્ય; દુખ દોહગ દૂરે ટળે, પૂજક હોય પૂજ્ય ॥ ૧ ॥ પહેલાં કીજે વાસક્ષેપ, પ્રહ ઊઠીને પ્રેમે; મધ્યાને કરી ધોતીઆ, મન વચન કાય ખેમે ॥ ૨ ॥ અષ્ટ પ્રકારની વિરચીએ, પૂજા નૃત્ય વાજિંત્ર; ભાવે ભાવના ભાવીએ, કીજે જન્મ પવિત્ર ॥ ૩ ॥ ત્રિહું કાળે લઈ ધૂપદીપ, પ્રભુ આગળ કીજે; જિનવર કેરી ભક્તિશું, અવિચળ સુખ લીજે ॥ ૪ ॥ જિનવર પૂજા જિન સ્તવન, જિનનો કીજે જાપ; જિનવર પદને ધ્યાઈએ, જિમ નાવે સંતાપ ॥ ૫ ॥ કોડ કોડ ફળ લીજીએ, ઉત્તર ઉત્તર ભેદ; માંન કહે ઇણ વિધ કરો, જિમ હોય ભવનો છેદ ॥ ૬ ॥

---

## नवपदनुं चैत्यवंदन

પહેલે દિન અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન;
બીજે પદ વળી સિદ્ધનું, કીજે ગુણ ગાંન ॥ ૧ ॥
આચારજ ત્રીજે પદે, જપતાં જયજયકાર; ચોથે
પદે ઉવઝાયના, ગુણ ગાએા ઉદાર ॥ ૨ ॥
સકલ સાધુ વંદો સહી, અઢીદ્વીપમાં જેહ; પંચમ
પદ આદર કરી, જપજો ધરી સસનેહ ॥ ૩ ॥
છઠ્ઠે પદે દર્શન નમો, દરિસણ અજુઆલો; નમો
નાંણ પદ સાતમે, જિમ પાપ પખાલો ॥ ૪ ॥
આઠમે પદ આદર કરી, ચારિત્ર સુચંગ; પદ નવમે
બહુ તપતણેા, ફળ લીજે અભંગ ॥ ૫ ॥
એણી પરે નવપદ ભાવશું એ, જપતાં નવ નવ
કોડ; પંડિત શાંતિવિજય તણેા, શિષ્ય કહે કર
જોડ ॥ ૬ ॥

---

## पर्युषणनुं चैत्यवंदन

નવ ચેામાશી તપ કર્યા, ત્રણમાશી દોય;
દોય દોય અઢીમાશી તેમ, દોઢમાશી હોય ॥ ૧ ॥
બહોંતેર પાશખમણ કર્યા, માશખમણ કર્યા બાર;
ષટ્ દ્વિમાશી તપ આદર્યા, બાર અઠમ તપ સાર

॥ ૨ ॥ ષડમાશી એક તપ કર્યો, પંચ દિન ઉણ ષટ્માસ; બશેા ઓગણત્રીશ છઠ ભલા, દિક્ષા દિન એક ખાસ ॥ ૩ ॥ ભદ્ર પ્રતિમા દોય ભલી, મહાભદ્ર દિન ચાર; દશ સર્વતોભદ્રના, લાગઠ નિરધાર ॥ ૪ ॥ વિણ પાણી તપ આદર્યો, પારણાદિક જાસ; દ્રવ્યાહારે પારણ કર્યા, ત્રણશેા ઓગણપચાશ ॥ ૫ ॥ છદ્મસ્થ એણી પરે રહ્યા એ, સહ્યાં પરિષહ ઘેાર; શુક્લ ધ્યાન અનલે કરી, બાળ્યા કર્મ કઠેાર ॥ ૬ ॥ શુક્લ ધ્યાન અંતે રહ્યા એ, પામ્યા કેવળજ્ઞાન; પદ્મવિજય કહે પ્રણમતાં, લહીએ નિત્ય કલ્યાણ ॥ ૭ ॥

---

## શ્રી વીશ વિહરમાનજિન ચૈત્યવંદન

શ્રીમંધર યુગમંધર પ્રભુ, બાહુ સુબાહુ ચાર; જંબૂદ્વીપના વિદેહમાં, વિચરે જગદાધાર ॥ ૧ ॥ સુજાત સાહેબ ને સ્વયંપ્રભુ, ઋષભાનન ગુણમાલ; અનંતવીર્ય ને સુરપ્રભ, દશમા દેવ વિશાલ ॥ ૨ ॥ વજ્રધર ચંદ્રાનન નમું, ધાતકી ખંડ મેાઝાર; અષ્ટ કર્મ નિવારવા, વંદુ વાર હજાર ॥ ૩ ॥ ચંદ્રબાહુ ને ભુજંગમ પ્રભુ, નમી ઈશ્વરસેન; મહાભદ્ર ને દેવજશા, અજિતવીર્ય નામેણ

॥ ૪ ॥ આઠે પુષ્કર અર્ધમાં, અષ્ટમી ગતિ દાતાર; વિજય અડ નવ ચઉવીશમી, પણવીશમી કિરતાર ॥ ૫ ॥ જગનાયક જગદીશ્વરુ એ, જગબંધવ હિતકાર; વિહરમાંનને વંદતા, જીવ લહે ભવપાર ॥ ૬ ॥

---

## एकशो शितेर जिन चैत्यवंदन

સોળ જિનવર શ્યામળા, રાતા ત્રીશ વખાંણ; લીલા મરકત મણિ સમા, અડત્રીશ ગુણ ખાંણ ॥ ૧ ॥ પીળા કંચન વર્ણ સમા, છત્રીશ જિનચંદ; શંખવર્ણ સોહામણું, પચાસે સુખકંદ ॥ ૨ ॥ સિત્તેર સો જિન વંદીએ એ, ઉત્કૃષ્ટા સમકાળ; અજિતનાથ વારે હુઆ, વદુ થઈ ઊજમાળ ॥ ૩ ॥ નાંમ જપંતા જિન તણું, દુર્ગતિ દૂરે જાય; ધ્યાન ધ્યાતાં પરમાત્મનું, પરમ મહોદય થાય ॥ ૪ ॥ જિનવર નાંમે જશ ભલો, સફળ મનોરથ સાર; શુદ્ધ પ્રતીતિ જિન તણી, શિવસુખ અનુભવ પાર ॥ ૫ ॥

---

## सीमंधरस्वामीनुं चैत्यवदन

સીમંધરજિન વિચરતા, સોહે વિજય મોઝાર, સમવસરણ રચે દેવતા, બેસે પર્ષદા બાર ॥ ૧ ॥

નવ તત્ત્વની દીએ દેશના, સાંભળી લે સુરનર કોડ;
ષટ દ્રવ્યાદિક વર્ણવે, લે સમકિત કર જોડ ॥ ૨ ॥
ઇહાં થકી જિન વેગળા, સહસ તેત્રીશ શત એક;
સત્તાવન જોજન વળી, સત્તર કળા સુવિશેષ ॥ ૩ ॥
દ્રવ્ય થકી જિન વેગળા, ભાવથી હૃદય મોઝાર;
ત્રિહું કાળે વંદન કરું, શ્વાસ માંહે સો વાર ॥ ૪ ॥
શ્રી સીમંધર જિનવરૂ એ, પૂરે વાંછિત કોડ; કાંતિ-
વિજય ગુરુ પ્રણમતાં, ભક્તિ બે કરજોડ ॥ ૫ ॥

---

## શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન—બીજું

વિમલ કેવળજ્ઞાન-કમલા—એ દેશી.

જયતુ જિન જગદેકભાનું, કામ-કલમશ તમહરં; દુરિત-ઓઘ વિભાવવર્જિતં, નૌમિ શ્રી જિન મંધરં ॥ ૧ ॥ પ્રભુ પાદપદ્મે ચિત્ત લ-યનો, વિષય દોલિત નિર્ભરં; સંસાર રાગ અસાર ઘાતિકં, નૌમિ શ્રી જિન મંધરં ॥ ૨ ॥ અતિ રોષ વહ્નિ માન મહીધર, તૃષ્ણા જલધિ હિતકરં; વંચ-નોર્જિત જંતુ બોધકં, નૌમિ શ્રી જિન મંધરં ॥ ૩ ॥ અજ્ઞાન તર્જિત રહિત ચરણં, પર ગુણે મેં મત્સરં; અરતિ અર્દિત ચરણ સરણં, નૌમિ શ્રીજિન મં-ધરં ॥ ૪ ॥ ગંભીરવદન ભવતુ દિનદિન, દેહિ મે

પ્રભુ દર્શનં; ભાવવિજય શ્રી દદતુ મંગલં, નૌમિ શ્રી જિન મંધરં ॥ ૫ ॥

---

## अथ अनागत चोवीशी चैत्यवंदन

પદ્મનાભ પહેલા જિણુંદ, શ્રેણિકનો જીવ; સુરદેવ બીજા નમું, સુપાર્શ્વ શ્રાવકનો જીવ ॥ ૧ ॥ શ્રી સુપાર્શ્વ ત્રીજા વલી, જીવ કોણિક ઉદાઈ; સ્વયંપ્રભ ચોથા જિણુંદ, પોટ્ટિલ મન ભાઈ ॥ ૨ ॥ શ્રી સર્વાનુભૂતિ પાંચમા, દૃઢાયુ શ્રાવક જાણ; દેવ-શ્રુત છઠ્ઠા જિણુંદ, કાર્તિક શેઠ વખાણ ॥ ૩ ॥ શ્રી ઉદયજિન સાતમા એ, શંખ શ્રાવકનો જીવ; શ્રી પેઢાલ જિન આઠમા, આનંદમુનિનો જીવ ॥ ૪ ॥ પોટ્ટિલ નવમા વંદિએ એ, જીવને તે સુનંદ; શત-કીર્ત્તિ દશમા જિણુંદ, શતક શ્રાવકાણંદ ॥ ૫ ॥ શ્રીસુવ્રત અગીયારમા, દેવકી રાણી જાંણ; અમમ જિનવર બારમા, શ્રી કૃષ્ણ વખાંણ ॥ ૬ ॥ નિષ્ક-ષાય જિન તેરમા, સત્યકી વિદ્યાધર; નિષ્પુલાક જિન ચૌદમા, બલભદ્ર સુહંકર ॥ ૭ ॥ શ્રી નિર્મમ જિન પંદરમા, શ્રી સુલસા સાખી; ચિત્રગુપ્ત જિન સોલમા, રોહિણી દેવી ભાખી ॥ ૮ ॥ સમાધિ જિન સતરમા, રેવતી શ્રાવિકા જાણ; સંવર જિન અઢા-

રમા, જીવ શતાનિ વખાણુ ॥ ૯ ॥ યશોધર જિન ઓગણીશમા, કૃષ્ણ દ્વિપાયન થાય; વિજયાનંદ જિન વીશમા, કર્ણ જીવ સોહાય. ॥ ૧૦ ॥ એકવીશમા મલ્લજિણંદ, નારદ જીવ કહીએ; અંબડ શ્રાવક દેવને, બાવીશમા લહીએ ॥ ૧૧ ॥ શ્રી અનંતવીર્ય ત્રેવીશમા, જીવ અમરનો જેહ; ભદ્રંકર ચોવીશમા, સ્વાતિ બુધગુણ ગેહ ॥ ૧૨ ॥ એમ ચોવીશેજી જિનવરા, હોસે આવતે કાલે; ભાવ સહિત જિન વંદતાં, પ્રણમું જિન ત્રણ કાલે ॥૧૩॥ લંછન આયુ વર્ણ પ્રમાણ, કલ્યાણાંતર જિન સરખા; સંપ્રતિ ચોવિશે જિનવરા, ચઢતે ભાવે નિરખ્યા ॥ ૧૪ ॥ પંચ કલ્યાણક એહનાં એ, હોસે કાલે જગીશ; ધીરવિમલ પંડિતતણો, નય પ્રણમે નિતદીશ ॥ ૧૫ ॥

---

## શ્રી મલ્લિનાથ જિન ચૈત્યવંદન

પુરુષોતમ પરમાતમા, પરમ જ્યોતિ પરધાન; પરમાનંદ સ્વરૂપ રૂપ, જગમાં નહી ઉપમાન. ॥ ૧ ॥ મરકત રત્ન સમાન વાન, તનુકાંતિ બિરાજે; મુખસોહા શ્રીકાર દેખી, વિધુમંડળ લાજે ॥ ૨ ॥ ઇંદીવરદલ નયન સયલ, જન

આણંદકારી; કુંભરાય કુલ ભાણભાલ, દીધિતિ મનોહારી ॥ ૩ ॥ સુરવધુ નરવધુ મલિ મલિ, જિંન ગુણગણ ગાતી, ભક્તિ કરે ગુણવંતની, મિથ્યા અધઘાતી ॥ ૪ ॥ મલ્લિ જિણંદ પદ-પદ્મની એ, નિત્ય સેવા કરે જેહ; રૂપવિજય પદ સંપદા નિશ્ચય પામે તેહ ॥ ૫ ॥

---

## શ્રી અરનાથ જિન ચૈત્યવંદન

નગર ગજપુર પુરંદરપુર, શોભયા અતિ-જિત્વરં; ગજવાજિ રથવર કોટિ કલિતં, ઇંદિરા ભૂતમંદિરં; નરનાથ બત્રીશ સહસ સેવિત, ચરણ પંકજ સુખકરં; સુર અસુર વ્યંતરનાથ પૂજિત, નમો શ્રી અરજિનવરં ॥ ૧ ॥ અપ્સરા સમરૂપ અદ્ભુત, કલાયૌવન ગુણ ભરી; એકલાખ બાણુ સહસ, ઉપર સોહિએ અંતે ઊરી; ચોરાસી લખ ગજવાજી સ્યંદન, કોટિ છન્નુ ભટવરં; સુર અસુર વ્યંતર૦ ॥ ૨ ॥ સગ પણિંદી સગ એગેંદી, ચઉદ રત્ન શું શોભિતં; નવનિધાનાધિપતિનાકી, ભક્તિ ભાવભૂતૈર્નૃતં, કોટી છન્નુ ગ્રામનાયક, સકલ શત્રુ વિજિત્વરં; સુર અસુર૦ ॥ ૩ ॥ સહસ અષ્ટો-ત્તર સુલંછન, લક્ષિતં કનકચ્છવિં; ચિહ્ન નંદા-

વર્ત શોભિત સ્વપ્રભા નિર્જિતરવિં, ચક્રી સપ્તમ ભુક્તભોગી અષ્ટાદશમો જિનવરં; સુર અસુર વ્યંતર૦ ॥૪॥ લોકાંતિકામરબોધિતો જિન, ત્યક્તરાજ્યરમાભરં; મૃગશીર એકાદશી શુક્લ પક્ષે ગ્રહિત સંયમ સુખકરં, અરનાથ પ્રભુ પદ પદ્મ સેવન, શુદ્ધરૂપ સુખકરં, સુર અસુર વ્યંતર૦ ॥૫॥ ઇતિ

---

## અથ નવપદનું ચૈત્યવંદન

સકલ મંગલ પરમ કમળા, કેલિ મંજુલ મંદિરં; ભવકોટિ સંચિત પાપનાશન, નમો નવપદ જયકરં ॥૧॥ અરિહંત સિદ્ધ સૂરીશ વાચક, સાધુ દર્શન સુખકરં; વરજ્ઞાન પદ ચારિત્ર તપ એ, નમો નવપદ જયકરં ॥૨॥ શ્રીપાળ રાજા શરીર સાજા, સેવતાં નવપદવરં, જગમાંહિ ગાજા કીર્તિ ભાજા, નમો નવપદ જયકરં ॥૩॥ શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાસે સવે, વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં ॥૪॥ આંબિલ નવદિન દેવવંદન, ત્રણ ટંક નિરંતરં, બેવાર પડિકમણાં પડિલેહણ, નમો નવપદ જયકરં ॥૫॥ ત્રણ કાલ ભાવે પૂજીએ,

ભવતારકં તીર્થંકરં; તિમ ગુણણું દોય હજાર ગણીએ, નમો નવપદ જયકરં ॥ ૬ ॥ વિધિ સહિત મન વચ કાયા, વશ કરી આરાધીએ; તપ વર્ષ સાડાચાર નવપદ, શુદ્ધ સાધન સાધીએ ॥ ૭ ॥ ગદ કષ્ટ ચૂરે શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વરં; શ્રી સિદ્ધચક્ર પ્રતાપ જાણી, વિજય વિલસે સુખ-ભરં ॥ ૮ ॥

---

## શ્રી પુંડરીકસ્વામીનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય મહાત્મ્યની, રચના કીધી સાર; પુંડરગિરિના સ્થાપનાર, પ્રથમ જિન ગણધાર ॥ ૧ ॥ એક દિન વાણી જિનતણી, સુણી થયો આણંદ; આવ્યા શત્રુંજયગિરિ, પંચકોડ સહરંગ ॥ ૨ ॥ ચૈત્રી પૂનમને દિને એ, શિવશું કીધો યોગ; નમીએ ગિરિને ગણધરુ, અધિક નહી ત્રિલોક ॥ ૩ ॥

---

## શ્રી અતીત ચોવીશી ચૈત્યવંદન

અતીત ચોવીશી પ્રથમ દેવ, જિન કેવલ-જ્ઞાની; નિર્વાણી સાગર મહાજસ, વિમલ

અભિધાની ॥ ૧ ॥ સર્વાનુભૂતિ શ્રીધર સુદત્ત, દામોદર સુતેજા; સ્વામી સુવ્રત સુમતિ તે, શિવગતિ સુહેજા ॥ ૨ ॥ અસ્તાધ નેમીશ્વર અનિલ, યશોધર કૃતાર્થ જિનેશ; શુદ્ધમતિ ને શિવંકરો, સ્યંદન સંપ્રતિ કહેશ ॥ ૩ ॥

---

## श्री महावीरना पचकल्याणकनुं चैत्यवंदन

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાદેવી માય; ક્ષત્રિયકુંડમાં અવતર્યા, પ્રભુજી પરમદયાળ ॥ ૧ ॥ ઉજવલી છઠ આષાઢની, ઉત્તરાફાલ્ગુની સાર; પુષ્પોત્તર વિમાનથી, ચવીયા શ્રીજિનભાણ ॥ ૨ ॥ લક્ષણ અડહિય સહસ્સ એ, કંચનવર્ણી કાય; મૃગપતિ લંછન પાઉલે, વીરજિનેશ્વર રાય ॥ ૩ ॥ ચૈત્ર સુદિ તેરસ દિને, જન્મ્યા શ્રી જિનરાય; સુરનર મળી સેવા કરે, પ્રભુનું જન્મ-કલ્યાણ ॥ ૪ ॥ માગશર વદિ દશમી દિને, લીએ પ્રભુ સંજમ ભાર; ચઉનાણી જિનજી થયા, કરવા જગ ઉપકાર ॥ ૫ ॥ સાડા બાર વરસ લગે, સહ્યા પરિષહ ઘોર; ઘનઘાતી ચઉ કર્મનો, વ્રજ કર્યો ચકચૂર ॥ ૬ ॥ વૈશાખ સુદિ દશમી દિને, ધ્યાય શુક્લ મન ધ્યાન; શમી વૃક્ષતળે પ્રભુ, પામ્યા પંચમ

નાણ ॥ ૭ ॥ સંઘ ચતુર્વિધ સ્થાપવા, દેશના દીએ મહાવીર; ગૌતમ આદિ ગણધર, કર્યા વજીર હજૂર ॥ ૮ ॥ કાર્તિક અમાવાસ્યા દિને, શ્રીવીર લહ્યા નિર્વાણ; પ્રભાતે ઇંદ્રભૂતિને, આપ્યું કેવલ-નાણ ॥ ૯ ॥ જ્ઞાન ગુણે દીવા કર્યા એ, કાર્તિક કમલાસાર; પુણ્યે મુક્તિ–વધૂ વર્યા, વરતી મંગળ માળ ॥ ૧૦ ॥

---

## अथ चोवीश तीर्थंकरना लांछननुं चैत्यवंदन

આદિદેવ લંછન વૃષભ, અજિતજિન હસ્તી સોહે; સંભવનાથને હય ભલો, અભિનંદન હરિ સોહે ॥ ૧ ॥ સુમતિનાથને ક્રૌંચ પક્ષી, પદ્મપ્રભ રક્ત કમળ; સુપાર્શ્વજિનને સાથીઓ, ચંદ્રપ્રભુ શશી નિર્મળ ॥ ૨ ॥ સુવિધિજિનેશ્વર મત્સ્યનું એ, શીતલજિન શ્રીવત્સ; ખડ્ગી જિનવર શ્રેયાંસને, પ્રણમો મન ધરી રંગ ॥ ૩ ॥ વાસુપૂજ્ય મહિષનું, વિમલજિન સુઅર જોય; સીંચાણોપક્ષી અનંતને, શ્રી ધર્મને વજ્ર એ હોય ॥ ૪ ॥ શાંતિજિન મૃગલો ભલો, શ્રી કુંથુ વળી છાગ; નંદાવર્ત શ્રી-અરપ્રભુ, શ્રીમલ્લિ કુંભ ચંગ ॥ ૫ ॥ મુનિસુવ્રતને કાચબો એ, નીલકમળ નમિરાય; દક્ષિણાવર્ત

શંખ જયો, શ્રીનેમિજિનને પાય ॥ ૬ ॥ પુરુષા-દાણી પાર્શ્વપ્રભુ, લંછન નાગનું સાર; વીર જિને-શ્વરને ભલું, સિંહ કહ્યો ઉદાર ॥ ૭ ॥ ગર્ભકા-ળથી એ સહી, સર્વ જિનને તુંગ; જિમણે પગે જં-ઘાતણો, એ આકાર ઉત્તુંગ ॥ ૮ ॥ લંછન એ સવિ શાશ્વતાં, આગમમાંહિ જોજો; ક્ષમાવિજય જસ નામથી, શુભ ને જસ સુખ હોજો ॥ ૯ ॥

---

## શ્રી બાવન જિનાલયનું ચૈત્યવંદન

સુદિ આઠમ ચંદ્રાનન, સર્વજ્ઞાય ગણીજે; ઋષભાનન સુદિ ચૌદસે, શાશ્વત નામ ભણીજે ॥ ૧ ॥ અંધારી આઠમ દિને, વર્ધમાન જિન નમીએ; વારિષેણ વદ ચૌદશે, નમતાં પાપ નિગમીએ ॥ ૨ ॥ બાવન જિનાલય તપ એ, ગુણ ગણણો સુખકાર; શ્રી શુભવીરને શાસને, કરીએ એક અવતાર ॥ ૩ ॥

---

## અથ દોઢસો કલ્યાણકનું ચૈત્યવંદન

શાસનનાયક જગજયો, વર્ધમાન જગઈશ; આતમહિતને કારણે, પ્રણમું પરમ મુનીશ ॥ ૧ ॥ ખટપરવી જેણે વર્ણવી, તેહમાં અધિકી જેહ; એકા-દશી સમ કો નહીં, આરાધો ગુણગેહ ॥ ૨ ॥ માગ-

શર સુદિ એકાદશી, આરાધો શિવવાસ; કલ્યાણક નેવુ જિનતણા, એકસો ને પચાસ ॥ ૩ ॥ મહાયશ સર્વાનુભૂતિ શ્રીધર, નમિ મલ્લિ અરનાથ; સ્વયંપ્રભ દેવશ્રુત ઉદય, મલિયા શિવપુર સાથ ॥ ૪ ॥ અકલંક શુભંકર સમ્પ્રનાથ, બ્રહ્મેન્દ્ર ગુણ ગાંગીક; સાંપ્રત મુનિ વિશિષ્ટ જિન, પામ્યા પુન્યની નીક ॥ ૫ ॥ સુમૃદુ વ્યક્ત કલાસત, અરણ્યયોગ અયોગ; પરમ સુધા રતિ નિકેસ તેમ, પામ્યા શિવ સંયોગ ॥ ૬ ॥ સર્વાર્થ હરિભદ્ર મગધાધિપ, પ્રયચ્છ અક્ષોભ મલય સિંહ; દિનરૂક ધનદ પૌષધ તથા, જપતાં સફલિજ્જહ ॥ ૭ ॥ પ્રલંબ ચારિત્રનિધિ પ્રશમરાજિત, સ્વામી વિપરીત પ્રસાદ; અઘટિત ભ્રમણેંદ્ર ઋષભચંદ્ર, સમર્યા શિવઆસ્વાદ ॥ ૮ ॥ દયાંત અભિનંદન રત્નેશનાથ, શ્યામકોષ્ટ મરુદેવ અતિપાર્શ્વ; નંદિષેણ વ્રતધર નિર્વાણ તથા, થાયે શિવ-સુખ આશ ॥ ૯ ॥ સૌંદર્ય ત્રિવિક્રમ નરસિંહ, ક્ષેમંત સંતોષિત કામનાથ; મુનિનાથ ચંદ્રદાહ દિલાદિત્ય, મલિયો શિવપુર સાથ ॥૧૦॥ અષ્ટાહ્નિક વણિક ઉદયનાથ, તમોકંદ સાયકાક્ષ ખેમંત; નિર્વાણ રવિરાજ પ્રથમ, નમતાં દુઃખનો અંત ॥ ૧૧ ॥ પુરૂરવાસ અવબોધ વિક્રમેંદ્ર, સુશાંતિ હરદેવ નંદિકેશ; મહામૃગેંદ્ર અશોચિત ધર્મેંદ્ર, સંભારો નામ નિવેશ ॥ ૧૨ ॥

અશ્વવૃંદ કુટલિક વર્ધમાન, નંદિકેશ ધર્મચંદ્ર વિવેક; કલાપક વિસોમ અરણનાથ, સમર્યાં ગુણ અનેક ॥ ૧૩ ॥ ત્રણ પદે ત્રણ ચોવીસીયો, પદે પદે કોઠો જાણ; ચોથા પદમાં ભાવના, આરાધો ગુણ ખાણ ॥ ૧૪ ॥ દોઢસો કલ્યાણક તણો, ગુણણો એ મનોહાર; ચિત્ત આણીને આદરો, જિમ પામો ભવપાર ॥ ૧૫ ॥ જિનવર ગુણમાલા, પુન્યની એ પ્રનાલા; જે શિવ-સુખ રસાલા, પામીએ સુવિશાલા ॥ ૧૬ ॥ જિન ઉત્તમ થુણીજે, પાદ તેહના નમીજે; નિજરૂપ સમરીજે, શિવ-લક્ષ્મી વરીજે ॥ ૧૭ ॥

---

## શ્રી સિદ્ધ ભગવાનનું ચૈત્યવંદન

જગતભૂષણ વિગતદૂષણ, પ્રણવ પ્રાણ નિરૂપકં; ધ્યાન રૂપ અનુપમોપમ નમો સિદ્ધ નિરંજનં ॥ ૧ ॥ ગગનમંડલ મુક્તિ-પદ્મં, સર્વ ઊર્ધ્વ નિવાસનં; જ્ઞાન-જ્યોતિ અનંત રાજે. નમો૦ ॥ ૨ ॥ અજ્ઞાન-નિદ્રા વિગત વેદન, દલિત મોહ નિરાઉખં, નામ ગોત્ર નિરંતરાયં. નમો૦ ॥ ૩ ॥ વિકટ ક્રોધા માન યોધા, માયા લોભ વિસર્જનં; રાગ–દ્વેષ વિમર્દિતાંકુરં. નમો૦ ॥ ૪ ॥ વિમલ કેવલજ્ઞાન-લોચન, ધ્યાન શુક્લ સમીરિતં; યોગિનામિતિ ગમ્યરૂપં.

નમો૦ ॥ ૫ ॥ યોગ-મુદ્રા સમ સમુદ્રા, કરી પલ્યં-કાસનં; યોગિનામિતિ ગમ્યરૂપં. નમો૦ ॥ ૬ ॥ જ-ગત જન કે દાસ–દાસી, તાસ આશ નિરાસનં; યો-ગિનામિતિ ગમ્યરૂપં. નમો૦ ॥ ૭ ॥ સમય સમકિત દૃષ્ટિ જિનકી, સોય યોગી અયોગિકં; દેખી તામેં લીન હોવે. નમો૦ ॥ ૮ ॥ સિદ્ધ તીર્થ અતીર્થ સિદ્ધા, ભેદ પંચ દશાધિકં; સર્વ કર્મ વિમુક્ત ચેતન. નમો૦ ॥ ૯ ॥ ચંદ્રસૂર્યદીપમણિકી, જ્યોતિ તે ન ઓ-લંઘિત્તં, તે જ્યોતિથી કોઈ અપર જ્યોતિ. નમો૦ ॥ ૧૦ ॥ એક માંહે અનેક રાજે, અનેક માંહિ એકકં; એક અનેકકી નહીં સંખ્યા. નમો૦ ॥ ૧૧ ॥ અજર અમર અલખ અનંત, નિરાકાર નિરંજનં; પરબ્રહ્મ-જ્ઞાન અનંતદર્શન. નમો૦ ॥ ૧૨ ॥ અચલ સુખકી લહેરમાં, પ્રભુલીન રહે નિરંતરં; ધર્મધ્યાનથી સિદ્ધિ દર્શન. નમો૦ ॥ ૧૩ ॥

---

## શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ચૈત્યવંદન

નમદ્દેવનાગેંદ્રમંદારમાલા–ભરંદચ્છટાધૌત-પાદારવિંદં; પરાનંદસંદર્ભલક્ષ્મીસનાથં, સ્તુવે

દેવચિંતામણિપાર્શ્વનાથં ॥ ૧ ॥ તમોરાશિ-વિત્રાસને વાસરેશં, હતક્લેશલેશં શ્રિયાં સંનિવેશં; ક્રમાલીનપદ્માવતીપ્રાણનાથં. સ્તુવે૦ ॥ ૨ ॥ નવ-શ્રીનિવાસં નવાંભોદતુલ્યં, નતાનાં શિવશ્રેણી-હાને સલીલં; ત્રિલોકીશપૂજ્યં ત્રિલોકસ્ય નાથં. સ્તુવે૦ ॥ ૩ ॥ હતવ્યાધિવૈતાલભૂતાદિદોષં, કૃતા-શેષભવ્યાવલિપુણ્યપોષં; મુખશ્રીપરાભૂતદોષાધિ-નાથં. સ્તુવે૦ ॥ ૪ ॥ નૃપસ્યાશ્વસેનસ્ય વંશેઽવ-તંસં, જનાનાં મનોમાનસે રાજહંસં; પ્રભાવપ્રભા-વાહિની સિંધુનાથં. સ્તુવે૦ ॥ ૫ ॥ કલૌ ભાવિનાં કલ્પવૃક્ષોપમાનં, જગત્પાલને સંતતં સાવધાનં; ચિરં મેદપાટસ્થિતં વિશ્વનાથં. સ્તુવે૦ ॥ ૬ ॥ ઇતિ નાગેંદ્રનરામરવંદિતપાદાંબુજઃપ્રવરતેજાઃ; દેવકુલ-પાટકસ્થઃ સ જયતિ ચિંતામણિઃપાર્શ્વઃ ॥ ૭ ॥

---

## શ્રી પાર્શ્વનાથનું સંસ્કૃત ચૈત્યવંદન

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વચિંતામણીયતે; હ્રીં ધરણેંદ્રવૈરોટ્યા–પદ્માદેવીયુતાય તે ॥૧॥ શાંતિ-તુષ્ટિમહાપુષ્ટિ–ધૃતિકીર્ત્તિવિધાયિને, ૐ હ્રીં દ્વિડ્-વ્યાલવેતાલ–સર્વાધિવ્યાધિનાશિને ॥ ૨ ॥ જયા

જિતાખ્યા વિજયાખ્યા પરાજિતયાઽન્વિતઃ, દ્દિશાં-પાલૈર્ગ્રહૈર્યક્ષૈ–ર્વિદ્યાદેવીભિરન્વિતઃ ॥ ૩ ॥ ૐ અસિઆઉસાય નમસ્તત્ર ત્રૈલોકચનાથતાં, ચતુઃષ-ષ્ટિસુરેંદ્રાસ્તે, ભાસન્તે છત્રચામરૈઃ ॥ ૪ ॥ શ્રીશં-ખેશ્વરમંડન-પાર્શ્વજિન! પ્રણુતકલ્પતરુકલ્પ !; પૂરય દુષ્ટવ્રાતં, પૂરય મે વાંછિતં નાથ ! ॥ ૫ ॥

---

## શ્રી આદીશ્વરજિનનં ચૈત્યવંદન

કલ્પવૃક્ષની છાંહડી, નાનડીએા રમતો, સોવન હીંડોળે હીંચતો, માતાને મન ગમતો ॥ ૧ ॥ સો દેવીબાલક થયા, ઋષભજી ક્રીડે, વ્હાલા લાગેા છેા પ્રભુજી, હૈડાશું ભીડે ॥ ૨ ॥ જિનપતિ યૌવન પામીઆ, ભાવે શું ભગવાન, ઇંદ્રે ધાલ્યેા માંડવેા, વિવાહનેા સામાન ॥ ૩ ॥ ચેારી બાંધી ચિહું દ્દિશેં, સુરગેારી ગાવે, સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે ॥ ૪ ॥ ભરતેં બિંબ ભરાવીઆં એ, સ્થાપ્યાં શત્રુંજય ગિરિરાય, શ્રી વિજયપ્રભસૂરિ મહિમા ઘણેા, ઉદયરત્ન ગુણ ગાય ॥ ૫ ॥

---

## चोवीश तीर्थंकरनां दीक्षातप अने दीक्षानगरी वगेरेनुं चैत्यवंदन

સુમતિનાથ એકાસણું, કરી સંયમ લીધ; મલ્લિ પાસ જિનરાજ દોય, અઠ્ઠમશું પ્રસિદ્ધ ॥ ૧ ॥ છઠ્ઠભક્ત કરી અવર સર્વ, લીએ સંયમભાર; વાસુપૂજ્ય કરી ચોથ ભક્ત, થયા શ્રી અણગાર ॥ ૨ ॥ વર્ષાંતે પારણું કરે એ, ઇક્ષુરસેં રિસહેશ; પરમાન્ને બીજે દિને, પારણું અવર જિનેશ ॥ ૩ ॥ વિનીતા નયરીએ લીએ, દીક્ષા શ્રીપ્રથમ જિણંદ, દ્વારાનયરી શ્રીનેમિનાથ, સહસાવનને વૃંદ ॥ ૪ ॥ શેષ તીર્થંકર જન્મભૂમિ, લીયે સંજમભાર; અણપરણ્યા શ્રી મલ્લિનાથ, નેમિનાથ કુમાર ॥ ૫ ॥ વાસુપૂજ્ય પાસ વીરજી એ, ભૂપ થયા નવિ એહ; અવર રાજ્ય ભોગવી થયા, જ્ઞાનવિમલ ગુણ ગેહ ॥ ૬ ॥ ચાર સહસશું ઋષભદેવ, શ્રીવીર એકાકી; ત્રણશત સાથે મલ્લિ પાસ, સહસ સાથેં બાકી ॥ ૭ ॥ ષટ્શત સાથે વાસુપૂજ્ય, લહે સંયમભાર; મનઃપર્યવ તવ ઉપજે, સવિ જિનને સુખકાર ॥ ૮ ॥ એમ ચોવીશે જિનેવરા એ, સંભાર્યાં સુખ થાય; જ્ઞાનવિમલસૂરિ એમ કહે, હોજો જિન સુપસાય ॥ ૯ ॥

## શ્રી પાર્શ્વનાથના દશમ ભવનું ચૈત્યવંદન

અમરભૂતિ ને કમઠ વિપ્ર, પહેલે ભવ કહીએ;
બીજે ગજ કુર્કટ અહિ, ત્રીજે ભવ લહીએ ॥ ૧ ॥
અઠમ કલ્પ પાંચમી નરક, કિરણવેગ ખગ જાણું;
મહોરગ સર્પ ચોથે ભવે, અચ્યુતસુર મન આણું
॥ ૨ ॥ પાંચમી નરક પાંચમે ભવે, છઠ્ઠે રાય વજ્ર-
નાભ; ચંડાલકુલે કમઠ જનિત, મધ્યગ્રૈવેયકે લાભ
॥ ૩ ॥ લલિતાંગ દેવ સાતમે ભવે, સાતમી નરકે
લાગ; કનકપ્રભ ચક્રી થયા, કમઠ સિંહનો ભાગ ॥ ૪ ॥
પ્રાણતકલ્પ ચોથી નરક, પાર્શ્વનાથ ભવ દશમે;
કમઠ થયો તાપસ વલી, અન્યતીર્થી બહુ પ્રણમે
॥ ૫ ॥ દીક્ષા લઈ મુકતે ગયા, પાર્શ્વનાથજી દેવ,
પદ્મવિજય સુપસાઉલે, જિન પ્રણમે નિત મેવ ॥ ૬ ॥

---

## सामान्यजिननं चैत्यवंदन

જય જય શ્રી જિનરાજ આજ, મલીએ મુજ
સ્વામી; અવિનાશી અકલંક રૂપ, જગ અંતરજ્ઞામી
॥ ૧ ॥ રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી; ચિદા-
નંદ ચેતન અચિંત્ય, શિવલીલા પામી ॥ ૨ ॥ સિદ્ધ
બુદ્ધ તુમ વંદતાં, સકલ સિદ્ધવર બુદ્ધ; રામ પ્રભુ

ધ્યાને કરી, પ્રગટે આતમ રુદ્ધ ॥ ૩ ॥ કાલ બહુ સ્થાવર ગ્રહ્યો, ભમીયો ભવમાંહી; વિકલેંદ્રિય એળે ગયો, સ્થિરતા નહીં કયાંહી ॥ ૪ ॥ તિર્યંચ પંચેંદ્રિયમાંહિ દેવ, કર્મે હું આવ્યો; કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિસણ નવિ પાયો ॥ ૫ ॥ એમ અનંત કાળે કરી એ, પામ્યો નર અવતાર; હવે જગતારક તું મળ્યો, ભવજલ પાર ઉતાર ॥ ૬ ॥

---

## શ્રી પુંડરીકસ્વામીનું ચૈત્યવંદન

આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત; નામ પુંડરીક જાસ, મહિમાએ મહંત ॥ ૧ ॥ પંચ-કોડ સાથે મુણિંદ, અણસણ તિહાં કીધ; શુક્લ ધ્યાતાં અમૂલ, કેવલ તિહાં લીધ ॥ ૨ ॥ ચૈત્રી પૂનમને દિને એ, પામ્યા પદ મહાનંદ; તે દિનથી પુંડરીકગિરિ, નામદાન સુખકંદ ॥ ૩ ॥

ઇતિ ચૈત્યવંદન સંપૂર્ણ

# સ્તુતિઓનો સંગ્રહ

## બીજની શ્રી સીમંધર જિનની સ્તુતિ

અજુવાળી તે બીજ સોહાવે રે, ચંદારૂપ અનુપમ ભાવે રે; ચંદા વીનતડી ચિત્ત ધરજો રે, શ્રી સીમંધરને વંદણા કહેજો રે ॥ ૧ ॥ વીશ વિહરમાન જિનને વંદો રે, જિનશાસન પૂજી આણંદો રે; ચંદા એટલું કામ મુજ કરજો રે, શ્રી સીમંધરને વંદણા કરજો રે ॥ ૨ ॥ શ્રી સીમંધર જિનની વાણી રે, તે તો પીતાં અમીય સમાણી રે; ચંદા તમે સુણી અમને સુણાવો રે, ભવસંચિત પાપ ગમાવો રે ॥ ૩ ॥ શ્રી સીમંધર જિનની સેવા રે, જિનશાસન આણંદ મેવા રે; તું તો હોજો સંઘની માતા રે, જગતચંદ્ર વિખ્યાતા રે ॥ ૪ ॥

---

## પંચમીની સ્તુતિ

પાંચમને દિન ચોસઠ ઇંદ્રે, નેમિજિન મહોત્સવ કીધોજી, રૂપે રંભા રાજીમતીને, છંડી ચારિત્ર લીધોજી; અંજનરત્ન સમ કાયા દીપે, શંખલંછન સુપ્રસિદ્ધોજી, કેવલ પામી મુક્તિ પહોંચ્યા, સઘળાં કારજ

સીધ્યાંજી ॥ ૧ ॥ આબુ અષ્ટાપદ ને તારંગા, શેત્રુંજયગિરિ સોહેજી, રાણકપુર ને પાર્શ્વશંખેશ્વર, ગિરિનારે મન મોહેજી; સમેતશિખર ને વળી વૈભારગિરિ ગોડીથંભણ વંદોજી, પંચમીને દિન પૂજા કરતાં, અશુભ કર્મ નિકંદોજી ॥ ૨ ॥ નેમિ જિનેશ્વર ત્રિગડે બેઠા, પંચમી મહિમા બોલેજી, બીજા તપ જપ છે અતિ બહોલા, નહીં કોઈ પંચમી તોલેજી; પાટી પોથી ઠવણી કવળી, નોકારવાળી સારીજી, પંચમીનું ઉજમણું કરતાં, લહીએ શિવવધૂ પ્યારીજી ॥ ૩ ॥ શાસનદેવી સાન્નિધ્યકારી, આરાધે અતિ દીપેજી, કાને કુંડલ સુવર્ણ ચૂડી, રૂપે રમઝમ દીપેજી; અંબિકાદેવી વિઘ્ન હરેવી, શાસન સાન્નિધ્ય કારીજી, પંડિત હેતવિજય જયકારી, જિનજપે જયકારીજી ॥ ૪ ॥

---

## पंचमीनी स्तुति—बीजी

શ્રી જિન નેમિ જિનેશ્વર સ્વામી, એકમને આરાધો ધામી, પ્રભુ પંચમી ગતિ પામી, પંચ રૂપ કરે સુરસામી, પંચવર્ણ કલસેં જલ નામી, સવિ સુરપતિ શિવકામી; જન્મમહોચ્છવ કરે ઇંદ્ર ઇંદ્રાણી, દેવતણી એ કરણી જાણી, ભક્તિ વિશેષ વખાણી,

નેમજી પંચમી તપ કલ્યાણી, ગુણમંજરી વરદત્ત પરેં પ્રાણી, કરો ભાવ મન આણી ॥ ૧ ॥ અષ્ટાપદ ચોવીશ જિણંદ, સમેતશિખરે વીશ થૂભ ભવિવંદ્ય, શત્રુંજય આદિજિણંદ, ઉત્કૃષ્ટાં સત્તરિસય જિણંદ, નવકોડી કેવલી જ્ઞાનદિણંદ, નવકોડી સહસ મુણીંદ; સમ્પ્રતિ વીશ જિણંદ સોહાવે, દોય કોડી કેવલી નામ ધરાવે, દોય કોડી સહસ મુનિ કહાવે, જ્ઞાનપંચમી આરાહો ભાવે, નમો નાણસ્સ જપતાં દુઃખ જાવે, મનવંછિત સુખ થાવે ॥૨॥ શ્રી જિનવાણી સિદ્ધાંતે વખાણી, જોયણ ભૂમિ સુણે સવિ પ્રાણી, પીજીએં સુધા સમાણી, પંચમી એક વિશેષ વખાણી, અજુવાલી સવલી એ જાણી, બોલે કેવલનાણી; જાવજીવ વરસેં એક કરેવિ, સૌભાગ્ય-પંચમી નામે લેવિ, માસેં એક ગ્રહેવિ, પંચ પંચ વસ્તુ દેહરે ઢોવિ, એમ સાડા પંચ વર્ષ કરેવિ, આગમ વાણી સુણેવિ ॥ ૩ ॥ સિંહગમની સિંહલંક બિરાજે સિંહનાદ પરે ગુહિર ગાજે, વદનચંદ પરે છાજે; કટિ મેખલા ને ઉર સવિ રાજે, પાયે ઘુઘરા ઘમઘમ વાજે, ચાલતી બહુત દીવાજે; ગઢ ગિરનાર તણી રખવાલા, અંબલુંબજુત્તિ અંબાબાલા, અતિ ચતુરા વાચાલા, પંચમી તપસી કરત સંભાલા, દેવી લાભ વિમલ સુવિશાલા, રત્નવિમલ જયમાલા ॥ ૪ ॥

## अष्टमीनी स्तुति

અષ્ટમી તપ મહિમા, મોટો કહે મહાવીર, આ-ઠમ તપ ભંજે, અષ્ટકર્મ જંજીર; આઠ સિદ્ધિ ઋદ્ધિ આપે, તેમ મદ ભંજે આઠ, દુઃખ દુર્ગતિ કાપે, જેમ દાવાનલ કાષ્ઠ ॥ ૧ ॥ ચોવીશે જિનની, પ્રતિમા ભરતે ભરાવી, અષ્ટાપદ ઉપર, નાસિકા સરખી ઠ-રાવી; પૂરવ થકી વંદો, દોય ચાર અઠ દશ દેવ, એ ચાર નિક્ષેપે, સંભાળી કરું સેવ ॥ ૨ ॥ મહાવીર થકી ત્રિપદી, પામીને તત્કાળ દ્વાદશાંગી ગૂંથી, ગણધર દેવ રસાળ; એમાંથી ઉપદિશે, આઠમનો અધિકાર, અષ્ટમી આરાધો, જિમ પામો ભવપાર ॥ ૩ ॥ જિનશાસન દેવી, સિદ્ધાયિકા માતંગ, આ-ઠમ તપ તપીએ, સાન્નિધ્ય કરે ધરી રંગ; સુર સમ-કિતધારી, ભવિક કરે કલ્યાણ, ભાવવિજયના વા-ચક, સેવક જ્યું ભાસ ભાણ ॥ ૪ ॥

---

## एकादशीनी स्तुति

નિરુપમ નેમિ જિનેશ્વર ભાખે, એકાદશી અ-ભિરામજી; એકમને કરી જેહ આરાધે, તે પામે શિવ ઠામજી; તેહ નિસુણી માધવ પૂછે, મન ધરી

અતિ આનંદાજી; એકાદશીનો એહવો મહિમા, શ્યામભણી કહે જિણંદાજી ॥ ૧ ॥ એકશત અધિક પચ્ચાશ પ્રમાણ, કલ્યાણક સવિ જિનનાજી; તેહ ભણી તે દિન આરાધો, છંડી પાપ સવિ મનનાજી; પોસહ કરીએ મૌન આદરીએ, પરિહરીએ અભિમાનજી; તે દિન માયા મમતા તજીએ, ભજીએ શ્રી ભગવાન જી ॥ ૨ ॥ પ્રભાતે પડિકમણું કરીને, પોસહ પણ તિહાં પારીજી; દેવ જુહારી ગુરુને વાંદી, દેશના નીસુણો સારીજી; સ્વામી જમાડી કર્મ ખપાવી, ઉજમણું ઘર સારુજી; અશનાદિક ગુરુને વહોરાવી, પારણું કરો પછી વારુજી ॥ ૩ ॥ બાવીશમા જિન એણી પરે બોલે, સુણ તું કૃષ્ણ નરિંદાજી; એમ એકાદશી જેહ આરાધે, તે પામે સુખવૃંદાજી; દેવી અંબાઈ પુણ્ય પસાયે, નેમીશ્વર હિતકારીજી; પંડિત હરખવિજય શિષ્ય, માનવિજય જયકારીજી ॥ ૪ ॥

---

## एकादशीनी स्तुति—बीजी

ગોપીપતિ પૂછે, પ્રભણે નેમિકુમાર, ઇહાં થોડે પ્રાપ્તે, લહીએ પુણ્ય અપાર; મૃગશર અજવાળી, અગ્યારશ સુવિચાર, પોસહવિધિ પાળી, લહુ તરીએ સંસાર ॥ ૧ ॥ કલ્યાણક હુવા, જિનના સો પચાસ,

તસ ગુણગુ ગણતાં, પહોંચે વંછિત આશ, ઇહાં ભાવ ધરીને, વ્રત કીજે ઉપવાસ, મૌનવ્રત પાળી, છાંડીજે ભવપાસ ॥ ૨ ॥ ભગવંતે ભાખ્યો, શ્રી સિદ્ધાંત મોઝાર, અગ્યારશ મહિમા, મૃગશીર પખ સુદ્દિ સાર, સવિ અતીત અનાગત, વર્તમાન સુવિચાર, જિનપતિ કલ્યાણક, છોડે પાપ વિકાર ॥ ૩ ॥ ઐરાવણવાહન, સુરપતિ અતિબલવંત, જિમ જગ જશ ગાજે, રયણીકાંત હસંત, તપસાનિધ્ય કરજો, મૌન અગ્યારશ સંત, તપકીર્તિ પ્રસરે, શાસન વિનય કહંત ॥ ૪ ॥

---

## पर्युषणनी स्तुति

મણિરચિત સિંહાસન, બેઠા જગદાધાર, પર્યુષણ કેરો, મહિમા અગમ અપાર; નિજ મુખથી દાખી, સાખી સુરનર વૃંદ, એ પર્વ પર્વમાં, જિમ તારામાં ચંદ ॥ ૧ ॥ નાગકેતુની પરે, કલ્પસાધના કીજે, વ્રત નિયમ આખડી, ગુરુમુખ અધિકી લીજે, દોય ભેદે પૂજા, દાન પંચ પ્રકાર, કર પડિકમણાં ધર, શીળ અખંડિત ધાર ॥ ૨ ॥ જે ત્રિકરણ શુધ્ધે, આરાધે નવ વાર, ભવ સાત આઠ નવ શેષ તાસ સંસાર; સહુ સૂત્ર-શિરોમણિ કલ્પસૂત્ર સુખકાર, તે

શ્રવણ સુણીને, સફળ કરો અવતાર ॥ ૩ ॥ સહુ ચૈત્યજુહારી, ખમતખામણા કીજે, કરી સાહમીવત્સલ, કુગતિદ્વાર પટ દીજે, કરી અઠ્ઠાઇમહોત્સવ, ચિદાનંદ ચિત્ત લાયી, એમ કરતાં સંઘને, શાસનદેવ સહાયી ॥ ૪ ॥

---

## શ્રી સિદ્ધચક્રીજીની સ્તુતિ

વીરજિનેશ્વર ભવનદીનેશ્વર, જગદીશ્વર જયકારીજી, શ્રેણિક નરપતિ આગળ જંપે, સિદ્ધચક્ર તપ સારીજી, સમકિત દૃષ્ટિ ત્રિકરણ શુધ્ધે, જે ભવિયણ આરાધેજી, શ્રી શ્રીપાળનરિંદ પરે તસ, મંગળ કમળા વાધેજી ॥ ૧ ॥ અરિહંત વિચ્ચે સિદ્ધસૂરિ પાઠક, સાહુ ચિહુદિશિ સોહેજી, દંસણનાણ ચરણ તપ વિદિશે, એહ નવપદ મન મોહેજી, આઠ પાંખડી હૃદયાંબુજ રોપી, લોપી રાગ ને રીસજી, ૐ હ્રીં પદ એકની ગણીએ, નવકારવાળી વીશજી ॥ ૨ ॥ આસો ચૈત્ર સુદિ સાતમથી, માંડી શુભ મંડાણુજી, નવનિધિ દાયક નવ નવ આંબિલ, એમ એકાશી પ્રમાણુજી, દેવવંદન પડિકમણું પૂજા, સ્નાત્રમહોત્સવ ચંગજી, એહ વિધિ સઘળો જિહાં ઉપદીસ્યો, પ્રણમું અંગ ઉપાંગજી ॥ ૩ ॥ તપ પૂરે ઉજમણું કીજે, લીજે

નરભવ લાહોજી, જિન ગૃહ પડિમા સ્વામીવત્સલ,
સાધુભક્તિ ઉત્સાહોજી, વિમલેશ્વર ચક્રેશ્વરીદેવી,
સાનિધ્યકારી રાજેજી, શ્રી ગુરુ ક્ષમાવિજય સુપસાયે,
મુનિ જિન મહિમા છાજેજી ॥ ૪ ॥

---

## सिद्धचक्रजीनी स्तुति-बीजी

પ્રહ ઊઠી વંદું, સિદ્ધચક્ર સદાય, જપીએ નવ-
પદનો, જાપ સદા સુખદાય, વિધિ પૂર્વક એ તપ, જે
કરે થઈ ઉજમાળ, તે સવિ સુખ પામે, જિમ મયણા
શ્રીપાળ ॥ ૧ ॥ માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણ-
વંત, તસ કર્મ સંયોગે, કોઢી મિલિયો કંત, ગુરુ
વયણે તેણે, આરાધ્યું તપ એહ, સુખ સંપદા વરીયા,
તરીયા ભવજળ તેહ ॥ ૨ ॥ આંબિલ ને ઉપવાસ, છઠ્ઠ
વળી અઠ્ઠમ, દશ અઠ્ઠાઈ પંદર, માસ છ માસ વિશેષ,
ઇત્યાદિક તપ બહુ, સહુમાંહિ શિરદાર, જે ભવિયણ
કરશે, તે તરશે સંસાર ॥ ૩ ॥ તપ સાનિધ્ય કરશે,
શ્રીવિમળેશ્વર યક્ષ, સહુ સંઘના સંકટ, ચૂરે થઈ
પ્રત્યક્ષ, પુંડરીક ગણધાર, કનકવિજય બુધશિષ્ય,
બુધદર્શનવિજય કહે, પહોંચે સકળ જગીશ ॥ ૪ ॥

---

## શ્રી મહાવીસ્વામીની સ્તુતિ

ગંધારે મહાવીર જિણંદા, જેને સેવે સુરનર ઇંદા, દીઠે પરમાણંદા; ચૈત્ર સુદ તેરસ દિન જાયા, છપ્પન દિક્કુમરી ગુણ ગાયા, હરખ ધરી હુલરાયા; ત્રીસ વરસ પાલી ઘરવાસ, માગશર વદ દશમી વ્રત જાસ, વિચરે મન ઉલ્લાસ; એ જિન સેવો હિત કર જાણી, એહથી લહીએ શિવ પટરાણી, પુણ્યતણી એ ખાણી ॥ ૧ ॥ ઋષભ જિનેશ્વર તેર ભવસરિ, ચંદ્રપ્રભ ભવ આઠ ઉદાર, શાંતિકુમર ભવ બાર; મુનિસુવ્રતને નેમકુમાર, તે જિનના નવ નવ ભવ સાર, દશ ભવ પાર્શ્વકુમાર; સત્તાવીશ ભવ વીરના કહીએ, સત્તર જિનના ત્રણત્રણ લહીએ, જિન વચને સદ્દહીએ ચોવીસ જિનનો એહ વિચાર, એહથી લહીએ ભવનો પાર, નમતાં જયજયકાર ॥ ૨ ॥ વૈશાખ સુદ દશમી લહી નાણ, સિંહાસન બેઠા વર્ધમાન, ઉપદેશ દીયે પ્રધાન; અગ્નિ ખૂણે હવે પરખદા સુણીએ, સાધ્વી વૈમાનિક સ્ત્રી ગણીએ, મુનિવર ત્યાંહી જ ભણીએ; વ્યંતર જ્યોતિષી ભુવનપતિસાર, એહને નૈઋત્ય ખૂણે અધિકાર, વાયવ્ય ખૂણે એહની નાર; ઇશાને શોભે નરનાર, વૈમાનિક સુર પરખદા બાર, સુણે જિનવાણી

ઉદાર ॥ ૩ ॥ ચક્રેશ્વરી અજિતા દુરિતારિ, કાલી મહાકાલી મનોહારી, અચ્યુતા સંતા સારી; જવાલા સુતારકા અશોકા, શ્રીવત્સા વરચંડામાયા; વિજયાંકુશી સુખદાયા; પન્નતિનિર્વાણી અચ્ચુઆ ધરણી, વૈરોટયા દત્તા ગંધારી અધહરણી, અંબા પડિમા સુખકરણી;સિદ્ધાયિકા શાસન રખવાળી,કનકવિજય બુધ આનંદકારી, જસવિજય જયકારી ॥૪॥

---

## सिद्धचक्रजीनी स्तुति

પહેલે પદ જપીયેં અરિહંત, બીજે સિદ્ધ જપો જયવંત, ત્રીજે આચારજ સંત; ચોથે નમો ઉવઝાય એ તંત, નમો લોએ સવ્વસાહુ મહંત, પાંચમે પદ વિલસંત, દર્શન છઠે જપો મતિવંત, સાતમે પદ નમો નાણ અનંત, આઠમે ચારિત્ર હુંત; નમો તવસ્સ નવમેં સોહંત, શ્રીસિદ્ધચક્રનું ધ્યાન ધરંત, પાતકનો હોએ અંત ॥ ૧ ॥ કેશર ચંદન સાથે ઘસીજેં, કસ્તુરી માંહે ભેલીજેં, વન ઘનસાર ડવીજેં; ગંગોદકશું ન્હવણ કરીજે, શ્રી સિદ્ધચક્રનું ધ્યાન ધરીજે, સુરભિ કુસુમ ચરચીજેં; કુંદરુ અગરનો ધૂપ કરીજેં, કામધેનુ ઘૃત દીપ ભરીજે, નિર્મલભાવ વરીજેં; અનુભવ નવપદ ધ્યાન ધરીજેં, રોગાદિક દુઃખ દૂર

હરીજે, મુક્તિ વધૂ પરણીજે ॥ ૨ ॥ આસો ને વલી ચૈત્ર રસાલ,ઉજ્જવલ પક્ષે ઓલી સુવિશાલ,નવ આંબિલ સો ચાલ; રોગ શોગનો એ તપ કાલ, સાડા ચાર વરસ તસ ચાલ, વળી જીવે તિહાં ભાલ; જે સેવે ભવિ થઈ ઉજમાલ, તે લહે ભોગ સદા અસરાલ,જેમ મયણાં શ્રીપાલ;છંડી અલગો આલ પંપાલ નિત નિત આરાધો ત્રણકાલ, શ્રીસિદ્ધચક્રગુણમાલ ॥૩॥ ગજગામિની ચંપકદલ કાય, ચાલે પગ નેઉર ઠમકાય,હૈયડે હાર સોહાય; કુંકુમચંદન તિલક રચાય, પહેરી પીત પટોલી બનાય, લીલાએ લલકાય; બાલી ભાલી ચકેસરી માય, જે નર સેવે સિદ્ધચક્ર રાય, ઘો તેહને સુસહાય; શ્રી વિજયપ્રભસૂરિ તપગચ્છરાય. પ્રેમવિજય ગુરુસેવા પાય, કાંતિવિજય ગુણ ગાય ॥૪॥

---

## સુધર્મા દેવલોકની સ્તુતિ

સુધર્મા દેવલોક પહેલો જાણો, દોઢરાજ ઊંચો તસ જાણો, સોહમ ઇન્દો તેહનો રાણો; શક્ર નામે સિંહાસન છાજે, ઐરાવણ હાથી તસ ગાજે,દીઠે સંકટ ભાંજે; સકલ દેવ માંને તસ આંણ, આઠ ઇન્દ્રાણી ગુણની ખાંણ, વજ્ર તે જમણે પાંણ; બત્રીસ લાખ વૈમાનનો સ્વામી,રીષભદેવને નમે શીરનામી,હૈયે હરખ બહુ પામી ॥૧॥ ચોવીસે જિનવર પ્રણમિજે, વિહ-

રમાંનજિન પૂજા કીજે, માનવ ભવફલ લીજે; બાર દેવલોકને નવગ્રૈવેયક, પાંચ અનુત્તર સફલ વિવેક, જીહાં છે પડિમા અનેક; ભુવનપતિ વ્યંતર માંહે સાર, જ્યોતિષિ માંહે સંખ્યા અપાર, તેહશું નેહઅપાર; મેરુ પ્રમુખ વલિ પર્વત જેહ, તીર્ચ્છાલોકમાં પડિમા જેહ, હું વંદું ધરી નેહ ॥ ૨ ॥ સમવસરણ સુર રચેરે ઉદાર, જોજન એક તણો વિસ્તાર, રચના વિવિધ પ્રકાર; અઢીગાઉ ઊંચું તસ જાણ,ફૂલપગર સોહીએ ઢીંચણ સમાન, દેવ કરે તિહાં ગાન; મણિ હેમ રત્નમય સોહે, ત્રિગડું દેખી ત્રિભુવન મોહે, તિહાં બેઠા જન પડિબોહે; અણવાગ્યાં વાજિંત્ર વાગે, ત્રણ છત્ર શિર ઉપર છાજે, સેવક જનને નિવાજે ॥૩॥ ચરણકમલ ને ઉરના ચાલા, કટીમેખલ ખલકે સુવિશાલા, ગલે મોતનકી માલા; પૂનમચંદ જેમ વદન બિરાજે, નયન કમલની ઉપમા છાજે, દીઠે સંકટ ભાજે; બાલીભોલી ચક્રેશ્વરી માય, જે નર સેવે સિદ્ધચક્રરાય, શ્રી સંઘને સુખદાય; શ્રી ખીમાવિજય ગુરુતપગચ્છરાય, પ્રણમું કાંતિવિજય ઉવઝાય, શિષ્ય કીર્તિવિજય ગુણગાય ॥ ૪ ॥

સંપૂર્ણમ્

# રોહિણીની સ્તુતિ

નક્ષત્ર રોહિણી જે દિન આવે, અહોરત્ત પોસહ કરી શુભ ભાવે, ચઉવિહારો મન લાવે; વાસુપૂજ્યની ભક્તિ કીજે,ગુણણું પણ તસ નામ જપીજે, વરસ સત્તાવીશ લીજે;થોડીશકત્તે વરસ તે સાત,જાવજ્જિવ અથવા વિખ્યાત, તપ કરી કરો કર્મ ઘાત, નિજશકતે ઉજમણું આવે, વાસુપૂજ્યનું બિંબ ભરાવે, લાલમણિ મયઠાવે ॥૧॥ એમ અતીત અને વર્તમાન, અનાગત વંદો જિન બહુમાન, કીજે તસ ગુણગાન; તપકારકની ભક્તિ આદરીએ, સાધર્મિક વલી સંઘની કરીએ, ધર્મ કરી ભવ તરીએ; રોગશોક રોહિણી તપે જાય, સંકટ ટલે તસજસ બહુ થાય, તસ સુરનર ગુણગાય; નિરાશંસપણે તપ એહ, શંકા રહિતપણે કરો તેહ, નવનિધિ હોય જેમ ગેહ ॥૨॥ ઉપધાન થાનક જિનકલ્યાણ, સિદ્ધચક્ર શત્રુંજય જાણ, પંચમી તપ મન આણ; પડિમા તપ રોહિણી સુખકાર, કનકાવલિ રત્નાવલિસાર,મુક્તાવલિ મનોહાર;આઠમ ચઉદસ ને વર્ધમાન,ઇત્યાદિક તપ માંહે પ્રધાન, રોહિણી તપ બહુ માન; એણિપેરે ભાખે જિનવર વાણી, દેશના મીઠી અમિય સમાણી સૂત્રે તેહ ગુંથાણી ॥ ૩ ॥ ચંડાયક્ષણી યક્ષકુમાર,

વાસુપૂજ્ય શાસન સુખકાર, વિઘ્ન મિટાવણહાર; રોહિણી તપ કરતા જન જેહ, ઇહભવ પરભવે સુખ લહે તેહ, અનુક્રમે ભવનો છેહ; આચારી પંડિત ઉપગારી, સત્ય વચન ભાખે સુખકારી, કર્પુરવિજય વ્રતધારી; ખેમાવિજય શિષ્ય જિનગુરુરાય, તસ શિષ્ય મુજગુરુ ઉત્તમ થાય,પદ્મવિજય ગુણગાય ॥૪॥

---

## ભીલડિયા પાર્શ્વનાથનો સ્તુતિ

ભીલડીપુર મંડણ સોહીએ પાસ જિણંદ, તેહને તમે પૂજો સુરનરનારીના વૃંદ, તેહ તુઠો આપે ધણકણ કંચનકોડ,તે શિવ પદ પામે કરમતણા ભય છોડ ॥ ૧ ॥ ઘનવસીય ઘનાઘન કેશરના રંગરોલ, તેહમાં તમે ભેલો કસ્તૂરીના ઘોલ, તેણે શું પૂજો ચઉવીસે જિણંદ, જેમ હૈવ દુઃખ જાવે આવે ઘર આણંદ ॥૨॥ ત્રિગડે જિન બેઠા સોહીએ સુંદરરૂપ, તસ વાણી સુણવા આવી પ્રણમે ભૂપ,વાણી જોજનની સુણજો ભવિયણ સાર, તે સુણતાં હોસે પાતિકનો પરિહાર ॥૩॥ પાય રમઝમ રમઝમ ઝાંઝરનો ઝમકાર, પદ્માવતી ખેલે પાર્શ્વ તણે દરબાર, સંઘવિઘ્ન હરજો કરજો જયજયકાર,એમ સૌભાગ્યવિજય કહે સુખ સંપત્તિ દાતાર ॥ ૪ ॥

---

## રોહિણીની સ્તુતિ બીજી

'માસમાસ રોહિણી તપ કીજે, વાસુપૂજ્યની પ્રતિમા પૂજીજે, રોગ શોક ન આવે અંગે, દોય સહસ જપો મન રંગે ॥ ૧ ॥ અતીત અનાગત ને વર્તમાન, ત્રણ ચોવીશી બોંતેર નામ, શુભવિજય કહે એહ પ્રકાશ, સુખ લહે રોહિણી તપ ભાસ ॥૨॥ એ છે આગમ અંગ અગ્યાર, ચૌદપૂર્વ ને ઉપાંગ બાર,ત્યાં છે રોહીણી તપ વિખ્યાત, જપતાં લહીએ મુક્તિનો વાસ ॥ ૩ ॥ શાસનદેવી મન બળ આપો, સુમતિ કરી જિનશાસને થાપો, શુભવિજય કહે દાસ તુમારો, લાભવિજય કહે એહ સંભારો ॥૪॥

---

## શ્રી પાર્શ્વનાથની સ્તુતિ

પોસીદશમ દિન પાસ જિનેસર, જનમ્યા વામા માયજી; જન્મ મહોચ્છવ સુરપતિ કીધો, વલિય વિશેષે રાયજી; છપન દિક્કુમરી હુલરાવ્યો સુરનર કિંનર ગાયોજી;અશ્વસેન કુલકમલવતંસે ભાનુઉદય સમ આયોજી ॥૧॥ પોસીદશમ દિન આંબિલ કરીએ,જેમ ભવસાગર તરીએજી; પાસ જિણંદનું ધ્યાન ધરતાં,સુકૃત ભંડાર ભરીએજી;ઋષભાદિક જિનવર

ચોવીશે, તે સેવો ભલે ભાવેજી; શિવરમણી વરી નિજ બેઠા પરમપદ સોહાવેજી ॥૨॥ કેવલ પામી ત્રિગડે બેઠા, પાસ જિનેસર સારજી; મધુર ગીરાએ દેશના દેવે, ભવિનજનમન સુખકારજી; દાનશીયલ તપ ભાવે આદરસે, તે તરસે સંસારજી; આ ભવ પરભવ જિનવર જપતાં, ધર્મ હોસે આધારજી ॥ ૩ ॥ સકલ દિવસમાં અધિકો જાણી, દશમીદિન આરાધોજી; ત્રેવીશમો જિન મનમાં ધ્યાતાં, આતમસાધન સાધોજી; ધરણેંદ્ર પદ્માવતીદેવી, સેવા કરે પ્રભુ આગેંજી; શ્રી હર્ષવિજય ગુરુ ચરણકમલની, રાજવિજય સેવા માગેંજી ॥ ૪ ॥

---

## पार्श्वनाथ स्तुति

જગજન ભંજન માંહે જે ભલીયો, જોગીસર ધ્યાને જે કલિયો, શિવવધૂ સંગે હલિયો, અખિલ બ્રહ્માંડે જે જલહલિયો, ષટ્દર્શન મતે નવિ ખલિયો, બલવંત માંહે બલિયો, જ્ઞાન મહોદય ગુણ ઉછલિયો, મોહ મહાભટ જેણે છલિયો, કામ સુભટ નિર્દલિયો, અજરઅમરપદ ભારે લલિયો, સો પ્રભુ પાસ જિનેશ્વર મલિયો, આજ મનોરથ ફલિયો ॥ ૧ ॥ મુક્તિ મહા મંદિરના વાસી, અધ્યાતમપદના

ઉપાસી, આનંદ રૂપ વિલાસી; અલખ અગોચર જે અવિનાશી, સાધુ શિરોમણી મહાસંન્યાસી, લોકા-લોકપ્રકાશી; જગ સઘલે જેહની છાબાશી, જીવા-યોનિ લાખ ચોરાસી, તેહના પાસ નિકાસી; જલહલ કેવલ જ્યોતિકી આસી, અથિર સુખના જે નહિ આશી, વંદું તેહને ઉલાસી ॥ ૨ ॥ શ્રી જિન ભા-ષિત પ્રવચન-માલા, ભવિજન કંઠે ધરો સુકુમાલા, મહેલી આલ પંપાલા; મુક્તિ વરવાને વરમાલા, વારૂ વર્ણ તે કુસુમ રસાલા, ગણધરે ગુંથી વિશાલા; મુનિવર મધુકર રૂપ મયાલા, ભોગી તેહના વલી ભૂપાલા, સુરનર કોડિ રઢાલા; જે નર ચતુર અને વાચાલા, પરિમલ તે પામે વિગતાલા, ભાંજે ભવ જંજાલા ॥ ૩ ॥ નાગનાગિણી અધબલતા જાણી, કરુણાસાગર કરુણા આંણી, તતક્ષણ કાઢચા તાણી; નવકાર મંત્ર દીયો ગુણખાંણી, ધરણીધર પદ્માવતી રાણી, થયા ધણી ધણિયાણી; પાસ પસાયે પદ પર-માણી, સા પદ્મા જિનપદેં લપટાણી, વિઘ્નહરણ સપરાણી; ખેડા હરિયાલામાં શુભ ઠાણી, પૂજે પાસ જિણંદ ભવિ પ્રાણી, ઉદય વદે એમ વાણી ॥ ૪ ॥

---

## શ્રી પાર્શ્વનાથજિન-સ્તુતિ

શ્રીપાર્શ્વજિનેશ્વર સેવા કરું ત્રણ કાલ, મને શિવપદ આલો ટાલો પાપ જંજાલ, જિન દર્શન દીઠે પુગે મનની આશ, રાય રાણા સેવે સુરપતિ થાવે દાસ ॥ ૧ ॥ વિમલાચલ આબુ ગઢ ગિરનારે નેમ, અષ્ટાપદ સમેતશિખર પંચે તીરથ એમ, સુર અસુર વિદ્યાધર નરનારી બહુકોડ, વલી યુગતેં વંદે ધ્યાવે બે કર જોડ ॥ ૨ ॥ સાકરથી મીઠી શ્રી જિન કેરી વાણી, બહુ અર્થ વિચારી ગુંથી ગણધરેં જાણી, તે વચન સુણીનેં માને હર્ષ અપાર, ભવ-સાયર તારે ટાલે દુર્ગતિ બાર ॥ ૩ ॥ કાને કુંડલ ઝલકે કંઠેં નવસરો હાર, પદ્માવતી દેવી સોહે સવિ-શણગાર, શાસન રખવાલી સાન્નિધ્ય શુદ્ધ જ થાય, બુદ્ધ અમૃત સાગર પ્રણમે તાસ પસાય, જંપે એમ દોલત સુર નર તસ ગુણ ગાય ॥ ૪ ॥

---

## વીશસ્થાનક તપની સ્તુતિ

પૂછે ગૌતમ વીર જિણંદા, સમવસરણ બેઠા સુખકંદા, પૂજિત અમર સૂરીંદા, કેમ નિકાચે પદ જિનચંદા, કિણ વિધેં તપ કરતાં ભવ ફંદા, ટાળે

હરિતહ દંદા, તવ ભાખે પ્રભુજી ગતનિંદા, સુણ ગૌતમ વસુભૂતિ નંદા, નિર્મલ તપ અરવિંદા, વીશ સ્થાનક તપ કરત મહંદા, જેમ તારક સમુદાયેં ચંદા, તેમ એ સવિ તપ ઇંદા ॥ ૧ ॥ પ્રથમ પદેં અરિહંત નમિજેં, બીજેં સિદ્ધ પયવણ પદ ત્રીજેં, આચારજ થેર ઠવિજેં, ઉપાધ્યાય ને સાધુ ગ્રહીજેં, નાણ દંસણ પદવિનય વહીજેં, અગિઆરમે ચારિત્ર લીજેં, બંભવયધારીણું ગણીજેં, કિરિયાણું તવસ્ય કરીજેં, ગોયમ જિણાણું લહિજેં, ચારિત્ર નાણ સુઅસ્સ તીથ્થસ્સ ફીજેં, ત્રીજે ભવ તપ કરત સુણીજેં, એ સવિજિન તપ લીજેં ॥ ૨ ॥ આદિ નમો પદ સઘલે ઠવીશ, બાર પંદર બાર વલી છત્રીશ, દશ પણવીશ સગવીશ પાંચ ને સડસઠ તેરગણીશ, સિત્તેર નવ કિરિયા પચ્ચવીશ, બાર અડ્ડાવીશ ચઉવીશ, સત્તર એકાવન પિસ્તાલીશ, પાંચ લોગસ્સ કાઉસ્સગ્ગ રહીશ, નવકારવાળી વીશ, એક એક પદે ઉપવાસ જ વીશ, માસ પટેં એક ઓળી કરીશ, એમ સિદ્ધાંત જગીશ ॥ ૩ ॥ શકતેં એકાસન તિવિહાર, છઠ્ઠ અઠમ માસખમણ ઉદાર, પડિક્કમણું દોય વાર, ઇત્યાદિક વિધિ ગુરુગમધાર, એક પદ આરાધન ભવપાર, ઉજમણું વિવિધ પ્રકાર, માતંગયક્ષ કરે મનોહાર, દેવી સિદ્ધાઈ શાસન

સુખકાર, વિઘ્ન મિટાવણહાર, ખીમાવિજય જસ ઉપર પ્યાર, શુભ ભવિયણ ધર્મ આધાર, વીરવિજય જયકાર ॥ ૪ ॥

---

## सिद्धाचलनी स्तुति

જિહાં ઓગણોતેર કોડાકોડી, તિમ પંચાશી લાખ વળી જોડી, ચુમાલીશ સહસ કોડી; સમવસર્યા જિહાં એતિ વાર, પૂર્વ નવાણું એમ પ્રકાર, નાભિ નરિંદ મલ્હાર ॥ ૧ ॥ સહસ્રકૂટ અષ્ટાપદ સાર, જિન ચોવીશ તણા ગણધાર, પગલાંનો વિસ્તાર; વળી જિનબિંબ તણો નહિ પાર, દેહરી થંભે બહુ આકાર, વંદું વિમલગિરિ સાર ॥ ૨ ॥ એંશી સીત્તેર સાઠ પચાસ બાર, જોજન માને જસ વિસ્તાર, ઇગબિતિ ચઉપણ આર, માન કહ્યું તેનું નીરધાર, મહિમા એહનો અગમ અપાર, આગમ માંહે ઉદાર ॥ ૩ ॥ ચૈત્રી પૂનમ દિન શુભ ભાવે, સમકિત દૃષ્ટિ સુરનર આવે, પૂજા વિવિધ રચાવે, જ્ઞાનવિમલ સૂરિ ભાવના ભાવે, દુર્ગતિ દોહગ દૂર ગમાવે, બોધિબીજ જસ પાવે ॥ ૪ ॥

---

# શ્રી ગિરનારજીની સ્તુતિ

શ્રી ગિરનાર શિખર શણગાર, રાજીમતી હૈડાનો હાર, જિનવર નેમિકુમાર, પૂર્ણ કરુણા રસ ભંડાર, ઉગાર્યો પશુઆં અંબાર, સમુદ્રવિજય મલ્હાર, મોર કરે મધુરા કિંકાર, વિચે વિચે કોયલના ટહુકાર, સહસ ગમે સહકાર, સહસાવનમેં હુઆ અણુગાર, પ્રભુજી પામ્યા કેવળસાર, પહોચ્યા મુગતિ મોઝાર ॥ ૧ ॥ સિદ્ધિગિરિ એ તીરથસાર, આબુ અષ્ટાપદ સુખકાર, ચિત્રકૂટ વૈભાર, સુવર્ણગિરિ સંમેતશિખર શ્રીકાર, નંદીશ્વર વરદ્વીપ ઉદાર, જિહાં ભાવન વિહાર, કુંડલ રૂચક ને ઇષુકાર, શાશ્વતાં અશાશ્વતાં ચૈત્યવિચાર, અવર અનેક પ્રકાર, કુમતિ વયણે મભૂલ ગમાર, તીરથ ભેટે લાભ અપાર, ભવિયણ ભાવે જુહાર ॥ ૨ ॥ પ્રગટ છઠ્ઠે અંગે વખાણી, દ્રોપદી પાંડવની પટરાણી, પૂજા જિનપ્રતિમાની, વિધિશું ક્રીધી ઉલટ આણી, નારદ મિથ્યા દષ્ટિ અજ્ઞાણી, છાંડ્યા તે અવિરતિ જાણી, શ્રાવક કુલની એ સહીનાણી, સમકિત આલાવે આખ્યાણી, સાતમે અંગે વખાણી, પૂજનીક જિન પ્રતિમા અંકાણી, ઇમ અનેક આગમની વાણી, શ્રુત સુણજો ભવિ પ્રાણી ॥૩॥ કટીકટીમેખલા ઘુઘરીયાળી, પાયે નૂપુર

રમઝમ ચાલી, ઉજ્જયંતગિરિ રખવાળી, અધર લાલ જીસ્યાપ્રવાળી, કંચનવાન કાયા સુકુમાળી, કર લહકે અંબડાળી, વૈરીને લાગે વિકરાળી, સંઘના વિઘ્ન હરે ઉજમાળી, અંબાદેવી મયાળી, મહિમાએ દશ દિશિ અનુઆળી, ગુરુશ્રી સંઘવિજય સંભાળી, દિન દિન નિત્ય દિવાળી ॥ ૪ ॥

---

## શ્રી સીમંધર પ્રમુખ વિચરતા જિનની સ્તુતિ

શ્રી સીમંધર સેવિત સુરવર, જિનવર જગ જય કારીજી, ધનુષ પાંચસેં કંચન વરણી મૂર્તિ મોહનગારીજી, વિચરંતા પ્રભુ મહાવિદેહે, ભવિજનને હિતકારીજી, પ્રહ ઊઠી નિત્ય નામ જપીજે, હૃદય કમળમાં ધારીજી ॥૧॥ [૧]સીમંધર [૨]યુગમંધર [૩]બાહુ [૪]સુબાહુ [૫]સુજાત [૬]સ્વયંપ્રભ [૭]ઋષભજી, [૮]અનંત [૯]સુર [૧૦]વિશાળ [૧૧]વજ્રધર [૧૨]ચંદ્રાનન અભિરામજી, [૧૩]ચંદ્ર [૧૪]ભુજંગ [૧૫]ઈશ્વર [૧૬]નેમિપ્રભ [૧૭]વીરસેન ગુણધામજી, [૧૮]મહાભદ્ર ને [૧૯]દેવજસા વળી, [૨૦]અજિત કરું પ્રણામજી ॥ ૨ ॥ પ્રભુ મુખ વાણી બહુ ગુણખાણી મીઠી-અમૃત સમાણીજી, સૂત્ર અને અર્થે ગુંથાણી ગણધરથી વિરચાણીજી, કેવળ નાણી બીજ વખાણી,

શિવપુરની નીશાણીજી, ઉલટ આણી દિલ માંહે જાણી, વ્રત કરો ભવિપ્રાણીજી ॥ ૩ ॥ પહેરી પટોળી ચરણાં ચોળી, ચાલી ચાલ મરાલીજી, અતિ રૂપાળી અધર પ્રવાળી આંખલડી અણીયાલીજી, વિઘ્ન નીવારી સાનિધ્યકારી, શાસનની રખવાળીજી, ધીરવિમળ કવિરાયનો સેવક, બોલે નય નિહાલીજી ॥ ૪ ॥

---

## શ્રી સીમંધરનો સ્તુતિ બીજો

શ્રી સીમંધર મુજને વહાલા, આજ સફળ સુવિહાણું જી, ત્રિગડે તેજતપંતા જિનવર, મુજ તુઠ્યા હું જાણું જી, કેવળ કમળા કેલિ કરંતા કુલમંડન કુલદીવો જી, લાખ ચોરાસી પૂરવ આયુ, રૂક્મણી વર ધણું જીવો જી ॥૧॥ સંપ્રતિ કાળે વીશ તીર્થંકર, ઉદયા અભિનવચંદા જી, કેઈ કેવળી કેઈ ઓળપણે, કેઈ મહીપતિ સુખકંદા જી, સુરનર કોડાકોડ મળીને, જુએ મુખ અરવિંદા જી, શ્રી સીમંધર આદિ અનુપમ, મહાવિદેહ ક્ષેત્રે જિણંદા જી ॥ ૨ ॥ શ્રી સીમંધર ત્રિગડું જોવા, અલજ્યો સુણવા વાણી જી, વાટ વિષમ ને આડા ડુંગર, આવી ન શકે કો પ્રાણી જી, રાગ ધરી રંગ ધરી પાયે લાગું, સૂત્ર અર્થ મન આણી જી, અમૃત રસથી અધિક વખાણી,

જીવદયા પટરાણી જી ॥ ૩ ॥ પંચાંગુલી તુંહી જ પ્રત્યક્ષ, તુંહી જગમાં માતા જી, પહેરી ચરણા ચોળી કાળી, અધર વિરાજે રાતા જી,સ્વર્ગભવન સિંહાસન બેઠી, તુંહી દેવી વિખ્યાતા જી,સીમંધર શાસન રખવાળી, શાંતિકુશળ સુખસાતા જી ॥ ૪ ॥

---

## अथ दशत्रिक वगेरेनी स्तुति

નિસીહિ ત્રણ પ્રદક્ષિણા ત્રણ, પ્રણામ ત્રણ કરીજે જી, ત્રણ પ્રકારી પૂજા કરીને, અવસ્થા ત્રણ ભાવિજે જી, ત્રણ દિશિ વર્જી જિન જુએા, ભૂમિ ત્રણ પૂંજીજે જી, આલંબન મુદ્રા ત્રણ પ્રણિધાન ચૈત્યવંદન ત્રણ કીજે જી ॥ ૧ ॥ પહેલે ભાવજિન દ્રવ્યજિન બીજે, ત્રીજે એક ચૈત્ય ધારો જી, ચોથે નામજિન પાંચમે સર્વ, લોકચૈત્ય જુહારો જી, વિહરમાન છઠ્ઠે જિનવંદો, સાતમે નાણ નિહાલો જી, સિદ્ધ વીર ઉર્જિજત અષ્ટાપદ, શાસન સુર સંભાળો જી ॥ ૨ ॥ શક્રસ્તવમાં દોય અધિકાર, અરિહંત ચેઇયાણં ત્રીજે જી,ચોવીસત્થામાં દોય પ્રકાર, શ્રુતસ્તવ દોય લીજે જી, સિદ્ધસ્તવમાં પાંચ પ્રકાર, એ બારે અધિકારો જી, જીતનિર્યુક્તિમાંહે ભાખ્યા તેહમાંહે વિસ્તારો જી ॥ ૩ ॥ તંબોલ પાન ભોયણ-

વાણુહ, મેહુણ એક ચિત્ત ધારો જી, થુંક સલેખમ–વડીનીતિ લઘુનીતિ જુવટે રમવું વારો જી, એ દશે આશાતના મોટી વરજો જિનવર દ્વારો જી, ક્ષમાવિજયજિન એણીપરે જંપે,શાસનસુર સંભારો જી૪॥

---

## નંદીશ્વર દ્વીપની સ્તુતિ

નંદીશ્વર દ્વીપ સંભારું, બાવન ચૈામુખ જિનવર જુહારું; એકે એકે એકસો ચૈાવીશ, બિંબ ચૈાસઠસય અડતાળીશ ॥ ૧ ॥ દધિ મુખ ચાર રતિકર આઠ, એક અંજનગિરિ તેરે પાઠ; ચઉદિશિના એ બાવન જુહારું, ચાર નામ શાશ્વતાં સંભારું ॥ ૨ ॥ સાતદ્વીપ તિહાં સાગર સાત, આઠમેા દ્વીપ નંદીશ્વર વાત; એ કેવળીએ ભાખ્યું સાર, આગમ સાંભળેા જય જયકાર ॥ ૩ ॥ પહેલેા સુધર્મા બીજો ઇશાન, આઠ આઠ અગ્ર મહિષીનાં સ્થાન, સેાળ પ્રાસાદ તિહાં વાંદીજે, શાસનદેવી સાનિધ્ય કીજે ॥૪॥

---

## અધ્યાત્મની સ્તુતિ

વીતરાગ અરિહંત પૂજીએ, કેવળજ્ઞાનદર્શન લીજીએ, કર્મકલંક સબ પરિહરીએ નિષ્કલંક સિદ્ધિ વધૂ વરીએ ॥ ૧ ॥ ભેદ જ્ઞાની અનુભવી

આતમા, નિજપરભિન્ન મહાતમા, ક્ષપકશ્રેણિ આરોહણ ધ્યાનાત્તમા, સબ જૈન થયા સિદ્ધાતમા ॥ ૨ ॥ ષટ્‌દ્રવ્ય વસ્તુને ઓલખી, ગુણ પર્યાય સ્વભાવ લક્ષણ લખી, પર પાંચ અજીવ અકારણી, આતમજ્ઞાની ધર્મધારણી ॥ ૩ ॥ એહી દેવ પરમાતમ કીજીએ, સેવે સુરનર ઇંદ મન રીજીએ, તિહાં જ્ઞાન શીતલ જસ લીજીએ, પરમાનંદમય રસ પીજીએ ૪.

---

## શ્રી સુમતિનાથની સ્તુતિ

મોટા તે મેઘરથ રાય રે, રાણી સુમંગલા, સુમતિનાથજિન જન્મીઆ એ, આસન કંપ્યું તામ રે, હરિમન કંપીયા, અવધિજ્ઞાને નિરખતા એ, જાણ્યું જન્મ જિણંદ રે, ઊઠ્યા આસનથકી,સાત આઠ ડગ ચાલીઆ એ, કરજોડી હરિ તામ રે, કરે નમુથ્થુણું, સુમતિનાથના ગુણ સ્તવે એ ॥ ૧ ॥ હરિણેગમેષી તામ રે,ઇંદ્રે તેડીયા,ઘંટા સુઘોષા વજડાવીયા એ,ઘંટા તે બત્રીસ લાખ રે, વાગે તે વેળા, સુરપતિ સહુકો આવીયા એ,રચ્યું તે પાલક વિમાન રે,લાખ જોજનતણું, ઊંચું જોજન પાંચસો એ,હરિ બેસી તે માંહિ રે, આવે વાંદવા,જિન ઋષભાદિક વંદીઆ એ ॥૨॥ હરિ આવે મૃત્યુ લોક રે, સાથે સુર બહુ, કેતા ગજ

ઉપર ચડચા એ, ગરુડ ચડચા ગુણવંત રે, નાગ પ-
લાણીયા, સુરમલી જિનઘર આવીયા એ, ત્રણ પ્રદ-
ક્ષિણા દેઈ રે, પ્રણમી મંગલા, રત્નકુક્ષિ તારી સહી
એ, જન્મ્યા સુમતિજિણંદ રે, ત્રણ જ્ઞાન સહિત,
ધન્ય વાણી જિનજી તણી એ ॥ ૩ ॥ પંચરૂપ કરી
હાથ રે, ઇંદ્રે તેડીઆ, ચામર વીંજે દોય હરિ એ,
એક હરિ છત્ર ધરંત રે, વજ્ર કરે ગ્રહી, એક હરિ
આગળ ચાલતા એ, આવ્યા મેરુશૃંગે રે, પાંડુકવન
જિહાં, નવરાવી ધર મૂકીઆ એ, જક્ષ તુંબરુદેવ રે,
મહાકાલી જક્ષિણી, ઋષભ કહે રક્ષા કરો એ ॥૪॥

---

## સિદ્ધાચળની સ્તુતિ

શત્રુંજય સાહેબ પ્રથમ જિણંદ, નાભિભૂપ
કુલકમલ દિણંદ, મરુદેવીનો નંદ; જસ મુખ સોહે
પૂનમચંદ, સેવા સારે ઇંદ્ર નરિંદ્ર, ઉન્મૂલે દુખદંદ,
વાંછિત પૂરણ સુરતરુ કંદ, લંછન જેહને સુરભિ-
નંદ, ફેડે ભવભય ફંદ, પ્રણમે જ્ઞાનવિમલ સૂરીંદ,
જેહના અહોનિશ પદ અરવિંદ, નામે પરમાનંદ
॥૧॥ શ્રીસીમંધર જિનવર રાજે, મહાવિદેહે બાર
સમાજે, ભાવે એમ ભવિકાજે, સિદ્ધક્ષેત્ર નામે ગિરિ-
રાજે, એહ ભરત માંહે એ છાજે, ભવજલ તરણ

જહાજે, અનંત તીર્થંકર વાણી ગાજે, ભવિમન કેરા સંશય ભાંજે, સેવક જનને નિવાજે, વાજે તાલ કંસાલ પખાજે, ચૈત્રી મહોત્સવ અધિક દીવાજે, સુરનર સજી બહુ સાજે ॥ ૨ ॥ રાગ દ્વેષ વિષ ખીલ-ણમંત, ભાંજી ભવભય ભાવઠ ભ્રાંત; ટાલે દુઃખ દુરંત, સુખસંપત્તિ હોય જે સ્મરંત,ધ્યાયે અહોનિશ સવલા સંત, ગાયે ગુણ મહંત, શિવસુંદરી વશ કરવા તંત, પાપતાપ પીલણ એ જંત, સુણિએ તે સિદ્ધાંત, આણિ મોટી મનની ખાંત, ભવિયણ ધ્યાવો એકણચિત્ત, રાન વેલાઉલ હુંત ॥૩॥ આદિ જિને-સર પદ અનુસરતી, ચતુરંગુલ ઊંચી રહે ધરતી, દુરિત ઉપદ્રવ હરતી, સરસ સુધારસ વયણ ઝરંતી, જ્ઞાનવિમલગિરિ સાનિધ્ય કરંતી, દુશ્મન દુષ્ટ દલંતિ, દાડિમ પકવ કલી સમદંતી, જ્યોતિગુણ ઇહિ રાજી પંતી, સમકિત બીજ વપંતી, ચક્રેસરી સુરી સુંદરી હુંતી, ચૈત્રી પૂનમદિને આવંતી, જય જયકાર ભણંતી ॥ ૪ ॥

---

## सिद्धाचल स्तुति बीजी

સવિ મલિ કરી આવો, ભાવના ભવ્ય ભાવો, વિમલગિરિ વધાવો, મોતીયાં થાલ લાવો, જો હોય

શિવ જાવો, ચિત્ત તો વાત લાવો, ન હોય દુશ્મન દાવો, આદિ પૂજા રચાવો ॥૧॥ શુભ કેશર ઘોલી, માંહે કર્પુર ચોલી, પહેરી સિત પટોલી, વાસીયેં ગંધધુલી, ભરી પુષ્કરનોલી, ટાલીયે દુઃખ હોલી, સવિ જિનવર ટોલી, પૂજીયે ભાવ ભોલી ॥ ૨ ॥ શુભ અંગ અગ્યાર, તેમ ઉપાંગ બાર, વલી મૂલ-સૂત્ર ચાર, નંદી અનુયોગ દ્વાર, દશપયન્ના ઉદાર, છેદ ષટ્‌વૃત્તિ સાર, પ્રવચન વિસ્તાર, ભાષ્યનિર્યુક્તિ સાર ॥ ૩ ॥ જયજય જયનંદા, જૈન દૃષ્ટિ સુરીંદા, કરે પરમાણુંદા, ટાલતા દુઃખ દંદા, જ્ઞાનવિમલ સુરીંદા, સામ્યમાકંદ કંદા, વરવિમલગિરીંદા, ધ્યાનથી નિત્ય ભદ્દા ॥ ૪ ॥

---

## અથ આદીશ્વરની સ્તુતિ

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા, મરુ-દેવી માયા, ધોરી લંછન પાયા, જગત્ સ્થિતિ નિ-પાયા, શુદ્ધ ચારિત્ર પાયા, કેવલસિરિરાયા, મોક્ષ નગરે સિધાયા ॥ ૧ ॥ સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી. દુર્ગતિ દુઃખ ભારી, શોક સંતાપ-વારી, શ્રેણીક્ષપક સુધારી, કેવલાનંત ધારી, નમીયે નરનારી, જેહ વિશ્વોપકારી ॥ ૨ ॥ સમવસરણ

બેઠા, લાગે જે જિનજી મીઠા, કરે ગણુપ પઇટ્ઠા, ઇંદ્ર ચંદ્રાદિ દીઠા, દ્વાદશાંગી વરિટ્ઠા, ગુંથતા ટાલે રિટ્ઠા, ભવિજન હોય હિટ્ઠા, દેખી પુણ્યે ગરિટ્ઠા ॥ ૩ ॥ સુર સમકિતવંતા, જેહ ઋધ્ધે મહંતા, જેહ સજ્જન સંતા, ટાલીયે મુજ ચિંતા, જિનવર સેવંતા, વિઘ્ન વારે દૂરંતા, જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખ દિંતા ॥ ૪ ॥

---

## અથ મહાવીરસ્વામીની સ્તુતિ

ગૌતમ બોલે ગ્રંથ સંભાલી. એ દેશી.

વીર જગત્પતિ જન્મ જ થાવે, નંદન નિશ્રિત શિખર રહાવે, આઠ કુમારી ગાવે; અડગજદંતા હેઠે વસાવે, રૂચકગિરિથી છત્રીશ જાવે, દ્વીપ રૂચક ચઉ-ભાવે; છપ્પન્ન દિગ્કુમરી હુલરાવે, સૂતિકરમ કરી નિજ ઘર પાવે, શક સુઘોષા વજાવે, સિંહનાદ કરી જ્યોતિષી આવે, ભવનવ્યંતર શંખ પડહે મિલાવે, સુરગિરિ જન્મ મહોત્સવ ॥ ૧ ॥ ઋષભ તેર શશિ સાત કહીજે, શાંતિનાથ ભવ બાર સુણીજે, મુનિ-સુવ્રત નવ કીજે; નવ નેમીશ્વર નમન કરીજે, પાસ પ્રભુના દશ સમરીજે, વીર સત્તાવીશ લીજે, અજિ-

તાદ્દિક જિન શેષ રહીજે, ત્રણ ત્રણ ભવ સઘલે ઠવીજે, ભવ સમકિતથી ગણીજે, જિન નામ બંધ નિકાચિત કીજે, ત્રીજે ભવ તપ ખંતી ધરીજે, જિનપદ ઉદયે સીઝે ॥ ૨ ॥ આચારંગ આદે અંગ અગ્યાર, ઉવવાઇ આદે ઉપાંગ તે બાર, દશ પયન્ના સાર; છ છેદ સૂત્ર વિચિત્ર પ્રકાર, ઉપગારી મૂલ સૂત્ર તે ચાર, નંદી અનુયોગ દ્વાર; એ પીસ્તાલીશ આગમ સાર, સુણતાં લહીયે તત્ત્વ ઉદાર, વસ્તુ સ્વભાવ વિચાર; વિષયભુજંગિનીવિષ અપહાર, એ સમો મંત્ર ન કો સંસાર, વીરશાસન જયકાર ॥ ૩ ॥ નકુલ બીજોરું દોય કર ઝાલી, માતંગસુર શામકાંતિ તેજલી, વાહન ગજ શુંઢાલી; સિંહ ઉપર બેઠી રઢીયાલી, સિદ્ધાયિકા દેવી લટકાલી, હરિ તાભા ચાર ભુજલી, પુસ્તક અભયા જિમણે ઝાલી, માતુલિંગને વીણા રસાલી, વામ ભુજ નહીં ખાલી, શુભ ગુરુ ગુણ પ્રભુ ધ્યાન ઘટાલી, અનુભવ નેહશું દેતી તાલી, વીર વચન ટંકશાલી ॥ ૪ ॥

---

## ઋષભદેવ સ્વામીની સ્તુતિ

ત્યાસી લાખ પૂરવ ઘર વાસે, વસીયા પરિકર યુક્તા જી, જન્મ થકી પણ દેવ તરુ ફલ, ક્ષીરોદધિ

જલ ભોકતા જી; મઇ સુઅ ઓહિ નાણે સંજુત્ત, નયણ વયણ કજ ચંદા જી, ચાર સહસસ્યું દીક્ષા શિક્ષા, સ્વામી શ્રીઋષભજિણંદા જી ॥૧॥ મનઃપર્યવ તવ નાણ ઉપન્યું, સંયતલિંગ સહાવા જી, અઢી દ્વીપમાં સન્નિપંચેંદ્રી,જાણે મનોગત ભાવા જી; દ્રવ્ય અનંતા સૂક્ષ્મતીર્છા, અઢારસેં ખિત્ત ઠાયા જી; પલિયઅસંખભાગ ત્રિકાલિક, દ્રવ્ય અસંખ્યપર જાયા જી ॥૨॥ ઋષભ જિણેસર કેવલ પામી, રયણ સિંહાસન ઠાયા જી,અનભિલાપ્ય અભિલાપ્ય અનંતા, ભાગ અનંત ઉચરાયા જી, તાસ અનંતમે ભાગે ધારી ભાગ અનંતે સૂત્ર જી; ગણધર રચીયા આગમ પૂજી, કરીએ જન્મ પવિત્ર જી ॥ ૩ ॥ ગોમુખ જક્ષ ચક્રેસરી દેવી, સમકિત શુદ્ધ સુહાવે જી;આદિદેવની સેવ કરંતી, શાસન શોભ ચઢાવે જી, શ્રદ્ધા સંયુત જે વ્રતધારી, વિઘન તાસ નિવારે જી, શ્રી શુભવીર વિજય પ્રભુ ભગતે, સમરે નિત્ય સવારે જી ॥ ૪ ॥

સ્તુતિ સમાપ્ત

# અથ સ્તવન સંગ્રહ

## બીજ તિથિનું મોટું સ્તવન

### ઢાળ ૧ લી

( દેશી સુરતી મહિમાની )

સરસવચનરસ વરસતી, સરસતી કળા ભંડાર;
બીજ તણો મહિમા કહું, જિમ કહ્યો શાસ્ત્ર મોઝાર;
॥ ૧ ॥ જંબુદ્વીપના ભરતમાં, રાજગૃહી નગરી
ઉદ્યાન; વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા
રાજન ॥ ૨ ॥ શ્રેણિક નામે ભૂપતિ, બેઠા બેસણ
ઠાય; પૂછે શ્રી જિનરાયને, દ્યો ઉપદેશ મહારાય
॥ ૩ ॥ ત્રિગડે બેઠા ત્રિભુવનપતિ, દેશના દીએ
જિનરાય; કમળ સુકોમળ પાંખડી, એમ જિન હૃદય
સોહાય ॥ ૪ ॥ શશિ પ્રગટે જિમ તે દિને, ધન્ય તે
દિન સુવિહાંણ; એક મને આરાધતાં, પામે પદ
નિર્વાણ ॥ ૫ ॥

### ઢાળ ૨ જી

કલ્યાણક જિનનાં કહું, સુણ પ્રાણીજી રે;
અભિનંદન અરિહંત,એ ભગવંત ભવી પ્રાણીજી રે;
માઘ સુદિ બીજને દિને,સુણ૦પામ્યા શિવસુખ સાર,
હરખ અપાર. ભવિ૦ ॥૧॥ વાસુપૂજ્ય જિન બારમા,

સુણ૦ એહજ તિથે નાણ, સફળ વિહાણ, ભવિ૦ અષ્ટ કર્મ ચૂરણ કરી, સુણ૦ અવગાહન એક વાર મુક્તિ મોઝાર ભવિ૦ ॥ ૨ ॥ અરનાથ જિનજી નમું; સુણ૦ અષ્ટાદશમા અરિહંત, એ ભગવંત, ભવિ૦ ઉજ્જવળ તિથિ ફાગણની ભલી, સુણ૦ વરીયા શિવવધુ સાર, સુંદરનાર ભવિ૦ ॥ ૩ ॥ દશમા શીતળ જિનેશ્વરુ, સુણ૦ પરમપદની એ વેલ, ગુણની ગેલ, ભવિ૦ વૈશાખ વદિ બીજને દિને, સુણ૦ મૂકયો સરવે એ સાથ, સુરનર નાથ, ભવિ૦ ॥ ૪ ॥ શ્રાવણ સુદની બીજ ભલી; સુણ૦ સુમતિનાથ જિનદેવ, સારે સેવ, ભવિ૦ એણિ તિથિએ જિનજીતણાં સુણ૦ કલ્યાણક પંચેસાર, ભવનો પાર ભવિ૦ ॥ ૫ ॥

---

## ઢાળ ૩ જી

જગપતિ જિન ચોવીશમો રે લાલ, એ ભાખ્યો અધિકાર રે ભવિકજન, શ્રેણિક આદે સહુ મળ્યા રે લાલ, શક્તિતણે અનુસાર રે ભવિકજન, ભાવ ધરીને સાંભળો રે લાલ ॥ ૧ ॥ દોય વરસ દોય માસની રે લાલ, આરાધો ધરી ખંત રે; ભવિક૦ ઉજમણું વિધિ શ્યું કરે રે લાલ, બીજ તે મુક્તિ મહંત રે, ભવિક૦ ભાવ ॥૨॥ માર્ગ મિથ્યા દૂરે તજો રે લાલ,

આરાધો ગુણના થોક રે, ભવિક૦ વીરની વાણી સાંભળી રે લાલ, ઉછરંગ થયો બહુ લોક રે ભવિક૦ ભાવ ॥૩॥ એણિ બીજે કેઈ તર્યાં રે લાલ, વળી તરશે કરશે સંગ રે, ભવિક૦ શશિસિદ્ધિ અનુમાનથી રે લાલ, શૈલ નાગધાર અંક રે, ભવિક૦ ભાવ ॥૪॥ અષાડ સુદિ દશમી દિને રે લાલ, એ ગાયો સ્તવન રસાળ રે, ભવિક૦ નવલવિજય સુપસાયથી રે લાલ, ચતુર ને મંગળ માલ રે ભવિક૦ ભાવ ॥૫॥

---

## કળશ

એમ વીરજિનવર, સયલ સુખકર ગાયો અતિ ઉલટ ભરે, અષાડ ઉજવળ દશમી દિવસે, સંવત અઢાર અઠોતરે; બીજ મહિમા એમ વર્ણવ્યો, રહી સિદ્ધપુર ચોમાસ એ, જેહ ભવિક ભાવે સુણે ગાવે, તસ ઘર લીલવિલાસ એ ॥ ૧ ॥

---

## જ્ઞાનપંચમીનું સ્તવન

ઢાળ ૧ લી

દેશી રશીઆની

પ્રણમી પાર્શ્વ જિનેશ્વર પ્રેમશું, આણી ઉલટ અંગ ચતુર નર, પંચમી તપ મહિમા મહિઅલ ઘણો

કહેશું સુણજો રે રંગ. ચ૦ ॥૧॥ ભાવ ભલે પંચમી તપ કીજીએ, ઉપદેસે હો શ્રી નેમીશ્વરુ, પંચમી કરજો રે તેમ. ચ૦ ગુણમંજરી વરદત્ત તણી પરે, આરાધે ફળ જેમ. ચ૦ ભા૦ ॥ ૨ ॥ જંબુદ્વીપે ભરત મનોહરુ, નયરી પદ્મપુર ખાસ. ચ૦ રાજા અજિતસેનાભિધ તિહાં કણે, રાણી યશોમતી. તાસ. ચ૦ ભા૦ ॥૩॥ વરદત્ત નામે હો કુંવર તેહનો, કોઢે વ્યાપી રે દેહ. ચ૦ નાણ વિરાધીને કર્મ જે બાંધીઉં, ઉદયે આવ્યું રે તેહ. ચ૦ ભાવ૦॥૪॥ તેણે નયરે સિંહદાસ ગૃહી વસે, કપૂરતિલકા તસ નાર. ચ૦ તસ બેટી ગુણમંજરી રોગિણી, વચને મૂંગી અપાર. ચ૦ ભાવ૦ ॥ ૫ ॥ ચઉનાણી વિજયસેન સૂરીશ્વરુ,આવ્યા તિણ પુર જામ. ચ૦ રાજા શેઠ પ્રમુખ વંદન ગયા, સાંભળી દેશના તામ. ચ૦ ભાવ૦ ॥ ૬ ॥ પૂછે તિહાં સિંહદાસ ગુરુ પ્રત્યે, ઉપન્યો પુત્રીને રોગ. ચ૦ થઈ મૂંગી વલી પરણે કો નહીં, એ શ્યા કર્મના ભોગ ચ૦ ॥ ૭ ॥ ગુરુ કહે પૂરવ ભવ તમે સાંભળો, બેટક નયરે વસંત. ચ૦ શ્રી જિનદેવ તિહાં વ્યવહારીઓ,સુંદરી ગૃહિણીનો કંત. ચ૦ ભાવ૦ ॥ ૮ ॥ બેટા પાંચ થયા હવે તેહને, પુત્રી અતિ ભલી ચાર. ચ૦ ભણવા મૂકયા પાંચે પુત્રને, પણ ચપળ અપાર ચ૦ ભાવ૦ ॥ ૯ ॥

## ઢાળ ૨ જી

(શીરોહીનો શેલો હો કે—એ દેશી.)

તે સુત પાંચે હો કે, પઢણ કરે નહીં, રમત ર-
મતાં હો કે, દિન જાયે વહી. શીખવે પંડિત હો કે,
છાત્રને રીશ કરી; આવી માતાને હો કે, કહે સુત
રૂદન કરી ॥ ૧ ॥ માતા અધ્યારુ હો કે, અમને મારે
ઘણું, કામ અમારે હો કે નહીં ભણવા તણું. શંખ-
ણી માતા હો કે, સુતને શીખ દીએ; ભણવા મત જ-
જો હો કે, શું કંઠ શોષ કીએ ॥૨॥ તેડવા તુમને હો
કે, અધ્યારુ આવે; તો તસ હણજો હો કે, પુનરપિ
જિમ નાવે, શીખવી સુતને હો કે, સુંદરીએ તિહાં;
પાટી પોથી હો કે, અગ્નિમાં નાંખી દીયાં ॥ ૩ ॥ તે
વાત સુણીને હો કે, જિનદેવ બોલે ઇસ્યું, ફીટ રે
સુંદરી હો કે, કામ કર્યું કીસ્યું; મૂરખ રાખ્યા
હો કે, એ સર્વ પુત્ર તુમે; નારી બોલી હો કે, નવિ
જાણું અમે ॥ ૪ ॥ મૂરખ મોટા હો કે, પુત્ર થયા
જ્યારે; ન દીયે કન્યા હો કે, કોઈ તેહને ત્યારે,
કંત કહે સુણ હો કે, એ કરણી તુમચી;
વયણ ન માન્યાં હો કે, તે પહેલાં અમચાં ॥ ૫ ॥
એમ વાત સુણીને હો કે, સુંદરી ક્રોધે ચડી, પ્રીતમ
સાથે હો કે, પ્રમદા અતિહી વઢી, કંતે મારી હો કે,

તિહાંથી કાળ કરી, એ તુમ બેટી હો કે, થઈ ગુણ મંજરી ॥ ૬ ॥ પૂર્વ ભવે એણે હો કે, જ્ઞાન વિરાધીઉં, પુસ્તક બાળી હો કે, કર્મ જે બાંધીઉં, ઉદયે આવ્યું હો કે, દેહે રોગ થયો, વચને મૂંગી હો કે, એ ફળ તાસ લહ્યો ॥ ૭ ॥

## ઢાળ ૩ જી. લલનાની

નિજ પૂરવ ભવ સાંભળી, ગુણમંજરીએ ત્યાંહી લલના૦ જાતિસ્મણ પામીયું, ગુરુને કહે ઉત્સાહ, લલના, ભવિકા જ્ઞાન અભ્યાસીએ ॥૧॥ જ્ઞાન ભલો ગુરુજીતણો, ગુણમંજરી કહે એમ, લલના૦ શેઠ પૂછે ગુરુને તિહાં, રોગ જાવે હવે કેમ, લલના૦ ભ. ॥૨॥ ગુરુ કહે હવે વિધિ સાંભળો, જે કહ્યો શાસ્ત્રમોઝાર, લલના૦ કાર્તિક સુદિ દિન પંચમી, પુસ્તક આગળ સાર, લલના૦ ભવિ. ॥૩॥ દીવો પંચ દીવટ તણો, બીજીએ સ્વસ્તિક સાર, લલના૦ નમોનાણસ્સ ગુણું ગુણો, ચૌવિહાર ઉપવાસ, લલના૦ ભ. ॥૪॥ પડિકમણાં દોય કીજીએ, દેવવંદન ત્રણકાળ, લલના૦ પાંચ વરસ પાંચ માસની, કીજીએ પંચમી સાર, લલના૦ ભ. ॥ ૫ ॥ તપ ઉજમણું પારણે, કીજીએ વિધિનો પ્રપંચ, લલના૦ પુસ્તક આગળ મૂકવાં, સવળાં વાનાં પાંચ, લલના૦ ભવિ. ॥ ૬ ॥ પુસ્તક

ઠવણી પુંજણી, નવકારવાળી પ્રત, લલના૦ લેખણ ખડિયા દાભડા, પાટી કવલી જુક્ત લલના૦ ભ૦ ॥૭॥ ધાન્ય ફળાદિક ઢોઇએ, કીજીએ જ્ઞાનની ભક્તિ, લલના૦ ઉજમણું એમ કીજીએ, ભાવથી જેહવી શક્તિ, લલના૦ ભ૦ ॥૮॥ ગુરુવાણી એમ સાંભળી, પંચમી કીધી તેહ, લલના૦ ગુણમંજરી મૂંગી ટળી, નીરોગી થઈ દેહ, લલના૦ ભ. ॥ ૯ ॥

## ઢાળ ૪ થી

( યાદવરાય જઈ રહ્યો—એ દેશી )

રાજા પૂછે સાધુને રે, વરદત્ત કુમરને અંગ; કોઢ રોગ એ કિમ થયો રે, મુજ ભાખો ભગવંત સદ્ગુરુજી ધન્ય તમારું જ્ઞાન ॥ ૧ ॥ ગુરુ કહે જંબુદ્વીપમાં રે, ભરતે શ્રીપુરગામ;વસુનામા વ્યવહારીઓ રે, દોય પુત્ર તસ નામ. સદ્ગ૦ ॥૨॥ વસુસાર ને વસુદેવજી રે, દીક્ષા લીએ ગુરુ પાસ; લઘુ બંધવ વસુદેવને રે, પદવી દીએ ગુરુ તાસ. સદ્ગ૦ ॥ ૩ ॥ પંચશત અણગારને રે, આચારજ વસુદેવ; શાસ્ત્ર ભણાવે ખંતસુ રે, નહિ આળસ નિત્યમેવ. સદ્ગ૦ ॥ ૪ ॥ એક દિન સૂરિ સંથારીઆ રે, પૂછે પદ એક સાધ; અર્થ કહીઓ તેહને વળી રે, આવ્યો બીજો સાધ, સદ્ગ૦ ॥ ૫ ॥ એમ બહુ મુનિ પદ પૂછવા રે,

એક આવે એક જાય; આચારજની ઊંધમાં રે, થાય અતિ અંતરાય. સદ્દ૦ ॥ ૬ ॥ સૂરિ મને એમ ચિંતવે રે, કયાં મુજ લાગ્યું પાપ; શાસ્ત્ર મેં એ અભ્યાસીઆં રે, તો એટલો સંતાપ. સદ્દ૦ ॥ ૭ ॥ પદ ન કહું હવે કેહને રે, સઘળાં મૂકું વિસાર; જ્ઞાન ઉપર એમ આણીએ રે, ત્રિકરણ ક્રોધ અપાર, સદ્દ૦ ॥ ૮ ॥ બાર દિવસ અણબોલીયા રે, અક્ષર ન કહ્યો એક; અશુભ ધ્યાને તે મરી રે, એ સુત તુજ અવિવેક. સદ્દ૦ ॥ ૯ ॥

## ઢાળ ૫ મી

( મુખને મરકલડે—એ દેશી )

વાણી સુણી વરદત્તે જી, જાતિ સ્મરણ લહ્યું; નિજ પૂર્વભવ દીઠો જી, જેમ ગુરુએ કહ્યું; વરદત્ત કહે તવ ગુરુને જી, રોગ એ કેમ જાવે; સુંદર કાય હોવે જી, વિદ્યા કેમ આવે ॥૧॥ ભાખે ગુરુજી ભલી ભાત જી, પંચમી તપ કરો; જ્ઞાન આરાધો રંગે જી, ઉજમણું કરો; વરદત્તે તે વિધિ કીધી જી, રોગ દૂરે ગયો; ભુક્ત ભોગી રાજ્ય પાળી જી, અંતે સિદ્ધ થયો ॥૨॥ ગુણમંજરી પરણાવી જી, શાહ જિનચંદ્રને; સુખ ભોગવી પછી લીધું જી, ચારિત્ર સુમતિને; ગુણમંજરી વરદત્તે જી, ચારિત્ર પાળીને; વિજય વિમાને

પહોંચ્યાં જી, પાપ પ્રજાળીને ॥ ૩ ॥ ભોગવી સુર સુખ,તિહાંથી જી ચવિયા દોય સુરા; પામ્યા જંબૂ-વિદેહે જી, માનવ અવતારા; ભોગવી રાજ્ય ઉદારાજી, ચારિત્ર લીએ સારા; હુવા કેવળજ્ઞાની જી, પામ્યા ભવપારા ॥ ૪ ॥

ઢાળ ૬ ઠ્ઠી

( ગિરિથી નદીઆં ઊતરે રે લોલ—એ દેશી )

જગદીશ્વર નેમીસરુ રે લોલ, એ ભાખ્યો સંબંધ રે સોભાગી લોલ;બારે પર્ષદા આગળે રે લોલ, એ સઘળો પ્રબંધ રે. સો૦ ॥ ૧ ॥ પંચમી તપ કરવા ભણી રે લોલ, ઉત્સુક થયા બહુ લોક રે. સો૦ મહાપુરુષની દેશના રે લોલ, તે કિમ હોવે ફોક રે. સો૦ ॥ ૨ ॥ કાર્તિક સુદિ જે પંચમી રે લોલ, સૌભાગ્યપંચમી નામ રે. સો૦ સૌભાગ્ય લઈએ એહથી રે લોલ, ફળે મનવંછીત કામ રે. સો૦ ॥૩॥ સમુદ્રવિજય કુલસેહરો રે લોલ, બ્રહ્મચારી શિરદાર રે. સો૦ મોહનગારી માનિની રે લોલ, રૂડી રાજુલ નાર રે. સો૦ ॥ ૪ ॥ તે નવિ પરણી પદ્મિણી રે લોલ, પણ રાખ્યો જેણે રંગ રે. સો૦ મુક્તિમહેલમાં બેહુ મલ્યાં રે લોલ, અવિચળ જોડ અભંગ રે. સો૦ ॥ ૫ ॥ તેણે એ મહાત્મ્ય ભાખીયો રે લોલ,

પાંચમનો પ્રગટ રે. સો૦ જે સાંભળતાં ભાવશું રે લોલ, શ્રી સંઘને ગહગહ રે. સોભા૦ ॥ ૬ ॥

---

## કળશ

એમ સયળ સુખકર સયળ દુખહર, ગાયો નેમિ જિણેસરો, તપગચ્છ રાજા વડ દિવાજા, વિજયાનંદ સૂરિસરો, તસચરણપદ્મપરાગમધુકર કોવિદકુંવરવિજયગણી,તસ શિષ્ય પંચમીસ્તવન ભાખે, ગુણવિજય રંગે મુનિ ॥ ૭ ॥

---

## एकादशी स्तवन

### ઢાળ ૧ લી

( ચંદ્રાવલાની દેશી )

દ્વારિકા નગરી સમોસર્યા રે,ભાવીશમો જિનચંદ, એ કર જોડી ભાવશું રે,પૂછે કૃષ્ણ નરિંદ–પૂછે કૃષ્ણ નરિંદ વિવેકે,સ્વામી અગીઆરસ માની અનેકે,તેહ તણો કારણ મુજ દાખો, મહિમા તિથિનો યથાર્થ ભાખો જી. જિણંદજી રે ॥ ૧ ॥ નેમિ કહે કેશવ સુણો રે પર્વ વડું છે એહ,કલ્યાણક જિનનાં કહ્યાં રે,

દોઢસો એણે દિન જેહ, દોઢસો એણે દિન સૂત્રપ્ર-
સિદ્ધાં,કલ્યાણક દશ ક્ષેત્રનાં લીધાં, અતીત અનાગ-
ત ને વર્તમાન, સર્વ મળી દોઢસો તસ માન. જી૦
॥૨॥ કલ્પવૃક્ષ તરુમાં વડો રે, દેવમાંહે અરિહંત,
ચક્રવર્તી નૃપમાં વડો રે, તિથિમાં તિમ એ હુંત,
તિથિમાં તિમ એ હુંત વડેરો; ભેદે કર્મ સુભટનો
ઘેરો; મૌન આરાધ્યો શિવપદ આપે,સંકટ વેલતણા
મૂળ કાપે. જી૦ ॥૩॥ અહોરત પોષહ કરી રે મૌન
તપ ઉપવાસ, અગીઆર વરસ આરાધીએ રે, વળી
અગીયારહ માસ, વળી અગીયારહ માસ જે સાધે,
મનવચ કાયે શુદ્ધ આરાધે, ભવ ભવ સુખીઆ તે
નર થાશે, સુવ્રત શેઠ પરેં ગવરાશે. જી૦ ॥૪॥
કૃષ્ણ કહે સુવ્રત કીસ્યો રે કેમ પામ્યો સુખ શાત,
નેમિ કહે કેશવ સુણો રે સુવ્રતનો અવદાત, સુવ્રત-
નો અવદાત વખાણું, ધાતકીખંડ વિજયપુર જાણું,
પૃથ્વીપાળ તિહાં રાજા વિરાજે, ચંદ્રાવતી રાણી
તસ છાજે. જી૦ ॥ ૫ ॥ વાસ વસે વ્યવહારીઓ રે
સુર નામે તિહાં એક, સદ્ગુરુ મુખે એક દિન ગ્રહી
રે અગીઆરસ સુવિવેક–અગીઆરસ સુવિવેકે
લીધી; રૂડી ઉજમણાની વિધિ કીધી; પેટશૂળથી
મરણ લહીને; પહોંચ્યો અગીઆરમે સ્વર્ગ વહીને.
જી૦ ॥ ૬ ॥ એકવીશ સાગર તણું રે, પાળી

નિરુપમ આય, ઉપન્યો જિહાં તે કહું રે, સુણજો જાદવરાય–સુણજો જાદવરાય એક ચિત્તે, સૌરીપુરી વસે શેઠ સમૃદ્ધિદત્તે, પ્રીતીમતી તસ ઘરણીને પેટે, પુત્રપણે ઉપન્યો પુણ્ય ભેટેજી. જી૦૫૫ જન્મ સમયે પ્રગટ હુવો રે ભૂમિથી સબળ નિધાન, ઉચિત જાણી તસ થાપીઉં રે, સુવ્રત નામ પ્રધાન, સુવ્રત નામ ઠવ્યું માયતાયે, વાધ્યો કુમર કળાનિધિ થાયે; અગીઆર કન્યા વર્યો સમજોડી, અગીઆર હોય ઘર સુવર્ણ કોડીજી. જી૦૫૬ વિલસે સુખ સંસારનાં રે દોગુંદક સુર જેમ, અન્ય દિવસ સદ્ગુરુ મુખે રે, દેશના નિસુણી એમ, દેશના નિસુણી એમ મહાતમ, બીજ પ્રમુખ તિથિઓ અતિ ઉત્તમ, સાંભળીને ઇહાપોહ કરતે, જાતિસ્મરણ લહ્યું ગુણવંતે જી. જી૦ ૫૭ કરજોડી સુવ્રત એમ ભણે રે, વરસ દિવસમાં સાર; દિવસ એક મુજ દાખવો રે જેહથી હોય ભવપાર, જેહથી હોય ભવપાર તે દાખો, ગુરુ કહે મૌનએકાદશી રાખો, તહત્તી કરી વિધિશું આરાધે, માગશર સુદિ એકાદશી સાધે. જી. ૫૮ શેઠને સુખીયો દેખીને રે,જન કહે એ ધર્મસાર; પ્રેમ સહિત આરાધતાં રે, કાંતિવિજય જયકાર, કાંતિવિજય જયકાર સદાઈ; નિત્ય નિત્ય સંપદા હોઈ સવાઇ, એહતિથિ સકલતણે મનભાવી, પહેલી ઢાળ

કહી સુખદાઈ જી. જી૦ ॥૧૧॥

ઢાળ ૨ જી

એક દિવસે રે શેઠ સુવ્રત પોસહ ધરે,સહકુટું-
બે રે રયણી સમય કાઉસગ્ગ કરે, તવ આવ્યો રે
ચોર લેવા ધન આંગણે, કશી બાંધે રે ધનની ગાંસડી
તત્ક્ષણે ત્રુટક–તત્ક્ષણે બાંધ્યો દ્રવ્ય બહુલો, શિર ઉ-
પાડી સંચરે, તવ દેવ શાસનતણે થંભ્યા ચોર અ-
તિચિંતા કરે, દીઠા પ્રભાતે કોટવાળે, બાંધી સોંપ્યા
રાયને, વધ હુકમ દીધો રાયે તવ તિહાં, શેઠ આવ્યા
ધાઇને. ॥૧૨॥ નૃપ આગળ રે શેઠ મૂકી તિહાં ભેટ-
ણું, છોડાવ્યું રે ચોર સહુનું બંધણું, જગ વાધ્યો રે
મહિમા શ્રી જિનધર્મનો, કેઈ છંડે રે મિથ્યાત્વ
મારગ ભર્મનો, ત્રુટક–મિથ્યાત્વમારગ તજી પુરજન
જૈન ધર્મ અંગીકરે, એક દિવસ ધગ ધગ કરત
ઉદ્ભટ અગ્નિ લાગ્યો તિણે પુરે, બાળે મંદિર હાટ
સુંદર લોક નાઠા ધસમસી, સહકુટુંબ પૌષધ સહિત
તીણે દિન શેઠ બેઠા સમરસી. ॥૧૩॥ જન બોલે રે
શેઠ સલુણા સાંભળો; હઠ કાં કરો રે નાસો અગ્નિમાં
કાં બળો, શેઠ ચિંતવે રે, પરિષહ સહશું તે સહી,
વ્રત ખંડન રે એણે અવસરે કરવું નહિ, ત્રુટક–
નહિ યુક્ત મુજને વ્રત વિલોપન એમ રહ્યો દઢતા

ગ્રહી, પુર બળ્યું સઘળું શેઠના ઘર હાટ તે ઉગર્યાં સહી, પુરલોક અચરિજ દેખી સઘળો, અતિ પ્રશંસે દૃઢપણે૦, હવે શેઠ સંગ્રહ કરે રૂડો ઊજમણું કરવા તણે૦.॥૧૪॥ મુક્તાફળ રે મણીમાણીકય ને હીરલા, પીરોજા રે વિદ્રુમ ગોલક અતિભલા, સુવર્ણાદિક રે સપ્તધાતુ મેલે રૂડી,ક્ષીરોદક રે પ્રમુખ વિવિધ અંબર વલી, ત્રુટક–વળી ધાન્ય ને પકવાન્ન બહુવિધ ફળ ફૂલ મન ઊજળે,અગીઆર સંખ્યા એક એકની ઠવે શ્રી જિન આગળે, જિન ભક્તિ મંડે દુરિત ખંડે, લાભ લે નરભવ તણે૦, મહિમા વધારે સુવિધિ ધારે, ભવ સુધારે આપણે૦.॥૧૫॥ સાતે ક્ષેત્ર રે ખરચે ધન મન ઉલ્લસી, સંઘપૂજા રે સ્વામી ભક્તિ કરે હસી, દીયે મુનિને રે જ્ઞાનોપગરણ શુભ મને, અગીઆરસ રે એમ ઉજવી તેણે સુવ્રતે, ત્રુટક–તેણે સુવ્રતે એક દિવસ વાંદ્યા, સૂરિજયશેખરગુરુ, સુણી ધર્મ અનુમતિ માગી વ્રતની, લીએ સંયમ સુખકરુ, અગીઆર તરુણી ગ્રહી સંયમ તપ તપી અતિ નિર્મળું, લહી નાણ કેવળ મુક્તિ પહોંચ્યા લહ્યું સુખ ધન ઊજળું.॥૧૬॥ દોય શય છઠ રે, એક સો અઠમ સાર રે, ષટમાસી રે, એક ચોમાસી ચાર રે, ઇત્યાદિક રે સુવ્રત મુનિવર તપ કરે, અગીઆરસ રે, તિથિ સેવે મુનિ મન ખરે, ત્રુટક–મન ખરે પાળે શુદ્ધ સંયમ,

એક દિન એક ઋષિ તણે, થઈ ઉદર પીડા તેણે દિવસે, અછે સુવ્રત વ્રતપણે, એક દેવ વૈરી પૂર્વ ભવનો ચળાવા આવ્યો સહી, મુનિરાય સુવ્રત તણે અંગે, વેદના કીધી વહી ॥૧૭॥ સમતા ધરી રે, નિશ્ચલ મેરુ પરે રહ્યો, સુર પરિસહ રે, સ્થિર થઈને સાસહ્યો, નવિ લોપે રે, મૌન સુવ્રત મુનિરાજીઓ, ઔષધપણ રે, સુર દાખ્યો પણ નવિ કીએ, ત્રુટક– નવિ કીએ ઔષધ રોગ હેતે, અસુર અતિ કોપે ચઢયો, પાટુ પ્રહારે હણ્યો ત્યારે મિથ્યામતિ પાપે મઢયો, ઋષિ ક્ષપકશ્રેણી ચઢીઓ કેવળ લહી મુકતે ગયો, એમ ઢાળ બીજી કાંતિ ભણતાં સકળ સુખ મંગલ થયો ॥ ૧૮ ॥

---

## ઢાળ ૩ જી

સુણીએ હો જિન સુણીએ–એ દેશી.

ભાખી હો જિન ભાખી નેમિજિણંદ, એણીપરે હો જિન એણી પરે સુવ્રતની કથાજી, સદ્દહે હો જિન સદ્દહે કૃષ્ણ નરિંદ, છેદન હો પ્રભુછેદન ભવ ભયની વ્યથા જી ॥૧॥ પર્ષદા હો જિન પર્ષદાલોક તે વાર, ભાવે હો તિહાં ભાવે અગીઆરસ ઉચરીજી, એહથી હો એમ એહથી ભવિક અપાર, સહેજે હો

ભવ સહેજે ભવસાગર તરીજી ॥ ૨૦ ॥ તારક હો જિન તારક ભવથી તાર, મુજને હો પ્રભુ મુજ નિર્ગુણીને હિત કરીજી, તરસું હો જિન તરસું જો તપ સાધ, તુમચી હો પ્રભુ તુમચી તિહાં મોટીમ કીશીજી ॥ ૨૧ ॥ સાચી હો જિન સાચી ચિત્ત અવધાર, કીધી હો એમ કીધી મેં તારી ચાકરીજી, દઇશ હો જિન દઇશ તું સમાધિ, એવડી હો જિન એવડી કાંઈ ગાઢીમ ઇશીજી ॥ ૨૨ ॥ છેહડો હો તુજ છેહડો સાહ્યો આજ, મોટી હો જિન મોટી મેં આશા કરીજી, દીધા હો જિન દીધા વિણ મહારાજ, છૂટીશ હો કેમ છૂટીશ કિમ વિણ દુખ હરીજી ॥ ૨૩ ॥ ભવ ભવ હો જિન ભવભવ સરણું તુજ, હોજો હો જિન હોજો કહું કેતું વળીજી, દેજો હો જિન દેજો સેવા મુજ, રંગે હો પ્રભુ રંગે પ્રણમું ળળી ળળીજી ॥ ૨૪ ॥ ત્રીજી હો એહ ત્રીજી પૂરી થઈ ઢાળ, પ્રેમે હો એમ પ્રેમે કાંતિવિજય કહેજી નમતાં હો પ્રભુ નમતાં નેમિ દયાળ, મંગલ હો ધરી મંગલ માલા મહમહેજી ॥ ૨૫ ॥

## કળશ

એમ સકલ સુખકર દુરિત ભયહર, ભવિકતરુ નવજળધરુ, ભવતાપવારક જગતતારક, જયો જિનપતિ જગગુરુ, સત્તરસે ઓગણોતેર વરસે, રહી ડભોઇ ચોમાસએ, સુદિમાસ મૃગશર તિથિ અગીઆરસ રચ્યો ગુણ સુવિલાસએ ॥ ૧ ॥ થઈ થુઈ મંગલ કોટી ભવના પાપ પડલ દૂરે હરે, જયવાદ આપે કીર્તિ થાપે સુજસ દશ દિશિ વિસ્તરે; તપગચ્છ નાયક વિજયપ્રભગુરુ, શિષ્ય પ્રેમવિજય તણો, કહે કાંતિ સુણતાં ભવિક ભણતાં, પામીએ મંગલ અતિ ઘણો ॥ ૨ ॥

---

## પદ્મવિજયજી કૃત

### શ્રી સાધારણ જિન કલ્યાણક સ્તવન

દુહા–પ્રણમી પાસ જિનેસર, સદ્‌ગુરુને સુપસાય, પંચ કલ્યાણકે ગાયશું, સાધારણ જિનરાય ॥૧॥ ચ્યવન જન્મ વ્રત કેવલ, પંચમી વલી નિરવાણ, એક કલ્યાણક ગાયશું, હોય કલ્યાણ કલ્યાણ ॥ ૨ ॥ નર નારી તે ધન્ય છે, જીણે કલ્યાણક દીઠ, તે સુરવર

પણ ધન્ય જેણે, મોચ્છવ કીધ ઉકીઠ. ॥ ૩ ॥ એક કલ્યાણક જેણે દિને,તે દિન હોય અનંત; કલ્યાણક તેણે કારણે, કરીયેં સમકિતવંત. ॥ ૪ ॥ આંખ મીચિ ઉઘાડીએ, નહિ સુખ તેતિવાર; સુખીઆ ભિન્નમુહૂર્ત લગેં, નારક પણ હોય સાર. ॥૫॥ ઇંદ્ર ચોસઠ આવે તિહાં, મોચ્છવ કરવા કાંમ; કરી મોચ્છવ સ્તવનાવલી, જાય નંદીશ્વર ઠાંમ. ॥ ૬ ॥ તિહાં અઠાઈ મોચ્છવ કરી, જાએ નિજ આવાસ; એમ એક કલ્યાણકે, કરતાં હર્ષ ઉલ્લાસ. ॥૭॥ પ્રભુ ગુણની અદ્‌ભુતતા, અચરિજતા ગુણ ગેહ; રોમકૂપ વિકસે વલી, લાભ લહે બહુ તેહ ॥ ૮ ॥

## ઢાળ ૧ લી

જબ ઉપજે જી, જનનીકુખેં જિનવરા, તવ ઇંદો જી આસનથી ઊઠે ત્વરા; પ્રભુ સામા જી,સાત આઠ પગલાં ભરે, કર જોડી જી,શક્રસ્તવ ઇમ ઉચરે ॥૧॥ ઉલાલો-ઉચરે હર્ષે અતિપ્રકર્ષે, ઉપન્યો તીર્થંકરો, પહિણુસ્વામિગોત્ર જેહનાં, દ્રવ્ય જિનઘર સંહરો, ધન્ય દિન આજનો જાણો, તીર્થપતિ સેવા મલી, મનમાંહે રાચો અને નાચો,કરો સ્તવનાવલી ॥૨॥ ચૌદ સ્વપનાં જી, જનની દેખે તામ એ; પૂછે પતિજી, સ્વપન પાઠક તે ઠામ એ; તેહ ભાખે જી,

સ્વપન વિચાર સોહામણો; સુત હોસે જી, ત્રિભુવન-જનમનકામણો ॥૩॥ કામણો શાશ્વત સુખ જ કેરો ચઉદ રાજહલોકને, અચ્યભાવે જવા માટે કારણો ભવી થોકને; સુણીય નરપતિ મનોવાંચ્છિત દાન આપી તેહને; ગર્ભપોષણ ક્રિયા કરતાં મોદ વાધે જેહને ॥૪॥ ગર્ભ વાધે જી, સંપૂર્ણ દોહલેં કરી, કલ્યાણક જી,ચ્યવન મોચ્છવ કરતા હરિ; મનચિંતે જી એ સંસારસાગર તરી,પુણ્યે પામ્યા જી જિનવર સેવા સુખકરી ॥૫॥ સુખ કરી સેવા લહીય મેવા પરમેષ્ઠિપદ ધ્યાઇએ, આયંબિલ એકાસણું નિવિ, પૌષધે આરાધીએ;આરાધતાં પ્રભુ સાંભલે તેણે નિર્જરા બહુ પાઇએ, ભક્તિ શક્તિ તીર્થપતિના ભાવિકજન ગુણ ગાઇએ ॥ ૬ ॥

## ઢાળ ૨ જી

( હવે ભાઈ માળ પહેરાવો—એ દેશી )

જબ જનમ્યા જિનવર રાય, તબ ત્રિભુવન જન સુખ પાયા; મંદમંદ વાયુ તિહાં વાય, સવિ ઋતુ પરીપાક સોહાય ॥ ૧ ॥ પંખી સુપ્રદક્ષિણા દેતા, સવિ ગ્રહ ઊંચ સ્થાનકે રહેતા; છપન્નદિક્કુમરી જાણે, આવે અતિહર્ષભરાંણે ॥ ૨ ॥

તેહ સુતિકકર્મ કરીને; ગુણ ગાય મોદ ધરીને, જબ સવિ નિજસ્થાનકે જાય, તબ ઇંદ્રઆસન ડોલાય ॥ ૩ ॥ સુઘોષા ઘંટા વજડાવે, સવિ દેવને જાંણ કરાવે; અનુક્રમે જિન જનની પાસેં, આવી પ્રણમે મન ઉલ્લાસે ॥ ૪ ॥ લઇ જાય મેરુગિરિશૃંગ, મિલે ચોસઠ ઇંદ્ર સુચંગ, કરે સ્નાત્રમોચ્છવ મન રંગ; ગુણ ગ્રામ કરે પ્રભુ સંગ ॥ ૫ ॥ સોંપે વલી માતાને આવી, સ્તવના કરતા મન ભાવી; વર્ષે તિહાં અતિ વસુધાર, જિનવર ઘર ભરીય ઉદાર ॥ ૬ ॥ પોહોંતા નિજનિજ આવાસ, નૃપતિ નિરખે વિહાણે ઉલ્લાસ; ભૂપતિ મન હરખિત થાય, કરે જન્મમોચ્છવ વલી રાય ॥ ૭ ॥

## ઢાળ ૩ જી

( સારદ બુવદાઈ—એ દેશી )

હવે લોકાંતિક સુર, કહે બુઝો ભગવંત, પ્રભુ અવધિ દેખે,ભોગ કરમનો અંત;તવ દાન સંવત્સરિ, દેતાં વાંછિત તંત, હયગયમણીમાણેક, પુરે દેવ-મહંત ॥ ૧ ॥ ત્રુટક—પુરે દેવ મહંત તે લાવી, વરી વરીઆ ઘોષાવે,એક કોડી આઠલાખ નિરંતર,લેખો દાનનો થાવે; વરસમાં ત્રણસેં કોડિ અઠ્યાસી, ઉપર

એંશી લાખ, કંચન વરસી જગ ઉરણ કરે કલ્પ વૃત્તિની સાખ ॥ ૨ ॥ દીક્ષા અવસરે હવે આસન ઇન્દ્રનું ડોલે,તવ અવધિ પ્રયુંજે અવસર લઈ એમ બોલે; જિનદીક્ષામોચ્છવ કરવાને અમે જઇસ્યું, સહુ સુણજો દેવા લાભ અનંત ઉપાઇસ્યું ॥ ૩ ॥ ત્રુટક–લાભ અનંત ઉપાઇસ્યું દેવા એમ કહીને તિહાં આવે; રત્નકનકમણીમૃન્મયકેરા કલસા અધિક સોહાવે, નવરાવી શિબિકા બેસાડી; વનખંડે જિન લાવે, શુભથાનકે ઊતરવા કારણ શિબિકાને તિહાં ઠાવે ॥ ૪ ॥ હવે જિન નિજહાથે આભૂષણ ઉતારે, માનુ કર્મનિકંદે તિમ શિરકેશ વિડારે; પૂછે સોહમ ઇંદો કોલાહલ તિહાં વારે, પ્રભુ સામાયિકનો કરે ઉચ્ચાર તે વારે ॥૫॥ ત્રુટક–કરે ઉચ્ચાર તે વારે પ્રભુને ઉપજે ચોથું જ્ઞાન; ખંધે ઇંદ્ર વસ્ત્ર એક મૂકે લાખ મૂલનું માન, પ્રભુ તિહાંથી હવે આગલ વિચરે; હરીભાંથી હરિ જેમ, સહુ નિજ નિજ સ્થાનક વલી આવે, તૃતીય કલ્યાણક એમ ॥ ૬ ॥

## ઢાળ ૪ થી

( ચોપાઈની દેશી )

લઈ દીક્ષા પ્રભુ કરે વિહાર, અપ્રતિબધપણે સુખકાર; કોઇકિ ઠાંમ કાઉસગ્ગ રહે, પરિસહ ઉપસર્ગ

સવલા સહે ॥ ૧ ॥ જેહને જેટલો છદ્મસ્થ કાલ, તેટલો કાલ તપે સુવિશાલ; અનુક્રમે વધતે શુભ પરિણામ, શુકલધ્યાન અંતર જબ ઠામ ॥૨॥ જ્ઞાન દર્શન આવરણ ને મોહ,વલી અંતરાય તે ચોથો જોહ; ઘાતિ ચાર હણી વડવીર, બારમે ગુણ ઠાણે તે ધીર ॥ ૩ ॥ નિર્મલ ઉપજે કેવલજ્ઞાન, ચાર નિકાયસું હોવે જાણ; કેવલજ્ઞાન મહોચ્છવ કરે, સમોવસરણ વિરચે તત્પરે ॥ ૪ ॥ ગણધરની કરે તિહાં થાપના, દ્વાદશાંગી વિરચે શુભમના; ચાર પ્રકારે સંઘ થપાય, પાંત્રીશ ગુણવાણી ઉચરાય ॥ ૫ ॥ અતિશય પણ ચોત્રીશ પુરાય, કોડી દેવ નિકટે જિનરાય; ભવિક જીવને કરે ઉપકાર, લોકાલોકના જાણણહાર ॥૬॥

## ઢાળ પાંચમી.

ઉલાલાની દેશી.

વિચરતા અવસર જાણી રે આદરે અણસણ નાણી રે;કોઇક કાઉસગ્ગે રહેતા રે,પર્યંકાસને કેતા રે ॥ ૧ ॥ વેદની આયુગોત્ર નામ રે, એહનો ક્ષય હુવો જામ રે; સિદ્ધિ સમયમાં વરીયા રે,ઇંદ્રા શોકમાં ભરીયા રે ॥૨॥ આવે જિનવર પાસે રે,મૂકે આંશુ નિસાસે રે; પ્રદક્ષિણા દઈ એમ બોલે રે, કિમ નવિ જિન વચન ખોલે રે ॥ ૩ ॥ એમ વિલવે તિહાં દેવ રે,

ચય વિરચે તત્ખેવ રે; અગ્નિકુમારને વાય રે,મેઘકુમાર સુર આય રે ॥૪॥ નિજ નિજ કારજ કરતા રે, પણ ઉછાહ ન ધરતા રે, જિન ગણધર મુનિરાય રે,ચયત્રિક કરે તેણે ઠાય રે ॥ ૫ ॥ હવે જિનદાઢા ને દંત રે, અસ્થિને ભસ્મ જે હુંત રે;તે લીયે નિજ નિજ યોગ રે, જિનવિરહતણો એ શોગ રે ॥ ૬ ॥ થુભ રચે ત્રણ સાર રે, જિન ગુણ ગાય ઉદાર રે, પ્રભુ વિણ નહિ કોઈ આધાર રે, જાય નંદીશ્વર ઠાર રે ॥ ૭ ॥ મોચ્છવ તિહાં કરી દેવ રે, જાય નિજ નિજ થાનક હેવ રે, સમુદ્ગમાં જિનદાઢા મૂકે રે, તસ વિનયાદિ ન ચૂકે રે ॥૮॥ ભગવતી અંગે એ ભાખ્યું રે, જંબુદ્વિપપન્નતિએ દાખ્યું રે; શુદ્ધભાખી ચિત્ત રાખ્યું રે, મોક્ષ કલ્યાણક આખ્યું રે ॥ ૯ ॥

---

## કળશ

ઇમ પણ કલ્યાણક સુગુણ ઠાણક પામીએ આરાધતાં, સાકે સોલ ખ્યાસી વરસેં, ઉદ્યમ હર્ષ તે વાધતાં; સાહ નાગજી કહેણથી સાધારણ જિન ગાઇયા, ક્ષમાવિજય જિન ઉત્તમ નામેં પદ્મવિજયે ખ્યાઇયા ॥ ૧ ॥ ઇતિ

## सिद्धचक्रनुं स्तवन १

નવપદ ધરજો ધ્યાન, ભવિજન નવપદ ધરજો ધ્યાન,એ નવપદનું ધ્યાન કરતાં,પામે જીવ વિશ્રામ, ભવિજન૦ ॥૧॥ અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સયલ ગુણ ખાણ, ભવિ. ॥ ૨ ॥ દર્શનજ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન ભવિ. ॥ ૩ ॥ આસો ચૈત્રી સુદિ સાતમથી, પૂનમ લગી પ્રમાણ, ભવિ. ॥૪॥ એમ એકાશી આંબિલ કીજે, વરસ સાડાચારનું માન, ભવિ. ॥૫॥ પડિક્કમણાં દોય ટંકનાં કીજે,પડિલેહણ બે વાર, ભવિ. ॥૬॥ દેવવંદન ત્રણ ટંકનાં કીજે, દેવ પૂજો ત્રિકાળ, ભવિ. ॥૭॥ બાર આઠ છત્રીસ પચવીસનો, સત્તાવીસ સડસઠ સાર, ભવિ. ॥ ૮ ॥ એકાવન સીત્તેર પચાસનો, કાઉસગ્ગ કરો સાવધાન, ભવિ. ॥૯॥ એક એક પદનું ગુણણું ગણિએ, ગણિએ દોય હજાર, ભવિ. ॥ ૧૦ ॥ એણે વિધિ જે એ તપ આરાધે, તે પામે ભવપાર; ભવિ. ॥ ૧૧ ॥ કર જોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણમણિમાલ, ભવિ. ॥૧૨॥ તાસ શિષ્ય મુનિ હેમ કહે છે, જન્મ મરણ દુખ ટાલ. ભવિ. ॥ ૧૩ ॥

## સિદ્ધચક્રનું સ્તવન ૨

સિદ્ધચક્રને ભજીએ રે, કે ભવિયણ ભાવધરી, મદમાનને તજીએ રે, કે કુમતિ દૂર કરી, પહેલે પદે રાજે રે, કે અરિહંત શ્વેતતણુ, બીજે પદે છાજે રે, કે સિદ્ધ પ્રગટ ભણું, સિ૦ ॥૧॥ ત્રીજે પદે પીળા રે કે આચારજ કહીએ, ચોથે પદે પાઠ કરે, કે નીલવર્ણ લહીએ, સિ૦ ॥ ૨ ॥ પાંચમે પદે સાધુ રે, કે તપ સંયમશૂરા, શ્યામવર્ણે સોહે રે, કે દર્શનગુણ પુરા, સિ૦ ॥ ૩ ॥ દર્શનજ્ઞાનચારિત્ર રે, કે તપ સંયમ શુદ્ધ વરો, ભવિ ચિત્ત આણી રે, કે હૃદયમાં ધ્યાન ધરો, સિ૦ ॥ ૪ ॥ સિદ્ધચક્રને ધ્યાને રે, કે સંકટ ભય ન આવે, કહે ગૌતમ વાણી રે, કે અમૃત પદ પાવે, સિ૦ ॥ ૫ ॥

## સિદ્ધચક્રનું સ્તવન ૩

( સાંભળ રે તું સજની મોરી રજની કયાં રમી આવી જી રે. એ દેશી.

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજે

જી રે, વિધિ પૂર્વક આરાધન કરતાં ભવભવ પાતક છીજે ॥ ૧ ॥ ભવિજન ભજીએ જી રે, અવર અનાદિની ચાલ નિત નિત તજીએ જી રે. ॥ એ ટેક ॥ દેવનો દેવ દયાકર ડાકર, ચાકર સુરનર ઈંદાજી રે, ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા, ભવિ૦ ॥ ૨ ॥ અજ અવિનાશી અકલ અજરામર, કેવલ હંસણ નાણી જી રે, અવ્યાબાધ અનંતુ વિરજ, સિદ્ધ પ્રણમો ગુણ ખાણી ભવિ પ્રાણી, ભવિ૦ ॥૩॥ વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ યોગ પીઠજી રે, સુમેરુ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઈડિ ભવિ૦ ॥ ૪॥ અંગ ઉપાંગ નંદી અનુયોગા, છ છેદ ને મૂળ ચારજી રે, દશ પયન્ના એમ પણયાલીશ, પાઠક તેહના ધાર, ભવિ૦ ॥૫॥ વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ્, મિથ્યાત્વ ચાર કષાયજી રે, ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની,ગ્રંથિ તજે મુનિરાય, ભવિ૦ ॥૬॥ ઉપશમ ક્ષયઉપશમ ને ક્ષાયક, દર્શન ત્રણ પ્રકારજી રે, શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમીએ વારંવાર ભવિ૦ ॥૭॥ અડાવીશ ચૌદ ને ષટ દુગ ઈગ મત્યાદિકના જાણજી રે,એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વરનાણ ભવિ૦ ॥૮॥ નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહાર જી રે,નિજ ગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકાર ભવિ૦ ॥ ૯॥ બાહ્ય

અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી રે,
તે તપ નમીએ ભાવ ધરીને, ભવ સાયરમાં સેતુ
ભવિ૦ ॥ ૧૦ ॥ એ નવપદમાં પણ છે ધર્મી, ધર્મ
તે વરતે ચારજી રે, દેવગુરુને ધર્મ તે એહમાં, દોય
ત્રણ ચાર પ્રકાર, ભવિ૦ ॥૧૧॥ માર્ગ દેશક અવિ-
નાશીપણું, આચાર વિનય સંકેતજી રે, સહાયપ-
ણું ધરતા સાધુજી, પ્રણમો એહિજ હેતે, ભવિ૦
॥ ૧૨ ॥ વિમલેશ્વર સાનિધ્ય કરે તેહની, ઉત્તમ જે
આરાધેજી રે, પદ્મવિજય કહે તે ભવિપ્રાણી, નિજ
આતમ હિત સાધે, ભવિ૦ ॥ ૧૩ ॥

---

## શ્રી ઋષભજિન સ્તવન

આજ તો વધાઈ, રાજા નાભિકે દરબાર રે; મરુ-
દેવાયે બેટો જાયો, ઋષભ કુમાર રે. આજ૦ ॥૧॥
અયોધ્યામાં ઓચ્છવ હોવે, મુખ બોલે જયકાર રે;
ધનનન ધનનન ઘંટા વાજે, દેવ કરે થેઇકાર રે.
આજ૦ ॥ ૨ ॥ ઇંદ્રાણી મલી મંગલ ગાવે, લાવે
મોતીમાળ રે; ચંદન ચર્ચી પાયે લાગે, પ્રભુ જીવો
ચિરં કાલ રે.આજ૦ ॥૩॥ નાભિરાજા દાન જ દેવે,
વરસે અખંડ ધાર રે; ગામ નગરપુર પાટણ દેવે, દેવે

મણી ભંડાર રે. આજ૦ ॥ ૪ ॥ હાથી દેવે સાથી દેવે, દેવે રથ તુખાર રે; હીર ચીર પીતાંબર દેવે, દેવે સવિ શણગાર રે. આજ૦ ॥ ૫ ॥ તિન લોકમેં દિનકર પ્રગટયો, ઘર ઘર મંગળ માલ રે; કેવલ કમલા રૂપ નિરંજન, આદીશ્વર દયાલ રે. આજ૦॥૬॥

---

## પ્રભાતિયું

શ્રી ગૌતમ ગુરુ સમરીએ, ઊઠી ઊગતે સૂર, લબ્ધિનો લીણેા ગુણનીલેા, દીઠે સુખ ભરપુર. શ્રી૦ ॥ ૧ ॥ ગૌતમ ગોત્રતણેા ધણી, રૂપે અતિશય ભંડાર; અઠ્ઠાવીશ લબ્ધિનો ધણી, શ્રી ગૌતમ ગણધાર. શ્રી૦ ॥ ૨ ॥ અમૃતમય અંગુઠડેા, ઠવીએા પાત્ર મેાઝાર; ખીર ખાંડ ઘૃત પુરીઆં, મુનિવર દેાઢ હજાર. શ્રી૦ ॥ ૩ ॥ પહેલું મંગલ શ્રી વીરનું, બીજું ગૌતમસ્વામ, ત્રીજું મંગલ સ્થુલભદ્રનું, ચેાથું ધર્મનું ધ્યાન. શ્રી૦ ॥ ૪ ॥ પ્રભાતે ઊઠી પ્રણમીએ, શ્રી જિનવર ભાણ; લબ્ધિવિજય ઉવઝાયનેા, પામે કોડી કલ્યાણ. શ્રી૦ ॥ ૫ ॥

---

## શ્રી શાન્તિનાથ સ્તવન

શ્રી શાંતિનાથ મહારાજ, સુણેા તમે જ્ઞાની; એ સેવક કહે કરજોડી, સુણેા નિરવાણી. ॥ ૧ ॥ હું કાલ અનાદિ અનંત, ભમ્યેા ભવ માંહિ; તેાયે તૃપ્તિ ન પામ્યેા લગાર ગ્રહેા નિજ બાંહિ. ॥ ૨ ॥ મને કામ ક્રોધ બહુમાન, લેાભ તેા નડીયેા; તેહથી ભવસાગર કૂપમાંહી હું પડીયેા. ॥ ૩ ॥ તુમ સરીખા તારક, મુજને મલીઆ સ્વામી; હવે પાર પમાડેા, મારા અંતરજામી. ॥ ૪ ॥ એક પારેવાને દાન, અતુલ બલ દીધું, મન માન્યું કારજ તેહનું, તેા ઘણું સિધ્યું ॥ ૫ ॥ તમે વિશ્વસેન કુલચંદ, સેાલમા જિન દેવા, હું ભવેાભવ માગું, ચરણ કમળની સેવા॰ ॥ ૬ ॥ કહે હીરવિજય મુજ આપેા, અરિહંત દેવા, હું નિત્ય ચાહું છું, સ્વામી તમારી સેવા॰ ॥ ૭ ॥

---

## શ્રી શાન્તિનાથનું સ્તવન

શાંતિજિન એક મુજ વિનંતિ જી; સાંભળેા જગત આધાર, સાહિબ હું બહુ ભવ ભમ્યેાજી; સેવતાં પાપ અઢાર, શાંતિ॰ ॥૧॥ પ્રથમ હિંસા માંહે રાચી-

એ જી, નાચીએ બોલી મૃષાવાદ,માચીએ લેઈ ધન પારકું જી, હારીએ નિજ ગુણ સ્વાદ. શાંતિ૦૩૨૩ દેવ માનવ તિર્યંચનાં જી,મૈથુન સેવ્યાં ઘણી વાર, નવવિધ પરિગ્રહ મેલીએજી, ક્રોધ કીધો રે અપાર. શાંતિ૦ ૩ માન માયા લોભ વશ પડચો જી, રાગ ને દ્વેષ પરિણામ,કલહ અભ્યાખ્યાન તિમ સહી- જી, પૈશુન્ય દુરિતનું ઠામ. શાંતિ૦૪૪ રતિ અરતિ નિંદા મેં કરીજી, જેહથી હોય નરકવાસ, કપટ સહિત જુઠું ભાખીઉં જી, વાસીયું ચિત્ત મિથ્યાત્વ, શાંતિ૦ ૫ પાપસ્થાનક એ કહ્યાં જી, જેહ પ્રભુ આગમ માંહી, તેહ અશુદ્ધ પરિણામથી જી, રાખજો ગ્રહી મુજ બાંહી, શાંતિ૦ ૬ તું પરમાતમ જગગુરુજી,હિતકર જગ સુખદાય,હંસવિજય કવિ- રાજનો જી, મોહનવિજય ગુણ ગાય. શાંતિ૦ ૭

---

## શ્રી અષ્ટાપદનું સ્તવન

મનડું અષ્ટાપદ મોહ્યું માહરું જી,નામ જપું નિશ દિશ જી; ચઉ અઠ દસ દોય વંદીએ જી, ચઉ દિશિ જિન ચોવીશ જી, મનડું૦ ૧ એક એક જોજન આંતરૂ જી,પાવડીઆં છે આઠ જી,આઠ જોજન ઊંચું

દેહરું જી,દુઃખ દોહગ જાય નાઠ જી. ॥ ૨ ॥ ભરતે ભરાવ્યાં રૂડાં દેહરાં જી,શોભે હીરાનાં તિહાં થુભ જી, આવે જે મુહુરત સેવના જી, જાણી જુઓ જઈ ઉભ જી. મન૦ ॥ ૩ ॥ ગૌતમસ્વામી તિહાં ચડયા જી, આણી ભગીરથે ગંગ જી;ગોત્ર તીર્થંકર તિહાં બાંધીઉં જી,રાવણે કરી નાટારંભ જી. મન૦ ॥૪॥ હૈવે ન દીધી મુજને પાંખડી જી, કેમ કરી આવું હજુર જી,સમયસુંદર કહે વંદણા જી, પ્રહ ઉગમતે સુર જી. મ૦ ॥ ૫ ॥

---

## શ્રી મહાવીરજિન સ્તવન

વીરજિણંદ જગત ઉપકારી, મિથ્યા ધામ નિવારી જી, દેશના અમૃતધારા વરસી, પર પરિણતિ સવિ વારી જી. વી૦ ॥ ૧ ॥ પાંચમે આરે જેહનું શાસન, હોય હજાર ને ચાર જી, યુગપ્રધાન સૂરીશ્વર વહસે, સુવિહિતમુનિ આધાર જી,વીર૦ ॥ ૨ ॥ ઉત્તમ આચારજ મુનિ અજ્જા,શ્રાવક શ્રાવિકા અચ્છ જી; લવણજલધિ માંહિ મીઠો જળ, પીવે શૃંગી મચ્છ જી, વીર૦ ॥ ૩ ॥ દશ અચ્છેરે દુષિત ભરતે, બહુ મતભેદ કરાલ જી,જિન કેવલી પૂર્વધર વિરહે,ફણી-

સમ પંચમ કાલ જી. વીર૦ ॥૪॥ તેહનો ઝેર નિવારણ મણિ સમ, તુજ આગમ તુજ બિંબ જી,નિશિદીપક પ્રવહણ જિમ દરીએ,મરુમાં સુરતરુ લુંબ જી. વીર૦ ॥ ૫ ॥ જૈનાગમ વકતાને શ્રોતા, સ્યાદ્વાદ શુચિ બોધ જી, કલિકાલે પણ પ્રભુ તુજ શાસન, વર્તે છે અવિરોધજી. વીર૦ ॥૬॥ મારે તો સુસમાથી દુસમા, અવસર પુણ્ય નિધાન જી,ક્ષમાવિજય જિન વીર સદાગમ, પામ્યો સિદ્ધિ નિદાન જી,વીર૦ ॥૭॥

---

## શ્રી મહાવીર જિન સ્તવન

( રાગ–ધનાશ્રી. )

વંદો વીર જિનેશ્વર રાયા, ત્રિશલા દેવીના જાયા રે, હરિલંછન કંચન મય કાયા,અમર વધુ હુલરાયા રે. વંદો૦ ॥૧॥ બાળપણે સુરગિરિ ડોલાયા, અહિ વેતાલ હરાયા રે, ઇંદ્ર કહણ વ્યાકરણ નિપાયા, પંડિત વિસ્મય પાયા રે. વંદો૦ ॥ ૨ ॥ ત્રીસ વરસ ઘરવાસ રહ્યા, સંયમશું લય લાયા રે, બાર વરસ તપ કર્મ ખપાયા, કેવળનાણ ઉપાયા રે. વંદો૦॥૩॥ ક્ષાયિક ઋદ્ધિ અનંતી પાયા, અતિશય અધિક સોહાયા રે, ચાર રૂપ કરી ધર્મ પ્રકાશ્યા, ચઉવિહ સુર

ગુણ ગાયા રે. વંદો૦ ॥ ૪ ॥ ત્રણ ભુવનમેં આણ મનાયા, દશ દોય છત્ર ધરાયા રે, રૂપ્ય કનકમણિ ગઢ વિરચાયા, નિર્ગ્રંથ નામ ધરાયા રે, વંદો૦ ॥૫॥ રયણ સિંહાસન બેસણ ઠાયા, દુંદુભિનાદ વજાયા રે, દાનવ માનવ વાસવ આયા, ભકતે શીર્ષ નમાયા રે. વંદો૦ ॥૬॥ પ્રભુ ગુણગણ ગંગાજળ નાહ્યા, પાવન તેહની કાયા રે, પંડિત ક્ષમાવિજય સુપસાયા, સેવક જિન સુખદાયા રે. વંદો૦ ॥ ૭ ॥

---

## શ્રી કુંથુનાથજીનું સ્તવન

કુંથું જિનેશ્વર જાણજો રે, મુજ મનનો અભિપ્રાય રે જિનેશ્વર, તું આતમ અલવેશ્વરુ હો લાલ, રખે તુજ વિરહો થાય રે. જિ૦ તુજ વિરહો કેમ વેઠીએ હો લાલ,તુજ વિરહો દુઃખદાય રે, જિ૦ તુજ વિરહો ન ખમાય રે જિં. ક્ષણ વરસાં શો થાય રે જિ. વિરહો મોટી બલાય રે, જિનેશ્વર. કુંથું૦ ॥૧॥ તાહરી પાસે આવવું રે, પહેલાં નાવે તું દાય રે, જિ૦ આવ્યા પછી તો જાયવું હો લાલ,તુજ ગુણવશ ન સોહાય રે. જિ૦ કું૦ ॥ ૨ ॥ ન મિલ્યાનો ધોખો નહિ રે જસગુણનું નહીં નાણ રે, જિ૦ મલિઆ ગુણ કલિઆ પછી હો લાલ, વિછડંતાં

જાયે પ્રાણ રે, જિ૦ કું૦ ॥૩॥ જાતિ અંધને દુઃખ નહીં રે, ન લહ્યો નયનનો સ્વાદ રે, જિ૦ નયન સ્વાદ લહી કરી હો લાલ, હાર્યાને વિખવાદ રે; જિ૦ કું૦ ॥ ૪ ॥ બીજે પણ કિહાં નવિ ગમે રે, જિહાં તુજ વિરહો વંચાય રે, જિ૦ માલતી કુસુમે મ્હાલિએ હો લાલ, મધુપ કરી રે ન જાય રે,જિ૦ કું૦ ॥ ૫ ॥ વનદવ દીધાં રૂખડાં રે, પલ્લવે વલી વરસાદ રે, જિ૦ તુજ વિરહાનલના દહ્યા હો લાલ;કાલ અનંત ગમાત રે, જિ૦ કું૦ ॥ ૬॥ ટાઢક રહે તુંજ સંગમાં રે, આકુલતા મિટી જાય રે, જિ૦ તુજ સંગે સુખીએ સદા હો લાલ;માનવિજય ઉવઝાય રે,જિ૦કું૦॥૭॥

---

## શ્રી નેમિનાથના નવભવનું સ્તવન

નેમિ પ્રભુ આવ્યા રે સહસાવનકે મેદાન,કરુણા લાવ્યા રે, જિનપદ નામ કે નિદાન, કૃષ્ણજી વંદન કેરે કામ, દેઈ વનપાળકને બહુ દાન, સાથે સેના લઈ અભિરામ, પ્રભુજી પેખી રે,પંચાભિગમ પ્રકાર, વંદના કીધી રે, માને સફલ અવતાર, દેશના દીધી રે, પ્રભુજીએ ભવિ ઉપકાર. નેમિ૦ ॥ ૧ ॥ કૃષ્ણજી

પૂછે પ્રભુને એમ, રાજુલને તુમ ઉપર પ્રેમ, અરિહા નેમિજિન બોલ્યા એમ,નવભવ કેરી રે,વાત સુણોને કહાન, ધુરેં ભવેં ધારો રે, ધન્ય ધનવતી અભિધાન, સમકિત સારૂં રે, પામ્યા મોક્ષ નિદાન. નેમિ૦ ॥૨॥ ધનદત્ત ભાઈ બીજો ધનદેવ, સમ્યક્ કરતા સંયમ સેવ, સહુ એ ઉપન્યા સોહમદેવ, નિજ નિજ પ્રીતેં રે, સુખ ભોગવે સુરસાલ, યાત્રા કરતા રે, શાશ્વત ચૈત્ય વિશાલ, વિચરંતા વંદે રે, જિનવર પરમ દયાલ. નેમિ૦ ॥ ૩ ॥ વિદ્યાધર હવે ચિત્રગતિ રાય, તેહની રાણી રત્નવતી થાય, મનગતિ ચપળગતિ હોય ભાય, ત્રીજા ભવમાં રે, સુજસ કેવલીની પાસ, સમકિત પામ્યા રે, દીક્ષા દમધર સકાસે,[1] ચારિત્ર પાલી રે, ઉપન્યા માહેંદ્ર સુરવાસ. નેમિ૦ ॥૪॥ હવે પંચમ ભવ ઉપન્યા જેહ,અપરાજીત કુમર ગુણ ગેહ, પ્રીતિમતી તસરાણી જેહ, તેણે ભવેં કીધો રે, બહુ-જનને ઉપકાર, પૃથ્વી ભમતાં રે, મળીયા કેવળી અણગાર, મિત્રને સાથેં રે, પ્રણમ્યા ભક્તિ ઉદાર નેમિ૦ ॥ ૫ ॥ કેવલી કહે તું સમકિતવંત, ભરતમાં બાવીશમો અરિહંત, વિમલબોધ ગણધર એ તંત, સુરસોમ નામેં રે, ભાઈ તે પણ ગણધાર, સાંભલી

---

૧ પાસે.

પામ્યા રે, મનમાં હરખ અપાર, અનુક્રમેં બૂઝયા રે, લીધો સંયમ ભાર. નેમિ૦ ॥ ૬ ॥ ચારિત્ર પાલી નિરતિચાર, આરણ દેવલોકમાં અવતાર, પાંચે જણમાં પ્રીતિ અપાર, લીધો તિહાંથી રે, શ્રીમતી કુખેં અવતાર, હથિણાઉરેં રે, નામે શંખકુમાર, તેજબળ રૂપેં રે, સૂરજ શશિ અનુકાર.નેમિ૦॥૭॥ સુર નરનારી જસ ગુણ ગાય, જસકીર્તિ કાંઈ કહી નવ જાય, ધનવતી જીવ યશોમતી થાય, મતિપ્રભ મંત્રી રે,જીવ વિમલબોધ નામ,તિણે ભવેં વાંધા રે, શાશ્વત ચૈત્ય ઉદ્દામ, બહુ વલી પરણ્યા રે, વિદ્યાધરી રૂપનિધાન. નેમિ૦ ॥ ૮ ॥ જસધર ગણધર નામેં ભાય, ઉપન્યા હવે શ્રીષેણ જે તાય, દીક્ષા લહીને કેવલી થાય, તાતની પાસેં રે, થયા પાંચે મુનિરાય, ચારિત્ર પાળે રે, આઠે પ્રવચન માય, શંખમુનિ સિદ્ધે રે,વીશસ્થાનક સુખદાય. નેમિ૦॥૯॥ કરે નિકાચિત જિનપદ નામ, અણસણ આદરે સહુ તિણે ઠામ, પાદપોપ નામે ગુણ કામ,અપરાજિતેં રે, આયુ સાગર બત્રીશ, અનુત્તરેં હુવા રે,દેવ સદા સુજગીશ, તિહાંથી ચવીયા રે,સુણ યાદવના અધીશ. નેમિ૦॥૧૦॥ઇણભવ અભિધા નેમિકુમાર,રાજીમતિ નામેં એ નાર,ક્ષીણભોગ હુઆ એણે સંસાર, તિણેં

નવિ પરણ્યો રે, વળીઓ તોરણથી એમ, રાજુલ વિનવે રે, નવ ભવનો ધરી પ્રેમ, સહુ પડિબોહ્યા રે, ગણધર પદ લહ્યા ક્ષેમ નેમિ૦ ॥૧૧॥ પ્રેમે દુખીયા હોવે સંસાર, પ્રેમે ઘેલા હોવે નરનાર, પ્રેમે મૂકે સવિ આચાર, પ્રેમ વિલુદ્ધા રે,માનવી કરે ઝંપાપાત, અગ્નિમાં પેસે રે,મૂર્ચ્છાને જલપાત, ગલે દીયે ફાંસો રે, પ્રેમની કંઈ કરું વાત. નેમિ૦ ॥૧૨॥ સાંભલી બૂઝ્યાં કેઈ નરનાર, રાજુલ લીધાં મહાવ્રત ચાર, પામી કેવલજ્ઞાન ઉદાર, પ્રભુજી પહેલાં રે પહોંચી મુક્તિ મઝાર, પ્રભુ વિચરંતા રે, અનુક્રમે આવ્યા ગિરનાર, મુનિવર વૃંદે રે, પરવર્યા જગત આધાર. નેમિ૦ ॥૧૩॥ પાંચસે છત્રીશ મુનિ પરિવાર, રૂંધી યોગ અનેક પ્રકાર,સમય એક ઉર્ધ્વ ગતિસાર,સિદ્ધિ વરીયા રે,છોડી સકળ જંજાળ, સહજાનંદી રે, સાદિ અનંતો કાલ,નિજગુણ ભોગી રે,આત્મશક્તિ અજુઆલ. નેમિ. ॥૧૪॥ જિહાં નિજ એક અવગાહન હોય, તિહાં રહે સિદ્ધ અનંતા જોય, કોઈને બાધા ન કરે કોય, નિજ નિજ સત્તા રે, નિજ નિજ પાસેં હવંત, કોઈની સત્તા રે, કોઈમાં ન ભળે એ તંત, નિશ્ચય નયથી રે, આત્મક્ષેમ રહંત. નેમિ. ॥૧૫॥ વ્યવહારે રહીયાં લોયંત, દંપતી એમ થયાં સુખ-

વંત, પ્રેમે પ્રણમો ભવિ ભગવંત, પ્રભુજી ગાયા રે,
૭ ૩ ૬ ૧
સાગર અગ્નિ ગજ ચંદ, સવંત જાણો રે,
કાર્તિક વદિ સુખકંદ, પોષાળ પાડે રે, પાટણ રહી
શિવાનંદ. નેમિ૦ ॥૧૬॥ સાતમ દિન [૧]સૂરજસુત-
વાર, જિનજી ઉત્તમ ગુણ ગણધાર, બ્રહ્મચારી માંહે
શિરદાર, તેહના પ્રણમું રે, ભાવે ળળી ળળી પાય,
શિવપદ માગું રે, ફરી ફરી ગોદ બિછાય. એણીપરે
ગાયા રે પદ્મવિજય જિનરાય. નેમિ૦ ॥૧૭॥ ઇતિ

---

## શ્રી સિદ્ધાચલનું સ્તવન

સંઘપતિ ભરત નરેશ્વરુ, શત્રુંજયગિરિ આવે
રે લોલ, અહો શત્રુંજયગિરિ આવે રે લોલ, સોવન
દેરાસર વળી, આગળ પધરાવે રે લો. અહો૦ વાસવ
પ્રમુખ સુરા બહુ, સાથે તિહાં સોહે રે લો૦ અહો૦
વંશ ઇક્ષ્વાકુ સોહાવીએ, ત્રિભુવન મન મોહે રે લો૦
અહો૦ સંઘપતિ ॥૧॥ બાહુબળ આદે કરી, ક્રોડી
મુનિવર મળીયા રે લો૦ અહો૦ જ્ઞાની ગણધર જા-
ણીયે, નમિ વિનમિ બળિયા રે લો૦ અહો૦ સોમ-
યશા આદિ દઈ, મહીધર રથ વાળા રે લો. અહો૦
સામંત મંત્રી અધિપતિ, માની મચ્છરાળા રે લો૦

---

+ સવંત ૧૮૩૭. ૧. શનિવાર

અહો૦ સંઘપતિ ॥૨॥ શ્રાવક ને વલી શ્રાવિકા, વર અણુવ્રત ધારી રે લો૦અહો૦ કનકસેનાદિક સાધવી, વ્રતિની વ્રત ધારી રે લો૦ અહો૦ ચતુરંગસેનાએ પરિવર્યા, છત્ર ચામર ધારી રે લો૦ અહો૦ અઢળક દાનને વરસતા,જેમ સજલ જલધારા રે લો૦અહો૦ સંઘપતિ ॥૩॥ સાથેં સુભદ્રાદિક બહુ,પ્રવર પટરાણી રે લો૦અહો૦ ઇંદ્રમાળ પહેરે તિહાં,ધન્ય ધન્ય અવતારા રે લો૦ અહો૦ ઓચ્છવશું ગિરિરાજની, કરે ભક્તિ અપારા રે લો૦અહો૦શિખર શિખર ત્રિહું કાળના, કરે જિનવિહારા રે લો૦અહો૦સંઘપતિ ॥૪॥ ગણધર નાભિ સાથેં અછે,બહુ મુનિ આધારા રે લો૦ અહો૦ બિંબ પ્રતિષ્ઠા તે કરે, વિધિશું જયકારા રે લો૦ અહો૦ સંઘપતિતિલક સોહાવીયું, ઇંદ્રાદિક સાખેં રે લો૦ અહો૦ સ્થાપી થાપે યશ ઘણો, જ્ઞાન વિમલ એમ ભાખે રે લોલ. અહો૦ સંઘપતિ ભરત નરેશ્વરુ, શત્રુંજયગિરિ આવે રે લોલ. અહો૦ શ્રી સિદ્ધગિરિ આવે રે લોલ ॥૫॥ ઇતિ

---

## શ્રી સિદ્ધગિરિનું સ્તવન ૨

દૈત સમાન ને અસ્ત સમાન રે,જે તાહરે દિલ આવે રે, નાગર સજ્જના રે કોઈ સિદ્ધગિરિ રાજ ભેટાવે રે વંદાવે રે, પૂજાવે રે, ફરસાવે રે, બતલાવે

રે, દેખાવે રે, ગવરાવે રે નાગર સજ્જના રે. કોઈ૦ ॥૧॥ અતિહિ ઉમૈયોને, બહુ દિન વહિયો રે, માનવના વૃંદ આવે રે, નાગર સ૦ કોઈ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥૨॥ ધવલ દેવલીઆંને, સુરપતિ મલીઆ રે,કોઈ ચારે પાજેં ચઢાવે રે, ના૦ સ૦ કોઈ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥૩॥ શ્રી જિન નિરખિત, હરખીત હોવે રે, તૃષિત ચાતક ઘણ પાવે રે, ના૦ સ૦ કો૦ સિ૦ભે૦વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥૪॥ નાટિક ગીત ને વાજિંત્ર વાગે રે, કોઈ મનગમતા નાદ સુણાવે રે, ના૦ સ૦ કોઈ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ ગ૦ ના૦ ॥૫॥ ધન્ય ધન્ય તે ગૃહપતિ ને નરપતિ, કોઈ સંઘપતિ તિલક કરાવે રે, ના૦ કો૦ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥૬॥ સકલ તીરથ માંહે સમરથ એ ગિરિ કોઈ આગમ પાઠ સુણાવે રે, ના૦સ૦કો૦ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥૭॥ ઘેર બેઠાં પણ એ ગિરિ ગાવે રે, શ્રી જ્ઞાનવિમલ સુખ પાવે રે, નાગર સ૦ કો૦ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ નાગર સજ્જના રે કોઈ. ॥૮॥

---

## શત્રુંજયનું સ્તવન ૩

ચાલો ચાલો વિમલગિરિ જઈએ રે, ભવજલ તરવાને તુમેં જયણાએં ધરજો પાય રે, પાર ઉતરવાને, ॥ એ આંકણી ॥ બાળ કાળની ચેષ્ટા ટાળી, હાંરે હું તો ધર્મ યૌવન હવે પાયો રે, ભવ૦ ભૂલ અનાદિની દૂર નિવારી,હાંરે હું તો અનુભવમાં લય લાયો રે,પાર ઉતારવાને. ચાલો ચાલો વિમલ૦॥૧॥ ભવ તૃષ્ણા સવિ દૂર કરીને, હાંરે મારી જિનચરણે લય લાગી રે, ભ૦ સંવર ભાવમાં દિલ હવે ઠરીઉં, હાંરે મારી ભવની ભાવઠ ભાંગી રે, પાર૦ ચાલો૦ ॥૨॥ સચિત્ત સર્વનો ત્યાગ કરીને, હાંરે નિત્ય એકાસણાં તપ કારી રે,ભવ૦ પડિક્કમણાં દોય વિધિ શું કરશું,હાંરે ભલી અમૃત ક્રિયા દિલધારી રે પાર૦ ચા૦ ॥૩॥ વ્રત ઉચ્ચરશું ગુરુની સાખેં, હાંરે હું તો યથાશક્તિ અનુસાર રે, ભવ૦ ગુરુ સંઘાતેં ચડશું ગિરિપાજે, હાંરે એ તો ભવોદધિ બુડતાં તારે રે, પાર૦ ચા૦ વિ૦ ॥૪॥ ભવતારક એ તીરથ ફરસી,હાંરે હું તો સૂરજ કુંડમાં નાહી રે,ભવ૦ અષ્ટ પ્રકારી શ્રી આદિ જિણંદની,હાંરે હું તો પૂજા કરીશ લય લાહી રે. પાર૦ચા૦ ॥૫॥ તીરથપતિ ને તીરથ-સેવા, હાં રે એ તો મીઠા મોક્ષના મેવા રે, ભવ૦

સાત છઠ્ઠ દોય અઠ્ઠમ કરીને,હાંરે મને સ્વામિવાત્સ-
લ્યની હેવા રે, પાર૦ ચાલો૦ ॥ ૬ ॥ પ્રભુપદ પદ્મ-
રાયણ તળે પૂજી, હાંરે હું તો પામીશ હરખ અપા-
ર રે,ભવ૦ રૂપવિજય પ્રભુ ધ્યાન પસાયેં,હાંરે હું તો
પામીશ સુખ શ્રીકાર રે,પાર ઉતરવાને,ચાલો ચાલો
વિમલગિરિ જઇએ રે, ભવજલ તરવાને,તુમેં જય-
ણાએં ધરજો પાય રે, પાર ઉતરવાને ॥૭॥

---

## શ્રી શત્રુંજયનું સ્તવન ૪

પ્રથમ જિનેશ્વર પૂજવા,સૈયર મોરી અંગ ઉલટ
ધરી આવ હો,કેસરચંદન મૃગમદે,સૈયર મોરી સુંદર
આંગી બનાવ હો, સેહેજ સલુણો મારો, શિવસુખ-
લીનો મારો, જ્ઞાનમાં ભીનો મારો, દેવમાં નગીનો
માહારો સાહિબો,સૈયર મોરી જયો જયો પ્રથમ જિ-
ણંદ હો ॥૧॥ ધન્ય મરુદેવી કુંખને,સૈયરમોરી વારી
જાઉં વાર હજાર હો, સ્વર્ગ શિરોમણિને તજી, સૈ૦
જીહાં લહે પ્રભુ અવતાર હો, સેહેજ૦ ॥૨॥ દાયક
નાયક જન્મથી સૈ૦ લાજ્યો સુરતરુ વૃંદ હો,યુગલા
ધર્મ નિવારણો સૈ૦ જે થયો પ્રથમ નરિંદ હો. સે-
હેજ૦ ॥૩॥ લોકનીતિ સવિ શીખવી સૈ૦ દાખવા

મુક્તિનો રાહ હો, રાજ્ય ભળાવી પુત્રને સૈ૦ થાપ્યો ધર્મપ્રવાહ હો. સેહેજ૦ ॥૪॥ સંજમ લેઇને સંચર્યા સૈ૦ વરસલગે વિણ આહાર હો, શેલડી રસ સાટેદીએા, સૈ૦ શ્રી શ્રેયાંસને સુખકાર હો. સેહેજ૦ ॥૫॥ મોહોટા મહંતની ચાકરી સૈ૦ નિષ્ફળ કદીએ ન થાય હો,મુનિપણે નમિ વિનમિ કર્યા સૈ૦ ક્ષણમાં ખેચર રાય હો. સેહેજ૦ ॥૬॥ જનનીને કીધું ભેટણું, સૈ૦ કેવલરત્ન અનુપ હો, પેહેલાં માતાજીને મોકલ્યાં સૈ૦ જેવા શિવવહુ રૂપ હો. સેહેજ૦ ॥૭॥ પુત્ર નવાણુ પરિવર્યા સૈ૦ ભરતના નંદન આઠ હો. અષ્ઠકરમ અષ્ટાપદે સૈ૦ યોગ નિરુદ્ધે નાઠ હો.સેહેજ૦ ॥૮॥ તેહના બિંબ સિદ્ધાચળે સૈ૦ પૂજે પાવન અંગ હો, ખીમાવિજય જિન નિરખતાં સૈ૦ ઉછળે હર્ષ તરંગ હો. સેહેજ૦ ॥૯॥

---

## શ્રી રાયણ પગલાંનું સ્તવન

શ્રી આદીશ્વર અંતરજામી, જીવન જગત આધાર, શાંત સુધારસ જ્ઞાને ભરીયેા, સિદ્ધાચલ શણગાર, રાયણ રૂડી રે,જીહાં પ્રભુ પાય ધરે,વિમલગિરિ વંદો રે, દેખત દુઃખ હરે, પુન્યવંતા પ્રાણી રે,પ્રભુ-

જીની સેવા કરે૦ ॥ ૧ ॥ ગુણ અનંતા એ ગિરિવર કેરા, સિધ્યા સાધુ અનંત, વળી રે સિદ્ધશે વાર અનંતી, એમ ભાખે ભગવંત, ભવોભવ કેરા રે, પાતિક દૂર કરે, વિમલગિરિ વંદો રે૦ ॥૨॥ વાવડીયું રસ કુંપા કેરી, મણિ રે માણેકની ખાણ, રત્નખાણ બહુ રાજે હો તીરથ, એવી શ્રી જિનવાણ, સુખના સ્નેહી રે, બંધન દૂર કરે, વિમલગિરિ વંદો રે૦॥૩॥ પાંચ કોડીશું પુંડરીક સિધ્યા, ત્રણ કોડીશું રામ, વીશ કોડીશું પાંડવ સિધ્યા, સિદ્ધક્ષેત્ર સિદ્ધ ઠામ, મુનિવર મોટા રે, અનંતા સિદ્ધિ વરે,વિમલગિરિ વંદો રે૦ ॥ ૪ ॥ એસો તીરથ ઓર ન જગમેં, ભાખે શ્રીજિન-ભાણ; દુર્ગતિ કાપે ને પાર ઉતારે (વ્હાલો) આપે કેવળનાણ, ભવિજન ભાવે રે, જે એનું ધ્યાન ધરે, વિમલગિરિ વંદો રે૦॥૫॥ દ્રવ્ય ભાવશું પૂજા કરતાં, પૂજે શ્રીજિન-પાય, ચિદાનંદ સુખ આતમ વેદી, જ્યોતિસેં જ્યોત મિલાય,પ્રીતિ એહની રે માણેક મુનિ કરે,વિમલગિરિ વંદો રે૦ ॥ ૬ ॥ ઇતિ ॥

---

## चोवीश तीर्थंकरना आंतरानुं स्तवन

ચોવીશ જિનને કરી પ્રણામ રે, જેથી મનવંછિત સીઝે કામ રે, અવસર્પિણી આયુ ઓછું ઘણું રે,ચઉ-

વીસ તીર્થંકરના અંતર ભણું રે ॥ ૧ ॥ ઋષભ અજિત અંતર એમ જાણ રે, પચાસ લાખ કોડી સાગર માન રે, સંભવ ત્રીસ અભિનંદન કોડી દશ લાખ રે, સુમતિ નવ લાખ કોડી જિન ભાખ રે ॥૨॥ પદ્મપ્રભ કોડી નેવું હજાર રે, સુપાર્શ્વનાથ કોડી નવ હજાર રે, ચંદ્રપ્રભ નવ સો કોડી સાગર જાણ રે, સુવિધિનાથ કોડી નેવું પ્રમાણ રે ॥ ૩ ॥ નવ કોડી સાગર શીતલનાથ રે, એક કોડી શ્રેયાંસ શિવપુર સાથ રે, સો સાગર છાસઠ લાખ છવીસ હજાર રે, વરસે ઉણે એક કોડી માંહે ધાર રે ॥ ૪ ॥ વાસુપૂજ્ય સાગર ચોપન કલ્પે સાખ રે, વિમલ ત્રીસ અનંતનાથ નવ ભાખ રે, ધર્મ ચાર ત્રણ શાંતિ વખાણ રે, પોણે પલ્યોપમે ઓછું આણ રે ॥૫॥ કુંથુનાથ અર્ધપલ્ય પાઅર સાર રે, ઉણે એક કોડી વરસ હજાર રે, મલ્લિનાથ એક કોડી વરસ હજાર રે, મુનિસુવ્રત ચોપન લાખ ધાર રે ॥૬॥ નમિ છ લાખ નેમિ પાંચ લાખ સાર રે, પાર્શ્વનાથ પોણા ચોરાશી હજાર રે, અઢીસેં વરસે શ્રી મહાવીર સ્વામી રે, જીતવિજય નમે શીરનામી રે ॥૭॥

---

## શ્રી વીશ વિહરમાનનું સ્તવન

ઋષભલંછન શ્રી સીમંધર સ્વામી, ગજ યુગમંધર અંતરજામી, હરિણ બાહુ કપિ સુબાહુ સ્વામી; રવિ સુજાત પંચમા મોક્ષ કામી;વિચરંતા વીશે જિન વંદો, જેમ ભવ ભમવું દુઃખ છંડો ॥ ૧ ॥ શશિ સ્વયંપ્રભ છટ્ઠા જાણો; સિંહ ઋષભાનન સાતમા વખાણો, અનંતવીર્ય ગજ અશ્વ સુરપ્રભ નવમા, ભાનુલંછન વિશાલજિન દશમા વિ૦ ॥ ૨ ॥ શંખ વજ્રધર વૃષભ ચંદ્રાનન બારમા, રાતું કમલ ચંદ્રબાહુ તેરમા; નીલું કમલ ભુજંગ ભોગવામી, ચંદ્ર પનરમા ઈશ્વિવર શિવગામી વિ૦ ॥ ૩ ॥ ભાનુ નેમિ પ્રભુજિન સોલમા, ઋષભલંછન વીરસેન સત્તરમા, ગજ મહાભદ્ર ચંદ્ર દેવજસા સારા, સાથીઓ અજિતવીર્ય લાગે પ્યારા.વિ૦॥૪॥ એ વીશે જિન કંચન વરણા, નામ જપતાં થઈએ અવર્ણા; શ્રી ગુરુપદ્મપદ્મની સેવા, જીત વંછે નિત શિવપદ લેવા વિ૦ ॥ ૫ ॥ ઇતિ.

---

## અથ ઋષભદેવ સ્વામીનું સ્તવન

ઋષભ જિનેશ્વર સ્વામી રે અરજી માહરી, અવધારો કાંઈ ત્રિભુવનના દેવ જો, કરુણાનંદ અખંડ રે

જ્યોતિ સ્વરૂપ છો, એહવા જોઈને મેં આદરી તુમ સેવ જો ॥ ૧ ॥ લાખ ચોરાશી યોનિ રે વારોવાર હું ભમ્યો, ચોવીશે દંડકે ઉભગ્યું માહરું મન જો, નિગોદાદિક ફરસી રે થાવર હું થયો, એમ રે ભમતો આવ્યો વિગલેંદ્રિ ઉપન્ન જો ॥૨॥ તિર્યંચ પંચેંદ્રિતણા રે ભવ મેં બહુ કર્યા, ફરસી ફરસી ચઉદરાજ મહારાજ જો, દશે દષ્ટાંતે દોહિલો રે મનુષ્ય જન્મ અવતર્યો, એમ રે ચડતો આવ્યો શેરીએ શિવકાજ જો ॥૩॥ જગતણા બંધવ રે જગંસથ્થવાહ છો,જગત ગુરુ જગરખણ એ દેવજો, અજરામર અવિનાશી રે જ્યોતિ સ્વરૂપ છો, સુરનર કરતા તુજ ચરણાની સેવ જો ॥૪॥ મરુદેવીના નંદન રે વંદના માહરી,અવધારો કાંઈ પ્રભુજી મહારાજ જો, ચઉદરાજનો ઉચ્છિષ્ટ રે પ્રભુજી તારીએ, દીજીએ કાંઈ વંછિત ફળ જિનરાજ જો ॥૫॥ વંદના માહરી નિસુણી રે પરમ સુખ દીજીએ, પ્રીજીએ રે કાંઈ જન્મ મરણ દુખ દૂર જો, પદ્મવિજયજી સુપસાયે રે ઋષભજિન ભેટીયા, જીત વંદે કાંઈ પ્રહ ઉગમતે સૂર જો ॥૬॥ ઇતિ ॥

## परमातम अनुभव प्रकाश पद

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં, વિસર ગઈ દુવિધા તન મનકી, અચિરાસુત ગુન ગાનમેં. હમ૦ ॥૧॥ હરિ હર બ્રહ્મ પુરંદરકી ઋધિ, આવત નહિ કોઉ માનમેં, ચિદાનંદકી મોજ મચી હે, સમતા રસકે પાનમેં. હમ૦ ॥ ૨ ॥ ઇતને દિન તુંમ નાંહિ પિછાન્યો, મેરો જન્મ ગયો સો અજ્ઞાનમેં, અબ તો અધિકારી હોઈ બેઠે, પ્રભુ ગુણ અક્ષય ખજાનમેં. હમ૦ ॥૩॥ ગઈ દીનતા સબહી હમારી, પ્રભુ તુઝ સમકિત દાનમેં, પ્રભુ ગુણ અનુભવ કે રસ આગે, આવત નહિ કોઉ માનમેં. હમ૦ ॥ ૪ ॥ જિનહિ પાયા તિનહિ છુપાયા, ન કહે કોઉકે કાનમેં, તાલી લાગી જબ અનુભવકી, તબ જાને કોઉ શાનમેં. હમ૦ ॥૫॥ પ્રભુગુણ અનુભવ ચંદ્રહાસજ્યું, સો તો ન રહે મ્યાનમેં, વાચક જસ કહે મોહ મહા અરિ, જીત લિયો હે મેદાનમેં. હમ૦॥ ૬ ॥ ઇતિ ॥

---

## अथ संवच्छरीदान स्तवन

( આદર જીવ ક્ષમાગુણ આદર એ દેશી. )

શ્રી વરદાઇના ચરણ નમીને, વલી પ્રણમી ગુરુ

પાયા રે, સયલ તીર્થંકર દાન જ દેવે,તે કહું હરખ સવાયા રે ॥૧॥ સુણજો દાન સંવછરી મહિમા,જેહથી સમકિત લહીએ રે, ત્રિજગને વશ કરવા એ દાન, મોટો મંત્રાક્ષર કહીએ રે. સુણજો. ॥૨॥ લોકાંતિક-દેવ તીર્થંકરને, કહે જબ નિસીમેં આવી રે, તવ તીર્થંકર દાન સમર્પે, વરસી પડહો વજડાવે રે, સુ. ॥૩॥ એક ક્રોડ આઠ લાખ સોવન મુદ્રા, નિત્ય પ્રતે તે દેવે રે, એક પોહોર પછી દો પહોર સુધી, ભવિજન આવે તે લેવે રે, સુ. ॥૪॥ જે જિનતાત તેસી જિન સહિતા, નામની મુદ્રા કરાવે રે, તે એક મુદ્રા એંશી રતીની, માનિપ કોશ ભરાવે રે, સુ. ॥૫॥ તે એક દિનના દીનારનું સોવન, નવ હજાર મણ થાય રે, જે જિનવારાના શકટ વખાણું, તે શવાબસેં ભરાય રે. સુ. ॥ ૬ ॥ લાખ બત્રીસ મણ સહસ ચાલીસ મણ, હોવે કનકના એતા રે, સહસ એકાશી શકટ ભરાયે, એક વરસમાં દેતાં રે. સુ. ॥૭॥ ત્રણસેં કોડ અડયાશી ક્રોડ ઉપરેં, એંશી લાખ ભણીએ રે, તેટલા દીનાર વરસી દાનેં, દે જિન સૂત્રમેં સુણીયે રે. સુ. ॥૮॥ જેતા દીનાર તીર્થંકર નિત્યે, આપે કોશથી કાઢી રે,ઇંદ્ર આદેશે ધનદ પૂરે; તેતા સોવન મુદ્રા દાડી રે. સુ. ॥૯॥ એ તો મુદ્રા કનક મણ ગાડી,તેહની સંખ્યા વખાણી રે, પણ હવે

વિધિ કહું દાન દેવાની, સુણજો તે આગલ પ્રાણી રે, સુ. ॥ ૧૦ ॥ દાનશાલા જિનતાત કરાવે, ચઉજિન દાન આચરવા રે, તિહાં બેસી પ્રભુ દાન જ દેવે સંજમનારી વરવા રે. સુ. ॥૧૧॥ પહેલી શાળાએ અન્ન જમાડે, બીજીએ વસ્ત્ર પહેરાવે રે, ત્રીજીએ ભૂષણ ચોથીએ ટકા દે, જિનજી નિત્ય સ્વભાવે રે. સુ. ॥ ૧૨ ॥ તિણે અવસરે જિન જમણે પાસે, રહે ઇંદ્ર સોહમવાસી રે, કોશથી મુદ્રા કાઢી દેવા,તે ભણી રહે ઉલ્લાસી રે, સુ. ॥૧૩॥ જિન આગે ઊભો રહે ઇશાનેંદ્ર, રત્નજડિત લેઈ લકુટી રે, દેવ અસુર કોઈ વિઘ્ન કરેવે, કાઢે તેહને કુટી રે સુ. ॥ ૧૪ ॥ વળી જે મનુષ્યના ભાગમાં લખીયું, ઇશાન ઇંદ્ર એમ ધારે રે, તેહના મુખમાંથી તે તેહવાં, વયણ કઢાવે વિચારી રે, સુ. ॥૧૫॥ ચમરેંદ્ર જિન મુઠ્ઠીના દીનાર, રોલવે જો અધિક હોય રે, ઓછા હોય તો પૂરા કરે બલીંદ્ર, સ્વામીની પ્રતીત જોય રે, સુ. ॥૧૬॥ ભુવનપતિ સુર ભરતના જનને, દાન લેવા તેડી આવે રે, વ્યંતરના સુર પોછા તે જનને, નિજ નિજ મંદિર ઠાવે રે, સુ. ॥૧૭॥ જ્યોતિષી સુરમલી વિદ્યાધરને, દાવ લેવાને જણાવે રે, એહવા અતિશય તીર્થંકરના, કહેતાં પાર ન આવે રે, સુ. ॥૧૮॥ વલી

જિનવર કેરા દાનનો મહિમા, ભાખ્યો એમ સિદ્ધાંતે રે, બાર વરસ લગે ખટખંડ સુધી, સઘલે શાંતિ વર્તે રે, સુ. ॥ ૧૯ ॥ ચોસઠ ઇંદ્રાદિક સુર સઘલા, લીજે દાન ઉચ્છાહે રે, બાર વરસ લગે કલહ ન હોવે, તેને પણ માંહો માંહે રે, સુ. ॥૨૦॥ ચક્રી હરિ નૃપ દાનના ટકા, મૂકે નિજ કોશે ઉલટે રે, બાર વરસ લગે કોશથી ટકા, કાઢતાં કિમહિ ન ખૂટે રે, સુ. ॥૨૧॥ ઇત્યાદિક તે દાન થકી જન, બાર વરસ જસ ગાય રે, વલી તે દાનથી બાર વરસના, રોગીના રોગ તે જાય રે, સુ. ॥૨૨॥ વલી તસ નૂતન રોગ ન પ્રગટે, બાર સંવચ્છર સુધી રે,મંદ બુદ્ધિ કોઈ દાન જ લેવે, હોવે સુરગુરુ બુદ્ધિ રે, સુ. ॥૨૩॥ એહવા પંચ દશ અતિશય પ્રભુના, વરસીદાને પ્રગટે રે, ઇમ દાન દેઈ પ્રભુ સંયમ લેઈ, ઉપશમે કર્મને ઝપટે રે, સુ. ॥ ૨૪ ॥ કેવલ લેઈ શિવરમણી વશ કરી, ત્રિજગ નાયક ઉલસે રે, દાન પ્રભાવે ત્રિગડે બેસી, કેવળ કમળા વિલસે રે. સુ. ॥૨૫॥ દાન દેવાની જે વિધિ ભાખી, સયલ તીર્થંકર કેરી રે, વિચારસારગ્રંથ મોઝાર, જોજો એ સાખ ભલેરી રે, સુ. ॥ ૨૬ ॥ ઇણીપરે ભવિયાં તુમે પણ નિસુણી, દેજો દાન અભંગ રે, ઇહભવે પરભવે સુખ અનંતાં, ઊલટે ગંગ

તરંગ રે, સુ. ॥૨૭॥ એહવી દાનની શક્તિ સદા મુઝ, ભવભવ તે ઉદયે આવે રે, પંડિત કેસર અમર પસાયે, લીજીયે વંછિત વરવો રે, સુ. ॥૮॥

---

જસવિજયજી કૃત

## प्रतिमा स्थापन स्तवन

ભરતાદિકે ઉધાર જ કીધો, શત્રુંજય મોઝાર, સોનાતણાં જેણે દેહરાં કરાવ્યાં, રત્નતણાં બિંબ સ્થાપ્યાં હો, કુમતિ કાં પ્રતિમા ઉત્થાપી૦ એ જિન વચને થાપી હો, કુમતિ કાં પ્રતિમા ઉત્થાપી, એ આંકણી. ॥૧॥ વીર પછી બસેં નેવુ વર્ષે, સંપ્રતિરાય સુજાણ, સવાલાખ જિન દેહરાં કરાવ્યાં, સવાકોડી બિંબ સ્થાપ્યાં હો. કુમતિ૦॥૨॥ દ્રૌપદીએ જિન પ્રતિમા પૂજી, સૂત્રમેં શાખ ઠરાણી, છઠે અંગે તે વીરે ભાંખ્યું, ગણધર પૂરે સાખી હો. કુમતિ૦ ॥૩॥ સંવત નવસેં ત્રાણું વરસેં, વિમલમંત્રીશ્વર જેહ, આબુતણાં જેણે દેહરાં કરાવ્યાં, પાંચ હજાર બિંબ સ્થાપ્યાં હો, કુમતિ૦ ॥૪॥ સંવત અગિયાર નવાણું વર્ષે, રાજા કુમારપાળ, પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, સાત હજાર બિંબ સ્થાપ્યા હો,

કુમતિ૦ ॥૫॥ સંવત બાર પંચાણું વર્ષે, વસ્તુપાલ તેજપાલ, પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, અગિયાર હજાર બિંબ સ્થાપ્યાં હો, કુમતિ૦ ॥૬॥ સંવત બાર બહોંતેર વર્ષે, ધનો સંઘવી જેહ; રાણકપુર જિન દેહરાં કરાવ્યાં, ક્રોડ નવાણું દ્રવ્ય ખરચ્યાં હો, કુમતિ૦ ॥૭॥ સંવત તેર એકોતેર વર્ષે, સમરોશા રંગ શેઠ, ઉદ્ધાર પંદરમો શત્રુંજય કીધો, અગિયાર લાખ દ્રવ્ય ખરચ્યો હો, કુમતિ૦ ॥૮॥ સંવત પંદર સત્યાશી વરસેં, બાદશાહને વારે, ઉદ્ધાર સોલમો શત્રુંજય કીધો, કર્માશાએ જશ લીધો હો, કુમતિ૦ ॥૯॥ જિન પ્રતિમા જિન સરખી જાણી, પૂજે ત્રિવિધે તુમેં પ્રાણી, જિન પ્રતિમામાં સંદેહ ન રાખો, વાચક જશની એ વાણી હો, કુમતિ૦ ॥૧૦॥

---

## શ્રી સીમંધર જિન સ્તવન

### ઢાળ પંદરમી

આજ મારે એકાદશી રે, નણદલ મૌન કરી મુખ રહીયે
એ દેશી

ધન્ય તે મુનિવરા રે, જે ચાલે સમભાવે, ભવસાયર લીલાએ ઊતરે, સંયમ કિરિયા નાવે, ધન્ય.

॥ ૧ ॥ ભોગપંક તજી ઉપર બેઠા, પંકજ પરે જે ન્યારા, સિંહ પરે નિજ વિક્રમ શૂરા, ત્રિભુવન જન આધારા. ધન્ય ॥ ૨ ॥ જ્ઞાનવંત જ્ઞાનીશું ભળતાં, તન મન વચને સાચા, દ્રવ્યભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા. ધન્ય ॥ ૩ ॥ મૂલ ઉત્તર ગુણ સંગ્રહ કરતા, તજતા ભિક્ષા દોષો, પગ પગ વ્રતદૂષણ પરિહરતા, કરતા સંયમ પોષો. ધન્ય ॥ ૪ ॥ મોહ પ્રતે હણતા નિત આગમ, ભણતા સદ્ગુરુ પાસે, દુષમ કાળે પણ ગુણવંતા, વરતે શુભ અભ્યાસે. ધન્ય ॥ ૫ ॥ છકું ગુણઠાણું ભવ અટવી, ઉલંઘન જિણે લહિઉં, તસ સોભાગ સકલ મુખ એકે, કેમ કરી જાયે કહિઉં. ધન્ય ॥ ૬ ॥ ગુણઠાણાની પરિણતિ જેહની, ન છીપે ભવજંજાલે, રહે શેલડી ઢાંકી રાખી, કેતો કાલ પરાલે. ધન્ય ॥ ૭ ॥ તેહવા ગુણ ધરવા અણધીરા, જો પણ સૂધું ભાખી, જિનશાસન શોભાવે તે પણ, સુધા સંવેગપાખી. ધન્ય ॥ ૮ ॥ સદહણા અનુમોદન કારણ, ગુણથી સંયમ કિરિયા, વ્યવહારે રહિયા તે ફરસે, જે નિશ્ચયનય દરિયા. ધન્ય ॥ ૯ ॥ દુઃકરકાર થકી પણ અધિકા, જ્ઞાન ગુણે ધ્રમિ તેહો, ધર્મદાસ ગણી વચને લહીયે, જેહને પ્રવચન નેહો. ધન્ય ॥ ૧૦ ॥ સુવિહિત ગચ્છ કિરિયાને ધોરી, શ્રીહરિભદ્ર કહાય, એહ ભાવ ધરતો તે કારણ, મુજ

મન તેહ સુહાય. ધન્ય ॥ ૧૧ સંયમઠાણ વિચારી જોતાં, જો ન લહે નિજ સાખેં, તો જુહું બોલીને દુર્મતિ, શું સાધે ગુણ પાખેં. ધન્ય ॥ ૧૨ ॥ નવિ માયા ધર્મે નવિ કહેવું, પરજનની અનુવૃત્તિ, ધર્મ-વચન આગમમાં કહિયે, કપટ રહિત મનવૃત્તિ. ધન્ય ॥ ૧૩ ॥ સંયમ વિણ સંયતતા થાપે, પાપ-શ્રમણ તે ભાખ્યો, ઉત્તરાધ્યયને સરલ સ્વભાવે, શુદ્ધ પ્રરૂપક દાખ્યો. ધન્ય ॥ ૧૪ ॥ એક બાલ પણ કિરિયાનયે તે, જ્ઞાનનયે નવિ બાલા, સેવા યોગ્ય સુસંયત તે, બોલે ઉપદેશ માલા. ધન્ય ॥ ૧૫ ॥ કિરિ-યાનયે પણ એક બાળ તે, જે લિંગી મુનિરાગી, જ્ઞાનયોગમાં જસ મન વર્તે, તે કિરિયા સોભાગી. ધન્ય ॥ ૧૬ ॥ બાલાદિક અનુકૂલ કિરિયાથી, આપે ઇચ્છાયોગી, અધ્યાતમમુખ યોગ અભ્યાસે, કેમ નવિ કહીયે યોગી. ધન્ય ॥ ૧૭ ॥ ઉચિત કિરિયા નિજ શક્તિ છંડી, જે અતિવેગે ચડતો, તે ભવ-સ્થિતિ પરિપાક થયા વિણ, જગમાં દિસે પડતો. ધન્ય ॥ ૧૮ ॥ માચે મોટાઈમાં જે મુનિ, ચલવે ડાક-ડમાલા, શુદ્ધ પરૂપણ ગુણ વિણ ન ઘટે, તસ ભવ અરહટ્ટમાલા. ધન્ય ॥ ૧૯ ॥ નિજગણ સંચે મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે, લુંચે કેશ ન મુંચે માયા, તો વ્રત ન રહે પંચે. ધન્ય ॥ ૨૦ ॥

યોગગ્રંથના ભાવ ન જાણે, જાણે તો ન પ્રકાશે, ફોગટ મોટાઈ મન રાખે, તસ ગુણ દૂરે નાસે. ધન્ય ॥ ૨૧ ॥ મેલે વેશે મહિયલ માલે, બક પરે નીચો ચાલે, જ્ઞાન વિના જગધંધે ધાલે, તે કેમ મારગ ચાલે. ધન્ય ॥૨૨॥ પરપરિણતિ પોતાની માને, વરતે આર્તધ્યાને, બંધમોક્ષ કારણ ન પીછાને, તે પહિલે ગુણઠાણે. ધન્ય ॥ ૨૩ ॥ કિરિયા લવ પણ જે જ્ઞાનીનો, દૃષ્ટિ થિરાદિક લાગે, તેથી સુજશ લહિજે સાહિબ, સીમંધર તુમ રાગે. ધન્ય ॥ ૨૪ ॥

---

## વીશસ્થાનકનું સ્તવન

હાંરે મારે પ્રણમું સરસતી માગું વચન વિલાસ જો, વીશે રે તપ સ્થાનક મહિમા ગાઇશું રે લોલ, હાંરે મારે પ્રથમ અરિહંતપદ લોગસ્સ ચોવીસ જો, બીજે રે સિદ્ધ સ્થાનક પન્નર ભાવશું રે લોલ ॥૧॥ હાંરે મારે ત્રીજે પવયણ ગણશું લોગસ્સ સાત જો, ચોથે રે આયરિયાણં છત્રીસનો સહી રે લોલ, હાંરે મારે થેરાણં પદ પંચમે દસ ઉદાર જો, છઠ્ઠે રે ઉવઝાયાણં પચવીસનો સહી રે લોલ ॥ ૨ ॥ હાંરે મારે સાતમે સુગુણ સહુ સત્તાવીશ જો, આઠમે નમો નાણસ્સ પંચે ભાવશું રે લોલ, હાં મારે નવમે દરિસણ સડ-

સઠ મન ઉદાર જો, દશમે નમો વિણયસ્સ દશ વખા-
ણીએ રે લોલ ॥ ૩ ॥ હાંરે મારે અગિયારમે નમો
ચારિત્તસ્સ લોગસ્સ સત્તર જો, બારમે નમો બંભસ્સ
નવગુણે સહીરે લોલ,હાંરે મારે કીરિયાણું પદ તેરમે
વલી પંચવીસ જો, ચઉદમે નમો તવસ્સ બારગુણે
સહી રે લોલ ॥ ૪ ॥ હાંરે મારે પંદરમે નમો ગોય-
મસ્સ અઠ્ઠાવીસ જો,નમો જિણાણું ચઉવીસ ગણુશું
સોલમે રે લોલ, હાંરે મારે સત્તરમે નમો ચારિત્ત
લોગસ્સ સિત્તેર જો,નાણસ્સનો પદ ગણુશું એકાવન
અઢારમે રે લોલ ॥ ૫ ॥ હાંરે મારે ઓગણીસમે
નમો સુઅસ્સ પીસતાલીસ જો, વીસમે નમો તીથ્થ-
સ્સ વીશે ભાવશું રે લોલ,હાંરે મારે તપનો મહિમા
ચારસેં ઉપર વીસ જો, ષટમાસે એક ઓલી પૂરી
કીજીયે રે લોલ ॥ ૬ ॥ હાંરે મારે તપ કરતાં વલી
ગણીયે દોય હજાર જો, નવકારવાળી વીશે સ્થાનક
ભાવશું રે લોલ,હાંરે મારે પ્રભાવના સંઘ સ્વામીવ-
ચ્છલ સાર જો, ઉજમણાં વિધિ કીજે લાહો લીજી-
યેરે લોલ ॥૭॥ હાંરે મારે તપનો મહિમા કહ્યો શ્રી
વીર જિનરાય જો,વિસ્તારે ઇમ ગોયમ સોહમ સ્વા-
મીને રે લોલ, હાંરે મારે તપ કરતાં વલી તીર્થંકર
પદ હોય જો, દેવગુરુ ઇમ કાંતિ સ્તવન સોહામણો
રે લોલ ॥ ૮ ॥

# एकादशीनुं स्तवन

અજિત જિણંદશું પ્રીતડી—એ દેશી.

અવિચલ વ્રત એકાદશી, એમ ભાખે હો શ્રી જિન વર્ધમાન કે ગૌતમ ગણધર સાંભળો, એ તિથિનો હો મોટો મંડાણ કે. અવિચલ૦ ॥ ૧ ॥ મૃગસર સુદિ એકાદશી,મલ્લિજિનનાં હો થયાં ત્રણ કલ્યાણકે, જન્મ અને દીક્ષા ગ્રહી, વલી પામ્યા હો પ્રભુ કેવલનાણ કે. અવિચલ૦ ॥૨॥ શ્રી અરજિને વ્રત આદર્યું, નમિ જિણંદે હો લહ્યું કેવલજ્ઞાન કે, પંચ કલ્યાણક પ્રગટયાં, તેણે દિવસે હો હુવા પંચે પ્રધાન કે. અવિચલ૦॥૩॥ પંચભરત પંચ ઐરવતે,દશક્ષેત્રે હો ગણતાં પચાસ કે,અતીત અનાગત કાલનાં,કલ્યાણક હો દોઢસેં ઉલ્લાસ કે. અવિચલ૦ ॥૪॥ અનંત ચોવિસી ઈણીપરે, હોવે તપના હો ઉપવાસ અનંત કે,પ્રાયે લાભ ઘણો હોવે, તે દિવસ હો સહુ માંહે મહંત કે. અવિચલ૦ ॥ ૫ ॥ મૌનવ્રત પાલ્યું ભલું, ગ્રહી સંજમ હો પ્રભુ મલ્લિનાથ કે, મૌન એકાદશી તિણે થઈ, તપ કરતાં હો લહીયે શિવપુર સાથ કે. અવિચલ૦ ॥૬॥ જેણે દિન લીજે એકાદશી, જ્ઞાન પૂજા હો પ્રીજીએ વિધિ જાણ કે, દેહ રે સ્નાત્ર પ્રીજીયે ગુરુમુખથી હો,લીજીયે પચ્ચખ્ખાણ કે. અવિચલ૦

ાળા અહોરત્ત પોસહ કીજીયે, શુભભાવે હો તજી ચારે આહાર કે, ગુણણું ગણીજે ભાવશું, રાત્રિજાગરણ હો આલસ પરિહાર કે.અવિ૦૧૦ાા વરસ અગિયાર કીજીયે, જાવજ્જીવ હો એ તપનો સાધ કે,ઉજમણું એમ કીજીયે, ઘર સારુ હો લહીયે ધર્મ સમાધ કે.અવિ૦૧૧ાા જ્ઞાનતણાં ઉપકરણ ભલાં, શુભભાવે હો અગિયાર અગિયાર કે, દાન સુપાત્રે દીજીયે, સ્વામિવચ્છલ હો કીજીયે વિધિ સાર કે અવિ૦૧૨ાા એણી વિધિ પૂર્વક ઇહિ વ્રતે, પાલંતાં હો લહીયે સુખ પરમ કે, સુવ્રતશ્રાવકની પરે, પાલંતાં હો ટલે આઠે કર્મ કે.અવિ૦૧૩ાા વીરતણી વાણી સુણી, પ્રતિબુઝ્યા હો ભવિ જીવ અનેક કે, વ્રત આરાધન કેઈ કરે, થયો તિથિનો હો મહિમા અતિરેક કે. અવિ૦ ॥ ૧૨ ॥ સંવત સતર પંચલોતરે ( ૧૭૦૫ ) સંઘ આગ્રહે હો,કીયો સ્તવન આણંદ કે, નગર સમાઅલખાનમાં, એમ પભણે હો શ્રી જિનેંદ્રસૂરીંદ કે. અવિચલ૦ ॥ ૧૩ ॥ ઇતિ

---

## અથ શ્રી સીમંધરસ્વામીનું સ્તવન

શ્રી સીમંધર સાહેબા, અવર નહિ જગનાથ,મારે આંગણીયે આંબો ફલ્યો, કોણ ભરે રે બાવળકેરી

બાથ રે, સલુણાદેવ, સ્વામી સીમંધરદેવ. ॥ ૧ ॥
કોઈ આવે રે બલિહારીનો સાથ રે સલુણાદેવ, સ્વામી સીમંધરદેવ, આડા સાયર જળે ભર્યા, વચમાં મેરુ હોય, કોશ કેઈકને આંતરે, તિહાં પહોંચી શકે નહિ કોય રે.સલુણા.॥૨॥ મેં જાણ્યું હું આવું તુમ પાસ, વિષમ વિષમ પંથ દૂર,આડા ડુંગર ને દરિયા ઘણા, વચમાં નદીઓ વહે ભરપૂર રે. સલુણા. ॥૩॥ મુજ હૈડું રે સંશય ભર્યું, કેઈ આગળ કહું વાત, એક વાર રે જિનજી જો મીલે, જોઈ જોઈ જોઉં રે વંદન કેરી વાટ રે. સલુણા. ॥૪॥ કોઈ કહે રે સ્વામીજી આવીયા, આપું લાખ પસાય, જીભ રે ઘડાવું સોનાતણી, તેહના દૂધડે પખાલું પાય રે. સલુણા. ॥૫॥ સ્વામીજી સ્વપ્નામાં પેખીયા, હૈડે હરખ ન માય, વાચક ગુણસુંદર એમ ભણે, મેં તો ભેટ્યા સીમંધર રાય રે, સલુણા દેવ. સ્વામી સીમંધર દેવ. ॥ ૬ ॥

---

## ॥ અથ પાર્શ્વનાથનું સ્તવન ॥

હાલો હાલો હાથી ઘોડા શણગારો રે પાર્શ્વનાથને દેહરે વેલા પધારો રે, પાર્શ્વનાથની મૂર્તિ છે મનોહારી રે, પાર્શ્વનાથ તો બેઠા પલાંઠી વાળી રે, સુણો

સુણેા શ્રાવક સમકિત ધારેા રે, પાર્શ્વનાથને દેહરે વહેલા પધારેા રે. ॥૧॥ પાર્શ્વનાથ તેા પ્રાણત દેવલેાકથી ચવિયા રે, પાર્શ્વનાથ તેા પેાષ વદિ દસમીયે જનમ્યા રે, પાર્શ્વનાથને ચેાસઠ ઇન્દ્રે નવરાવ્યા રે, પાર્શ્વનાથને છપ્પનદિગ્ કુમરીયે હુલરાવ્યા રે. સુણેા૦ ॥૨॥ પાર્શ્વનાથ તેા વામાદેવીના નંદ રે, પાર્શ્વનાથ તેા અશ્વસેન કુલચંદ રે, પાર્શ્વનાથને સેવે ચેાસઠ ઇંદા રે, પાર્શ્વનાથને પૂજ્યે પરમાનંદા રે. સુણેા૦ ॥ ૩ ॥ પાર્શ્વનાથ તેા સમતા ગુણના દરિયા રે, પાર્શ્વનાથ તેા ભવસમુદ્રથી તરિયા રે, પાર્શ્વનાથની સિદ્ધ અવસ્થા સેાહે રે, પાર્શ્વનાથની મૂર્તિ દેખી મન મેાહે રે. સુણેા૦ ॥ ૪ ॥ પાર્શ્વનાથને પુરુષાદાણી કહીયે રે, પાર્શ્વનાથને સેવ્યાથી સુખ લહીયે રે, પાર્શ્વનાથને નામે નવનિધિ થાય રે, પાર્શ્વનાથના પદ્મજીત ગુણ ગાય રે. સુણેા૦ ॥ ૫ ॥

## શ્રી શાંતિનાથજિન સ્તવન

શાંતિજિનેશ્વર સાચેા સાહિબ, શાંતિકરણ [૧]ઇણ કલિમેં હેા જિનજી,તું મેરા મનમેં, તું મેરા દિલમેં, ધ્યાન ધરું પલ પલમેં સાહેબજી. તું મેરા૦ ॥૧॥ ભવમાં ભમતાં મેં દરિશન પાયેા; આશા પૂરેા એક

૧. આ કલિયુગમાં

પલમેં હો જિનજી. તું મેરા૦ ॥૨॥ નિર્મલ જ્યોત વદન પર સોહે, નિકસ્યો જ્યું ચંદ્ર વાદળમેં હો જિનજી. તું મેરા૦ ॥૩॥ મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં સાહેબજી. તું મેરા૦ ॥૪॥ જિન રંગ કહે પ્રભુ શાંતિજિનેશ્વર દીઠોજી દેવ સકળમેં હો જિનજી. તું મેરા૦ ॥ ૫ ॥

---

## શ્રી શાંતિનાથજિન સ્તવન

સુણ દયાનિધિ, તુજ પદપંકજ મુજ મન મધુકર લીનો, તું તો રાતદિવસ રહે સુખભીનો સુણ૦ ॥૧॥ પ્રભુ અચિરા માતાનો જાયો, વિશ્વસેન ઉત્તમ કુલ આયો, એક ભવમાં દોય પદવી પાયો. સુણ૦ ॥ ૨ ॥ પ્રભુ ચક્રી જિનપદનો ભોગી, શાંતિ નામ થકી થાય નીરોગી,તુજ સમ અવર નહીં દુજો યોગી. સુણ દયાનિધિ ॥૩॥ ખટખંડતણો પ્રભુ તું ત્યાગી, નિજ આતમ ઋદ્ધિ તણો રાગી, તુજ સમ અવર નહિ વૈરાગી. સુણ દયાનિધિ ॥ ૪ ॥ પ્રભુ મેઘરથ ભવ ગુણ ખાણી, પારેવા ઉપર કરુણા આણી, નિજશરણે રાખ્યો સુખખાણી. સુણ દયાનિધિ ॥ ૫॥ વડવીર થયા સંજમધારી, લહે કેવલ દુગ કમળા સારી, તુજ સમ અવર નહિ ઉપગારી. સુણ દયા-

નિધિ ॥ ૬ ॥ પ્રભુ કર્મકટક ભવભયટાળી, નિજ આતમગુણને અજુઆળી, પ્રભુ પામ્યા શિવવધુ લટકાળી. સુણ દયાનિધિ ॥ ૭ ॥ સાહેબ એક મુજરો માનીજે, નિજ સેવક ઉત્તમ પદ દીજે, રૂપ કીર્તિ કરે તુજ જીવવિજે. સુણ દયાનિધિ ॥ ૮ ॥

---

## શ્રી નેમિનાથજિન સ્તવન

( અજીત જિણંદશું પ્રીતડી—એ દેશી )

પરમાતમ પૂરણ કલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ; પૂરણ દૃષ્ટિ નિહાલીએ, ચિત્તધરીએ હો અમચી અરદાસ. પરમાતમ૦ ॥ ૧ ॥ સર્વ દેશઘાતી સહુ, અઘાતી હો કરી ઘાત દયાળ; વાસ કીયો શિવ-મંદીરે, મોહે વીસરી હો ભમતો જગ જાળ. પર-માતમ૦ ॥ ૨ ॥ જગતારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર; તાત કહેા મોહે તારતાં, કિમ-કીની હો ઇણ અવસર વાર. પરમાતમ૦ ॥ ૩ ॥ મોહમહામદ છાકથી, હું છકીયો હો નહિ શુદ્ધિ લગાર, ઉચિત સહી ઇણે અવસરે, સેવકની હો કરવી સંભાળ. પરમાતમ૦ ॥ ૪ ॥ મોહ ગયા જો તારશો, તિણે વેળા હો કહાં તુમ ઉપકાર, સુખ-વેળા સજ્જન ઘણાં, દુઃખવેળા હો વિરલા સંસાર.

પરમાતમ૦ ॥ ૫ ॥ પણ તુમ દરિશન જોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ, અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ. પરમાતમ૦ ॥૬॥ કર્મકલંક નિવારીને, નિજરૂપે હો રમે રમતા રામ; લહત અપૂર્વભાવથી, ઇણ રીતે હો તુમ પદ વિશ્રામ. પરમાતમ૦ ॥ ૭ ॥ ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ, ચિદાનંદ મનમેં સદા,તુમે આવો હોપ્રભુ નાણુદ્વિણું દ.પરમાતમ૦॥૮॥

---

## શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહેશું, વામાનંદન જગદાનંદન,જેહ સુધારસ ખાણી;મુખ મટકે લોચનને લટકે, લોભાણી ઇંદ્રાણી. મોહન૦ ॥ ૧ ॥ ભવપટ્ટણ ચીહું દિશિ ચારે ગતિ, ચોરાશી લખ ચૌટા, ક્રોધ માન માયા લોભાદિક, ચોવટીઆ અતિ ખોટા.મોહન૦ ॥ ૨ ॥ અનાદિ નિગોદ તે બંધીખાનો, તૃષ્ણા તોપે રાખ્યો, સંજ્ઞા ચારે ચોકી મેલી, વેદ નપુંસક આંકયો. મોહન૦ ॥ ૩ ॥ ભવસ્થિતિ કર્મવિવર લઈ નાઠો,પુણ્ય ઉદય પણ વાધ્યો, સ્થાવર વિગલેંદ્રીપણું ઓલંધી,પંચેંદ્રિપણું લાધ્યો.

મોહન૦ ॥૪॥ માનવભવ આરજકુલ સદ્ગુરુ, વિમળબોધ મળ્યો મુજને,ક્રોધાદિકરિપુ શત્રુવિનાશી, તેણે ઓળખાવ્યો તુજને, મોહન૦ ॥૫॥ પાટણ માંહે પરમદયાળુ, જગત વિભૂષણ ભેટ્યા, સત્તર-બાણું શુભ પરિણામે,કર્મકઠીન બળ ભેટ્યા.મોહન૦ ॥૬॥ સમકિત ગજ ઉપશમ અંબાડી, જ્ઞાન કટક બળ કીધું, ખીમાવિજય જિનચરણરમણસુખ, રાજપોતાનું લીધું. મોહન૦ ॥૭॥

---

## શ્રી પાર્શ્વજિન સ્તવન બીજું

પરમાતમ પરમેસરુ, જગદીશ્વર જિનરાજ,જગ-બંધવ જગભાણ બલિહારી તુમતણી, ભવજલધિ-માંહી જહાજ ॥૧॥ તારકવારક મોહનો, ધારક નિજ ગુણ ઋદ્ધિ,અતિશયવંત ભદંત કૃપાલી,શિવ-વધૂ પરણી લહી નિજ સિદ્ધિ ॥૨॥ જ્ઞાન દર્શન અનંત છે, વળી તુજ ચરણ અનંત, ઈમ દાનાદિ અનંત ક્ષાયિક ભાવે થયા, ગુણ તે અનંતાનંત ॥૩॥ બત્રીશ વર્ણ સમાય છે,એક જ શ્લોક મોઝાર, એક વર્ણ પ્રભુ તુઝ ન માયે જગતમાં, કેમ કરી થુણીએ ઉદાર ॥૪॥ તુજ ગુણ કોણ ગણી શકે, જો પણ કેવલ હોય,આવિર્ભાવથી તુઝ સયલ ગુણ માહરે,

પ્રછન્ન ભાવથી જોય. ॥ ૫ ॥ શ્રી પંચાસરાપાસજી અરજ કરું એક તુઝ, તે આવિર્ભાવ થાય દયાલ કૃપાનિધિ,કરુણા કીજેજી મુઝ ॥૬॥ શ્રીજિન ઉત્તમ તાહરી, આશા અધિક મહારાજ, પદ્મવિજય કહે એમ લહું,શિવનગરીનું અક્ષય અવિચલ રાજ ॥૭॥

---

## શ્રી શત્રુંજય સ્તવન

હાં રે મારે યોવયાનીનો લટકો દહાડા ચાર જો—એ દેશી

હાંરે મારે આજ મળીયો મુજને તિન ભુવનનો નાથ જો, ઊગ્યો સુખસુરતરુ મુજ ઘટઘર આંગણે રે લોલ,હાંરે આજ અષ્ટ મહા સિદ્ધિ આવી માહારે હાથ જો, નાઠા માઠા દહાડા દરિસણ પ્રભુતણે રે જો ॥ ૧ ॥ હાંરે માહરે હિયડે ઉલટી ઉલટરસની રાસી જો, નેહ સલુણી નજર નિહાળી તાહરી રે જો, હાંરે હું તો જાણું નિશદિન બેસી રહું તુજ પાસ જો, તાહરે નેહે ભેદી મીંનેં માહરી રે જો ॥ ૨ ॥ હાંરે માહરી પૂગી પૂરણ રીતે મનની હોંસ જો,દુર્જનિયા તે દુઃખભર્યા આવશે પડ્યા રે જો, હાંરે પ્રભુ તું તો સુરતરુ બીજા જાણ્યા તુમ જો, તુજ ગુણહીરો મુજ હિયડા ઘાટે જડ્યો રે જો ॥ ૩ ॥ હાંરે પ્રભુ તુજ શું

માહરે ચોળ મજીઠો રંગ જો, લાગ્યો એહવો તે છે કુણ ટાળી શકે રે જો, હાં રે પ્રભુ પલટે તે તો કાચો રંગ પતંગ જો, લાગ ન લાગે દુર્જનનો કો મુજ થકે રે જો ॥ ૪ ॥ હાંરે પ્રભુ તાહરી મુદ્રા સાચી મોહન વેલ જો, મોહ્યા તિનભુવનજન દાસ થઈ રહ્યા રે જો, હાંરે પ્રભુ જે નવિ રંજ્યા તે સુરતરુને ઠેલી જો, દુઃખ વિષવેલી આદર કરવા ઉમહ્યા રે જો ॥ ૫ ॥ હાંરે પ્રભુ તાહરી ભક્તિભીન્યું મારું ચિત્ત જો, તલ જિમ તેલે તેલે જેમ સુવાસના રે જો, હાંરે પ્રભુ તાહરી દીઠી જગમાં મોટી રીત જો, સફલ ફલ્યાં અરદાસવચન મુજ દાસના રે જો ॥ ૬ ॥ હાંરે મારે પ્રથમ પ્રભુજી પુરણ ગુણનો ઈશ જો, ગાતાં ઋષભજિનેશ્વર હુંશે માનતણી રે જો; હાંરે મારે વિમળવિજયવરવાચકનો શુભ શિષ્ય જો, રામે પામી દિનદિન દોલત અતિ ઘણી રે જો ॥ ૭ ॥

---

## શ્રી અભિનંદન જિનવાણી મહિમા સ્તવન

તુમે જોજો જોજો રે, વાણીનો પ્રકાશ, તુમે જોજો જોજો રે, ઊઠે છે અખંડ ધ્વનિ, જોજને સંભલાય; નર તિરિય દેવ આપણી, સહુ ભાષાયે સમજાય, તુમે૦ ॥૧॥ દ્રવ્યાદિક દેખી કરીને, નય નિખેપે

જુત્ત, ભંગતણી રચના ઘણી, કાંઈ જાણે સહુ અદ્‌ભુત. તુમે૦ ॥ ૨ ॥ પય સુધાને ઇક્ષુચારિ, હારિ જાયે સર્વ, પાખંડી જન સાંભળીને, મૂકી દીયે ગર્વ. તુમે૦ ॥ ૩ ॥ ગુણ પાંત્રીશે અલંકરી, કાંઈ અભિનંદન જિનવાણ, સંશય છેદે મનતણા, પ્રભુ કેવલજ્ઞાને જાણ. તુમે૦ ॥૪॥ વાણી જે જન સાંભળે, તે જાણે દ્રવ્ય ને ભાવ, નિશ્ચય ને વ્યવહાર જાણે, જાણે નિજ પરભાવ. તુમે૦ ॥ ૫ ॥ સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાન ને આચાર; હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્ત્વાતત્ત્વ વિચાર. તુમે૦॥ ૬ ॥ નરક સ્વર્ગ અપવર્ગ જાણે, થિર વ્યય ને ઉત્પાદ; રાગ દ્વેષ અનુબંધ જાણે, ઉત્સર્ગ ને અપવાદ. તુમે૦ ॥ ૭ ॥ નિજ સ્વરૂપને ઓલખીને, અવલંબે સ્વરૂપ; ચિદાનંદઘન આતમા તે, થાયે નિજ ગુણ ભૂપ. તુમે૦ ॥ ૮ ॥ વાણીથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદપદ્મ; નિયમા તે પરભાવ તજીને, પામે શિવપુર સદ્મ. તુમે૦ ॥ ૯ ॥

---

## શ્રી સીમંધર જિન સ્તવન

ધન ધન ક્ષેત્ર મહાવિદેહ જી, ધન્ય પુંડરિગિણી ગામ, ધન્ય તિહાંના માનવીજી; નિત્ય ઊઠી કરે રે

પ્રણામ, સીમંધર સ્વામી કઇયેં રે હુ મહાવિદેહ આવીશ, જયવંતા જિનવર, કઇયેં રે હું તમને વાંદીશ.॥૧॥ ચાંદલિયા સંદેશડોજી,કહેજો સીમંધર સ્વામ, ભરતક્ષેત્રના માનવીજી, નિત્ય ઊઠી કરે રે પ્રણામ. સી૦ ॥ ૨ ॥ સમવસરણ દેવે રચ્યું તીહાં, ચોસઠ ઇંદ્ર નરેશ, સોનાતણે સિંહાસન બેઠા, ચામર છત્ર ધરેશ. સી૦ ॥ ૩ ॥ ઇંદ્રાણી કાઢે ગહુંલીજી, મોતીના ચોક પૂરેશ; ક્ષળીલળી લીયે લુંછણાજી, જિનવર દીયે ઉપદેશ. સી૦ ॥ ૪ ॥ એહવે સમે મેં સાંભળ્યું જી, હવે કરવાં પચ્ચખ્ખાણ,બારે પરખદા સાંભળેજી, અમૃતવાણી વખાણ.સી૦ ॥ ૫ ॥ રાયને વ્હાલા ઘોડલાજી, વેપારીને વ્હાલા છે દામ; અમને વ્હાલા સીમંધરસ્વામી, જેમ સીતાને શ્રીરામ. સી૦ ॥ ૬ ॥ નહિ માગું પ્રભુ રાજઋદ્ધિજી, નહિ માગું ગરથભંડાર; હું માગું પ્રભુ એટલું જી, તુમ પાસે અવતાર. સીમંધર૦ ॥ ૭ ॥ દૈવે ન દીધી પાંખડીજી, કેમ કરી આવું હજુર; મુજરો મ્હારો માનજોજી, પ્રહ ઉગમતે સૂર. સીમંધર૦ ॥ ૮ ॥ સમય સુંદરની વિનતિજી, માનજો વારંવાર; બેહુ કરજોડી વિનવું જી, વિનતડી અવધાર. સીમંધર૦ ॥ ૯ ॥

# શ્રી અજિતનાથ સ્વામીનું સ્તવન

( રાગ આશાવરી )

મારું મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે—એ દેશી

પંથડો નિહાલું રે બીજા જિન તણો રે, અજિત અજિત ગુણધામ,જે તેં જીત્યા રે તેણે હું જીતીયો રે, પુરુષ કિશ્યું મુજ નામ. પંથડો. ॥૧॥ ચરમ નયણે કરી મારગ જોવતા રે, ભૂલ્યો સયલ સંસાર; જેણે નયણે કરી મારગ જોઇએ રે,નયણ તે દિવ્ય વિચાર. પંથડો. ॥૨॥ પુરુષ પરંપર અનુભવ જોવતાં રે અંધોઅંધ પલાય; વસ્તુ વિચારે રે જો આગમે કરી રે,ચરણ ધરણ નહીં ઠાય.પંથડો. ॥૩॥ તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોઈ, અભિમતેં વસ્તુ વસ્તુગતે કહે રે,તે વિરલા જગ જોય. પંથડો. ॥૪॥ વસ્તુ વિચારે રે, દિવ્ય નયણ તણો રે, વિરહ પડ્યો નિરધાર, તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પંથડો. ॥૫॥ કાળ લબ્ધિ લહી પંથ નિહાલશું રે,એ આશા અવિલંબ,એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મતઅંબ. પંથડો. ॥૬॥

# શ્રી સંભવનાથ જિન સ્તવન

( હાં રે મારે યૌવનિયાનો લટકો દહાડા ચાર જો–એ દેશી )

હાં રે પ્રભુ સંભવસ્વામી, ત્રીજા શ્રી જગનાથ જો;લાગી રે તુજથી દૃઢ ધર્મની પ્રીતડી રે લો;હાં રે૦ સરસ સુકોમળ સુરતરુ દીધી બાથ જો, જાણ્યું, રેસે ભૂખે લીધી સુખડી રે લો.॥ ૧ ॥ હાં રે૦સકળ ગુણે કરી ગીરુઓ તું હી જ એક જો,દીઠો રે મન મીઠો ઇઠો રાજીઓ રે લો;હાં રે૦ તુજસ્યું મિલતાં સાચો મુજસ્યું વિવેક જો, હું તો રે ધણીઆતો થઈને ગાજીઓ રે લો. ॥૨॥ હાં રે૦ નહિ છે માહરે હવે કેહની પરવાર જો,જો તારે સાહી મુજ લેજે બાંહડી રે લો. હાં રે૦તુજ પાસેથી અળગો ન રહું નાહ જો,દોડે રે કુણ તાવડ છાંડી છાંહડી રે લો.॥૩॥ હાં રે૦ ભાગ્યે લહીયે તુજ સરીખાનો સંગ જો, આણે રે જમવારે ફિરિ ફિરિ દોહિલો રે લો,હાં રે૦ જોતિ મનોહર ચિંતામણીનો નંગ જો,જોતાં રે કિમે નહીં જગમાં સોહિલો રે લો. ॥ ૪ ॥ હાં રે૦ ઉતારો મત ચિતડાથી નિજ દાસ જો, ચિંતા રે ચૂરંતા પ્રભુ ન કરો ગઈ રે લો. હાં રે૦ પ્રેમ વધારણ કાંતિ તણી અરદાસ જો, ગણતાં રે પોતાનો સવિ લેખે થઈ રે લો. ॥ ૫ ॥

# શ્રી અભિનંદન જિન સ્તવન

( ઢાલ મોતીડાની–એ દેશી )

પ્રભુ મુજ દરિશન મળીયો અલવે, મન થયો હવે હળવે હળવે; સાહિબા અભિનંદન દેવા, મોહેના અભિનંદન૦પુણ્યોદય એ મોટો માહરો,અણચિંત્યો થયો દરિસણ તાહરો.સા૦॥૧॥ દેખત ખેચ હરી મન લીધું, કામણગારે કામણ કીધું; સા૦ મનડું જાયે નહિ કોઈ પાસે, રાત દિવસ રહે તારી પાસે. સા૦ ॥૨॥ પહિલું તો જાણ્યું હતું સોહિલું, પણ મોટા શું હિળવું દોહિલું; સા૦સોહિલું જાણી મનડું વળગ્યું, થાય નહિ હવે કીધું અળગું. સા૦ ॥ ૩ ॥ રૂપ દેખાડી હોયે અરૂપી, કિમ ગ્રહિવાયે અકલ સરૂપી; સા૦ તાહરી ધાત ન જાણી જાયે, કહો મનડાની શી ગતિ થાયે.સા૦ ॥૪॥ પહેલાં જાણી પછી કરે કિરિયા,તે પરમારથ સુખના દરિયા; સા૦ વસ્તુ અજાણ્યે મન દોડાવે, તે તો મુરખ બહુ પસ્તાવે. સા૦ ॥૫॥ તે માટે તું રૂપી અરૂપી, તું શુદ્ધ બુદ્ધ ને સિદ્ધ સરૂપી; સા૦ એહ સરૂપ ગ્રહીઉં જબ તાહરું, તવ ભ્રમ રહિત થયું મન માહરું. સા૦ ॥ ૬ ॥ તુજ ગુણ જ્ઞાન ધ્યાનમાં રહિયે, ધર્મ હિળવું

પણ સુલભજ કહીયે; સા૦ માનવિજય વાચક પ્રભુ ધ્યાને, અનુભવ રસમાં હલ્યો એકતાને. સા૦ ॥૭॥

---

## શ્રી સુમતિ જિન સ્તવન

( થારામોહલા ઉપર મેહ એ–દેશી )

રૂપ અનૂપ નિહાલી,સુમતિજિન તાહરું હો લાલ; સુ૦ છાંડી ચપળ સ્વભાવ, ઠર્યું મન માહરું હો લાલ. ઠ૦, રૂપીસરૂપ ન હોત,જો જગ તુજ દીસતું હો લાલ,જો૦ તો કુણ ઉપર મન્ન,કહો અમ હીંસતું હો લાલ.ક૦॥ ૧ ॥ હીંસ્યા વિણ કિમ શુદ્ધ સ્વભાવને ઇચ્છતા હો લાલ;સ્વ૦,ઇચ્છા વિણ તુજ ભાવ, પ્રગટ કિમ પ્રીછતા હો લાલ, પ્ર૦ પ્રીછ્યા વિણ કિમ ધ્યાન,દશામાંહિ લાવતા હો લાલ; દ૦ લાવ્યા વિણ રસસ્વાદ, કહો કિમ પાવતા હો લાલ, ક૦ ભક્તિ વિના નવિ મુક્તિ,હુયે કોઈ ભગતને હો લાલ, હુ૦ રૂપી વિના તો તેહ,હુયે કિમ વ્યક્તને હો લાલ; હુ૦ નવણ વિલેપન માળ,પ્રદીપ ને ધુપણા હો લાલ, પ્ર૦ નવનવ ભૂષણ ભાલ, તિલક શિરને ખૂંપણા હો લાલ. તિ૦ ॥ ૩ ॥ અમસત પુણ્યને યોગે, તુમે રૂપી થયા હો લાલ તુ૦ અમૃત સમાની વાણી, ધર્મની કહી ગયા હો લાલ, ધ૦ તેહ આલંબીને

જીવ, ઘણાએ ખૂઝીયા હો લાલ; ધ૦ ભાવિભાવને યોગેં અમો પણ રંજ્યા હો લાલ. અ૦ ॥ ૪ ॥ તે માટે તુજ પિંડ, ઘણા ગુણ કારણો હો લાલ, ધ૦ સેવ્યો ધ્યાયો હુયે,મહાભય વારણો હો લાલ, મહા૦ શાંતિવિજયબુધશિષ્ય, કહે ભવિકા જના હો લાલ, કહે૦ પ્રભુનું પિંડસ્થ ધ્યાન, કરો થઈ એકમના હો લાલ. કરો૦ ॥ ૫ ॥

---

## શ્રી પદ્મપ્રભુ જિન સ્તવન

( દેશી–રસિયાની )

પદ્મ જિનેસર પદ્મલંછન ભલું, પદ્મની ઉપમા દેવાય; જિનેસર ઉદકને પંકમાંહિ જે ઉપનું, ઉદક પંકે ન લેપાય. જી. ॥ ૧ ॥ તિમ પ્રભુ કર્મપંકથી ઉપના,ભોગજળે વધ્યા સ્વામી,જી૦કર્મભોગ મ્હેલી અલગા રહ્યા, તેહને નમું શિરનામી.જી૦ ૫૦ ॥૨॥ બારે પરખદા આગળ તું દીયેં,મધુર સ્વરે ઉપદેશ, જી૦ સર દષ્ટાંતે દેશના સાંભળે,નરતિરિ દેવ અશેષ. જી૦ ૫૦ ॥૩॥ રક્ત પદ્મસમ દેહ તે તગતગે, જબ-લગે રૂપનિહાળ,જી૦ઝગમગે સમવસરણમાંહિ રહ્યા, પગપગે રિદ્ધિ રસાળ.જી૦૫૦ ॥૪॥ સુસીમામાતાએ પ્રભુને ઉર ધર્યા પદ્મ સ્વપન ગુણધામ, જી૦ ઉત્તમ

વિજય ગુરુ સાહ્યે ગ્રહ્યા, પદ્મવિજય પદ્મનામ. જી૦ ૫૦ ॥ ૫ ॥

---

## શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

( રંગીલે આતમા એ–દેશી )

નીરખી નીરખી તુજ બિંબને રે, હરખિત હુયે મુજ મન્ન; સુપાસ સોહામણા, નિરવિકારતા નયનમાં રે, મુખડું સદા સુપ્રસન્ન. સુ૦ ॥૧॥ ભાવઅવસ્થા સાંભરે રે, પ્રાતિહાર્યની શોભ; સુ૦ કોડિગમે દેવા સેવા, કરતા મૂકી લોભ. સુ૦ ॥ ૨ ॥ લોકાલોકના સવિ ભાવા, પ્રતિભાસે પ્રત્યક્ષ, સુ૦ તોહે ન રાચે નવિ રુસે રે, નવિ અવિરતિનો પક્ષ૦ સુ૦ ॥૩॥ હાસ્ય ન રતિ અરતિ નહિ રે,નહિ ભયશોક દુગંછ. સુ૦, નહીં કંદર્પકદર્થના રે, નહીં અંતરાયનો સંચ. સુ૦ ॥ ૪ ॥ મોહ મિથ્યાત નિદ્રા ગઈ રે, નાઠા દોષ અઢાર સુ૦, ચોત્રીસ અતિશય રાજતા રે,મૂલઅતિશય ચ્યાર૦ સુ૦ ॥ ૫ ॥ પાંત્રીશ વાણી ગુણે કરી રે, દેતા ભવિ ઉપદેશ, સુ૦ ઇમ તુજ બિંબને તાહરો રે, ભેદ નહિ લવલેશ. સુ૦ ॥૬॥ રૂપથી પ્રભુ ગુણસાંભરે રે, ધ્યાન રૂપસ્થ વિચાર,સુ૦માનવિજય વાચક વદે રે, જિનપ્રતિમા જયકાર. સુ૦ ॥૭॥

# શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન

( રાગ કેદારો ગોડી–કુમરી રોવે આક્રંદ કરે મુકાવે–
એ દેશી )

ચંદ્રપ્રભ મુખચંદ, સખી મુને દેખણ દે, ઉપ-
શમ રસનો કંદ; સ૦ સેવે સુરનર વૃંદ, સ૦ ગત
કલિમલ દુખઃદંદ.સ૦॥૧॥ સુહુમ નિગોદે ન દેખીયો,
સ૦ બાદર અતિહિ વિશેષ, સ૦ પુઢવી આઉ ન
લેખીએો, સ૦, તેઉ વાઉ ન લેસ. સ૦ ॥ ૨ ॥
વનસ્પતિ અતિઘણ દીહા, સ૦ દીઠો નહિય દેદાર;
સ૦ બિતિ ચઉરિંદ્રિ જલ તિહાં, સ૦ ગતિ સન્ની
પણ ધાર. સ૦ ॥૩॥ સુર તિરિ નિરય નિવાસમાં,
સ૦ મનુજ અનારજ સાથ; સ૦ અપજત્તા પ્રતિભા-
સમાં, સ૦ ચતુર ન ચઢીયો હાથ. સ૦ ॥ ૪ ॥ ઇમ
અનેક થલ જાણીયે; સ૦ હરિસણ વિણ જિનદેવ;
સ૦ આગમથી મતિ આણીયે, સ૦ કીજે નિર્મલ
સેવ. સ૦ ॥ ૫ ॥ નિર્મલ સાધુ ભક્તિ લહી, સ૦
યોગ અવંચક હોય; સ૦ કિરિયા અવંચક તિમ
સહી, સ૦ ફલ અવંચક જોય. સ૦ ॥ ૬ ॥ પ્રેરક
અવસર જિનવરુ, સ૦ મોહનીય ક્ષય જાય; સ૦
કામિત પૂરણ સુરતરુ, સ૦ આનંદઘન પ્રભુપાય.
સ૦ ॥ ૭ ॥

# શ્રી સુવિધિનાથ જિન સ્તવન

( રાગ–કેદારો–ધમ ધનો ધનને પરચાવે–એ દેશી )

સુવિધિ જિણેસર પાય નમીને, શુભકરણી ધ્યમ કીજે રે, અતિ ઘણેા ઊલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજીજે રે. સુ૦ ॥૧॥ દ્રવ્ય ભાવ શુચિભાવ ધરીને, હરખે દેહરે જઈયે રે, દહતિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઇયે રે. સુ૦ ॥ ૨ ॥ કુસુમ અક્ષત વરવાસ સુગંધેા, ધૂપ દીપ મન સાખી રે, અંગપૂજા પણ ભેદ સુણી ધ્યમ, ગુરુમુખ આગમ ભાખી રે. સુ૦ ॥૩॥ એહનું ફળ દેાય ભેદ સુણીજે, અનંતરને પરંપર રે, આણાપાલણ ચિત્ત પ્રસન્ને, મુગતિ સુગતિ સુરમંદિર રે. સુ૦ ॥ ૪ ॥ ફૂલ અક્ષત વર ધૂપ પઈવેા, ગંધ નૈવેદ્ય ફલ જલભરી રે, અંગ અગ્ર પૂજામિલિ અંડવિધ, ભાવે ભવિક સુભગતિ વરી રે. સુ૦ ॥ ૫ ॥ સત્તરભેદ એકવીશ પ્રકારેં, અષ્ઠોત્તરશત ભેદે રે, ભાવ પૂજા બહુવિધ નિરધારી, દેાહગ દુર્ગતિ છેદે રે. સુ૦ ॥૬॥ તુરીય ભેદ પડિવતિ પૂજા, ઉપશમ ખીણ સયેાગી રે; ચઉહા પૂજા ધ્યમિ ઉત્તરા ઝયણે, ભાખી કેવળ ભેાગી રે. સુ૦ ॥૭॥ ધ્યમિ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે, ભવિક જીવ કરસ્યે તે લહિસ્યે, આનંદઘનપદ ધરણી રે. સુ૦ ૮

## શ્રી શીતલનાથ જિન સ્તવન

( ભોલુડા રે હંસા–એ દેશી )

શીતલજિન તુજ મુજ વિચે આંતરું, નિશ્ચયથી નહિ કોય; દંસણ નાણ ચરણ ગુણ જીવને, સહુને પૂરણ હોય ॥૧॥ અંતરયામી રે સ્વામી સાંભળો, પણ મુજ માયા રે ભેદી ભોળવે, બાહ્ય દેખાડી રે વેષ, હિયડે જૂઠી રે મુખ અતિ મીઠડી, જેહવી ધૂરત વેષ. અં૦ ॥૨॥ એહને સ્વામી રે મુજથી વેગળી, કીજે દીનદયાળ; વાચક જશ કહે જિમ તુમ્હ સ્યું મીલી, લહીયે સુખ સુવિશાળ. અં૦ ॥ ૩ ॥

---

## શ્રી શ્રેયાંસ જિન સ્તવન

( ગઢડામેં ઝુલે સહિયાં હાથણી–એ દેશી )

મનડું તે મોહ્યું સહીયાં માહરું, દેખીને જિનવર શ્રી શ્રેયાંસ; માહરે આંગણીયે, સહિયાં આંબો મોરિઓ, ભાવઠ ભાગી સહિયાં મોરડી, પ્રગટયા છે પૂન્યના રૂડા અંશ.મ૦ ॥ ૧ ॥ ફૂલે તે ચુડા સહિયાં મેહુલા, ફૂલી છે આંગણે મોહનવેલ; મ્હારે૦ અમિયરશ્યું સિંચ્યાં સહિયાં નયણલાં, વધતી છે અમચે ઘર રંગરેલ. મ્હારે૦ ॥ ૨ ॥ સાચો એ સાહિબ

સહિયાં સેવતાં, મનડાના દીસે રુડા કોડ,મ્હારે૦જોતાં ન દીસે સહિયાં એહવો, બીજો નહિ જગમાં એહની જોડ. મ્હારે૦ ॥ ૩ ॥ રાણી શ્રીવિષ્ણુ સહિયાં જનમીઓ; રાજા શ્રીવિષ્ણુ તણો કુલભાણ, મ્હારે૦ લંછન તે ખડ્ગી સહિયાં જેહને, વહાલો તે જિનવર જગનો ભાણ. મ્હારે૦ ॥ ૪ ॥ લાગી હે સહિયાં પૂરણ પ્રીતડી, મુખડાથી તે તો ન કહેવાય,મ્હારે૦ રંગે હે સહિયાં જિનને વાંદતાં, પ્રેમે હે કાંતિવિજય સુખ થાય. મ્હારે૦ ॥૫॥ ઈતિ.

---

## શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

( પ્રથમ ગોવાળાતણે ભવેજી—એ દેશી )

વાસવ વંદિત વંદિએજી, વાસુપૂજ્ય જિનરાય; માનું અરુણ વિગ્રહ કર્યોજી, અંતરરિપુ જયકાર ગુણાકર, અદ્‌ભુત તહારી રે વાત, સુણતાં હોય સુખસાત.ગુ૦ ॥૧॥ અંતરરિપુક્રમ જય કર્યોજી, પામ્યો કેવળજ્ઞાન, શૈલેશીકરણે હણ્યાંજી, શેષકર્મ સુહઝાણ. ગુ૦ ॥ ૨ ॥ બંધન છેદાદિક થકીજી, જઈ ફરસ્યો લોકાંત, જિહાં નિજ એક અવગાહનાજી, તિહાં ભવ મુક્ત અનંત. ગુ૦ ॥૩॥ અવગાહના જે મૂળ છે જી, તેહમાં સિદ્ધ અનંત;તેહથી અસંખ્યગુણા હોયે જી,

ફરસિત જિન ભગવંત. ગુ૦ ॥ ૪ ॥ અસંખ્યપ્રદેશ અવગાહનાજી, અસંખ્યગુણ તિણે હોય, જ્યોતિમાં જ્યોતિ મિલ્યા પરે જી, પણ સંકીર્ણ ન કોય. ગુ૦ ॥૫॥ સિદ્ધ બુદ્ધ પરમાતમાજી, આધિ વ્યાધિ કરી દૂર; અચલ અમલ નિકલંક તુંજી, ચિદાનંદ ભરપૂર. ગુ૦ ॥ ૬ ॥ નિજ સ્વરૂપમાંહિ રમે જી, ભેળા રહત અનંત; પદ્મવિજય તે સિદ્ધનું જી, ઉત્તમ ધ્યાન ધરંત. ગુ૦ ॥૭॥

---

## શ્રી વિમલ જિન સ્તવન

( અરણીક મુનિવર ચાલ્યા ગોચરી—એ દેશી )

વિમલ જિણેસર નિજકારજ કર્યું, છંડી સોપાધિ ભાવોજી; એકપણે સવિગુણમાં મળી રહ્યો, પરમાનંદ સ્વભાવોજી. વિ૦ ॥ ૧ ॥ સુમનસકાંતારે વિભ્રમ રોચિતા, જસુ માનસ ન ક્ષોભાવોજી; મંદાર બાંહયેરે સવિ સુર જીતિયા, તું તો જિતેંદ્રિ સ્વભાવોજી. વિ૦ ॥ ૨ ॥ ત્રિભુવન બંધુ રે અતિશય પૂરણો, દોષઅભાવે ગત શાંતિજી; દીર્ણિગજ અરિહા મિટે ભવદહિા, અતુલ દાયક મુજ શાંતિજી. વિ૦ ॥૩॥ નિઃપ્રતિબંધ અબંધક મેં સ્તવ્યો, અપવર્ગ પદવીનો ભૂપોજી; નિકટ કરે જનને મન સું-

દરુ દેખે તે સહજસ્વરૂપોજી. વિ૦ ॥ ૪ ॥ વિમલ જિણંદથી રે ધ્રુવપદ રાગીયા, નિર્મલ કરે નિજ શક્તિજી; સૌભાગ્યલક્ષ્મીસૂરિ અવધ ભેદી લહે, પૂર્ણાનંદ પદ વ્યક્તિજી. વિ૦ ॥ ૫॥

---

## શ્રી અનંતનાથ જિન સ્તવન

(રાગ–રામગીરી કડખો)

ધાર તરવારની સોહિલી દોહિલી, ચૌદમા જિનતણી ચરણ સેવા; ધારપર નાચતા દેખ બાજીગરા, સેવના ધારપર રહે ન દેવા. ધા૦ ॥ ૧ ॥ એક કહે સેવીયે વિવિધ કિરિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે; ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચ્યાર ગતિમાંહિ લેખે. ધા૦ ॥ ૨ ॥ ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે; ઉદરભરણાદિ નિજકાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાલ રાજે. ધા૦ ॥ ૩ ॥ વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો, વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફળ, સાંભળી આદરી કાંઈ રાચો. ધા૦॥૪॥ દેવગુરુધર્મની શુદ્ધિ કહો કિમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો; શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરી,છારપરે લીંપણો તેહ જાણો.

ધા૦ ॥૫॥ પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહીં કોઈ જગસૂત્ર સરિખો; સૂત્રઅનુસાર જે ભાવિક કિરિયા કરે, તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો. ધાર તરવારની૦ ॥ ૬ ॥ એહ ઉપદેશનું સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે,તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજપાવે. ધાર૦ ॥ ૭ ॥

---

## શ્રી ધર્મનાથ જિન સ્તવન

( હાંરે મારે જોબનિયાનો લટકો દહાડા ચાર જો—એ દેશી )

હાંરે મારે ધર્મજિણંદશું લાગી પૂરણ પ્રીતજો, જીવડલો લલચાણો જિનજીની ઓળગે રે લો; હાંરે મુને થાશે કોઇકિ સમે પ્રભુ સુપ્રન્નજો, વાતડલી માહરી રે સવિ થાશે વગેરે લો૦ ॥ ૧ ॥ હાં રે પ્રભુ દુર્જનનો ભંભેર્યો માહરો નાથજો, ઓળવશ્યે નહીં કયારે કીધી ચાકરી રે લો;હાંરે મારા સ્વામી સરખો કુણ છે દુનિયામાંહે જો, જઈયે રે જીભ તેહને ઘર આશા કરીરે લોલ૦ ॥ ૨ ॥ હાં રે જસ સેવા સેંતી સ્વારથની નહીં સિદ્ધજો, ઠાલી રે શી કરવી તેહથી ગોઠડી રે લો,હાં રે કાંઈ એહું ખાય તે મીઠાઈ ને માટે જો, કાંઈ રે પરમારથ વિણ નહીં પ્રીતડી રે લો૦॥ ૩॥

હાંરે મારે અંતરજામી જીવન પ્રાણ આધારજો;વાયો રે
નવિ જાણ્યો કલિયુગ વાયરો રે લો;હાં રે મારે લાયક
નાયક ભક્તવત્સલ ભગવંત જો, વારુ રે ગુણ કેરો
સાહિબ સાયરુ રે લો૦ ॥૪॥ હાં રે મારે લાગી મુ-
જને તાહરી માયા જોર જો, અળગારે રહ્યાથી હોય
ઓસાંગળો રે લો;હાં રે કુણ જાણે અંતરગતની વિણ
મહારાજ જો, હેજે રે હસી બોલો છાંડી આમલો રે
લો૦ ॥૫॥ હાંરે મારે મુખને મટકે અટકયું મહારું
મન જો, આંખડલી અણીયાલી કામણગારડી રે લો,
હાંરે મારાં નયણાં લંપટ જોવે ખીણ ખીણ તુજ જો,
રીતે રે પ્રભુ રૂપે ન રહે વારીઆં રે લો૦॥૬॥ હાં રે
પ્રભુ અળગા તોપણ જાણજ્યો કરીને હજુર જો,
તાહરી રે બલીહારી હું જાઉં વારણે રે લો; હાં રે
કવિ રૂપવિબુધનો મોહન કરે અરદાસ જો,ગિરુઆથી
મન આણી ઉલટ અતિ ઘણે રે લો૦ ॥ ૭ ॥

---

## શ્રી અરનાથ જિન સ્તવન

(આસણુરાયોગી—એ દેશી)

શ્રી અરજિન ભવજલનો તારુ, મુજ મન લાગે
વારુ રે, મનમોહન સ્વામી,બાંહે ગ્રહી એ ભવિજન
તારે, આણે શિવપુર આરે રે.મ૦ ॥ ૧ ॥ તપ જપ

મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે, મ૦ પણ નવિ ભય મુજ હાથો હાથે, તારે તે છે સાથે રે. મ૦ ॥ ૨ ॥ ભક્તને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફળ દેઇ રે,મ૦ કાયા કષ્ટ વિના ફળ લહીએ,મનમાં ધ્યાન ધરેઇ રે. મ૦ ॥ ૩ ॥ જે ઉપાય બહુવિધની રચના, યોગ માયા તે જાણો રે, મ૦શુદ્ધ દ્રવ્ય ગુણ-પર્યાય ધ્યાને, શિવદે પ્રભુ સપરાણો રે. મ૦ ॥ ૪ ॥ પ્રભુ પાય વળગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજા રે, મ૦ વાચક જશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે. મ૦ ॥ ૫ ॥

## શ્રી મલ્લિનાથ જિન સ્તવન

(સુણ બ્હેની પીહડો પરદેશી—એ દેશી)

મલ્લિ જિનેસર ધર્મ તુમ્હારો,સાદિ અનંત સ્વ-ભાવજી;લોકાલોક વિશેષાભાસન,જ્ઞાનાવરણી અભા વજી. મ૦ ॥ ૧ ॥ એક નિત્યને સઘળે વ્યાપી,અવ-યવ વિણ સામાન્યજી; બીયાવરણ અભાવે દેખે, ઉપયોગાંતર માન્યજી. મ૦ ॥ ૨ ॥ આતમ એક અસંખ પ્રદેશી, અવ્યાબાધ અનંતજી; વેદની વિ-નાશે માયે, લોકે દ્રવ્ય મહંતજી. મ૦ ॥૩॥ મોહની ક્ષયથી ક્ષાયક સમકિત, યથાખ્યાત ચારિત્રજી;વીત-

રાગતા રમણે આયુ, ક્ષય અક્ષયથિતિ નિત્યજી. મ૦ ॥ ૪ ॥ પંચદેહ અવગાહના આકૃતિ, નામ વિભાવ અનુપજી; વર્ણ ગંધ રસ ફરસે વર્જિત, અતીંદ્રિય સરૂપજી. મ૦ ॥ ૫ ॥ અગુરુલઘુગુણ ગોત્ર અભાવે, નહીં હલુવા નહીં ભારજી;અંતરાય વિજયથી,દાનાદિક લબ્ધિ ભંડારજી. મ૦ ॥ ૬ ॥ ચેતન સમતાયે મુજ સત્તા, પરખી પ્રભુપદ પામીજી; આરીસો કાટેં અવરાણે, મલનાસે નિજ ધામજી. મ૦ ॥ ૭ ॥ સંગ્રહનય જે આતમ સત્તા, કરવા એવંભૂતજી; ક્ષમાવિજય જિનપદ અવલંબી, સુરનર મુનિ પુહુતજી. મ૦ ॥ ૮ ॥

---

## અથ મલ્લિ જિન સ્તવન .

( પાંચમે મંગળવાર પ્રભાતે ચાલવું રે લો—એ દેશી )

સાહિબા મલ્લિ જિનેસરનાથ અનાથતણે ધણી રે લો,સા૦વસ્તુ સ્વભાવ પ્રકાસક ભાસક દિનમણી રે લો;સા૦ ધર્મ અનંતા સુખ હેતાં પરગટ થયા રે લો,સા૦વસ્તુ સર્વ પર્યવ ભાખી જિન ગયા રે લો. ॥ ૧ ॥ સા૦ યુગપદ ભાવી ને ક્રમ ભાવી પર્યવ કહ્યા રે લો,સા૦જ્ઞાનાદિક યુગપદ ભાવીપણે સંગ્રહ્યા રે લો;સા૦ નવજીર્ણાદિક થાય તે ક્રમ ભાવી સૂણે

રે લો, સા૦ શબ્દ અરથથી તે પણ દ્વિવિધપરે મુણો
રે લો. ॥ ૨ ॥ સા૦ ઇંદ્ર હરિ ઇત્યાદિક શબ્દતણા
ભલા રે લો, સા૦ જે અભિલાષ નહિ તે અર્થપર્યવ
કળા રે લો, સા૦ તે પણ દ્વિવિધ કહીજે સ્વપર ભેદે
કરી રે લો,સા૦તે પણ સ્વભાવિકે આપેક્ષિકથી વરી
રે લો. ॥ ૩ ॥ સા૦ સર્વ અતીત અનાગત સાંપ્રત
કાળથી રે લો,સા૦ઇત્યાદિક નિજ બુદ્ધે કરો સંભા-
ળથી રે લો;સા૦સમકાળે ઇમ ધર્મ અનંતા પામીયે
રે લો, સા૦ તે સવિ પ્રગટ ભાવથી તુમ્હ શિર ના-
મીયે રે લો.॥૪॥ સા૦ ખટદ્રવ્યના જે ધર્મ અનં-
તા તે સવે રે લો,સા૦નહિ પ્રછન્ન સ્વભાવ અભાવ
મુજ સંભવે રે લો,સા૦ પુષ્ટાલંબન તું હી પ્રગટપણે
પામીયો રે લો, સા૦ હું પણ હવે તુજ રીતે થવાને
કામીયો રે લો. ॥ ૫ ॥ સા૦ મલ્લિનાથ પરે હસ્તિ-
મલ્લ થઈ ઝુઝશું રે લો,સા૦જ્યું ખટમિત્રને બૂઝવ્યા
તિમ અમે બૂઝસ્યું રે લો; સા૦ તસ પરે ઉત્તમ
શિષ્યને મહેરથી નિરખીયે રે લો, સા૦ પદ્મવિજય
કહે તો અમ્હે સિદ્ધમાં હરખીયે રે લો. ॥ ૬ ॥

---

## શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

( ઈડર આંબા આંબલી રે—એ દેશી )

મુનિસુવ્રત કીજે મયા રે, મનમાંહિ ધરી મહિર; મહિર વિહુણા માનવી રે, કઠિણ જણાયે કેર૦॥૧॥ જિણેસર તું જગનાયક દેવ, તુજ જગ હિત કરવા ટેવ; બીજા જુવે કરતા સેવ. જિ૦ અરહટ્ટ ખેત્રની ભૂમિકા રે, સિંચે કૃતારથ હોય;ધારાધર સવળી ધરા રે, ઉધરવા સજ્જ જોય. જિ૦ ॥૨॥ તે માટે અશ્વ ઉપરે રે, આણી મનમાં મહેર. આપે આયા આકૃણી રે, બોધવા ભરૂયચ શહેર; જિ૦॥૩॥ અણ પ્રાર્થતા ઉધર્યા રે આપે કરીય ઉપાય; પ્રાર્થતા રહે વિલવતા રે, એ કુંણ કહીયે ન્યાય. જિ૦ ॥૪॥ સંબંધ પણ તુજ મુજ વિચે રે,સ્વામી સેવક ભાવ; માન કહે હવે મહિરનો રે, ને રહ્યો અજર પ્રસ્તાવ. જિ૦ ॥૫॥.

---

## શ્રી નમિનાથ જિન સ્તવન

( કપુર હોવે અતિ ઉજળો રે—એ દેશી )

શ્રી નમિનાથ જિણંદને રે, ચરણ કમળ લયલાય; મૂકી આપણી ચપળતા રે; તુચ્છ કુસુમે મતન્નય રે ॥૧॥ સુણી મન મધુકર માહરી વાત, મ

કરો ફોકટ વિલુપાત, સુ૦ વિષમકાળ વર્ષાઋતુ રે,
ક્રમિક્રમિ હુએો વ્યતીત; છેહલેા પુગ્ગલ પરિયટ્ટો રે,
આવ્યેા શરદ પ્રતીત રે સુ૦ ॥ ૨ ॥ જ્ઞાનાવરણ વા-
દળ ફિટે રે,જ્ઞાન સૂરજ પરકાશ; ધ્યાન સરેાવર વિક-
સિયાં રે, કેવલલક્ષ્મી વાસ રે સુ૦ ॥૩॥ નામે લલ-
ચાવે કેાઈ રે, કેાઇક નવ નવ રાગ; એહવી વાસના
નહીં બીજે રે,શુદ્ધ અનુભવશું પરાગ રે. સુ૦ ॥૪॥
ભમત ભમત કહાવીયે રે, મધુકરનેા રસસ્વાદ;માન-
વિજય મનને કહે રે, રસ ચાખેા આલ્હાદ રે.સુ૦॥૫॥

---

## ભોયણી મંડન શ્રી મલ્લિનાથ સ્તવન

જિનરાજા તાજા, મલ્લિ બિરાજે ભેાયણી
ગામમેં ટેક૦ દેશ દેશ કે જાત્રી આવે, પૂજા સરસ
રચાવે; મલ્લિ જિનેશ્વર નામ સમરકે, મનવંછિત
ફલ પાવેજી જિન૦ ॥ ૧ ॥ ચતુર વરણ કે નરનારી
મિલ, મંગલ ગીત કરાવે; જય જયકાર પંચધ્વનિ
વાજે,શિર પર છત્ર ધરાવેજી. જિન૦॥ ૨ ॥ હિંસક
જન હિંસા તજી પૂજે, ચરણે શીશ નમાવે, તું બ્રહ્મા
તું હરિ શિવશંકર, અવર દેવ નવ ભાવેજી.જિન૦
॥ ૩ ॥ કરુણા રસ ભરે નયન કચેાલે, અમૃત રસ
વરસાવે; વદન ચંદ ચકેાર જ્યું નિરખી, તન મન

અતિ ઉલસાવેજી જિન૦ ॥૪॥ આતમરાજા ત્રિભુવન તાજા, ચિદાનંદ મન ભાવે; મલ્લિજિનેશ્વર મનહર સ્વામી, તેરા દરસ સૂહાવેજી. જિન૦ ॥ ૫ ॥

---

## शांतिजिन स्तवन

શાંતિ જિનેશ્વર સાહિબ વંદો, અનુભવ રસનો કંદો રે; મુખને મટકે લોચન લટકે; મોહ્યા સુરનર વૃંદો રે. શાંતિ૦॥૧॥ મંજર દેખીને કોયલ ટહુકે, મેઘઘટા જેમ મોરો રે, તિમ જિનપ્રતિમા નિરખી હરખું, વલી જેમ ચંદ ચકોરો રે. શાં૦ ॥૨॥ જિનપ્રતિમા શ્રી જિનવરે ભાંખી, સૂત્ર ઘણાં છે સાખી રે; સુર નર મુનિવર વંદન પૂજા, કરતા શિવ અભિલાષી રે. શાં૦ ॥ ૩ ॥ રાયપસેણી પ્રતિમા પૂજી, સૂર્યાભ સમકિત ધારી રે; જીવાભિગમેં પ્રતિમા પૂજી, વિજયદેવ અધિકારી રે. શાં૦ ॥ ૪ ॥ જિનવરબિંબ વિના નવિ વંદુ, આંણુદજી એમ બોલે રે; સાતમે અંગે સમકિત મૂલે, અવર નહિ તસ તોલે રે. શાં૦ ॥ ૫ ॥ જ્ઞાતાસૂત્રેં દ્રોપદી પૂજા, કરતી શિવસુખ માગે રે; રાય સિદ્ધારથે પ્રતિમા પૂજી, કલ્પસૂત્ર માંહે રાગે રે. શાં૦ ॥ ૬ ॥ વિદ્યાચારણ મુનિવરે વંદી, પડિમા

પાંચમે અંગ રે; જંઘાચારણ મુનિવરે વંદી, જિન પડિમા મનરંગે રે.શાં૦ ॥૭॥ આર્ય સુહસ્તિ સૂરિ ઉપદેશે, ચાવો સંપ્રતિરાય રે; સવા કોડી જિનબિંબ ભરાવ્યાં, ધન્ય ધન્ય એહની માય રે.શાં૦ ॥ ૮ ॥ મોકલી પ્રતિમા અભયકુમારે, દેખી આર્દ્રકુમાર રે; જાતિસ્મરણે સમકિત પામી, વરીયો શિવસુખ સાર રે.શાં૦ ॥ ૯ ॥ ઇત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સૂત્રમાંહે સુખકારી રે; સૂત્રતણો એક વર્ણ ઉત્થાપે, તે કહ્યો બહુલ સંસારી રે.શાં૦ ॥ ૧૦ ॥ તે માટે જિન આણાધારી, કુમતિ કદાગ્રહ નિવારી રે; ભક્તિ તણાં ફલ ઉતરાધ્યયને, બોધિબીજ સુખકારી રે.શાં૦ ॥૧૧॥ એક ભવે હોય પદવી પામ્યા, સોલમા શ્રી જિનરાયા રે; મુજ મન મંદિરીયે પધરાવ્યા, ધવલ મંગલ ગવરાયા રે.શાં૦ ॥૧૨॥ જિન ઉત્તમ પદ રૂપ અનુપમ, કીર્તિ કમલાની શાલા રે; જીવવિજય કહે પ્રભુજીની ભક્તિ, કરતાં મંગલ માલા રે.શાં૦ ॥ ૧૩ ॥

---

## सिद्धगिरिनुं स्तवन

પાલીતાણું નગર સોહામણું રે, રુડી લલિતાસરની પાળ, ઊંચાં દેહરાં આદિનાથનાં રે, ઉગમણે દર-

બાર હો જિનજી ભક્તિ હૃદયમાં ધારજો રે, અંતર વયરી નિવારજ્યો રે, તારજો દીનદયાળ૦ ॥ ૧ ॥ ચડીયા શત્રુંજયગિરિ ઉપરે રે, સૂરજકુંડમાં નાહિ, પહેરણ ક્ષીરોદક ધોતિયાં રે,પૂજવા શ્રીઆદિજિણંદ, હો જિ૦ ॥૨॥ કેસર ચંદન ઘોલીયાં રે, માંહે ભેળ્યો ઘનસાર, ભાવેં ભક્ત પૂજા રચું રે, ઊતરવા ભવપાર, હો જિનજી૦ ॥૩॥ ચંપો ભલો સેવંતરો રે, મોગર લાલ ગુલાબ, લાખેણો ટોડર રચ્યો રે, કંઠે ઠવી ફૂલમાલ,હો જિનજી૦॥૪॥ બે કરજોડી વિનવે રે,ન્યાયસાગર સુખકાર, આવાગમનને વારજ્યો રે, મોક્ષ મારગડો દેખાડ, હો જિનજી૦ ॥ ૫ ॥

---

## શ્રી આદિનાથ સ્તવન

( કપુર હોયે અતિ ઉજલો રે—એ દેશી )

જ્ઞાન રયણ રયણાયરુ રે, સ્વામી ઋષભજિણંદ, ઉપકારી અરિહા પ્રભુરે,લોક લોકોત્તરાનંદ રે,ભવિયા ભાવે ભજો ભગવંત, મહિમા અતુલ અનંત રે. ભવિયા ભાવે૦॥૧॥ તિગ તિગ આરક સાગરુ રે, કોડાકોડિ અઢાર,યુગલા ધર્મ નિવારીયો રે,ધર્મ પ્રવર્તન હાર રે ભવિયા૦॥૨॥ જ્ઞાનાતિશયે ભવ્યના રે,સંશય છેદનહાર, દેવ નરા તિરિ સમઝીયા રે,વચનાતિશય

વિચાર રે. ભવિયા૦॥૩॥ ચાર ઘને મઘવા સ્તવે રે. પૂજાતિશય મહંત, પંચ ઘને યોજન ટલે રે,કષ્ટ એ તુર્ય પ્રસંત રે, ભવિયા૦ ॥૪॥ યોગક્ષેમંકર જિનવરુ રે, ઉપશમ ગંગાનીર, પ્રીતિ ભક્તિપણે કરી રે, નિત્ય નમે શુભવીર રે, ભવિયા ભાવે ભજો ભગવંત૦ ॥ ૫ ॥ ઇતિ.

---

## શ્રી શાંતિ જિન સ્તવન

મ્હારો મુજરો લ્યોને રાજ, સાહિબ શાંતિ સલુણા,અચિરાજીના નંદન તોરે,દર્શન હેતે આવ્યો, સમકિત રીઝ કરોને સ્વામી,ભગતિ ભેટણું લાવ્યો. મ્હારો. ॥ ૧ ॥ દુઃખભંજન છે બિરુદ તુમારો, અમને આશ તુમારી, તુમે નિરાગી થઈને છૂટો,શી ગતિ હોશે અમારી. મ્હારો. ॥ ૨ ॥ કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે, પણ બાલક જો બોલી ન જાણે, તો કેમ વહાલો લાગે. મ્હારો.॥૩॥ મ્હારે તો તું સમરથ સાહિબ,તો કેમ ઓછું માનું, ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું,તેહને કામ કિશ્યાનું. મ્હારો. ॥ ૪ ॥ અધ્યાતમ રવિ ઊગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જાગતે, વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે. મ્હારો૦ ॥ ૫ ॥

## વેદની કર્મ નિવારક પૂજાની ઢાલ પમી

ચતુરો ચેતો ચૈતનાવલી–એ દેશી

સાંભળજો મુનિ સંયમ રાગે,ઉપશમ શ્રેણી ચડીયા રે,સાતા વેદની બંધ કરીને, શ્રેણી થકી તે પડીયા રે,સાંભળજો૦ ॥ ૧ ॥ ભાખે ભગવઈ છકું તપ બાકી, સાત લવાયુ ઓછે રે, સર્વારથસિદ્ધે મુનિ પહોત્યા, પૂર્ણાયુ નવિ છોછે રે, સાં૦ ॥૨॥ શય્યામાં પોઢયા નિત્ય રહેવે, શિવમારગ વિસામો રે,નિર્મલ અવધિજ્ઞાને જાણે, કેવલી મન પરિણામો રે, સાં૦ ॥ ૩ ॥ તે શય્યા ઉપર ચંદરવે, ઝુંબખડે છે મોતી રે, વચલું મોતી ચોસઠ મણનું, ઝગમગ જલિમ જ્યોતિ રે, સાં૦ ॥ ૪ ॥ બત્રીસ મણનાં ચઉ પાખડીયાં,સોલ મણાં અડ સુણીયા રે,આઠ મણાં સોલસ મુકતાફલ, તેમ બત્રીસ ચઉમણીયાં રે,સાં૦ ॥ ૫ ॥ દો મણ કેરાં ચોસઠ મોતી,ઇગ સય અડવીસ મણીયાં રે, દો સય ને વલી ત્રેપન મોતી, સર્વ થઈને મલીયાં રે, સાં૦॥૬॥ એ સઘલાં વિચલા મોતીશું, આફેડે વાયુ યોગે રે,રાગ રાગિણી નાટક પ્રગટે,લવસત્તમસુર ભોગે રે, સાં૦ ॥ ૭ ॥ ભુખ તરસ છીપે રસ લીના, સુરસાગર તેત્રીસ રે,સાતા લહેરમાં ક્ષણ ક્ષણ સમરે, વીરવિજય જગદીશ રે, સાં૦ ॥ ૮ ॥

## અંતરાય કર્મ નિવારક પૂજાની ૪થી ઢાલ

( રાગ–આશાવરી : છેડો નાં જી–એ દેશી )

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી, ભોગવિઘન ઘન ગાજી, ભૂલ્યો૦, આગમ જ્યોત ન તાજી, ભૂ૦, કર્મકુટિલવશ કાજી, ભૂ૦, સાહિબ સુણ થઈ રાજી, ભૂ૦, એ આંકણી. કાલ અનાદિ ચેતન રઝળે, એકે વાત ન સાજી, મયણા ભઈણી ન રહે છાની, મલીયા માત પિતાજી, ભૂ૦ ॥ ૧ ॥ અંતરાય સ્થાનક સેવનથી, નિર્ધન ગતિ ઉપરાજી, કૂપની છાયા કૂપ સમાવે, ઇચ્છા તેમ સવિભાંજી, ભૂ૦ ॥ ૨ ॥ નૈગમ એક નારી ધૂતી પણ, ઘેબર ભૂખ ન ભાંગી, જમી જમાઈ પાચ્છો વલીયો, જ્ઞાન દશા તવ જાગી, ભૂ૦ ॥ ૩ ॥ કબહી કષ્ટે ધનપતિ થાવે, અંતરાય ફલ આવે, રોગી પરવશ અન્નઅરુચી, ઉત્તમ ધાન્ય ન ભાવે, ભૂ૦ ॥ ૪ ॥ ક્ષાયકભાવે ભોગની લબ્ધિ, પૂજા ધૂપ વિશાલા, વીર કહે ભવ સાતમેં સિધ્યા, વિનયંધર ભૂપાલા, ભૂ૦ ॥ ૫ ॥

# અથ સજ્ઝાય-સંગ્રહ

## ઝાંઝરિયા મુનિની ચાર ઢાળની સજ્ઝાય

### દુહા

પાસ જિણેસર સમરતાં પાતક જાણે દૂર; કોધા-
નલ સવિ ઉપશમે નાશે મિથ્યા ભૂર. ॥ ૧ ॥ ઉત્તમ
મુનિવર જે થયા તેના ગુણ અવદાત; એક ચિત્તે
કરી ગાવસું ઝાંઝારિયો અણગાર. ॥ ૨ ॥ ઉત્તમના
ગુણગાવતાં ગુણ આવે જિન અંગ; મિથ્યા મતિ
દૂર ટલે પામે સમકિત સંગ. ॥ ૩ ॥ ધીર વીર ગુણ
આગલો વૈરાગી શિરદાર; અવનીતલે જે અવતર્યા
કરવા પર ઉપગાર. ॥ ૪ ॥ મુજ મન હરખ્યો તે
ભણી મુનિ ગુણ ગાવા કાજ; જીભે વસે શારદા ગુરુ
મુજ કરશે સાજ. ॥ ૫ ॥

---

### ઢાળ ૧ લી

સરસ્વતી ચરણેં શીશ નમાવું, પ્રણમી સદ્ગુરુ
પાયા રે, ઝાંઝરીઆ ઋષિના ગુણ ગાતાં, ઉલટ અંગ
સવાયા રે૦ ॥૧॥ ભવિજન વંદો મુનિ ઝાંઝરીઓ,
સંસાર સમુદ્ર જે તરિયો રે ॥ એ આંકણી ॥ સબલ

સહ્યા પરિષહ મનશુધ્ધે,શીલ રયણેં કરી ભરીએો રે. ભવિ૦ ।। ૨ ।। પઇઠાણપુર મકરધ્વજ રાજા, મદનસેના તસ રાણી રે, તસસુત મદનભ્રમ બાલુડો, કીર્તિ જસ કહેવાણી રે. ભવિ૦ ।। ૩ ।। બત્રીશ નારી સુકોમલ પરણ્યો, ભરયૌવન રસલીનો રે, ઇંદ્ર મહોત્સવ ઉદ્યાને પહોંતો, મુનિ દેખી મન ભીનો રે. ભવિ૦ ।। ૪ ।। ચરણકમલ પ્રણમી સાધુના, વિનય કરીને બેઠો રે, દેશના ધર્મની દે સાધુજી, વૈરાગ્યેં મન પેઠો રે. ભવિ૦ ।।પા। માતપિતાની અનુમતિ માગી, સંસાર સુખ સવિ છંડી રે, સંયમ મારગ શુદ્ધે લીનો,મિથ્યામતિ સવિ ખંડી રે. ભવિ૦ ।।૬।। એકલડો વસુધાતળ વિચરે, તપ તેજેં કરી દીપે રે, યૌવનવય જોગીસર બલીએો, કરમ કટકને ઝીપે રે. ભવિ૦ ।। ૭ ।। શીલસન્નાહ પહેર્યો જેણે સબલો, સમિતિ ગુપ્તિ ચિત્ત ધરતો રે, આપ તરે ને પરને તારે, દરિસણેં દૂરગતિ હરતો રે. ભવિ૦ ।।૮।। ત્રંબાવટી નગરી મુનિ પહોંતો, ઉગ્ર વિહાર કરંતો રે, મધ્યાહ્નેં ગૌચરીએે સંચરતો, નગરીમાંહે મુનિ ભમતો રે, ભવિ૦ ।। ૯ ।।

દુહા

નારી પ્રત્યે મુનિવર કહે સુણ ભોળી સુવિચાર, દસ દષ્ટાંતે દોહિલેા છે નરભવ અવતાર. ॥૧॥ સુકૃત ઉદયે પામીને એળે ગુમાવે જેહ, વિષમરસમાં મ્હાલતાં નવિ જાણે કાંઈ રેહ. ॥૨॥ રાત દિવસ રાતેા રહે માતેા વલી ઘણું મન, પરભવ જાતાં પ્રાણીએા પામે હીન વદન. ॥૩॥ અમે સંજમ આદરી એ સવિ છાંડચા ભેાગ, તુજ સરખી નારી તજી ત્રિકરણ મન સંયેાગ. ॥૪॥ એહવાં વચન તે સાંભલી વિષયે વ્યાપી નાર, મુનિને કલંક લગાડવા મન ચિંતે તેણી વાર. ॥૫॥

---

ઢાળ ૨ જી

આધા આમ પધારેા પૂજ્ય અમ ઘર વહેારણ વેળા એ દેશી

ઇણ અવસર તે વિરહી તરુણી, ગેારડી ગેાખેં બેઠી, નિજપતિ ચાલ્યેા છે પરદેશેં, વિષય સમુદ્રમાં પેઠી. ॥ ૧ ॥ વિરુઈ મદન ચઢાઈ રાજ, જેણે તેણે જીતી ન જાવે॥ એ આંકણી ॥ સેાલ શૃંગાર સજી સેા સુંદરી, ભરયૌવન મદમાતી, ચપલ નયણ ચિહું દિશી ફેરવતી, વિષયરસ રંગરાતી. વિરુઈ૦ ॥૨॥ ચાચરે

ચૌટે ચિહું દિશિ જોતાં,આવંતો ઋષિ દીઠો,મલપંતો ને મોહનગારો, મનશું લાગે મીઠો.વિરુઈ૦॥૩॥ રાજકુંવર કોઇકિ છે રુડો, રૂપ અનુપમ દીસે, યૌવન વય મલપંતો જોગીશ્વર, તે દેખી ચિત્ત હિંસે. વિ૦ ॥ ૪ ॥ તવ દાસી ખાસી તેડાવી, લાવો એહને બોલાવી, શેઠાણીનાં વચન સુણીને, દાસી તેડણ આવી. વિ૦ ॥૫॥ અમ ઘર આવોને સાધુજી, વહોરણ કાજેં વહેલા, ભોળે ભાવેં મુનિવર આવે, શું જાણે મન મેલાં. વિ૦ ॥ ૬ ॥ થાળ ભરી મોદક મીઠાઈ,મુનિવરને કહે વહોરો,આ મેલાં કપડા ઉતારીને, આછા વાઘા પહેરો. વિ૦ ॥ ૭ ॥ આ મંદિર માળીઆં મ્હોટાં, સુંદર સેજ બિછાઈ, ચતુરાનારી મુજ સાથેં મુનિવર,સુખવિલસો લયલાઇ. વિ૦॥૮॥ વિરહાગ્નિએ કરી હું દાઝી, પરમ સુધારસ સિંચો, વયણ મારું સુણીને મુનિવર,વાત આઘી મત ખાંચો. વિ૦ ॥ ૯ ॥ વિષય વચન સુણી વનિતાનાં, સમતારસ મુનિ બોલે,ચંદનથી પણ શીતલ વાણી,મુનિ અંતરથી બોલે. વિ૦ ॥ ૧૦ ॥ તું અબલા દીસે છે ભાલી, બોલંતાં નવિ લાજે, ઉત્તમ કુળમાં જેહ ઉપના, તેહને એ નવિ છાજે. વિરુઈ૦ ॥ ૧૧ ॥ એ આચાર નહિ અમ કુલમાં, કુળદૂષણ કેમ દીજેં, નિજકુલને આચારેં ચાલીજેં,તો જગમાં જસ લીજેં.

વિ૦ ॥ ૧૨ ॥ વાત એ છે જગમાં બે મ્હોટી, એક યારીને બીજી ચોરી, ઇહભવ અપયશ બહુ પામે, પરભવ દુઃખ અઘોરી. વિ૦ ॥૧૩॥ શીલ ચિંતા-મણી સરખું છંડી, વિષયરસ કોણ રીઝે, વર્ષા-કાલેં મંદિર પામી, ઉઘાડો કોણ ભીંજે.વિ૦ ॥૧૪॥ મન વચન કાયાએં કરીને, વ્રત લીધું નવિ ખંડું, ધ્રુવતણી પરેં અવિચલ પાલું,અમેં ઘરવાસ ન મંડું. વિરુઈ મદન ચઢાઈ રાજ, જેણે તેણે૦ ॥૧૫॥

---

દુહા

રાજા ક્રોધે ધમધમ્યો, ઋષિ ઉપર ધરે રોષ, હુકમ કરે સેવક પ્રતે, મુનિ ધરે સંતોષ. ॥૧॥ ઝાલો એહ પાખંડીને, કાઢો નયરથી બહાર, પુર વટાલ્યું એણે પાપીએ, દીધો એહને માર. ॥૨॥ તવ સેવક પકડી તિહાં, લાવે રાયહજુર,રાજા દેખી તેહને,કહેતો વચન કઠોર. ॥૩॥ અરે પાપી પાખંડીયા,તું કિમ આવ્યો આંહિ,દુરાચારી તું બડો, હવે જાઈશ કયાંહિ.॥૪॥ લાઠી મૂઠીએ તાડતો, કરતો ઘણા પ્રહાર, મુનિવર સમતા ગુણ ભર્યો, લેતો ભવજલપાર. ॥૫॥

---

## ઢાલ ત્રીજી

વિંછીઆની દેશી.

હાંરે લાલા શીખ સાધુની અવગણી, જાણે વહી ગઈ ધરનાર રે, લાલા, કામવશેં થઇ આંધલી, કરે સાધુતણી તિહાં આલ રે૦ ॥૧॥ લાલા મુનિ પાયેં ઝાંઝર રણઝણે ॥એ આંકણી॥ આવી પેઠું સાધુને પાય રે,લાલા,વેલતણી પરેં સુંદરી, વળગી સાધુને બાંહ્ય રે, લાલા. મુનિ૦ ॥૨॥ હાંરે લાલા જોર કરીને જોરાવરેં, નિકલ્યો તિહાંથી મુનિરાય રે લાલા, તવ પોકાર પુંઠે કર્યો,ધાએો એણે ક્રીધો અન્યાય રે લાલા. મુનિ૦ ॥૩॥ હાંરે લાલા મલપંતો મુનિવર ચાલીએો પાય ઝાંઝરનો ઝણકાર રે લાલા,લોક બહુ નિંદા કરે, સહી મોટાએે અણગાર રે લાલા. મુનિ૦ ॥૪॥ હાંરે લાલા ચોબારે બેઠો રાજવી, નજરેં જુએે અવદાત રે લાલા, દેશવટો નારીને દીએો, મુનિ જસતણી થઈ વાત રે લાલા.મુનિ૦ ॥૫॥ હાંરે લા૦ તિહાંથી મુનિવર ચાલીએો,આવ્યો કંચનપુર ગામ રે લાલા,રાય રાણી બેહુ પ્રેમશું, બેઠાં ગોખેં આરામ રે લાલા, મુનિ૦ ॥ ૬ ॥ હાંરે લા૦ રાણી મુનિવર દેખીને, નયણેં છૂટે આંસુની ધાર રે, રાજા દેખીને કોપીએો, સહી એહનો પૂરવ જાર રે.લાલા મુનિ પાયેં ॥૭॥

હાંલા૦ રાજા રથવાડી ચડ્યો,તેડાવ્યો ઋષિને ત્યાંહી રે લાલા, ખાડખણી ઊંડી ઘણી, બેસાડ્યો ઋષિને માંહ્ય રે લાલા, મુનિ પાયેં૦ ॥ ૮ ॥

---

## ઢાળ ૪ થી

મગધ દેશકો રાજ રાજેસર—એ દેશી.

અણસણ ખામણ કરે મુનિ તિહાં કણેં, સમતા સાયરમાં ઝીલે, ચોરાસી લાખ જીવાયોનિ ખમાવે, કરમ કઠીણને પીલે રે, મુનિવર તું મોરે મન વસીઓ, હૃદયકમલ ઉલ્લસિઓ રે. મુનિવર૦ એ આંકણી. ॥૧॥ ઉદય આવ્યાં નિજ કર્મ આલોઈ ધ્યાન જિનેશ્વર ધ્યાવે, ખડ્ગહણંતાં કેવલપામી, અવિચલ ઠામેં જાવે રે. મુનિ૦ ॥ ૨ ॥ શરીર સાધુનું અસિએં હણ્યાથી,હાહાકાર તિહાં પડિઓ, ઓઘો મુહપત્તિ લોહીએં રંગાણાં, અતિ અન્યાય રાયેં કરીઓ રે. મુનિ૦ ॥ ૩ ॥ સમળી ઓઘો લેઈ ઊડંતી, રાણી આગળ પડીઓ, બંધવ કેરો ઓઘો જાણી, હૃદયકમળ થરહરીઓ રે. મુનિ૦ ॥ ૪ ॥ અતિ અન્યાય જાણીને રાણી,અણસણ પોતેં કીધો, પરમારથ જાણ્યો રાજાએં,હા હા એ શું મેં કીધો રે. મુનિ૦ ॥ ૫ ॥ ઋષિ હત્યાનું પાતક લાગ્યું, તે કેમ

છૂટયું જાવે, આંસુડાં નાખંતો રાજા,મુનિ કલેવરને ખમાવે રે. મુનિ૦ ॥૬॥ ગદ્ગદ્ સ્વર રોવંતો રાજા, મુનિવર આગળ બેઠો,માન મેલીને ખમાવે ભૂપતિ, સમતા સાયરમાં પેઠો રે. મુનિ૦॥૭॥ ફરી ફરી ઊઠીને પાયેં લાગે, આંસુડે પાપ પખાળે, ભૂપતિ ઉગ્ર ભાવના ભાવતો, કર્મ પડળ સવિ ટાળે રે. મુનિ૦॥૮॥ કેવલજ્ઞાન લહ્યું રાજાએં, ભવ ભવ વૈર ખમાવે,ઝાંઝરીઆ ઋષિના ગુણ ગાતાં,પાપ કરમ ગમાવે રે.મુનિ૦ ॥૯॥ સવંત સત્તરએકાશી વરસે, શ્રાવણ સુદ ત્રીજ સોહે, સોમવારેં સઝાય એ કીધી, સાંભલતાં મન મોહે રે. મુનિ૦ ॥૧૦॥ શ્રી હીરવિજયસૂરીશ્વર સોહે, તપગચ્છના શિરદાર, તેહ તણા પરિવારમાં સોહે, માનવિજય જયકાર રે.મુનિવર તું મોરે મંન વસીએા. ॥ ૧૧ ॥

---

## શિખામણની સજ્ઝાય

ગરભાવાસમાં ચિંતવે રે, હવે ન કરશું મેં પાપ, જબ જાયેા તબ વિસર્યો રે, માંડ્યો માંડ્યો ધણેા રે સંતાપ કે, સુણ રે ચંચળ જીવડા રે. ॥ ૧ ॥ તું તેા પરભવ કેશેા લહીશ કે,સુણ રે ચંચળ જીવડા રે,એ

આંકણી૦ જો નવકાર ગણાવીએં, તો નયણેં નિંદ ભરાય, નાટક ચેટક નિરખંતા તો,જાય જાય રયણી વિહાય કે, સુણ. ॥૨॥ જો સામાયિક કરાવીએં તો, લાગે વાર અપાર, વાતો સાથે જો મિલે તો,કરે કરે પહોર બે ચાર કે, સુણ રે. ॥૩॥ ઊભે કાઉસ્સગ્ગ કરાવીએં તો, કહે દુઃખે મોરા પાય,માથે પોટક મુકીએં તો, દોડયો દોડયો મારગેં જાય કે, સુણ રે. ॥૪॥ જો ઉપવાસ કરાવીએં તો લાગે ભૂખ અપાર, લેણા કારણ રોકીએં તો,લાંઘે લાંઘે દો દિન ચાર કે, સુણ રે.॥૫॥ ધર્મને કાજેં માગીએં તો,એક બદામ ન દેય, રાજક દૈવક રોકીલ્યે તો, ખૂણે બેસી ગણી ગણી દેય કે, સુણ રે.॥૬॥ લોભને વશ થઈ પ્રાણીયો રે,મેળે ધણેરી રે આથ,દાન સુપાત્રેં દેયંતાં તો,થર થર ધ્રૂજે છે હાથ કે,સુણ રે. ॥૭॥ ત્રણ તત્ત્વ આરાધીએં તો, જપીએ શ્રી નવકાર, ખીમાવિજય ગુણ આણીએં તો,પહોંતે પહોંતે મુક્તિ મઝાર કે, સુણ રે. ચંચળ જીવડા રે, તું તો પરભવ કેશો લહીશ કે, સુણ રે. ચંચળ જીવડા રે. ॥૮॥ ઇતિ.

---

## જ્ઞાનવિમલસૂરિકૃત

# દશવિધ યતિધર્મ સ્વાધ્યાય

### દુહા

સુકૃત લત્તા વન સિંચવા, નવ પુષ્કર જલધાર;
પ્રણમી પદયુગ તેહના, ધર્મ તણા દાતાર. ॥ ૧ ॥
દશવિધ મુનિવર ધર્મ જે, તે કહીએ ચારિત્ર, દ્રવ્ય
ભાવથી આચર્યા, તેહના જન્મ પવિત્ર. ॥૨॥ ગુણ
વિણ મુનિનું લિંગ જે, કાશકુસુમ ઉપમાન; સં-
સારે તેહવાં કર્યાં, અવધિ અનંત પ્રમાણ. ॥ ૩ ॥
તેહ ભણી મુનિવર તણેા, ભાંખું દશવિધ ધર્મ; તે-
હને નિત્ય આરાધતાં, પામીએ શિવશર્મ. ॥ ૪ ॥
[૧]ખંતી [૨]મદ્દવ [૩]અજ્જવા. [૪]મુત્તી [૫]તવ [૬]ચારિત્ર; [૭]સત્ય
[૮]શૌચ [૯]નિસ્પૃહપણું. [૧૦] બ્રહ્મચર્ય સુપવિત્ર ॥૫॥

### ઢાલ ૧ લી

( વાધારી ભાવનરી—એ દેશી. )

પહેલેા મુનિવર ધર્મ સમાચરેાજી, ખંતી ક્રોધ
નિરાસ; સંયમ સાર કહિએા સમતા છતેજી, સમ-
કિત મૂલ નિવાસ. પહેલેા. ॥ ૧ ॥ સમતા ક્ષીરાદ-
ધિની આગલેંજી, સુરનર સુખ એક બિંદુ; પરઆશા

દાસી તસ નવિ નડેજી, જસ શમસુરતરુકંદ. પહેલો. ॥ ૨ ॥ પંચભેદ તિહાં ખંતી તણા કહ્યાજી, ઉપકાર ને અપકાર; તિમ વિપાક વચન વલી ધર્મથીજી, શ્રી જિન જગદાધાર. પહેલો. ॥૩॥ પ્રથમ ત્રિવિધ જે ખંતી તણે ગુણેજી, વાધે જશ સૌભાગ્ય, ચોથી ચઉગતિ વારક પંચમીજી, આતમ અનુભવ લાગ. પહેલો.॥૪॥ પારસ ફરસે રસકૂંપીરસેજી,લોહ હોય જેમ હેમ; તિમ સમતારસભાવિત આતમાજી, સહજ સરૂપી પ્રેમ. પહેલો. ॥૫॥ ઉપશમ કેરી એક લવ આગલેજી, દ્રવ્ય ક્રિયા મણ લાખ; ફલ નવિ આપે તે નવિ નિર્જરાજી, એહવી પ્રવચન સાખ. પહેલો. ॥ ૬ ॥ ખંધકસીસ સુકોસલ મુનિવરાજી, ગયસુકુમાલ મુણીંદ; કુરગડૂ પ્રમુખા જે કેવલીજી, સમતાના ગુણ વૃંદ. પહેલો. ॥૭॥ કાર્ય અકાર્ય હિતાહિત નવિ ગણેજી, ઇહ પરલોક વિરુધ; આપ તપી પરતાપે તપને નાશવેજી, ક્રોધવશે દુર્બુધિ. પહેલો.॥૮॥ શિવ સુખ કેરું કારણ છે ક્ષમાજી, સર્વ ધર્મનું મૂલ; દૂરિત ઉપદ્રવ નાશે ખંતીથીજી, જીમ વિદ્યા અનુકૂલ. પહેલો. ॥ ૯ ॥ એમ જાણીને મૈત્રી આદરોજી, બીજે સમતા સંગ; જ્ઞાનવિમલસૂરીશ્વર એમ કહેજી,ખંતી શિવસુખ અંગ, પહેલો. ॥૧૦॥

(ઇતિ દશવિધ યતિ ધર્માધિકારે પ્રથમ ગુણ સ્વાધ્યાય સંપૂર્ણ.)

---

દુહા

વિનયતણેા એ હેતુ છે, ક્ષમા પ્રથમ ગુણ જાણ,
વિનયાધિષ્ઠિત ગુણ સવિ, તે મૃદુતા અનુમાન.॥૧॥
જેમ પડસૂદી કેલવી અધિક હેાયે આસ્વાદ, તેમ
માર્દવ ગુણથી લહે, સમ્યગ્જ્ઞાન સ્વાદ. ॥૨॥

---

ઢાલ ૨ જી

( રામ ભણે હરી ઊઠીએ–એ દેશી.)

બીજો ધર્મ એ મુનિતણેા, મદ્દવ નામે તે જાણ રે,
મૃદુતા માન નિરાસથી, વિનયાદ્દિક ગુણ ખાણ રે,
વિનયે શ્રુત સુપ્રમાણ રે, શ્રુત તે વિરત્તિનું ઠાણ રે,
અનુક્રમે કર્મ નિર્વાણ રે, અનુભવ રંગી રે આતમા;
મૂક તું માનનેા સંગ રે, નિર્મલ ગંગ તરંગ રે,જેમ
લહે જ્ઞાન પ્રસંગ રે, હેાય અક્ષય અભંગ રે, સુજસ
મહેાદય ચંગ રે, સમકિત જ્ઞાન એકંગ રે,સહજ ગુણ
સુખ સંગ રે. ॥૧॥ માન મહા વિષધર ડસ્યા, ન
રહે ચેતના તાસ રે,આઠે મદ ફણા ટેાપશું,અહર્નિશ

કરતા અભ્યાસ રે, ધ્યાન અશુભ જીહ જાસ રે,નયન અરુણ રાગ વાસ રે, અમર્ષ કંચુક પાસ રે, નિત ઉત્કર્ષ વિલાસ રે, અનુભવ૦ ॥૨॥ ગુણલવ દેખીને આપણો, શું મતિમૂઢો તું થાય રે, દોષ અંનતનો ગેહ છે, પરદોષે મન જાય રે, તેં વાસી ખટકાય રે; ભાગ અનંત વેચાય રે,કાલ અનંત વહાય રે, નહિં કોઈ શરણ સહાય રે, કર હવે ધર્મ ઉપાય રે, જીમ લહે શિવપુર ઠાય રે, અનુ૦ ॥ ૩ ॥ જ્ઞાનાદિક મદ વારિયો, જઇવિ હુ ત્રિભુવન રાય રે, તો શી વાત પરમદતણી, માને લઘુપણું થાય રે, ખલનું બિરુદ કહાય રે, નહિં તસ વિવેક સહાય રે, ક્રોધ મતંગજ ધાય રે, ઢાહે ગુણવણ રાયરે, અનુ૦ ॥ ૪ ॥ જાતિ મદે જીમ દ્વિજે લહ્યો, ડૂંબપણું અતિનિંદ રે, કુલ મદથી જુઓ ઉપના, દ્વિજ ઘર વીરજિણંદ રે,લાભ મદે હરિચંદ રે,તપમદેં સિંહ નરીંદ રે,શ્રુતમદે સિંહ સૂરીંદ રે, રૂપેં સનત નરીંદ રે, અનુ૦ ॥ ૫ ॥ જ્ઞાન ભલું તસ જાણીયે, જસ મદવિષ ઉપસંત રે, તેહથી જે મદ વાધીયો, તો જલથી અનલ ઊઠંત રે, તરણીથી તિમિર મહંત રે, ચંદથી તાપ ઝરત રે,અમૃતથી ગદ હુંત રે, મદ ન કરે તેહ સંત રે, અનુ૦ ૬. સ્તબ્ધ હોયે પર્વતપરે, ઉર્ધ્વમુખી અભિમાની રે, ગુરુજનને પણ અવગણે, આપે નવિ બહુમાન રે,નવિ

પામે ગુરુ માન રે, ધર્માદિક વરધ્યાન રે, ન લહે તેહ અજ્ઞાની રે, દુર્લભ બોધિ નિદાન રે, તે લહે દુખ અસમાન રે. અનુ૦ ॥૭॥ એમ જાણીને રે આતમા, છંડીજે અભિમાન રે, માર્દવ ગુણ જેમ ઊપજે,વાધે જગજસ માન રે,થાએ સંયમ સાવધાન રે,નહિં તસ કોઈ ઉપમાન રે, જ્ઞાનવિમલ ધરો ધ્યાન રે, અનુ૦૮.

---

દુહા

મૃદુતા ગુણ તો દૃઢ હોય જો મન ઋજુતા હોય,
કોટરે અગ્નિ રહ્યે છત્તે તરુ નવિ પલ્લવ હોય ॥૧॥
આર્જવ વિણ નવિ શુદ્ધ છે, અશુદ્ધ ન ધારે ધર્મ,
મોક્ષ ન પામે ધર્મ વિણ ધર્મ વિના નવિ શર્મ. ॥૨॥

---

ઢાલ ૩ જી

રાગ–મારુણી ચેતન ચેતજો રે–એ દેશી

ત્રીજો મુનિવર ધર્મ કહિયે અતિ ભલો રે, આર્જવ નામે જેહ, તે ઋજુતાગુણ માયા નાશ થકી હોય રે,કપટ તે દુરિતનું ગેહ,મુનિવર ચેતજો રે, લેઈ સંયમ ભાર, કપટ દુર્ગતિનું દાયક શ્રીજિનવર કહે રે, સંયમ થાએ અસાર, મુનિવર ચેતજો રે ॥ ૧ ॥

વિષય આશંસા ઇહપરભવતણી રે,માન પૂજા યશ-
વાદ,તપવ્રત શ્રુત રૂપાદિક ગુણના તે કહ્યા રે, સ્તેન
પ્રબલ ઉન્માદ. મુનિ૦ ॥ ૨ ॥ તે કિલવિષ અવતાર
લઇને સંપજે રે; એલમૂક નરભાવ, નિરિય તિરિય
ગતિ તસ બહુલી દુર્લભ બોધીયો રે,માયામોસ પ્ર-
ભાવ. મુનિ૦॥૩॥ માયી નર અપરાધ કરે નવિ સહ-
જથી રે,તોહે તસ વિસાસ, ન કરે સર્પતણી પરે કોઈ
તેહનો રે, આપ દોસે હત આસ. મુનિ૦ ॥૪॥ શુદ્ધ
ચરણધર મહાબલ તપ માયા થકી રે, જેમ બાંધ્યો
સ્ત્રીવેદ; તો શું કહેવું વિષયાદિક આશંસનું રે,નિ-
યડિતણા બહુ ભેદ. મુનિ૦ ॥ ૫ ॥ વંશજાલ પરે
માયાના ગુઢ મૂલ છે રે,મોહાદિક અરિવૃંદ, એહમાં
પેસી આતમ ગુણ મણીને હરે રે,નવિ જાણે તે મંદ,
મુનિ૦ ॥૬॥ પરવંચૂ એમ જાણી જે છલ કેલવે રે,
તે વંચાયે આપ, શુભ નરસુરગતિ તેહને જાણો વે-
ગલી રે, પામે અધિક સંતાપ. મુનિ૦ ॥ ૭ ॥ મીઠું
મનોહર સાકર દૂધ અછે ઘણું રે, પણ વિષનો જેમ
ભેળ, તેણીપરે સંયમ માયામિશ્રિત જાણીયે રે, ન
લહે સમકિત મેળ, મુનિ૦ ॥ ૮ ॥ દૂર થકી પરિહ-
રીયે માયા સાપિણી રે, પાપિણી ગુંથે જાલ, જ્ઞાન-
વિમલ ગુણ અમૃતલહરી છટા થકી રે,દોહગ દુઃખ
વિસરાલ. મુનિ ॥૯॥

દુહા.

નિર્લોભી ઋજુતા ધરે, લોભે નહિ મન શુદ્ધિ,
દાવાનલપરે તેહને, સર્વ ગ્રહણની બુદ્ધિ. ॥ ૧ ॥
રાજપંથ સવિ વ્યસનનો, સર્વ નાશ આધાર, પંડિત
લોભને પરિહરે, આદર દીયે ગમાર. ॥૨॥

---

## ઢાળ ૪ થી

શીલ સુરંગી રે મયણરેહા સતી—એ દેશી

ચોથો મુનિવર ધર્મ એ જાણીયે,મુક્તિ નામે અનૂપજી, લોભતણા જયથી એ સંપજે, નિર્લોભી મુનિ ભૂપજી,મમતા મ આણોરે મુનિ દિલ આપણે,મમતા દુર્ગતિ ગામીજી, મમતા સંગે સમતા નવિ મલે, છાયા તપ એક ઠામોજી, મમતા. ॥ ૧ ॥ લોભ જલધિ જલ લેહેરે ઊલટે, લોપે શુભગુણ દેશોજી, સેતુ કરીજે જીહાં સંતોષનો,નવિ પસરે લવ લેશોજી, મમતા. ॥૨॥ દ્રવ્યોપકરણ દેહ મહિમપણું, અશન પાન પરિવારજી, ઇત્યાદિકની રે જે ઇહા ધરે, કેવલ લિંગ પ્રચારજી, મમતા. ॥ ૩ ॥ લાભાલાભે સુખ દુઃખ વેદના, જે ન કરે તિલ માત્રજી, ઉપશમ ઉદય તણો અનુભવ ગણે, જાણે સંયમ યાત્રજી, મમતા.

॥૪॥ લોભ પ્રબલથી રે વિરતિ નવિ રહે, હોય બહુ સંકલ્પજી, સજ્ઝાયાદિક ગુણ તસ નવિ વધે,દુર્ધ્યાનાદિક તલ્પજી, મમતા. ॥ ૫ ॥ લોભે ન હણ્યા રે રમણીયે નવિ છલ્યા, ન મલ્યા વિષય કષાયજી, તે વિરલા જગમાંહિ જાણીયે, ધનધન તેહની માયજી, મમતા. ॥ ૬ ॥ લોભતણા સ્થાનક નવિ જીતીયા, જઈ ઉપશાંત કષાયજી,ચિહું ગઈ ગમન કરાવે તિહાંથકી, પુનરપિ આતમરાયજી, મમતા. ॥ ૭ ॥ તસ કિંકર પરે અમર નિકર સવે,નહિ ઉણતિ તસ કાંઈજી, જસ આતમ સંતોષે અલંકર્યો,તસ ત્રિભુવન ઠકુરાઈજી, મમતા. ॥ ૮ ॥ અનુભવ રસમય ચારિત્રફલ ભલું, તે નિર્લોભ પસાયજી,જ્ઞાનવિમલ પ્રભુતા લહે અતિ ઘણી,ઉદય અધિક તસ થાય જી,મમતા.॥૯॥

---

## દુહા

નિર્લોભે ઇચ્છાતણો, રોધ હોય અવિકાર, કર્મ ખપાવણ તપ કહ્યો,તેહના બાર પ્રકાર. ॥ ૧ ॥ જેહ કષાયને શોષવે, ત્રિ સમય ટાલે પાપ,તે તપ કહિએ નિર્મલો, બીજે તનુ સંતાપ. ॥૨॥

---

## ઢાળ ૫ મી

કપૂર હોયે અતિ ઉજલો રે—એ દેશી.

શક્તિ સ્વભાવેં તપ કહ્યો રે, પંચમ મુનિવર ધર્મ; પંચમ ગતિને પામવા રે, અંગ અછે શુભ મર્મ. સોભાગી મુનિ તપ કીજે અનિદાન, એ તો સમતા સાધનસ્થાન. સોભાગી. ॥ ૧ ॥ ખટવિધ બાહ્ય તે કહ્યો રે, અભ્યંતર ખટભેદ; અનાશંસ અગિલાણુતા રે,નવિ પામે મન ખેદ.સોભાગી. ॥૨॥ અનશન ને ઉનોદરી રે,વૃત્તિસંક્ષેપ રસત્યાગ; કાય-કલેસ સંલીનતા રે, બહિ તપ ખટવિધ ભાગ. સો. ॥ ૩ ॥ અશનત્યાગ અનશન કહ્યો રે, તેહ દુભેદે જાણ; ઇત્વર યાવત્કથિક છે રે, તનુ બહુ સમય પ્રમાણ. સો. ॥ ૪ ॥ ઉણોદરી ત્રણ ભેદની રે, [૧]ઉ-પકરણ [૨]અશનપાન;ક્રોધાદિકના [૩]ત્યાગથી રે, ભાવ ઉણોદરી માન. સો. ॥૫॥ દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી રે,વૃત્તિસંક્ષેપ એ ચાર; વિગયાદિક રસ ત્યાગના રે, ભાંખ્યા અનેક પ્રકાર. સો. ॥ ૬ ॥ વીરાસનાદિક ઠાયવું રે, લોચાદિક તનુકલેસ; સંલીનતા ચઉ-ભેદની રે, ઇંદ્રિય યોગ નિવેસ. સો. ॥ ૭ ॥ એકાંત સ્થલ સેવવું રે, તેમ કષાય સંલીન; અભ્યંતર તપ ખટવિધે રે, સેવે મુનિગુણ લીન. સો. ॥ ૮ ॥

દશવિધ પ્રાયશ્ચિત્ત ગ્રહે રે, વિનય તે સાત પ્રકાર;
દશવિધ વેયાવચ્ચ કરે રે,સજ્ઝાય પંચ પ્રકાર.સો.
॥૯॥ ચાર ધ્યાનમાં દોય ધરે રે, ધર્મ શુકલ સુવિચાર; આર્ત રૌદ્ર બિહું પરિહરે રે, એ મુનિવર આચાર. સો. ॥ ૧૦ ॥ દ્રવ્યભાવથી આદરે રે, કાઉસગ્ગ દોય પ્રકાર; તનુ ઉપધિ ગણ અશનાદિકે રે, દ્રવ્ય તે ચાર પ્રકાર. સો. ॥ ૧૧ ॥ કર્મ કષાય સંસારનો રે,ભાવ કાઉસગ્ગ તિહુ ભેદ; ઇણિ વિધ બિહુ તપ આદરે રે, ધરે સમતા નહિ ખેદ. સો. ॥ ૧૨ ॥ સમકિત ગોરસશું મિલે રે, જ્ઞાન વિમલ ઘૃત રૂપ; જડતા જલ દૂરે કરી રે, પ્રગટે આતમરૂપ.સો.॥૧૩॥

---

દુહા

કર્મ પંક સવિ શોષવે, જો હોય સંયમ આદિ;
જોગ સ્થિર સંયમ કહ્યો, અથિરયોગ ઉન્માદિ ॥૧॥
રુંધે આશ્રવદ્વારનેં, ઇહિ પરભવ અનિદાન; તે સંયમ શિવ અંગ છે, મુનિને પરમ નિદાન. ॥૨॥

---

## ઢાળ ૬ ઠ્ઠી

નમો નમો મનક મહામુનિ—એ દેશી.

સાધુજી સંયમ ખપ કરો, અવિચલ સુખ જેમ પામો રે, આગમ અધિકારી થઈ, મિથ્યામતિ સવિ વામો રે, સાધુજી સંયમ ખપ કરો. ॥ ૧ ॥ છઠ્ઠો મુનિવર ધર્મ છે, સમય સમય શુભ ભાવ રે, સંયમ નામે તે જાણીયે, ભવજલ તારણ નાવ રે, સાધુજી૦ ॥ ૨ ॥ સ્થિર પણ તિગ વિગલેંદ્રિય, તેમ પંચેંદ્રિય જાણો રે, યતનાયે સંયમ હોયે, એ નવવિધ ચિત્ત આણો રે, સાધુજી૦ ॥૩॥ પુસ્તક પ્રમુખ અજીવનો; સંયમ અણસણે લેવે રે, નિરખીને જે વિચરવું, પ્રેક્ષા સંયમ તે હેવ રે, સાધુજી૦ ॥૪॥ સીદાતા સુ-સાધુને, અવલંબનનું દેવું રે, સંગ અસાધુનો વર્જવો, ઉપેક્ષા સંયમ એહવો રે, સાધુજી૦ ॥ ૫ ॥ વિધિપદ પ્રમુખ પ્રમાર્જના, પરિઠવનાદિ વિવેક રે, મન વચ તનુ અશુભેં કહી નવિ જોડિયેં મુનિ લોક રે, સા૦ ॥ ૬ ॥ હિંસા મિથ્યા અદત્ત જે, મૈથુન પરિગ્રહ ત્યાગ રે, સર્વથી કરણ કરાવણે, અનુમોદન નવિ લાગ રે, સા૦ ॥ ૭ ॥ પંચ આશ્રવ અલગા કરો, પંચઇંદ્રિય વશ આણો રે, સ્પર્શન રસન ને ઘ્રાણ જે, નયન શ્રવણ એમ જાણો રે, સા૦ ॥ ૮ ॥ શુભ

મલ્યે રાગ ધરે નહિ, અશુભેં દ્વેષ ન આણે રે,
પુદ્ગલ ભાવે સમ રહે, તે સંયમ ફલ માણે રે,
સા૦ ॥ ૯ ॥ ક્રોધાદિક ચઉજય કરે, હાંસ્યાદિક તસ
માંહિ રે, એ અનુભવબંધ ભવદુઃખ હિયે, એમ
જાણે મનમાંહિ રે. ॥૧૦॥ તસ અનુદયા હેતુ મેલવે,
ઉદયે અફલતા સાધે રે,સફલે પણ તસ ખામણે, એમ
સંસાર ન વાધે રે, સા૦ ॥૧૧॥ જે કરતે રે કષાયનો,
અગ્નિ ઉપજતો જાણે રે,તે તે હેતુ નવિ મેલવે, તેહિજ
સમતા જાણે રે, સા૦ ॥ ૧૨ ॥ તેણે ત્રિભુવન સવિ-
જીતિયો, જેણે જીત્યા રાગ દ્વેષ રે, ન થયો તેહ તેણે
વશે તે ગુણરત્નનો કોષ રે, સા૦ ॥ ૧૩ ॥ મન, વચ,
કાયા દંડ જે, અશુભના અનુબંધ જોડે રે, તે ત્રણ
દંડને આદરે, તો ભવબંધ ન તોડે રે, સા૦ ॥ ૧૪॥
બંધવ ધન તનુ સુખ તણો, વલી ભય વિગ્રહ
છંડે રે, વલી અહંકૃત મમકારના, ત્યાગથી સંયમ
મંડે રે, સા૦ ॥૧૫॥ ઇણીપરે સંયમ ભેદ જે, સતર
તે અંગે આંણે રે, જ્ઞાન વિમલ ચઢતી કલા, વદતી
સમકિત ઠાણે રે, સા૦ ॥ ૧૬ ॥

---

દુહા

દ્રવ્ય સંયમ બહુવિધ થયો, સિદ્ધિ થઈ નવિ
કાંય; સાકર દૂધ થકી વધે, સન્નિપાત સમુદાય ॥૧॥

સત્ય હોય જો તેહમાં, ત્રિકરણ શુદ્ધિ બનાય, સત્ય-
વંત નિર્માયથી; ભાવ સંયમ ઠહરાય. ॥ ૨ ॥

---

## ઢાળ ૭ મી

રાગ ધોરણી, વૈરાગી થયો—એ દેશી

મુનિવર ધર્મ એ સાતમો, ચિત્ત આણો ગુણ-
વંત, સત્ય સહસ્રકર ઊગતે; દંભતિમિર તણો
અંત રે, મુનિજન સાંભલો, આદરો એ ગુણસંતોરે;
સહુથી આગલો, ભાજે એહથી અત્યંતો રે, ભવભય
આમલો. એ આંકણી ॥૧॥ સત્ય ચતુર્વિધ જિન
કહે, નહિ પરદર્શન માંહિ, અવિસંવાદન યોગ જે,
નય ગમ ભંગ પ્રવાહી રે, મુનિ ॥ ૨ ॥ મૂલોત્તર
વ્રત ભેદ જે, મૈત્ર્યાદિક ગુણ જેહ, જીણ વિધ જેમ
અંગીકર્યું, નિર્વહેવું તેમ તેહ રે, મુનિ૦ ॥ ૩ ॥
અકુટિલતા ભાવે કરી, મનવચતનુ નિરમાય, એ
ચઉવિધ સત્યે કરી, આતમ ગુણ સ્થિર થાય રે,
મુનિ૦ ॥ ૪ ॥ જેમ ભાખે તિમ આચરે, શુદ્ધપણેં
નિર્લોભ, ગુણરાગી નિયતાદિકે, નિજરૂપે થિરથોભ
રે, મુનિ૦ ॥ ૫ ॥ સત્યે સત્ત્વપણું વધે, સત્ત્વે સહજ
સ્વભાવ, પ્રકટે નિકટ ન આવહિ, દુર્ધ્યાનાદિ વિભાવ
રે, મુનિ૦ ॥ ૬ ॥ સત્યસુકૃતનો સુરતરુ, ધર્મ તણો

ધુરિકંદ, તપ તુલના પણ નવિ કરે, દૂરે ભવભય ફંદ રે. મુનિ. ॥ ૭ ॥ સત્યે સમકિત ગુણ વધે, અસત્યે ભવદુઃખ થાય, સત્ય વદંતાં પ્રભુ તણી, આણા નવિ લોપાય રે. મુનિ. ॥૮॥ એક અસત્ય થકી ભુએ, રૂલે ચઉગતિ સંસાર, વસુ પર્વત પ્રમુખા બહુ, તેહના છે અધિકાર રે. મુનિ. ॥૯॥ સત્યપણું ભવિ આદરો, સકલ ધર્મનું સાર, જ્ઞાનવિમલ ગુણ આશ્રયી, સમજો શાસ્ત્ર વિચારો રે. મુનિ. ॥ ૧૦ ॥

---

દુહા

ભાવ શૌચથી સત્યતા, મનશુદ્ધિ તે હોય, દ્રવ્ય શૌચસ્નાનાદિકે, પાપપંક નવિ ધોય ॥૧॥ જો જલથી કલિમલ ટલે, તો જલચર સવિ જીવ, સદ્ગતિ પામે સર્વથા, અવિરતિ તાસ અતીવ ॥ ૨ ॥

---

ઢાળ ૮ મી

પ્રથમ ગોવાલા તણે ભવે જી—એ દેશી

શૌચ કહીજે આઠમો જી, મુનિવર કેરો ધર્મ, અંતર મલ નાશે લહે જી, પરમ મુકિતનું શર્મ, સલુણા સંયમ ફલ રસ ચાખ, વિષયાદિક વિષ ફૂલડે જી, તિહાં રસીયું મન અલિ રાખ, સલુણા. એ

આંકણી ॥૧॥ તીર્થંકર ગુરુસ્વામીનું જી,જીવ અદત્ત ચઉભેદ, પાવન મન સર્વવિરતિથી જી, ભાવશૌચ ભવ છેદ,સલુણા૦॥૨॥ કહણી રહણી સારિખી જી, જિનવચનઅનુસાર, લેશ નહિ જ્યાં દંભનો જી, અહર્નિશ નિરતિચાર, સ૦ ॥૩॥ ભાવે બારહ ભાવના જી, અનિત્યપણાદિક જેહ, પંચમહાવ્રતની વલી જી, પણવીસ ભાવે તેહ, સ૦ ॥૪॥ જ્ઞાન અભય વલી જાણીયે જી,ધર્માલંબન દાન,મન વચ તનુતપ ત્રિહું વિધે જી,વિનય ભણન મન ઠામ, સ૦ ॥૫॥ રાજસ તામસ સાત્ત્વિકે જી,તપ વલી ત્રિવિધ પ્રકાર,તેહમાં સાત્ત્વિક આદરે જી,શ્રદ્ધાગુણ આધાર, સ૦ ॥૬॥ ભક્ત પાન ઉપકરણને જી, ગ્રહણ કરે નિર્દોષ, અનાશંસ નિર્ભયથી જી, ભાવ શૌચમલ શોષ, સ૦॥૭॥ [૧]માહણ [૨]શ્રમણ દયાપરા જી, [૩]ભિક્ષુ [૪]નિર્ગ્રંથ વખાણ, એ ચઉનામે સુયગડે જી,સોલમા ધ્યયને જાણ.સ૦॥૮॥ જ્ઞાનવિમલ પ્રભુતા ઘણી જી, તસ સુખનો નહિ પાર, ભાવશૌચપીયૂષમાં જી, જે ઝીલે નિરધાર, સ૦ ॥૯॥

---

## દુહા

મન પાવન તો નિપજે, જો હોય નિસ્પૃહ ભાવ;
તૃષ્ણા મોહથી વેગલો,તેહિ જ સહજ સ્વભાવ.॥૧॥
અરિહંતાદિક પદજીકે, નિર્મલ આતમ ભાવ, તેહ
અકિંચનતા કહી, નિરૂપાધિક અવિભાવ. ॥ ૨ ॥

---

## ઢાળ ૯ મી

### રસીયાની

નવમો મુનિવર ધર્મ સમાચારો, અમલ અકિં-
ચન નામ; સુગુણનર૦ આશંસા ઇહિભવ પરભવ
તણી, નવિ કીજે ગુણધામ, સુગુણનર ચતુર સનેહી
અનુભવ આતમા. એ આંકણી ॥૧॥ ઉપધિ પ્રમુખ
જે સંયમ હેતુને, ધારે ધર્મને કામ; સુગુણનર૦
લજ્જાદિક કારણ પણ દાખીયો, અશનાદિક જેમ જાણ.
સુ૦ ચતુર૦॥૨॥ મૂર્ચ્છા પરિગ્રહ જિનવરે ભાંખીયો,
ગૃધ સભાવે રે જેહ;સુ૦ધર્માલંબન હેતે નવિ કહ્યો,
સંયમ ગુણ ધરે જેહ. સુ૦ ચ૦ ॥૩॥ ગામ નગર
કુલગણ બહુ સંઘની, વસતિ વિભૂષણ દેહ; સુ૦
મમકારાદિક જોગે નવિ ધરે, ઉદય સભાવમાં તેહ.
સુ૦ચ૦॥૪॥ નિંદા સ્તુતિ રૂષે તુષે નહિ, નવિ વર્તે
પરભાવ; સુ૦ સુખ દુઃખે આપ સરૂપ ન પાલટે, કર્મ

પ્રકૃતિ ચિત્ત લાવ. સુ૦ ચ૦ ॥૫॥ મોહ મદન મદ રાગથી વેગળા, ત્રિકરણ શુદ્ધ આચાર; સુ૦ એવા સુવિહિત જે સુખ અનુભવે, જીવન મુક્તિ પ્રચાર. સુ૦ ચ૦ ॥૬॥ પરઆશાના દાસ ન જેહ છે, સંપૂર્ણ સુખખાણ; સુ૦ કંચન કક્કર સ્ત્રીગણ તૃણ સમો, ભવ શિવ સમ વડમાન. સુ૦ ચ૦ ॥૭॥ આકિંચન કહ્યો ગુણ ભાવથી, મમકારાદિ અલેપ; સુ૦ જાત્ય તુરંગ જીમ ભવ્ય વિભૂષણે,ન ધરે ચિત્ત આક્ષેપ. સુ૦ચ૦॥૮॥ સહજ વિનાશી પુદ્ગલ ધર્મ છે, કિમ હોય સ્થિર ભાવ;સુ૦ જ્ઞાનવિમલ અનુભવ જે આપણો, અક્ષય અનંત સભાવ. સુ૦ચ૦ ॥૯॥

---

દુહા

તેહ અકિંચન ગુણ થકી, હોયે નિર્મલ શીલ; કિંકર સુરનર તેહના, અવિચલ પાલે લીલ. ॥૧॥ સંકટ નિકટ આવે નહિ, જેહને શીલ સહાય; દુઃખ દુર્ગતિ દૌર્ભાગ્ય સવિ, પાતક દૂર પલાય. ॥૨॥

---

ઢાળ ૧૦ મી

ઝાંઝરીયા મુનિવર—એ દેશી

બ્રહ્મચર્ય દશમો કહ્યો જી, મુનિવર કેરો ધર્મ, સકલ સુકૃતનું સાર છે જી, ઇહ પરભવ લહે શર્મ,

બલિહારી તેહની શીલ સુગંધા સાધુ. ॥૧॥ માત-
પિતા ધન તેહના જી, ધન ધન તસ અવતાર,વિષય
વિષે નવિ ધારિયા જી,અનુભવ અમૃત ભંડાર,બલિ-
હારિ૦॥૨॥ ઔદારિક વૈક્રિય તણા જી,નવ નવ ભેદ
અઢાર, કૃત કારિત ને અનુમતે જી, મન વચ કાય
વિચાર, બલિ૦ ॥૩॥ સંજ્ઞાદિક જોગે કરી જી, જે
હોયે સહસ અઢાર, શીલરથ કહીએ તેહને જી,સઝા-
યાદિ વિચાર, બલિ૦ ॥૪॥ સમિતિ ગુપ્તિને ભાવ-
તા જી,ચરણ કરણ પરિણામ, આવશ્યક પડિલેહ-
ણા જી,અહર્નિશ કરે સાવધાન.બલિ૦ ॥૫॥ સામા-
ચારી દશવિધે જી,ઇચ્છાદિક ચક્રવાલ, પદ વિભાગ
નિશીથાદિકે જી,ઓધ પ્રમુખ પરનાલ, બલિ૦ ॥૬॥
સદાચાર એમ દાખીયેં જી,શીલ સરૂપે નામ,એણિ-
પરે ત્રિવિધે જે ધરે જી,તે ગુણરત્ન નિધાન, બલિ૦
॥૭॥ તે ત્રિભુવન ચૂડામણી. જી,વિશ્વતણા આધાર,
દ્રવ્યભાવગુણ રત્નના જી, નિધિ સમજે અણગાર,
બલિ૦ ॥૮॥ જીણ જીણ ભાવ વિરાગતાજી, પાંમે
દૃઢતારૂપ,ત્રિવિધ ત્રિવિધે તે આદરે જી,અતુલી બલ-
મુનિ ભૂપ,બલિ૦॥૯॥ જેણે સંયમ આરાધીયો જી,
કરતલ શિવસુખ તાસ,જ્ઞાનવિમલ ચઢતી કલા જી,
પ્રગટે પરમ પ્રકાશ, બલિ૦ ॥૧૦॥

## દુહા

ધૃતિ હાથો મન કરાલિકા, ક્ષમા માંકડી જાણ,
કર્મધાનને પીસવા, ભાવઘરટ શુભ આણ. ॥૧॥
એ દશવિધ મુનિધર્મનો, ભાંખ્યો એહ સઝાય,
એહને અંગે આણતાં, ભવભય ભાવઠ જાય. ॥૨॥
પરમાનંદ વિલાસમાં, અહર્નિશ કરે ઝકોલ, શિવ-
સુંદરી અંકે રમે, કરી કટાક્ષ કલોલ. ॥ ૩ ॥

## ઢાલ–૧૧ મી.

એહવા મુનિ ગુણ રયણના દરિયા, ઉપશમ રસ
જલ ભરિયા જી, નયગમ તટિની ગણ પરિવરિયા,
જિનમારગ અનુસરિયાજી,તે તરીયા ભાઈ તે તરીયા.
॥ ૧ ॥ અતિ નિર્ભયપણે કરે કિરિયા, ધનધન
તેહના પરિયાજી,છંડે અશુભ ત્રિયોગે કિરિયા,ચરણ
ભવન ઠાકુરિયા જી, તે તરીયા૦ ॥૨॥ અહર્નિશ
સમતા વનિતા વરીયા, પરિસહથી નવિ ડરીયાજી,
હિતશીખેં ભવિજન ઉધરીયા, ક્રોધાદિક સવિ ઠરી-
યાજી, તે તરીયા૦ ॥૩॥ શીલ સન્નાહે જે પાખ-
રીયા, કર્મ કર્યાં ખાખરીયાં જી, જેહથી અવગુણ
ગણ થરહરિયા,નિકટે તેહ ન રહીયાં જી,તે તરીયા૦
॥૪॥વીર વચન ભાંખે સાકરીયા,નહિ આશા ચાકરી-

યા જી, જ્ઞાનવિમલ પ્રભુ જેણે શિર ધરીયા, તસ જસ જગેં વિસ્તરીયા જી, તે તરીયા૦ ॥૫॥

કલશ–એમ ધર્મ મુનિવર, તણેા દશવિધ, કહ્યો શ્રુત અનુસાર એ,ભવિ એ આરાધેા, સુખ સાધેા, જીમ લહેા ભવ પાર એ. ॥ ૧ ॥ શ્રી જ્ઞાનવિમલ સૂરીંદ પભણે, રહી સુરત ચઉમાસ એ, કવિસુખ-સાગર કહણથીએ, કર્યો એમ અભ્યાસએ. ॥૨॥ આદર કરીને એહ અંગેં, ગુણ આંણેવા ખપ કરે, ભવ પરંપર પ્રબલ સાગર, સહજ ભાવે તે તરે. ॥૩॥ એમ ગુણ વિશાલા કુસુમમાલા, જેહ જન કંઠે ઠવે,તે સયલ મંગલ કુશલ કમલા,સુજશ લીલા અનુભવે.॥૪॥ કુલ ગાથા ૧૪૪ શ્લોક સંખ્યા-૨૩૬

## पद्मविजयजी महाराजनी सज्झाय

દેવસભા ગુરુ પદ્મવિજયજી, સબહી ગુણે પૂરા; શુદ્ધ પ્રરૂપક સમતાધારી,કોઈ વાતે નહીં અધુરા. મુનીશ્વર લીજે વંદના હમારી, ગુરુ દર્શન સુખકારી. મુનિ૦ એ આંકણી ॥૧॥ સંવત અઢાર છાસઠની સાલેં, ઓસવાલ કુલેં આયા; ગામ ભરૂડીએ શુભ લગ્નેં,માતા રૂપાંબાઈએ જાયા. મુની૦ ॥૨॥ સત્તર વર્ષના રવિ ગુરુ પાસે, હુવા યતિ વેષ-

ધારી; ગુરુ વિનયે ગીતારથ થયા, ચંદ્ર જેસા શીતલકારી. મુની૦૧૩૩ સંવત ઓગણી અગીઆરાની સાલેં, સંવેગ રસ ગુણ પીધો; રૂપે રૂડા જ્ઞાને પૂરા, જિનશાસન ડંકો દીધો. મુની૦ ૧૪૧ સંવત ઓગણી ચોવીસાની સાલે, છેદોપસ્થાપન કીધો, મહારાજ મણિવિજયજી નામનો,વાસક્ષેપ શીર લીધો. મુની૦ ૧૫૧ દિન દિન અધિકે સંવેગ રંગે, કામ કષાય નિવારી; ધર્મ ઉપદેસે બહુ જીવ તારી, જ્ઞાન ક્રિયા ગુણ ધારી. મુની૦ ૧૬૧ સંવત ઓગણી આડત્રીસ વૈશાખે, સુદિ અગિયારસ રાતે; પ્રથમ જામે (પલાંસવા) કાલધર્મ કીધો, જીત વંદે નિત્ય પ્રિતે. મુની૦ ૧૭૧

---

## बारमा पाप स्थानकनी सज्झाय

જેહને કલહ સંઘાતે પ્રીત રે,માંહોમાંહે મલે નહિ ચિત્ત રે;જેહને ઘેર હોય વઢવાડ રે,જાણે ચાલતી આવી ધાડ રે.૧૨૧ અનુક્રમે ઘરથી લક્ષ્મી જાય રે, ઘણા કાલની હુંતી આય રે;કલહે કલશાનું જલ જાય રે, કલહે ભલી વાર ન થાય રે. ૨૨૧ કલહે નાસે ઘરના દેવ રે,કલહે ઉદ્વેગ નિત્યમેવ રે;કલહે વાધે જગ અપવાદ રે,કલહે વાધે મન વિખવાદ રે.

॥૩॥ કલહે પૂર્વજ કીર્તિ ઘટે રે, કલહે માંહોમાંહે કટે રે;કલહે ત્રૂટે પ્રીત પ્રતીત રે,કલહે અપજશ હોય ફજેત રે.॥૪॥ કલહે આર્તરૌદ્રનો જોરો રે, દુર્ગતિ દાયક ધ્યાન એ પૂરો રે,કલહે ધોબી સમ સાધુ કહ્યા રે, કોણિક સરિખા દુર્ગતિ લહ્યા રે.॥૫॥ કલહ કરી ખમાવે જેહ રે,આરાધક કહ્યા વીતરાગે તેહ રે;કલહથી બાહુબલ ઓસરીયા રે,દ્રાવિડવારિખલ ભવજલ તરીયા રે.॥ ૬ ॥ કલહે વાધે નિત્ય શોગ રે, કલહ તે જાણો મોટો રોગ રે; એહવું જાણી કલહ જો વામે રે, પદ જીતતણા તે પામે રે. ॥૭॥

---

## શ્રી પરદેશી રાજાની સજ્ઝાય

જી હો પરમપુરુષ પરમેશ્વરુ રે લાલા, પુરુષા દાણી રે પાસ; જીહો ચરણ કમલ નમી તેહના રે લાલા,પૂરે વંછિત આશ;સુગુણ નર સાંભળો સુગુરુ ઉપદેશ,એ આંકણી૦જી હો જે ટાલે ભવના કલેશ. સુ૦॥૧॥ જી હો મોહ મિથ્યાત અજ્ઞાનનો રે લાલા, ભરીઓ રોગ અથાગ,જી હો વૈદ્ય રાજગુરુ વચનથી રે લાલા, ઓષધ જ્ઞાન વૈરાગ, સુ૦॥૨॥ જી હો ગુરુ કારીગર સારીખા રે લાલા, ટંકણ વચન વિચાર; જી હો પથ્થરસે પડિમા કરે રે લાલા,લહે પૂજા અપાર

સુ૦૧૩૫ જી હો ચોથા પટધર પાર્શ્વના રે લાલા, કેશી નામે કુમાર, જી હો ચાર મહાવ્રત આદરી રે લાલા,કરે બહુ જીવ ઉપગાર.સુ૦૧૪૫ જી હો વિચરતાં મુનિ આવીયા રે લાલા,શ્વેતાંબી નયરી મોઝાર; જી હો તિહાં પરદેશી રાજીયો રે લાલા, અધરમી આચાર. સુ૦૧૫૫ જી હો ચિત્રસારથિ લેઈ આવીઓ રે લાલા, જી હાં કેશી ગણધાર; જી હો વંદના રહિત બેઠો તિહાં રે લાલા, પૂછે પ્રશ્ન ઉદાર. સુ૦ ૧૬૫ જી હો દાદો પાપી પ્રશ્ન ઉપરે રે લાલા, સુરિકંતાનો રે ન્યાય; જી હો દાદી ધરમી દેવ ઉપરે રે લાલા,જીમ તું ભંગીઘર ન જાય. સુ૦ ૧૭૫ જી હો જીવ કોઠીથી નીકલ્યો રે લાલા,તે કુટશાલાનો ન્યાય, જી હો જીવકોઠીમાંહે ઉપન્યા રે લાલા, જીમ અગ્નિ પેઠી લોહમાંય. સુ૦૧૮૫ જી હો બાલક બાંણ ચલે નહીં રે લાલા, ત્રુટે જીમ કબાન;જી હો બુઢાસુ ભાર વહે નહીં રે લાલા, જની કાવડ જ્યું જાણ.સુ૦૧૯૫ જી હો જીવ મારીને તોલીયો રે લાલા, [1]દીવડી ન ઘટે રે જેમ, જી હો પુરુષ મારી જીવ જોઈએ રે લાલા, તે કઠીઆરા એમ. સુ૦૨૦૫ જી હો આમલા પ્રમાણે જીવ પૂછીએ રે લાલા,વૃક્ષપાન કેણ હલાય,જી હો કુંજર કંથુઆ ઉપરે રે લાલા,દીવાનું દષ્ટાંત લગાય,

---

૧ ધમણ

સુ૦ ॥૧૧॥ જી હો મુજથી લીધો મત છૂટે નહીં રે લાલા, તે લોહવાણીઆ જેમ,જી હો પછે પસ્તાવો કર્યો રે લાલા,અગિયારમો દૃષ્ટાંત એમ, સુ૦ ॥૧૨॥ જી હો ઉત્તર અગિયારે સાંભળી રે લાલા, બુઝયો પરદેશી રે રાય,જીહો શ્રાવકનાં વ્રત આદરી રે લાલા, નિર્લોભી નિર્માય, સુ૦॥૧૩॥ જી હો સુરિકંતા નિજ નારીયે રે લાલા,ઉપસર્ગ કીધો અપાર,જી હો ક્ષમાએ કર્મ ખપાવીને રે લાલા, ઉપન્યો દેવ મોઝાર, સુ૦ ॥ ૧૪ ॥ જી હો ચાર પલ્યોપમ આઉખે રે લાલા, સુરીયાભસુર સુખદાય;જી હો ધર્મશાસ્ત્ર વાંચી ગ્રહ્યો રે લાલા,ધર્મતણો વ્યવસાય. સુ૦॥૧૫॥ જી હો ત્યાં જિનપડિમા પૂજીને રે લાલા,કરે જિન ભક્તિ ઉદાર, જી હો ચવી મહાવિદેહે ઉપજશે રે લાલા, પામશે ભવનો પાર,સુ૦ ॥૧૬॥ જી હો સંક્ષેપે સઝાય કહી રે લાલા, રાયપસેણી સૂત્રે વિસ્તાર; જીહો પદ્મવિજયજી સુપસાયથી રે લાલા, જીત કહે જુઓ અધિકાર. સુ૦ ।૧૭॥

---

## अथ शीखामणनी सज्झाय

ચોવીસ જિન પ્રણમી કરી,સુગુરુતણે સુપસાય જી, સઝાય કહું રે સોહામણી, ભણતાં સુણતાં સુખ

થાય જી, સુણજો સાજન શીખડી. ॥૧॥ સુદેવ સુગુરુ સુધર્મની, પરીક્ષા ન કરી લગાર જી; દૃષ્ટિ રાગે રે મોહી રહ્યો, તેણે રૂલ્યો સંસાર જી, સુણજો. ॥૨॥ લાખચોરાશી યોનિમાં, ભમ્યો કાલ અનંત જી,જન્મમરણ દુઃખ ભોગવ્યાં,તે જાણે ભગવંત જી, સુણજો૦ ॥૩॥ મનુષ્યજન્મ પામી કરી, પાપ કુટુંબ શું ધરી પ્રીત જી,ધર્મકુટુંબ નવી ઓલખ્યો, કામ કર્યા વિપરીત જી.સુણજો૦ ॥૪॥ પાપનું મૂળ તે ક્રોધ છે, પાપનો બાપ તે લોભ જી;માતા હિંસા રે પાપની, પુત્ર લાલચ અશુભ જી, સુણજો૦ ॥૫॥ કુબુદ્ધિ પાપની સ્ત્રી છે, પાપની બેન તે રીસજી, જુઠ ભાઈ તે પાપનો,પુત્રી તૃષ્ણા તે કૃશ જી.સુણજો૦ ॥૬॥ પાપકુટુંબને પરિહરી, ધર્મ કુટુંબશું ધરો નેહ જી,નામ બતાવું રે તેહનાં,જેહથી લહીએ ભવ છેહ જી. સુણજો૦ ॥૭॥ ધર્મનું મૂળ તે ક્ષમા છે, બાપ નિર્લોભતા જાણજી;માતા દયા તે ધર્મની,પુત્ર સંતોષ સુજાણ જી. સુણજો૦ ॥૮॥ ધર્મની સ્ત્રી તે સંજમ છે, પુત્રી સમતાશું રાચ જી,સુબુદ્ધિ બેન તે ધર્મની, ધર્મનો ભાઈ તે સાચ જી. સુણજો૦ ॥૯॥ પાંચેઇંદ્રિ જે વશ કરે, જગમાં તેહી જ સુર જી, પર ઉપગાર કરે તે ધનવંત,કુલક્ષણ ન સેવે તે ચતુર જી,

સુણજો૦ ॥૧૦॥ ધર્મવ્રત આદરીને જે પાળે, જ્ઞાની તેહ કહાય જી, પદ્મવિજય સુપસાયથી, જીત નમે તેહના પાય જી. સુણજો૦ ॥૧૧॥

---

## શ્રીધર્મઆરાધનાની સજ્ઝાય

સરસતીસામિની વિનવું, સુણ પ્રાણી જી રે, સુગુરુના પ્રણમી પાય,અતિ ઉછાંહે સુણ પ્રાણી જી રે, ધર્મનો મહિમા વરણવું. સુણ૦જેહથી શિવસુખ થાય, પાપ પલાએ. સુણ૦ ॥૧॥ સુમતિ નારી એમ વિનવે, સુ૦ ધર્મ કરો સહુ કોય, જિમ સુખ હોય, સુ૦ ધર્મથી સાતે સુખ લહે.સુ૦ સંપતિ સુકુલિણી નાર, દેહકરાર. સુ૦ ॥૨॥ ચોથું સુખ ન જઈયે ગામ. સુ૦પંચમ સુખ રહેવા ઠામ,અતિ અભિરામ, સુ૦ પુત્રવિનીત પંડિતપણું. સુ૦સાતમે ધર્મ વીત-રાગ,સહુમાં સોભાગ.સુ૦॥૩॥ ધર્મવિના જીવદુઃખ લહે. સુ૦ કુપુત્ર કુલટાનાર, આંગણે ઝાડ. સુ૦ દેહ-રોગીલી ઋણઘણો. સુ૦ ન ગમે ધર્મની વાત, કરે પરતાત. સુ૦॥૪॥ ધર્મની માતા દયા કહી, સુ૦ જે પાલે નરનાર,પામે ભવપાર.સુ૦જીત કહે જિનધર્મ કરો.સુ૦જાણી અથિર સંસાર,આતમતાર.સુ૦॥૫॥

---

# अथ मंगल

ચાલો સહીયર મંગલ ગાઈએ,લહીયેં પ્રભુનાં નામ રે, પહેલું મંગળ વીરપ્રભુનું, બીજું ગૌતમ સ્વામી રે,ત્રીજું મંગળ સ્થુલભદ્રનું, ચોથું મંગળ ધર્મ રે. ચાલો૦ ॥૧॥ જીવની જયણા નિત્યનિત્ય કરીએ, પ્રીજીયેં જિનધર્મ રે, જીવ અજીવને ઓલખીએ તો, સમકીતનો મર્મ રે. ચાલો૦॥૨॥ છાણાં ઈંધણાં નિત્યનિત્ય પુંજીએ,ચુલે ચંદ્રવો બાંધીએ રે, પોચે હાથે વાસીદું વાળીએ, દીવે ઢાંકણું ઢાંકીએ રે, ચાલો ॥૩॥ શિયાળે પકવાન દિન ત્રીશ, ઉનાળે દિન વીસ રે,ચોમાસે પંદર દિન માન,ઉપર અભક્ષ્ય જાણ રે. ચાલો૦ ॥૪॥ ચઉદથાનકીઆ જીવ ઓળખીએ, પન્નવણા સૂત્રની સાખે રે, વડીનીતમાતુ-બળખામાંહે, અંતર્મુહૂર્ત પાખેં રે. ચાલો૦ ॥૫॥ શરીરનો મેલ નાકનો મેલ, વમનપીત સાતમે રે, શુક્ર શોણિત મૃતકલેવર, ભીન્નુકલેવર અગિયારમે રે. ચાલો૦ ॥૬॥ નગરનો ખાળ અશુચિ ઠામ, સ્ત્રી પુરુષસંગમેં રે, ઉપજે તિહાં મનુષ્યાસમુર્છિમ, સ્થાનક જાણો ચૌદમે રે, ચાલો૦ ॥૭॥ અસંખ્યાતા અંતર્મુહૂર્ત આઉખે, બીજનો નહિપાર રે, બાવીશ અભક્ષ્ય બત્રીસ અનંતકાય, વર્જે નર ને નાર રે.

ચાલો૦ ॥૮॥ આપવેદના પરવેદના સરખી, લેખવીએ આઠ જામે રે, પદ્મવિજયજી પસાયથી પામે, જીત ઠામોઠામે રે. ચાલો૦ ॥૯॥

---

## पांचमा आरानी सज्झाय

અરિહંત સિદ્ધ સૂરિ વાચક મુનિ,તેહનું સ્મરણ કરો ઉત્તમ પ્રાણી; નામ લેતાં જય જયકારે, પૂરું સુખ નહિ પંચમ આરે. ॥૧॥ નિત્ય નિત્ય ઊઠી ગામડીએ જાવે, વળી માથે ભાર ઉઠાવી લાવે, વેઠ કરી પેટ ભરે જેની વારે. પૂરું૦ ॥૨॥ દેશ પરદેશમાં બહુ રે ભમે,તોહી સ્વાર્થી કુટુંબને નવીય ગમે, ભમી ભમી ઝડપજ મારે. પૂરું૦ ॥૩॥ એક એક ને વણજમાં હુવો રે ત્રોટા,તેહને શોચ લાગ્યો છે બહુ રે મોટો,રાત દિવસ છાતી બળે ભારે. પૂરું૦ ॥૪॥ કેઈ કેઈ ને વણજમાં નફો રે ઘણો,તેહને શોચ લાગ્યો છે પુત્ર તણો, પુત્ર હોવે તો નિર્ધન ભારે. પૂરું૦ ॥૫॥ પુત્રની જો દિશ મળી, તો પાડોશી ખોટો મલીએ, ઊભા છે લેણીઆત લારો લારે. પૂરું૦ ॥૬॥ પાડોશી ઉત્તમ મલીએ તો, ઘેરનારી સાપિણી જેસી, રાત દિવસ મસકાં મારે. પૂરું૦॥૭॥ નારી તો પુણ્ય યોગે મલી, તો શરીરે રોગ ઉપન્યો

ભારી; રાત્રિ દિવસ હૃદય બળે ભારે. પૂરું૦ ॥૮॥ શરીરે સાતા કિણે પાઈ, તો ઘેર બેટી ઝાઝી જાઈ, નિશદિન ચિંતા હુએ ભારે. પૂરું૦ ॥૯॥ કેઈ કેઈ ને પુત્ર હુવા રે ઝાઝા,પછી પરણીને જુદા થયા,કેઈ ન સંભાળે ઘરડાંને મારે. પૂરું૦॥૧૦॥ ઇહિ સંસારે ખટપટ ઘણી,એક રાજ ને બીજી ધન તણી,એહવું જાણી જૈન ધર્મ કરો, તો વિનયવિજય સુખ નહિ રહે ઘરો, સુખ નહિ પંચમ આરે. ॥૧૧॥

---

## શ્રી વિજયરત્નસૂરિ કૃત

## બીજની સજ્ઝાય

બીજ તણે દિન દાખ્યો રે, દુવિધ ધર્મ પ્રકાર; પંચમહાવ્રત સાધુનાં રે,શ્રાવકનાં વ્રત બાર રે,પ્રાણી ધર્મ કરો સુવિવેક,જેમ પામો સુખ અનેક રે,પ્રાણી ધર્મ કરો સુવિવેક, એ આંકણી૦ ॥૧॥ પ્રાણાતિપાત વિરમણ પહેલું રે, જાવજ્જીવ તે જાણ; મૃષાવાદ વિરમણ બીજું રે,મોટું તેહ વખાણ રે.પ્રાણી૦ ॥૨॥ જાવજ્જિવ ત્રીજું વલી રે, વિરમણ અદત્તાદાન; ચોથું વ્રત પાલતાં ઘણું રે, જગમાં વાધે માન રે. પ્રાણી૦॥૩॥ નવવિધ પરિગ્રહ છંડતાં રે,પંચમી ગતિ શુભ ઠાંણ; વ્રત સુધાં એ પાલતાં રે,અણગારી

કહે નામ રે. પ્રાણી૦ ॥૪॥ બારે વ્રત પાલે ભલાં રે, શ્રાદ્ધનો એ આચાર; પડિકમણાં દોય ટંકનાં રે,રાખે ધર્મશું પ્યાર રે. પ્રાણી૦ ॥૫॥ એહવાં વ્રત પાલે સદા રે,શાસ્ત્ર તણે અનુસાર;આરાધક તેહને કહ્યા રે, તે પામે ભવપાર રે. પ્રાણી૦ ॥૬॥ મિથ્યામાં ભૂલો ભમ્યો રે, આરે અનાદિનો જીવ; સાર ધર્મ નવિ ઓલખ્યો રે, જેહથી મોક્ષ સદૈવ રે. પ્રાણી૦ ॥૭॥ આરંભ છંડો આતમા રે, સમિતિ ગુપ્તિશું પ્રીત, આઠે મદ દૂરે તજે રે,ધર્મ કરો સુવિનીત રે. પ્રાણી૦ ॥૮॥ પાલો જિનની આણના રે,જે ચાહો શિવરાજ, શ્રી વિજયરત્ન સૂરીંદનો રે, દેવનાં સાર્યાં કાજ રે. પ્રાણી૦ ॥૯॥

---

જ્ઞાનવિમલજી કૃત

## આત્માને શિખામણની સજ્ઝાય

મારા આતમ એહિ જ શીખ સાંભલો, કાંઈ કુમતિ કુસંગતિ ટાળો રે, મારા૦ ॥ એ આંકણી ॥ સુગુરુ સુદેવ સુધર્મ આદરજે, દોષ રહિત ચિત્ત ધરજે, દોષ સહિત જાણી પરિહરજે, જીવદયા તું કરજે રે, મારા૦ ॥૧॥ પાછલી રાતેં વહેલો જાગે, ધર્મતણે લય લાગે, લોકવ્યાહાર થકી મત

ભાગે, કષ્ટ પડયે મમ માગે રે, મારા૦ ॥૨॥ દુઃખ આવે પણ ધર્મ મ મૂકે, આચાર મ ચૂકે, ધરતી જોઈને પગ તું મૂકે, પાપેં કેમહિ મ ઢુકે રે, મારા૦ ॥૩॥ સદ્‌ગુરુ કેરી શીખ સુણીજે, આગમનો રસ પીજે, આલી રીસેં ગાળ ન દીજે, આપ વખાણ ન કીજે રે, મારા૦ ॥૪॥ શકતેં વ્રત પચ્ચખ્ખાણ આદરીયેં, લાભ જોઈ વ્યય કરીએ, પરઉપગારે આગલ થાનેં, વિધિશું યાત્રાર્થે જઈએ રે, મારા૦ ॥૫॥ સમકિતમાં મત કરજે શંકા, ધર્મે મ થાઇશ વાંકા, છંડી સત્ય ન થાએ રંકા, સંતોષ સોવન ટંકા રે, મારા૦ ॥૬॥ કિમહિ જુઠું વયણ મ ભાખે, જિન ભેટે લેઈ આખે, શીલરત્ન રૂડી પરે રાખે, હીણે દીનતા ન દાખે રે, મારા૦ ॥૭॥ જ્ઞાન-દેવગુરુ સાધારણનું, દ્રવ્ય રખોપું કરજે, પાખંડી અન્યાયતણું દ્રવ્ય, સંગતિ દૂરે કરજે રે, મારા૦ ॥૮॥ સમકિત ધર્મ મ મૂકે ઢીલો, વ્યસનેં મ થાઇશ વીલો, ધર્મ કાજે થાએ તું પહેલો, એહિજ જશનો ટીલો રે, મારા૦ ॥૯॥ વિનય કરે જે ગુરુ જન કેરો, પંચપર્વ ચિત્ત ધારે, હીન મહોદય અનુ-કંપાએ, દુઃખીઆને સાધારે રે, મારા૦ ॥૧૦॥ શક્તિ પાખે મ કરીશ મોટાઈ, શુભ કામે ન છોટાઈ, છોડીજે ચુગલ ચોટ્ટાને, મલવું ન દુષ્ટથી કાંઈ રે,

મારા૦ ॥૧૧॥ ધર્મક્ષેત્રે નિજ ધનને વાવે, જેમ આગલ સુખ પાવે, પરનિંદા નિજ મુખે મત લાવે, આપે લઘુતા ભાવે રે, મારા૦ ॥૧૨॥ ઉદેરી મત કરજે લડાઈ, આદરજે સરલાઈ, પુલાવ્યો ચિત્ત ન ધરે જડાઈ, પામીશ એમ વડાઈ રે, મારા૦ ॥૧૩॥ વિધિશું સમજી વ્રત આદરજે, ત્રણ કાલ જિન પૂજે, બુધ પૂછીને ઉદ્યમ કરજે, વ્યસન અવશ્ય પરિહરજે રે, મારા૦॥૧૪॥ જ્ઞાનવિમલ ગુરુસેવા કરીએ, તો ભવસાયર તરીએ, શિવસુંદરીને સહેજે વરીએ, શુદ્ધ માર્ગ અનુસરીએ રે, મારા૦ ॥૧૫॥

---

## સુભદ્રા સતીની સજ્ઝાય

હું પભણું શી એહની વાત, નામ સતીનું લીજીએં; પ્રહ ઊઠી રે પહેલે પ્રભાત, સત રે જો જો સુભદ્રા તણું. ॥૧॥ મુનિવર વહોરણ પાંગર્યા, નિયમવંતી રે તિહાં આવે અધીર; કોરણ ઊડે કાંકરા, તરણું ખૂત્યું રે તિહાં વાયે સમીર. સત રે૦ ॥૨॥ તરણું તે ખૂત્યું આંખમાં, તેણે કરી રે વહે લોહિની ધાર; સુભદ્રાને બારણે આવીયા, નયણે નિરખે રે ઋષિ પીડા અપાર. સત રે૦ ॥૩॥ મસ્તકે મસ્તક

ભાડીયાં, જીભેં કરી રે કાઢે નયણની સાલ; સાધુ નિરાબાધ થઈ ગયા, પૂઠે જો જો રે એહના થાય હવાલ.સત રે૦॥૪॥ શ્રાવક કુલમાં ઉપની,પરણાવી રે વલી માયે મિથ્યાત્વ; તોયે સમકિત સુધું વહે નિજ હૈયડે, દેવ ગુરુ ધર્મ ધ્યાત. સત રે૦ ॥૫॥ સુભદ્રાને લલાટે ચાંદલો, તે તો થયો રે સાધુને લલાટ; સાસુ દેખી ક્રોધે ધડહડી, રોસે ભરી રે દુહવાણી રાંડ. સત રે૦ ॥૬॥ સાંભલ વચ્છ કહું વાતડી, રાતડીયે રે ઋષિ રાતડ દેત; મનમાંહે વાત જ રાખજે, જેમ આપણા ઘરમાં ન થાય ફજેત. સત રે૦ ॥૭॥ ગુણહીણી તુઝ ગોરડી, જેણે અતીતશું રે આલિંગન દીધ; મુઝ ટળી કેણે ન દીઠડી, પાપ એહવાં રે તુઝ વહુઅરે કીધ. સત રે૦ ॥૮॥ સાસુડીએં કુડી સહી,સંભલાવી રે સહુ સજ્જનને વાત; ભરતાર પણ ભંભેરીયો, કુડે કલંકે રે એમ ખેલી ઘાત. સત રે૦ ॥૯॥ મન ભાંગ્યું ભરતારનું, રયણી ભરે રે નવિ રંગને ભોગ;નેહ નયણે નવિ નિરખતાં, છતે જોગે રે સંજોગ વિયોગ. સત રે૦ ॥૧૦॥ શાસનનાયકદેવતા, દુઃખ દેખી રે સતીનું અપાર; આફરવાં તેણી વેળાએ,દેવરાંણાં રે ચંપાનાં બાર. સત રે૦ ॥૧૧॥ રાજાને જઈ સંભળાવીયું, સુણો

સ્વામી રે નગરી ઉત્પાત;ચંપાપોળ ચઉદિશે જડી,
પશુ માનવી રે દુઃખડાં ન ખમાત. સત રે૦ ॥૧૨॥
રાજા તે રોસેં ઊઠીયો,ઘણુ ઘાયેરે કરો ચકચૂર;કમાડ
કુહાડે ભાંગજો, મથી મથી રે કાઢે સુભટ જોર. સત
રે૦ ॥૧૩॥ વજ્રકમાડ પોળે જડચાં, મથી મથીને
રે જોર કરીને જાય; હાલકલોલ લોક આકુલાં, પશુ
માનવી રે દુઃખડાં ન ખમાય. સત રે૦ ॥૧૪॥ રાજા
પ્રજા સહુ દુઃખ ધરે, કહો કરવો રે હવે કિશ્યો ઉ-
પાય, દેવવાણી તત્ક્ષણ થઈ,કહ્યું કરજો રે જેમ તુમ
સુખ થાય. સત રે૦ ॥૧૫॥ મન વચન કાયાએ
કરી, શીલેં સાચી રે વલી જે હોશે નાર; કૂપ કાંઠે
ભરી ચાલણી,છાંટી ઉઘાડે રે ચંપાના બાર. સત રે૦
॥૧૬॥ વડા વડા રાયની કુંવરી, સતી શિરોમણી
રે મારે ઘેર છે નાર,કૂપકાંઠે થઈએકઠી, સુત્રતાંતણો
રે ચાલણી ન ખમે ભાર. સત રે૦॥૧૭॥ સાત વાર
તૂટી પડી,તવ ચાલણી રે પડી કૂપ મઝાર, રાજાનું
મન ઝાંખું થયું, સતી કોઈ નહિ મારે ઘેર નાર.
સત રે૦॥૧૮॥ રાજાએ પડો વજડાવીયો,કોઈ ઉઘા-
ડેરે ચંપાનાં બાર,રાજભાગ વેંચી દઉં,વલી આપું
રે અર્થ ગરથ ભંડાર. સત રે૦ ॥૧૯॥ પડો વાજંતો
આવીયો,આંગણે ઊભી રે સુભદ્રા નાર;સાસુજી દીએો

મુઝ શીખડી, જઈ ઉઘાડું રે ચંપાનાં બાર. સત રે૦ ॥૨૦॥ વારી વારી વહુઅર શું કહું, તું નિર્લ-જ્જને કાંઈ નથી લાજ,રાજા રાંણી વિલખાં થઈ રહ્યાં, તું સતી ખરી રે પોળ ઉઘાડીશ આજ. સત રે૦ ॥૨૧॥ પડહ છબ્બી રે ઊભાં રહ્યાં, સંભલાવો રે કરો રાજાને જાણ; રાજા આવી પાયે નમ્યો, માતા રાખો રે પશુ પ્રજાનાં પ્રાણ. સત રે૦ ॥૨૨॥ માત પિતા સહુ દેખતાં,દેખતાં રે સાસુ સસરો જેઠ,રાજા પ્રજા સહુ દેખતાં, તવ તે ચાલણી મેલી કૂવા જલ હેઠ. સત રે૦॥૨૩॥ પરણ્યા વિના પુરુષ આભડ્યો, આણે ભવે રે વલી મુઝને કોય,કલંક દીધું તેને શું કહું, પરમેશ્વર રે પ્રીતેં કરી જોય. સત રે૦ ॥૨૪॥ કાચા સુતરને તાંતણે, ચાલણી બાંધે રે સિંચી કૂવા જલ ઠાંમ, ભરી ચાલણી તાણી લઈ, સૌ પ્રશંસે રે શીલ ઠામોઠામ. સત રે૦ ॥૨૫॥ ફૂલ વૃષ્ટિ કરે દેવતા, સેવતા રે લોક રાણો ને રાણ, મોતી થાળે વધાવતાં, છાંટી ઊઘાડે રે ત્રણ પોળ સુજાણ. સત રે૦ ॥૨૬॥ કોઈ પીયર કોઈ સાસરે, કોઈ સતી રે વલી માને મોંશાળ; ચોથી રે પોળ ઉઘાડશે, શીલેં સાચી રે વલી જે હોશે નાર. સત રે૦ ॥૨૭॥ શીલ-વ્રત જગમાં વહું, સહુ સાંભળી રે પાળો નરનાર,

રાજા મન રાજી થયો, સુભદ્રાસતી રે થઈ તત્કાળ.
સત રે૦ ॥૨૮॥ સાસરે પીયર નિર્મલી,થઈ નિર્મલ
રે રાખ્યું જગમાં નામ, નાક રાખ્યું સારા શહેરનું,
ગાળ ઉતારી ગામોગામ. સત રે૦ ॥૨૯॥ સાસુ ને
સસરો ખમાવતાં, ખમાવતાં રે વળી દિયર ને જેઠ,
ભરતાર ભક્તે ખમાવતાં, સારા શહેરની સ્ત્રી તુઝ
પગહેઠ. સત રે૦ ॥૩૦॥ સાસરે સમકિત સર્વને,
સંભલાવ્યો જિનધર્મ વિખ્યાત,શ્રાવક ધર્મમાં સહુ
કર્યાં, મેલ્યાં પૂર્વનાં પાપ માયા મિથ્યાત્વ. સત રે૦
॥૩૧॥ સાસુને વહુ પ્રીતે મળી, મન મૂકયાં રે વળી
ધર્મ મિથ્યાત્વ, સાધુ વેયાવચ્ચ વાતડી, તરણું
તાણ્યું રે ક્રીધી સાસુને વાત. સત રે૦ ॥૩૨॥
શાસન સોહ ચડાવીયો, ગિરુઆ ગચ્છપતિ રે આ-
ણંદવિમલસુરીંદ, તસ પાટે અનુક્રમે હુવા, શ્રી
વિજયદેવ રે વિજયપ્રભ મુણીંદ, સત રે૦ ॥૩૩॥
દેવવિજય પંડિત તણો, કરજોડી રે શિષ્ય કરે અર-
દાસ,સુભદ્રાચરિત્ર વખાણતાં,વીરવિમલને રે વ્હાલો
મુક્તિનો વાસ. સત રે૦ ॥૩૪॥

---

ઉદયરત્નગણી કૃત

## માન ત્યાગની સજ્ઝાય

ચતુર સનેહી ચેતન ચેતીયે રે,મૂકતું માયા જાલ, સુંદર એ તનુશોભા કારમી રે, સરવાલે વિસરાલ૦ ॥૧॥ અકલ અરૂપી અવિગત આતમા રે, શાંતિ સુધારસ ચાખ,એ આંકણી૰વિષયતણે સુરંગે ફૂલડે રે, અટતો મન અલિ રાખ. અકલ૰॥૨॥ સ્વાર્થને વશ સહુ આવી મિલે રે, સ્વાર્થ સુધી પ્રીત, વિણ સ્વાર્થ જગ વ્હાલું કો નહિ રે, એ સંસારની રીત. અકલ૰ ॥૩॥ આદર સમતા મમતા મેલીને રે, ધર જિનધર્મ શું રંગ,ચંચલ વીજતણી પરે જાણીયે રે, કૃત્રિમ સવિ હુ સંગ. અકલ૰॥૪॥ વ્હાલું વૈરી કો નહિ તાહ રે રે,જુઠો રાગ ને રોષ,પંચ દિવસનો તું છે પ્રાહુણો રે, તો શ્યો એવડો શોષ. અકલ૰ ॥૫॥ રાવણ સરિખો જે જે રાજવી રે,લંકા સરિખો કોટ, તે પણ રૂઠે કરમે રોળવ્યો રે, શ્રીરામચંદ્રની ચોટ. અકલ૰ ॥૬॥ જેહ નર મુચ્છે વળ ઘાલતા રે,કરતા મોટામોડ, તેહ ઊઠી શમશાને સંચર્યા રે, કાજ અધૂરાં છોડ. અકલ૰ ॥૭॥ મુંજ સરિખે માંગી ભીખડી રે, રામ રહ્યા વનવાસ, એણે સંસારે એ સુખ સંપદા રે, સંધ્યારાગ વિલાસ. અકલ૰ ॥૮॥

રાજલીલા સંસારની સાહેબી રે, એ યૌવન રંગ-રેલ, ધન સંપદ પણ દીસે કારમી રે, જેહવા જલધિ કલ્લોલ. અકલ૦૧૯૫ કિહાંથી આવ્યો કિહાં જાવું અછે રે, કિયાં તારી ઉતપત્તિ, ભ્રમ ભૂલ્યો તું અથિર પદાર્થે રે, ચતુર વિચારી જો ચિત્ત. અકલ૦ ૧૦ મોહતણે વશેં દુઃખ દીઠાં ઘણાં રે, સંગ ન કર હવે તાસ, ઉદયરત્ન કહે ચતુર તું આતમા રે, ભજ ભગવંત ઉલ્લાસ. અકલ૦ ૧૧

---

## कायामायानी सज्झाय

કાયા માયા દોનુ કારમી, પરદેશી રે, કબહુ અપની ન હોય, મિત્ર પરદેશી રે, ઇનકો ગર્વ ન કીજીયે, પરદેશી રે૦ છીનમેં દેખાવે છેહ, મિત્ર૦ ૧ જેસો રંગ પતંગનો, પરદેશી રે છીનમેં ફીકો હોય. મિત્ર૦ મણી માણેક મોતી હીરલા, પરદેશી રે૦ ત્રાણ શરણ નહીં કોય, મિત્ર૦ ૨ જીસ ઘર હય ગય ઘૂમતા, પરદેશી રે૦ હોતા છત્રીસે રાગ. મિત્ર૦ સો મંદિર સૂનાં પડયાં, પરદેશી રે૦ બેસણ લાગ્યા કાગ, મિત્ર૦ ૩ મણી માણેક મોતી પહેરતી, પરદેશી રે૦ રાજા હરિચંદ્ર ઘરનાર, મિત્ર૦ એકદિન એસા હોઈ ગયા, પરદેશી રે, પરઘરકી પાનીહાર. મિત્ર૦

॥૪॥ હાથે પર્વત તોલતે, પરદેશી રે૦કરતે નરપતિ સેવ. મિત્ર૦ સોળી નર સબ ચલ ગયે, પરદેશી રે૦ તેરી કચા ગીનતી બે અબ. મિત્ર૦ ॥ ૫ ॥ છોડ કે મંદિર માલીયાંપરદેશી રે૦કરલે જિનશું રાગ,મિત્ર૦ વો દીન કયું કર શોચના, પરદેશી રે૦ લગસી ધ્યન તન આગ. મિત્ર૦ ॥૬॥ જૂઠા સબ સંસાર હૈ, પરદેશી રે૦ સુપનાકા સો ખેલ, મિત્ર૦ નગ કહે તાસ સમજકે,પરદેશી રે૦ કરલે જિનસ્યું મેલ.મિત્ર૦॥૭॥

---

## अगियार पडिमानी सज्झाय

સાતમે અંગે ભાખીયોજી રે, જગગુરુ વીરજિણંદ, શ્રાવક તપ પડિમા તણોજી રે, વહેતાં કર્મ નિકંદ,સંવેગી શ્રાવકવહે પડિમા અગિયાર,આણંદ કામદેવની પરે જી રે, પામે ભવનો પાર, સંવેગી૦ ॥ એ આંકણી ॥૧॥ સમકિત પાલે નિર્મલોજી રે; શંકા નાણે રે ચિત્ત, એ પડિમા એક માસનીજી રે; કરે એકાંત રે નિત્ય, સં૦ ॥ ૨ ॥ હોય ઉપવાસે પારણુંજી રે, બારે વ્રત ઉચ્ચાર, એ પડિમા હોય માસનીજી રે, ન લગાડે અતિચાર, સં૦ ॥૩॥ ત્રણ ટંક સામાયિક કરેજી રે, તપસંખ્યા ત્રણ માસ, ત્રણ ઉપવાસે પારણુંજી રે, ત્રણ અંગ ઉલ્લાસ, સં૦

॥૪॥ આઠ પહોર પોસહ કરેજી રે, આઠમ ચઉદસ જાણ,ચાર ઉપવાસે પારણું જી રે,ચાર માસ પરિમાણ, સં૦ ॥ ૫ ॥ બ્રહ્મવ્રત પાલે દિવસનોજી રે, રાતે કરે પરિમાણ, પાંચ ઉપવાસે પારણું જી રે, પંચમી પંચ માસ જાણ, સં૦ ॥ ૬ ॥ બ્રહ્મવ્રત પાલે સર્વથાજી રે, ન કરે સચિત્ત શણગાર, છ ઉપવાસે પારણું જી રે, મોહ તણો પરિહાર, સં૦ ॥ ૭ ॥ સાતમીએ સચિત્ત સહુ તજેજી રે, અશનાદિક આહાર, સાત ઉપવાસે પારણું જી રે, સાત માસ નિરધાર સં૦ ॥૮॥ આઠમી કહી આઠ માસનીજી રે,ન કરે આપ આરંભ, આઠ ઉપવાસે પારણું જી રે, રાખે ચિત્તમાં બંભ, સં૦ ॥૯॥ નવમીએ ન કરે ન કરાવીએજી રે,આરંભની કાંઈ વાત,નવ ઉપવાસે પારણું જી રે, નવ માસ વિખ્યાત, સં૦ ॥૧૦॥ દસમી કહી દસ માસનીજી રે, ઉદ્દિષ્ટ સવિ પરિહાર, ક્ષુરમુંડિત રાખે શિખાજી રે, દશ ઉપવાસે આહાર, સં૦ ॥ ૧૧ ॥ અનુમતિ લીયે પરિવારનીજી રે, વિચરતો મુનિવર જેમ, અગિયાર ઉપવાસે પારણું જી રે, માસ અગિયારે નિયમ, સં૦ ॥ ૧૨ ॥ આઠમ ચઉદસ પૂનમેજી રે, પાખી કાઉસગ્ગ રાત, [1]લાંગ ન વારે ધોતીયેજી રે, નીર ન ધોવે ગાત્ર; સં૦ ॥૧૩॥ પડિમા તપ એણીપરે વહેજી રે,

---

૧ ( કાંછડી )

પંચ વરસ ષટમાસ, શ્રીજિનહર્ષ સોહિલેા લહેજી રે,
વેગે શિવપુર વાસ, સં૦ ॥ ૧૪ ॥

---

## શ્રી રહનેમિ મુનિવરની સજ્ઝાય

કાઉસગ્ગધ્યાને મુનિરહનેમિ નામે,રહ્યા છે ગુફામાં શુભ પરિણામ રે, દેવરીયા મુનિવર ધ્યાનમાં રહેજો, ધ્યાન થકી હેાયે ભવનેા પાર રે, દેવ૦ વરસાદે ભીનાં ચીવર મેાકલાં કરવા,રાજુલ આવ્યા છે તેણે ઠામ રે, દેવ૦ ॥૧॥ રૂપેં રતિ રે વસ્ત્રે વર્જિત બાલા, દેખી ખેાભાણેા તિણે કામ રે. દે૦ દીલડું ખેાભાણું જાણી રાજુલ ભાંખે, રાખેા સ્થિર મન ગુણના ધામ રે, દે૦ ॥૨॥ જાદવકુલમાં જિનજી નેમ નગીના, વમન કરી છે મુજને તેણ રે, દે૦ બંધવ તેહના તુમે શિવાદેવી જાયા,એવડેા પટંતર કારણ કુણ રે,દે૦ ॥૩॥ પરદારા સેવી પ્રાણી નરકમાં જાય, દુર્લભબેાધિ હેાય પ્રાય રે, દે૦ સાધ્વી સાથે ચુકી પાપ જે બાંધે, તેહનેા છુટકારેા કદીય ન થાય રે, દે૦ ॥૪॥ અશુચિકાયા રે મળમૂત્રની કચારી, તમને કેમ લાગે એવડી પ્યારી રે, દે૦ હું રે સંયમી તુમે મહાવ્રતધારી, કામે મહાવ્રત જાશેા હારી રે, દે૦ ॥ ૫ ॥ ભેાગવમ્યા રે મુનિ મનથી ન ઇચ્છે, નાગ અગંધનકુલના જેમ રે

દે૦ ધિક્ કુલ નીચા થઈ નેહથી નિહાલે,ન રહે સંયમ શોભા એમ રે, દે૦ ॥ ૬ ॥ એહવાં રસીલાં રાજુલ વયણ સૂણીને બૂઝયા રહનેમિ પ્રભુજી પાસ રે, દે૦ પાપ આલોઈ ફરી સંયમ લીધું, અનુક્રમે પામ્યા શિવઆવાસ રે, દે૦ ॥ ૭ ॥ ધન્ય ધન્ય જે નર-નારી શીયલને પાળે, સમુદ્ર તર્યા સમ વ્રત છે એહ રે, દે૦ રૂપ કહે રે એહના નામથી હોવે, અમ મન નિર્મલ સુંદર દેહ રે, દે૦ ॥ ૮ ॥

---

## निर्पक्षपुरुष स्वरुप पद

અવધુ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગત સહુ જોઈ, અવધુ૦ આંકણી૦ સમરસ ભાવ ભલા ચિત્ત-જાકે, થાપ ઉથાપ ન હોઈ, અવિનાશી કે ઘરકી બાતાં,જાનેગે નર સોઈ,અવધુ૦॥૧॥ રાવ રંકમેં ભેદ ન જાને,કનક ઉપલ સમ લેખે,નારી નાગણી કો નહિ પરિચય, તો શિવમંદિર દેખે, અવધુ૦ ॥૨॥ નિંદા સ્તુતિ શ્રવણ સુણીને હર્ષ શોક નવિ આણે, તે જગમેં જોગીસર પૂરા,નિત્ય ચઢતે ગુણઠાણે,અવધુ૦ ॥૩॥ ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા, અપ્રમત્ત ભારંડપરે નિત્ય, સુરગિરિ સમ શુચિ ધીરા,અવધુ૦॥૪॥ પંકજ નામ ધરાય પંકથુ,

રહત કમલ જેમ ન્યારા,ચિદાનંદ ઇસ્યા જન ઉત્તમ,
સો સાહેબકા પ્યારા. અવધુ૦૫૫૫

---

## લઘુતા ભાવના પદ

લઘુતા મેરે મન માની,લઈ ગુરુગમજ્ઞાન નિશાની,
॥ આંકણી ॥ મદ અષ્ટ જિનોને ધારે,તે દુર્ગતિ ગયે બિચારે, દેખો જગતમેં પ્રાણી, દુઃખ લહત અધિક અભિમાની, લઘુ૦ ॥૧॥ શશી સૂરજ બડે કહાવે, તે રાહુ કે વશ આવે, તારાગણ લઘુતા ધારી, સ્વ-ર્ભાનુભીતિ નિવારી,લઘુ૦॥૨॥ છોટી અતિ જોયણ-ગંધી, લહે ષટ્રસ સ્વાદ સુગંધી, કરટી મોટાઈ ધારે,તે છાર શિશ નિજ ડારે,લઘુ૦॥૩॥ જબ બાલ-ચંદ હોઈ આવે, તવ સહુ જગ દેખણ ધાવે, પૂનમ દિન બડા કહાવે, તવ સહુ ક્ષીણ કલા હોય જાવે, લઘુ૦॥૪॥ ગુરુવાઇ મનમેં વેદે, નૃપ શ્રવણ નાસિકા છેદે, અંગમાંહે લઘુ કહાવે, તે કારણ ચરણ પૂજાવે, લઘુ૦ ॥૫॥ શિશુ રાજધામમેં જાવે, સખી હિલ-મિલ ગોદ ખિલાવે,હોય બડા જાન નવિ પાવે,જાવે તો શીશ કટાવે,લઘુ૦॥૬॥ અંતર મદ ભાવ વહાવે, તવ ત્રિભુવન નાથ કહાવે, અબ ચિદાનંદ એમ ગાવે, રહણિ કોઇ વિરલા પાવે, લઘુ૦ ॥૭॥ ઇતિ

## માયાની સજ્ઝાય

માયા કારમી રે, માયા મ કરેા ચતુર સુજ્ઞાણ,એ ટેક૦ માયા વાયેા જગત વિલુધેા, દુખિયેા થાય અજ્ઞાણ, જે નર માયાયે મેાહી રહ્યો,તેને સેાણે નહિ સુખ ઠાણ, માયા૦ ॥૧॥ નાના મેાટા નરને માયા, નારીને અધિકેરી, વળી વિશેષે અધિકી માયા, ઘરડાને ઝાઝેરી, માયા૦ ॥૨॥ માયા કામણ માયા મેાહન, માયા જગ ધૂતારી, માયાથી મન સહુનું ચલીયું, લેાભીને બહુ પ્યારી, માયા૦ ॥૩॥ માયા કારણ દેશ દેશાંતર, અટવી વનમાં જાય, જહાજ બેસીને દ્વીપ દ્વીપાંતર,જઈ સાયર ઝપલાય, માયા૦ ॥૪॥ માયા મેલી કરી બહુ ભેલી, લેાભે લક્ષણ જાય,ભયથી ધન ધરતીમાં ઘાલે,ઉપર વિષહર થાય, માયા૦ ॥૫॥ યેાગીજતિ તપસી સંન્યાસી, નગ્ન થઈ પરિવરિયા, ઉંધે મસ્તક અગ્નિ તાપે, માયાથી ન ઉગરીયા, માયા૦ ॥૬॥ શિવભૂતિ સરિખેા સત્યવાદી, સત્ય ઘેાષ કહેવાય, રત્ન દેખી તેનું મન ચલીયું, મરીને દુર્ગતિ જાય, માયા૦ ॥૭॥ લબ્ધિદત્ત માયાયે નડીયેા, પડિયેા સમુદ્ર મેાઝાર, મચ્છ માખણીયેા થઇને મરિયેા,પેાતેા નરક મઝાર,માયા૦ ॥૮॥ મન વચન કાયાએ માયા, મૂકી વનમાં જાય, ધન ધન તે મુનીશ્વર રાયા, દેવ ગાંધર્વ જસ ગાય,

માયા૦ ાલા ઇંદ્રે તો સિંહાસન થાપી શંભુયેં માયા રાખી, નેમીશ્વર તો માયા મૂકી, મુક્તિમાં થયા સાખી, માયા૦ ાા૧૦ાએહવું જાણીને ભવિ પ્રાણી, માયા મૂકો અલગી,સમયસુંદર કહે સાર છે જગમાં, ધર્મરંગશું વળગી, માયા૦ ાા૧૧ાા

---

## શ્રી ગૌતમસ્વામીની સજ્ઝાય

શ્રી ગૌતમ સ્વામી પુછા કરે, વિનય કરી શીશ નમાય હો પ્રભુજી, અવિચલ સ્થાનક મેં સુણ્યું, કૃપા કરી મુજ બતાય હો પ્રભુજી, શિવપુર નગર સોહામણું. ાા૧ાા એ આંકણી ાા અષ્ટકર્મ અલગાં કરી, સાર્યાં આતમ કામ હો પ્રભુજી, છૂટ્યા સંસારના દુઃખ થકી, તેને રહેવાનું કિહાં ઠામ હો, પ્ર૦ શિ૦ ાા૨ાા વીર કહે ઉર્ધ્વલોકમાં, સિદ્ધશિલાતણું ઠામ હો ગૌતમ,સ્વર્ગ છવીસની ઉપરે,તેહનાં બારે નામ હો ગૌ૦શિ૦ાા૩ાાા લાખ પીસતાલીશ યોજના, લાંબી પહોળી જાણ હો,ગૌ૦આઠયોજન જાડી વિચે, છેડે માખી પાંખ જ્યું જાણ હો ગૌ૦ શિ૦ ાા૪ાા ઉજ્વલહાર મોતીતણા, ગોદુગ્ધ શંખ વખાણ હો ગૌ૦ તે થકી ઉજળી અતિ ઘણી,ઉલટ છત્ર સંઠાણ હો, ગૌ૦ શિ૦ ાા૫ાા અર્જુન સ્વર્ણ સમ દીપતી, ગઠારીમઠારી જાણહો,ગૌ૦સ્ફટિક રતન થકીનિર્મલી,

સુંવાળી અંત્યત વખાણ હો, ગૌ૦ શિ૦ ॥૬॥ સિદ્ધશિલા ઉલંઘી ગયા, અધર રહ્યા સિદ્ધરાજ હો, ગૌ૦ અલોકશું ભાઈ અડ્યા, સાર્યાં આતમ કાજ હો, ગૌ૦ શિ૦ ॥૭॥ જન્મ નહિ મરણ નહિ, નહિ જરા નહિ રોગ હો, ગૌ૦ વૈરી નહિ મિત્ર નહિ, નહિ સંજોગ વિજોગ હો, ગૌ૦ શિ૦ ॥૮॥ ભૂખ નહિ તૃષા નહિ, નહિ હર્ષ નહિ શોક હો, ગૌ૦ કર્મ નહિ કાયા નહિ, નહિ વિષયારસયોગ હો,ગૌ૦શિ૦ ॥૯॥ શબ્દરૂપરસગંધ નહિ, નહિ ફરસ નહિ વેદ હો, ગૌ૦ બોલે નહિ ચાલે નહિ,મૌનપણું નહિ ખેદ હો, ગૌ૦ શિ૦ ॥૧૦॥ ગામનગર તિહાં કોઈ નહિ, નહિ વસ્તિ ન ઉજાડ હો, ગૌ૦ કાલ સુકાલ વર્તે નહિ, રાતદિવસ તિથિવાર હો, ગૌ૦ શિ૦ ॥૧૧॥ રાજા નહિ પ્રજા નહિ,નહિ ઠાકુર નહિ દાસ હો,ગૌ૦ મુક્તિમાં ગુરુ ચેલો નહિ, નહિ લઘુ વડાઈ તાસ હો, ગૌ૦ શિ૦ ॥૧૨॥ અનંતા સુખમાં ઝીલી રહ્યા, અરૂપી જ્યોત પ્રકાશ હો ગૌ૦ સહુ કોઈને સુખ સારિખાં, સઘલાને અવિચળ વાસ હો, ગૌ૦શિ૦॥૧૩॥ અનંતા સિદ્ધ મુગતેં ગયા, વલી અનંતા જાય હો. ગૌ૦ અવર જગ્યા રૂંધે નહિ,જ્યોતમાં જ્યોત સમાય હો ગૌ૦ શિ૦ ॥૧૪॥ કેવળજ્ઞાન સહિત છે કેવળદર્શન ખાસ હો, ગૌ૦ ક્ષાયક સમકિત દીપતું, કદીય

ન હોવે ઉદાસ હો ગૌ૦ શિ૦॥૧૫॥ સિદ્ધ સ્વરૂપ જે ઓલખે, આણી મન વૈરાગ હો ગૌ૦શિવસુંદરી વેગે વરે, નય કહે સુખ અથાગ હો ગૌ૦ શિવ૦ ॥૧૬॥

---

## શીલની સજ્ઝાય

શ્રી જિનવાણી હો ભવિયણ ચિત્ત ધરો, છંડો વિષય વિરૂપ, ચતુર નર, નારી દેખી હો નયણ ન જોડીયે, નવી પડીયે ભવ કૂપ, ચતુરનર, શ્રી જિન૦ ॥૧॥સજ્જન સ્નેહી હો શીયલથી સુખ લહે;આતમ નિર્મલ થાય, ચ૦ વ્રત સકલમાં જે શિરોમણી,જસ સુરનર ગુણ ગાએ, ચતુર૦ શ્રી જિન૦ ॥૨॥ ચક્ષુ કુશીલે હો જે સુખ માણતા, વિણસાડે નિજકાજ, ચતુરનર,કાચને કટકે હોરત્ન ચિંતામણી,હારે નિજ કુલ-લાજ ચતુર૦ શ્રી૦ ॥૩॥ રૂપને જોવે હો રાગ વધે સહી, વિષય વધે મનકાય ચ૦ મનને પાપે હો મચ્છ તંદુલીયો,જુઓ મરી સાતમીએ જાય,ચતુર૦ શ્રી૦ ॥૪॥ ધિગ્ધિગ્ સરસવ સુખને કારણે, દુઃખ લહે મેરુ સમાન ચતુર૦ અણભોગવતા હો ભવ સાયર ફરે, કરતા યુવતિનું ધ્યાન ચતુર૦શ્રી૦ ॥૫॥ રાજા રૂપી હો નયણ કુશીલથી,લક્ષ્મણા મનને રે પાપ ચતુર૦ કાયાને જોગે હો સત્યકી પ્રમુખ બહુ,પામ્યા

ભવદવતાપ ચતુર૦ શ્રી૦ ॥૬॥ સંયમ પાલ્યું હો સહસ વરસ લગે,રાજઋષિ કુંડરિક,ચ૦ઉત્તરાધ્યયને હો ભોગને ચાખતા, પામ્યા નરકની ભીક, ચતુર૦ શ્રી૦ાાજ્ઞા સામગ્રી જોગે હો જે નથી જગતા,લહેશે ભવની રે વાટ,ચતુર૦ભાંગ્યો ઘાટ તે મિલવો દોહિલો, કામનું મુખડું રે દાટ, ચતુર૦ ॥૮॥ દીપક પકડી હો જે કૂપે પડે, હરખે જે વિષ ખાય, ચતુર૦અગ્નિ મૂકે હો નિજ આવાસમાં,તસકુણ વારવા જાય, ચ૦શ્રી૦ ॥૯॥ દેહ અશુચિ હો મલ મૂત્રે ભરી,નરકની દીવી રે નાર, ચતુર૦ એહવું જાણી હો નવવિધ પાલજો, પામશો ભવનો રે પાર,ચતુર૦॥૧૦॥ શીલ થકી જિન ઉત્તમ પદ લહે, રૂપકળા ગુણજ્ઞાન, ચતુર૦ કીર્તિ-કમલા હો ઇહિભવ પરભવે,જીવ લહે બહુમાન, ચ-*તુર૦શ્રી૦જિનવાણી હો ભવિયણ ચિત્ત ધરો૦॥૧૧॥*

---

## विजय शेठनी सज्झाय

શુકલપક્ષ વિજયા વ્રત લીનો, શેઠ કૃષ્ણપખરો જાની, ધનધન શ્રાવક પુણ્ય પ્રભાવક, વિજય શેઠ ને શેઠાણી;સજી શિણગાર ચઢી પિય મંદિર, હૈયે હર્ષ ઓર હુલસાણી,ત્રણ દિવસ મુજ વ્રત તણા તે, શેઠ બોલે મધુરી વાણી, ધ૦ ॥૨॥ વચન સુણીને તો

નીર ઢલિયાં, વદન કમલથેં બીલકાણી, પ્રેમ ધરી પદમણીને પૂછે, થેંકેમ થાયે વિલખાણી. ધ૦ ॥૩॥ શુકલપક્ષ વ્રત ગુરુમુખ લીનો, થેંપરણેા દુજી નારી, દુજી નાર મારે બેન બરાબર, ધન ધીરજ થારી હે રાણી, ધ૦ ॥૪॥ હૈયે હાર શણગાર સજી સબ,શ્યામ ઘટા હિય હુલસાની, વર્ષાકાલ અતિ ઘણેા ગરજે, ચિહું ધારા હેા વરસે પાણી,ધ૦ ॥૫॥ એક સજ્ય ને દેાનું પ્રબલ, તેાપણ મન રાખા હુલસાની, ષટરસ-માસ દુવાદસવત્સર, સરસ સમજ હિય હુલસાની ધ૦ ॥૬॥ મનવચ કાયા અખંડિત નિર્મલ, શિલ-પાલી સચેા જાણી, વિમલ કેવલી કરી પ્રશંસા, એ દેાનું ઉત્તમ પ્રાણી, ધન૦ ॥૭॥ પ્રગટ હુવા સંયમ વ્રત લીનેા, મેાહ કર્મ કીયા ધૂલધાણી, રતનચંદ કરજોડી વિનવે, કેવલ લહિ ગયા નિર્વાણિ, ધ૦॥૮॥

---

## चौद पूर्वनी सज्झाय

ગણધર દશ પૂર્વધર સુંદર,ચૌદ પૂર્વધર ભક્તિ કરીજે, જેમ શ્રુતજ્ઞાન લહીજે રે,ચૌદપૂર્વ તપ વિધિ આરાધી, માનવભવ ફળ લીજે રે,ચૌ૦॥૧॥ પ્રથમ પૂર્વ ઉતપાદજ નામે,વસ્તુ ચૌદ તસ જાણેા રે,એક કેાડી પદ એક ગજ મસીમાને; લીખનતણું પરિમા-

ણેા રે, ચૌ૦ ॥૨॥ અગ્રાયણી પૂર્વ છે બીજું, વસ્તુ છવીશ છે જેહની રે, છનું લાખ પદ બે ગજમાને, લીખન શક્તિ કહી તેહની રે, ચૌ૦ ॥૩॥ વીર્ય પ્રવાદ નામે છે ત્રીજું, વસ્તુ સોળ અધિકારેા રે, સત્યેાતેર લાખ પદ ગજ ચૌમાને,લીખવાને ઉપચાર રે, ચૌ૦ ॥૪॥ અસ્તિપ્રવાદ જે ચેાથું પૂર્વ, વસ્તુ અઠાવીશ કહીયે રે, સાતલાખ પદ અડગજ માને, મસીપુંજે લિપિ લઇયે રે, ચૌ૦ ॥૫॥ જ્ઞાનપ્રવાદ પંચમ પૂર્વ, વસ્તુ બાર સુવિચારી રે, એકેાણે એક કેાડી પદ છે તેહનાં, સેાળ ગજ લિપિ થાય રે, ચૌ૦ ॥૬॥ સત્યપ્રવાદ છઠું પૂર્વ સણસઠ, આધિકા પદે એક કેાડી રે,બે વસ્તુ ગજ બત્રીસ માને, લીખવાને મસી જુદી રે, ચૌ૦॥૭॥ આત્મપ્રવાદ સતમ સેાળ વસ્તુક, કેાડી છવીસ પદવારૂ રે, ચેાસઠી ગજમસી માને લખીયે, એ ઉપમાન સંભારેા રે, ચૌ૦ ॥૮॥ આઠમું કર્મપ્રવાદ પૂર્વ, ત્રીસ વસ્તુ અધિકારેા રે, એંસી સહસ એક કેાડી પદ ગજ વળી, એકસેા અઠાવીશ ધારેા રે, ચૌ૦ ॥૯॥ પ્રત્યાખ્યાનપ્રવાદ છે નવમું, વીશવસ્તુ પદ જેહનાં રે, લાખચેારાસી ગજ બસેંછપન,લિખિત માન કહ્યું છે તેહનું રે,ચૌ૦ ॥૧૦॥ વિદ્યાપ્રવાદ પૂર્વ છે દશમું,પંદર વસ્તુ તસ

જાણિયે રે,એક કોડી દસ લાખ પદ છે તેહનાં,પાંચસે-બાર સવિ ગણીયે રે, ચૌ૦॥૧૧॥એકાદસમું કલ્યા-ણ નામે, કોડી છવીસપદ સુધારે, બાર વસ્તુ એક સહસ ચોવીસ ગજ,લિપી અનુમાન પ્રસિધા રે,ચૌ૦ ॥૧૨॥ પ્રાણાવાય બારમું પૂર્વ,તેર વસ્તુ સુખકારી રે, છપનલાખ એક કોડીપદ ગજ વળી, બે સહસ અડતાલી સાર રે, ચૌ૦ ॥૧૩॥ ક્રિયાવિશાલ તેરમું પૂર્વ, નવકોડી પદ વસ્તુ ત્રીસ રે,ચાર સહસ છનું-ગજ માને, લિખવા અધિક જગદીશ રે,ચૌ૦॥૧૪॥ લોકબિંદુસાર ચૌદમું પૂર્વ, પદકોડી સાડીબાર રે, વસ્તુ પચવીસ ગજએકશત બાણું, અધિકા આઠ હજાર રે,ચૌ૦॥૧૫॥ ધુરીયાં રે પૂર્વ છે ચુલ,અવરને તેહ ન જાણે રે, દૃષ્ટિવાદનો ભેદ એ ચોથો, શાસન-ભાવ વખાણે રે, ચૌ૦॥૧૬॥ એણીપરે ચૌદપૂર્વની સેવા, કરતાં આતમદીપે રે,શ્રીનયવિમલ કહે નીજ એ, તો સવિ અરિયણજીપે રે, ચૌદપૂર્વધર ભક્તિ કરીજે ॥૧૭॥

---

## मधुबिंदुनी सज्झाय

મધુબિંદુ સમો સંસાર,મુંઝાણા માલતા,સંસારે સુખી અણગાર જિનેશ્વર, બોલતા૦ ॥૧॥ સંજમ-

માંહે શૂર, કાયરપણું પરિહરી, જીતે મોહની કર્મ વહેલી લહે શિવપુરી૦ ॥૨॥ શિવપુરી કેરાં સુખ, અનંત વર્ગે કરે, ચારનિકાય દેવસુખ, ત્રણ કાલનાં ભેળાં કરે૦ ॥૩॥ આસનસિદ્ધિયા જીવ, જગતમાંહે જાણીયા, વિષય વિકારથી દૂર, બ્રહ્મપિંડમાંહી વખાણીયા૦ ॥૪॥ એહવું જાણી પ્રાણી, જે બ્રહ્મ વ્રત પાલશે, શિવરમણી કેરાં સુખ, જીત કહે તે પામશે૦ ॥૫॥ ઇતિ ॥

---

## पंचगतिनी सज्झाय

આરંભ કરતો રે જીવ શંકે નહિ, ધન મેલણ તૃષ્ણા અપારો જી,ઘાત કરે પંચેંદ્રિ જીવની,વળી કરે મધ માંસનો આહારો જી,એ ચાર પ્રકારે રે જીવજાયે નારકી. ॥૧॥ કુડકપટ ને ગુઢ માયા કરે,વળી બોલે મૃષાવાદજી, કુડાં તોલાં ને કુડાં રાખે માપલાં, એ તિર્યંચગતિનો ઉપાયજી, એ ચાર પ્રકારે રે જીવ જાય તિર્યંચમાં. ॥૨॥ ભદ્રિક પરિણામે રે સરલ સ્વભાવથી, વળી વિનયતણા ગુણ ગાયજી, દયા ભાવ રે રાખે દીલમાં,એ મનુષ્ય ગતિનો ઉપાયજી, એ ચાર પ્રકારે રે જીવ જાય મનુષ્યમાં. ॥૩॥ સરાગપણાથી રે પાળે સાધુપણું,વળી શ્રાવકનાં વ્રત બાર

જી, અજ્ઞાન કષ્ટ ને અકામ નિર્જરા, તીણ શું સુર અવતારો જી રે,એ ચાર પ્રકારે રે જીવ થાય દેવતા, ॥૪॥ જ્ઞાનથી જાણે રે જીવ અજીવને, શ્રદ્ધા સમકિત થાય જી, ચારિત્રથી રોકે નવાં કર્મ આવતાં, તપથી પૂર્વલાં કર્મ ખપાય જી, એ ચાર પ્રકારે રે જીવ જાય મોક્ષમાં. ॥૫॥

---

પ્રમોદવિજયજી કૃત

## મધુબિંદુ દૃષ્ટાંત સ્વાધ્યાય

સરસ્વતી મુઝ રે, માતા દ્યો વરદાન રે, પૂછે ગૌતમ રે, ભાંખે શ્રી વર્ધમાન રે, છંડો ગિરૂઆ રે, વિરૂઆ વિષયનું ધ્યાન રે,વિષયારસ રે છે મધુબિંદુ સમાન રે. ॥૧॥ ત્રુટક૦ મધુબિંદુ સરિખો વિષય નિરખો, જોઈ પરખો ચિત્તશું, નર-જન્મ હાર્યો મોહ ગાર્યો, પિંડ ભાર્યો પાપશું, કાંતાર પડિયો નાગ નડીયો, કોઈ દેવાણુપ્પિયો, વડવૃક્ષ જડિયો વેગે ચડિયો, રંક રડિયો છપ્પિયો. ॥૨॥ વડ હેઠલ રે, કૂપ અછે અસરાલ રે,દોય અજગર રે,મગર જિસ્યા વિકરાલ રે, ચિહું પાસે રે,ચાર ભુજંગમ કાલ રે, વળી ઉપર રે, મોટો છે મહુયાલ રે. ॥૩॥ ત્રુટક૦

મહુયાલમાખી, રગત ચાખી, ચંચુ રાખીને રહી, ધંધોલતો ગજરાજ ધાયો, પડત વડવાઈ ગ્રહી,વડવાઈ કાપે ઊંદર આપે,તાપ સંતાપે ગ્રહ્યો,મધુથકી ગલિયો બિંદુ ઢળીયો, તેણે સુખલીણો રહ્યો. ॥૪॥ એહ સંકટ રે, છોડણ દેવ દયાલ રે, દુઃખ હરવા રે, વિદ્યાધર તત્કાલ રે, ઉધરવા રે,ધરિયું તાસ વિમાન રે, એ આવે રે, મધુબિંદુ કરે શાન રે.॥૫॥ ત્રુટક૦ મધુબિંદુ ચાખે વચન ભાખે, કરે લાલચ લખ વળી, વારવાર રાખે સાન પાખે,રહો ક્ષણ એક પર વલી, તસ ખેચરમેલીયો વેગ વલીયો, રંકરૂલીયો તે નરૂ, મધુબિંદુ ચાટે વિષય સાટે, કહ્યો ઉપનય જગગુરુ. ॥૬॥ ચોરાસી લખ રે,ગતિવાસી કાંતાર રે, મિથ્યામતિ રે, ભૂલો ભમે સંસાર રે,જરા મરણા રે,અવતરણા એ કૂપ રે, આઠ ખાણી રે, પાણી પગઈ સરૂપ રે. ॥૭॥ ત્રુટક૦આઠ કર્મખાણી દોય જાણી, તિરિય નિરયા અજગરા,ચાર કષાયા મોહ માયા,લંબકાયા વિષહરા,દોયપક્ષ ઊંદર મરણ ગયવર,આયુ વડવાઈ વટા, [૧]ચટકાવિયોગા રોગશોગા,ભોગયોગા સામટા. ॥૮॥ વિદ્યાધર રે, સહગુરુ કરે સંભાલ રે, તેણે ધરિયું રે,ધર્મ વિમાન વિશાલ રે,વિષયારસ રે,મીઠો જેમ મહુયાલ રે, પડખાવે રે, બાલ યૌવન વયકાલ

૧ મધમાખીના ચટકા રૂપી કુટુંબનો વિયોગ આદિ.

રે. ॥૯॥ ત્રુટક૦ રહ્યો બાલ યૌવનકાલ તરુણી,ચિત્ત હરણી નિરખતો, ઘરભાર યુત્તો પંકખુત્તો, મદવિ-ગુત્તો પોષતો,આનંદ આણી જિનવાણી,ચિત્ત જાણી જાગીએ, ચરણ પ્રમોદ સુશિષ્ય જંપે, અચલ સુખ એમ માગીએ. ॥ ૧૦ ॥ ઇતિ સંપૂર્ણ.

---

## वणजारानो सज्झाय

પરદેશીનો કાંઇ પતીઆરો,ટાંડો લે રે ચલે વિણ-જારો-પરદેશી૦જબલગે બતીઆંને તબલગે હૂતીઆં, તેરે મંદિર ભયો રે ઉજાલો-પરદેશી૦ જલગએ તેલ ને બુઝગએ બતીઆં, તેરે મંદિર ભયો રે અંધારો પરદેશી૦ ટાંડો૦ ॥૧॥ [1]ગુંદગલીકા સાંઠા મીઠા, ગાંઠે ગાંઠે રસ ન્યારો, પરદેશી૦તીર્થ મેલે જે હાટ બનાયા, વિખરતાં નહી વારો. પરદેશી૦ ટાંડો૦ ॥૨॥ તન યૌવન તેરી આથ અથિર હે જેસી સુપનકી માયા, પરદેશી૦ ચક્રવર્તી હરિ બલદેવા, જ્યું આવ્યા ત્યું જાયા–પરદેશી૦ટાંડો૦ ॥૩॥ લાખ ચોરાશી યોનિમેં ભમીયો,દુઃખનો નાવ્યો પારો–પરદેશી૦ અબ ચેતન તેરે જોગ મિલ્યો હે, જિનવર વચન વિચારો–પર દેશી૦ ટાંડો૦ ॥૪॥ કાયા નગરમેં હાક પડી જબ,

---

૧ ગુંદરીજીરના.

હંસે દીએા રે નગારેા૦ પરદેશી૦ સદ્દગુરુ કેરી શીખ સુણીને, આતમકાર્ય સુધારેા–પરદેશી૦ ટાંડેા લે રે ચલે વિણઝારેા, પરદેશી૦ ॥ ૫ ॥ ઈતિ.

---

## દીવાળીની સજ્ઝાય

વાંદી વીર જિનેશ્વર પાય, ગુરુ ગેાયમ ગણધર રાય, તસ નિર્વાણ અને વલી નાણ, તે આરાધેા શ્રાવક જાણ.॥૧॥ મુકતે પહુતા વીર જિણંદ,ઓછવ કરે સુરાસુરવૃંદ, કલ્યાણિક દિન ભણીએ એહ, તપે કરી આરાધેા તેહ. ॥૨॥ શ્રાવક મળીયા રાય અઢાર, આરાધે પેાસહ આચાર, સેાલ પહેાર સાંભલે વખાણ, છાંડે રંગ ભેાગ તે જાણ. ॥૩॥ જીણ રાતે જિન મુક્તિ ગયા, અણુદ્ધરી કુંથુવા બહુ થયા, તિણ કારણે ગિરૂયા ઋષિરાય,અણસણ લઈને સાર્યાં કાજ. ॥૪॥ જિનવર સાધુ સાધ્વીતણેા, પડયેા વિયેાગ તે કારણ ઘણેા, તેહ દિવસ આવે જીણવાર, કહેા કિમ થાયે હરખ અપાર. ॥૫॥ તેણે કારણ કીજે તપ ઘણેા, સંભારીને કુલ આપણેા, પૂજા કરીએ ધરીએ ધ્યાન, રાગભેાગ પરહરીએ પાન. ॥ ૬ ॥ કેાઈક જીવ અજ્ઞાની જાણ, હરખ ધરે પાપને ઠાણ, માંડે મૂલથકી આરંભ, ખાવાપીવાનેા પ્રારંભ.॥૭॥

ગહું પલાળી વણાવે સેવ, દીવાળી આવે છે હેવ,
કરી લાડુ ને સાંકલી, ઇંદ્રિયરસ વાહયો હલફલી.॥૮॥
રાતે મસલે માટી છાણ, જગનાથની ભાંજે આણ,
ખાંડે દલે નવિ જયણા કરે, ખાટકીશાલા પાંચે વાવરે. ॥ ૯ ॥ ચૌમાસામાંહિ બહુલા જીવ, નીલ-
ફૂલ કુંથુવા અતીવ, કંસારી ફ્રીડી કરોળિયા, રાતે અંધારે રોલીયા. ॥૧૦॥ નાઠી સાન વાશીયો કરે,
સામાયિક પોસહ પરિહરે, પાનફલ સાડી શણગાર, અધિકેરા તે કરે ગમાર. ॥૧૧॥ ધન તેરસના ભણી
ઉલ્લાસ, જીવ હણીને બાંધે પાસ, સેવ લાડુવા હરખે જમે, શીલ ન પાલે જુવટે રમે. ॥ ૧૨ ॥ ઘર લીંપે
કાઢે સાથિયા,તાવીતળે જીકે આથીયા,પર્વતણી નવિ લાભે સાર, ચઉદસ અમાવાસે ધર્મ સંભાર. ॥૧૩॥
વલી જુવો અધિકેરો પાપ, ફલ ફૂલને કરે સંતાપ, ભાજી દાલ કરે તે ગેલ, અગ્નિ પ્રજ્વલી માગે તેલ.
॥૧૪॥ ઘરઘર દીવા લીધે ફરે,બહુલા જીવ તેહ માંહી મરે,મેરાઇયાનું મોઢે નામ, ઘરઘર ફરતો કરે પ્રણામ.
॥૧૫॥ પાખી પડિક્કમણાનો કાલ,તે વિસારે મૂર્ખ ને બાલ, મુખે કહાવે શ્રાવક નામ, નવિ જાણે શાસન દુર્લભ ઠામ. ॥ ૧૬ ॥ જલઝલ દીવા પછિમ રાતી,
કાઢે અલછી જીમે પ્રભાત, ચઉલા કુર વિના નવી

જમે, દેખો લોક અજ્ઞાને ભમે.॥૧૭॥ ગૌતમસ્વામી પામ્યા જ્ઞાન, નેહતણો તજીને નામ, જુહાર ભટારાં કરતો ફીરે, સાંઝે સજ્જન ભણી સંચરે. ॥ ૧૮ ॥ પહેરે ઓઢે બહુ શણગાર, કામભોગ પૂર્યો પરિવાર, હાંસી બાજી કરે ટંકોલ, બાંધે કર્મ જાઈદ્રિહ બોલ. ॥૧૯॥ પછી વલી કરે ભાખીજ, ખાતાં પીતાં આવે રીજ, મૂલ મંત્ર ઘણાં સાધે જેહ, ધર્મ ન આરાધે પ્રાણી તેહ. ॥૨૦॥ દીવાળીનું કલ્પી નામ, સગાં-શણિઆં જમાડે તામ, અન્નકેવલી કરે આહાર, જે જે લોકતણો વ્યવહાર. ॥૨૧॥ આવ્યો ધર્મદિન એહ, પાપે કરી વિરાધે તેહ, કર્મનિકા ચિત્ત બાંધે બાલ, એણીપરે ફલે અનંતો કાલ. ॥૨૨॥ જેહને મુક્તિ અછે ઢુકડી, તેહની મતિ સંવરમાં ચડી, સંસારી સુખદુઃખ સ્વરૂપ, અહનિશ ભાવે આતમ-ભૂપ. ॥૨૩॥ દોહિલો દીસે નરભવ જેહ, તેહ માંહી દુર્લભ જિનધર્મ તેહ, જિનવાણી દુર્લભ તે સુણે, મિથ્યામતિને દુર્લભ હણે. ॥૨૪॥ તપગચ્છગયણ-વિભાશણભાણ, શ્રીહીરવિજયસૂરિ જાણ, વાચક ભાનુચંદ્રનો શીશ, દેવચંદ્ર પ્રણમે નિશદીશ. ॥ ૨૫ ॥

---

# શ્રી સ્થુલિભદ્રની સજ્ઝાય

એક દિન કોસા ચિત્ત અંગે, બેઠી છે મનને ઉમંગે, ચાર પાંચ સાહેલી સંગે રે, સ્થુલભદ્ર મુનિ ઘરે આવે,આવે આવે લાછલદેનો નંદ રે,સ્થુલ૦॥૧॥ મારે આજ મોતીડે મેહ વુઠ્યા, દેવ દેવી સર્વે મુજ તુઠ્યા, મેં તો જીવન નયણે દીઠા રે, સ્થુલ૦ ॥૨॥ આવી ઉતર્યા ચિત્રશાલી,રૂડી રતને જડી રઢિયાળી, માંહે મગીયા મોતીની જાલી રે, સ્થુલ૦ ॥૩॥ પકવાન જમ્યા બહુ ભાત, ઉપર ચોસઠ શાકની જાત, તોયે ન ધરી વિષયની વાત રે, સ્થુલ૦ ॥૪॥ કોશા સજતી સોલ શણગાર, કાજલ કુંકુમ ને ગલે હાર, અણવટ અંગુઠી વિંછીયા સાર રે. સ્થુલ૦ ॥૫॥ દ્વાદશ ધપમપ માદલ વાજે, ભેરીભુંગલ વેણા ગાજે, એમ રૂપે અપ્સરા બિરાજે રે, સ્થુલ૦ ॥૬॥ કોશાએ વાત વિષયની વખાણી,સ્થુલભદ્રે હૃદય નવિ આણી, હું તો પરણ્યો સંયમ પટરાણી રે, સ્થુલ૦ ॥૭॥ એહવા બહુવિધ નાટક કરીયા,સ્થુલભદ્રે હૃદય નવિ ધરિયા, સાધુ સમતા રસના દરિયા રે, સ્થુલ૦ ॥૮॥ સુખ એણે જીવે અનુભવ્યો, કાલ અનંતો એમ ગમ્યો, તો એ તૃપ્તિ જીવ ન પામ્યો રે, સ્થુલ૦ ॥૯॥ વેશ્યાને પ્રીધી સમકિત ધારી,વિષયરસ સુખને

નિવારી, એહવા સાધુને જાઉં બલિહારી રે, સ્થુલ૦ ॥૧૦॥ એહવે પૂરું થયું ચોમાસું,સ્થુલભદ્ર આવ્યા ગુરુ પાસે, દુઃકર દુઃકર વ્રત ઉલ્લાસે રે, સ્થુલ૦ ॥૧૧॥ નામ રાખ્યું છે જગમાંહે, ચોરાશી ચોવીશી ત્યાંહે, સાધુ પોતો છે દેવલોક માંહે રે,સ્થુલ૦॥૧૨॥ પંડિતહસ્તિવિજય કવિરાય,એહવા સુગુરુતણે સુપસાય,શિષ્ય ખુશાલવિજય ગુણગાય રે,સ્થુલ૦॥૧૩॥

---

## सीताजीनी सज्झाय.

જલજલતી બલતી ઘણી રે,જ્વાલોજ્વલ અપાર રે સુજાણ સીતા,જાણે કિંશુક ફૂલીઆં રે લાલ,રાતા ખેરઅંગાર રે, સુજાણ સીતા,ધીરજ કરે સીતા સતી રે લાલ. ॥૧॥ શીલતણે પરિમાણ રે સુ૦ રામ લક્ષ્મણ ખડા તિહાં રે લાલ, નિરખે રાણોરાણ રે, સુ૦ધી૦ ॥૨॥ નરનારી મલીઆ ઘણા રે, ઊભા કરે હાયહાય રે સુ૦ભસ્મ હોશે એણે આગમાં રે લાલ, રામ કરે અન્યાય રે, સુ૦ ધી૦ ॥૩॥ સ્નાન કરી નિર્મળ જલે રે, પાવક પાસે આય રે સુ૦ ઊભી જાણે સુરાંગના રે લાલ, ભીમણો રૂપ દેખાય રે સુ૦ ધી૦ ॥૪॥ રાઘવ વિણ વાંછ્યો હુવે રે, સ્વપને હિ નર કોઈ રે,સુજાણ૦તો મુજ અગ્નિ પ્રજ્વાલજ્યો રે

લાલ, નહિ તો પાણી હોય રે સુ૦ ધી૦ ॥૫॥ એમ કહી પેઠી આગમાં રે, તરત અગ્નિ થયું નીર રે સુ૦ જાણે દ્રહ જલસ્યું ભર્યો રે લાલ, ઝીલે ધર્મની ધીર રે સુ૦ ધી૦ ॥૬॥ દેવ કુસુમ વૃષ્ટિ કરે રે,મુખ બોલે જયકાર રે, સુજાણ૦ સીતા ધીજે ઉતરી રે લાલ, સાખ ભરે સંસાર રે સુ૦ ધી૦॥૭॥ રળીયાયત સહુ કો થયા રે,સઘળે હુઓ ઉછરંગ રે સુ૦ રામ લક્ષ્મણ ખુશી થયા રે લાલ, સીતા શીલ સુરંગ રે સુ૦ધી૦ ॥૮॥ શીલતણા ગુણ એહવા રે, અવિચલ શીલ સદાય રે સુ૦કહે જિનહર્ષ સતીતણા રે લાલ, નિત્ય પ્રણમીજે પાય રે સુ૦ ધી૦ ॥૯॥

---

## ઉપદેશની સજ્ઝાય

હાં રે લાલા સિદ્ધસ્વરૂપી આત્મા, પ્રણમી તેહના પાય રે લાલા,નરભવના ગુણ વર્ણવું,ધર્મ સદા સુખદાય રે, લાલા ધર્મ વિના નરભવ ફીસ્યો, વિનય વિના જેમ શિષ્ય રે લાલા, જ્ઞાન વિના ગુરુ ફીસ્યો, ભવ્ય વિના જેમ દીખ રે લાલા, ધર્મ૦ ॥૨॥ હાં રે લાલા ધન વિના ગૃહી શોભે નહીં, પ્રેમ વિના શ્યો સ્નેહ રે લાલા, નીર વિના સરોવર ફીસ્યો, નારી વિના જેમ ગેહ રે લાલા, ધર્મ૦ ॥૩॥ હાં રે લાલા

દુર્ગ વિના પુરવર કીસ્યેા સુલક્ષણ વિના જેમ પુત્ર રે, લાલા, સ્વામી વિના બલ શું કરે, ચારિત્ર વિના જેમ સૂત્ર રે લાલા, ધર્મ૦ ॥ ૪ ॥ હાં રે લાલા રસ વિના ગીતા કારમી,આદર વિના શ્યું દાન રે લાલા, અંકુશ વિના ગજવર કીસ્યેા, હાર્યા પિછે શું માન રે લાલા,ધર્મ૦॥૫॥ હાં રે લાલા પરાક્રમ વિણ જીમ કેસરી, નરભવ જશ વિણું લદ્ધ રે, લાલા, વાજીંત્ર વિના નાટિક કીસ્યું,ઇંદ્રિય દમ્યાવિણ સાધ રે લાલા, ધર્મ૦ ॥૬॥ હાં રે લાલા પ્રેમ કેશ્યેા પરવશપણે, ગુણ હિય વખાણે આપ રે લાલા,પરજન પરરાગી કિશ્યેા, દુર્જનસ્યું શ્યેા મેલાપ રે લાલા, ધર્મ૦ ॥૭॥ હાં રે લાલા ઉપદેશ કિશ્યેા અભવ્યને, બહેરા આગળ ગીત રે લાલા,મૂર્ખ આગળ રસકથા,અંધા આગળ દર્પણ રીત રે લાલા, ધર્મ૦ ॥૮॥ હાં રે લાલા ધર્મ કરેા આણંદથી, આતમને જેમ હિતકાર રે લાલા, મુનિ આણંદના પ્રમેાદથી, લહેા કેવળ મુક્તિ સુખસાર રે લાલા ધર્મ વિના૦ ॥ ૯ ॥ ઇતિ.

---

## ભવદત્ત ભવદેવની સજ્ઝાય

ભવદેવભાઈ ઘરે આવીયા રે, પ્રતિબોધવા મુનિ-રાય રે,હાથમાં દીધું ઘીનું પાતરું રે,ભાઇ મુને આધેરો

વોલાવ રે, નવિ પરણ્યા તે ગોરી નાગીલા રે.॥૧॥
એ આંકણી૦॥મ કહી ગુરુજી પાસે આવીયા રે,ગુરુજી
પૂછે દીક્ષાનો કાંઈ ભાવ રે,લાજે નાકારો નવિ કહી
શકયો રે, દીક્ષા લીધી ભોલે ભાવ રે, નવિ૦ ॥૨॥
બાર વરસ સંજમમાં રહ્યો રે, હીયડે ધરતો નાગી-
લાનું ધ્યાન રે,હાહા મૂરખ મેં શું કર્યું રે,નાગીલા
તે જીવનપ્રાણ રે, નવિ૦ ॥૩॥ ચંદ્રમુખી મૃગ-
લોચની રે,વિલવિલતી મેલી ઘરની નાર રે,ભવદત્ત
ભાઇએ મુને ભોલવ્યો રે,હવે કરું તેહની સંભાલ રે,
નવિ૦ ॥૪॥ ભવદેવભાઈ ઘરે આવીયા રે, અણ
ઓલખતી પૂછે ઘરની નાર રે, કેણે રે દીઠી ગોરી
નાગીલા રે, અમે છું વ્રત છોડણહાર રે,નવિ૦॥૫॥
નારી ભણે સુણો સાધુજી રે, તુમે છો જ્ઞાનભંડાર
રે, હસ્તી ચડીને ખર કોણ ચડે રે, વમ્યો ન લીએ
કોઈ આહાર રે,નવિ૦॥૬॥ નાગીલાએ નાહ સમજા-
વિયો રે,વલી લીધો સંજમભાર રે,ભવદેવ દેવલોકે
ગયો રે, સમયસુંદર સુખકાર રે, નવિ પરણ્યા તે
ગોરી નાગીલા રે. ॥૭॥ ઇતિ સંપૂર્ણ

---

મેરુવિજયજી કૃત

# नववाडोनी सज्झाय

## ઢાળ પહેલી

રાગ આશાવરી

*નમો રે નમો શ્રી શત્રુંજાગિરિવર—એ દેશી*

સારદમાત મયા મુજ કીજે,દીજે અવિરલ વાણી રે, નવવિધિ વાડ કહું સંક્ષેપે, ગુણમણિ રયણાંની ખાણી રે, ॥૧॥ પહેલી વાડ વસતિની જાણો,ભાખે શ્રીજિનવીર રે,શીલ જતન કરવાને કાજે,તે સુણજો સહુ ધીર રે,પ. ॥૨॥ જે વસતેં નારીજન હોયે,પશુ અને વલી પંડ રે, તેહ ઘરે રહેતાં બ્રહ્મચારીનું, ન રહે શીલ અખંડ રે, પ. ॥૩॥ જિમ માંજર થકી મુષક વલી, સિંહ થકી શિયાલ રે,જિમ વળી કાળ દીયંતા વાનર, બીહે તિમ વ્રતપાળ રે, પ. ॥૪॥ ચોથા વ્રતનો જો પખ વંછે, તો નારી ન ધરજે મન્ન રે, પહેલા મોહ લગાડી આપણો, હરસ્યે શીલ રતન્ન રે, પ. ॥૫॥

## ઢાળ બીજી

રાગ ગોડી

બીજી વાડ કથા તણી, તે સુણજો નરનાર, સ્ત્રી સ્યું વિકથા જે કરે, તે નર સાર ગમાર રે, ॥૬॥ શીલ સુપાલિયે, શીલે શિવસુખ હોય રે,પાપ પખાલિયે, ॥એ ટેક॥ વાત વિવિધ પરે કેળવી, મ કરો નારી સ્યું જાણુ,સરાગવચન નવિ બોલીયે,વાડતણી હોયે હાણ રે,શી૦॥૭॥ નાલિકેર ચોખો મીલે,ચોખો સંચલખાર, સંચલ વિણસે નીરથી, તિમ વિણસે બ્રહ્મચારી રે,શી૦॥૮॥ શ્વાન હડકવા પાવસે,કુપથ્યે રોગ વિકાર, પ્રગટે તિમ સ્ત્રી વાતથી, ભાવે વાડ વિચારો રે, શી૦ ॥૯॥

---

## ઢાળ ત્રીજી

રાગ રામગિરી

ત્રીજી વાડ હવે સાંભલો, આસનની કહું તેહ રે, જે આસન બેઠી કામની, નવિ બેસે મુનિ જેહ રે, શીલવંત છાંડે તે છેહ રે. ત્રી૦ ॥૧૦॥ જિમ કોઈ નિર્ધન વાણિયો, રળે ખપે દિનરાતિ રે, રૂંએ માત્ર તે નવિ લહે, ધન કંચન કેહી વાત રે, ઈમ જોગવે નિજ જાતિ રે, ત્રી૦ ॥૧૧॥ પરવ દિવસ કોઈ

આવીએા, કરેં સહુજન પકવાન રે, તે નિર્ધનનાં બાળક રૂએ, આપણ કરીએ પકવાન રે, કિહાંથી કાઢે તે ધાન રે, ત્રી૦ ॥૧૨॥ બાળકના આગ્રહ થકી, લાવે ગેાધુમ ધાન રે, પડસુલી કરી તેહની, લાવે શાક અસાન રે, કેાહલા કેરૂં તે માન રે, ત્રી૦ ॥૧૩॥ કેાહલું શાક તે કેલવી, મૂકયું કણકને પાસી રે, વાક ગયેા સવી તેહનેા, તે રહિયેા વદન વિકાસી રે, ત્રી૦ ॥૧૪॥ તીમ સ્ત્રીઆસન બેસતાં, વાડ શિયલ તસ જાણ રે, ઘટિકા દેાય છાંડે તેહની, સ્ત્રી ત્રણ પ્રહર પ્રમાણ રે, તજે પુરુષાસન ઠાણ રે, ભાખે ત્રિભુવન ભાણ રે, મેરુ કરે ગુણગાન રે, ત્રી૦॥૧૫॥

---

## ઢાળ ચેાથી

ભલે રે પધાર્યા તુમે સાધુજી રે—એ દેશી

નારી અંગ ન જેાઈએ રે, લાગે બહુલેા રાગ રે, શીલવંતની વાડનેા રે, તિહાંથી થાયે ત્યાગ રે.॥૧॥ વીરજિણેસર ઈમ કહે રે, તુમેં રાગદૃષ્ટિ નિવારી રે, શ્રીજિનપ્રવચન જેાઈને રે, સુપુરુષ આતમ તાર રે, નારી૦ ॥૧૭॥ જિમ કેાઈ અંધપુરુષ હતેા રે, મિલિયેા વૈદ્ય સુજાણ રે, તે કહે ઔષધ તુઝ કરું રે,

જો માને માહરી આણ રે, નારી૦ ॥૧૮॥ ઔષધ જોગ સાજો કર્યો રે, તું સૂરજ સામું ન જોય રે, તે કેતે દિન વિસર્યું રે, રવિ જોઈ અંધ તે હોયે રે, નારી૦ ॥૧૯॥ તેહપરે વ્રતધારકો રે, નવી જુએ સ્ત્રીના અંગ રે, ભાંજે વાડ ચોથી ખરી રે, હવે પંચમી સુણજો સુરંગ રે, નારી૦ ॥૨૦॥

---

## ઢાળ પાંચમી

રાગ મેવાડો

જીવડા તું મ કરે રે નિંદા પારકી, એ દેશી

સુણ વ્રતધારી રે શીલ જ રાખીયે, ચંચળ મન કરી ઠામ, ભાંતિ કડુખલે રે, વાડી વિચાલમાં, મ કરજે વિસરામ, સુ૦ ॥૨૧॥ શ્રીપુર પાટણ રાજા રાજીયો, જિતશત્રુ તસ નામ, તિહાં વ્યવહારી રે એક વાણિજ કરે,લાખ ને મીણ વિરામ,સુ૦॥૨૨॥ ચુહલા પાખલ મૂકે તે ભરી, વોહરી લાખ ને મીણ, તાપને જોગે રે તે સવી ગલી ગયું, કામે ભાખે રે દીણ, સુ૦ ॥૨૩॥ નવિ કાયે પાસે રે આપે તેહને, તિમ દૃષ્ટાંત જ હોય, સ્ત્રીનાં હાસ્ય કુતૂહલ સાંભળે, ભાંજે વાડતું જોય સુ૦ ॥૨૪॥

## ઢાળ છઠ્ઠી ॥ ત્રુટકની ॥

સુણી સુણી રે પ્રાણી રાખો વાડી વિશેષ, પૂરવના કામભોગ નવિ સંભારો રે, સંભારે દૂષણ ભાજે વ્રતની વાડી, કુયતનેં રાખી, આતમ નરક ન પાડ, ત્રુટક૦ આતમ તારી જિમ, કે બે બંધવ આવ્યા નગર ઉદ્યાન, ક્રીડા કરી થાકચા બે, બેઠા વૃક્ષ હેઠલ સુજાણ, તવ તે થડથી અહિ નિસરીઓ, ડસે પુરુષને અંગે, બીજે દીઠો પણ નવિ બોલ્યો, ઘેર આવ્યા મનરંગે.॥૨૫॥ એક વરસ ઇમ વોલે, તે બેહુ બંધવ આવે, તે થાનક દેખી ડંસની વાત જણાવે, તવ તસ વિષ ચઢીઓ, કાલ કરે તત્કાળ, તિમ નવિ સંભારે પુરુષ ક્રીડા, ॥ઢાલ ત્રુટક૦॥ નવિ સંભારે પૂરવ ક્રીડા, છઠી વાડી ઇમ રાખે, સમોસરણ બેસી જિનવીરો, સહુ સાંભળતાં ભાખે, સાતમી વાડ સુણો ભવી પ્રાણી૦ સરસ આહાર ન લીજે, એ કાયા કુડી પોષંતા, નિશ્ચે નરક પડીજે.॥૨૬॥ રસના વશ ક્રીજે સરસ વસ્તુ ન લીજે, ઇંદ્રિ પરવશ થાયે જિમ કોઈ કુષ્ટિ કહે જે, તસ વૈદ્ય જ મિલિઓ, કહે તું મદ્ય ન ખાય, તો તુઝ હું ઔષધ કરું, જિમ પોઢો થાય, ત્રુટક૦ પોઢો થયો તેહના ઔષધથી, વૈદ્ય વચન વિસાર્યું, મદ્ય-પાન કરિયું વળી જે તે, રોગે તસ તનુ ભાર્યું; તે

દુખિયેા રસનાનેા વાધ્યો તિમ સહી રસના વારે,
અહાર લિયે સંજમને કાજે,પણ બળરૂપ ન વધારે.૨૭.

---

## ઢાલ સાતમી.

સમેાસરણ સિંહાસનેજી એ દેશી.

હવે આઠમી વાડ સાંભળેા જી,અધિક ન લેવેા રે આહાર, બ્રહ્મચારી સહી ઉઠીયેં જી, ઉણા કવલ બે ચ્યાર.॥ ૨૮ ॥ સુગુણ નર સાંભળજ્યેા એક વાત. એ આંકણી૰જિમ બેપંથી ચાલતા જી,આવ્યા વનહ મઝાર, ભેાજન વેલા થઈ તિસે જી,કરે સન્નઈસાર, સુ૰ ॥ ૨૯ ॥ લઘુ ભાજન અન્નહ ઘણું જી, જાવા લાગ્યું રે ધાન,તવ કુડી મતિ ઉપનીજી,ઉપર મૂકયો પાહાણ, સુ૰॥૩૦॥ ભાગ્યું ભાજન અન્ન ગયું જી, નવિ સરીઉં તસ કાજ, તિમવ્રતી અધિક આહાર-થી જી, આલે વાડ મ ભાંજ સુ૰ ॥૩૧॥

---

## ઢાલ આઠમી

રાગ ધન્યાશ્રી

પીઉડેા રે ઘરે આવે એ દેશી.

નવમી વાડ હવે સુણેા, શ્રાવક સાધુ સુજ્ઞણ, અંગ વિભૂષા જે કરે, બ્રહ્મવ્રત તણી રે તસ હેાયે

હાણ કે ॥૩૨॥ પાળો રે વ્રત ભાવે, વ્રત પાળતાં રે દુઃખ દુંકડું નાવે કે, પાલો રે વ્રત ભાવે ॥ ૩૩ ॥ બ્રહ્મચારી શ્રાવક યતિ, નવિ કરે મરડા મોડિ, ઉજ્વલ આછાં લુગડાં, વળી બહુ મૂલાં રે, પહેરતાં હોયે ખોડિ કે,પા૦॥૩૪॥કુંભકાર એક ડોકરો, જાયે માટી કાજ, ખણતાં રતન પ્રગટ થયું, તે ધોઇ રે તેણે મૂકયું પાજ કે, પા૦ ॥૩૫॥ માંસ ખંડ જાણી કરી, સમળી લેઈ જાય, નાંખ્યું કૂપ માંહે જઈ, કરે ઓરતો રે દુઃખ સબલું થાય કે, પા૦ ॥૩૬॥ સમળી સરખી કામિની,રયણ સરીખું શીલ, બ્રહ્મચારી જે સાચવે,તો ઇહ ભવ રે,તસ પરભવ લીલ કે, પા૦ ॥ ૩૭॥ શ્રી અકબરપુરમાંહે રહી, કીધી એહ સઝાય, સંવત સત્તર કર શ્રાવણ માસે, વ્રત પાળતાં રે દુઃખ દૂરે પલાય કે, પા૦॥૩૮॥શ્રી દેવવિજય પંડિતવર, શ્રી જયવિજય બુદ્ધરાય, તસશષ્યિ મેરુવિજય કહે, વ્રત પાળતાં રે નવનિધિ ઘર થાય કે, પાલો રે૦ ॥૩૯॥

---

## चित्त ब्रह्मदत्तनी सज्झाय

ચિત્ત કહે બ્રહ્મરાયને,કહું છું દિલમાં આણો જી, પૂર્વભવની પ્રીતડી, તે તો મૂલથી મ ત્રોડો હો,

અંધવ બોલ માનો જી, કતિયારીનો સૂત્ર જ્યું ત્રુટે
ત્યું જોડે હો, બં૦એ આંકણી.॥૧॥દેશ દશાર્ણનો
રાજીયો, ભવ પહેલે દાસો જી,બીજે ભવ કાલિંજ
રે આપણે મૃગ વનવાસ હો, બંધવ૦ ॥ ૨ ॥ ત્રીજે
ભવે ગંગાનદી, આપે બેહુ હંસ હુતા જી, ચોથે
ભવ ચંડાળને, ઘેર જનમ્યા પુતા હો, બં૦ ॥ ૩ ॥
ચિત્ત સંભૂતિ બેહુ જણા, સબહિ ગુણ પૂરાજી,જગ
સહુ તિહાં મોહી રહ્યું,ધરણીધવ શૂરા હો, બં૦॥૪॥
વિપ્રો અણખ કરે ઘણી,રાજાને ભરમાવે જી,દેશવટો
તિહાંથી દીયો, ગયા મરવાને ભાવે હો, બં૦ ॥૫॥
પર્વત ઉપર મુનિ મલ્યા,પગે લાગ્યા ધાઈજી,અકામ
મરણ મુનિ દાખીયો, ધર્મ દેશના સુણાઈ હો, બં૦
॥૬॥ ધર્મ સુણી ઘર છોડીયો, આપણ બેહુ સંયમ
લીધો જી,નિયાણું તેં આદર્યું, કર્મ ભૂંડો તે કીધો
હો, બં૦ ॥૭॥ નારી રત્નને નિરખતાં, તપનું ફલ
હાર્યો જી, મેં તુઝને વાર્યો ઘણો,તે કાંઈ ન વિચાર્યો
હો, બં૦ ॥૮॥ પાકયું ક્ષેત્ર જ્યું વેચીયું, શીરા-
મણ સાટે જી, ખેતારીની પરેં ઝુરશો, કહું છું તે
માટે હો,બં૦॥૯॥પદ્મગુલ્મ વિમાનમાં, ભવ પાંચમો
કીધો જી,તિહાંથી ચવીને ઉપન્યો,કંપીલપુર પ્રસિ-
દ્ધો હો,બં૦॥૧૦॥ ચક્રવર્તી પદવી તેં લહી,સબહી

અધિકારી જી,કીધાનાં ફલ પામીયેા, તાહરી કરણી સારી હેા, બં૦ ।। ૧૧ ।। પુરિમતાલે હું ઉપન્યેા, શ્રાવક સુ આચારી જી, સંયમ મારગ આદર્યો, મેં નારી નિવારી હેા, બં૦ ।।૧૨।। મેં પણ ઋધિ લહી ઘણી,બહુ વિવિધ પ્રકારેજી,શુભ માનવ-ભવ પામીને કેાણ મૂરખ હારે હેા, બં૦ ।।૧૩।। એણે સંસારમાં રાચિયા, વિષયરસમાં ભૂલે જી, તારણ નાવતણી પરેં, ધર્મ કેાઈ ન તોલે હેા, બં૦ ।। ૧૪ ।। ચિત્ત કહે બ્રહ્મરાયને, કહું છું દિલમાં આણેા જી, આ અવસર છે દેાહિલેા, ધર્મમારગ જાણેા હેા, બં૦ ।। ૧૫ ।। નિયાણું કરી સુખ લહયાં, માનવ-ભવ કેરાં જી,ઇણિ કરણીથી જાણજે,તાહરા નરકમાં ડેરા હેા, બં૦ ।।૧૬।। છઠ્ઠે ભવે જુજુઆ, આપણ બેહુ ભાઇજી, હવે મલવું છે દેાહિલું, જેમ પર્વત રાઇ હેા, બં૦ ।। ૧૭ ।। સાધુ કહે સુણેા રાયજી, અબ આ ઋધિ ત્યાગેા જી,આ અવસર છે પરવડેા,સંયમ મારગ લાગેા હેા, બં૦ ।। ૧૮ ।। રાય કહે સુણેા સાધુ જી,કછુ અવર બતાવેા જી, આ ઋધિ તેા છૂટે નહિ, મુઝ હેાવે પસ્તાવેા હેા, બં૦ ।। ૧૯ ।। ચિત્ત કહે બ્રહ્મરાયને, તાહરી ભવસ્થિતિ નાઇજી, માહરા વાર્યા નહિ વળેા, તાહરાં કર્મ સખાઇ હેા, બં૦

॥૨૦॥ ચિત્તેં વચન કહ્યાં ઘણાં, નિજ ભાઈને રાગેં જી, ભારેકર્મી જીવડો,કહેા કેણી પરેં જાગે હેા, બં૦ ॥૨૧॥ ચિત્તમુનિ તિહાંથી વલ્યા, કઠિણ કર્મને ધેાતા જી, જ્ઞાનલહી મુગતેં ગયા, ચક્રી સાતમી પહેાંત્યા હેા, બં૦ ॥૨૨॥ મનવચ કાયાએ કરી, જે કેાઈ જિનધર્મ કરશે જી,ટાલી કર્મ પરંપરા, તે ભવસાયર તરશે હેા, બં૦ ॥૨૩॥ ઉત્તરાધ્યયન તેરમે,એહ અર્થ વખાણ્યા જી, વિનય-વિજયજી પસાયથી, રૂપવિજય એ જાણ્યા હેા, બં૦ ॥૨૪॥

---

## શાલિભદ્રની સજ્ઝાય

રાજગૃહી નયરી મેાઝારેા જી, વણઝારેા દેશા-વર સારેા જી,ઇણિ વણજે જી,રત્નકંબલ લેઈ આવી-યા જી. ॥૧॥ લાખ લાખની વસ્તુ લાખેણી, એ વસ્તુ છે અતિ ઝીણી, કાંઈ પરિમલ જી, ગઢમઢ મંદિર પરિસરિ જી. ॥૨॥ પૂછે ગામને ચેાતરે,લેાક મલ્યા વિધ વિધ પરે, જઈ પૂછ્યેા જી,શાલિભદ્રને મંદિરે જી. ॥૩॥ શેઠાણી સુભદ્રા નિરખે જી, રત્ન-કંબલ લેઇ પરખે જી,પહેાંચાડી જી શાલિભદ્રને મં-દિરેં જી.॥૪॥ તેડાવ્યેા ભંડારી જી,વીશ લાખ નિર-

ધારી જી,ગણી દેન્યો જી એહને ઘરે પહોંચાડને જી, ॥૫॥ રાણી કહે સુણો રાજા જી, આપણું રાજ શે કાજ જી, મુઝ કાજે જી, એક ન લીધી લોભડી જી, ॥૬॥ સુણ હો ચેલણા રાણી જી, એહ વાત મેં જાણી જી,પીછાણીજી એહ વાતનો અચંબો ઘણોજી, ॥૭॥ દાતણ તો તબ કરશું જી,જબ શાલિભદ્ર મુખ જોશું જી,શાણગારોજી ગજરથ ઘોડા પાલખી જી,॥૮॥ આગલ [૧]કોતલ હિંચાવતા, પાછળ પાત્ર નચાવતા રાય શ્રેણિક જી, શાલિભદ્ર ઘેર આવીયા જી, ॥૯॥ પહેલે ભવને પગ દીયો, રાજા મનમાં ચમકીયો, કાંઈ જોજો જી, આ ઘર તો ચાકર તણાં જી,॥૧૦॥ બીજે ભવને પગ દીયો,રાજા મનમાં ચમકિયો,કાંઈ જોજો જી, આ ઘર તો સેવકતણાં જી, ॥૧૧॥ તીજે ભવને પગ દીયો, રાજા મનમાં ચમકિયો,કાંઈ જોજો જી, આ ઘર તો દાસીતણાંજી, ॥૧૨॥ ચોથે ભવને પગ દીયો, રાજા મનમાં ચમકિયો, કાંઈ જોજો જી,આ ઘરતો શ્રેષ્ઠીતણાંજી,॥૧૩॥ રાય શ્રેણિકની મુદ્રિકા, ખોવાઈ ખોળ કરે જી, માય ભદ્રાજી, થાળ ભરી તવ લાવીયાં જી,॥૧૪॥ જાગો જાગો મોરાનંદ જી, કેમ સુતા આનંદજી, કાંઈ આંગણે જી,શ્રેણિકરાય પધારીયાજી, ॥૧૫॥ હું નવિ જાણું માતા

૧ અસ્વાર વિનાના ઘોડા.

બોલમાં, હું નવિ જાણું માતા તોલમાં, તુમે લેજો જી. જેમ તુમને સુખ ઉપજે જી,॥ ૧૬ ॥ પૂર્વે કદી પૂછતાં નહિ, તો આમાં શું પૂછો સહી, મોરી માતા જી.હું નવિ જાણું વણજમાં જી,॥૧૭॥ રાય કરિયાણું લેજો જી,મુહ માગ્યા દામ દેજો જી,નાણાં ચૂકવી જી, રાય ભંડારે નખાવી દીયો જી,॥ ૧૮ ॥ વલતી માતા એમ કહે, સાચી નંદન સદ્દહે, કાંઇ સાચે જી,શ્રેણિકરાય પધારિયા જી,॥ ૧૯ ॥ ક્ષણમાં કરે કાંઈ રાજીયો,ક્ષણમાં કરે બેરાજીયો,કાંઇ ક્ષણમાં જી, ન્યાય અન્યાય કરે સહી જી,॥૨૦॥ પૂર્વે સુકૃત નવિ કીધાં, સુપાત્રે દાન નવિ દીધાં, મુજ માથે જી હજુ પણ એહવા નાથ છે જી,॥૨૧॥અબ તો કરણી કરશું જી,પંચવિષય પરિહરશું જી,પાળી સંયમ જી નાથ સનાથ થશું સહી જી,॥૨૨॥ઈદુવત્ અંગ તેજ જી,આવે સહુને હેજ જી,નખ શિખ લગી જી,અંગો પાંગ શોભે ઘણાં જી,॥ ૨૩ ॥ મુક્તાફળ જેમ ચળકે જી,કાંને કુંડળ ઝળકે જી,રાજા શ્રેણિક જી,શાલિભદ્ર ખોળે લીયો જી,॥૨૪॥ રાજા કહે સુણો માતા જી, તુમ કુંવર સુખશાતા જી,હવે એહને જી,પાછો મંદિર મોકલો જી,॥૨૫॥ શાલિભદ્ર નિજ ઘર આવ્યા જી, રાય શ્રેણિક ઘેર સિધાવ્યાજી,પછે શાલિભદ્રજી,ચિંતા કરે મનમાં ઘણી જી, ॥૨૬॥ શ્રી જિનધર્મ આદરું,

મોહ માયાને પરિહરું, હું છાંડું જી, ગજરથ ઘોડા પાલખી જી,॥૨૭॥સુણીને માતા વિલખે જી,નારીઓ સઘળી તલખે જી,તેણી વેલા જી,અશાતા પામ્યાં ઘણી જી, ॥ ૨૮ ॥ માતા પિતા ને ભ્રાત જી, સહુ આળ પંપાળની વાત જી,એણે જગમાં જી,સ્વારથનાં સર્વે સગાં જી, ॥૨૯॥ હંસ વિના રયાં સરોવરિયાં, પિયુ વિના રયાં મંદિરીયાં,મોહ વશ થકાં જી,ઉચાટ એમ કરે ઘણો જી, ॥૩૦॥ સર્વ નીર અમૂલ્ય જી, વાટકડે તેલ પુલેલ જી,શાહ ધન્ને જી, શરીર સમારણ માંડિયો જી,॥૩૧॥ધન્નાધોર સુભદ્રા નારી જી,બેઠી મહેલ મોઝાર જી,સમારંતાં જી,એક જ આંસુ ખેરીયું જી, ॥ ૩૨ ॥ ગૌભદ્ર શેઠની બેટડી, ભદ્રાબાઈ તોરી માવડી,સુણ સુંદરી જી તેં કેમ આંસુ ખેરીયું જી, ॥૩૩॥શાલિભદ્રની બેનડી,બત્રીસ ભોજાઈની નણંદલી, તવ તાહરે જી, શા માટે રોવું પડે જી,॥ ૩૪ ॥ જગમાં એક જ ભાઈ માહરે, સંયમ લેવા મન કરે, નારી એક એક જી,દિન દિન વિત્યે પરિહરે જી,॥૩૫॥ એ તો મિત્ર કાયરૂ,શું લે સંયમ ભાયરૂ,જી ભડલી જી મુખ માથાની જુદી જાણવી જી, ॥ ૩૬ ॥ કહેવું તો ઘણું સોહિલું, પણ કરવું અતિ દોહિલું, સુણો સ્વામી જી, એહવી ઋદ્ધિ કુણ પરિહરે જી, ॥૩૭॥ કહેવું તો ઘણું સોહિલું,પણ કરવું અતિ દોહિલું,

સુણ સુંદરિ જી,આજથી ત્યાગી આઠને જી.॥૩૮॥
હું તો હસતી મલકીને,તુમે કીયો તમાસો હલકીને,
સુણો સ્વામી જી,અમતો ચિંતા નવિ ધરું જી.॥૩૯॥
ચોટી અંબોડો વાળીને,સા ધન્નો ઊઠ્યો ચાલીને,
કાંઈ આવ્યા જી,શાલિભદ્રને મંદિરે જી.॥૪૦॥ ઊઠો
મિત્ર કાયરૂ, સંયમ લઈએ ભાયરૂ, આપણ દોયજ-
ણ જી,સંયમ શુદ્ધ આરાધિયેં જી. ॥૪૧॥ શાલિભદ્ર
વૈરાગીયા, શાહ ધન્નો અતિ ત્યાગીયા દોનું રાગી-
યા જી,શ્રી વીર સમીપેં આવીયા જી.॥૪૨॥ સંયમ
મારગ લીનો જી,વૈરાગ્યેં મન ભીનો જી,શાહ ધન્નો જી
માસખમણ કરે પારણાં જી. ॥૪૩॥ તપ કરી દેહને
ગાળી જી, દૂષણ સઘળાં ટાલી જી, વૈભારગિરિ જી,
ઉપર અણસણ આદર્યો જી. ॥૪૪॥ ચઢતે પરિણામે
સોય જી, કાલ કરિ જણ દોય જી, દેવગતિએ જી,
અનુત્તરવિમાને ઉપન્યા જી.॥૪૫॥ સુર સુખને તિહાં
ભોગવી, તિહાંથી દેવ દોનું ચવી, વિદેહે જી,મનુ-
ષ્યપણું તે પામશે જી.॥૪૬॥ સુધો સંયમ આદરી,
સકલ કર્મનો ક્ષય કરી, લહી કેવલ જી,મોક્ષ ગતિને
પામશે જી.॥૪૭॥ દાનતણાં ફલ દેખો જી, ધન્નો
શાલિભદ્ર પેખો જી,નહિ લેખો જી,અતુલ સુખ તિહાં
પામશે જી, ॥૫૮॥ એમ જાણી સુપાત્રને ખોખો

જી,જીમ વેગે પામેા મેાક્ષેા જી,નહિ ધેાખેા જી,કદિય જીવને ઉપજે જી, ॥૪૯॥ ઉત્તમના ગુણ ગાવે જી, મનવંછિત સુખ પાવે જી, કહે કવિયણ જી, શ્રેાતાજન તુમે સાંભળેા જી. ॥૫૦॥

---

## પડિક્કમણાની સજ્ઝાય

કર પડિકમણું ભાવશું જી, સમભાવે મન લાય, અવિધિ દેાષ જો સેવશેા જી, તેા નહિ પાતક જાય, ચેતનજી એમ કેમ તરશેા જી. ॥૧॥ સામાયકમાં સામટી જી, નિદ્રા નેન ભરાય, વિકથા કરતાં પારકી જી, અતિ ઉલ્લસિત મન થાય. ચેતનજી૦ ॥૨॥ કાઉસ્સગ્ગમાં ઊભા રહી જી,કરતાં દુખેરે પાય,નાટક પ્રેક્ષણ જોવતાં જી, ઊભાં રયણી જાય, ચે૦ ॥૩॥ સંવરમાં મન નવિ રૂચે જી,આશ્રવમાં હુશિયાર,સૂત્ર સુણે નહિ શુભ મને જી, વાત સુણે ધરી પ્યાર, ચે૦ ॥૪॥ સાધુજનથી વેગલેા જી, નીચશું ધારે નેહ, કપટે કરે કોડેા ગમેજી. ધર્મમાં ધ્રૂજે દેહ, ચે૦॥૫॥ ધર્મની વેલા નવિ દીએ જી,ફૂટી કેાડી રે એક,રાઉલમાં રૂંધ્યેા થકેા જી, ખૂણે ગણી દીએ છેક, ચે૦

॥૬॥ જિનપૂજા ગુરુવંદના જી, સામાયિક પચ્ચ-
ખ્ખાણ, નવકારવાલી નવિ રુચે જી.કરે મન આર્ત્ત
ધ્યાન,ચે૦॥૭॥ ક્ષમા દયા મન આંણીયે જી, કરીયેં
વ્રત પચ્ચખ્ખાણ,ધરીયેં મનમાંહિ સદા જી, ધર્મ-
શુકલ દોય ધ્યાન, ચેતન જી એમ ભવ તરશો જી.
ચે૦॥૮॥ શુદ્ધ મને આરાધશો જી,જો ગુરુના પદપદ્મ,
રૂપવિજય કહે પામશો જી, તો સુર શિવસુખ સદ્મ,
ચેતન જી એમ ભવ તરશોજી. ॥૯॥

---

## ચૌદ પૂર્વના દુહા

શ્રી ઉત્પાદ પૂર્વ પ્રથમ, વસ્તુ ચૌદ તસજાણ,
એક કોડી પદ જેહનાં, નમો નમો ભવિક સુજાણ.
॥૧॥ અગ્રાયણી પૂર્વ બીજું, વસ્તુ છવીસ સુખ-
કાર, છનું લાખ પદ જેહનાં, નમતાં હોય ભવપાર.
॥૨॥ વીર્યપ્રવાદ પૂર્વ ત્રીજું, વસ્તુ સોલ અધિ-
કાર, પદ તો તેર લાખ છે, નમતાં હરખ અપાર.
॥૩॥ અસ્તિપ્રવાદ પૂર્વ ચોથું, વસ્તુ અઠાવીસ
કહીએ, આઠ લાખ પદ જેહનાં, નમતાં સમકિત
લહીએ. ॥૪॥ જ્ઞાનપ્રવાદ પંચમું પૂર્વ, વસ્તુ બાર
પ્રધાન,એક ઉણે એક કોડી પદ,નમતાં કેવલજ્ઞાન.
॥૫॥ સત્યપ્રવાદ પૂર્વ છઠું, પદ સણસઠ એક કોડી,

વસ્તુ બે છે જેહની, તે નમીયેં કરજોડી. ॥૬॥
સાતમું શ્રીઆત્મપ્રવાદ પૂર્વ, વસ્તુ સોલ તસ
કહીએ, કોડી છવીસ પદ પ્રણમતાં, તત્ત્વ પદારથ
લહીએ. ॥૭॥ આઠમું કર્મપ્રવાદપૂર્વ, વસ્તુ ત્રીસ
તસ જોય, એંશી સહસ કોડીપદ, નમતાં શિવસુખ
હોય. ॥૮॥ પ્રત્યાખ્યાન નવમું પૂર્વ, વસ્તુ વીશ
છે જેહ, લાખ ચોરાસી પદ વલી, નમતાં ભવદુઃખ
છેહ. ॥૯॥ વિદ્યાપ્રવાદ દશમું પૂર્વ, પનર વસ્તુ
તસ જાણીયે, એક કોડી દશ લાખ પદ, નમતાં
સવિ પાપ ગમીએ.॥૧૦॥ એકાદશમું કલ્યાણ પૂર્વ,
વસ્તુ બાર કહેવાય, છવીસ કોડી પદ જેહનાં,
નમતાં શિવસુખ થાય.॥૧૧॥ પ્રાણાવાય એ બારમું
પૂર્વ, વસ્તુ જેહની તેર, છપનલાખ એકકોડી પદ,
નમતાં નહિ ભવ ફેર. ॥૧૨॥ ક્રિયાવિશાલ તેરમું
પૂર્વ, વસ્તુ જેહની ત્રીશ, નવકોડી પદ તેહનાં,
નમતાં અધિક જગીશ. ॥૧૩॥ લોકબિંદુસાર
ચઉદમું પૂર્વ, વસ્તુ પચીસ તસ જાણ, સાડાબાર
કોડીપદ જેહનાં, નમતાં કોડી કલ્યાણ. ॥૧૪॥

## ખામણાં

શ્રી અરિહંતજીને ખામણાં રે, જેહના ગુણ છે બાર,કરો ભવિ ખામણાં રે,ચોત્રીસ અતિશયે રાજતા રે, વાણીગુણ પાંત્રીસ, કરો૦ ॥૧॥ ગામ નગર પુર વિચરતા રે, કરતા ભવિ ઉપકાર, કરો૦, સિદ્ધ સર્વેને ખામણાં રે, જેહના ગુણ છે આઠ, કરો૦ ॥૨॥ સિદ્ધશિલાને ઉપરે રે, જ્યોતિમાં જ્યોતિ મિલાય,કરો૦,જે સુખ નહીં સુરરાયને રે,નહીં રાયા નહીં રાય, કરો૦ ॥૩॥ તે સુખની ઇચ્છા કરું રે, પ્રણમું સિદ્ધના પાય, કરો૦, આચારજને ખામણાં રે, જેહના ગુણ છત્રીસ,કરો૦ ॥૪॥ છત્રીશ છત્રીશે ગુણે રે, બારસે છનું થાય, કરો૦ એહવે ગુણે કરી શોભતા રે, જંબુ ગૌતમ સુધર્મ,કરો૦ ॥૫॥ ઉપાધ્યાયજીને ખામણાં રે, જેહના ગુણ પચવીશ,કરો૦ પચવીશ પચવીશે ગુણે રે,છસે પચવીશ થાય,કરો૦ ॥૬॥ રાજકુંઅરપરે શોભતા રે, આચારજ પદ જોગ્ય, કરો૦, સર્વ સાધુજીને ખામણાં રે,અઢીદ્વિપમાં જેહ, કરો૦ ॥૭॥ ગુણ સત્તાવીશે શોભતા રે, લેતા સૂજતો આહાર, કરો૦, સાધ્ય એક છે જેહને રે સાધનમાં ભેદ અનેક, કરો૦ ॥૮॥ સંઘ સર્વેને ખામણાં રે, અરિહંતે માન્યો જેહ, કરો૦, શાસનને

શોભાવતો રે, અડતાળીશ જેહના ગુણ, કરો૦।।૯।। સર્વ સતીને ખામણાં રે, ચંદનબાલા મૃગાવતી આદિ,કરો૦સર્વે જીવને ખમાવીએ રે,યોનિ ચોરાસી લાખ, કરો૦ ।।૧૦।। આઠમ પાખી ખામણાં રે, ચોમાસી ત્રણ વાર,કરો૦,સંવચ્છરી ખમાવીએ રે,સંઘ-સયલ જયકાર, કરો૦।।૧૧।। જે ન ખમાવે ખામણાં રે, તેહનો નરકમાં વાસ, કરો૦,ખમીયેને ખમાવીયે રે, એ જિનશાસન રીત, કરો૦ ।।૧૨।। હર્ષે ખમાવે જેહ ખામણાં રે,તેહનો સ્વર્ગમાં વાસ,કરો૦ એણી-પરે કીજે ખામણાં રે,તો તરીયે સંસાર,કરો૦।।૧૩।। મૂકી મેલને કીજે ખામણાં રે,નિજરૂપ લહે મનોહાર, કરો૦, અમિયકુંવર ઇણીપરે ભણે રે,તે પામે મંગ-લમાલ, કરો૦।।૧૪।। ઇતિ ખામણાં સંપૂર્ણ.

---

## नालंदा पाडानी सज्झाय

મગધદેશમાંહી બિરાજે, સુંદર નગરી સોહે જી, રાજગૃહી રાજા શ્રેણિકરી, દેખંતાં મન મોહે જી, એક નાલંદે પાડે પ્રભુજીએ,ચૌદ કીયાં ચૌમાસાં જી, એ આંકણી ।।૧।। ધન ને ધર્મ નાલંદે પાડે, દોનું વાત વિશેષો જી,ફરી ફરી વીર આવ્યા બહુ વારે,ઉપ-કાર અધિકો દેખ્યો જી,એક૦।।૨।। શ્રાવક લોક વસે

ધનવંતા જિનમારગના રાગી જી, ઘરઘર માંહે સોનાચાંદી,જિહાં જ્યોતિ ઝગમગ જાગી જી,એક૦ ॥૩॥ જડાઉ ઘરેણાં જોર વિરાજે, હાર મોતી નવ સરીયા જી, વસ્ત્ર પહેરણ ભારી મૂલાં, ઘરેણાં રત્ને જડીયાં જી, એક૦॥૪॥ પડિમાવંદન સઘલા જાવે, રસના કરે ઉલ્લાસો જી, કેસર ચંદન ચરચે બહુલાં, મુક્તિતણા અભિલાષો જી, એક૦ ॥૫॥ ત્રણ પાટ શ્રેણિક રાજાના,હુવા સમકિત ધારી લગતા જી,જિન મારગકું જોર દીપાવ્યો, વીરતણા બહુ ભગતા જી, એક૦ ॥૬॥ પીયરમાંહિ સમકિત પામી, ચેલ્લણા પટ્ટરાણી જી,મહાસતી જેણે સંયમ લીધો, વીરજિ-ણંદે વખાણી જી,એક૦ ॥૭॥ જંબુ સરિખા હુઆ તે જેણે, આઠ અંતેઉર પરણી જી, બાલબ્રહ્મચારી ભલા વિચારી,જેણે કીધી નિર્મલ કરણી જી,એક૦ ॥૮॥ શાલિભદ્ર ગૌભદ્રનો બેટો, બનેવી વલી ધન્નો જી,સહિત સુભદ્રા સંયમ લીધો, મુક્તિ જાવ-ણરો મનો જી,એક૦॥૯॥ ગૌભદ્રશેઠ મહા ગુણવંતા, જેણે સંયમભારય લીનો જી, મહાવીરગુરુ મોટા મલીયા, તેણે જન્મમરણ દુઃખ છીન્નો જી,એક૦ ॥૧૦॥ અભયકુમાર મહાબુદ્ધિવંતો, જેણે પ્રધાન પદવી પામી જી, વીર સમીપે સંયમ લીધો, મુક્તિ

જાવણરો કામી જી,એક૦॥૧૧॥ શેઠ સુદર્શન છેલ્લો શ્રાવક,વીરવંદનને ચાલ્યોજી,મારગવિચમેં અર્જુન મલીયો, પણ ન રહ્યો તેનો ઝાલ્યો જી, એક૦॥૧૨॥ અર્જુન હોઈ ગયો તે સાથે,વીરજિણંદને ભેટ્યા જી, માલીને દીક્ષા દેવરાવી,સબ દુઃખ નગરીના મેટ્યાં જી એક૦ ॥૧૩॥ ત્રેવીસ તો શ્રેણિકની રાણી,તપ કરી દેહ ગાલી જી,મોટી સતીઓ મુક્તિ બિરાજે, કર્મ-તણાં બીજ બાલી જી, એક૦ ॥૧૪॥ ત્રેવીસ તો શ્રેણિકરા બેટા, ઉપન્યા અનુત્તર વિમાનો જી,દશ-પોત્તા દેવલોકે પહોતા,એ સવિ હોશે નિર્વાણો જી, એક૦ ॥૧૫॥ મહાશતકજી મોટો શ્રાવક, તેહને તેર નારી જી, કરણી કરીને કર્મ ખપાવ્યો, હુઆ એકા અવતારી જી,એક૦ ॥૧૬॥ મેઘકુમાર શ્રેણિ-કનો બેટો,જેણે લીધો સંયમ ભાર જી, વૈયાવચ્ચ નિમિત્તે કાયા વોસિરાવી,દો નયણાંરો સારોજી,એક૦ ॥૧૭॥ શ્રેણિક રાજા સમકિત ધારી, તેણશું ધર્મ ઉદ્યોત્તો જી, એકણ ઘરમેં દો [1]તીર્થંકર, હાદો ને વલી પોતો જી, એક૦ ॥૧૮॥ ઉત્તમ જીવ ઉપન્યા છે અઠે, શ્રાવકને વલી સાધો જી, ભગવંતની જેણે ભક્તિ કીધી,ધન્ય માનવભવ લાધો જી.એ૦॥૧૯॥

---

૧ શ્રેણિક અને ઉદાયી.

શાસનનાયક તીરથ સ્થાપી, શાશ્વતાં સુખ લેશે જી,
હરખવિજય કહે કેવલ પામી, મુક્તિ મહેલમાં જાશે જી.એ૦૧૨૦૧૦ સંવત પંદરસેં ચૌંઆલે,રહી નાગોર ચોમાસું જી, સંઘપસાયેં સવિસુખ લીધાં, કીધો જ્ઞાન પ્રકાશો જી. એ૦૧૨૧૧

---

## જ્ઞાનવિમલસૂરિકૃત સોલ સ્વપ્નની સજ્ઝાય

### દુહા

શ્રીગુરુપદ પ્રણમી કરી, સોલ સુપન સુવિચાર
દુસમ સમયતણાં કહું, શાસ્ત્રતણે અનુસાર.

### ઢાલ ૧ લી.

શારદ બુધદાયી એ દેશી.

પાટલીપુર નયરે,ચંદ્રગુપ્તરાજન,ચાણાયક નામે, બુદ્ધિનિધાન પ્રધાન, એક દિન પોસહમાં,સૂતો રયણી મોઝાર, તવ દેખે નરપતિ,સોલ સ્વપ્ન સુખકાર, ૧.ત્રુટક૦સુખકારક વારક દુઃખ કેરાં,નિરખે નૃપ વડ વખતે, વાજીંત્ર તૂરે ઉગતસૂરે, આવી બેઠો તખતે, ચાણાયક નાયક મતિ કેરો,આવી પ્રણમે પાય,સોલ સુપન રયણાંતરે લાધ્યાં, તે બોલે નરરાય, ॥ ૨ ॥ ધુરસુહણે દેખે, સુરતરુ ભાંગી ડાળ, બીજે આથ-

ભીયેા, સૂરજ બિંબ અકાલ, ત્રીજે ચંદ્ર ચાલણી, ચેાથે નાચ્યાં ભૂત, પાંચમે બારફણાલેા, દીઠેા અહિ અદ્ભુત, ॥૩॥ ત્રુટક. અતિ અદ્ભુત વિમાન વલ્યું તેમ, છઠ્ઠે સુહણે દેખે,કમલ ઉકરડે સાતમે આઠમે,આગિયેા અંધારે પેખે, સૂકું સરેાવર નવમે દક્ષિણ, પાસે ભરિયેા નીર, દશમે સુહણે સેાવન થાલે,કૂતરેા ખાયે ખીર, ॥ ૪ ॥ ગજ ઉપર ચઢીયા, વાનર દેખે અગિયાર, મર્યાદા લેાપે,સાગર સુપન એ બાર,મેાટે રથે જુતા, વાછડા તેરમે દેખે, ઝાંખાં તિમ રયણાં, ચૌદમે સુપને પેખે, ॥૫॥ ત્રુટક૦ તેમ દેખે પંદરમે વૃષભે,ચઢિયા રાજકુમાર,કાળા ગજ બેહુ માંહે માંહે, વઢતા સેાળ એ સાર,એહવાં સેાલસુપન જે લાધ્યાં, સંભારે નૃપ જામ, એહવે આવી દીયે વધાઈ, વન પાલક અભિરામ, ॥૬॥ સ્વામી તુમ વનમાં, શ્રુતસાગર ગુણખાણી, ભદ્રબાહુ મુનીશ્વર,ચૌદ પૂર્વધર જાણી, આવ્યા નિસુણીને,વંદન કાજે જાય,ચાણાયક સાથે, નરપતિ પ્રણમે પાય,॥ ૭ ॥ ત્રુટક૦ પાય નમીને નરપતિ પૂછે,સેાળ સુપન સુવિચાર,કૃપા કરી ભગવંત મુજ દાખેા,એહ કરેા ઉપકાર,તવ ગિરુઆ ગણધર શ્રુતસાગર, બેાલ્યા નરપતિ આગે, દુઃસમઆરે એહ સુપનનેા, હેાશે બહુલેા લાગ, ॥ ૮ ॥

## ઢાલ ૨ જી.

આગે પૂરવવાર નવાણુ શ્રી આદીશ્વર આવ્યા જી—એ દેશી

સુરતરુ કેરી શાખા ભાંગી, તેહનું એહ ફલ સાર જી, આજ પછી કોઈ રાજા ભાવે, નહિ લીયે સંયમ ભાર જી,આથમ્યો સૂરજ બિંબ અકાલે, તે આથમ્યું કેવળનાણ જી,જાતિસ્મણ નિર્મલ એહિ, નહિ મણપજ્જવ નાણ જી, ॥ ૯ ॥ ત્રીજે ચારણી ચંદ્ર થયો જે, જિનમત એણીપરે હોશે જી, થાપ ઉત્થાપ તે કરશે બહુલા, કપટી કુગુરુ વિગોશે જી, ભૂત નાચ્યાં જે ભૂતલે ચોથે, તે કુગુરુ કુદેવ મનાશે જી, દષ્ટિરાગે વ્યામોહ્યા શ્રાવક, તેહના ભકતા થાશે જી.॥૧૦॥ બારફણો જે વિષધર દીઠો, તેહનું એહ ફલ જાણો જી,બારવરસ દુર્ભિક્ષ તે પડશે,હોશે ધર્મની હાણો જી, વલ્યું વિમાન જે આવતું પાછું, તે ચારણ મુનિ નવિ હોશે જી,[૧]સાતિચારી [૨]આચારી થોડા, ધર્મી અધર્મે જાશે જી,॥ ૧૧ ॥ કમલ ઉકરડાનું ફલ એહી,નીચ ઊંચ કરી ગણશે જી,ક્ષત્રિકુલ શૂરા તેહી પણ,વિશ્વાસીને હણશે જી, આગિયા સુહણાનું ફલ જાણો,જિનધર્મે દઢથોડા જી,મિથ્યા કરણી કરતા દીસે, શ્રાવક વાંકા ઘોડા જી, ॥ ૧૨ ॥ સૂકું

૧ અતિચારી ઘણા. ૨ નિરતિયારી થોડા.

સરોવર દક્ષિણ પાસે,નીર ભરિયું સુવિલાસે જી, આપ
ઉગારણ કાજે મુનિવર,દક્ષિણ દિશામાં જાશેજી,જિહાં
જિહાં જન્મ કલ્યાણક, તિહાં તિહાં ધર્મ વિચ્છેદ
જાશે જી,સંતઅસંતની પેરે મનાશે,ધર્મીજન સીદા-
શે જી, ।। ૧૩ ।। સોવનથાલે ખીર ભખે જે, કૂતરો
દશમે સુહણે જી,ઉત્તમની ઉપરાજી લક્ષ્મી, મધ્યમ
બહુ પરેં માણે જી, ગજ ઉપર જે વાનર ચઢિયા, તે
હોશે મિથ્યાત્વી રાજા જી, જિન ધર્મે વલી શંસય
કરતા,મિથ્યામતમાં તાજા જી, ।।૧૪।। મર્યાદા લોપે
જે સાગર,તે ઠાકુર મૂકશે ન્યાય જી,જૂહા સાચા સાચા
જૂઠા,કરશે લાંચ પસાયજી,જેહ વડેરા ન્યાય ચલાવે,
તેહ કરે અન્યાય જી,કુડકપટ છળ છદ્મ ઘણેરાં,કરતા
જૂઠ ઉપાય જી,।। ૧૫ ।। મોટે રથે જે વાછડા જુત્યા,
તેરમે સુપને નરેશ જી,વૃદ્ધપણે સંયમ નહિ લે કોઇ,
લઘુપણે કોઈ લેશે જી, ભૂખે પીડ્યા દુઃખે ભીડ્યા
પણ વૈરાગ ન ધરશે જી, ગુર્વાદિક મૂકીને શિષ્યો,
આપમતે થઈ ફરસે જી,।।૧૬।। ઝાંખાં રત્ન તે ચૌદમે
દીઠાં, તે મુનિવર ગુણહીણા જી, આગમગત વ્યવ-
હારને છંડી,દ્રવ્યની વૃત્તિયે લીણા જી,કહેણી રહેણી
એક ન દીસે,હોશે ચિત્ત અનાચાર જી,શુદ્ધ પરંપર
વૃત્તિ ઉવેખે, ન વહે વ્રતનો ભાર જી,।।૧૭।। રાજ-
કુમાર જે વૃષભે ચડિયા, તે માંહેમાંહે નવિ મલ-

શે જી,વિરૂઆં વૈર સગાં સંધાતે,પરશું નેતે તે ધરશે જી, કાળાગજ બેહુ વઢતા દીઠા, તે માગ્યા મેહ ન વરસે જી,વણજ વ્યાપારેં કપટ ઘણેરાં,તોહી પેટ ન ભરશે જી,॥૧૮॥ સોળ સુપનનો અર્થ સૂણીને, ભદ્રબાહુ ગુરુપાસે જી,દુઃસમ સમયતણાં ફલ નિસુણી, રાજા હૈયે વિમાસે જી,સમકિત મૂલ બાર વ્રત લેવે, સારે આતમ કાજ જી,ભવિકજીવ બહુલા પ્રતિબોધ્યા, ભદ્રબાહુ ગુરુરાજ જી,॥૧૯॥ ગુણ રાગી ઉપશમ રસરંગી, વિરતિ પ્રસંગી પ્રાણીજી, સાચી સદ્દહણા શું પાલે,મહાવ્રત પાંચ સહિનાણી જી,નિંદા ન કરે વદને કેહની,બોલે અમૃતવાણી જી,અપરંપાર ભવ જલધિ તરેવા,સમતા નાવ સમાણી જી, ॥૨૦॥ શ્રી જિનશાસન ભાસન સુંદર,બોધિબીજ સુખકાર જી, જીવદયા મનમાંહે ધારો, કરુણારસ ભંડારજી; એ સઝાય ભણીને સમઝો, દુઃસમ સમય વિચારજી, ધીરવિમલ કવિરાય પસાયે, કવિ નયવિમલ જયકાર જી, ॥૨૧॥

---

## રૂપવિજયજીકૃત મન સ્થિરકરણની સજ્ઝાય

મન સ્થિર કરજો રે, સમકિત વાસીને, ચપલ મ કરશો રે, કુગુરુ ઉપાસીને ॥એ આંકણી ॥ સમજણ

કરીને ચિત્તમાં રાખે, શંકા કંખા વારી, વિતિગિ-
ચ્છા ફલનો સંશય, પરદર્શન સંગ છારી, દીપક
સરખો રે, જ્ઞાન અભ્યાસીને, મન૦ ॥૧॥ ધનુષતીર
ગદચક્ર ધરે જે, વૈરી મારણ કાજ, અર્ધાંગે જે
રમણી રાખે,તેહને નહીં કાંઈ લાજ,દેવ ન કહીયે રે,
નારી ઉપાસીને,પગે નવી પડિયે રે, ક્રોધ નિવાસીને,
તસ પય નમતાં રે,પામશો હાંસીને,મન૦ ॥૨॥ ધન
કણક ચન કામિની રાતા, પાપતણા ભંડાર, મારગ
લોપી [1]કૌપીન પહેરી,કિમ લહશે ભવપાર, પરિગ્રહ
સંગી રે રહ્યા ઘર માંડીને, વિષય પ્રસંગી રે, લજ્જા
છાંડીને,મત ગુરુ કરજો રે,ભોગ વિલાસીને.મન૦॥૩॥
ગો મહિષી અજી અવીપય માખણ, ખરી કરભી
શૂની દૂધ; રોઝી અરક થુઅર ખુરસાણી, પય મા-
ખણ નહિ શુદ્ધ; દુર્ગતિ પડતાં રે, રહેજો સાઇને,
ધર્મ તે કહીએ રે, નિશ્ચય લાઈને,નામે ન ભૂલો રે,
જુઓ તપાસીને, મન૦ ॥ ૪ ॥ ચોરી જારી દૂર નિ-
વારો,મત કરો લોભ અપાર,ક્ષમા દયા મનમાં નિત્ય
ધારો, જેમ નિસ્તરે સંસાર, પાપ ન કરજો રે, જીવ
વિણાસીને,જૂઠ ન કહેશો રે,છલ મન વાસીને, સુખ
જસ લહીએ રે, ધર્મ ઉપાસીને, મન૦ ॥૫॥ પંચ
સમિતિ ત્રણ ગુપ્તિના ધોરી, ધર્મધ્યાન ધરનાર,

---

૧ લંગોટી

તસપદ પૂજે રે, શ્રદ્ધા ધારીને, સેવના કરજો રે, કુમતિ નિવારીને, સેવો ધ્યાવો રે, પરમ નિરાગીને. મન૦ ॥ ૬ ॥ જિન ઉત્તમ પદપદ્મની સેવા, કરજો સાચે ચિત્ત, રૂપવિજય કહે અનુભવ લીલા, ઘટમાં પ્રગટે નિત્ય, તિમ તુમે કરજો રે, જ્ઞાન અભ્યાસીને, શમ દમ ધરજો રે, ધ્યાન ઉપાસીને, શિવસુખ વરજો રે, ચિદ્દઘન વાસીને. મન૦ ॥૭॥

---

## છઠ્ઠા રાત્રિભોજન વિરમણની સજ્ઝાય

(સૂણો મેરી સજની રજની ન જાવે રે—એ દેશી)

સકલ ધરમનું સાર તે કહિયે રે, મનવંછિત સુખ જેહથી લહિયે રે, રાત્રિભોજનનો પરિહાર રે, એ છઠું વ્રત જગમાં સાર રે, મુનિજન ભાવે એ વ્રત પાલો રે, રાત્રિભોજન ત્રિવિધે ટાલો રે. આંકણી૦ ॥૧॥ દ્રવ્ય થકી જે ચારે આહાર રે, ન લીએ તે રાત્રે અણગાર રે, રાત્રિભોજન કરતાં નિરધાર રે, ઘણા જીવનો થાય સંહાર રે. મુ૦ ॥૨॥ દેવપૂજા નવિ સૂઝે સ્નાન રે, સ્નાન વિના કિમ ખાઇએ ધાંન રે, પંખી જનાવર કહીએ જેહ રે, રાત્રે ચુંણ નહિ કરતા તેહ રે. મુ૦ ॥ ૩ ॥ માર્કંડ ઋષીશ્વર બોલ્યા વાણી રે, રૂધિર સમાન તે સવજ્ઞાં પાણી રે, અન્ન તે

કલ ધ્યાનમાં જસ મન વર્તે, તે ગુરુ તારણહાર,
માંસ સરખું જાણે રે, દિનાનાથ અસ્ત થાયે
રાણે રે, મુ૦ ॥૪॥ સાબર સૂઅર ધુવડ ને કાગ રે,
મંજાર વિંછુ ને વલી નાગ રે, રાત્રિભોજનથી એ
અવતાર રે,શૈવશાસ્ત્રમાં એ શ્યો વિચાર રે. મુ૦ ૫.
જૂકાથી જલોદર થાય રે, કીડી આવે બુદ્ધિ પલાય
કે, કોલિયાવડો જો ઉદરે આવે રે, કુષ્ટરોગ તે નરને
થાવે રે, મુ૦ ॥ ૬ ॥ શ્રીસિદ્ધાંત જિનઆગમ માંહી
રે, રાત્રિભોજન દોષ બહુ તાંહી રે, કાંતિવિજય કહે
એ વ્રત સારો રે,જે પાલે તસ ધન અવતારો રે,મુ૦૭

---

## શ્રી વીરપ્રભુની સજ્ઝાય

સમવસરણ સિંહાસને જી રે,વીરજી કરે રે વખાણ,
દશમા ઉત્તરાધ્યયનમાં જી રે,દીએ ઉપદેશ સુજાણ,
સમયમેં રે ગોયમ મ કરે પ્રમાદ, ॥ ૧ ॥
જીમ તરુપંડુર પાંદડું જી રે, પડતાં ન લાગે
રે વાર, તિમ એ માણસ જીવડો જી રે, ન રહે થિર
સંસાર, સમય૦ ॥ ૨ ॥ ડાભઅણીજલઓસનો જી
રે, ક્ષણુએક રહે જલબિંદ, તિમ એ ચંચળ
જીવડો જી રે, ન રહે ઇંદ્ર નરિંદ્ર,સ૦ ॥ ૩ ॥ સૂક્ષ્મ
નિગોદ ભમી કરી જી રે,રાશિ ચઢીયો વહેવાર,લાખ

ચોરાસી જીવાયોનિમાં જી રે લાધ્યો નરભવ સાર સ૦ ॥ ૪ ॥ શરીર જરાએ જાજરો જી રે, શિરપર પલીયા રે કેશ, ઇંદ્રબલહીણા પડયા જી રે, પગે પગે પેખે કલેશ, સ૦ ॥ ૫ ॥ ભવસાયર તરવા ભણી જી રે, સંયમ પ્રવહણપૂર, તપજપ કિરિયા આકરી જી રે, મોક્ષ નગર છે દૂર, સ૦ ॥ ૬ ॥ એમ નિસુણી પ્રભુ દેશના જી રે,ગણધર થયા સાવધાન,પાપ પડલ પાછાં પડયાં જી રે,પામ્યા કેવલજ્ઞાન, સ૦ ॥ ૭ ॥ ગૌતમનાં ગુણ ગાવતાં જી રે,ધરસંપતિની રે કોડ, વાચક શ્રીકરણ ઇમ ભણે જી રે, વંદું બે કરજોડ, સમયમેં રે ગોયમ મ કરે પ્રમાદ, સ૦ ॥૮॥

---

## શીલની સજ્ઝાય

(કડવાં ફલ છે કોધનાં—એ દેશી.)

શીલ સમો વ્રત કો નહિ, જિનવર એમ ભાખે રે; સુખ આપે જે શાશ્વતાં, દુર્ગતિ પડતાં રાખે રે. શીલ૦ ॥૧॥વ્રત પચ્ચખ્ખાણ વિના જુઓ,નવ નારદ જોહ રે; એક જ શીલ તણે બલે, ગયા મોક્ષે તેહ રે. શીલ૦ ॥ ૨ ॥ સાધુ ને શ્રાવક તણાં, વ્રત છે સુખદાયી રે; શીલ વિના વ્રત જાણજો, કુકસા સમા ભાઈ રે. શીલ૦ ॥૩॥ મૂલ વિના તરુ-

વર જેહવા, ગુણ વિના લાલ કમાન રે; શીલ વિના વ્રત એહવાં, બોલ્યા શ્રીવર્દ્ધમાન રે. શીલ. ॥ ૪ ॥ નવ વાડે જે નિર્મલું, પહેલું શીલ જ ધરજો રે; ઉદયરત્ન કહે તે પછી, વ્રતનો ખપ કરજો રે. શી૦॥૫॥

---

## તપની સજ્ઝાય

(૪૬૨ આંબા આંબલી રે—એ દેશી)

કીધા કર્મ નિકંદવા રે, લેવા મુગતિનું દાન, હત્યાપાતિક છૂટવા રે, નહિ કોઈ તપ સમાન, ભવિક જન તપ સરિખો નહિ કોય.॥૧॥ઉત્તમ તપના યોગથી રે, સુરનર સેવે પાય; લબ્ધિ અઠ્ઠાવીશ ઉપજે રે, મનવંછિત ફલ થાય. ભવિક૦ ॥ ૨ ॥ તીર્થંકર પદ પામીએ રે, નાસે સઘલા રોગ, રૂપ લીલા સુખ સાહિબી રે, લહીએ તપ સંજોગ. ભવિક૦ ॥૩॥ તે શું છે સંસારમાં રે, તપથી ન હોવે જેહ; જે જે મનમાં કામીએ રે, સફલ ફલે સહી તેહ. ભવિક૦ ॥૪॥ અષ્ટ કર્મના ઓઘને રે, તપ ટાલે તતકાલ; અવસર લહીને એહનો રે, ખપ કરજો ઉજમાલ. ભવિક૦ ॥ ૫ ॥ બાહ્ય અભ્યંતર જે કહ્યા રે, તપના બાર પ્રકાર; હોજો તેહની ચાલમાં રે, જિમ ધન્નો અણગાર. ભવિક૦॥૬॥ ઉદયરત્ન કહે તપ થકી રે,

વાધે સુજસ સનૂર, સ્વર્ગ હોય ઘર આંગણું રે, દુ-
ર્ગતિ જાયે દૂર. ભવિક૦ ॥૭॥

---

## ભાવની સજ્ઝાય

રે જીવ જૈન ધર્મ કીજીએ એ–દેશી

રે ભવિ ભાવ હૃદય ધરો, જે છે ધર્મનો ધોરી;
એકલમલ્લ અખંડ જે, કાપે કર્મની દોરી. રે ભવિ૦
॥૧॥ દાન શીયલ તપ ત્રણએ, પાતિક મલ ધોવે;
ભાવ જો ચોથો નવિ ભલે, તો તે નિષ્ફલ હોવે. રે
ભવિ૦ ॥ ૨ ॥ વેદ પુરાણ સિદ્ધાતમાં, ષટ્દર્શન
ભાખે; ભાવવિના ભવસંતતિ, કુણ પડતાં રાખે.
રે ભવિ૦ ॥૩॥ તારક રૂપ એ વિશ્વમાં, જંપે જગ
ભાણ; ભરતાદિક શુભ ભાવથી, પામ્યા પદ નિર્વાણ.
રે ભવિ૦ ॥૪॥ ઔષધ આય ઉપાય જે,મંત્ર યંત્રને
મૂલી,ભાવે સિદ્ધિ હોવે સદા,ભાવ વિના સર્વ ધૂલી.
રે ભવિ૦ ॥૫॥ ઉદયરત્ન કહે ભાવથી,કુણકુણ નર
તરિયા; શોધી લેજો સૂત્રમાં, સજ્જન ગુણ દરિયા.
રે ભવિ૦ ॥૬॥

---

# પંચમીની સજ્ઝાય

( શ્રી ગુરુપદપંકજ નમી જી—એ દેશી. )

પ્રવચન વચન વિચારીએ જી, વળી ધરી ધર્મ વિલાસ; ગુરુપરંપરા ભગવતી જી, સેવિજે સુવિલાસ, ચતુર નર સમજો ધર્મવિવેક. ॥ ૧ ॥ મુક્તિ મહેલનો દીવડો જી,પહેલો જ્ઞાનપ્રકાર; જ્ઞાન-વિના તપ જપ ક્રિયા જી, નાવે ફલ નિર્ધાર. ચતુર નર૦ ॥૨॥ એકેન્દ્રિય સુર નારકી જી, ન કરે કવલ આહાર; જ્ઞાન વિના નવિ જિન કહે જી,તેહને તપ આચાર. ચતુર૦ ॥૩॥ પૃથ્વી પાણી પ્રમુખના જી, થાવર ભેદ અનેક; પ્રગટપણે તેહને નહિ જી,પાપસ્થાનક એક. ચતુર૦ ॥ ૪ ॥ તોપણ અજ્ઞાનપણે જી, લાગે સઘલાં રે પાપ;જ્ઞાનીને બહુ નિર્જરા જી,ભાખે અરિહંત આપ. ચતુર૦ ॥ ૫ ॥ દયા પાળે પારેવડા જી,કુક્કર શુદ્ધ આહાર; નાગા ચોપદ સહુ ફિરે જી, તોપણ નહિ ભવપાર. ચતુર૦ ॥ ૬ ॥ જાણે જીવ અજીવને જી,વળી ત્રસ થાવર પ્રાણ;તે જીવને જિનજી કહે જી,શુદ્ધ પણે પચ્ચખ્ખાણ. ચતુર૦ ॥૭॥ રાગદ્વેષ છંડે સહી જી,જ્ઞાની નિજ પણ જાણ; જ્ઞાને શુદ્ધ ક્રિયા ફલે જી,જ્ઞાને હોય ઉજ્જવલ ધ્યાન.ચતુર૦ ॥૮॥ ગુણ ઉપયોગ છે જીવને જી, પહેલો જ્ઞાન

પ્રકાશ,માનવિજય વાચક વદે જી,જુઓ જુઓ જ્ઞાન ઉજાસ. ચતુર૦ ॥૯॥

---

## શ્રી લબ્ધિવિજયજીકૃત જીભલડીની સજ્ઝાય

બાપલડી રે જીભલડી તું, કાં નવિ બોલે મીઠું, વિરૂવાં વચનતણાં ફળ વિરૂવાં,તે શ્યું તેં નવિ દીઠું રે.બા૦ ॥૧॥ અન્નઉદક અણગમતો તુઝને,જો નવિ રૂચે અનિઠો, અણબોલાવ્યો તું શ્યા માટે,બોલે કુવચન ધીઠો રે.બા૦ ॥૨॥ અગ્નિ દાધો તે પણ પાલે, કુવચન દુર્ગતિ ઘાલે,અગ્નિથકી અધિકું તે કુવચન, તે તો ખિણ ખિણ સાલે રે.બા૦ ॥૩॥ તે નર માન મહોત નવિ પામે,જે નર હોય મુખરોગી, તેહને તો કોઈ નવિ બોલાવે,તે તો પ્રત્યક્ષ સોગી રે.બા૦॥૪॥ ક્રોધે ભર્યો ને કડવું બોલે, અભિમાને અણગમતે, આપતણો અવગુણ નવિ દેખે, તે કિમ જાશે મુગતેં રે. બા૦ ॥૫॥ જન્મ જન્મની પ્રીતિ વિણાસે, એકણ કડુએ બોલે, મીઠા વચન થકી વિણ ગર્થે, લેવો સબજગ મોલે રે. બા૦ ॥૬॥ આગમને અનુસારે હિતમતિ, જે નર રૂડું ભાખે, પ્રગટ થઈ પરમેશ્વર તેહની, લજ્જા જગમાંહી રાખે રે.બા૦ ॥૭॥ સુવચન કુવચનનાં ફળ જાણી, ગુણ અવગુણ મન

આણી, વાણી બોલો અમીય સમાણી, લબ્ધિ કહે સુણ પ્રાણી રે. બા૦ ॥૮॥

---

## શ્રી વીરકૃત લોભ નિવારકની સજ્ઝાય

રાત દિવસ કાયા મૂઢ પોષે રે,પછે અનંત દુઃખી જીવ હોસે રે,જીવ જુઓને હૃદય વિચારી રે, આંખ મીંચી તો ઋદ્ધિ પરાઈ રે. ॥ ૧ ॥ એ તો કાયા અમર ન હોઈ રે, વીર વચન સુણો સહુ કોઈ રે, એ તો દૂધ દહીં દેહલાલે રે,પાણી ઘણું પખાલે રે. ॥૨॥ શણગાર તણે રસ લાગ્યો રે,જીવ નિશ્ચે જાઈશ નાગો રે, પાંચે ઇંદ્રિના સુખ નવિ છોડે રે, ધર્મસ્થાનકે આળસ મોડે રે. ॥ ૩ ॥ ખાય ખેલે હસે મદ આણે રે,ભોળો ધર્મનું નામ ન જાણે રે,પુણ્ય વિના ધનને મોહે રે,ધૂત કારણ તે જલ ડોહે રે.॥૪॥ જીવ ધનને સઘળા ધ્યાવે રે,પણ પૂર્વે દીધું પાવે રે,અતિ લોભ કિહાં ન સમાવે રે, લાખ કોડે તૃપ્તિ નવિ થાવે રે. ॥૫॥ સોનાની ડુંગરી કીધી રે, નવનંદે સાથે નવિ લીધી રે, ત્યારે ચોર કાયાથકી ટાળો રે, શુદ્ધ સમકિત શીયલવ્રત પાળો રે. ॥૬॥ તપ કરી કાયા અજુઆળો રે, રાગદ્વેષ વૈરી દોય ટાળો રે,એ તો શીખ ચલે જે કોઈ રે, તેને અવિચળ પદવી

હોઈ રે, ગુરુજ્ઞાનીને ઉપગારી રે, વીર વચન સુણો નરનારી રે. ॥૭॥

---

## શ્રી તત્ત્વવિજયજીકૃત
## અન્યત્વસંબંધની સજ્ઝાય

( ધન ધન સંપ્રતિ સાચો રાજા—એ દેશી )

કેહનાં રે સગપણ કેહની રે માયા, કેહના સજન સગાઈ રે; સજન વર્ગ કોઇ સાથે ન આવે, આવે આપ કમાઈ રે. કેહનાં રે૦ ॥૧॥ માહરું માહરું સહુ કહે પ્રાણી, તાહરું કુણ સહાઈ રે,આપ સ્વારથ સહુને વહાલો,કુણ સજ્જન કુણ માઇ રે.કેહનાં રે૦ ॥૨॥ ચુલણી ઉદરે બ્રહ્મદત્ત આવ્યો, જુઓ માત સગાઈ રે; પુત્ર મારણ આગ જ દીધી, લાખનું ઘર નીપજાવી રે. કે૦ ॥ ૩ ॥ કષ્ટપંજર દેઈને મારે, પાંચસે [૧]નાડી ધાઈ રે,કોણિકે નિજ તાત જ હણીયો, તો કિહાં રહી પુત્ર સગાઈ રે. ॥ ૪ ॥ ભરત બાહુબલ આપે લડીઆ,આપેં આપેં સજ્જ થઈ રે,બાર વરસ સંગ્રામ જ કરીયો,તો કિહાં રહી ભ્રાત સગાઈ રે. કે૦ ॥ ૫ ॥ ગુરુ-ઉપદેશથી રાય પ્રદેશી, સુધું સમકિત પાઈ રે; સ્વાર્થ વિણ સુરીકંતા નારી,

---

૧ કોયડા.

માર્યો પીઉ વિષ પાઈ રે. કે૦ ॥ ૬ ॥ નિજ અંગ-જના અંગજ છેદે, જુઓ રાહુ કેતુ કમાઈ રે; સહુ સહુને નિજ સ્વાર્થ વહાલો, કુણ ગુરુ ને ગુરુભાઈ રે. કે૦ ॥૭॥ સુભૂમ પરસુરામ જ દોય, માહો માંહે વેઢ[૧] બનાઇ રે, ક્રોધ કરીને નરકે પોહોતા, તો કિહાં રહી તાત સગાઈ રે. ॥૮॥ ચાણાયકે પર્વત સાથે, ક્રીધી મિત્ર ઠગાઈ રે; મરણ પામ્યાથી મનમાં હરખ્યો, તો કિહાં રહી મિત્ર સગાઈ રે. કે૦ ॥ ૯ ॥ આપ સ્વાર્થ સહુને વહાલો, કુણ સજ્જન કુણ માઈ રે; જમરાજનો તેડો આવ્યો, ટગમગ જોવે ભાઈ રે. કે૦ ॥ ૧૦ ॥ સાચો શ્રીજિનધર્મ સખાઇ, આરાધો લય લાઇ રે; દેવવિજય કવિ સીસ તો ઇણીપરે, તત્ત્વ-વિજય સુખદાઇ રે. કે૦ ॥૧૧॥

---

## શ્રી લબ્ધિવિજયજીકૃત

## આત્મબોધની સજ્ઝાય

કાંઈ નવિ ચેતે રે ચિત્તમાં જીવડા રે, આયુ ગલે દિન રાત; વાત વિસારી રે ગર્ભાવાસની રે, કુણ કુણ તાહરી જાત. કાંઇ૦ ॥ ૧ ॥ તું મત જાણે રે આ ધન માહરું રે, કુણ માતા કુણ તાત, આપ સ્વાર્થ

---

૧ લડાઈ.

સહુ કોઇ મિલ્યું રે, મ કર પરાઇ તાંત. કાંઇ૦ ॥૨॥
દોહિલો દીસે રે ભવ માનવ તણો રે, શ્રાવક કુલ
અવતાર, પ્રાપ્તિ પૂરી રે ગિરુઆ ગુરુતણી રે, નહીં
તુઝ વારો રે વાર.કાંઇ૦॥૩॥ પુણ્ય વિહુણો રે દુઃખ
પામે ઘણું રે, દોસ દીએ કિરતાર, આપ કમાઇ રે
પૂરવ ભવતણી રે,ન મિટે તેહ લગાર. કાંઇ૦ ॥ ૪ ॥
કઠીન કર્મને અહર્નિશ જે કરે રે,તેહનાં ફલ વિપાક
હું નવિ જાણું રે,કુણ ગતિ તાહરી રે, તે જાણે વીત-
રાગ કાંઇ૦ ॥૫॥ તુજ દેખતાં રે જોયને જીવડા રે,
કુણ કુણ ગયાં નરનાર, ઇમ જાણીને નિશ્ચેં જાણવું
રે, ચેતન ચેત ગમાર. કાંઇ૦ ॥ ૬ ॥ તેં દુઃખ લહ્યાં
રે, બહુ રમણીતણાં રે, અનંત અનંતી રે વાર,
લબ્ધિ કહે રે જિનજીને જે ભજે રે, પામે તે મુક્તિ
દ્વાર. કાંઇ૦ ॥૭॥

---

## શ્રી પદ્મવિજયજીકૃત આંબિલતપની સજ્ઝાય

( દેશી રસીયાની )

શ્રી મુનિચંદ્ર મુનીશ્વર વંદિયે, ગુણવંતા ગણ-
ધાર, સુજ્ઞાની, દેશના સરસ સુધારસ વરસતા, જ્યું
પુષ્કર જલધાર. સુ૦ શ્રી૦ ॥૧॥ અતિશય જ્ઞાની
પર ઉપકારીયા, સંયમ શુદ્ધ આચાર, સુ૦ શ્રી

શ્રીપાલ ભણી જાપ આપીયો, કરી સિદ્ધચક્ર ઉદ્ધાર.
સુ૦ શ્રી૦ ॥૨॥ આયંબિલ તપવિધિ શીખી આરા-
ધીયો, પડિક્કમણાં દોય વાર,સુ૦. અરિહંતાદિક પદ
એક એકનું, ગુણણું દોય હજાર. સુ૦ શ્રી. ॥ ૩ ॥
પડિલેહણા દોય ટંકની આદરે, જિનપૂજા ત્રણ
કાલ, સુ૦ બ્રહ્મચારી વલી ભૂંઇસંથારવું, વચન
ન આલપંપાલ. સુ૦શ્રી૦ ॥૪॥ મન એકાગ્ર કરી
આયંબિલ કરે, આસો ચૈતર માસ, સુ૦,શુદિ સાત-
મથી નવ દિન ક્રીજીયે, પૂનિમેં ઓચ્છવ ખાસ. સુ૦
શ્રી૦ ॥૫॥ ઇમ નવ ઓલી એકાશી આયંબિલેં,
પૂરી પૂરણ હર્ષ,સુ૦ઉજમણું પણ ઉદ્યમથી કરે,સાડા
ચ્યારે રે વર્ષ. સુ૦ શ્રી૦ ॥ ૬ ॥ એ આરાધનથી
સુખ સંપદા, જગમાં ક્રીરતિ થાય, સુ૦ રોગ ઉપ-
દ્રવ નાસે એહથી, આપદ દૂરેં પલાય. સુ૦ શ્રી૦
॥૭॥ સંપદા વાધે અતિય સોહામણી, આણા હોય
અખંડ, સુ૦ મંત્રયંત્ર તંત્રે કરી સોહતો, મહિમા
જાસ પ્રચંડ. સુ૦ શ્રી૦॥૮॥ ચક્રેસરી જેહની સેવા
કરે, વિમલેસર વલી દેવ; સુ૦ મન અભિલાસ પૂરે
સવિ તેહના, જે કરે નવપદ સેવ. સુ૦ શ્રી૦ ॥ ૯ ॥
શ્રીપાલે તેણીપરેં આરાધિઉં, દૂર ગયો તસ રોગ,
સુ૦ રાજઋધે દિન દિન પ્રતિ વાધતો, મનવંછિત
લહ્યા ભોગ. સુ૦ શ્રી૦ ॥૧૦॥ અનુક્રમે નવમે ભવ

સિદ્ધિ વર્યા, સિદ્ધચક્ર સુપસાય, સુ૦ એણિપરેં જે નિત નિત આરાધશ્યે, તસ જશવાદ ગવાય. સુ૦ શ્રી૦ ॥ ૧૧ ॥ સંસારિક સુખ વિલસી અનુક્રમેં, કરીય કર્મનો રે અંત, સુ૦ ઘાતી અઘાતી ક્ષય કરી, ભોગવે શાશ્વત સુખ અનંત. સુ૦ શ્રી. ॥ ૧૨ ॥ એક ઉત્તમ ગુરુ વયણ સુણી કરી, પાવન હુઆ બહુ જીવ, સુ૦ પદ્મવિજય કહે એ સુરતરુ સમો, આપે સુખ સદૈવ. સુ૦ શ્રી૦ ॥૧૩॥

---

## शिखामणनी सज्झाय

તવ સોહમ ગણધર કહે, સહુને હિત કામે, ઋષભદત્ત આદે કરી, નિસુણે શિરનામી એ દુષ્કર અછે પાલવું, વચ્છ દુઃષ્કર કરવું, વિણ પ્રવહણ નિજ બાહુસું, જલનિધિનું તરવું. ॥૧॥ પંચ મહાવ્રત પાલવાં, નિત્ય ત્રિકરણ શુદ્ધેં, દશવિધ ધર્મ આરાધવો, મનઋજુતા સુદ્ધેં, ગચ્છ પરંપરા વર્તવું, અહનિશિ ગુરુસેવા, ગુરુઆણા નિત ધારવી, જેમ મીઠા મેવા. ॥૨॥ વિનય વિવેક કરી ઘણો, ગુરુસ્યું મન મેલે, તત્ત્વહિતાહિતવાતસ્યું, નિજ મનડું મેલે, વચને સંતોષે સહુ, જિમ જલની ધારા, ગુરુ મનડું રાજી કરી, લહે આગમ પારા. ॥ ૩ ॥ સમુદાણી વૃત્તિ

કરી જે એસણ શુધ્ધે, ગ્રાસ લીયે દેહ ધારવા, નહીં લંપટ બુધ્ધે, અણમિલતે ઉણો નહીં, મિલે ગર્વ ન ધારે,સહે શીખ સમતારસે ઇંગીત આકારે. ॥૪॥ સર્વ સહે પૃથ્વીપરે એ લક્ષણ ધરવું, પ્રવચનમાતા આઠ જે,તસ ચિંતન કરવું,ગ્રહી પ્રસંગ કરવો નહીં, સાવદ્ય ન કરવું આપ ડહાપણ ગોપવી, ગુરુવચને રહેવું. ॥૫॥ જાવજીવ ગુરુસેવના, કરતાં તપ સાધે, દશવિધ વૈયાવચ્ચ કરે,તો જગ જસ વાધે, પરિસહ સઘળા જીપવા,કરુણા દિલ આણે,નિશ્ચય નય વ્યવહારસ્યું, સમયાદિક જાણે. ॥ ૬ ॥ વિષય કષાય નિવારવા, દૂરે પરમાદ,હસિત વદન હેજાલુઓ,હોયે વચન સ્વાદ, ધર્મ લહે ભવિ દેખીને, તે મુદ્રા ધારે, ઇમ આપોપૂં તારતો, પરને પણ તારે. ॥૭॥ કપટે ધર્મ ન આચરે,ન ધરે બગમાયા,શત્રુ મિત્ર સરિખા-ગણે,સમ રંક ને રાયા, અનિયત વાસ વસે સદા,જે અપ્રતિબધ,આધાકર્માદિક ન લ્યે,થાપણ પ્રતિબંધ. ॥૮॥ વચ્છ ચારિત્ર તેહનું સહી, જે નિજ અજુઆલે, સિંહપણે જે આદરી સિંહનીપરે પાલે, સ્યું સંયમ લીધા માટે, સંસાર તરીજે, મલિનપણે ભારે હોએ, જેમ કંબલ ભીંજે.॥૯॥ સાહમાં છિદ્ર જોવે ઘણાં,ગુરુવાદિક કેરાં, શીખદીયંતાં રીશવે, અવગુણ અવકેરાં, રીશેં ધડહડતો રહે, વહે આપ મુરાદ,-

એકાકી નિજ ચિત્તસ્યું,સેવે પરમાદ.॥ ૧૦ ॥ કથન ન માને કેહનું,જેમ વાંકા ઘોડા,મુદ્રા પણ તેહવી ધરે, જીમ બંભણત્રોડા, આગમ અર્થ લહી કરી, હોયે ગુરુથી વાંકા, મસકજલોકાની પરે, દુઃખ દાયક માંકા. ॥૧૧॥ તેહભણી પ્રભવા સુણો, છો ધર્મના અર્થી, ભક્તિવંત ભદ્રક મને,લાજે જે પરથી,દીક્ષા ગ્રહી તેહની ખરી, જે સમતા આણે,ઇહિભવ પરભવ કેરડાં,તે સવિ સુખ માણે. ॥ ૧૨ ॥ જો મનડું સુધું હોયે, તો લેજ્યો દીક્ષા,સોવન કસવટની પરે,સહેવી છે શિક્ષા, નિતનિત અછે ઝુઝવું, સંયમને કામે, વીસવિશ્વા આવ્યું હોએ,જો નિજ મન ઠામે.॥૧૩॥ હિતશિક્ષા એમ સાંભલી, શ્રી સોહમ કેરી, સંઘ સકલ સોભાગીઓ,રહ્યો ગુરુને ઘેરી,વાન્દાં જયતણાં તિહાં ગુહિરાં અતિ ગાજે, નયવિમલ કહે જૈનની, ઠકુરાઈ છાજે. ॥૧૪॥

---

## શ્રી માનવિજયજીકૃત

# દશ ચંદરવાનો સજ્ઝાય

દેશી ચોપાઈ

ઢાલ ૧ લી.

સમરી સિદ્ધ અનંત મહંત, કેવલ જ્ઞાની સિદ્ધિ

વર્ત્તંત; ચંદરવા ઘરમાં દશ ઠામ, તેહ તણાં કહું સુણજો નામ. ॥૧॥ [૧]ભોજન [૨]પાન [૩]પીષણ [૪]ખાંડણે, [૫]શય્યા [૬]સંઝે રે અન્ન તણે, [૭]દેરાસર [૮]સામાયક જાણ, છાશ દહીં વિગયાદિક[૯] ઠામ. ॥ ૨ ॥ [૧૦]ચૂલા ઉપર ચતુર સુજાણ, ચંદરવા બાંધો ગુણ ખાણ; તેહ તણાં ફલ સુણજો સહુ, શાસ્ત્રાંતરથી જાણી કહું. ॥૩॥ જંબુદ્વીપ ભરત મંડણો, શ્રીપુરનગર દુરિતખંડણો, રાજ કરે શ્રી જિન મહારાજ, તસ નંદન કુષ્ટિ દેવરાજ. ॥ ૪ ॥ ત્રિક ચોક ચાચરને ચોતરે, પડહ વજાવી એમ ઉચ્ચરે, કોઢ ગમાવે નૃપસુત તણો, અર્ધરાજ દેઉં તસ આપણો. ॥૫॥ જસોદિત્ય વ્યવહારી તણી, એણી પરે કુંવરી સાંભલી ભણી; (લક્ષ્મીવંતી નામ છે) પડહ છબી તેણે ટાલ્યો રોગ, પરણ્યાં તે બહુ વિલસે ભોગ. ॥૬॥ અભિનંદન નંદન ને રાજ, આપી દીક્ષા લહે જિનરાજ; દેવરાજ હુઆ મહારાજ, અન્ય દિવસ આવ્યા મુનિરાજ. ॥૭॥ સુણી વાત વંદન સંચર્યો, હય ગય રથ પાયક પરવર્યો, અભિગમ પંચે તિહાં અનુસરી, નૃપ બેઠો શ્રુતવંદન કરી. ॥ ૮ ॥ સુણી દેશના પૂછે વાત, વિલસી સાત વરસ જે વ્યાપ; કિમ કુંવરી કર ફરસે ટલી, કિમ કરપીડ ન એહસું વલી. ॥ ૯ ॥ જ્ઞાની ગુરુ કહે સૂણ તું

ભૂપ, પૂરવભવનો એહ સ્વરૂપ; મિથ્યામતિ વાસિત પ્રાણીયો, દેવદત્ત નામે વાણિયો. ॥૧૦॥ મહેશ્વરીનંદન તસસુત ચ્યાર, લઘુ બંધવ તું તેહ મઝાર,કુડકપટ કરી પરણી હુઆ,મૃગસુંદરી શ્રાવકની ધુઆ. ॥ ૧૧ ॥ લઘુવયથી તેણીને નિયમ, જિનવંદન વિણ નવિ ભુંજિમ,શુભગુરુને વલી દેઈ દાન, રાત્રિભોજનનું પચ્ચખ્ખાણ.॥૧૨॥ પરણીને ઘરે તેડી વહુ , રાતે જમવા બેઠા સહુ, મૂળા મોઘરીને વંતાક, ઇત્યાદિક તિહાં પીરસ્યાં શાક. ॥૧૩॥ તેડે વહુ જમવા પાંતમાં, તે કહે હું ન જમું જિહાં લગે આતમા,સસરો કહે તું મ પડ ફંદમાં,મત વાંદો જિનવર મહાત્મા. ॥ ૧૪ ॥ ત્રણ દિવસ કીધા ઉપવાસ, ચોથે દિન ગઈ મુનિવર પાસ, વાંદી કહે નિશિ ભોજન તજ્યું,કિમ જિનચરણકમલને ભજ્યું, કિણીપરે દઉં મુનિવરને દાન, મિથ્યામતિ ઘરમાં અસમાન. ॥૧૫॥

## ઢાલ ૨૭

( પૂન્ય ન પ્રશંસીએં—એ દેશી )

શાસ્ત્ર વિચારી ગુરુ કહે રે, સુણ મૃગસુંદરી બાલ, ચૂલા ઉપર ચંદ્રવો રે, તું બાંધે ચોસાલ રે, લાભ અછે ઘણો. ॥૧॥ પંચ તીથ દિન પ્રતે કરે

રે, શત્રુંજય ગિરનાર, આબુ અષ્ટાપદ વલી રે,સમેત શિખર શિરદારો રે. લાભ૦ ॥ ૨ ॥ પાંચ મુનિવરને ભાવથી રે,પડિલાભે જેટલો,તેટલો ફાલતું જાણજે રે, એક ચંદ્રોદય સારો રે.લાભ૦ ॥૩॥ ગુરુ વાંદી નિજ ઘર જઈ રે, ચૂલા ઉપર ચંગ, ચંદ્રોદય તેણે બાંધિયો રે, જીવદયા મન રંગ રે. લાભ ॥ ૪ ॥ સસરે નિજ સુતને કહ્યું રે, દેખી તેણે તત્કાલ, તુજ કામિની કામણ કીયાં રે, તેણે તે નાખ્યો જવાલ રે. લાભ૦ ॥ ૫ ॥ વલી વલી બાંધે કામિની રે, વલી વલી જવાલે રે કંત, સાત વાર એમ જવાલીયો રે, ચંદ્રોદય તેણે તંત રે. લાભ૦ ॥૬॥ સસરો કહે શું માંડીયો રે, એ ઘરમાંહે ધંધ, સ્યો ચંદ્રુવો સ્યું કરે રે, નિશિભોજન તુમે મંડો રે. લાભ૦ ॥૭॥ સા કહે જીવજતના ભણી રે,એ સઘલો પ્રયાસ,નિશિભોજન હું નવિ કરું રે, જો કાયામાં શ્વાસ રે. લાભ૦ ॥૮॥ શેઠ કહે નિશિભોજન કરો રે,તો રહો અમઆવાસ, નહિ તો પીઅર પહોંચજો રે,તુમ સ્યું શ્યો ઘરવાસ રે. લાભ૦ ॥ ૯ ॥ સા કહે જેમ જન પરવર્યા રે, તેડી લાવ્યાં રે ગેહ, તિમ મુજ પરિવારે પરવર્યા રે, પહોંચાડો સસનેહ રે. લાભ૦ ॥૧૦॥

## ઢાલ ૩જી

કપૂર હોયે અતિ ઉજલો રે —એ દેશી.

દેવદત્ત વ્યવહારીયો રે, આણી મનમાં રીશ,
વહુ વેાળાવણ ચાલીયેા રે,લઈ સાથે જગીશેા રે,પ્રાણી
જીવદયા મન આણ. ॥ ૧ ॥ એ સઘલા જિનની
વાણી રે પ્રાણી,ધર્મરાય પટ્ટરાણી રે પ્રાણી,એ આપે
કેાડી કલ્યાણી રે પ્રાણી. જીવ૦ ॥ ૨ ॥ અનુક્રમે
મારગ ચાલતાં રે, શેઠ સહેાદર ગામ, જામિની[૧]
જમવા તેડીઆ રે,તેણે નિજ ધામ રે પ્રાણી૦ જીવ૦
॥ ૩ ॥ ન જમે શેઠ તે વહુ વિના રે, વહુ પણ ન
જમે રાત, સાથે સર્વે નવિ જમ્યાં રે, વાધિ બહુલી
રાત રે. પ્રાણી૦ ॥ ૪ ॥ શેઠ સગાં રાતેં જમ્યાં રે,
મરી ગયાં તે આપ, ચેાખા ચરુમાં દેખીયેા રે, રાતેં
રંધાણેા સાપ રે. પ્રાણી૦॥ ૫ ॥ શેઠ કહે અમ કુલ
તણી રે, તું કુલદેવીમાય, કુટુંબ સહુ જીવાડીયેા
રે, એમ કહી લાગ્યેા પાય રે. પ્રાણી૦ ॥૬॥ નવકાર
મંત્ર ભણી કરી રે,છાંટીયાં સહુને નીર,ધર્મપ્રભાવે
તે થયા રે, ચેતન સઘલા જીવ રે. પ્રાણી૦ ॥ ૭ ॥
મૃગસુંદરી પ્રતિબૂઝ્યેા રે, શેઠ સયલ વડભાગ,
*જિનશાસન દીપાવીયેા રે, પામી તે સયલ સેાભાગ*

---

૧ રાત્રિએ.

રે. પ્રાણી૦ ॥ ૮ ॥ રયણીભોજન પરિહર્યાં રે, ચંદ્રુવા સુવિસાલ, ઠામ ઠામ બંધાવીયા રે, વર્ત્યો જયજયકાર રે. પ્રાણી ૦॥૯॥ ચુલક ઘરંટી ઉખલો રે,ગ્રસની સમાર્જની જેહ, પાણિઆરું એ ઘરકેરું રે પાંચે આખેટક એહ રે, પ્રાણી૦ ॥ ૧૦ ॥ (ઉપરના ચૂલાદિક પાંચે વસ્તુ અજયણાદિકથી વાપરે તો પાંચ ખાટકી જેટલું પાપ લાગે છે) પાંચે આખેટક દિન પ્રત્યે રે, કરતા પાતક જેહ, ચૂલા ઉપર ચંદ્રુવો રે, નવિ બાંધે તસગેહ રે. પ્રાણી૦॥ ૧૧॥ સાત ચંદ્રુવા બાલીયા રે,તેણે કારણ ભવ સાત, કોઢ પરાભવ તેં સહ્યા રે, ઉપર વરસ સાત રે. પ્રાણી૦ ॥૧૨॥ જ્ઞાની ગુરુમુખથી સૂણી રે, પૂર્વભવ વિસ્તાર,જાતિસ્મરણ ઉપન્યું રે,જાણ્યો અસ્થિર સંસાર રે.પ્રાણી૦॥૧૩॥ પંચ મહાવ્રત આદરી રે, પાલી નિરતિચાર, સ્વર્ગે સિધાવ્યાં દંપતી રે,જિહાં માદલના ઘોંકાર રે.પ્રાણી૦ ॥૧૪॥ સંવત (૧૭૩૮) સત્તર આડત્રીશ સમેં રે, વદિ દશમી બુધવાર,રત્નવિજય ગણિવર તણો રે,એ રચિયો અધિકાર રે. પ્રાણી૦ ॥૧૫॥ તપગછ નાયક સુંદરુ રે શ્રીવિજયપ્રભસૂરીંદ, કીર્તિવિજય વાચક તણો રે, માનવિજય કહે શિષ્ય રે. પ્રાણી૦ ॥૧૬॥

# હોકાની સજ્ઝાય

ઇડર આંબા આંબલી રે—એ દેશી.

હોકેા રે હોકેા શું કરો રે, હોકેા તે નરકનું ઠામ, જીવ હણાયે અતિ ઘણા રે, વાયુકાય અભિરામ, ભવિકજન મૂકેા હોકાની ટેવ, સુખ પામેા સ્વયમેવ. ભવિકજન મૂકેા૦ ॥૧॥ જ્યાં લગે હોકેા પીજીયે રે, તિહાં લગે જીવ વિનાશ, પાપ બંધાયે આકરાં રે, દયાતણી નહીં આશ. ભવિક૦ ॥૨॥ જે પ્રાણી હોકેા પીએ રે તે પામે બહુ દુઃખ, એમ જાણીને પરિહરો રે, પામેા બહુલું સુખ. ભવિક૦ ॥૩॥ [૧] ગજલગે ધરતી બલે રે, જીવ હણાયે અનંત, જે નર હોકેા મેલશે રે, તસ મલશે ભગવંત. ભવિક૦ ॥૪॥ દાવાનલ ઘણા પરજલે રે, હોકાનાં ફલ એહ, નરકે જાશે બાપડા રે, ધર્મ ન પામે તેહ. ભવિક૦ ॥૫॥ એકેંદ્રિ બેઇંદ્રિમાં રે, ફિરે અનંતી વાર, છેદન ભેદન તાડના રે, તિહાં લહે દુઃખ અપાર. ભવિક૦ ॥૬॥ વ્યસની જે હોકા તણા રે, તલપ લાગે જબ આય, વનમાં વૃક્ષ છેદી કરી રે, અગ્નિ પ્રજ્વલિત કરાય. ભવિક૦ ॥૭॥ તિહાં ષટ્કાયના જીવની રે, હિંસા નિરંતર થાય,

---

૧ સવાહાથ.

હોકાનું જલ જીહાં ઢોલીયે રે,તિહાં બહુ જીવ હણાય. ભવિક૦ ॥૮॥ પોતે પાપ પૂરણ કરે રે, અન્યને દે ઉપદેશ, વલી અનુમોદન પણ કરે રે, ત્રિકરણે થાયે ઉદ્દેશ. ભ૦ ॥૯॥ મુખ ગંધાયે પીનારનું રે, બેસી ન શકે કોઈ પાસ,જગમાં પણ રુડું નહિ રે,પૂન્ય તણો થાયે નાશ. ભ૦ ॥૧૦॥ સંવત અઢાર બહોંતરે રે, ઉજવલ શ્રાવણ માસ, વાર બૃહસ્પતિ શોભતો રે, પૂનમ દિન શુભ ખાસ. ભ૦ ॥૧૧॥ તપગચ્છ મંડન સેહરો રે, દાનરત્નસૂરિરાય, મલુકરત્ન શિષ્ય શોભતા રે, આનંદ હરખ ન માય. ભ૦ ॥૧૨॥ પરચા પૂરણ ગિરુઆ ધણી રે, શિવરત્ન તસુ શિષ્ય, હોકાનાં ફલ એમ કહ્યાં રે, ખુશાલરત્ન સુજગીશ. ભવિક૦ ॥૧૩॥

---

## ज्ञानविमलजीकृत चरणकरण सित्तरी सज्झाय

પંચ મહાવ્રત દશવિધ યતિધર્મ, સત્તર ભેદે સંયમ પાલે જી, વૈયાવચ્ચ દશ નવવિધ બ્રહ્મ, વાડ ભલી અજુઆલે જી,ભવિજન ભાવે મુનિ ગુણ ગાવો. ॥૧॥ જ્ઞાનાદિ ત્રય બારે ભેદે, તપ કરે જે અનિયાણોજી, ક્રોધાદિક ચારેનો નિગ્રહ, એ ચરણસિત્તરિ જાણો જી. ભવિ૦ ॥૨॥ ચઉવિહપિંડ વસતિ વસ્ત્ર

પાત્ર,નિર્દૂષણ જે લેવેજી,સમિતિ પાંચ વલી પડિમા બારે, ભાવના બારે સેવે જી. ભવિ૦ ॥૩॥ પચવીસ પડિલેહણ પણેંદ્રિય, વિષય કષાયથી વારે જી, ત્રણ ગુપ્તિનેચ્યાર અભિગ્રહ,દ્રવ્યાદિક સંભારે જી.ભવિ૦ ॥૪॥ કરણ સિત્તરી એહવી ધારી, ગુણ અનંત વલી સેવે જી, સંજમી સાધુ તેહને કહીયેં, બીજા સવિ નામ ધરાવે જી. ભવિ૦ ॥૫॥ એ ગુણવિણ પ્રવ્રજ્યા બોલી, આજીવિકાને તોલે જી, તે ષટ્કાય અસંજમી જાણો, ધર્મદાસ ગણી બોલે જી.ભવિ૦ ॥૬॥ જ્ઞાનવિમલ ગુરુઆણા ધારી, સંયમ શુદ્ધ આરાધો જી,જેમ અનોપમ શિવસુખ સાધો,જગમાં કીર્તિ વાધો જી.ભવિ૦ ॥૭॥

---

## असज्झा वारकनी सज्झाय

પવયણ દેવી સમરી માત, કહિશું મધુરી શાસન વાત, ધર્મ આશાતન વર્જી કરો, પુણ્ય ખજાનો પોતે ભરો૦ ॥૧॥ આશાતન કહિયેં મિથ્યાત્વ,તસ વર્જન સમકિત અવદાત,આશાતન કરવા મન કરે, દીર્ઘ ભવદુઃખ પોતે વરે૦ ॥૨॥ અપવિત્રતા આશાતન મૂલ,તેહનું ઘર ઋતુવંતી પ્રતિકૂલ, તે ઋતુવંતી રાખો દૂર,જો તુમે વાંછો સુખ ભરપૂર.

॥૩॥ દર્શન પૂજા અનુક્રમે ઘટે, ચારે સાતે દિવસે મટે, પર શાસન પણ એમ સદ્દહે, ચારે શુદ્ધ હોયે તે કહે૦ ॥૪॥ પહેલે દિન ચંડાલણી કહી, બીજે દિન બ્રહ્મઘાતિની સહી, ત્રીજે દિન ધોબણ સમ જાણ, ચોથે શુદ્ધ હોયે ગુણખાણ૦ ॥૫॥ ઋતુવંતી કરે ઘરનું કામ, ખાંડણ પીસણ રાંધણ ઠામ, તે અન્નેં પ્રતિલાભ્યા મુણિ, સદ્ગતિ સઘલી પોતે હણી૦ ॥૬॥ તેહજ અન્ન ભર્ત્તાદિક જીમે, તેણે પાપે ધન દૂર ગમે, અન્નસ્વાદ ન હોયે લવલેશ, શુભ કરણી જાયે પરદેશ૦ ॥૭॥ પાપડ વડી કેરાદિક સ્વાદ, ઋતુવંતી સંગતિથી લાદ, લુંડણ ભુંડણ ને સાપણી, પરભવે તે થાયે પાપણી૦॥૮॥ ઋતુવંતી ઘરે પાણી ભરે, તે પાણી દેહસાસરે ચડે, બોધબીજ નવિ પામે કિમે, આશાતનથી બહુ ભવ ભમે૦ ॥૯॥ અસઝાઇમાં જમવા ધસે, વિચે બેસીને મનમાં હસે, પોતેં સવે અભડાવી જીમે, તેણે પાપેં દુર્ગતિ દુઃખ ખમે૦ ॥૧૦॥ સામાયક પડિકમણું ધ્યાન, અસાઝાઇએ નવિ સુઝે દાન, અસઝાઇએ જો પુરુષ આભડે, તેણે ફરસે રોગાદિક નડે૦ ॥૧૧॥ ઋતુવંતી એક જિનવર નમી, તેણે કર્મે તે બહુ ભવ ભમી, ચંડાલણી થઈ તે વલી, જિન આશાતન તેહને ફલી.

॥૧૨॥ એમ જાણી ચોખાઈ ભજો, અવિધિ આશાતન દૂરે તજો, જિનશાસન કિરિયા અનુસરો, જીમ ભવસાયર હેલા તરો૦ ॥૧૩॥ શ્રદ્ધાલુ સેવા વિધિ સાર, અનુષ્ઠાન નિજ શક્તિ અપાર, દ્રવ્યાદિક દૂષણ પરિહરો, પક્ષપાત પણ તેહનો કરો૦ ॥૧૪॥ ધન્ય પુરુષને હોય વિધિ જોગ, વિધિ પક્ષારાધક સવિ ભોગ, વિધિ બહુમાની ધન્ય જે નરા, તેમ વિધિપક્ષ અદૂષક ખરા૦ ॥૧૫॥ આસન્ન સિદ્ધિ તે હોવે જીવ, વિધિ પરિણામી હોયે તસપીવ, અવિધિ આશાતન જે પરિહરે, ન્યાયે શિવલચ્છી તસ વરે૦ ॥૧૬॥

---

## उत्तराध्यनना दशमाध्ययननी सज्झाय

વીર વિમલ કેવળ ધણી જી, સકલ જંતુ હિતકાર, ઉત્તરાધ્યયન દશમે કહ્યો જી, હિતશિક્ષા અધિકાર, ગુણવંતા ગોયમ મ કરો ક્ષણપ્રમાદ.॥૧॥ બહુ ભવભમતાં પામીયો જી, ચરણ ધર્મ પ્રાસાદ, ગુણ૦ એ આંકણી. પાકું પીંપળ પાંદડું જી, પવને ભૂમિ પડંત, બીજાં કુંપળ ઉપજે જી, જીવિત તેમ ઝરંત. ગુણ૦ ॥૨॥ ડાભ અણીજલ બિંદુઓ જી, સ્થિર રહે કેતો કાલ, શ્વાસોશ્વાસને વાયરે જી, જીવિત તેમ વિસરાલ.

ગુણ૦ ॥૩॥ નરભવ થોડો આઉખો જી, ઉપક્રમ કોડિ જંજાલ, આતમ ધર્મ રસિક થઈ જી, પાતિક પંક પખાલ.ગુણ૦॥૪॥ નિશ્ચે નરભવ દોહિલો જી, ભમતાં કાલે અનંત; કર્મ અન્નડિ બાંધીયો જી, ચેતન હસ્તિ મહંત. ગુણ૦ ॥૫॥ પૃથ્વી અપ તેઉ વાયરો જી, બાદર વનમાં અસંખ, સાધારણમાં અનંત છે જી, બિતિચઉરિંદ્રિ સંખ. ગુણ૦ ॥૬॥ સગ અડભવ પંચિંદ્રિના જી,નારકસુર એકવાર,એમ કાયસ્થિતિ ભવસ્થિતિ જી, કિહાંથી નર અવતાર. ગુણ૦ ॥૭॥ સંસરતો સંસારમાં જી, બહુલ પ્રમાદિ જીવ,ગાઢા કર્મ વિપાકથી જી,નરભવ દૂર અતીવ. ગુણ૦ ॥૮॥ પુન્યક્ષેત્ર આર્યપણું જી, નરને દુર્લભ હોય, આર્ય થોડા અનાર્યથી જી, મ્લેચ્છાદિક કુલ જોય. ગુણ૦॥૯॥ આર્યપણે પણ દોહિલો જી,પંચેંદ્રિય નિરોગ,વિગલેંદ્રિય દિશે ઘણા જી,કઠિણ કર્મના ભોગ. ગુણ૦ ॥૧૦॥ પંચેંદ્રિ પૂરી મલી જી, દુલહો જૈનવચન,કુતીર્થે રાચે ઘણા જી,મિથ્યાવાસિત મન. ગુણ૦ ॥૧૧॥ સાંભલતાં પણ દોહિલી જી, સદ્દહણા કહે વીર, સદ્દહતો પણ જીવડો જી, વિરતિ વિષય નહિ ધીર. ગુણ૦॥૧૨॥ અંજલીજલ પરે આઉખું જી,સમય સમય ઝરે દેહ,પંચેંદ્રિય બલ ઘટે જી,જેમ

દીવામાંહે સ્નેહ. ગુણ૦ ॥૧૩॥ અરતિ ગડુ વિશુચિકા જી,આતંક વિવિધ પ્રકાર,કાયાકંચન કુંપલી જી, ગલે જેમ ટંકણખાર. ગુણ૦ ॥૧૪॥ રાગ તજે અમ ઉપરે જી,આદરો ક્ષાયક ભાવ, પાણીમાં પંકજ પરે જી,જેમ હોયે સિદ્ધસ્વભાવ.ગુણ૦॥૧૫॥ છંડીધણ કણ ગેહિનીજી, મિત્ર કુટુંબ પરિવાર,ફરી આદરવો નવિ પડે જી,તેમ ધરો સંયમ ભાર.ગુણ૦ ॥૧૬॥ વિષમકાલે નહિ કેવલી જી,પણ તિહાં ધર્મી જીવ, સંપ્રતિ શિવમાર્ગ છતે જી,કેવલજ્ઞાન પ્રદીવ. ગુણ૦ ॥૧૭॥ બહુ કંટકપંથ પરિહરિ જી, આવ્યો ઉત્તમ ઠામ, જ્ઞાન શ્રદ્ધા ચરણે રમો જી, જેમ લહો પદ નિર્વાણ.ગુણ૦॥૧૮॥ કોઇકિ માનવ માર્ગમાં જી, અતુલ ઉપાડે ભાર, ઉન્માર્ગમાં પડ્યો રડે જી, તેમ ન કરે અણગાર. ગુણ૦ ॥૧૯॥ ભવ સાયર તરવા ભણી જી, સંયમ પ્રવહણ પૂર, તપજપ કિરિયા આકરી જી મોક્ષ નગર છે દૂર.ગુણ૦ ॥૨૦॥ લવણસમુદ્ર તર્યો જેણે જી,ગોપદ કેઈ માત, પંડિત વીર્ય સ્વભાવથી જી,ભવપારંગત થાત.ગુણ૦ ॥૨૧॥ દેહ ઔદારિક વૈક્રિયજી, આહારક તૈજસ કર્મ, છંડી ગોયમ શિવ લહે જી,સાદિ અનંતે ધર્મ.ગુણ૦॥૨૨॥ ક્ષમાવિજય જિન વીરના જી, વયણ સુધારસરેલ,

સીંચો આતમ આરામમાં જી, પ્રસરે બહુ ગુણવેલ.
ગુણ૦ ॥૨૩॥

---

## केशीगोयमनी सज्झाय

એ દોય ગણધર પ્રણમીએ, કેશી ગોયમ ગુણવંત હો મુણિંદ, બહુ પરિવારે પરવર્યા, ચઉનાણી ગુણ ગાજંત હો મુ૦ એ દોય ગણધર પ્રણમીયે. ॥૧॥ સંઘાડા દોય વિચરંતા, એકડા ગોચરીયે મીલંત હો મુ૦, પૂછે ગૌતમ શિષ્ય તિહાં,તુમે કુણ ગચ્છના નિર્ગ્રંથ હો મુ૦ એ દોય૦ ॥૨॥ અમ ગુરુ કેશી ગણધરુ, પ્રભુ પાસતણા પટધાર હો મુ૦ સાવથ્થીપાસે સમોસર્યા, તિહાં તંદુકવન મનોહાર હો મુ૦ એ દોય૦ ॥૩॥ ચાર મહાવ્રત અમતણાં, કારણે પડિક્કમણાં દોય હો મુ૦, રાતાં પીલાં વસ્ત્ર વાવરું, વલી પંચવરણ જે હોય હો મુ૦ એ દોય૦ ॥૪॥ શુદ્ધ મારગ છે મુક્તિનો, અમને કલ્પે રાજપિંડ હો મુ૦ પાસજિનેસર ઉપદિસે,તુમે પાલો ચારિત્ર અખંડ હો મુ૦ એ દોય૦ ॥૫॥ ગૌતમ શિષ્ય કહે સાંભલો,અમે પંચ મહાવ્રત ધાર હો મુ૦,પડિ-

શ્રમણાં પંચ અમસહિ,વલી શ્વેત વસ્ત્ર મનોહાર હો મુ૦, એ દોય૦ ॥૬॥ રાજપિંડ કલ્પે નહિ, ભાંખે વીરજિન પરખદામાંહિ હો મુ૦, એક મારગ સાધે બિહું જણા, તો એ એવડો અંતર કાંઈ હો મુ૦ એ દોય૦ ॥૭॥ સંશયવંત મુનિ બેહુ થયા, જઈ પૂછે નિજ ગુરુ પાસ હો મુ૦,ગૌતમ કોષ્ટક વન થકી, આવે કેશી પાસ ઉલ્લાસ હો મુ૦ એ દોય૦ ॥૮॥ કેશી તવ સામા જઈ, ગૌતમને દીયે બહુમાન હો મુ૦, ફાસુ પલાલ તિહાં પાથરી, બિહું બેઠા બુદ્ધિ-નિધાન હો મુ૦ એ દોય૦ ॥૯॥ ચર્ચા કરે જૈન-ધર્મની, તિહાં મલીયા સુરનર વૃંદ હો મુ૦, બિહુ ગણધર શોભે અતિ ભલા, જાણે એક સૂરજ બીજા ચંદ હો મુ૦ એ દોય૦ ॥૧૦॥ સંશય ભાંજવા સહુ તણા; કેશી પૂછે ગુણખાણ હો મુ૦, ગૌતમ ભવિયણ હિત ભણી, તવ બોલ્યા અમૃતવાણ હો મુ૦ એ દોય૦॥૧૧॥ એક મુગતિ જાવું બિહુજણે, તો આચારે કાંઈ ભેદ હો મુ૦,જીવ વિશેષે જાણજો, ગૌતમ કહે મ કરો ખેદ હો મુ૦ એ દોય૦ ॥૧૨॥ વક્ર જડ જીવ ચરમના, પ્રથમના ઋજુ મૂરખ જાણ હો મુ૦, સરલ સુબુદ્ધિ બાવીશના તેણે જુજુઓ આચાર વખાણ હો મુ૦ એ દોય૦ ॥૧૩॥ એમ

કેશીયે પ્રશ્ન જે પૂછિયાં, તેના ગૌતમે ટાલ્યા સંદેહ હો મુ૦, ધન ધન કેશી કહે ગોયમા, તુમે સાચા ગુણમણી ગેહ હો મુ૦ એ દોય૦ ॥૧૪॥ મારગ ચરમ જિણંદનો, આદર્યો કેશીયે તેણીવાર હો મુ૦, કેશી ગૌતમ ગુણ જપે, તે પામે ભવજલ પાર હો મુ૦ એ દોય૦ ॥૧૫॥ ઉત્તરાધ્યયન ત્રેવીસમે, એમ ભાખે શ્રીજિનરાય હો મુ૦વિનયવિજય ઉવઝાયનો, શિષ્ય રૂપવિજય ગુણ ગાય હો મુ૦, એ દોય૦॥૧૬॥

---

## સુડતાલીસ દોષની સજ્ઝાય

સકલ જિનેશ્વર પ્રણમું પાય, શારદ વાણી કરો સુપસાય, પિંડ દોષ બેતાલીશ કહું, નામ માત્ર તે સુણજ્યો સહુ. ॥૧॥ જતિકાજે નીપાઈ દીયા [૧]આધાકર્મી તે બોલિયા,જે માગે તે એહને કાજ, [૨]ઉદ્દેસિક બોલે જિનરાજ૦ ॥૨॥ *કર્મી ખરડ્યો ધાલી દીએ,તે [૩]પૂતિ દોષ ત્રીજે ટાલીયે,અમ્હે જમસું કાંઈ દેશું જતિ, [૪]સો મિશ્ર દોષ કહે ત્રિભુવનપતિ૦ ॥૩॥ રાખી મૂકે સાધુ નિમિત્ત, [૫]ઠવણ દોષ મતવાછો ચિત્ત, સુખડું આધું પાછું કરે, નિમિત્ત[૬] ભિક્ષુ તે નવિ આદરે૦ ॥૪॥ અંધારે નવિ

---

* આધાકર્મી.

વહોરે જતિ, ઘરમાંહે અંધારું હોવે અતિ, એમ જાણી અજુવાલું કરે, [૭]પાઉરકી તે મુનિ પરિહરે૦ ॥૫॥ મૂલે લેઈ વહોરાવે જેહ, [૮]ક્રીતદોષ ટાલી જે તેહ, ઓછીનું લઈ દીએ કેવાર, નવમો [૯]પામીચ્ચ દોષ તે વાર૦ ॥૬॥ પાલટી વસ્તુ કાંઈ વહોરાવતાં, [૧૦]પરાવૃત્ય હોવે પ્રતિવાંછતાં, શતકર બાહિર થકું લાવંત, [૧૧]અભિહડ તે લેતાં પાવંત૦॥ ૭ ॥ આડાદિક ખોલે ગુરુ કામ, દ્વાદશમો [૧૨]ઉભિન્ન તસુ નામ, ઉર્ધ્વ અધો કષ્ટે કોય, લેઈ દેતાં [૧૩]માલાહડ સોય૦॥ ૮ ॥ ઉદ્દાલી આપે કેહનું, [૧૪]આછિજ્જ નામ હોવે તેહનું, સાધારણ દીએ અનુમતિ વિના, [૧૫]અણિસિટ્ઠ દોષ બહુ તેહના૦॥૯॥આપ કાજે માંડયું રાંધણું, આગમ જાણ્યું મુનિવરતણું, તે માંહે ઉમેરે કહા, હોવે સોલમો [૧૬]અઝોયર તહા૦ ॥૧૦॥ એ સોલ દોષ ઉગ્ગમ પરિહરો, ગૃહસ્થ થકી લાગે મન ધરો, ટાલંતો હોવે શિવપુર વાસ, પહોંચે મનવંછિત સવિ આશ૦॥૧૧॥ ઉત્પાદના દોષ કહું તે સૂણો, કટુક વિપાક અછે તેહ તણો, બાલક ખેલાવી લીએ આહાર, [૧]ધાત્રી દોષ હોવે તેણી વાર૦ ॥૧૨॥ સંદેશો કહી લે તે [૨] દૂત, ટાલે તે મુનિ સંયમજુત, નિમિત્ત ભાખીને કારણ કહે, [૩]નિમિત્ત દો-

ષથી દુર્ગતિ લહે૦ ॥ ૧૩ ॥ અણમિલતે જણાવે જાત, [૪]આજીવિકા દોષ વિખ્યાત, [૫]વણીમગ સમ થઈ પિંડગ્રહંત,ચારિત્રમણિ તે દોષે દહંત૦ ॥૧૪॥ વૈદ્યક ઉપદેશીને લીયે, દોષ [૬]તિગિચ્છા તે ટાલીયે, ક્રોધ કરી લે ધેવર ન્યાય [૭]ક્રોધ દોષે તપ તપ્યો ગમાય૦ ॥૧૫॥ [૮]માન લગે સવૈયો યથા, એ દોષ-તણી છે. મ્હોટી કથા, અષાઢભૂત પરાવર્ત્ત કરંત, [૯]માયાએં વ્રતથકી પડંત૦ ॥ ૧૬ ॥ [૧૦]લોભ લગે બહુ ઘર ઘર ભમે,સરસ વાંછતો સંયમ ગમે,પુવ્વી પચ્છા સંસ્તવ કરે, સહી તે દુર્ગતિ નારી વરે૦ ॥૧૭॥ [૧૨]વિદ્યા દેખાડી આપણી, લેતાં આણખે જિન તણી,[૧૩]મંત્ર દાન કરે આજિવિકા,તપ જપ સવિ જાય તેહકા.॥૧૮॥સોહગદોહગ કરી જીવંત,તે [૧૪]જોગદોષ બોલ્યા ભગવંત,આંખે અંજનકે ચુરણ દીએ, [૧૫]ચુન્નદોષ તે સહી માનીયે. ॥ ૧૯॥ ગર્ભ-પાતનકે કરે ઉતપતિ, બોધિબીજ હારે તે જતિ, [૧૬]મૂલકર્મદોષ સોલમો, ટાલો જેમ મુનિ શિવ-પુર રમો.॥૨૦॥ હવે એષણાદોસ દસ જાણ,સેવંતાં હોવે સદ્ગતિહાણ, શુદ્ધ અશુદ્ધની શંકા હોય, [૧]શંકિતપિંડ મ લેશો કોય. ॥૨૧॥ અચિત્ત આ-હાર સચિત્તે ખરડીયો [૨]મ્રક્ષિતદોષ જિનવરે વર્જીયો, અચિત્ત વસ્તુ સચિત્તમાં ધરી,[૩]નિક્ષિપ્ત દોષ તે તો

પરિહરી. ॥૨૨॥ સચિત્તતણેા દીધેા ઢાંકણેા,[૪]પિહિતદોષ નામ તેહતણેા, મેાટેા ભાજન હેાવે પરેાક્ષ, લાવી દેતાં [૫]સંહરિત દોષ. ॥ ૨૩ ॥ દેણહાર જો ધ્રૂજે ખરેા, દાયક [૬]દોષ દૂરે પરિહરેા, જોગાજોગ કીધેા જો એક, [૭]મિશ્રદોષ ટાલે તે છેક. ॥ ૨૪ ॥ [૮]અપરિણત ચિહું ભેદ વિચાર,નિજનામે એ દોષ નિવાર,રેખાદિક ભીને પિંડ ગ્રહ્યો,[૯]લિત્તાલિત્ત દોષ જિન કહ્યો. ॥ ૨૫ ॥ ઘૃત દુગ્ધાદિક છાંટેા પડંત, [૧૦] છંદિત હેાત ન લીયે મહંત, ભેાજનદોષ પાંચ મન ધરેા, પરિહરતાં આતમહિત કરેા૦ ॥ ૨૬ ॥ ખીર ખાંડ ઘૃત ભેલે સાર, પેયાદિક છે ત્રણ પ્રકાર, [૧]સંયેાજના દોષ એ તજો,જેમ જઈ મુક્તિ રમણીને ભજો૦ ॥ ૨૭ ॥ ઘણેા જમે ચૂકે શુભ ધ્યાન, બીજો દોષ કહ્યો [૨]અપ્રમાણ, મીઠું ખારું મુખ ઉચ્ચરે, તેણે દોષે વ્રતલીયારેા કરે૦ ॥૨૮॥ અનુમેાદે નિંદે જમતેા, [૪]ધૂમ્રદોષ ચેાથેા દીપતેા; ક્ષુધાદિષટ્કારણ વિણ ભુંજંત, [૫]કારણદોષ કહ્યો અરિહંત૦ ॥૨૯॥ એણીપરે સડતાલીસે થયા, સ્મરણ માત્ર બેાલ્યા નુન્નુઆ,એ દોષ તજે જે એકમના,તેહ તણાં લીજે ભામણાં૦ ॥૩૦॥

---

## કલશ

કામકુંભને અમૃત-ભરીયેા, સકલ જન આનંદ કરેા, તપગચ્છ સહગુરુ અણુસરી વિજયદાનસૂરીશ્વરેા૦ ॥૩૧॥ જગરાજ પંડિત તણે શિષ્યે, સહજ વિમલ આણંદ ધરી, આપ આપણે જાણવા ભણી, એ પિંડબત્રીસી કરી૦ ॥૩૨॥

---

## કર્મ પચીશીની સજ્ઝાય

દેવ દાનવ તીર્થંકર ગણધર, હરિહર નરવર સબળા, કર્મ સંયેાગે સુખ દુઃખ પામ્યા, સબલ હુઆ મહાનબળા રે, પ્રાણી કર્મ સમેા નહિ કેાય, પ્રાધાં કર્મ વિના ભેાગવીયાં,છુટક બારેા ન હેાય રે. પ્રાણી૦ ॥૧॥ એ આંકણી૦આદીશ્વરને કર્મ અંતરાયેં, વર્ષ દિવસ રાખ્યા ભૂખેં, વીરને બાર વરસ દુઃખ દીધું, ઉપન્યા બ્રાહ્મણી કુખે રે. પ્રાણી૦॥૨॥ સાઠસહસ સુત મુઆ એક દિન,સામંત સુરા જેસા, સગર હુએા મહા પુત્રે દુઃખિયેા,કર્મતણા ફળ એસાં રે. પ્રાણી૦॥૩॥ બત્રીસ સહસ દેશનેા સાહેબ,ચક્રી સનતકુમાર, સેાલ રેાગ શરીરે ઉપન્યા, કર્મે કીયેા તસ ખુવાર રે. પ્રાણી૦ ॥૪॥ સુભૂમ નામે આઠમેા

ચક્રી, કર્મે સાયર નાંખ્યો, સોલ સહસ યક્ષે ઊભાં દીઠો, પણ કિણહી નવિ રાખ્યો રે. પ્રાણી૦ ॥૫॥ બ્રહ્મદત્ત નામે બારમો ચક્રી,કર્મે કીધો તસ અંધો, એમ જાણી પ્રાણી વિણકામે, કર્મ કોઈ મત બાંધો રે. પ્રાણી૦ ॥૬॥ વીશ ભુજા દશ મસ્તક હુંતાં, લક્ષ્મણે રાવણ માર્યો, એકલડે જગ સહુને જીત્યો, કર્મથી તે પણ હાર્યો રે. પ્રાણી૦ ॥૭॥ લક્ષ્મણ રામ મહાબળવંતા, વલી સત્યવંતી સીતા, ચૌદ વર્ષ લગે વનમાંહી ભમીયા,વીતક તસ બહુ વીત્યાં રે. પ્રાણી૦॥૮॥ છપ્પનકોડ જાદવનો સાહિબ,કૃષ્ણ મહાબલ જાણી, અટવી કોશંબી મુઓ એકલડો, વલવલતો વિણ પાણી રે.પ્રાણી૦ ॥૯॥ પાંચ પાંડવ મહા ઝુઝારા, હારી દ્રૌપદી નારી, બાર વરસ લગે વન દુઃખ દીઠાં, ભમીયા જેમ ભિખારી રે. પ્રાણી૦ ॥૧૦॥ સતીય શિરોમણી દ્રૌપદી કહિયે, પાંચ પુરુષની નાર, સુકુમાલિકા ભવે બાંધ્યું નિયાણું,પામી પાંચ ભરતાર રે. પ્રાણી૦ ॥૧૧॥ કર્મે હલકો કીધો હરિચંદને,વેચી સુતારા રાણી,બાર વરસ લગે માથે આણ્યું, ડુંબતણે ઘેર પાણી રે. પ્રાણી૦ ॥૧૨॥ દધિવાહન રાજાની બેટી,ચાર્વી ચંદનબાળા, ચૌપદની પેરે ચૌટે વેચાણી, કર્મતણા એ ચાળા રે. પ્રાણી૦ ॥૧૩॥ સમકિત ધારી શ્રેણિકરાજા, બેટે

બાંધ્યેા મુસકે, ધર્મી નરપતિ કર્મે દબાણા,કર્મથી જોર ન કિસકે રે. પ્રાણી૦ ॥ ૧૪ ॥ ઈશ્વરદેવને પાર્વતી રાણી,કર્તા પુરુષ કહેવાય,અહેાનિશ મહેલ મસાણમાં વાસેા, ભિક્ષાભેાજન ખાય રે. પ્રાણી૦ ॥૧૫॥ સહસકિરણ સૂરજ પ્રતાપી, રાતદિવસ રહે અટતેા,સેાલ કળા શશહર જગ જાયેા,દિન દિન જાયે ઘટતેા રે.પ્રાણી૦॥૧૬॥ નળરાજા પણ જુગટે રમતાં, અર્થ ગરથ રાજ્ય હાર્યેા, બાર વરસ લગે વનદુઃખ દીઠાં, તેને પણ કર્મે ભમાડ્યેા રે. પ્રાણી૦ ॥૧૭॥ સુદર્શનને શૂલીએ દીધેા, મુંજરાયે માગી ભીખ, તમસ ગુફામુખ કેાણિક બળીયેા, માની ન કેાઈની શીખ રે. પ્રાણી૦ ॥૧૮॥ ગજમુનિના શીર ઉપર સગડી, સાગરદત્તનું બાલ્યું શીશ, મેતારજ વાધરે વિંટાણા, ક્ષણ ન આણી રીશ રે. પ્રાણી૦ ॥૧૯॥ પાંચસેં સાધુ ઘાણીમાં પીલ્યા,રેાશ ન આણ્યેા લગાર, પૂરવ કર્મે ઢંઢણ ઋષિને,પટ્માસ ન મળ્યેા આહાર રે. પ્રાણી૦ ॥૨૦॥ ચૌદપૂર્વધર કર્મતણે વશ, પડ્યા નિગેાદ મઝાર, આર્દ્રકુમાર અને નંદીષેણે, ફરી વાસ્યેા ઘરબાર રે. પ્રાણી૦ ॥૨૧॥ કલાવતીના કર છેદાણા,સુભદ્રા પામી કલંક,મહાબલ મુનિનું ગાત્ર પ્રજાલ્યું, કર્મતણા એ વંક રે.પ્રાણી૦॥૨૨॥ દ્રૌપદી હેતે પદ્મેાતરનું,ફેડ્યું કૃષ્ણે ઠામ,વીરના કાને ખીલા

ઠોકાણા, પગે રાંધી ખીર તામ રે. પ્રાણી૦ ॥૨૩॥ કર્મથી નાઠા જાય પાતાળે, પેસે અગ્નિ મોઝાર, મેરુ શિખર ઉપર ચઢે પણ,કર્મ ન મૂકે લગાર રે.પ્રાણી૦ ॥૨૪॥ એવાં કર્મ જીત્યાં નરનારી, તે પહોત્યાં શિવઠાય, પ્રભાતે ઊઠી નિત નિત વંદો, ભક્તિયેં તેહના પાય રે. પ્રાણી૦ ॥૨૫॥ એમ અનેક નર ખંડ્યા કર્મે,ભલભલેરા જે સાજ,રુધિહર્ષ કરજોડીને કહે, નમો નમો કર્મ મહારાજ રે. પ્રાણી૦॥૨૬॥

---

## पंच महाव्रतभावनानी सज्झायो

(મ મ કર મમતા રે સમતા આદરો—એ દેશી)

મહાવ્રત પહિલું રે મુનિવર મન ધરો, એમ જંપે શ્રીવીરો જી; ત્રિવિધ ત્રિવિધશું રે હિંસા પરિહરો, તો પામો ભવપારો જી. મહાવ્રત૦ ॥૧॥ ભાવના પંચ છે તેહની,જે કહી પહેલે અંગે જી; તે ભાવંતાં રે મુનિવર જાણીયે,ચારિત્ર અધિકે રંગે જી; મહા૦ ॥૨॥ ઇર્યાસમિતિ રે જોઈ ચાલવું, ધુસરા પ્રમાણે તેહો જી; પ્રાણીનો વધ મનસ્યું ન ચિંતવે, બીજી ભાવના એહો જી. મહા૦ ॥૩॥ વચન સાવદ્ય રે નવિ બોલે કદા, જેહથી હોય જીવઘાતો જી,

ત્રીજે ભાવના એણીપરે ભાવતાં, જગમાં હોવે વિખ્યાતો જી. મહા૦ ॥૪॥પુંજી લેતાં રે પુંજી મૂકતાં, વસ્ત્ર પાત્ર પ્રમુખો જી,આદાન નિખેવણ ચઉથી કહી, ટાલે ભવનાં દુઃખો જી.મહા૦॥૫॥ અન્નપાન અજુઆળે વાવરે, ભાજન મોટે જોઈ જી, પંચમી ભાવના ઇણીપરે ભાવતાં, શિવપંથગામી હોય જી. મહા૦ ॥૬॥ એ ભાવના રે જેહને મનવશી, મહાવ્રત થાનક ત્યાંહો જી,શ્રીગુરુ ક્ષમાવિજય પ્રસાદથી, જસ વાધે જગમાંહો જી. મહા૦ ॥૭॥

---

## द्वितीयव्रतभावनानी सज्झाय

(મનસ મારા રે—એ દેશી.)

મહાવ્રત બીજું આદરો, મુનિરાય રે; જંપે શ્રી વર્દ્ધમાન,ભવદુઃખ જાય રે,અલીય વચન ન બોલવું મુ૦ છાંડો મૃષાવાદ, મનવચકાયા રે૦ ॥૧॥ ભાવના પંચ છે તેહની, મુ૦ જોવો હૃદય મઝાર,જિમ સુખ થાય રે, અણુવિચાર્યું નવિ બોલવું,મુ૦ મૃષાભાષા હોય પ્રાય, દુઃખ ઉપાય રે૦ ॥૨॥ ક્રોધે કરીને બોલતાં મુ૦ વ્રતને લાગે દોષ, પાપ પોષ થાય રે; લોભે જુઠું બોલતાં. મુ૦ ધર્મની થાયે હાણ,કીર્તિ

જાય રે૦૩૩ ભય મનમાં આણી કરી. મુ૦ જુઠું બોલે કોય, દુર્ગતિ જાય રે, હાંસી ફરસી જાણીયે મુ૦ ટાલો તેહનો દોષ, વ્રત ન પલાય રે૦ ૩૪૩ ઇણીપરે ભાવના ભાવતો મુ૦ પામે ભવનો પાર, વંદું પાયા રે,શ્રીગુરુ ક્ષમાવિજય તણો મુ૦, મહિમા મહીમાં સાર, જગ જસ ગાયા રે૦ ૩૫૩

---

## तृतीयव्रतभावनानी सज्झाय

મહાવ્રત ત્રીજું મુનિતણું રે હાં,જંપે શ્રી જિનરાય, મુનિવર સાંભળો, અદત્ત વસ્તુ લેવી નહીં રે હાં, જેહથી વિણસે કાજ. મુનિવર૦ ૩૧૩ ભાવના પાંચ છે તેહની રે હાં, ભાવો મન ધરી પ્રેમ, મુ૦ પહેલા અંગથી જાણીયે રે હાં,જેમ હોયે વ્રતને ક્ષેમ મુ૦ ૩ ૨ ૩ નિર્દોષ વસ્તુ જાચવી રે હાં, જિમ ન હોય જિનઅદત્ત; મુ૦ ગુરુની આજ્ઞાયે વાવરે રે હાં, આહાર પાણી એક ચિત્ત. મુ૦ ૩ ૩ ૩ એવા અવગ્રહમાંહે રે હાં, જાયે ફરી વારંવાર; મુ૦ સામીઅદત્ત લાગે નહીં રે હાં, વાધે દીલ ઉદાર. મુ૦ ૩ ૪૩ સાધર્મિકનો તિમ વળી રે હાં, અવગ્રહ માગે એહ; મુ૦ અપ્રીતિ કરણ નવિ હોય રે હાં,અદત્ત ન લાગે તેહ. મુ૦ ૩ ૫ ૩ વ્રતતરુને સિંચવા રે હાં,ભાવના

છે જળધાર; મુ૦, સમકિતસુરભિ મહમરે રે હાં, શિવપદ ફળ મનોહાર. મુ૦ ॥ ૬ ॥ ઇણેવિધિશ્યું આરાધતાં રે હાં, હોયે કર્મનો નાશ; મુ૦ શ્રી ગુરુ ક્ષમાવિજય સેવતાંરે હાં,જસની પહોંચે આશ.મુ૦૭

---

## चतुर्थव्रतभावनानी सज्झाय

(પૂછે શ્રેણીકરાય–એ દેશી)

મહાવ્રત ચઉથું મન ધરો, ભાખે શ્રી વર્દ્ધમાન રે, મુનિવર દીલ ધરો; નવવિધિ શુધ્ધે પાળતાં, લહીયે વંછિત થાન રે. મુનિવર૦ ॥૧॥ ભાવના પંચ છે તેહની,ભાવો એકાગ્રહ ચિત્ત રે;મુ૦ પહિલા અંગ થકી કહી, આણી મનમાં હિત રે. મુ૦ ॥ ૨ ॥ સ્ત્રી-કથા કહેવી નહીં, પહિલી ભાવના એહ રે;મુ૦ મન વિકાર ન ઉપજે, વાધે વ્રત ગુણ ગેહ રે. મુ૦ ॥૩॥ સરાગદૃષ્ટિ જોવે નહીં, સ્ત્રીનાં અંગ ઉપાંગ રે; મુ૦ બીજી ભાવના એ કહી, કરે વ્રત શુદ્ધ જેમ ગંગ રે. મુ૦ ॥ ૪ ॥ પૂર્વ ક્રીડા કહેવી નહિ, જેહથી હોય વિહ્વલ ચિત્ત રે; મુ૦ ત્રીજી ભાવના જાણવી,જિન શાસનની રીત રે; મુ૦॥ ૫ ॥ અતીમાત્રાયેં ન વા-વરે, આહાર પાણી જે સરસ રે,મુ૦ ચઉથી ભાવના

ભાવતો, કરીય વિષય ગુણ નિરસરે; મુ૦ ॥૬॥ સ્ત્રી પશુ પંડક રહિત વળી, વસે વસતિ જોઈ રે; મુ૦ પંચમી ભાવના ભાવતાં, ચારિત્ર નિર્મલ હોય રે; મુ૦ ॥ ૭ ॥ ક્ષમા ગુણે કરી શોભતું, શ્રી ગુરુ ક્ષમા-વિજય નામે રે; મુ૦તાસ ચરણ નિજ સેવતાં, લહિયે જસ બહુમાન રે. મુ૦ ॥૮॥

---

## पंचमव्रतभावनानो सज्झाय

( સીતા તો રૂપે રૂયડી—એ દેશી. )

હવે મહાવ્રત પંચમું કહીયે, જેહથી ભવપાર લહીયે હો, મુનિવર સોભાગી, સાંભળો કહે જિનવર વાણી, ભાવના પંચ છે તેહો હો. મુનિવર ॥ ૧ ॥ શ્રોત ઇંદ્રિય વિષય ન ગ્રહવો, સુરભિ દુરભિ સમ સહવો હો; મુ૦ ચક્ષુઇંદ્રિ વિષયમાં ન રાચો, પુદ્ગલ દેખી નવિ માચો હો. મુ૦॥૨॥ રસનારસ વશ આણો, જિન આણાયે બોલવું જાણો હો; મુ૦રસઇંદ્રિય દોષ નિવારો, ચોથી ભાવનાયે આતમ તારો હો. મુ૦॥૩॥ ફરસેંદ્રિ વિષય વિષ નિરોધ, કરે થાયે નિર્મલ બોધ હો મુ૦ એમ જાણી વિષયને છંડો, પંચમી ભાવના મેં દિલમંડો હો. મુ૦ ॥૪॥ એકેક ઇંદ્રિય વશ પ-

ડિયા, મૃગ અલિમચ્છ પતંગ ગય નડીયા હો. મુ૦ પંચેવશ નવિ રાખે તેહને,દુઃખ જિનવર ભાખે હો. મુ૦ ॥ ૫ ॥ એ ભાવના ઇમ દિલ ધરતો, દુષ્કૃત કર્મને ક્ષય કરતો હો; મુ૦શુદ્ધ નિર્મલ જ્ઞાન તે પાવે, આતમ શિવપદ ઠાવે હો.મુ૦॥૬॥ પંચ મહાવ્રતની પંચવીસ,ભાવના કહી લવલેશ હો;મુ૦શ્રીક્ષમાવિજય ગુરુ રાયા, જશ વાધે સેવતાં પાયા હો મુ૦ ॥ ૭ ॥ ઇતિ પંચ મહાવ્રત ભાવના સજ્ઝાય સંપૂર્ણ ॥

---

## आत्मबोधनी सज्झाय

સાંભળ શયણાં સાચી સુણાવું, પૂર્વ પુન્ય તું પામ્યો રે ભાઈ, નરક નિગોદમાં ભમતાં નરભવ,તેં નિષ્ફલ કિમ વામ્યો રે ભાઈ. સાં૦ ॥૧॥ જૈન ધર્મ જયવંતો જગમાં,ધારિ ધર્મ ન સાધ્યો રે ભાઈ,મેઘ ઘટા સરિખા ગજસાટે,ગર્દભ ઘરમાં બાંધ્યો રે ભાઈ, સાં૦ ॥૨॥ કલ્પવૃક્ષ કુહાડે કાપી, ધતુરો ઘરે ધારે રે ભાઈ, ચિંતામણી ચિંતિત પૂરણતે, કાગ ઉડાડણ ડારે રે ભાઈ.સાં૦॥૩॥ ઇમ જાણી જાવા નવિ દીજે, નરનારી નરભવને રે ભાઈ, ઓલખી શુદ્ધ ધર્મને સાધો, જે માન્યો મુનિ મનને રે ભાઈ.સાં૦ ॥ ૪ ॥ જે વિભાવ પરભાવ તે તજીયેં, રમણ સ્વભાવમાં

કરીયે રે ભાઈ, ઉત્તમ પદપદ્મને અવલંબી, ભવિયણ ભવજલ તરીયે રે ભાઈ. સાં૦ ॥૫॥

---

## ઢંઢણમુનિની સજ્ઝાય

ઢંઢણઋષિને વંદણા હું વારી, ઉત્કૃષ્ટો અણગાર રે હું વારી લાલ,અભિગ્રહ લીધો આકરો હું૰ લબ્ધે લેશું આહાર રે હું૰॥૧॥ ઢંઢ૰ ॥૧॥ દિનપ્રતિ જાવે ગોચરી હું૰, ન મિલે શુદ્ધ આહાર રે હું૰ન લીએ મુલ અસૂજતો હું૰,પિંજર હુવો ગાત્ર રે હું૰ ॥ઢંઢ૰॥ ॥૨॥હરિ પૂછે શ્રી નેમિને હું૰,મુનિવર સહસ અઢાર રે હું૰ ઉત્કૃષ્ટો કુણ એહમાં હું,મુજને કહો કૃપાળ રે. હું૰ ॥ઢંઢ૰॥૩॥ ઢંઢણ અધિકો દાખિયો હું૰, શ્રીમુખ નેમિ જિણંદ રે હું૰ કૃષ્ણ ઉભાહ્યો વાંદવા હું, ધન્ય જાદવકુલચંદ રે. હું૰ ॥ ઢંઢ૰ ॥ ૪ ॥ ગલીમાં રે મુનિવર મિલ્યા હું૰, વાંદે કૃષ્ણ નરેશરે હું૰ કિણહી મિથ્યાત્વી દેખીને હું૰, આયો ભાવ વિશેષરે.હું૰ ॥ઢંઢ૰॥૫॥ આવો મુજ ઘર સાધુજી હું, લ્યો મોદક છે શુદ્ધ રે હું૰ઋષિજી લેઈ આવીયા હું૰, પ્રભુજી પાસ વિશુદ્ધ રે.હું૰ ॥ઢંઢ૰॥૬॥ મુજ લબ્ધે મોદક મિલ્યા હું૰,મુજને કહો કૃપાલ રે હું૰ લબ્ધિ નહીં વચ્છ તાહરી હું૰,શ્રીપતિ લબ્ધિ નિહા-

લ રે.હું૦ ૬ ॥ ૭ ॥ તો મુજને લેવો નહીં હું૦ ચાલ્યો પરઠણ કાજ રે.હું૦૬ટ નિભાડે જાઇને હું૦, ચૂર્યાં કર્મ સમાજ રે હું૦ ॥૬॥ ૮ ॥ આવી શુદ્ધિ ભાવના હું૦, પામ્યા કેવળજ્ઞાન રે હું૦૬ ઢણ ઋષિ મુગતે ગયા હું૦,કહે જિનહર્ષ સુજાણ રે હું૦ વારી લાલ. ૬ ઢણ૦ ॥૯॥

---

## इलाची पुत्रनी सज्झाय

નામ ઇલાપુત્ર જાણીયેં, ધનદત્ત શેઠનો પુત્ર, નટવી દેખીને મોહીયો, જે રાખે ઘર સુત ॥ ૧ ॥ કર્મ ન છૂટે રે પ્રાણીયા,પૂરવ નેહ વિકાર,નિજ કુળ છંડી રે નટ થયો, નાવી શરમ લગાર, કર્મ૦ ॥૨॥ એક પુર આવ્યો રે નાચવા,ઊંચો વાંસ વિશેષ,તિહાં રાય જોવા રે આવીયો, મળીયા લોક અનેક. કર્મ૦ ॥૩॥ દોય પગ પહેરી રે પાવડી, વાંસ ચડ્યો ગજ ગેલ, નિરાધાર ઉપર નાચતો, ખેલે નવનવા ખેલ. કર્મ૦ ॥૪॥ ઢોલ વજાવે રે નટવી,ગાવે કિન્નર સાદ, પાયતલ ઘૂઘરા રે ઘમઘમે,ગાજે અંબર નાદ. કર્મ૦ ॥ ૫ ॥ તિહાં રાય ચિત્તમેં રે ચિંતવે, લુબ્ધો નટ-વીની સાથ, જો નટ પડે રે નાચતો, તો નટવી મુજ હાથ. કર્મ૦॥૬॥ દાન ન આપે રે ભૂપતિ, નટ જાણે

નૃપ વાત, હું ધન વંછુ રે રાયનો, રાય વંછે મુજ ઘાત. કર્મ૦ ॥૭॥ તવ તિહાં મુનિવર પેખીયા, ધન ધન સાધુ નિરાગ, ધિક્ ધિક્ વિષયા રે જીવને, એમ તે પામ્યો વૈરાગ. કર્મ૦ ॥ ૮ ॥ થાળ ભરી શુદ્ધ મોદકે, પદમણી ઊભેલાં બહાર, લો લ્યો કે'છે લેતા નથી, ધન ધન મુનિ અવતાર. કર્મ૦ ॥ ૯ ॥ સંવરભાવે રે કેવળી, થયો મુનિ કર્મ ખપાય, કેવળ મહિમા રે સુર કરે, લબ્ધિવિજય ગુણ ગાય. કર્મ ન છૂટે રે પ્રાણિયા ॥ ૧૦ ॥

---

## શ્રી મેતારજમુનિની સજ્ઝાય

( જીવ રે તું શીલતણો કર સંગ—એ દેશી )

શમ દમ ગુણના આગરુ જી, પંચમહાવ્રત ધાર, માસખમણને પારણે જી, રાજગૃહી નગરી મોઝાર, મેતારજમુનિવરધન્ય ધન્ય તુમ અવતાર. એ આંકણી ॥૧॥ સોનીને ઘેર આવીયા જી, મેતારજ ઋષિરાય, જવલા ઘડતો ઊઠીયો જી, વંદે મુનિના પાય. મે૦॥૨॥ આજ ફલ્યો ઘર આંગણે જી, વિણ કાળે સહકાર, લ્યો ભિક્ષા છે સૂઝતી જી, મોદકતણો એ આહાર. મે૦ ॥ ૩ ॥ ક્રૌંચ જીવ જવલા ચણ્યો જી, વહોરી વલ્યા ઋષિરાજ, સોની મન શંકા થઈ જી, સાધુ-

તણાં એ કાજ. મે૦ ॥ ૪ ॥ રીસ કરી ઋષિને કહે જી, ઘો જવલા મુજ આજ, વાંધર શીશે વિંટીયું જી, તડકે રાખ્યા મુનિરાજ. મે૦ ॥૫॥ ફટ ફટ ફૂટે હાડકાં જી, તટ તટ તૂટે ચામ, સોનીડે પરિસહ દીયેા જી,મુનિ રાખ્યેા મન ઠામ. મે૦ ॥૬॥ એહવા પણ મ્હોટા યતિ જી,મન ન આણે રેાષ,આતમ નિંદે આપણેા જી, સેાનીનેા શેા દેાષ. મે૦ ॥૭॥ ગજસુકુમાલ સંતાપીયા જી, બાંધી માટીની પાળ, ખેર અંગારા શિર ધર્યા જી, મુગતેં ગયા તતકાળ. મે૦ ॥૮॥ વાધણે શરીર વલુરિયું જી, સાધુ સુકેાસલ સાર,કેવળ લહી મુગતિ ગયા જી,ઇમ અરણિક અણગાર. મે૦ ॥૯॥ પાલક પાપી પીલિયા જી, ખંધકસૂરિના શિષ્ય, અંબડ ચેલા સાતશેં જી, નમો નમો તે નિશદિશ.મે૦॥૧૦॥ એહવા ઋષિ સંભારતાં જી, મેતારજ ઋષિરાય,અંતગડ હુઆ કેવળી જી,વંદો મુનિના પાય.મે૦॥૧૧॥ ભારા કાષ્ઠની સ્ત્રીયેં તિહાં જી, લાવી નાખી તેણી વાર, ધમકે પંખી જાગીયેા જી, જવલા કાઢયા તેણે સાર. મે૦ ॥૧૨॥ દેખી જવલા વિટમાં જી,મનમાં લાજ્યેા સેાનાર, ઓઘેા મુહપત્તિ સાધુના જી,લેઈ થયેા અણગાર.મે૦ ॥૧૩॥ આતમ તાર્યો આપણેા જી,થિર કરી મન વચકાય, રાજવિ-

જય રંગે ભણે જી,સાધુતણી એ સજ્ઝાય.મે૦॥૧૪॥

---

## શ્રી અરણિકમુનિની સજ્ઝાય

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે શીશો જી;પાય અલવાણે રે વેળુ પરજળે, તનુ સુકુમાર મુનીશ જી. અરણિક૦ ॥૧॥ મુખ કરમાણું રે માલતી ફૂલ જ્યું,ઊભો ગોખની હેઠો જી,ખરે બપોરે રે જાતો એકલો,મોહી માનિની દીઠો જી.અ૦ ॥૨॥ વયણ રંગીલી રે નયણે વેંધીયો, ઋષિ થંભ્યો તેણે ઠાણો જી;હાસીને કહે જા રે ઉતાવળી,ઋષિ તેડી ઘેર આણો જી, અ૦ ॥ ૩ ॥ પાવન કીજે રે ઋષિ ઘર આંગણું,વોહરો મોદક સારો જી;નવ જોવનરસ કાયા કાં દહો, સફળ કરો અવતારો જી.અ૦ ॥૪॥ ચંદ્રા વદનીયેં ચારિત્રથી ચૂકવ્યો, સુખ વિલસે દિન રાતો જી;બેઠો ગોખે રે રમતો સોગઠે, તવ દીઠી નિજ માત જી.અ૦ ॥૫॥ અરણિક અરણિક કરતી મા ફરે, ગલિયે ગલિયે બજારો જી; કહો કેણે દીઠો રે મ્હારો અરણિકો, (પૂંઠે) પૂછે લોક હજારો જી. અ૦ ॥૬॥ હું કાયર છું રે મ્હારી માવડી,ચારિત્ર ખાંડાની ધારો જી; ધિગ્ ધિગ્ વિષયા રે માહરા જીવને, મેં કીધો અવિચારો જી.અ૦॥૭॥ ગોખથી ઊતરી રે જનનીને

પાય પડચો, મનશું લાજ્યો અપારો જી;વચ્છ તુજ ન ઘટે રે ચારિત્રથી ચૂકવું, જેહથી શિવસુખ સારો જી.અ૦ ॥ ૮ ॥ એમ સમજાવી રે પાછો વાળિયો, આણ્યો ગુરુની પાસે જી;સદ્ગુરુ દીયે રે શીખ ભલી પરે, વૈરાગે મન વાસો જી.અ૦॥૯॥ અગ્નિ ધખંતી રે શિલા ઉપરે,અરણિકે અણસણ કીધોજી,રૂપવિજય કહે ધન્ય તે મુનિવરુ, જેણે મનવંછિત લીધો જી. અરણિક મુનિવર ચાલ્યા ગોચરી ॥ ૧૦ ॥

---

## શ્રી વયરમુનિની સજ્ઝાય

સાંભળજો તુમે અદ્ભુત વાતો, વયરકુમર મુનિવરની રે, એ આંકણી૦ ખટ્ મહિનાના ગુરુ ઝોળીમાં, આવે કેલિ કરતાં રે, ત્રણ વરસના સાધ્વી મુખથી, અંગ અગ્યાર ભણતાં રે. સાં૦ ॥૧॥ રાજસભામાં નહિ ક્ષોભાણા, માત સુખડલી દેખી રે;ગુરુએ દીધો ઓઘો મુહપત્તિ, લીધાં સર્વ ઉવેખી રે. સાં૦ ॥૨॥ ગુરુસંઘાતે વિહાર કરે મુનિ, પાળે શુદ્ધ આચાર રે, બાળપણાથી મહા ઉપયોગી, સંવેગી શિરદાર રે. સાં૦ ॥ ૩ ॥ કોળાપાક ને ઘેવર ભિક્ષા, દોય ઠામે નવિ લીધી રે,ગગનગામિની વૈક્રિયલબ્ધિ,દેવે જેહને દીધી રે. સાં૦ ॥૪॥ દશ પૂર્વ ભણિયા જે મુનિવર,

ભદ્રગુપ્ત ગુરુ પાસે રે, ખીરાસ્રવ પ્રમુખ જે લબ્ધિ,
પ્રગટ જાસ પ્રકાશે રે.સાં૦૫૫ા કોડિ સેંકડા ધનનો
સંચય,કન્યા રૂકિમણી નામે રે,શેઠ ધનાવો દિયે પણ
ન લીયે, વધતે શુભ પરિણામે રે. સાં૦ ॥ ૬ ॥ દેઈ
ઉપદેશને રૂકિમણી નારી, તારી દીક્ષા આપી રે,
યુગપ્રધાન જે વિચરે જગમાં, સૂરજ તેજ પ્રતાપી
રે. સાં૦ ॥ ૭ ॥ સમકિતશીલ તુંબ ધરી કરમાં,
મોહસાયર કર્યો છોટો રે, તે કેમ બુડે નારીનદીમાં,
એ તો મુનિવર મહોટો રે. સાં૦ ॥૮॥ જેણે દુર્ભિક્ષ
સંઘ લેઈને, મૂકયો નગર સુકાળ રે, શાસનશોભા
ઉન્નતિ કારણ, પુષ્પપદ્મવિશાળ રે.સાં૦૫૯ા બૌધ-
રાયને પણ પ્રતિબોધ્યો, કીધો શાસનરાગી રે;શાસન
શોભા જયપતાકા, અંબર જઈ ને લાગી રે. સાં૦
॥ ૧૦ ॥ વિસર્યો સૂંઠગાંઠિયો કાને, આશ્યક વેળા
જાણ્યો રે; વિસરે નહિ પણ એ વિસરિયો, આયુ
અલ્પ પિછાન્યો રે. સાં૦ ॥ ૧૧ ॥ લાખ સોનઇયે
હાંડી ચડે જિમ, બીજે દિન સુકાળ રે;એમ સંભ-
ળાવી વયરસેનને,જાણી અણસણ કાળ રે.સાં૦૫૧૨ા
રથાવર્તગિરિ જઈ અણસણ કીધું,સોહમહરિ તિહાં
આવે રે;પ્રદિક્ષણા પર્વતને દેઈ ને,મુનિવર વંદે ભાવે
રે. સાં૦ ॥ ૧૩ ॥ ધન્ય ! સિંહગિરિસૂરિ ઉત્તમ,
જેહના એ પટધારી રે; પદ્મવિજય કહે ગુરુપદપંકજ

નિત્ય નમિયે નરનારી રે. સાંભળજો૦ ॥૧૪॥

---

## શ્રી ખંધકમુનિની સજ્ઝાય

નમો નમો ખંધક મહામુનિ, ખંધક ક્ષમાભંડાર રે, ઉગ્રવિહારે મુનિ વિચરંતા,ચારિત્ર ખડ્ગની ધાર રે. નમો૦ ॥૧॥ સમિતિ ગુપ્તિને ધારતો, જિત શત્રુ રાજ્જનો નંદ રે;ધારણી ઉદરે જનમિઓ,દર્શન પરમાનંદ રે. નમો૦ ॥ ૨ ॥ ધર્મઘોષ મુનિ દેશના, પામીયો તેણે પ્રતિબોધરે,અનુમતિ લેઈ માય તાયની, કર્મશું યુદ્ધ થઈ યોદ્ધ રે.નમો૦ ॥ ૩ ॥ છકુ અકુમ આદે અતિ ઘણા, દુષ્કરતપ તનુશોષ રે;રાત દિવસ પરિસહ સહે,તોપણ મન નહિ રોષ રે. નમો૦ ॥૪॥ દવદાધા ખીજડા દેહમાં,ચાલતાં ખડખડે હાડ રે,તોપણ તપ કરે આકરા,જાણતો અથિર સંસાર રે.નમો૦ ॥૫॥ એક સમે ભગનીપુરી પ્રતે, આવીયા સાધુ જી સોય રે; ગોખે બેઠી ચિંતે બેનડી, એ મુજ બંધવ હોય રે. નમો૦ ॥૬॥ બેનને બંધવ સાંભર્યો, ઉલટ્યો વિરહ અપાર રે;છાતડી લાગી છે ફાટવા,નયણે વહે આંસુડાની ધાર રે. નમો૦ ॥ ૭ ॥ રાય ચિંતે મનમાં ઇશ્યું, એ કોઇ નારીનો યાર રે,સેવકને કહે સાધુની, લાવો જી ખાલ ઉતાર રે. નમો૦ ॥૮॥

## ઢાલ બીજી.

રાયસેવક તવ કહે સાધુને, ખાલડીજીવથી હણશું રે; અમ ઠાકુરની એહ છે આણા, તે અમે આજ કરીશું રે, અહો અહો સાધુજી સમતાના દરિયા, મુનિ ધ્યાન થકી નવિ ચલીઆ રે. ॥ ૧ ॥ મુનિવર મનમાંહી આણંદ્યા, પરિસહ આવ્યો જાણી રે; કર્મ ખપાવાનો અવસર એહવો, ફરીનહીં આવે પ્રાણી રે. અ૦ ॥ ૨ ॥ એ તો વલી સખાઈ મલીઓ, ભાઈ થકી ભલેરો રે, પ્રાણીતું કાયરપણું પરિહરજે, જિમ ન થાયે ભવફેરો રે. અ૦ ॥૩॥ રાયસેવકને તવ કહે મુનિવર, કઠણ ફરસ મુજ કાયા રે, બાધા રખે તુમ હાથે થાયે, કહો તિમ રહીયે ભાયા રે. અ૦ ॥ ૪ ॥ ચારે શરણાં ચતુર કરીને, ભવ ચરમ આવર્તે રે, શુકલધ્યાનશું તાન લગાવ્યું, કાયા વોસિરાયંતે રે. અ૦ ॥૫॥ ચડચડ ચામડી તેહ ઉતારે, મુનિ સમતારસ ઝીલે રે, ક્ષપકશ્રેણિ આરોહણ કરીને, કઠિણ કરમને પીલે રે. અ૦ ॥૬॥ ચોથું ધ્યાન ધરંતાં અંતે, કેવલ લઈ મુનિ સિધ્યા રે, અજર અમરપદ મુનિવર પામ્યા, કારજ સઘળાં સિધ્યાં રે. અ૦ ॥૭॥ એહવે તે મુહપત્તિ લોહીએ ખરડી, પંખીડે આમિષ જાણી રે, લઈને નાંખી તે રાજદુવારે, સેવકે લીધી તાણી રે.

અ૦ ॥ ૮ ॥ સેવક મુખથી વાત જ જાણી, જ્હેને મુહપત્તિ દીઠી રે,નિશ્ચય ભાઈ હણાયો જાણી, હઈડે ઊઠીઅંગીઠીરે.અ૦॥૯॥વિરહ વિલાપ કરેરાયરાણી, સાધુની સમતા વખાણી રે, અથિર સંસાર સંવેગે જાણી,સંજમ લીયે રાય રાણી રે. અ૦ ॥૧૦॥ આલોઈ પાતક સવિ છંડી,કઠિણ કર્મને નિંદી રે,દુઃકર તપ કરી કાયા ગાળી, શિવસુખ લહે આણંદી રે. અ૦ ॥૧૧॥ ભવિયણ એહવા મુનિવર વંદી, માનવભવફલ લીજે રે, કરજોડી મુનિ મોહન વિનવે, સેવક સુખીયા કીજે રે. અહો૦ ॥૧૨॥

---

## શ્રી જંબુસ્વામીની સજ્ઝાય

રાજગૃહી નગરી વસે, ઋષભદત્ત વ્યવહારી રે, તસ સુત જંબુકુમર નમું, બાળપણે બ્રહ્મચારી રે. ॥૧॥ જંબુ કહે જનની સુણો, સ્વામી સુધર્મા આયા રે, દીક્ષા લેશું તે કને, અનુમતિ દ્યો મોરી માયા રે. જમ્બુ૦ ॥ ૨ ॥ મા કહે સુણો બેટડા, વાત વિચારી કીજે રે, તરુણપણે તરુણી વરી,છાંડી કેમ છૂટીજે રે. માય૦ ॥૩॥ આગે અરણિક મુનિવરા, ફરી પાછા ઘરે આવ્યા રે; નાટકણી નેહે કરી, આષાઢભૂતિ ભોલાયા રે.મા૦॥૪॥ વેશ્યા વશ પડિયા

પછી,નંદિષેણ નગીનો રે,આર્દ્ર દેશનો પાટવી,આર્દ્ર-કુમાર કાં કીનો રે.માય૦ ॥૫॥ સહસ વરસ સંજમ લીયેા, તોહી પાર ન પાયા રે; કુંડરીકને કરમેં કરી, પછી ઘણું પસ્તાયા રે. માય૦ ॥ ૬ ॥ મુનિવરુ શ્રી રહનેમજી, નેમિજિણેસર ભાઇ રે; રાજીમતી દેખી કરી, વિષયતણી મતિ આઇ રે. માય૦ ॥૭॥ દીક્ષા છે વચ્છ દોહિલી, પાળવી ખાંડાની ધાર રે; સરસ નીરસ અન્ન જિમવું, સૂવું ડાભ સંથાર રે. માય૦ ॥ ૮ ॥ દીક્ષા છે વચ્છ દોહિલી, કહ્યું હમારું કીજે રે; પરણેા પનોતા પદમણી,અમ મનોરથ પૂરીજે રે. માય૦ ॥૯॥ જમ્બુ કહે જનની સુણેા, ધન્ય ધન્નો અણગારો રે;મેઘ મુનિસર મોટકો,શાલિભદ્ર સંભા-રો રે. જમ્બુ૦ ॥ ૧૦ ॥ ગજસુકુમાલ ગુણે ભર્યો, આતમ સાધન કીધો રે;ખટ્માસી તપ-પારણે,ઢંઢણે કેવલ લીધો રે. જમ્બુ૦ ॥ ૧૧ ॥ દશાર્ણભદ્ર સંયમ લહી,પાય લગાડચો ઇંદો રે;પ્રસન્નચંદ્ર કેવલ લહી, પામ્યો છે પરમ આણંદો રે. જમ્બુ ૦॥ ૧૨ ॥ એમ અનેક મુનિવર હુવા, કહેતાં પાર ન પાય રે; અનુ-મતિ દ્યો મોરી માતાજી, ક્ષણ લાખીણેા જાય રે. જમ્બુ૦ ॥૧૩॥ પાંચસેં સત્તાવીશનું, જમ્બુકુંવર પરવરીએા રે,પંચમહાવ્રત ઉચ્ચરી, ભવજલ સાયર

તરીયો રે. જમ્બુ૦ ॥ ૪॥ જમ્બુ ચરમ જ કેવલી, તાસ તણા ગુણ ગાયા રે;પંડિત લલિતવિજય તણો, હેતવિજયસુપસાયા રે. જમ્બુ૦ ॥૫॥

---

## श्री प्रसन्नचंद्र राजर्षिनी सज्झाय

પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય; તુમે છો મ્હોટા ઋષિરાય, પ્રસન્નચંદ્ર૦ રાજ છોડી રળિયામણું રે, જાણી અથિર સંસાર, વૈરાગે મન વાળિયું રે, લીધો સંયમભાર. પ્રસન્ન૦ ॥૧॥ શમશાને કાઉસ્સગ્ગ રહી રે, પગ ઉપર પગ ચઢાય; બાહુ બે ઊંચી કરી રે, સૂરજ સામી દૃષ્ટિ લગાય. પ્રસન્ન૦ ॥ ૨ ॥ દુર્મુખ દૂત વચન સુણી રે, કોપ ચઢ્યો તતકાળ; મનશું સંગ્રામ માંડિયો રે, જીત પડ્યો જંજાળ. પ્રસન્ન ॥ ૩ ॥ શ્રેણિક પ્રશ્ન પૂછે તે સમે રે,સ્વામી એહની કુણ ગતિ થાય; ભગવંત કહે હમણાં મરે તો, સાતમી નરકે જાય. પ્રસન્ન૦ ॥૪॥ ક્ષણ એક આંતરે પૂછીયું રે, સર્વાર્થસિદ્ધ-વિમાન; વાગી દેવની દુંદુભી રે, ઋષિ પામ્યા કેવળજ્ઞાન.પ્રસન્ન૦॥૫॥ મનની જીતે જીતવું રે,મનની હારેહાર; મન લઇ જાવે મોક્ષમાં રે, મનહિય નરક

મોઝાર. પ્ર૦ ॥૬॥ પ્રસન્નચંદ્ર ઋષિ મુગતે ગયા રે,
શ્રી મહાવીરના શિષ્ય, રૂપવિજય કહે ધન્ય ધન્ય,
જોયા શાસ્ત્ર પ્રત્યક્ષ;પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય.૭

---

## શ્રી સ્થૂલિભદ્રજીની સજ્ઝાય

શ્રી સ્થૂલિભદ્ર મુનિગણમાં શિરદાર જો,ચોમાસું આવ્યાકોશ્યા આગારજો,ચિત્રામણશાળાયે તપ-જપ આદર્યા જો ॥૧॥ આદરીયાં વ્રત આવ્યા છો અમ ગેહ જો,સુંદરી સુંદર ચંપકવરણી દેહ જો,અમ તુમ સરિખો મેળો આ સંસારમાં જો ॥૨॥ સંસારે મેં જોયું સકલ સ્વરૂપ જો,દર્પણની છાયામાં જેવું રૂપ જો, સુપનાની સુખડલી ભૂખ ભાંગે નહીં જો ॥૩॥ ના કહેશો તો નાટક કરશું આજ જો,બાર વરસની માયા છે મુનિરાજ જો, તે છોડી કેમ જાઉં હું આશા ભરી જો ॥ ૪ ॥ આશા ભરિયો ચેતન કાળ અનાદિ જો, ભમીયો ધર્મને હીણ થયો પરમાદિજો, મ જાણી મેં સુખની કરણી જોગની જો ॥૫॥ જોગી તો જંગલમાં વાસો વસિયા જો,વેશ્યાને મંદિરીયે ભોજન રસિયા જો, તુમને દીઠા એવા સંયમ સાધતા જો ॥૬॥ સાધશું સંયમ ઇચ્છારોધ વિચારી

જો, કુર્માપુત્ર થયા નાણી ઘરબારી જો, પાણીમાંહે પંકજ કેરું જાણિયે જો ॥૭॥ જાણીએ તો સઘળી તુમારી વાત જો,મેવા મીઠા રસવંતા બહુ જાત જો, અમરભૂષણ નવનવલી ભાતે લાવતા જો॥૮॥લાવતા તો તું દેતી આદરમાન જો,કાયા જાણું રંગ પતંગ સમાન જો,ડાલીને શી કરવી એવી પ્રીતડી જો ॥૯॥ પ્રિતલડી કરતાને રંગભર સેજ જો, રમતાને દેખાડંતા ઘણું હેતજો,રિસાણી મનાવી મુજને સાંભરે જો. ॥૧૦॥ સાંભરે તો મુનિવર મનડું વાળે જો, ઢાંકચો અગ્નિઉઘાડચો પરજવાળે જો,સંયમમાંહી એ છે દૂષણ મોટકું જો॥૧૧॥ મોટકું આવ્યું તું નન્દુનું તેડું જો, જાતાં ન વહે કાંઈ તમારું મનડું જો,મેં તુમને તિહાં કેલ કરીને મોકલ્યા જો ॥૧૨॥ મોકલ્યા તો મારગ માંહી મળીયા જો, સંભૂતિ આચારજ જ્ઞાને બળિયા જો સંયમ દીધું સમકિત તેણે શીખવ્યું જો॥૧૩॥ શીખવ્યું તો કહી દેખાડો અમને જો, ધર્મ કરંતાં પુણ્ય વડેરું તમને જો, સમતાને ઘેર આવી વેશ્યા ઇમ વદે જો ॥ ૧૪ ॥ વદે મુનીશ્વર શંકાને પરિહારજો,સમકિત મૂળે શ્રાવકનાં વ્રત બારજો પ્રાણાતિપાતાદિક સ્થૂલથી ઉચ્ચરે જો ॥ ૧૫ ॥ ઉચ્ચરે તો વીત્યું છે ચોમાસું જો,આણા લેઇને આવ્યા ગુરુની

પાસે જો, શ્રુતનાણી કહેવાણા ચૌદપૂર્વી જો ॥૧૬॥ પૂર્વી થઇને તાર્યા પ્રાણી થોક જો,ઉજ્જવળધ્યાને તેહ ગયા દેવલોક જો, ઋષભ કહે નિત્ય તેહને કરીએ વન્દના જો ॥૧૮॥ઇતિ

---

## શ્રી રુક્મિણીની સજ્ઝાય

વિચરંતા ગામો ગામ, નેમિ જિણેશ્વર સ્વામ, આછે લાલ નયરી દ્વારામતી આવિયા જી ॥૧॥ કૃષ્ણાદિક નર નાર, સહુ મળી પર્ષદા બાર, આછે લાલ નેમિ વંદન તિહાં આવિયા જી ॥ ૨ ॥ દીએ દેશના જિનરાય,આવે સહુને દાય, આછે૦રુકમિણી પૂછે શ્રીનેમિ જી ॥ ૩ ॥ પુત્રને મ્હારે વિયોગ, શો હશે કર્મસંયોગ, આછે૦ભગવન્ત મુજને તે કહો જી ॥ ૪ ॥ તું હતી નૃપની નાર, પૂરવભવ કોઇ વાર, આછે૦ ઉપવન રમવાને સંચર્યા જી ॥ ૫ ॥ ફરતાં વન મોઝાર,દીઠો એક સહકાર આછે૦ મોરલી વીયાણી તિહાં કણે જી ॥ ૬ ॥ સાથે હતો તુમ નાથ, ઈંડાં ઝાલ્યાં હાથ, આછે૦ કુંકૂમવરણાં તે થયાં જી ॥૭॥ નવિ ઓલખે તિહાં મોર, કરવા લાગી સોર,

આછે૦ ચૌ દિશિ ચમકે વીજળી જી ॥ ૯ ॥ પછી વુઠ્યો તિહાં મેહ, ઈંડાં ધોવાણાં તેહ આછે૦ સોલ ઘડિ પછી સેવીયાંજી ॥ ૧૦ ॥ હસતાં તે બાંધ્યાં કર્મ,નવિ ઓલખ્યો જિનધર્મ, આછે.રોતાં ન છૂટે પ્રાણિયા જી ॥૧૧॥ તિહાં બાંધી અન્તરાય, ભાંખે શ્રી જિનરાય, આછે૦સોલ ઘડીનાં વરસ સોલ થયાં જી ॥૧૨॥ દેશના સુણી અભિરામ, રુકમિણી રાણીએ તામ,આછે૦સૂધો તેણે સંયમ આદર્યો જી ॥૧૩॥ થિર રાખ્યાં મન વચન કાય, કેવલ નાણ ઉપાય, આછે૦કર્મ ખપાવી મુગતે ગયાં જી ॥૧૪॥ તેહનો છે વિસ્તાર, અંતગડસૂત્ર મોઝાર,આછે૦રામવિજય રંગે ભણે જી ॥૧૫॥ ઇતિ

---

## શ્રી સીતાજીની સજ્ઝાય

જનકસુતા હું નામ ધરાવું,રામ છે અંતરજામી, પાલવ હમારો મેલને પાપી,કુળમાં લાગે છે ખામી, અડશો મા જો, મા જો, મા જો, મા જો અ૦ મ્હારો નાવલીયો દુહવાય અ૦ મને સંગ કેનો ન સુહાય અ૦મ્હારું મન માંહેથી અકુળાય અ૦એ આંકણી ॥૧॥ મેરુમહીધર ડામ તજે જો,પથ્થર પંકજ ઊગે,

જો જલધિ મર્યાદા મૂકે, પાંગળો અંબર પૂગે. અ૦ ॥૨॥ તોપણ તું સાંભળને રાવણ, નિશ્ચય શીલ ન ખંડું, પ્રાણ હમારા પરલોક જાએ, તોપણ સત્ય ન છંડું. અ૦ ॥૩॥ કુણ મણિધરના મણિ લેવાને, હૈડે ઘાલે હામ, સતી સંઘાતે સ્નેહ કરીને, કહેા કુણ સાધે કામ. અ૦ ॥ ૪ ॥ પરદારાનો સંગ કરીને, આખો કોણ ઉગરીયો, ઊંડું તો તું જોવે આલોચિ, સહી તુજ દહાડો ફરીયો અ૦ ॥ ૫ ॥ જનકસુતા હું જગ સહુ જાણે, ભામંડળ છે ભાઈ, દશરથ નંદન શિર છે સ્વામી, લક્ષ્મણ કરશે લડાઈ. અ૦ ॥૬॥ હું ધણિયાતિ પિયુ ગુણ રાતી, હાથ છે મારે છાતી, રહે અળગેા તુજ વયણે ન ચલું, કાં કુલેં વાયે છે કાતિ. અ૦ ॥ ૭ ॥ ઉદયરત્ન કહે ધન્ય એ અબલા, સીતા જેહનું નામ,સતીયોમાંહિ શિરોમણિ કહિયે, નિત્ય નિત્ય હોજો પ્રણામ. અડશો મા જો, મા જો, મા જો. અ૦ ॥૮॥

---

## શ્રી દેવાનંદાની સજ્ઝાય

જિનવર રૂપ દેખી મન હરખી, સ્તનસેં દૂધ ઝરાયા, તવ ગૌતમકુ ભયા અચંભા, પ્રશ્ન કરણકું

આયા.ગૌતમ એ તો મેરી અમ્મા ॥૧॥એ આંકણી. તસ કૂખે તુમ કાહું ન વસિયા, કવણ કિયા ઇણ કમ્મા. ગૌ૦ ॥ ૨ ॥ ત્રિશલાદે દેરાણી હુંતી, દેવાનન્દા જેઠાણી,વિષય લોભ કરી કાંઇ ન જાણ્યો,કપટ વાત મન આણી.ગૌ૦ ॥૩॥ દેરાણીકી રત્નડાબલી, બહુળા રત્ન ચોરાયાં,ઝઘડો કરતાં ન્યાય હુઓ જબ, તબ કચ્છુ નાણાં પાયાં. ગૌ૦ ॥ ૪ ॥ એસા શ્રાપ દિયા દેરાણી, તુમ સંતાન અમ હોજો,કર્મ આગળ કોઇનું નહિ ચાલે, ઇન્દ્ર ચક્રવર્તી જોજો. ગૌ૦ ॥૫॥ ભરતરાય જબ ઋષભને પૂછે, એહમેં કોઇ જિણિંદા, મરિચીપુત્ર ત્રિદંડી તેરો,ચોવીસમો જિણિંદા. ગૌ૦ ॥ ૬ ॥ કુળનો ગર્વ કિયો મેં ગૌતમ, ભરતરાય જબ વંદ્યા, મન વચન કાયાએ કરીને, હરખ્યો અતિ આણંદા. ગૌ૦॥૭॥કર્મ સંયોગે ભિક્ષુકકુળ પાય, જન્મ ન હોવે કબહિ,ઇન્દ્ર અવધિએ જોતાં અપહર્યો, દેવ ભુજંગમ તબહિ. ગૌ૦ ॥૮॥ બ્યાશી દિન તિહાંકણે વસિયો, હરિણેગમેષી જબ આયા, સિદ્ધારથ રાય ત્રિસલાદે રાણી,તસ કૂખેં છટકયા.ગૌ૦ ॥૯॥ રૂષભદત્ત ને દેવાનન્દા,લેશે સંભમ ભારા, તબ ગૌતમ એ મુગતેં જાશે,ભગવતી સૂત્ર વિચારા.ગૌ૦ ॥૧૦॥ સિદ્ધારથ ત્રિસલાદે રાણી, અચ્યુત દેવલોકે

જાશે, બીજે સ્કંધે આચારાંગે,તે સૂત્રે કહેવાશે.ગૌ૦ ॥૧૧॥ તપગચ્છ શ્રી હીરવિજયસૂરિ, દિયો મનોરથ વાણી, સકળચંદ્ર પ્રભુ ગૌતમ પૂછે, ઉલટ મનમાં આણી ગૌ૦ ॥૧૨॥

---

## શ્રી રાજીમતી અને રહનેમિનો સંવાદ

રહેનેમિ અંબર વિણ રાજુલ દેખી જો,મદનોદય મોહ્યા મુનિ ચિત્ત ગવેખી જો ॥કહે સુંદરી સુંદર મેળા સંસારમાં જો. ॥૧॥ સંસારે મેળા આવે શે કાજ જો,ચિર ધરી કહે રાજુલ તુમે મુનિરાજ જો, આજ કિશું સંભારો મેળા વીસર્યા જો. ॥૨॥ વીસરે નહીં રાગીને પૂરવ પ્રીત જો, પ્રીત કરી રહે દૂર એ મૂરખ રીત જો; ચતુરશું ચિત્ત મેળાવો ચતુરને સાંભરે જો. ॥ ૩ ॥ સાંભરે પણ હમશું તુમ શો મેળાપ જો,દિયર ભોજાઈપણાની જગમાં છાપજો;તેમાં શો ચિત્ત મેળો ફોગટ રાગનો જો.॥૪॥ ફોગટ રાગે રોતાં તુમે ઘરમાંહી જો,તજી તુમને મુજ ભાઈ ગયા વનમાંહી જો;અમે તુમ ઘેર નિત વાતવિસામે આવતા જો.॥૫॥ આવતાતો હું દેતીઆદરમાનજો,પ્રીતમ

લઘુ બંધવ મુજ ભાઈ સમાન જો;કંતવિયોગે તુમશું વાત વિસામતી જો.॥૬॥ વિસામા વનિતાને વલ્લભ કેરા જો,અણપરણી કન્યાને કંત ઘણેરા જો;એકપખો જે રાગ તે ધરવો નવિ ઘટે જો. ॥ ૭॥ નવિ ધરે સતીયો જે નામ ધરાવે જો,બીજો વર વરવા ઇચ્છા નવિ ભાવે જો; ન ફરે પંચની સાખે જે તિલકેં ધર્યો જો. ॥ ૮॥ તિલક ધરે તે તો સામાન્ય ડરાય જો. મંગલ વરત્યે કરમેળાપક થાય જો;માય પછી વોળાવે કન્યા સાસરે જો. ॥ ૯॥ સાસરિયે કુંવારી જમવા જાય જો,વસ્તુ સામાન્ય વિશેષે લઇ સમવાય જો;કરમેળાવા પહેલાં મન મેળા કરે જો. ॥ ૧૦ ॥ મેળા કરવા અમે તુમ ઘેર આવંતા જો,ભૂષણ ચિવર મેવા ફળ લાવંતા જો;તુમે લેતાં અમને થઈ આશા મોટકી જો. ॥ ૧૧ ॥ મ્હોટી આશા શી થઈ તુમ દિલમાંહી જો,દેવર જાણી હું લેતી ઉચ્છાંહી જો;સસરાનું વર લહિ ન ધરી શંકા અમે જો.॥૧૨॥ અમે જાણ્યું પતિવિણ રાજુલ ઓશિયાળી જો,એહને પરણી સુખ ભર પ્રીતડી પાળી જો;દંપતી દીક્ષા લેશું યૌવનમાં નહીં જો.॥૧૩॥ નહિ ઓશિયાળી હું જગમાં કહેવાણી જો,ત્રણ જગતના રાજની હું રાણી જો;ભૂતળ સ્વર્ગે ગવાણી પ્રભુ ચરણે રહી જો. ॥ ૧૪ ॥ રહી ચરણે તો સુખ સંસાર ડગાણી જો,ચંપકવરણી

તુજ કાયા સોસાણી જો; તપ જપ કષ્ટ જે કરવું તે વૃદ્ધાપણે જો. ॥ ૧૫ ॥ વૃદ્ધાપણે મુનિને નવિ થાય વિહાર જો,થિરવાસે એક ઠામે રહે અણગાર જો;જે જે કારજ સાધવું તે યૌવનવયે જો.॥૧૬॥ યૌવન વય ઝગમગતી તુમ હમ જોગ જો,ચાલો ઘેર જઈ વિલસીયે સુખભોગ જો; વાત બની એકાંતે ગુફામાં પુણ્યથી જો.॥૧૭॥ પુણ્યે દીક્ષા લીધી પ્રભુની પાસ જો,સંયમથી સુર મુગતિતણાં સુખવાસ જો; વિરૂઆં વિષફલ ખાવા ઇચ્છા શી કરો જો.॥૧૮॥ શી કરો તો પાર્શ્વપ્રભુ અણગાર જો, ઉપદેશે ઘર છંડી થશે મુનિ ચાર જો;તે ભવ મોક્ષ સુણીને કિમ જઈ ઘેર વશ્યા જો.॥ ૧૯ ॥ ઘેર વશ્યા પણ મુનિ દીઠા તપ કરતા જો,પશ્ચાત્તાપ કરી ફરી સંયમ ધરતા જો; પરિશાટન કરી પરમાતમ પદવી વર્યા જો.॥ ૨૦ ॥ વરી પદવી પણ ભુક્તભોગી થઈ તેહ જો, તુમ ઉપર અમને પૂરવનો નેહ જો, અધુરાને દુઃષ્કર સંયમ સાધન વિધિ જો. ॥ ૨૧ ॥ વિધિયે વ્રત ધરી થાવચ્ચાકુમાર જો,સિદ્ધગિરિ સિધ્યા સાથે સાધુ હજાર જો; વીરને વારે અઇમત્તો મુગતે જશે જો.॥૨૨॥ જશે ખરા પણ બાળપણામાં જોગી જો,વાત ન જાણે સૌ સંસારિક ભોગી જો;ભુક્તભોગી થઈ અંતે સંયમ

સાધશું જો.॥ ૨૩ ॥ સાધશું અંતે સંયમ તે સવિ ખોટું જો,જરાપણાનું દુઃખ સંસારે મ્હોટું જો; વ્રત ભાંગીને જીવ્યા તે નરકે ગયા જો.॥૨૪॥ ગયા નરકે તે જેણે ફરી વ્રત નવિ ધરિયાં જો, ભાંગે પરિણામે સંયમ આચરિયાંજો;ચારિત્રે ચિત્ત ઠરશે ઇચ્છા પૂરણે જો.॥૨૫॥ ઇચ્છા પૂરણ કોઈ કાળે નવિ થાવે જો,સ્વર્ગતણાં સુખ વાર અનંતી પાવે જો; ભવભય પામી પંડિત દીક્ષા નવિ તજે જો.॥૨૬॥ નવિ તજે તો પૂરવધર કિમ ચૂકયા જો,રહી ઘરવાસે તપ જપ વેષ જ મૂકયા જો; અરિહા વાત એકાંતે શાસન નવિ કહે જો.॥ ૨૭ ॥ કહે એકાંતે બ્રહ્મચર્ય જિનવરિયા જો,વ્રત તજિ પૂરવધર નિગોદે પડિયા જો; વિષ ખાતાં સંસારે કુણ સુખિયા થયા જો.॥ ૨૮ ॥ થયા જિનેશ્વર સુખ વિલસી સંસારેજો, કેવળ પામી પછી જગતને તારે જો; દીક્ષા લેશું આપણે સુખલીલા કરી જો.॥૨૯॥ કિરીઆ સંયમ જિનઆણા શિર ધારો જો,ચળચિત્ત કરીને ચરણતણું ફળ હારો જો;વમન ભખંતાં શ્વાનપરે વાંછા કરો જો.॥૩૦॥ કર્યો અમને તુમે શ્વાન બરોબર સાચો જો,તો તુમશું હવે રાગ તે ધરવો કાચો જો;લાગ્યો તમાચો શિક્ષાનો મુજને ઘણો જો.॥૩૧॥ મુજને ઘણો છે દિયરિયાનો

રાગ જો,તેણે કહું છું અગંધન કુળના નાગ જો;અગ્નિ પડે પણ વિષ વમ્યું ચૂસે નહીં જો. ॥ ૩૨ ॥ ચૂસે નહીં તિર્યંચ પશુ વિખ્યાત જો,તેથી ભૂંડો હું નર ક્ષત્રિ જાત જો;તું ગુરુ માતા વાત કિહાં કરશો નહીં જો.॥૩૩॥ કરશો નહીં પણ જાણે જિનવર જ્ઞાની જો,જ્ઞાની આગળ વાત ન જગમાં છાની જો;પ્રભુ પાસે આલોયણ લેઇ નિર્મળ થવું જો.॥૩૪॥ નિર્મળ થાવા જઇશું પ્રભુની પાસેજો,મિચ્છામિદુઃક્કડં તુમશું શુભવાસે જો;કૂપપડંતાં તુમે કર ઝાલી રાખિયો જો.॥૩૫॥ રાખે આતમ પોતાનો મુનિરાયાજો, સ્વામી સહોદર માત શિવાના જાયા જો;રહનેમિ સંયમે ઠરિયા ધમ સાંભળી જો. ॥૩૬॥ સાંભળી જઇ પ્રભુ ચરણેશીશનમાંવી જો,આલોયણ લેઇ ઉજ્જ્વળ ભાવના ભાવી જો; કેવળ પામી શિવપદવી વરિયા સુખે જો.॥ ૩૭ ॥ સુખે રહીં ઘરમાં શત વરસ તે ચાર જો,એક વરસ છદ્મસ્થે રાજુલ નાર જો; એક વિહૂણાં પાંચશેં વરસ જ કેવળી જો.॥૩૮॥ કેવળી થઈને વિચર્યા દેશવિદેશ જો, બહુ જન તાર્યા દેઈ વર ઉપદેશ જો; શિવસુખ સજ્જનયે પોઢચા અગુરુ લઘુ ગુણે જો. ॥૩૯॥ ગુણે કરી દોય ગાયાં સુણજો સયણાં જો, એક એક ગાથા અન્તર બેહુનાં વયણાં

જો; શ્રી શુભવીર વિવેકી નિત્ય વન્દન કરે જો. ॥૪૦॥

---

## શિખામણની સજ્ઝાય

આ ભવ રત્નચિંતામણી સરિખો, વારંવાર નવિ મલશે રે; ચેતી શકે તો ચેત જીવલડા, આવી જોગવાઇ નવિ મલશે રે. આ ભવ રત્ન૦ ॥૧॥ ચાર ચોરાશી લક્ષમાં, જીવડા તું ફરી આયો રે, પુણ્યને યોગે સદ્ગુરુ સંગે, માનવભવ તેં પાયો રે. આ ભવ૦ ॥ ૨ ॥ રાત્રિ દિવસ ને સમયે સમયે, નિત્ય આહેડી પડયો કેડે રે, પ્રમાદ વશે ધર્મ કરણી વિનાનો, માનવ-ભવ જાય એ ખેર. આ ભવ૦ ॥૩॥ કડિયારો જેમ દરિદ્ર હતો, માથે ભાર ઉઠાવે રે, નવલખો હાર વિદ્યાધરે દીધો, અંધની પરે ચાલે રે. આ ભવ૦॥૪॥ બ્રાહ્મણ ભવે ચિંતામણિ લાધ્યું, પૂરવ પુણ્યને જોગે રે, કાંકરો જાણી ફેંકી રે દીધું, જાણ્યું નહિ ઉપયોગે રે. આ ભવ૦ ॥૫॥ માત પિતા ત્રિયા સુત બંધવ, ઝાઝેરી મમતા જોડે રે, તેહથી જીવલડા ગરજ સરે તો, સાધુજી ઘર કેમ છોડે રે. આ ભવ૦ ॥૬॥ ધન્ય સાધુજી સંયમ પાળે, શુદ્ધો મારગ દાખે રે, સાચું નાણું ગાંઠે બાંધી, મિથ્યાદૃષ્ટિ ન રાખે રે. આ ભવ૦

ાણા મોહમાયા મમતા છોડીને,સંવર ક્ષમા કીજેં રે, છકાયને અભયદાન આપીને,મુક્તિમણ સુખ લીજેં રે. આ ભવ૦ ાટા માનવી તે જે મુક્તિના કામી, પુદ્ગલ સુખને ત્યાગી રે, રત્નત્રયી પૂર્ણ સાધી તે, શાશ્વત સુખના ભાગી રે. આ ભવ૦ ાલા જેમ અંજલીમાં નીર સમાણું, ક્ષણ ક્ષણ ઓછું છે રે, ઘડિયાળે ઘડી આંવહી જાશે, ક્ષણ લાખેણી જાશે રે.આ ભવ૦ ાવ૦ા ગુરુ કંચનમય ગુરુ રત્નસરિખા, ગુરુજી જ્ઞાનના દરિયા રે, કહે મુનિ ચંદ્રવિજયજી પ્રતાપેં,અનંતા ભવ્ય જીવ તરિયા રે.આ ભવ રત્ન-ચિંતામણી સરિખો ।। ૧૧ ।।

---

## धन्नाशालिभद्रनी सज्झाय

અજીયા જોરાવર કર્મે જે જલભી, અજીયા શાલિભદ્ર ધન્ના હોય,સંત ધર્મના ધોરી એ.અજીયા મહાવીરવયણ માતા વંદીઆ, અજીયા બત્રીશે વહુ ગુણવંત ધર્મના ધોરી,એહ ધોરીમાં ધોરી મુનિ તો વૈભારગિરિ જઈ વંદીએ. ાવાા અજી માસખ-મણને પારણે, અજી આવ્યા હોય અણગાર, ધર્મ. અજી૦ ઘેર આવ્યા કોણે નથી ઓળખ્યા, અજી મિલ્યો નહીં તેમ આહાર,ધર્મ.ાારા અજી વળતી

મહીયારી મહી આપીને, અજી પડિલાભ્યા દોય અણગાર, ધર્મ. અજી પૂરવ ભવની માવડી, અજી પૂછે પ્રભુ કહે વિચાર, ધર્મ. ॥૩॥ તવ તેણે અણશણ આદર્યો, અજી વૈભારગિરિ જઈ હેજ, ધર્મ. અજી ફૂલની શય્યા જેને ખૂંચતી, અજી સંથારો શિલા કરી સેજ, ધર્મ, ધો. ॥ ૪ ॥ અજી માતા મહિલા તિહાં આવીયાં, અજી વંદે તે બહુ ધરી નેહ, ધર્મ. અજી મુનિવર અમ સામું જુઓ, અજી ભૂખાણી કહે તેહ, ધર્મ.ધો.॥૫॥ તસ વચને મન નવિ વિંધિયું,અજી મોહે ધેર્યો નહીં મને,ધર્મ. અજી વૈરાગથી સામું જોયું નહીં,અજી ધીરજ ધરી રહ્યા ધન્ય, ધર્મ.ધો.॥૬॥ અજી સર્વારથ સિદ્ધિ જઈ ઉપન્યા, અજી મહાવિદેહે મુક્તિ મઝાર,ધર્મ.અજી ઉદયરત્ન વંદે તેહને, અજી તે પામે ભવજલ પાર ધર્મ. ધો. ॥૭॥

---

## શ્રી વિજયશેઠ અને વિજયા શેઠાણીની સજ્ઝાય

શ્રી ભરતારનો શીયળ ઉપર ભાવ

પ્રહ ઊઠીરે પંચ પરમેષ્ઠિ સદા નમું, મનશુદ્ધે રે જેને ચરણે નિત્ય નમું, ધુરતેહને રે અરિહંત સિદ્ધ વખાણીએ,તે પછી રે આચરજ મન આણીએ.॥૧॥

આણિએ મન ભાવ શુદ્ધે, ઉપાધ્યાય મન રલી,
જે પન્નર કર્મભૂમિ માંહી, સાધુ પ્રણમેા તેહ વળી,
જેમ કૃષ્ણ પક્ષે શિયલ પાલ્યેા તે સુણેા, ભરતારને
સ્ત્રી વિનય તેહનેા, ચરિત્ર ભાવે મેં ભણ્યેા ॥ ૨ ॥
ભરતક્ષેત્રે રે સમુદ્રતીરે દક્ષિણ દિશે, કચ્છ દેશે રે
વિજય શેઠ શ્રાવક વસે, શિયળવ્રત રે અંધારા પક્ષનેા
લીયેા, બાળપણામાં રે એવેા નિશ્ચે મન કીયેા ॥૩॥
મન કીયેા નિશ્ચય તેણે એહવેા, પક્ષ અંધારેા પાળશું,
ધરી શિયળ નિશ્ચે એહ રીતે, નિયમ દુષણ ટાળશું,
એક છેય સુંદર રૂપે વિજયા, નામે કન્યા તિહાં
વળી, તેણે શુકલ પક્ષનેા શિયળ લીધેા, સુગુરુ જોગે
મન રળી ॥ ૪ ॥ કર્મજોગે રે માંહેામાંહે તે બેહુ-
તણેા, શુભ દિવસે રે હુએા વિવાહ સેાહામણેા, તવ
વિજયા રે સેાળ શણગાર તજી કરી, પિયુ મંદિર રે
પહેાંચી મન ઉલટ ધરી ॥ ૫ ॥ મન ધરી ઉલટ
પ્રગટ પહેાંચી, પ્રિયુ પાસે સુંદરી, તે દેખી હરખી
શેઠ બેાલ્યેા, આજ તેા છે આખડી, મુજ શિયળ
નિયમ છે પક્ષ અંધારેા, તેહના દિન ત્રણ છે, તે
નિયમ પાળી શુકલ પક્ષે, ભેાગ ભેાગવશું પછે ॥૬॥
એમ સાંભળી રે તવ વિજયા વિળખીયા એ, પિયુ
પૂછે રે કાં ચિંતા તુજને થાએ, તવ વિજયા રે કહે
શુકલ પક્ષનેા મેં લીયેા, બાળપણામાં રે વ્રત ચેાથેા

નિશ્ચે કિયો ॥૭॥ કીયો નિશ્ચે બાળપણમાં, શુકલ પક્ષ વ્રત પાળશું, ઉભય પક્ષ હવે શિયળ પાળી, નિયમ દુષણ ટાળશું, તુમે અવર નારી પરણીને, હવે શુકલ પક્ષ સુખ ભોગવો, કૃષ્ણ પક્ષે નિયમ પાળી, અભિગ્રહ એમ જોગવો ॥૮॥ તવ વળતો રે તસ ભરથાર કહે ઈસો, એ સંબંધી રે હવે શંકા નહિ લાવશો, તેહ છાંડી રે શિયળ સબળ બેહુ પાળશું, એહ વારતા રે માતપિતાને ન જણાવશું ॥૯॥ માતપિતા જબ જાણશે, તવ દીક્ષા લેશું ધરી દયા, એમ અભિગ્રહ લેઈને, ભાવ ચારિત્રીયા થયા, એકત્ર સજ્યા શયન કરતાં, ખડ્ગધારા વ્રતધરે, મન વચન કાયાએ કરી, શુદ્ધ શિયળ બેઉ ચિત્ત ધરે ॥૧૦

ઢાળ બીજી

વિમળ કેવળી તામ, ચંપાનયરીએ, તતક્ષણ આવી સમોસર્યા એ, આણી અધિક વિવેક, શ્રાવક જિનદાસ કહે વિનય ગુણે પરવર્યો એ ॥૧૧॥ સહસ ચોરાશી સાધુ મુજ ઘર પારણો; કરે જો મનોરથ તો ફળે એ, કેવળજ્ઞાન અગાધ, કહે શ્રાવક સુણો, એહ વાત તો નવિ બને એ ॥૧૨॥ કિહાં એટલા સાધુ, કિહાં વળી મુજતો, ભાતપાણી એટલો એ, તો હવે તેહ વિચાર કરો તુમે, જિમ

તિમાં દીધાં ફળ હુવે એટલો એ ॥ ૧૩ ॥ છેય એક કચ્છ દેશ, શેઠ વિજય વળી, વિજયા ભાર્યા તસ ઘરે એ, ભાવ યતિ ગૃહિ ભેખ, તેહને ભોજન દીધે; ફળ હુવે એટલો એ ॥ ૧૪ ॥ જિનદાસ કહે ભગવંત તીણ માંહે એટલા; ગુણ કુણ વ્રત છે ઘણા એ, કેવળી કહે અનન્ત ગુણ તસુ શિયળમાં; કૃષ્ણ શુકલ પક્ષ તણા એ ॥ ૧૫ ॥

ઢાળ ત્રીજી

કેવળી મુખે સાંભળી, શ્રાવક તે જિનદાસો રે ॥ કચ્છ દેશે હવે આવીયો, પુરે તે મનની આશો રે ॥ ૧૬ ॥ ધનધન શિયળ સુહામણો, શિયળ સમો નહીં કોઈ રે; શિયળે સુર સાનિધ્ય કરે, શિયળે શિવસુખ હોય રે. ધ૦ ॥૧૭॥ શેઠ વિજય વિજયા ભણી, ભક્તિશું ભોજન દીઈ રે; સહસ ચોરાસી સાધુનો, પારણાનો ફળ લેઈ રે. ધ૦ ॥ ૧૮ ॥ માત પિતા જબ પૂછીયું, તેહનો શિયળ વખાણે રે; કેવલી મુખે જીમ સુણ્યો, તિમ કહે તેહ સુજાણ રે. ધ૦ ॥ ૧૯ ॥ કૃષ્ણ શુકલ પક્ષ દંપતી ભોજન દે કોઈ ભાવે રે; સહસ ચોરાસી સાધુના, પારણાનો ફળ પામે રે. ધ૦ ॥૨૦॥ માતપિતા જબ જાણીયો, પ્રગટ એહ સંબંધ રે ॥ શેઠ વિજય વિજયા વળી, ચારિત્ર લેઅ પ્રતિબંધ રે ધ૦ ॥ ૨૧ ॥

કલશ

કેવળીની પાસે ચારિત્ર લેઈ ઉદાર; મન મમતા મુકી, પાળે નિરતિચાર; અષ્ટ કર્મ ખપાવી, પામ્યા કેવળ જ્ઞાન, તે મુક્તિ પોતા, દંપતી સુગુણ સુજ્ઞાણ. ધ૦ ॥ ૨૨ ॥ તેહના ગુણ ગાવે, ભાવે જે નર નાર; તે શિવસુખ પામે, પોહોંચે ભવને પાર; નાગોરી તપગચ્છ, શ્રી ચન્દ્રકીર્તિસૂરિરાય, શ્રી હર્ષકીર્તિ-સૂરિ, જંપે તાસ પસાય. ધ૦ ॥૨૩॥ જીમ કૃષ્ણ પક્ષે શુકલ પક્ષે, શિયળ પાળ્યો નિર્મળો, તે દંપતીના ભાવ શુદ્ધે, સદા સહ ગુરુ સાંભળો, જીમ દુરિત દોહગ દૂર જાએ, સુખ થાએ બહુ પરે, વળી ધવળ મંગળ આવે વંછીત, સુખ કુશળ ઘર અવતરે ॥૨૪॥

## ચોથની થોય

સર્વાર્થ સિદ્ધથી ચવી એ, મરૂદેવી ઉર ઉપન્ન તો; યુગલાધર્મ શ્રી ઋષભજી એ,ચોથતણો દિન ધન્ય તો ॥૧॥ મલ્લિપાસ અભિનંદન એ, ચવિઆ વલી પાસે નાણ તો;વિમલ દીક્ષા ષટ્ એમ હુઆં એ,સંપ્રતિ જિનકલ્યાણ તો ॥૨॥ ચાર નિક્ષેપે સ્થાપના એ, ચઉવિહ દેવ નિકાય તો; ચઉમુખ ચઉવિધ દેશના એ ભાખે સૂત્ર સમુદાય તો ॥ ૩ ॥ ગોમુખ જક્ષ ચક્રેશ્વરી એ, શાસનની રખવાલ તો; સુમતિ સંયોગ સુવાસના એ, નેહ ધરી નય નિહાલ તો ॥૪॥

## શ્રી પર્યુષણની થોય

( શ્રી શત્રુંજયગિરિ તીરથ સાર—એ દેશી )

વરસ દિવસમાં અષાડ ચોમાસું, તેહમાં વલી ભાદરવો માસ, આઠ દિવસ અતિ ખાસ; પર્વ પ-જુસણ કરો ઉલ્લાસ, અઠ્ઠાઇધરનો કરો ઉપવાસ, પોસહ લીજે ગુરુ પાસ; વડા કલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણું વખાણ સુણીજે, ચૌદ સુપન વાંચીજે; પડવેને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોત્સવ મં-ગલ ગવાય, વીર જિણેસર રાય. ॥૧॥ બીજે દિન દીક્ષા—અધિકાર,સાંજ સમય નિરવાણ વિચાર, વીર તણો પરિવાર; ત્રીજે દિન શ્રી પાર્શ્વ વિખ્યાત, વલી નેમિસરનો અવદાત, વલી નવ ભવની વાત; ચો-વીશે જિન અંતર ત્રેવીશ,આદિ જિનેશ્વર શ્રી જ-ગદીશ, તાસ વખાણ સુણીશ; ધવલ મંગલ ગીત ગહ્લંલી કરીએ, વલી પ્રભાવના નિત અનુસરીએ, અઠ્ઠમ તપ જય વરીએ. ॥૨॥ આઠ દિવસ લગે અમર પલાવો, તેહ તણો પડહો વજડાવો, ધ્યાન ધરમ મનભાવો; સંવત્સરી દિન સાર કહેવાયે,સંઘ ચતુર્વિધ ભેલો થાયે, બારસેં સૂત્ર સુણાએ; થિરા-વલી ને સમાચારી, પટાવલી પ્રમાદ નિવારી, સાંભ-લીએં નર નારી; આગમ સૂત્રને પ્રણમીશ,કલ્પસૂત્ર શું પ્રેમ ધરીશ; શાસ્ત્ર સર્વે સુણીસ. ॥ ૩ ॥ સત્તર

ભેદી જિન પૂજા રચાવો, નાટક કેરા ખેલ મચાવો, વિધિશું સ્નાત્ર ભણાવો; આડંબરશું દેહરે જઈએ, સંવત્સરી પડિક્કમણું કરીએ,સંઘ સર્વને ખામીએ; પારણે સાહમિવચ્છલ કીજે, યથાશક્તિએ દાન જ દીજે, પુન્ય ભંડાર ભરીજે; શ્રી વિજયક્ષેમસૂરિ ગણધાર, જસવંતસાગર ગુરુ ઉદાર, જિનેંદ્ર સાગર જયકાર. ॥૪॥

## શ્રી મૌન એકાદશીનો થોય

( શ્રી શત્રુંજયગિરિ તીરથ સાર—એ દેશી )

ગોયમ બોલે ગ્રંથ સંભાલી, વર્દ્ધમાન આગલ રઢિયાલી, વાણી અતીઅ રસાલી; મૌન અગ્યારસ મહિમા ભાલી,કોણે કીધી ને કહો કોણે પાલી, પ્રશ્ન કરે ટંકશાલી;કહોને સ્વામી પર્વ પંચાલી,મહિમા અધિક અધિક સુવિશાલી,કુણ કહે કહો તુમ ટાલી; વીર કહે માગશર અજુઆલી, દોઢસો કલ્યાણકની આલી, અગિયારસ કૃષ્ણે પાલી. ॥૧॥ નેમિનાથને વારે જાણો, કાહનુડો ત્રણ ખંડનો રાણો, વાસુદેવ સુપ્રમાણો; પરિગ્રહને આરંભે ભરાણો, એક દિન આતમ કીધો સાણો, જિનવંદન ઉજાણો; નેમિનાથને કહે હેત આણો, વરસી વારુ દિવસ વખાણો, પાલી થાઉં શિવ રાણો; અતીત અનાગત ને વર્ત્તમાન, નેવું જિનનાં હુવા કલ્યાણ, અવર ન એહ

સમાન. ॥૨॥ આગમ આરાધો ભવિ પ્રાણી, જે-હમાં તીર્થંકરની વાણી, ગણધર દેવ કમાણી; દો-ઢસો કલ્યાણકની ખાણી, એહ અગ્યારસને દિન જાણી,એમ કહે કેવલ નાણી;પુન્ય પાપ તણી જીહાં કહાણી, સાંભલતાં શુભ લેખ લખાણી, તેહની સ-રગ નિસાણી; વિદ્યા પૂરવ ગ્રંથે રચાણી, અંગ ઉ-પાંગ સૂત્રે ગુંથાણી, સુણતાં દીએ શિવરાણી. ॥૩॥ જિન શાસનમાં જે અધિકારી, દેવ દેવી હોએ સ-મકિત ધારી, સાનિધ્ય કરે સંભારી; ધર્મ કરે તસ ઉપર પ્યારી, નિશ્ચલ ધર્મ કરે સુવિચારી, જે છે પર ઉપકારી; વડ મંડલ મહાવીરજી તારી, પાપ પ-ખાલી જિન જુહારી, લાલવિજય હિતકારી; માતંગ જક્ષ કરે મનોહારી, ઓલગ સારે સુર અવતારી, શ્રી સંઘનાં વિઘ્ન નિવારી ॥ ૪ ॥

## चार शरणां

મુજને ચારે શરણાં હોજો, અરિહંત સિદ્ધ સુ-સાધુજી; કેવલી ધર્મ પ્રકાસિયો, રત્ન અમૂલખ લા-ધુંજી; મુજને૦ ॥૧॥ ચિહું ગતિતણાં દુઃખ છેદવાં, સમરથ શરણાં એહો જી; પૂર્વે મુનિવર જે હુઆ, તેણે કીયાં શરણાં તેહો જી; મુજને૦ ॥૨॥ સંસાર-માંહે જીવને, સમરથ શરણાં ચારો જી; ગણી સમય સુંદર એમ કહે, કલ્યાણ મંગલ કારો જી; મુજને૦

॥ ૩ ॥ લાખ ચોરાશી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકો જી; મિચ્છામિ દુક્કડં દીજીએ, જિન વચને લહીએ ટેકો જી; લાખ૦ ॥૪॥ સાત લાખ ભૂહ-ગતેઉવાઉના, દશ ચૌદે વનના ભેદો જી; ખટ્ વિગલ સુર તિરિનારકી, ચઉચઉ ચઉદે નરના ભેદો જી; લાખ૦ ॥૫॥ મુજ વૈર નહિ કેહશું, સૌશું મૈત્રી-ભાવો જી; ગણી સમયસુંદર એમ કહે, પામીએં પુન્ય પ્રભાવો જી; લાખ૦ ॥૬॥ પાપ અઢારે જીવ પરિહરો, અરિહંત સિદ્ધની સાખે જી; આલોવ્યાં પાપ છૂટીએ, ભગવંત એણીપરે ભાખે જી; પાપ૦ ॥૭॥ આશ્રવ કષાય દોય બંધના, વલી કલહ અભ્યાખ્યાનો જી; રતિ અરતિ પૈસુન નિંદના, માયા મોસ મિથ્યાતો જી; પાપ૦ ॥૮॥ મનવચન કાયાએ જે કર્યાં, મિચ્છામિ દુક્કડં દેહો જી, ગણી સમયસુંદર એમ કહે, જિન ધર્મનો મર્મ એહો જી; પાપ૦ ॥૯॥ ધનધન તે દિન મુઝ કદી હોશે, હું પામીશ સંયમ સુધો જી; પૂર્વ ઋષિ પંથે ચાલશું, ગુરુવચને પ્રતિબોધો જી; ધન૦ ॥૧૦॥ અંતપ્રાંત ભિક્ષા ગોચરી, રણવને કાઉસ્સગ્ગ લેશું જી; સમતા શત્રુમિત્ર ભાવશું, સંવેગ શુધો ધરશું જી; ધન૦ ॥ ૧૧ ॥ સંસારનાં સંકટ થકી, હું છૂટીશ જિન વચને અવતારો જી; ધન ધન સમય સુંદર તે ઘડી, તો હું પામીશ ભવનો પારો જી; ધન૦ ॥ ૧૨ ॥ (સમાપ્ત)

# પરિશિષ્ટ–૧

## સ્તવનો

### શ્રી પુન્યપ્રકાશનું સ્તવન

દુહા

સકળ સિદ્ધિદાયક સદા, ચોવીશે જિનરાય;
સદ્ગુરુ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ૧

ત્રિભુનપતિ ત્રિશલાતણો, નંદન ગુણગંભીર;
શાસનનાયક જગ જયો, વર્ધમાન વડવીર. ૨

એક દિન વીર જિણુંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિતભણી, પૂછે ગાતમસ્વામ. ૩

મુક્તિ મારગ આરાધીએ, કહો કિણ પરે અરિહંત;
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪

[૧]અતિચાર આલોઈએ, [૨]વ્રત ધરીએ ગુરુ સાખ;
[૩]જીવ ખમાવો સયલ જે, ચોનિ ચોરાશી લાખ. ૫

[૪]વિધિ શું વળી વોસિરાવીએ; પાપસ્થાનક અઢાર;
[૫]ચાર શરણ નિત્ય અનુસરો, [૬]નિંદો દુરિત આચાર. ૬

[૭]શુભ કરણી અનુમોદીએ, [૮]ભાવ ભલો મન આણ;
[૯]અણસણ અવસર આદરી, [૧૦]નવપદ જપો સુજાણ. ૭

શુભ ગતિ આરાધનતણા, એ છે દશ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવપાર. ૮

## ઢાળ પહેલી

[ ભવિકા, સિદ્ધચક્રપદ વંદો–એ દેશી ]

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર
એહ તણા ઈહિભવ પરભવના, આલોઈએ અતિચાર રે,
**પ્રાણી, જ્ઞાન ભણો ગુણખાણી,**
વીર વદે એમ વાણી રે....પ્રા૦ ૧

ગુરુ ઓળવીએ નહિ ગુરુ વિનયે, કાળે ધરી બહુમાન
સૂત્ર અર્થ તદુભય કરી સુધાં, ભણીએ વહી ઉપધાન રે. પ્રા૦ ૨

જ્ઞાનોપકરણ પાટી પોથી, ઠવણી નોકારવાળી;
તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભક્તિ ન સંભાળી રે. પ્રા૦ ૩

ઈત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ,
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે;
**પ્રાણી, સમકિત લ્યો શુદ્ધ જાણી. પ્રા૦ ૪**

જિનવચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાષ;
સાધુતણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખ રે. પ્રા૦ ૫

મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીએ,
સાહમ્મીને ધર્મે કરી થિરતા, ભક્તિ પ્રભાવના કરીએ રે.પ્રા૦ ૬

સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે, અવર્ણવાદ મન લેખ્યો;
દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો, વિણસંતો ઉવેખ્યો રે. પ્રા૦ ૭

ઈત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે.
**પ્રાણી, ચારિત્ર લ્યો ચિત્ત આણી. પ્રા૦ ૮**

પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરોધી, આઠે પ્રવચનમાય;
સાધુતણે ધર્મે પ્રમાદે, અશુદ્ધ વચન કાય રે. પ્રા૦ ૯
શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાળી;
જે જયણાપૂર્વક એ આઠે, પ્રવચનમાય ન પાળી રે. પ્રા૦ ૧૦
ઈત્યાદિ વિપરીતપણાથી, ચરિત્ર ડોહોલ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહરે. પ્રા૦ ૧૧
આરે હેટે તપ નવિ કીધો, છતે યોગે નિજ શકતે;
ધર્મે મન વચન કાયા વીરજ, નવિ ફોરવિયું ભગતે રે. પ્રા૦ ૧૨
તપ વીરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યાં જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે પ્રા૦ ૧૩
વળીય વિશેષે ચારિત્રકેરા, અતિચાર આલોઈએ;
વીર જિણેસર વયણ સુણીને, પાપમેલ સવિ ધોઈએ રે. પ્રા૦ ૧૪

---

## ઢાળ બીજી

[ પામી સુગુરુ પસાય રે—એ દેશી ]

પૃથ્વી પાણી તેઉ, વાઉ વનસ્પતિ,
એ પાંચે થાવર કહ્યાં એ;
કરી કરશણ આરંભ, ખેત્ર જે ખેડિયાં,
કૂવા તલાવ ખણાવિયા એ. ૧
ઘર આરંભ અનેક, ટાંકાં ભોંયરાં,
મેડી માળ ચણાવિયા એ;
લીંપણ ગૂંપણ કાજ, એણીપરે પરે,
પૃથ્વી કાય વિરાધિયા એ. ૨

ધોવણ નાવણ પાણી, ઝીલણ અપ્કાય,
છોતી ધોતી કરી દુહવ્યાં એ;
ભાઠીગર કુંભાર, લોહ સોહનગરા,
ભાડભુંજા લીહાલાગરા એ. ૩
તાપણ સેકણ કાજ, વસ્ત્રનિખારણ,
રંગણ રાંધણ રસવતી એ;
એણી પરે કર્માદાન, પરે પરે કેળવી,
તેઉ વાઉ વિરાધિયાં એ. ૪
વાડી વન આરામ, વાવી વનસ્પતિ,
પાન ફળ ફૂલ ચૂંટિયાં એ,
ચોંક પાપડી શાક, શેકયા સૂકવ્યાં,
છેદ્યાં છૂદ્યાં આથિયાં એ. ૫
અળશી ને એરંડ, ઘાણી ઘાલીને,
ઘણા તિલાદિક પીલિયાં એ;
ઘાલી કોલુમાંહે, પીલી શેરડી,
કંદમૂળ ફળ વેચિયાં એ. ૬
એમ એકેંદ્રિય જીવ, હણ્યા હણાવિયા,
હણતાં જે અનુમોદિયા એ;
આ ભવ પરભવ જેહ, વલી રે ભવોભવ,
**તે મુજ મિચ્છામિ દુક્કડં એ.** ૭
કૃમી કરમિયા કીડા, ગાડર ગંડોલા,
ઈયલ પોરા અળસિયાં એ;
વાળા જળો ચુડેલ, વિચલિત રસતણાં,
વળી અથાણાં પ્રમુખનાં એ; ૮

એમ બેઇંદ્રિય જીવ, જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડં એ.
ઉદેહી જૂ લીખ, માંકડ મંકોડા,
ચાંચડી કીડી કુંથુઆ એ. ૯
ગદ્દહિયાં ઘીમેલ, કાનખજુરડા,
ગીં ગોડા ધનેરિયાં એ,
એમ તેઇંદ્રિય જીવ, જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૧૦
માંખી મચ્છર ડાંસ, મસા પતંગિયાં,
કંસારી કોલિયાવડા એ;
ઢીંકણ વીંછુ તીડ, ભમરા ભમરીઓ
કેતાં બગ ખડમાંકડી એ. ૧૧
એમ ચૌરિંદ્રિય જીવ, જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડં એ.
જળમાં નાખી જાળ, જળચર દુહવ્યા,
વનમાં મૃગ સંતાપિયા એ. ૧૨
પીડ્યા પંખી જીવ, પાડી પાશમાં,
પોપટ ઘાલ્યા પાંજરે એ;
એમ પંચેંદ્રિય જીવ, જે મેં દુહવ્યા.
તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૧૩

---

## ઢાળ ત્રીજી

[સુણ જિનવર શેત્રુંજા ધણીજી—એ દેશી]

ક્રોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યા વચન અસત્ય,

કૂડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્ત રે.
**જિનજી, મિચ્છામિ દુક્કડં આજ,**
તુમ સાખે મહારાજ રે, જિનજી દેઈ સારું કાજ રે.
જિનજી૦ ૧

દેવ મનુષ્ય તિર્યંચનાંજી, મૈથુન સેવ્યાં જેહ;
વિષયારસ લંપટતણેજી, ઘણું વિડંબ્યો દેહ રે.
જિનજી૦ ૨

પરિગ્રહની મમતા કરીજી, ભવભવ મેલી આથ;
જે જિહાંની તે તિહાં રહીજી, કોઈ ન આવી સાથ રે.
જિનજી૦ ૩

રયણીભોજન જે કર્યાંજી, કીધાં ભક્ષ અભક્ષ;
રસના રસની લાલચેજી, પાપ કર્યાં પ્રત્યક્ષ રે.
જિનજી૦ ૪

વ્રત લેઈ વિસારિયાંજી, વળી ભાંગ્યાં પચ્ચક્ખાણ;
કપટ હેતુ કિરિયા કરીજી, કીધાં આપ વખાણ રે.
જિનજી૦ ૫

ત્રણ ઢાળ આઠે દુહેજી, આલોયા અતિચાર;
શિવગતિ આરાધનતણેજી, એ પહેલો અધિકાર રે.
જિનજી. ૬

---

## ઢાળ ચોથી

[ સાહેલડીની–એ દેશી ]

પંચ મહાવ્રત આદરો સાહેલડી રે, અથવા લ્યો વ્રત બાર તો;
યથાશક્તિ વ્રત આદરી, સા૦ પાળો નિરતિચાર તો. ૧

વ્રત લીધાં સંભારીએ, સા૦ હડે ધરીય વિચાર તો;
શિવગતિ આરાધનતણો, સા૦ એ બીજો અધિકાર તો. ૨
જીવ સર્વે ખમાવીએ, સા૦ યોનિ ચોરાશી લાખ તો;
મન શુદ્ધે કરી ખામણાં, સા૦ કોઈશું રોષ ન રાખ તો. ૩
સર્વે મિત્ર કરી ચિંતવો, સા૦ કોઈ ન જાણો શત્રુ તો;
રાગ દ્વેષ એમ પરિહરી, સા૦ કીજે જન્મ પવિત્ર તો. ૪
સાહમ્મી સંઘ ખમાવીએ, સા૦ જે ઊપની અપ્રીત તો;
સજ્જન કુટુંબ કરી ખામણાં, સા૦ એ જિનશાસન રીત તો. ૫
ખમીએ ને ખમાવીએ, સા૦ એહી જ ધર્મનો સાર તો;
શિવગતિ આરાધનતણો, સા૦ એ ત્રીજો અધિકાર તો. ૬
મૃષાવાદ હિંસા ચોરી, સા૦ ધનમૂર્ચ્છા મૈથુન તો;
ક્રોધ માન માયા તૃષ્ણા, સા૦ પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭
નિંદા કલહ ન કીજિયે, સા૦ કૂડાં ન દીજે આળ તો;
રતિ અરતિ મિથ્યા તજે, સા૦ માયામોહ જંજાળ તો. ૮
ત્રિવિધ ત્રિવિધ વોસિરાવીએ, સા૦ પાપસ્થાન અઢાર તો;
શિવગતિ આરાધનતણો, સા૦ એ ચોથો અધિકાર તો. ૯

---

## ઢાળ પાંચમી

[ શ્રાવણ સુદિ દિન પંચમીએ–એ દેશી ]

જનમ જરા મરણે કરીએ, આ સંસાર અસાર તો;
કર્યાં કર્મ સહુ અનુભવે, કોઈ ન રાખણહાર તો. ૧
શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો;
શરણ ધર્મ શ્રી જૈનનું એ, સાધુ શરણ ગુણવંત તો. ૨

અવર મોહ સવિ પરિહરીએ, શરણ ચાર ચિત્ત ધાર તો;
શિવગતિ આરાધનતણો એ, એ **પાંચમો** અધિકાર તો. ૩
આ ભવ પરભવ જે કર્યાં એ, પાપ કર્મ કેઈ લાખ તો;
આતમસાખે નિંદીએ એ, પડિક્કમીએ ગુરુ-સાખ તો. ૪
મિથ્યામતિ વર્તાવિયા એ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો;
કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉત્થાપ્યાં સૂત્ર તો. ૫
ઘડ્યાં ઘડાવ્યાં જે ઘણાં એ, ઘરંટી હળ હથિયાર તો;
ભવ ભવ મેલી મૂકિયાં એ, કરતા જીવ સંહાર તો. ૬
પાપ કરીને પોષિયાં એ, જનમ જનમ પરિવાર તો;
જન્માંતર પહોંત્યા પછી એ, કોઈએ ન કીધી સાર તો. ૭
આ ભવ પરભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો;
ત્રિવિધે ત્રિવિધે વોસિરાવીએ એ, આણી હૃદય વિવેક તો. ૮
દુષ્કૃત નિંદા એમ કરી એ, પાપ કર્યો પરિહાર તો;
શિવગતિ આરાધનતણો એ, એ **છઠ્ઠો** અધિકાર તો. ૯

---

## ઢાળ છઠ્ઠી

[ તે દિન કયારે આવશે–એ દેશી. ]

**ધન ધન તે દિન માહરો**, જીહાં કીધો ધર્મ;
દાન શિયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કર્મ. ધન૦ ૧
શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર;
જુગતે જિનવર પૂજિયા, વળી પોષ્યાં પાત્ર. ધન૦ ૨
પુસ્તક જ્ઞાન લખાવિયાં, જિણહર જિનચૈત્ય;
સંઘ ચતુર્વિધ સાચવ્યાં, એ સાતે ખેત્ર. ધન૦ ૩

પડિક્કમણું સુપરે કર્યાં, અનુકંપા દાન;
સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધાં બહુમાન. ધન૦ ૪
ધર્મ કારજ અનુમોદીએ એમ વારોવાર;
શિવગતિ આરાધન તણો, એ **સાતમો** અધિકાર. ધન૦ ૫
ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ;
સમતા ભાવે ભાવીએ, એ આતમરામ. ધન૦ ૬
સુખ દુઃખ કારણ જીવને, કોઇઅવર ન હોય;
કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. ધન૦ ૭
સમતા વિષુ જે અનુસરે, પ્રાણી પુણ્યનું કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન૦ ૮
ભાવ ભલી પરે ભાવીએ, ધર્મનો સાર;
શિવગતિ આરાધનતણો, એ **આઠમો** અધિકાર. ધન૦ ૯

---

## ઢાળ સાતમી

(પ્રહ ઊઠી વંદું, ઋષભદેવ ગુણવંત–એ દેશી)

હવે અવસર જાણી, કરી સંલેખન સાર,
અણસણ આદરીએ, પચ્ચખ્ખી ચારે આહાર;
લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ,
એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧
ગતિ ચારે કીધાં, આહાર અનંત નિશંક,
પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચિયો રંક;
દુલ્લહો એ વળી વળી, અણસણનો પરિણામ,
એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨

ધન્ય ધન્ના શાલિભદ્ર, ખંધો મેઘકુમાર,
અણુસણ આરાધી, પામ્યો ભવનો પાર;
શિવમંદિર જાશે, કરી એક અવતાર,
અરાધન કેરો, એ **નવમો** અધિકાર. ૩

**દશમે** અધિકારે, મહામંત્ર નવકાર,
મનથી નવિ મૂકો, શિવસુખ ફલ સહકાર;
એ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર,
સુપેરે એ સમરો, ચાદ પૂરવનો સાર. ૪

જન્માંતર જાતાં, જો પામે નવકાર,
તો પાતિક ગાળી, પામે સુર અવતાર;
એ નવપદ સરીખો, મંત્ર ન કો સંસાર,
ઇહ ભવ ને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫

જુઓ ભીલ ભીલડી, રાજા રાણી થાય,
નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય;
રાણી રત્નવતી બેહુ, પામ્યા છે સુરભોગ,
એક ભવ પછી લેશે, સિદ્ધવધૂ સંજોગ. ૬

શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તત્કાલ,
ફણીધર ફીટીને, પ્રગટ થઈ ફૂલમાલ;
શિવકુમારે જોગી, સોવનપુરિસો કીધ,
એમ ઈણે મંત્રે, કાજ ઘણાંનાં સિદ્ધ. ૭

એ **દશ** અધિકારે, વીર જિણેસર ભાખ્યો,
આરાધનકેરો વિધિ, જેણે ચિત્તમાંહિ રાખ્યો;
તેણે પાપ પખાળી, ભવ ભય દૂર નાખ્યો,
જિનવિનય કરતાં સુમતિ, અમૃત રસ ચાખ્યો. ૮

## ઢાળ આઠમી

(નમો ભવી ભાવશું–એ દેશી)

સિદ્ધારથ સુત કુળતિલો એ, ત્રિશલા માત મલ્હાર તો;
અવનીતલે તમે અવતર્યા એ, કરવા અમ પર ઉપકાર.
**જયો જિન વીરજી એ. ૧**

મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહું પાર તો,
તુમ ચરણે આવ્યા ભણી એ, જો તારે તો તાર. જયો૦ ૨
આશા કરીને આવિયો એ, તુમ ચરણે મહારાજ તો;
આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ ? જયો૦ ૩
કરમ અલૂજણ આકરાં એ, જનમ મરણ જંજાળ તો,
હું છું એહથી ઊભગ્યો એ, છોડવ દેવ! દયાલ. જયો૦ ૪
આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલ તો;
તૂઠ્યો જિન ચોવીશમો એ, પ્રગટ્યા પુણ્ય કલ્લોલ. જયો૦ ૫
ભવેભવ **વિનય** તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો:
દેવ દયા કરી દીજીએ એ, બોધિબીજ સુપસાય. જયો૦ ૬

---

## કળશ

ઈહ તરણતારણ સુગતિકારણ, દુઃખનિવારણ જગ જયો;
શ્રી વીર જિનવર, ચરણ થુણતાં, અધિક મન ઉલટ ભયો. ૧
**શ્રીવિજયદેવસૂરીંદ** પટધર તીરથ જંગમ એણી જગે;
તપગચ્છપતિ શ્રી **વિજયપ્રભસૂરિ** સૂરિતેજે ઝગમગે. ૨
**શ્રીહીરવિજયસૂરિ**, શિષ્ય વાચક **કીર્તિવિજય** સુરગુરુ સમો;
તસ શિષ્ય **વાચક વિનયવિજયે** થુણ્યો જિન ચોવીસમો. ૩

સય સત્તર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચોમાસ એ.
વિજયદશમી વિજયકારણ, કીધો ગુણ અભ્યાસ એ. ૪
નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલવિલાસ એ,
નિર્જરા હેતે સ્તવન રચિયું, નામ **પુણ્યપ્રકાશ** એ. ૫

---

## શ્રી પર્યુષણા મહાપર્વનું સ્તવન

(મેરે સાહેબ તુમ હી હો)

શ્રી પર્યુષણ પર્વરાજ, સેવો ભવિ હરખે;
રયણરાશિ સમ પર્વ એ, આતમ અર્થી પરખે. ૧
ગુણ અનંત છે જેહના, ધર્મધ્યાન નિત્ય કીજે;
પ્રભુગુણ શુદ્ધાશય સુણી, સાહજ ભાવ ઓળખીજે. ૨
કલ્પતરુ સમ કલ્પસૂત્ર, જિનમંદિર પધરાવો;
ગીત ગાન આતમ રમણ, કરી મંગલ ગાવો. ૩
કરી વરઘોડો અભિનવો, જિન શાસન દીપાવો;
શુભ કરણી અનુમોદતા, ગુરુસમીપે લાવો. ૪
ગુરુ પ્રરુપે વાયણા, ભાવે ભવિકને કાજે;
છઠ્ઠ તપ કીજે નિરમલો, ચઢવા શિવગિરિ પાજે. ૫
પડવે દિન પ્રભુ વીરનો, જન્મોત્સવ કરિયે;
સહામીને ભોજન દેઈ, સુકૃત ભાજન ભરિયે. ૬
અઠ્ઠમ તપ કરી સાંભળતો, શેષ રહ્યો અધિકાર;
નાગકેતૂ પરે ભવિ તુમે, પામો ભવોદધિપાર. ૭
સુણવા બારસા સૂત્રને, ભવિ થઇએ ઉજમાળ;
શ્રીફલ સાહમ્મી પ્રભાવના, કરી ટાળો જંજાળ. ૮

અઠ્ઠાઈ પદ તુલ્ય છે, પણ એ કહ્યાએ અધિકેરી;
કારણ કારજ ઉલ્લરે, ટાલે ભવફેરી. ૯
દ્વીપ નંદીસર આઠમે, દેવ મળી સમુદાય
અઠ્ઠાઈ મહોચ્છવ કરી, સ્વ સ્વ સ્થાનક જાય. ૧૦
સુલભ બોધિ જીવની, હરખે સાતે ધાત,
તે માટે આરાધીએ, મન કરી એ રળિયાત. ૧૧
તપગચ્છ નાયક સેહરોએ, વિજય લક્ષ્મી સૂરિરાય;
પંડિત પ્રેમવિજય તણો, દ્વીપવિજય ગુણ ગાય. ૧૨

---

## શ્રી નવકાર મહિમા જિન સ્તવન

(નમો રે નમો શ્રી શેત્રુંજય ગિરિવર)

શ્રી નવકાર જપો મનરંગે, શ્રી જિનશાસન સાર રે;
સર્વ મંગલમાં પહેલું મંગલ, જપતાં જયજયકાર રે. શ્રી૦ ૧
પહેલે પદ ત્રિભુવન જનપૂજિત, પ્રણમો શ્રી અરિહંત રે;
અષ્ટ કરમ ઝીપકે બીજે પદ, ધ્યાવો સિદ્ધ અનંત રે. શ્રી૦ ૨
આચારજ ત્રીજે પદ સમરું, ગુણ છત્રીસ નિધાન રે;
ચોથે પદ ઉવજ્ઝાય જપીજે, સૂત્ર સિદ્ધાંત સુજાણ રે. શ્રી૦ ૩
સવિ સાધુ પંચમ પદ પ્રણમો, પંચ મહાવ્રત ધાર રે;
પદ નવ અષ્ટ ઇહાં છે સંપદ, અડસઠ વરણ ઉદાર રે. શ્રી૦ ૪
સાત ઇહાં ગુરુ અક્ષર દીપે, એક અક્ષર ઉચ્ચાર રે;
સાત સાગરનાં પાતક જાવે, પદ પચ્ચાસ વિચાર રે. શ્રી૦ ૫
સંપૂરણ પણસય સાગરનાં, પાપ પલાવે દૂર રે;
ઇહ ભવ ક્ષેમ કુશલ મનવાંછિત, પરભવ સુખ ભરપૂર રે. શ્રી૦ ૬

ક્ષણમાં સોવન પુરુષો સીધ્યો, શિવકુમાર ઈણે ધ્યાન રે;
સરળ ફીટી હુઈ પુષ્પમાલા, શ્રીમતી ને પરધાન રે. શ્રી૦ ૭
યક્ષ ઉપદ્રવ કરતો વાર્યો, પરતક્ષ કરે સાનિદ્ધ રે;
ચોર ચંડ પિંગલ ને હુકડ, પાળે સુરનર ઋદ્ધ રે. શ્રી૦ ૮
એ પરમેષ્ઠી મંત્ર જગ ઉત્તમ, ચૌદ પૂરવનો સાર રે;
ગુણ ગાવે શ્રી પદ્મરાજ ગણી, મહિમા અગમ અપાર રે. શ્રી૦ ૯

---

## શ્રી નવપદ વર્ણનાત્મક સ્તવન

[ સિદ્ધારથના રે નંદન વિનવું ]

ભાવે કીજે રે નવપદ-પૂજના, જેહમાં ધરમી રે પાંચ,
ચાર ધરમ એ મારગ મોક્ષનો, સાચો શિવવધૂ સાંચ.
ભાવે૦ ૧

તત્ત્વ ત્રણ છે રે નવપદમાં સદ્દા, સંખ્યા હોય ત્રણ ચાર,
આરાધે તે નર નિયમા લહે, ભવસાયરનો રે પાર.
ભાવે૦ ૨

પદ પહેલે પ્રણમો અરિહંતને, નિર્મલ ગુણ જસ બાર;
વિચરંતા દશ દુગુણ જિનેસર, ત્રિભુવન જન આધાર.
ભાવે૦ ૩

અષ્ટ કરમ ક્ષય કરી શિવપદ લહ્યું, પ્રગટયા ગુણ એકત્રીસ;
સિદ્ધ અનંતા રે નમતાં નીપજે, સહજ સ્વરૂપ જગીશ.
ભાવે૦ ૪

ત્રીજે પદ આચારજ ભવિ નમો, ગુણ છત્રીશ નિધાન;
આગમ શુદ્ધ પ્રરૂપક ગુણ થકી, જે જિનરાજ સમાન.
ભાવે૦ ૫

આચારાજ પદની ધરે યોગ્યતા, કરતા નિત્ય સજ્ઝાય;
ગુણ પચવીશ સહિત પાઠક નમો, સંઘ સકલ સુખદાય.
ભાવે૦ ૬

રત્નત્રયી આરાધક મુનિવરા, ગુણ સત્યાવીસ ધાર;
પંચમપદ સેવી બહુ જન લહે, શાશ્વત શિવસુખ સાર.
ભાવે૦ ૭

સમ્યગ્દર્શન પદ છઠ્ઠે નમો, સડસઠ ભેદ વખાણ;
ભેદ એકાવન આરાધી લહો, પરગટ પંચમ નાણ.
ભાવે૦ ૮

થિરતા રૂપ ચરણ પદ આઠમે, સીત્તર ભેદ વિચાર;
નિરવાંછકતા તપ નવમે પદે, જેહ પચાશ પ્રકાર,
ભાવે૦ ૯

ઈમ નવપદ મંડલ મધ્યે ઠવો, અરિહા દેવના દેવ;
સિદ્ધાદિક પદ ચઉદિશિ થાપિયે, વિદેશે ધર્મને સેવ.
ભાવે૦ ૧૦

યોગ્ય અસંખ્યા શિવપદ પ્રાપ્તિના, નવ પદ તેહમાં પ્રધાન;
જસ આલંબે રે જિન પદ પામિયે, ઉત્તમ ગુણનું રેહાણ.
ભાવે૦ ૧૧

# શ્રી જીવણવિજયજી કૃત ચોવીસી

## ૧. શ્રીઆદિનાથ જિન સ્તવન

[ દેશી–ગોડીની ]

મોહ્યો મન–મધુકર ગુણ–ફૂલ
સાહેબજી ઉડાયો ઊડે નહિ જી,
પ્રભુ મૂરતિ અતિહિ અમૂલ,
સા. નયણ ઠરે દીઠો સહી જી. ૧
મળવા મનમેં મોરી છે આશ,
સા. પણ કર્મ અશુભવીસી ઘણાં જી,
વિસવાવીસ અછે વિશ્વાસ,
સા. તુજથી તાપ જાશે ચેતન તણા જી. ૨
કોઈ પૂર્વ ભવાંતર નેહ,
સા. આવી બન્યો રે તુમથી ઘણો જી,
તિણે દાખો રખે પ્રભુ છેહ,
સા. હાજર બંદો હું છું જિનતણો જી. ૩
જાણો વલી વેલા જો મુઝ,
સા. તો ઢીલ ઘડી કરતા રખે જી,
વાલ્હા વાત કહી જે મેં ગુજ,
સા. હેત ધરી હિયડે લખે જી. ૪
તું તો નાજૂક નાભિનો નંદ,
સા. આવિકરણ આવીસરૂ જી.
એ તો મરુદેવી સુત સુખકંદ,
સા. જીવણવિજયને જયકરૂ જી. ૫

## ૨. શ્રી અજિતનાથ જિનસ્તવન

(દેશી–વીંછિયાની)

અજિત જિનેસર આજથી,
મુજ રાખજો રૂડી રીતિ રે લાલ;
બાંહ્ય ગ્રહીને બહુ પરે,
પ્રભુ પાળજો પૂરણ પ્રીતિ રે લાલ. અ. ૧

કામિત કલ્પતરુ સમો,
એ તો મુજ મનમોહન વેલી રે લાલ;
અનુકૂળ થઈને આપીએ,
અતિ અનુભવ રસ રંગરેલી રે લાલ. અ. ૨

મનહ મનોરથ પૂરજો,
એ તો ભક્તતણા ભગવંત રે લાલ;
આતુરની ઉતાવળે ખરી,
મન કરી પૂરીએ ખાંત રે લાલ. અ. ૩

મુક્તિ મનોહર માનિની,
વશ તાહરે છે વીતરાગ રે લાલ;
આવે જો તે આંગણે,
મહારે તે મોટે ભાગ્યે રે લાલ. અ. ૪

સિદ્ધિવધૂ સહેજે મળે
તું હોજો તારક દેવ રે લાલ;
કહે જીવણ જિનજી તણી,
સખરી સધલાથી સેવ રે લાલ. અ. ૫

## ૩. શ્રી સંભવનાથ જિનસ્તવન

(મારું મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે–એ દેશી)

સુગુણ સનેહો સાંભલ વિનતિ રે,
સંભવ સાહિબ બહુ સુખદાય રે;
ઓલગ કીજે અહોનિશ તાહરી રે,
લેખે વાસર લાયક થાય રે. સુ. ૧

તારક બિરૂદ એ છે જો તાહરે રે,
તારો કરમીને કિરતાર રે;
સાચ માનશો સંભવનાથજી રે,
સેવે આવી સહુ સંસાર રે. સુ. ૨

ઉત્તમ કરશો મુઝને એહવો રે,
ગુણનો રાગી છું ગુણવંત રે;
જુગતો જોગ હુએ વળી જાણશું રે,
સુધો આણોને અતિ ગુણ સંત રે. સુ. ૩

એહવું જાણી જન એકમના થઈ રે,
પ્રેમશું પ્રણમો પ્રભુના પાય રે;
અંતર દાઝ હોલાશે આપથી રે,
ખિજમત કરીએ ખરી મહારાય રે. સુ. ૪

આલસ અરતિ અલગી ટાળીને રે,
ધરિયે ધ્યાન કરી દૃઢ ચિત્ત રે;
જીવણવિજયે જયલચ્છી વરી રે,
મળિયો જો મેલું સાહેબ ચિત્ત રે. સુ. ૫

## ૪. શ્રી અભિનંદન જિનસ્તવન

(સાંભલેા ચંદ નરેસરુ રે લેા—એ દેશી)

અભિનંદન અરિહંતજી રે લેા,
*કાંઈ કરુણા કર ગુણવંતજી રે લેા;*
સજ્જન સાચા જો મલે રે લેા,
તેા દૂધ માંહી સાકર ભળે રે લેા. ૧

કેવલ કમલા જો તાહરે રે લેા,
તેણે કારજ શ્યેા સરે માહરે રે લેા;
ભાળતાં ભૂખ ન ભાંજશે રે લેા,
પેટ પડયાં કાંઈ ધ્રાપીએ રે લેા. ૨

હેજ કરી હુલરાવિયાં રે લેા,
કાંઈ વધિયે નહિ વિણ ધાવિયાં રે લેા;
ઉત્તમ હુએ ઉપગારને રે લેા,
તત્ત્વ વહેંચી દિયે તારીને રે લેા. ૩

આતમમાં અજુવાળીએ રે લેા,
કાંઈ વાસ તુમારે વાસિયે રે લેા;
કારણ જો કાંઈ લેખવેા રે લેા,
તેા નેહ નજર ભર દેખવેા રે લેા. ૪

સિદ્ધારથા સંવર તણેા રે લેા,
કાંઈ કુલ અજુઆલ્યેા તેં ઘણેા રે લેા;
શાશ્વતી સંપદા સ્વામીથી રે લેા,
જીવણ જસ લહે નામથી રે લેા. ૫

## ૫. શ્રી સુમતિનાથ જિનસ્તવન

(જગજીવન જગ વાલહો–એ દેશી)

પૂરણ પુન્યે પામીએ, સુમતિ જિણંદ સિરદાર લાલ રે;
ચિંતામણી સમ ચાહના, જિનજી જગદાધાર લાલ રે. પૂ૦ ૧
ભૂખ્યાને કોઈ ભાવશું, ઘેબર દે ઘરે આણી લાલ રે;
તરસ્યાં તોયને તાકતાં, ઉમટે અમૃત ખાણી લાલ રે. પૂ૦ ૨
શૂર સૂરજને દેખતો, ધારે અધિક ઉછરંગ લાલ રે;
તિમ જિન જગત્રય તારકો, મોટો એ માહરે ચંગ લાલ રે. પૂ૦૩
ઓલગી તુજ અલવેસરૂ, બીજા કુણ ગ્રહે બાંહ્ય લાલ રે;
સંગતિ સુરતરુ છોડીને, કિમ બેસું બાવલ છાંય લાલ રે. પૂ૦૪
ગુણ દેખીને ગહગહ્યો, પામ્યો હું પરમ ઉલ્લાસ લાલ રે;
જીવવિજય સુપસાયથી, જીવણ જિનતણો વાસ લાલ રે. પૂ૦૫

---

## ૬. શ્રી પદ્મપ્રભ જિનસ્તવન

(શ્રી સિદ્ધચક્ર આરાધીએ રે લો–એ દેશી)

પદ્મ પ્રભુનો પામીએ રે લો, દોલતવંત દેદાર રે જિનેસર;
મંગલમાલા કારણો રે લો, સુસીમા માત મલ્હાર રે. ૧
ચતુર કરી જે ચાકરી રે લો, ભાવજલે ભરપૂર રે;
પરમ પુરુષના સંગથી રે લો, શિવસુખ લહીએ સનૂર રે. ૩
વાલેસર ન વિસારિયે રે લો, ગિરુઆ ગરીબ નિવાજ રે;
દાતારી તું દીપતો રે લો, દે ઈચ્છિત મુજ આજ રે. ૩
ઔષ તું ઠેલ હવે પાપના રે લો, પાલ્ય સલુણા પ્રીત રે;
તિલ તિલ થાઉં તો પરે રે લો, ચતુર નાણો કિમ ચિત્ત રે. ૪

મનમંદિર મુજ આવિયે રે લો, એહ કરું અરદાસ રે;
કહે જીવણ આવી મિલે રે લો, સહેજે લીલવિલાસ રે. ૫

---

## ૭. શ્રી સુપાર્શ્વનાથ જિનસ્તવન

(એક દિન પુંડરીક ગણધરુ રે લાલ–એ દેશી)

સપ્તમ દેવ સુપાસજી રે લાલ,
સાંભળ સુગુણા વાત રે સનેહી;
દરિસણ પ્રભુનો દેખીને રે લાલ,
નિરમલ કરું નિજ ગાત રે; સ૦
તું મનમોહન માહરે રે લાલ,
જીવનપ્રાણ આધાર રે. સ૦ ૧
સંદેશે ઓલગ સુણી રે લાલ,
કારજ નાવે કોઈ રે; સ૦
વેધાલક મન વાતડી રે લાલ,
હજૂર થયે તે હોય રે. સ૦ ૨
ચતુર તેં ચિત્તને ચોરીઓ રે લાલ,
મન તન રહ્યો લયલીન રે; સ૦
વેધાણો તુજ વેધડે રે લાલ,
જિમ મૃગ વેધે વીણ રે. સ૦ ૩
વાલેસર ન વિલંબીએ રે લાલ,
સેવક દીજે સુખ રે; સ૦
ના ખમીએ હવે નાથજી રે લાલ,
ભાણા ખડખડ ભૂખ રે. સ૦ ૪

કાલ કંટક દૂરે કરો રે લાલ,
આપણે જેહ અંતરાય રે; સ૦
નાણે તે નવિ પામીએ રે લાલ,
વેલા જેહ વહી જાય રે. સ૦ ૫
સહજ સ્વરૂપી સાહિબા રે લાલ,
શિવપુરના શિરદાર રે; સ૦
આપ લીલા આવી મલ્યો રે લાલ,
મુજને એ મનોહાર રે. સ૦ ૬
પૃથ્વીસુત પુહુવીતલે રે લાલ,
ઊગ્યો અભિનવ ભાણ રે; સ૦
કહે જીવણ જીવનો રે લાલ,
કરજો કોડી કલ્યાણ રે. સ૦ ૭

---

## ૮. શ્રી ચંદ્રપ્રભ જિનસ્તવન

(પુષ્પલવ્ય વિજયે જયો રે–એ દેશી)

ચંદ્રપ્રભુજીની ચાકરી રે, દ્રાક્ષ સાકર પેં મીઠ, જિનેસર;
સફલ કર્યો સંસારમાં રે, જન્મ જેણે જિન દીઠ. જિનેસર. ૧
વહાલો તું વીતરાગ, મુઝ મલિયો મોટે ભાગ, જિનેસર;
વળી પહોંતે પુન્ય અથાગ, કરું સેવા હું ચરણે લાગ. જિ૦ વ. ૨
મેવાસી ભડ મારીઓ રે, મયણ મહા દુરદંત, જિ૦;
વિષયા તરુણી વેગળી રે, મૂકી થયા મહંત રે. જિ૦ વ. ૩
કરડા કર્માષ્ટક ચોરટા રે, જિનપતિ જીત્યા જેહ, જિ૦;
તૃષ્ણા દાસી જે તજી રે, મુઝ મન અચરિજ એહ. જિ૦ વ. ૪

દોષ દોય દોડાવિયા રે, ધુરથી રાગ ને દ્વેષ, જિ૦,
જગ વ્યાપી યોધ લોભ ને રે, રાખ્યો નહિ કાંઈ રેખ. જિ૦ વ. ૫

અરિયણ જિતી આકરા રે, વરિયો કેવલ નાણ, જિ૦;
લક્ષ્મણા માતનો લાડલો રે, કરતી સફલ વિહાણ. જિ૦ વ. ૬

પામી તેં તે હું પામશું રે, લીલા લહેર ભંડાર, જિ૦;
કહે જીવણ જિનજી કરો રે, નિશદિન હર્ષ અપાર. જિ૦ વ. ૭

---

## ૯. શ્રી સુવિધિનાથ જિનસ્તવન

( રાજગૃહી નગરીનો વાસી, શ્રેણિકનો સુત સુવિલાસી હો,
મુનિવર વૈરાગી–એ દેશી)

સુવિધિ સુવિધિના રાગી, એક અરજ કરું પાય લાગી હો;
દીદાર દીઠે વડભાગી, ભલી ભાગ્યદશા મુજ જાગી હો. ૧

સુણ શિવરમણીના કંત, મનમોહન તું ગુણવંત હો;
સુખ વંછિત દીજે સંત, પ્રભુ પામ્યા જેહ અનંત હો. ૨

લાયકથી લાયક લાજ, લહિયે મહીયલ મહારાજ હો;
ગુણગ્રાહી ગરીબ નિવાજ, પય પ્રણમી કરું પ્રભુ આજ હો. ૩

રાગી રસ અનુભવ દીજે, સુપસાય એ તો અમ કીજે હો;
સાચાને સાચ દાખીજે, જિનજી તો જસ પામી જે હો. ૪

મન ચૂકો માનવ ખેવ, તારક છે એહી જ દેવ હો;
જગ જુગતિ છે નિતમેવ, કહે જીવણ પ્રભુપય સેવ હો. ૫

---

## ૧૦. શ્રી શીતલનાથ જિનસ્તવન

(આંખડિયે મેં આજ શેત્રુંજે દીઠો રે–એ દેશી)

શીતલ શીતલ છાયા રે, સુરતરુ સારી રે;
લાગી છે મનશુદ્ધ માયા રે, પ્રાણથી પ્યારી રે.
પૂરણ પુન્યે હું પાસ તુમારે, વહાલા મારા,
આવ્યો છું આશ કરીને રે;
રંગ વિલાસ કરો મન રૂડે, હિયડે હેત ધરીને રે;
સાહેબ સાચો રે પામીને, પરતક્ષ સાંઈ રે,
ઓર મત જાઓ રે. ૧

આશાને આધારે એ તો, વહાલા,
મેં તો દુષ્કૃત દિન બહુ કાઢ્યા;
જાણ થકાં તે કાં નવિ જાણો, રાગી છો ધર્મ ધનાઢ્યા રે. સા૦૨

ભક્ત મનોગત ભાવ જાણો છો વહાલા,
તો મુખ કાં નવિ બોલો;
વહતી વેલા જાણી વેગે, અંતર પડદો ખોલો રે. સા૦૩

ગાંઠ તણો કાંઈ ગરથ ન બેસે વહાલા, અનુકૂલ અમશું દેતાં;
દૂષણ લાગે તોપણ દાખો, નેહ નજર ભરી જોતા રે. સા૦૪

પંચમ ગતિ દાયક પ્રભુ પામી વહાલા, અવર ન બીજે જાચું;
નવનિધિ જીવણ નિત્ય ઘર આવે, નામ શીતલનાથ સાચું રે. સા૦૫

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિનસ્તવન

( ગઢડામેં ઝૂલે સહીયાં હાથણી–એ દેશી )

મનડો મેં મોહ્યો શ્રી શ્રેયાંસજી, તનડે તુજ દેખણરી મન દોડ;
મારી ઓલગડી અવધારો રૂડા રાજિયા,
વળી વળી કહિયે બે કર જોડ; મા૦
રૂપડલો નિહાલી રૂડા રાજવી,
લખપતિ લાયક રહે કડ જોડ. ૧
આંખલડી છે પ્રભુની અંબુજ પાંખડી,
જીભલડી તે જાણે અમીરસ કંદ; મા૦
નાસિકા પ્રભુની દીપશિખા જિસી;
શોભિત સોલ કલા મુખચંદ. મા૦ ૨
ગહન જ્ઞાનગુણે તું પૂરિયો,
મહીયલે પ્રભુ મુદ્રા લાગે મીઠ; મા૦
લેખે ભાવ આણ્યો તેણે આપણો,
જન્માન્તર જેણે જિનજી દીઠ. મા૦ ૩
લીલા તે લાખેણી જેણે લીન છો,
નેહની કાંઈ ચાહ ઘણી છે ચિત્ત; મા૦
મનતણો જાણ્યો હોંશે માહરો,
હિત કરીને દેશ્યો દિલ જે મિત્ત. મા૦ ૪
એક તારી જો કરિયે જિનજી ચાકરી,
પામીજે તો સફલ સદા સુવિહાણ; મા૦
પંડિત જીવવિજય પદ દાસના,
કર ધરી કરીએ કોડિ કલ્યાણ. મા૦ ૫

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિનસ્તવન

( સંભવજિન અવધારિયે–એ દેશી )

જય જયાનંદન દેવની, સખરી સવલાથી સેવ, સાહેબજી;
એકમના આરાધતાં, વરવાંછિત લહે નિતમેવ. સા૦ ૧
વહાલી હો મૂરતિ મન વસી, મનમોહન વસુપૂજ્યનંદ, સા૦
સાસ સમાણો તે સાંભરે, વાસુપૂજ્ય વાલો જિનચંદ. સા૦ ૨
વાસ વસ્યા જઈ વેગલે, એ તો અહીં થકી સાત રાજ, સા૦
ધ્યાતા જનમન ઢુંકડો, કરવા નિજ ભક્ત સુકાજ. સા૦ ૩
અનોપમ આશ તુમારડી, અનુભવરસ ચાખણ આજ, સા૦
મહેર કરી મુજ દીજીયે, નેક નજર ગરીબ નિવાજ. સા૦ ૪
વિનતડી વીતરાગની, કરતાં કાંઈ કોડિ કલ્યાણ;
જીવણ કહે કવિ જીવનો, તુજ તૂહ્યે નિરમલ નાણ. સા૦ ૫

---

## ૧૩. શ્રી વિમલનાથ જિનસ્તવન

(મુનિસુવ્રત કીજે મયા રે–એ દેશી)

વિમલ કમલ પરે વિમલ વિરાજે, ગાજે ગુણનિધિ જાસ;
કીરતિ અતિ કાને સુણી પ્રભુ, પામ્યો હું પરમ ઉલ્લાસ.
સલુણા સાહેબ શ્યામાનંદ, તુજ સોહત આનનચંદ; સ૦
પયસેવિત સુરનર વૃંદ. સ૦ ૧
સુરપતિ સુરમણિ શશી ગિરિના, ગુણ લઇ ઘડિયું અંગ;
મૂરતિ મોહન વેલડી, વારુ વિમલ જિણુંદ સુચંગ. સ૦ ૨
જ્ઞાતા દાતા ને વલી ત્રાતા, ભ્રાતાનું જગ મિત્ત;
શાતા દીજે સામટી, અજરામર પદ સુવિદિત. સ૦ ૩

અલિક ન આખું સહી સત્ય ભાખું, દાખું છું ધરી નેહ;
આપ લીલા ધન ઉમટી, વરસો મુજ મન વચન મેહ. સ૦ ૪
વિનતડી મુજ સુણીને વેગે, નેહી હોજો નાથ;
કહે જીવણ જિનજી મિલ્યા, હવે હર્ષિત હુઓ સનાથ. સ૦ ૫

---

## ૧૪. શ્રી અનંતનાથ જિનસ્તવન

(નીરખ્યો નેમિ જિણંદને અરિહંતાજી–એ દેશી)

આજ અમારે આંગણે, સોભાગી રે,
સુરતરુ ફૂલિયો સાર, સાહિબ ગુણરાગી રે;
અનંત અનંતા જ્ઞાનનો સો૦ દીઠો દેવભંડાર. સા. ૧
ઓળંગે ઉંબર ઘણા સો૦ તેહને કેતા ઇશ; સા.
એકમનો હું તો થકી, સો૦ ચાહું છું બગસીસ. સા. ૨
આપ સરૂપી હોઇ ને, સો૦ બેઠા થઈ બલવાન, સા.
મરણ જરા ને જનમના, સો૦ ભય ભાગ્યા ભગવાન. સા. ૩
સાચી વિધ સેવા તણી, સો૦ અવધારી અરિહંત, સા.,
મનહ મનોરથ પૂરજો, સો૦ ભક્ત તણા ભગવંત. સા. ૪
કર્મ રહિત કિરતારની સો૦ આવે શિવ દાતાર; સા.
જીવણ જીવવિજય તણો, સો૦ આપ્યો પુન્ય અંબાર. સા. ૫

---

## ૧૫. શ્રી ધર્મનાથ જિનસ્તવન

(થેં તો મહેલાંરા પોઢણહાર, ડુંગર દેશ કયું મારા રાજ–એ દેશી)

સાહિબા મારા વિણ સેવીએ દાસ,
કહો કુણ તારિયાજી, મારા રાજ કહો૦

સા૦ સેવા દાન જે દીધ તે, અર્થ્યા સારિયાજી મા.અ. ૧
સા૦ નાવા તારે જે નાથ કે, નિશ્ચય તારકુજી મા.નિ.
સા૦ આપ તરે અરહિંત કે, અવરાં કર્મ વારકુ જી મા.અ. ૨
સા૦ ઓળગતા દિનરાત કે, કદીક નિવાજીએ જી મા.ક.
સા૦ બિરુદ જે ગરીબ નિવાજ કે,સાચ દિવાજીએ જી.મા.સા. ૩
સા૦ ઉપકારી નરપાત્ર, કુપાત્ર ન લેખશેજી. મા. કુ.
સા૦ જવું સમ વિષમાધાર, જલદ કેમ દેખશેજી મા.જ. ૪
સા૦ જપ કર્યે કર્મ એ ઈશ, પડ્યો જસ લેયશેજી; મા. ૫.
સા૦ ધરશે ધર્મનું ધ્યાન તે, જીવણ જસ દેયશેજી મા. ૫

---

## ૧૬. શ્રી શાંતિનાથ જિનસ્તવન

( કેવલી અચલ કહે વાણી–એ દેશી )

જય જગનાયક, જિનચંદ ! તુજ દરિસણ નયનાનંદા રી;
સુણો સાંહિબા શાંતિ જિણંદા !
જિન સોળમો પંચમ ચક્રી, પય પ્રણમે ચોસઠ શક્રરી. સુ૦ ૧
આપ ઓળગુઆ મન આણો,
મળિયો મન માન્યો એ ટાણો રી; સુ૦
અવસર લહી ચતુર ન ચૂકે, નિજદાસ નિરાશ ન મૂકે રી. સુ૦ ૨
ટળે તન-મન તાપ તો મેરા,
ચાહી ચરણ થહું હું તોરા રી. સુ૦
તુજ સંગમથી સુખ પાયો,જાણે ગંગા જલમાં ન્હાયો રી. સુ૦ ૩
અળગા અરિવંછિત હોશી,
સાહિબ જો સનમુખ જોશી રી સુ૦
પ્રભુ મિલવા જેમ ન કરશે, થઇ એકમનો ધ્યાન ધરશે રી. સુ૦ ૪

નેક નજરે નાથ! નિહાળી, મુજ ટાળો મોહ જંજાળી રી; સુ૦
કહે જીવણ જિન ચિત્ત ધારી,
ભજિયે ભવિ મુક્તિ તૈયારી. સુ૦ ૫

---

## ૧૭. શ્રી કુંથુનાથ જિનસ્તવન

(હાંરે મારે ઠામ ધરમના–એ દેશી)

હાં રે, જગજીવ અનાથનો કહિયે કુંથુનાથ જો,
નેહડલો નિત્ય નવલો તિણશું કીજિયે રે લો;
હાં રે, ઓવારણ કાજે તન મન ધન અતિસાર જો,
નરભવ પામી ઉત્તમ લાહવો લીજિયે રે લો. ૧

હાં રે, પ્રભુ થયા થશે તે છે તસ એક જ રીત જો,
ગાઢા છે નીરાગી પણ ગુણ રાગિયા રે લો;
હાં રે, પ્રભુ જોઈ ભવિ પ્રાણી જાણીને મનભાવ જો,
નેહને રે નિજ વાસ દિયે વડભાગિયા રે લો. ૨

હાં રે, મધ્યવર્તી થઈને હિયડું જે લિયે હાથ જો,
ઉત્તમ છે જે અનુભવરસ તે ચાખિયે રે લો;
હાં રે, તે રસ પીધાથી જે લહે જીવ સુવાસ જો,
અવિયોગી સુખ ઓપમ કેહી દાખિયે રે લો. ૩

હાં રે, દુઃખ આકર તરવા તૃષ્ણા રાખે જેહ જો;
નેહડલો નિત્ય માંડે જિન નિકલંકથી રે લો;
હાં રે, અતિ આતુર થઈ જે સેવે સુર સકલંક જો,
જન હાસો મન ધોખો થાયે રંકથી રે લો. ૪

હાં રે, ચતુર નર તેહને કહિયે કલિયુગ માંહી જે;
સાચા રે શિવગામી સાહિબ ઓળખે રે લો,
હાં રે, કવિ જીવવિજયનો જીવણ કહે કર જોડી જે,
તરશે તે જિનરાજ હૃદયમેં જે રખે રે લો. ૫

---

## ૧૮. શ્રી અરનાથ જિનસ્તવન

(બંધ સમય ચિત્ત ચેતિયે–એ દેશી)

રહો મનમંદિર માહરે, દાસ કરે અરદાસ વાલમજી!
વશ નાવો કિણ વાંકથી, નાણોજી નેહ નિવાસ. વા૦ રહો૦ ૧
દૂષણ દાખીને દીજિયે, શિક્ષા સારું બોલ; વા૦
તહત્તિ કરું હું તારકા, તો લહું વંછિત મોલ. વા૦ રહો૦ ૨
નિસનેહી ગુણ તાહરો, જાણું છું જગદીશ! વા૦
છોડીશ કિમ પ્રભુ છાંયડી, વિણ દિયા વિસવાવીસ. વા૦ રહો૦ ૩
કલ્પતરુ જો કર ચડ્યો, બાઉલ દે કોણ બાથ? વા૦
પામર નર કેમ પૂજિયે, ઓળખી શ્રી જગન્નાથ. વા૦ રહો૦ ૪
અવલ ઉપમ અરનાથની, અવરાં જણ કુણ જાત. વા૦
જીવણ જિન ગુણ ગાવતાં, હોશ્યે ગુણનિધિ ગાત. વા૦ રહો૦ ૫

---

## ૧૯. શ્રી મલ્લિનાથ જિનસ્તવન

(સુણ જિનવર શેત્રુંજા ધણીજી–એ દેશી)

મલ્લિ જિનેસર મો થકીજી, કરશો અંતર કેમ;
પુરુષ પિત્તળિયા પરિહરીજી, હૈડે ધર્યો તું હેમ,
વાલમજી! વિનવું છું જિનરાજ! ૧

લાયક પાયક અંતરોજી, રાખે નહિ પ્રભુ રેખ;
ગુણ ઇત્યાદિક બહુ ગ્રહ્યાજી, તિણમેં મીન ન મેખ. વા૦ ૨
કરી કરુણા મો ઉપરેજી, દો દિલ દેવ દયાલ!
આસા ખિજમતગારનોજી, મુજરો લીજે મયાલ! વા૦ ૩
જલ અંજલી દરિયો દ્વીપેજી, ઓછો કેતો તે હોય;
અવધારી નય એહમાંજી, સેવક સુનમુખ જોય. વા૦ ૪
નીલ વરણ તનુ નાથનું જી, મોહ્યા સુરનરવૃંદ;
જીવણ જિન હિતથી હવેજી, ચડત કલા જિમ ચંદ. વા૦ ૫

---

## ૨૦. શ્રી મુનિસુવ્રત જિનસ્તવન

(જિનજી ત્રેવીસમો જિન પાસ, આસ મુજ પૂરવે રે લો–એ દેશી)

જિનજી મુનિસુવ્રત શું માંડી મેં તો પ્રીતડી રે લો,
મારા સુગુણ સનેહા લો;
જિનજી તું સુરતરુની છાંય, ન છાંડું હું ઘડી રે લો. મા૦ ૧
જિ૦ શ્રી પદ્માસુતનંદન; શ્રી સુમિત્રનો રે લો; મા૦
જિ૦ દ્વીપે વર તનુ શ્યામ, કલા શું વિચિત્રનો રે લો. મા૦ ૨
જિ૦ આરતડી મુજ અલગી ગઈ, તુજ નામથી રે લો; મા૦
જિ૦ વિનતડી સફળી કરી લીજે, મનધામથી રે લો. મા૦ ૩
જિ૦ ક્ષણ ક્ષણમેં તુજ આશા, પાસ ન છોડશું રે લો; મા૦
જિ૦ વારુ પરિ પરિ વધતો નેહ, સુરંગો જોડશું રે લો. મા૦ ૪
જિ૦ વિસાયો કિમ વહાલા!, તું મુજ વિસરે રે લો; મા૦
જિ૦ તાહરે સેવક કેઈ, પણ મુજ તું શિરે રે લો. મા૦ ૫
જિ૦ સિદ્ધિવધૂની ચાહ, કરી મેં તો ધરે રે લો; મા૦

જિ૦ દીજે તેહિ જ દેવ, કૃપા કરી મો પરે રે લો. મા૦ ૬
જિ૦ તારે એ કિરતાર, પ્રભુને જે સ્તવે રે લો; મા૦
જિ૦ જીવવિજય પયસેવક, જીવણ વિનવે રે લો. મા૦ ૭

---

## ૨૧. શ્રી નમિનાથ જિનસ્તવન

( નાણો નમો પદ સાતમે–એ દેશી )

નમિ જિનના નિત્ય નામથી સદા ઘર સફળ વિહાણ, મેરે લાલ.
અણજાણી આવી મિલે, મનવાંછિત લીલ મંડાણ. મે૦ ન૦ ૧
તૃષ્ણા તુજ મળવા તણી, દિનમાં હોય દશ વાર; મે૦
મન દેઈ મળો જો પ્રભુ, તો સફળ ગણું સંસાર. મે૦ ન૦ ૨
અંતરગત આલોચતાં, સુર તુજ સમ અવર ન હોય; મે૦
જેહના જે મનમાં વસ્યો, તેહને પ્રભુ તેહિ જ હોય. મે૦ ન૦ ૩
પોયણી પાણીમાં વસે, નભોપરિ ચંદ્ર નિવાસ;
એકમના રહે અહોનિશે, જાણો મુજ તિમ જિન પાસ. મે૦ ન૦ ૪
હેમ વરણ હરખે ઘણે, ભવિયણ મનમોહનગાર; મે૦
કહે જીવણ કવિ જીવનો, દુષ્કૃત દુઃખ દૂર નિવાર. મે૦ ન૦ ૫

---

## ૨૨. શ્રી નેમિનાથ જિનસ્તવન

( પ્રથમ જિનેસર પૂજવા, સૈયર મોરી–એ દેશી )

સુખકર સાહિબ શામળો,
જિનજી મારો, નાહ સુરંગો, નેમ હો;
કામિત કલ્પતરુ સમો, જિ૦ રાજિમતી કહે એમ હો,

કામણગારા કંતજી! મનમોહન ગુણવંતજી! જિ૦
એક રસો રથ વાળ હો. ૧
તેવડ મુજ તજવા તણી, જિ૦ હુંતી જો શિવ હુંશ હો;
અબલાબાલ ઉવેખવા, જિ૦ શી કરી એવડી ધૂંસ હો. કા૦ ૨
ઊંડા કાં ન આલોચિયા, જિ૦ સગપણ કરતાં સ્વામી! હો,
પાણી પી ઘર પૂછવું, જિ૦ કાંઈ ન આવે તે કામ હો. કા૦ ૩
ઓલંભે આવે નહીં, જિ૦ રાજુલ ઘર ભરતાર હો;
વાલિમ વંદન મન કરી, જિ૦ જઈ ચડી ગઢ ગિરનાર હો. કા૦ ૪
શિવપુર ગઈ સંજમ ધરી, જિ૦ અનુપમ સુખરસ પીધ હો;
જીવણ જિન સ્તવના થકી, જિ૦ સમકિત ઉજ્જવલ કીધ હો. કા૦ ૫

## ૨૩. શ્રી પાર્શ્વનાથ જિનસ્તવન

( મોહ મહીપતિ મહેલમેં બેઠે )

મન મોહન મેરે પ્રાણથી પ્યારે, પાસજી પરમ નિધાન લલના;
પૂરવ પુણ્યે દરિશન પાયો, આયો અબ જસવાન,
બલિહારી જાઉં જિણુંદની હો. ૧
વામાનંદન પાપનિકંદન, અશ્વસેન કુલચંદ, લલના;
જાકી મૂરતિ સૂરતિ દેખી, મોહ્યા સુરનરવૃંદ. બલિ૦ ૨
તીન ભુવનકે આપ હૈ ઠાકુર, ચાકર હૈ સબલોક, લલના;
નીલ વરણ તનુ આપ બિરાજે, છાજે ગતભય શોક. બલિ૦ ૩
કમઠાસુરકો મદ પ્રભુ ગાળ્યો, ટાળ્યો કોપકો કોટ, લલના;
અતિ અધિકાઈ આપકી દીસે, નિજ કર્મ શિરે દીની ચોટ. બલિ૦ ૪
ઘનઘાતી પણ દૂર નિવારી, લહી કેવલ થયા સિદ્ધ, લલના;
જીવણ કહે જિન પાસ પસાયે, અનુભવ રસ ઘટ પીધ. બલિ૦ ૫

## ૨૪. શ્રી મહાવીર જિનસ્તવન

(પરમાતમ પૂરણ કલા)

વધતી વેલી મહાવીરથી,
માહરે હવે હો થઈ મંગલમાલ જો;
દિન દિન દોલત દીપતી,
અળગી ટળી હો બહુ આળ જંજાળ કે,
વીર જિણુંદ જગવાલ હો. ૧

તારક ત્રિશલા નંદનો,
મુજ મળિયો હો મોટે સૌભાગ્ય કે;
કોડી ગમે વિધિ કેળવી,
તુજ સેવીશ હો લાયક પાય લાગ્ય કે. વીર૦ ૨

તાહરે જે તેહ માહરે,
હેજે કરી હો વર વાંછિત એહ કે,
દીજે દેવ ! દયા કરી,
તુજ સંપત્તિ હો મુજ વલ્લભ તેહ કે, વીર૦ ૩

સૂતાં સાહેબ સાંભરે,
બેઠાં પણ હો દિન મેં બહુવાર કે;
સેવકને ન વિસારજો,
વિનતડી હો પ્રભુ એ અવધાર કે. વીર૦ ૪

સિદ્ધારથ-સુત વિનવ્યો,
કર જોડી હો મદ મચ્છર છોડ કે;
કહે જીવણ કવિ જીવનો,
તુજ તૂઠે હો સુખ સંપત્તિ કોડ કે. વીર૦ ૫

## ૨૫. કળશ

( રાગ ધનાશ્રી : ગાયો ગાયો રે )

ગાયા ગાયા રે, મેં તો જિનગુણ રંગે ગાયા;
અવિનાશી પ્રભુ એાળગ કરતાં, આનંદ અંગ ઉપાયા રે. મેં. ૧
ધ્યાન ધરીને જિન ચોવીસે, જેહ નરે નિત્ય ધ્યાયા;
પરગર પંચમ ગતિના ઠાકુર, તે થયા તેજ સવાયા રે. મેં૦ ૨
આ ભવ પરભવ વળીય ભવોભવ; અનંત અનંત જિનરાયા;
અનંત લીલા મેં જે જઈ વસિયા, તે મહારે મન ભાયા રે. મેં૦ ૩
મુનિ શશિ શંકરલોચન, પર્વત વર્ષ સોહાયા;
ભાદ્રો માસની વદિ આધા ગુરુ, પૂર્ણ મંગલ વરતાયા રે. મેં૦ ૪
રાણકપુર મેં રહીય ચોમાસું, જગ જસ પડહ વજાયા;
દિન દિન ચડત કલા થઈ જાણે, હૃદય કમલ જિન ધ્યાયા રે. મેં૦ ૫
ભવ-દુઃખ-વારક સકલ ભટ્ટારક, શ્રી હીરવિજય સૂરિરાયા;
તસ શિષ્ય શુભવિજય પયસેવક, જયવિજય જસ લાયા રે. મેં૦ ૬
શિષ્ય સુખકર નિત્ય વિજય બુધ, જીવવિજય સુપસાયા;
જીવણ વિજયે જિન ચોવીસે, ગાતાં નવનિધિ પાયા રે. મેં૦ ૭

---

## શ્રી પાંચ કારણનું સ્તવન

દૂહા

સિદ્ધારથ સુત વંદિયે જગદીપક જિનરાજ;
વસ્તુત્વ સવિ જાણીયે, જસ આગમથી આજ. ૧
સ્યાદ્વાદથી સંપજે, સકલ વસ્તુ વિખ્યાત;
સપ્ત ભંગી રચના વિના, બંધ ન બેસે વાત. ૨

વાદ વદે નય જૂજુઆ, આપ આપણે ઠામ;
પૂરણ વસ્તુ વિચારતાં, કોઈ ન આવે કામ. ૩
અંધ પુરુષે એહ ગજ, ગ્રહી અવયવ એકેક;
દૃષ્ટિવંત લહે પૂર્ણ ગજ, અવયવ મળી અનેક. ૪
સંગતિ સકલ નયે કરી, જુગતિ યોગ શુદ્ધ બોધ;
ધન્ય જિનશાસન જગજયો, જિહાં નહિ કિસ્યા વિરોધ. ૫

## ઢાળ પહેલી

કાળ-વાદ

( રાગ-આશાવરી )

શ્રી જિનશાસન જગ જયકારી, સ્યાદ્વાદ શુદ્ધ રૂપ રે;
નય એકાંત મિથ્યાત નિવારણ, અકલ અભંગ અનૂપ રે. શ્રી. ૧
કોઈ કહે એક કાળતણે વશ, સકળ જગત ગતિ હોય રે;
કાળે ઉપજે કાળે વિણસે, અવર ન કારણ કોય રે. શ્રી. ૨
કાળે ગર્ભ ધરે જગ વનિતા, કાળે જન્મ પુત્તર;
કાળે બોલે કાળે ચાલે, કાળે ચાલે ઘરસુત્ત રે. શ્રી. ૩
કાળે દૂધ થકી દહીં થાયે, કાળે ફળ પરિપાક રે;
વિવિધ પદારથ કાળ ઉપજાવે, કાળે સહુ થાય ખાખ રે. શ્રી. ૪
જિન ચોવીશ બાર ચક્રવર્તી, વાસુદેવ અને બલદેવ રે;
કાળે કલિત કોઈ ન દીસે, જસુ કરતાં સુર સેવ રે. શ્રી. ૫
ઉત્સર્પિણી અવસર્પિણી આરા, છએ જુઈ જુઈ ભાત રે;
ષટ્ઋતુ કાળ વિશેષ વિચારો, ભિન્ન ભિન્ન દિન રાત રે. શ્રી. ૬
કાળે બાળવિલાસ મનોહર, યૌવન કાળા કેશર;
વૃદ્ધપણે વળી પલી વ્યુ અતિ દુર્બલ શક્તિ નહિ લવલેશ રે. શ્રી. ૭

## ઢાળ બીજી

સ્વભાવ–વાદ

(ગિરુઆ ગુણ વીરજી—એ દેશી)

તવ સ્વભાવવાદી વદેજી, કાળ કિસ્યું કરે રંક;
વસ્તુ સ્વભાવે નીપજેજી, વિણસે તિમજ નિઃશંક.
વિવેક વિચારી જુઓ, જુઓ વસ્તુ સ્વભાવ. એ આંકણી ૧
છતે યોગ જોબનવતીજી, વાંઝણી ન જણે બાળ;
મુછ નહિ મહિલા મુખેજી, કરતલ ઊગે ન વાળ. સુ૦ ૨
વિણ સ્વભાવ નવિ નીપજેજી, કેમ પદારથ હોય;
આંબ ન લાગે લીંબડેજી, બાગ બસંતે જોય. સુ૦ ૩
મોર પિછ કુણ ચીતરેજી, કોણ કરે સંધ્યા–રંગ;
અંગ વિવિધ સવિ જીવનાંજી, સુંદર નયન કુરંગ. સુ૦ ૪
કાંટા બોર બબુલનાંજી, કોણે આણીયાલા કીધ;
રૂપરંગ ગુણ જૂજુઆજી, તરુફલ ફૂલ પ્રસિદ્ધ. સુ૦ ૫
વિષધર મસ્તક નિત્ય વસેજી, મણિ હરે વિષ તતકાલ;
પર્વત થિર ચલ વાયરોજી, ઉર્ધ્વ અગ્નિની જવાલ. સુ૦ ૬
મત્સ્યતુંબ જળમાં તરેજી, ડૂબે કાગ પહાણ,
પંખી જાત ગયણે ફિરેજી, ઇણી પરે સયલ વિનાણ. સુ૦ ૭
વાયુ સુંઠથી ઉપશમેજી, હરડે કરે વિરેચ;
સીઝે નહિ કણ કાંગડુજી, શકિત સ્વભાવ અનેક. સુ૦ ૮
દેશ વિશેષે કાષ્ટનાંજી, ભૂમિમાં થાય મહાણ;
શંખ અસ્થિનો નીપજેજી, ક્ષેત્રસ્વભાવ પ્રમાણ. સુ૦ ૯
રવિ *તાતો શશી શીતલોજી, ભવ્યાદિક બહુ ભાવ;
છએ દ્રવ્ય આપ આપણાંજી, ન તજે કોઈ સ્વભાવ. સુ૦ ૧૦

*ઉષ્ણ

## ઢાળ ત્રીજી

ભવિતવ્યતા–વાદ

(કપૂર હોય અતિ ઉજળો રે–એ દેશી)

કાળ કીસ્યું કરે બાપડોજી, વસ્તુ સ્વભાવ અકજ્જ[૧];
જો નવિ હોયે ભવિતવ્યતાજી, તો કેમ સીઝે કજ્જ[૨] રે,
પ્રાણી મ કરો મન જંજાળ, ભાવિભાવ નિહાળ રે પ્રાણી. ૧
જલનિધિ[૩] તરે જંગલ ફરેજી, કોડિ જતન કરે કોય;
અણભાવી હોવે નહીંજી, ભાવી હોય તે હોય રે. પ્રા. ૨
આંબે મોર વસંતમાંજી, ડાળે ડાળે કેઈ લાખ;
કેઈ ખર્યા કેઈ ખાખટીજી, કેઈ આધાં કેઈ સાખ રે. પ્રા. ૩
બાઉલ જેમ ભવિતવ્યાજી, જિણ જિણ દિશિ ઉજાય;
પરવશ મન માણસ તણુંજી, તૃણ જેમ પૂઠે ધાય રે. પ્રા. ૪
નિયતિવશે વિણ ચિંતવ્યુંજી, આવી મળે તતકાળ;
વરસા સોનું ચિંતવ્યુંજી, નિયતિ કરે વિસરાળ રે. પ્રા. ૫
ભ્રમદત્ત ચક્રીતણાંજી, નયણાં હણે ગોવાલ;
દોય સહસ્સ જસ દેવતાજી, દેહતણા રખવાલ રે. પ્રા. ૬
કોકુહો કોયલ કરેજી, કેમ રાખી શકે પ્રાણ;
આહેડી[૪] શર તાકિયોજી, ઉપર ભમે સીંચાણ રે. પ્રા. ૭
આહેડી નાગે ડસ્યોજી, બાણ લાગ્યો સીંચાણ;
કોકુહો ઊડી ગયોજી, જુઓ જુઓ નિયતિ પ્રમાણ રે. પ્રા. ૮
શસ્ત્ર હણ્યાં સંગ્રામમાંજી, રાને પડયા જીવંત;
મંદિરમાંથી માનવીજી, રાખ્યા નહીં રહંત રે. ૯

---

૧. નકામો. ૨. કાર્ય. ૩. સમુદ્ર. ૪. શિકારી.

## ઢાળ ચોથી

કર્મ–વાદ

( રાગ ચારૂણી મનોહર હીરજી રે–એ દેશી )

કાળસ્વભાવ નિયત મતિ કૂડી, કર્મ કરે તે થાય;
કર્મે નિરય તિરિય નર સુરગતિજી, જીવ ભવાંતરે જાય,
ચેતન ચેતીયે રે. ૧
કર્મ સમો નહીં કોય, ચેતન એ આંકણી.
કર્મે રાજા વસ્યા વનવાસે, સીતા પામે આલ;
કર્મે લંકાપતિ રાવણનું, રાજ થયું વિસરાલ. ચે. ૨
કર્મે કૃમી કર્મે કુંજર, કર્મે નર ગુણવંત;
કર્મે રોગ શોક દુઃખ પીડિત, જન્મ જાય વિલપંત. ચે. ૩
કર્મે વરસ લગે રિસહેસર, ઉદક ન પામે અન્ન;
કર્મે વીરને જીવે ચોગમાં રે, ખીલા રોપ્યા કાન્ન. ચે. ૪
કર્મે એક સુખપાલે બેસે, સેવક સેવે પાય;
એક હય ગય રથ ચઢ્યા ચતુર નર, એક આગળ ઉજાય. ચે. ૫
ઉદ્યમ અંધતણી પરે, જગ હીંડે હા હૂતો;
કર્મ બલી તે લહે સકળ ફળ, સુખ ભર સેજે સૂતો રે. ચે. ૬
ઉંદર એકે કીધો ઉદ્યમ, કરંડિયો કરકોલે;
માંહે ઘણાં દિવસનો ભૂખ્યો, નાગ રહ્યો દુઃખ દોલે રે. ચે. ૭
વિવર કરી[1] મૂષક તસ મુખમાં, દિયે આપણો દેહ;
માર્ગ લઈ વન નાગ પધાર્યા, કર્મ મર્મ જુઓ એહ. ચે. ૮

---

૧. કાણું પાડી.

## ઢાળ પાંચમી

ઉદ્યમ-વાદ

હવે ઉદ્યમવાદી ભણે એ, એ આરે અસમર્થ તો;
સકલ પદારથ સાધવા એ, એક ઉદ્યમ સમરથ તો. ૧
ઉદ્યમ કરતાં માનવી એ, શું નવી સીજે કાજ તો ?
રામે રયણાયર[૧] તરી એ, લીધું લંકા રાજ્ય તો. ૨
કરમ નિયત તે અનુસરે એ, જેહમાં શક્તિ ન હોય તો;
વેઉલ વાઘમુખે[૨] પંખીયા એ, પિયુ પેસંતા જોય તો. ૩
વિણ ઉદ્યમ કિમ નીકળે એ, તિલ માંહેથી તેલ તો;
ઉદ્યમથી ઊંચી ચઢે એ; જુઓ એકેંદ્રિય વેલ તો. ૪
ઉદ્યમ કરતાં એક સમે એ, જેહ નવિ સીજે કાજ તો;
તે ફરી ઉદ્યમથી હુવે એ, જો નવિ આવે વાજતો. ૫
ઉદ્યમ કરી ઓર્યા વિના એ, નવિ રંધાયે અન્ન તો;
આવી ન પડે કોલિયો એ, મુખમાં પાખે જતન્ન[૩] તો. ૬
કર્મ પુત્ર ઉદ્યમ પિતા એ, ઉદ્યમે કીધાં કર્મ તો;
ઉદ્યમથી દૂરે ટલે એ, જુવો કર્મનો મર્મ તો. ૭
દૃઢપ્રહારી હત્યા કરી એ, કીધાં પાપ અનંત તો;
ઉદ્યમથી ષટ્ માસમાં એ, આપ થયો હરિહંત તો. ૮
ટીપે ટીપે સર ભરે એ, કાંકરે કાંકરે પાલ તો;
ગિરિ જેહવા ગઢ નીપજે એ, ઉદ્યમ શક્તિ નિહાલ તો. ૯
ઉદ્યમથી જલબિંદુઓ એ, કરે પાષાણમાં ઠામ તો;
ઉદ્યમથી વિદ્યા ભણે એ, ઉદ્યમે જોડે દામ તો. ૧૦

---

૧. સમુદ્ર-રત્નાકર ૨. દેરાસર ઉપર કોરી કાઢેલા વાઘના મુખમાં. ૩ યત્ન કર્યા વગર.

## ઢાળ છઠ્ઠી

(એ છંડી કીહાં રાખી–એ દેશી)

એ પાંચે નય વાદ કરંતા, શ્રી જિનચરણે આવે;
અમિયરસ જિનવાણી સુણીને, આનંદ અંગ ને આવે રે પ્રાણી
સમકિત મતિ મન આણો, નય એકાંત મ તાણોરે પ્રાણી;
તે મિથ્યામતિ જાણો રે પ્રાણી સ૦ ૧

એ પાંચે સમુદાય મળ્યા વીણ, કોઈ કાજ ન સીજે;
અંગુલી કરતણી પરે, જે બુજે તે રીજે રે પ્રાણી. સ૦ ૨
આગ્રહ આણી કોઈ એક ને, એહમાં દીજે વડાઈ;
પણ સેના મિલી સકલ રણાંગણ, જીતે સુભટ લડાઈ રે. પ્રા. સ૦ ૩
તંતુ સ્વભાવે પટ ઉપજાવે, કાળક્રમે રે વણાય;
ભવિતવ્યતા હોય તો નિપજે, નહિ તો વિઘ્ન ઘણાંય રે. પ્રા. સ૦ ૪
તંતુ વાય ઉદ્યમ ભોક્તાદિક, ભાગ્ય સકલ સહકારી;
એમ પાંચે મળી સકલ પદારથ, ઉત્પત્તિ જુઓ વિચારી રે. પ્રા. સ૦ ૫
નિયતિવશે હલુ કરમો થઈને, નિગોદ થકી નીકળીયો;
પુણ્યે મનુજ ભવાદિક પામી, સદ્‌ગુરુને જઈ મળીયો રે. પ્રા. સ૦ ૬
ભવ સ્થિતિનો પરિપાક થયો તવ, પંડિત વીર્ય ઉલ્લસીયો;
ભવ્ય સ્વભાવે શિવગતિ પામી, શિવપુર જઈને વસિયો રે. પ્રા. સ૦ ૭
વર્દ્ધમાન જિન એણી પરે વિનયે, શાસન નાયક ગાયો;
સંઘ સકલ સુખ હોયે જેહથી, સ્યાદ્વાદરસ પાયો રે. પ્રા. સ૦ ૮

### કળશ

ઈમ ધર્મનાયક મુક્તિદાયક, વીર જિનવર સંથુણ્યો;
સય સત્તર સંવત વહ્નિ લોચન, વર્ષ હર્ષ ધરી ઘણો.

શ્રી વિજયદેવસૂરીંદ પટધર, શ્રી વિજયપ્રભ મુણીંદ એ;
શ્રી કીર્તિવિજય વાચક શિષ્ય, ઈણી પરે વિનય કહે આણંદ એ.
સ૦૯

---

## શ્રી જિનકલ્યાણક-દિન-સ્તવન

(ચોપાઈ)

જિન ચોવીસના પ્રણમું પાય,
તાસ કલ્યાણક કહું ચિત્ત લાય;
માસ પૂનમિયા લેખે અછે,
પણ બાળકને સમજણ ન છે. ૧

અમાવાસ્યા મહિનાની રીત,
કહે શું સંક્ષેપે ધરી પ્રીત;
આસો વદિમાં[૧] પાંચમ દિન,
સંભવ જિન કેવલ ઉત્પન્ન. ૨

બારસ દિન છે દોય કલ્યાણ,
નેમિ-ચ્યવન પદ્મ-જન્મ તે જાણ;
તેરશે પદ્મની દીક્ષા કહી,
અમાવાસ્યા વીર મુગતિ લહી. ૩

હવે કાર્તિક સુદિ[૨] ત્રીજ, બારસે,
સુવિધિ અર, કેવલ ઋદ્ધિ સહી;
કાર્તિક વદિમાં[૩] પાંચમ છઠ્ઠ,
સુવિધિ જન્મ દીક્ષા ભલી પેઠ. ૪

દશમે વીરની દીક્ષા કહી,
અગિયારસે પદ્મે શિવ લહી;
માગસર સુદમાં[૪] દશમે હોય,
અરજિન જનમ ને મોક્ષ જ જોય. ૫
એકાદશી દિન પાંચ કલ્યાણ,
મલ્લી જનમ દીક્ષા ને નાણ;
અરવ્રત નાણ, નમિ ચૌદશે,
પૂનમે સંભવ જન્મ વ્રત વસે. ૬
વદ[૫] દશમથી ચૌદશ જાવ,
અનુક્રમે પાસ જનમ વ્રત દાવ;
ચંદ્ર જનમ વ્રત શીતલ નાણ,
પોષ સુદિ[૬] છઠ્ઠે વિમલ વિજાણ. ૭
નવમી અગ્યારશ ચૌદશ સાર,
શાંતિ અજિત અભિનંદન ધાર;
પૂનમને દિન ધર્મ જિણંદ,
પામ્યા કેવલ નાણ વિણંદ. ૮
વદિ[૭] છઠ્ઠે ચ્યવ્યા પદ્મ જિનેશ,
બારશ શીતલ જન્મ દીક્ષા મુનીશ;
તેરશને અમાવાસ્યા વખાણ,
ઋષભ મોક્ષ શ્રેયાંસને નાણ. ૯
મહા સુદિ બીજ ત્રીજ દોહી લહો,
અભિનંદન પ્રભુ જન્મ જ કહો;
વાસુપૂજ્યને કેવળ નાણ,
ધર્મ વિમલ પ્રભુ જન્મ પ્રમાણ. ૧૦

ચોથ આઠમ નોમ વિમલ અજિત,
દીક્ષા જનમ અજિત દીક્ષા થિત;
બારશ તેરશ અભિનંદન ધર્મ,
લીયે દીક્ષા હવે વદિ[૯]ના મર્મ. ૧૧
છઠ દિન એક, સાતમ દિન હોય,
શ્રી સુપાસ કેવલી શિવ હોય,
ચંદ્ર નાણુ નોમે સુવિધિ ચ્યવ્યા,
અગિયારસ આદિ કેવલી હુઆ. ૧૨
બારસને દિન દોય કલ્યાણુ,
શ્રેયાંસ જનમ મુનિસુવ્રત નાણુ;
તેરસે શ્રેયાંસ જિન વ્રત લે,
ચૌદશ વાસુપૂજ્ય જનમે. ૧૩
અમાવાસ્યા વાસુપૂજ્ય વ્રત સાર,
ફાગણ[૧૦]સુદિ બીજ અર ચ્યવન ધાર;
ચોથ આઠમ મલ્લી સંભવ ચવ્યા,
બારસે દોય કલ્યાણુક મળ્યાં. ૧૪
મુનિસુવ્રત વ્રત મલ્લી મોક્ષ,
વદિ[૧૧] ચોથે દો કરતા જોખ;
બારસે નાણુને ચ્યવન તે જાણુ,
પાંચમ ચંદ્ર ચવ્યા મન આણુ. ૧૫
આઠમ દોય આદિજન્મ ને દીક્ખ,
ચૈતર[૧૨] સુદમાં સાંભળ શિખ;
ત્રીજે કુંથુ નાણુ પાંચમે તીન,
અનંત અજિત સંભવ શિવ પ્રાન. ૧૬

નવમી એકાદશી તેરશ વળી,
સુમતિ શિવ નાણુ વીરજન્મ વળી;
પૂનમે પદ્મ નાણુ વદિ[૧૩] હવે,
પડવે કુંથુ શિવ સંભવે. ૧૭
બીજ પાંચમે શીતલ કુંથુનાથ,
*મોક્ષ દીક્ષાથી થયા સનાથ;*
છઠ્ઠ દશમ તેરશ શીતલ નમી,
અનંત ચ્યવન શિવ જન્મ મનગમી. ૧૮
ચૌદશે તીન અનંત કેવળી,
શ્રીક્ષા કુંથુ જનમ છે વળી;
વૈશાખ સુદિ[૧૪] ચોથ સાતમ દિન્ન,
અભિનંદન ને ધર્મચ્યવન્ન. ૧૯
આઠમે દોય નીમ દશમ વિચાર,
અભિનંદન શિવ જગદાધાર;
સુમતિ જનમ દીક્ષા વીર નાણુ,
બારસે વિમલ ચ્યવન કલ્યાણુ. ૨૦
તેરશે અજિત ચવ્યા કૃષ્ણુ[૧૫] પક્ષ,
છઠ્ઠ શ્રેયાંસ ચ્યવન સુણુ દક્ષ;
આઠમ નેમ મુનિસુ વ્રત જણ્યા,
મોક્ષને તેરશે દોય જ ભણ્યા. ૨૧
શાંતિ જનમ ને શિવ ચૌદશે,
શાંતિ દીક્ષા ચિત્તમાં વસે;
જેઠ સુદિ પાંચમનો વિન્ન,
ધર્મ મોક્ષ વાસુપૂજ્ય ચ્યવન્ન. ૨૨

બારશ તેરશે જનમ ને દીક્ષ,
સુપાસને હવે વદિમાં[૧૭] વીક્ષ;
ચોથ સાતમ નોમ ઋષભ જિણંદ,
વિમલ નમિ ચવે મોક્ષ મુણીંદ. ૨૩
અશાડ સુદિ[૧૮] છઠ્ઠ આઠમ દિને,
વીરચ્યવન નેમિ શિવ કને;
ચૌદશે વાસુપૂજ્ય શિવ ગયા,
વદિ[૧૯] ત્રીજે શ્રેયાંસ સિદ્ધ ભયા. ૨૪
સાતમ આઠમ નોમ અનંત,
નમિ કુંથુ ચવ્યા જન્મ ચવંત;
શ્રાવણ[૨૦] સુદિ બીજે સુમતિ ચવ્યા,
પાંચમ છઠ્ઠ આઠમ સંસ્તવ્યા. ૨૫
નેમિ જનમ વ્રત પાસજી મોક્ષા,
પૂનમે મુનિસુવ્રત ચવ્યા જોખ;
વદિ[૨૧] સાતમ દિન દોય કલ્યાણ,
શાંતિચ્યવન ને ચંદ્રનિર્વાણ. ૨૬
આઠમે ચવ્ય સુપાસ શુભ દિન્ન,
ભાદ્રવા સુદ[૨૨]નોમ સુવિધિ નિવિન્ન;
વદિ[૨૩] અમાવાસ્યાએ નેમજી નાણ,
આસો સુદમાં[૨૪]એક કલ્યાણ. ૨૭
પૂનમે નમિ ચવિયા શુભ યોગ,
ઈમ કલ્યાણક સુણો ભવિલોગ;
નરકે પણ થાયે ઉદ્યોત,
જે દિન કલ્યાણક પ્રભુ હોત. ૨૮

એકાસણુ આંબિલ ઉપવાસ,
નિજશ કિરિયા અભ્યાસ;
ખિમાવિજય જિન ઉત્તમ સીસ,
પદ્મવિજય કહે સુણુત જગીશ. ૨૯

---

## શ્રી સિદ્ધગિરિ-સ્તવન

( રાગઃ—ગરબીનો )

જે કોઈ સિદ્ધગિરિરાજને આરાધશે રે લોલ,
તેની સંપદા મનોરથ વાધશે રે લોલ,
ગિરિરાજ છે ભવોદધિ તારણો રે લોલ,
મહાપીઠ છે સર્વ દુઃખ વારણો રે લોલ. જે કોઈ૦ ૧
પુંડરિકગિરિ છે મનોરથ પૂરણો રે લોલ,
સિદ્ધક્ષેત્ર છે ભવોદધિ ચૂરણો રે લોલ,
એનાં એકવીશ નામ છે સોહામણાં રે લોલ,
હું તો વંદન કરી લહું ભામણા રે લોલ. જે કોઈ૦ ૨
એના સાધનથી તપજપ આદરો રે લોલ,
મુનિ સિદ્ધા છે કાંકરે કાંકરે રે લોલ,
મુનિરાજજી અનંત મુકતે ગયા રે લોલ,
સિદ્ધરાજ અવિનાશી થયા રે લોલ. જે કોઈ૦ ૩
તેહના નામ લહું ને વિનંતી કરું રે લોલ,
એના નામથી પાપ સવે હરું રે લોલ,
પાંચ પાંડવ ને નારદ મુનિવર રે લોલ,
સેલગ સૂરિ સુદર્શન તર્યા રે લોલ. જે કોઈ૦ ૪

દ્રાવિડ વારિખિલ્લજી દેવકીના નંદજી રે લોલ,
મહિપાલજી ને મહિપતિ ચંદજી રે લોલ,
થાવચ્ચા કુમર ને મુનિ ધાધરા રે લોલ,
સિદ્ધિ સાંબ ને પ્રદ્યુમન્નજી જીહાં વર્યા રે લોલ, જે કોઈ૰ ૫
ધ્યાન ધર્યાં છે ચિત્ત એક આસને રે લોલ,
યોગી તર્યા છે ચંદ્રપ્રભ શાસને રે લોલ,
ભરત રામચંદ્રજી ને નંદીષેણજી રે લોલ,
સિદ્ધિશિલા આવ્યા છે ક્ષપકશ્રેણીજી રે લોલ. જે કોઈ૰ ૬
નમિ વિનમિ ને શુકરાજજી રે લોલ,
જ્ઞાતાસૂત્રમાં સાર્યાં છે સવિકાજી રે લોલ,
કેતાં નામ કહું તે મુનિરાજજી રે લોલ,
જીભ એક ને અનંત નામ સાજનાં રે લોલ. જે કોઈ૰ ૭
એવા અનંત અનંત મુનિજી તર્યા રે લોલ,
તે તો દર્શન જ્ઞાનાદિ ભર્યા રે લોલ,
નમોત્થુણં તે સાત પદમેં મલ્યા રે લોલ,
તો તો ચાર અનંત સુખમાં ભલ્યા રે લોલ. જે કોઈ૰ ૮
જઈ વસ્યા છે સિદ્ધશિલા ઉપરે રે લોલ,
તેની સાદિઅનંત સ્થિતિ છે ખરી રે લોલ,
હું તો જાણું છું ગણધર-વાણીએ રે લોલ,
સહુ સિદ્ધગિરિ માહાત્મ્ય જાણી એ રે લોલ. જે કોઈ૰ ૯
વાર પૂરવ નવાણું આદિનાથજી રે લોલ,
સમવસર્યા છે પુંડરિક સાથજી રે લોલ,
ગિરિ ફરસ્યા ત્રેવીશ જીનરાજજી રે લોલ,
અનશન કીધાં છે અનંત મુનિરાજજી રે લોલ. જે કોઈ૰ ૧૦

સેવો સેવો એ સુખકંદને રે લોલ,
સેવો સેવો મરુદેવીનંદને રે લોલ,
વંદો વંદો ઈક્ષ્વાકુકુલ સૂરને રે લોલ,
પૂજો પૂજો શ્રી ઋષભ હજુરને રે લોલ. જે કોઈ૦ ૧૧
(નાભિરાજના કુલમાં દિવાકરુ રે લોલ,)
ઋષભનાથજીનો વંશ છે ગુણાકરુ રે લોલ,
આદિનાથજીના પાટવી પ્રભાકરુ રે લોલ,
જેહના આઠ પાટ આરિસાભુવનમાં રે લોલ,
પામ્યા કેવલજ્ઞાન શુભ ધ્યાનમાં રે લોલ. જે કોઈ૦ ૧૨
જેહના પાટવી મુકતે ગયા રે લોલ,
તે તો સિદ્ધિદંડિકામાં સર્વે કહ્યા રે લોલ,
ભરત હાથથી ઉદ્ધારલો છે સહુ રે લોલ,
વિચ અંતરે ઉદ્ધાર થયા છે બહુ રે લોલ. જે કોઈ૦ ૧૩
જે કોઈ ગિરિરાજ દર્શન ભાવિયા રે લોલ,
ઇહાં સંઘવી અસંખ્ય સંઘ લાવીયા રે લોલ,
માતા ચક્રેસરીજી સુખદાયિની રે લોલ,
ભુજા આઠ ને ગરુડદેવવાહિની રે લોલ. જે કોઈ૦ ૧૪
વિક્રમરાજથી અઢારશેં સત્યોતરે (૧૮૭૭) રે લોલ,
માગશિર માસ ને ત્રયોદશી વાસરે રે લોલ,
ગરબી ગાઇ છે કવિ દીપરાજજી રે લોલ;
જે સૌ ભણે તેહનાં સરશે કાજજી રે લોલ,
જે કોઈ સિદ્ધગિરિરાજને આરાધશે રે લોલ. ૧૫

---

## શ્રી નેમિનાથજીનું સ્તવન

(નદી યમુના કે તીર ઊડે દોય પંખીયાં—એ રાગ)

બ્રહ્મચારી શિરદાર નેમિજિન વિનવું,
પ્રગટ કર્યું નિજરૂપ અનાદિ પ્રચ્છન્ન હવું,
અપરાજીતથી આવ્યા કાર્તિક વદ બારસી,
શૌરિપુરમાં જન્મ જિણંદ જયું મુખશશી. ૧

શ્રાવણ સુકલ પંચમી સુર મહોત્સવ કરે,
સુરગિરિ પૂજી અર્ચિ પ્રભુ માય પાસે ધરે,
સમુદ્રવિજય શિવાદેવી યદુ શિરોમણી નિર્મિત,
દ્વારિકા દેવ વસતાં શોભા ઘણી. ૨

જન્માષ્ટકની પ્રેમયાત્ર રાજીમતી,
જાણે કરી સંકેત વળ્યા તોરણ થકી,
દેઈ સંવત્સરી દાન ચઢયા ઉજયંતગિરિ,
સરસ પુરુષ સર્વ વિરતિ સહસાવન મહી. ૩

શુકલ શ્રાવણની છઠ્ઠ ચોપનદિન ચોંપથી,
ત્યાગી મમતા દેહ ઘાતી નાઠાં કોપથી,
આસો કરુ લોકાલોકના ભાવ પ્રગટયા,
ત્રિગડું રચે સુરનાથ આવે આનંદ વદ્યા. ૪

કલેશવારી મધુરવાણી તુમતણી,
સુખી પર્ષદા બાર સન્મુખ કેઈ વ્રત ભણી,
એણીપરે વરસેં સાત ભાવિ પ્રતિબોધતા,
સય પંચ છત્રીશ મુનિસાથ રત્નત્ર શોભતા. ૫

સહસાવન શુચિ માસ અઠ્ઠમી ઉજ્જવલ,
સહી યોગ નિરોધ જિનરાજ અયોગી ગુણ લહી,
હ્રસ્વાક્ષર પંચમ કાલમાં સિદ્ધિ સધાવી,
આચાર્યનેં મલી ઇંદ્ર ભક્તિ ભાવે આવીઆ. ૬
નિષ્કારણ જગબન્ધુ જાણી આવ્યો આસરે,
આપો અમને કાંઈ જે છે આપ પાસ રે,
જીતવિજય હીરગુરુ હીરવિજય
કનકસૂરિરાજ ગુરુસમ વીરતા. ૭
દીપવિજય તસ શિષ્ય નેમિજીન ગાઇયા,
તુંબડી રહી ચોમાસ શ્રીસંઘ મન ભાવીયા,
ઓગણીશ ત્રાણું વર્ષ કાર્તિકપક્ષ ઉજવળો,
તેરસ સુંદર વાર ગુરુ શોભે અતિ ભલો. ૮

---

## ભાતર તીર્થભૂષણ સાચા સુમતિનાથ ભગવાનનું સ્તવન

(થાસું પ્રેમ બન્યો છે રાજ નિર્વહસ્યો તો લેખે–એ દેશી)

સાચા સુમતિ જિનેશ્વર દેવ ઓલગ અમ અવધારો,
તુમે ગિરુઆ ગરીબનિવાજ સેવક પાર ઉતારો. એ ટેક.
કાલ અનાદિ ભવમાં ભમતાં આપ સંબંધે આવ્યો,
નિર્ભય સ્થાને નાથ બિરાજ્યા અમને કંઈ ન કહાયો. સા. ૧
સત્તાએ પ્રભુ આપ સરીખા પ્રચ્છન્ન જ્ઞાનાદિક મ્હારે,
એટલું શીખવો આ સેવકને જેમ પ્રગટ થયું મ્હારે. સા. ૨

સંયમ પહેલાં દાન સંવત્સરી ઇચ્છિત સઘળું આપ્યું,
દ્રવ્ય દ્રવ્ય ત્યાગીને સ્વામી જગનું દારિદ્ર કાપ્યું. સા. ૩
તો પછી અનંતી વસ્તુ માંહેથી અંશ દેતાં શી વાર,
તુરત દાન ને મહાપુણ્ય એ જગમાં પણ વ્યવહાર. સા. ૪
હાથી મુખથી દાણો નીકળતાં તેહને ઓછું ન થાવે,
સેવકનું તેમ કાજ સરે જેમ કીડી કુટુંબ સહુ ખાવે. સા. ૫
મેઘરાય મંગલા સૂજાયા નયરી અયોધ્યા રાયા,
ક્રૌંચ લંછન સુવર્ણ કાયા પુણ્યે દર્શન પાયા. સા. ૬
શ્રાવણ બીજે ચ્યવન જન્મ રાયા આઠમ નોમે દીક્ષા,
જ્ઞાન એકાદશી મધુ નોમે શિવ શુકલ પક્ષ વિવક્ષા સા. ૭
ઓગણીસ સત્તાણું મહા સુદ એકમ માતર યાત્રા કાજે,
રાજનગર શાપુર સંઘ સાથે સિદ્ધિસૂરીશ્વર રાજે. સા. ૮
જયવતાં ગુરુ જીતવિજયજી હીરવિજય ગુરુરાયા,
વિજયકનકસૂરિ ગુરુ સુપસાયે દીપવિજય ગુણ ગાયા. સા. ૯

---

## શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથનું સ્તવન

(ધન્ય ધન્ય રે ચોઘડિયું મારે આજનું રે–એ રાગ)

શ્રી પાસ શંખેશ્વર ભેટીયે રે,
પ્રભુદર્શને ભવદુઃખ મેટીયે રે. શ્રી. પા. એ આંકણી.

અતિ પ્રાચીન મૂર્તિ આપની રે,
અધો કાયે નિશાની સાપની રે,
એક વારણા ને બીજી અસી રે,
અને બન્ને નદી વિચ્ચમાં વસી રે. શ્રી. પા. ૧

એહવા કાશી વારાણસી શુભ સ્થાને રે,
ભલા ભૂપતિ અશ્વસેનને ઘરે રે,
વામાદેવી કુખેં પ્રભુ અવતર્યા રે,
જેથી જગત જીવ સુખી થાય રે. શ્રી. પા. ૨

પણ મૂર્તિ અસંખ્ય કાલની રે,
તીર્થંકર દામોદર વારની રે,
શ્રી આષાઢ શ્રાદ્ધેં નિપાવિયા રે,
જે સુરનર મનમાં ભાવીયા રે. શ્રી. પા. ૩

કલ્પોપન્ન રવિ શશિ જ્યોતિષે રે,
વૈતાઢય શ્રેણી વિદ્યાધરેં રે,
એમ સ્થાને ઘણે પૂજા કહી રે,
પછી ભુવનપતિ ધરણેં ગ્રહી રે. શ્રી. પા. ૪

હરિ પ્રતિહરિ સંગ્રામમાં રે,
જરામય યાદવના સૈન્યમાં રે,
જઈ હરિ અઠ્ઠમે આરાધીયા રે,
ધરણેંદ્ર સુર તવ આવીયા રે. શ્રી. પા. ૫

થાયે મૂર્તિ શ્રી જિન પાસની રે,
જે આશ પૂરે નિજદાસની રે,
ન્હવણ જલથી નીરોગી તે થયા રે,
જરાસંધ જેથી હારી ગયો રે. શ્રી. પા. ૬

જીત્યા હરિ તિહાં પ્રભુ ધ્યાનથી રે,
શંખ પૂર્યો તિહાં બહુમાનથી રે,

નામ ગામ શંખેશ્વર સિદ્ધ થયું રે,
જેણે તીર્થ સઘળે પ્રગટ ભયું રે. શ્રી. પા. ૭

પ્રભુ અનંત ખજાનો અખૂટ છે રે,
તેમાં કિંચિત દેતાં નવિ ઘટે રે,
તો મહેર કરીને આપજો રે,
ભલા ભક્તવત્સલ દુઃખ કાપજો રે. શ્રી. પા. ૮

દ્વયધિક દ્વિસહસ (૨૦૦૨) સાલમાં રે,
માધવ(વૈશાખ) ચૌદશ કૃષ્ણ બુધવારમાં રે,
રાધનપુરના સંઘ સહ ભેટિયા રે,
મારાં ભવોભવનાં દુઃખ મેટીયાં રે. શ્રી. પા. ૯

શ્રી જિતવિજય જગ જયકરુ રે,
શિષ્ય હીરના કનકસૂરીશ્વર શિષ્ય,
દીપવિજય ગુણ ગાય છે રે,
સહુ સંઘને આનંદ થાય છે રે. શ્રી. પા. ૧૦

---

## પત્રી (કચ્છ) મંડન શ્રી ચંદ્રપ્રભુજીનું સ્તવન

( આબુ અચલ રળિયામણો રે લાલ–એ દેશી. )

ચંદ્રપ્રભ જિન વંદીએ રે લાલ,
પત્રી ગામ પ્રકાશ મેરે પ્યારે રે,
આપ સ્વરૂપ પ્રગટ કર્યું રે લાલ,
હતું સત્તાએ પાસ મેરે પ્યારે રે. ચંદ્રપ્રભ૦ ૧

ચંદ્રપુરીના રાજવી રે લાલ,
ચંદ્ર લંછન ચિત્ત લાય, મેરે.;
દેહ ઉજ્જવલ ધનુ દોઢશેં રે લાલ,
દશ લખ પૂરવ આય. મેરે. ચંદ્રપ્રભ૦ ૨

પરિ પરિણતીને છોડતાં રે લાલ,
સંયમ ગ્રહી જિનરાજ, મેરે.;
ક્ષપક શ્રેણી આદરી રે લાલ,
સ્વાત્મ પરિણતી કાજ. મેરે. ચંદ્રપ્રભ૦ ૩

પંચમજ્ઞાન પ્રગટ કરી રે લાલ,
તીર્થ થાપે તીર્થ નાથ, મેરે.;
ત્રિપદી લહી ત્રાણું ગણધરે રે લાલ,
દુવાલ સંગીની સાથ. મેરે. ચંદ્રપ્રભ૦ ૪

શૈલેશી કરણેં રૂંધીઆ રે લાલ,
મન વચન તનુ યોગ, મેરે.;
પંચ હ્રસ્વાક્ષર કાલનું રે લાલ,
ચરિમ ગુણ આ ભોગ. મેરે. ચંદ્રપ્રભ૦ ૫

સહસ મુનિવર સાથમાં રે લાલ,
સમેતશિખર શૈલરાજ, મેરે.;
પાય ચોથે તુર્ય ધ્યાનને રે લાલ,
ચૂરે કર્મ સમાજ. મેરે. ચંદ્રપ્રભ૦ ૬

આઠ રિપુ હણ્યા આપણા રે લાલ,
અષ્ટમ જિનવર દેવ, મેરે.;

તુમ સરીખો મુજને કરો રે લાલ,
જો કરું શુદ્ધ મન સેવ. મેરે. ચંદ્રપ્રભ૦ ૭

નંદ નિધિ ઓગણી(૧૯૯૯)સાલમાં રે લાલ,
પત્રી રહી ચોમાસ, મેરે.;
વિજયકનકસૂરિ સેવતાં રે લાલ,
દીપવિજય શુભ વાસ મેરે પ્યારે રે. ચંદ્રપ્રભ૦ ૮

---

## શ્રી. મલ્લિનાથ જિનસ્તવન

મૃગશીર સુદિ એકાદશી દિન જાયા રે,
ત્રિભુવન થયો રે ઉદ્યોત સેવે સુર આયા રે. ૧

સુખીયા થાવર નારકી શુભ છાયા રે,
પવન થયા અનુકુલ સુખાલા વાયા રે. ૨

અનુક્રમે યૌવન પામ્યા સુણી આવ્યા રે,
પૂરવના ષડ્‌મિત્ર કહી સમજાયા રે. ૩

સુદિ એકાદશી દિને વ્રત પાયા રે,
તિણે દિન કેવલ નાણ લહે જિનરાયા રે. ૪

જ્ઞાનવિમલ મહિમા થકી સુજસ સવાયા રે,
મલ્લિજિનેશ્વર ધ્યાને નવનિધિ પાયા રે. ૫

---

## શ્રી વાસુપૂજ્યસ્વામીનું સ્તવન

(ઋષભ જિણુંદશું વિનંતી—એ દેશી)

વા સુ પૂ જ્ય સુ ર પૂ જી યા,
નયરી ચંપાપુરી શુભ ઠામ જિણુંદજી;
વાસુપૂજ્ય પિતા રાજવી,
માય જયાદેવી નામ જી. વાસુ. ૧

અહિંસા લંછન દેહ રાતડી,
સિત્તેર ધનુષ્યની કાય જી;
બે છત્રીસી જાણીયેં,
લાખ વરસનું આય જી. વાસુ. ૨

ચયવન જન્મ દીક્ષા વલી,
કેવલ શિવસુખ પંચ જી,
કલ્યા ણુ ક એ ન ય રી એ,
ભવિ ભક્તે પુણ્ય સંચ જી. વાસુ. ૩

જિન રૂપે જિન આરાધતા
આરાધક જિન હોય જી,
ભૃંગી ઈયલ દૃષ્ટાંતથી
ધ્યાતા ધ્યેય તો સો'ય જી. વાસુ. ૪

ઓગણીસ નિધિ પાંડવ (૧૯૯૫) વર્ષે
દ્વાદશી વદ ' ગુરુવાર જી.
આધોઈ ગામના પુણ્યથી
પાઊં પધાર્યા પ્રસ્તાર જી. વાસુ. ૫

ઓસવાળ વણિક સંઘ ઓચ્છવે,
ભાવે કરાવે પ્રવેશ જી,
વિધિપૂર્વક પાખી પાલતા,
જયજયકાર વિશેષ જી. વાસુ. ૬

તપગચ્છ શ્રી ગુરુ શોભતા,
જીતવિજય શિષ્ય હીર જી,
વિજયકનકસૂરિ કિંકરુ,
દીપવિજય જયગિર જી. વાસુ. ૭

---

## શ્રી ભદ્રેશ્વર તીર્થનું સ્તવન

ચાલો ચાલો વિમલગિરિ જઈએ રે ભવજલ તરવાને,
વ્હાલા વ્હાલા તીરથપતિ ભેટ્યા રે દુઃખ દૂર કરવાને,
તુમે વરધમાનજી ભેટો રે પાર ઊતરવાને ।।એ આંકણી।।

કચ્છ દેશમાં તીરથ શોભે,
હાં રે એ તો ભદ્રેશ્વર ભદ્રકારી રે, દુઃખ દૂર.,
ભાવન જિનાલય પાખલ પ્રૌઢા,
હાં રે પ્રભુ હરિસણની બલિહારી રે.
પાર ઊતરવાને વહાલા. ૧

દાનેશ્વરીમાં દાની જગડુશા,
હાં રે રાજા રૈયતને અન્ન પૂરે, દુઃખ દૂર.,
ઊદ્ધાર કીધો તેણે તીરથનો,
હાં રે જેણે સંસાર કારણ ચૂર્યું રે.
પાર ઊતરવાને વહાલા. ૨

આષાઢ સુદિ છઠ કલ્યાણક,
હાં રે દેવલોક દસમી આવ્યા રે, દુઃખ દૂર.,
ત્રયોદશી શુકલ માસ ચૈત્રની,
હાં રે સુર અસુર મનમાં ભાવ્યા રે.
પાર ઊતરવાને વહાલા. ૩

જન્મ સમય નર તિરિ થાવર પણ,
હાં રે એ સુખ આસ્વાદને લેતા રે, દુઃખ દૂર.,
સા તે નરકે તરતમ યોગે,
હાં રે એ તો જ્ઞાની પ્રકાશને કહેતા રે.
પાર ઊતરવાને વહાલા. ૪

કૃષ્ણ પક્ષમાં દસમી દિવસે,
હાં રે સંયમ માગશીર માસ રે, દુઃખ દૂર.,
માધવ (વૈશાખ) સિતની દસમી દિવસે,
હાં રે એ તો પંચમ જ્ઞાન ઉલ્લાસે રે.
પાર ઊતરવાને વહાલા. ૫

પામ્યા પ્રભુજી દીવાળી દિવસે,
હાં રે એ તો શાશ્વત સુખ અભિરામ રે, દુઃખ દૂર.,
એક અંશ જે તેમાંથી આપો,
હાંરે તેથી થાય સેવકનું કાજ રે.
પાર ઊતરવાને વહાલા. ૬

મુંદ્રા બંદર ના સંઘ ની સાથે,
હાંરે મેં તો ભદ્રેશ્વર ભાવે ભેટીયા રે, દુઃખ દૂર.,

અત્યાનંદે યાત્રા કરીને,
હાં રે મેં તો દુઃખદોહગ દૂર મેટયા રે,
પાર ઊતરવાને વહાલા. ૭

તપગચ્છમાં અતિ ગિરુઆ ગુરુજી,
હાં રે એ તો જીતવિજય જયકારી રે, દુઃખ દૂર.,
હીરલા શિષ્ય તસ હીરવિજયજી,
હાં રે એ તો શિષ્યરત્ન સુખકારી રે.
પાર ઊતરવાને વહાલા. ૮

વિજયકનકસૂરિ સુગુરુ પસાએ,
ઓગણીશ પંચાણું સાલ રે, દુઃખ દૂર.,
માધવ (વૈશાખ) વદ તેરસી બુધવારે,
દીપવિજય પાય પખાલે રે.
પાર ઊતરવાને વહાલા. ૯

# પરિશિષ્ટ–૨

## સજ્ઝાયો

### શ્રી જયભૂષણ મુનિની સજ્ઝાય

( શીલ સોહામણું પાળીએ–એ દેશી. )

નમો નમો જયભૂષણ મુનિ, દૂષણ નહીં લગાર રે;
શોષણ ભવજલ સિંધુના, પોષણપુન્ય પ્રચાર રે. નમો. ૧

કીર્તિભૂષણ કુલ અંબરે, ભાસન ભાનુ સમાન રે;
કોસંબી નયરીપતિ, માય સ્વયંપ્રભા નામ રે. નમો. ૨

પરણી નિજ ઘરે આવતાં, સાથે આવે પરિવાર રે;
જયધર કેવલી વંદીયા, નિસુણી દેશના સાર રે. નમો. ૩

પૂરવ ભવની માતડી, પરણી તે ગુણગેહ રે;
જયસુંદરી સ્વયંવરા, આણી અધિક સનેહ રે. નમો. ૪

તે નિસુણીને પામીયો, જાતિસ્મરણ તેહ રે;
સંયમ લે સહસ પુરુષ સ્યું, વનિતા સાથે અછેહ રે. નમો. ૫

એક અનંતપણે હોયે, સંબંધે સંસારે રે;
એણી પરે ભાવના ભાવતાં, વિચરે પૂરવ ધાર રે. નમો. ૬

ઘાતિ–કર્મ–ક્ષયે ઊપનું, કેવલજ્ઞાન અનંત રે;
પર ઉપગાર કરે ઘણા, સેવે સુરનર સંત રે. નમો. ૭

ઇમ વિરમે જે વિષયથી, વિષ સમ કટુ ફલ જાણી રે;
જ્ઞાનવિમલ ચઢતી કલા, થાયે તે ભવિ પ્રાણી રે. નમો. ૮

# શ્રી નંદિષેણ મુનિનું ત્રિઢાલિયું

## ઢાળ પહેલી

રાજગૃહી નગરીનો વાસી, શ્રેણિકનો સુત સુવિલાસી હો,
મુનિવર વૈરાગી;
નંદિષેણ દેશના સુણી ભીનો, ના ના કહેતાં વ્રત લીનો હો. મુ. ૧

ચારિત્ર નિત્ય ચોખું પાળે, સંયમ રમણીશું મહાલે હો, મુ.
એક દિન જિનપાયે લાગી, ગૌચરીની અનુમતિ માગી હો. મુ. ૨

પાંગરિયો મુનિ વહોરવા, ક્ષુધાવેદની કર્મ હરેવા હો, મુ.
ઊંચ નીચ મધ્યમ કુલ મહોટા, અટતો સંયમ-રસ લોટા હો. મુ. ૩

એક ઊંચું ધવળ ઘર દેખી, મુનિ પેઠો શુદ્ધ ગવેષી હો, મુ.
તિહાં જઈ દીધો ધર્મલાભ, વેશ્યા કહે ઇહાં અર્થલાભ. મુ. ૪

મુનિમન અભિમાન જ આણી, ખણડ કરી નાંખ્યો તરણું તાણી હો, મુ.
સોવન વૃષ્ટિ હૂઇ બાર કોડી, વેશ્યા વનિતા કહે કર જોડી હો. મુ. ૫

## ઢાળ બીજી

(થારે માથે પચરંગી પાગ, સોવનરો છોગલો મારુજી–એ દેશી)

થેં તો ઊભા રહીને અરજ અમારી સાંભળો ।।સાધુજી।।
થેં તો મહોટા કુળના જાણી, મૂકી દ્યો આમળો ।।સાધુજી।।
થેં તો લઈ જાઓ સોવન કોડી ગાડાં ઊંટે ભરી ।।સાધુજી।।
નહીં આવે અમારે કામ, ગ્રહો પાછા ફરી ।।સાધુજી।। ૧

થારાં ઊજ્જવલ વસ્ત્ર દેખી મોહે મન મહારું ।।સાધુજી।।
થારો સુરપતિથી પણ રૂપ અધિક છે વાહરુ ।।સાધુજી।।

થારા મૃગ સમ સુંદર નેત્ર દેખી હર્ષ લાગણેા ।।સાધુજી।।
થારેા નવલેા જોબન વેશ વિરહ દુઃખ ભાંજણેા ।।સાધુજી।। ૨
એ તેા યંત્ર જડીત કપાટ કુંચી મેં કર ગ્રહી ।।સાધુજી।।
મુનિ વળવા લાગ્યેા જામ આડી ઊભી રહી ।।સાધુજી।।
મેં તેા ઓછી સ્ત્રીની જાત મતિ કહી પાછળે ।।સાધુજી।।
થેં તેા સુગુણ ચતુર સુજાણ વિચારેા આગળે ।।સાધુજી।। ૩
મેં તેા ભેાગ પુરંદર હું પણ સુંદરી સારી ।।સાધુજી।।
થેં તેા પહેરેા નવલા વેશ ધરેણાં જરતારી ।।સાધુજી।।
મણિ મુક્તાફળ મુગટ બિરાજે હેમના ।।સાધુજી।।
અમે સજીને સેાળ સણગાર કે પિયુ રસ અંગના ।।સાધુજી।। ૪
જે હેાય ચતુર સુજાણ તે કદીય ન ચૂકશે ।।સાધુજી।।
એહવેા અવસર સાહિબ કદીય ન આવશે ।।સાધુજી।।
એમ ચિત્તે ચિત્ત મઝાર નંદિષેણ વાહલેા ।।સાધુજી।।
રહેવા ગણિકાને ધામ કે થઈને નાહલેા ।।સાધુજી।। ૫

## ઢાળ ત્રીજી

।। દેશી પ્રથમ ઢાળની ।।

ભેાગ કરમ ઉદય તસ આવ્યેા,
શાસન દેવીએ સંભળાવ્યેા હેા, મુનિવર વૈરાગી,
રહ્યેા બાર વરસ તસ આવાસે,
વેશ મહેલ્યેા એકણ પાસે હેા. મુ૦ ૧
દસ નર દિનદિન પ્રતે પ્રતિબૂઝે,
દિન એક મૂરખ નવી બુઝે હેા, મુ૦

બૂઝવતાં હુઈ બહુ વેળા,
ભોજનની થઈ અવેળા હો. મુ૦ ૨
કહે વેશ્યા ઊઠો સ્વામી,
એ દસમો ન બૂઝે કામી હો, મુ૦
વેશ્યા વનિતા કહે ધસમસતી,
આજે દસમા તુમહીજ હસતી હો. મુ૦ ૩
એહ વયણ સુણીને ચાલ્યો,
ફરી સંયમ શું મન વાળ્યો હો, મુ૦
ફરી સંયમ લીધો ઉલ્લાસે,
વેશ લેઇ ગયો જિન પાસે હો. મુ૦ ૪
તપ જપ સંયમ કીરિયા સાધી,
ઘણા જીવને પ્રતિબોધી હો, મુ૦
ચારિત્ર નિત્ય ચોખું પાળી,
દેવ લોકે ગયો દેઈ તાળી હો મુ૦ ૫
જયવિજય ગુરુ શીશ,
તસ હર્ષ નમે નિશદિશ હો, મુ૦
મેરુવિજય એમ બોલે,
એહવા ગુરુને કોણ તોલે હો. મુ૦ ૬

---

## શ્રી સનત્કુમાર ચક્રવર્તીની સજ્ઝાય

સરસતી સરસ વચન માગું,
તોરે પાયે લાગું,.
સનતકુમાર ચક્રી ગુણ ગાઉં,
જિમ હું નિર્મળ થાઉં;

રંગીલા રાણા રહો, જીવન રહો,
રહો મેરે સનત્કુમાર,
વિનવે સવિ પરિવાર. એ આંકણી ૧

રૂપ અનોપમ ઇન્દ્રે વખાણ્યું,
સુરે એ જાણે સુણી ઇમ માયા,
બ્રાહ્મણ રૂપ કરી દોય આયા,
ફરી ફરી નિરખત કાયા. રંગીલા. ૨

જેહવો વખાણ્યો તેહવો દીઠો,
રૂપ અનોપમ ભારી,
સ્તવના સાંભળી મનમાં હરખ્યો,
આણ્યો ગર્વ અપારી. રંગીલા. ૩

અબ શું નિરખો લાલ રંગીલે,
ખેળ ભરી મુજ કાયા,
નાહી ધોઈ જબ છત્ર ધરાવું,
તબ જોજ્યો મારી કાયા. રંગીલા ૪

મુગટ કુંડલહાર મોતીના,
કરી શણગાર બનાયા,
છત્ર ધરાવી સિંહાસન બેઠા,
તબ ફરી બ્રાહ્મણ આયા. રંગીલા. ૫

દેખી જોતાં રૂપ પલટાણું,
સુણ હો ચક્રી રાયા,

સોળ રોગ તેરી દેહમેં ઉપન્યા,
ગર્વ મ કર કુડી કાયા. રંગીલા. ૬

કળકળિયેા ઘણું ચકી મનમાં,
સાંભળી દેવની વાણી,
તુરત તંબેાળ નાખીને જોવે,
રંગ ભરી કાયા પલટાણી. રંગીલા. ૭

ગઢ મઢ મંદિર પેાળ માળિયા (મેલ્યાં),
મેલી તે સવિ ઠકુરાઈ,
નવનિધિ ચૌદ રતન સવિ મેલ્યાં,
મેલી તે સયલ સગાઇ. રંગીલા. ૮

હય ગય રથ (ધનપુનપર) અંતેઊરી મેલી,
મેલી તે મમતા માયા,
એકલડા સંયમ લઈ વિચરે,
કેઇ ન મેલે રાણા રાયા. રંગીલા. ૯

પાયે ઘુઘરી ઘમઘમ વાજે,
ઠમ ઠમ કરતી આવે,
દશ આંગળી બે કર જોડી,
વિનતી ઘણી અકડાવે. રંગીલા. ૧૦

તુમ પાખે મેારું દિલડું દાઝે,
દિન કેહી પરે જાતે
એક લાખ ને સહસ્ર બાણું
નયણે કરી નિરખીજે. રંગીલા. ૧૧

માતા પિતા હેતે કરી ઝુરે,
અન્તેઉર સવિ રોવે,
એક વાર સન્મુખ જુએ ચક્રી,
સનત્કુમાર નવિ જોવે. રંગીલા. ૧૨

ચામર ધરાવે છત્ર ધરાવે,
રાજ્યમેં પ્રતપે રૂડા,
છ ખંડ પૃથ્વી આણ મનાવે,
તે કિમ જાણ્યાં કુડાં. રંગીલા. ૧૩

છત્ર ધરે શીર ચામર ધરે,
રાજન પ્રતપે રૂડે,
છ ખંડ પૃથ્વી રાજ્ય ભોગવે,
છ માસ લગેં ફરે કેડે. રંગીલા. ૧૪

તવફરી દેવ છળવા કારણ
વૈદ્ય રૂપ લહી આવે,
તપશક્તિએ કરી લબ્ધી ઉપની,
થૂંકે કરી સમાવે. રંગીલા. ૧૫

એ લાખ વરસ મંડળિક ચક્રી,
લાખ વરસની દીક્ષા,
પંદરમા જિનવરને વારે,
નરદેવ કર જીવરક્ષા. રંગીલા. ૧૬

શ્રી વિજયસેનસૂરીશ્વર વાણી,
તપગચ્છ રાજે જાણી,

વિનય કુશળ પંડિત વર ખાણી,
તસ ચરણે ચિત્ત આણી. રંગીલા. ૧૭
સાતસેં વરસે રોગ સમાયેા,
કંચન સરખી કાયા,
શાંતિ કુશળ મુનિ એમ પયંપે,
દેવ લેાક ત્રીજા પાયા. રંગીલા. ૧૮

---

## શ્રી સહજાનંદીની સજ્ઝાય

(બીજી અશરણ ભાવના–એ દેશી)

સહજાનંદી રે આતમા, સૂતેા કાંઈ નિશ્ચિંત રે,
મેાહતણા રણિયા ભમે, જાગ જાગ માતવન્ત રે;
લૂંટે જગતના જંત રે, નાંખી વાંક અત્યન્ત રે,
નરકાવાસ ઠવન્ત રે, કેાઈ વીરલા ઉગરંત રે. સ૦૧
રાગ દ્વેષ પરિણતી ભજી, માયા કપટ કરાય રે,
કાશકુસુમ પરે જીવડેા, ફેાગટ જનમ ગમાય રે;
માથે ભય જમરાય રે, શેા મન ગર્વ ધરાય રે,
સહુ એક મારગ જાય રે, કેાણ જગ અમર કહાય રે. સ૦૨
રાવણ સરીખા રે રાજવી, નાગા ચાલ્યાં વિણ ધાગ રે;
દશ માથાં રણ રડવડચાં, ચાંચ દિયે શિર કાગ રે;
દેવ ગયા સવિ ભાગ રે, ન રહ્યો મનનેા છાગ રે,
હરિ હાથે હરિ નાગ રે, જો જો ભાઈ એાના રાગ રે. સ૦૩
કેઈ ચાલ્યા કેઈ ચાલશે, કેતા ચાલણહાર રે,
મારગ વહેતેા રે નિત્યે પ્રત્યે, જોતાં લગ્ન હજાર રે;

દેશ વિદેશ સંધાય રે, તે નર એણે સંસાર રે,
જાતાં જમ દરબાર રે, ન જુવે વાર કુવાર રે. સ૦૪

નારાયણ પુરી દ્વારિકા, બળતી મેલી નિરાશ રે,
રોતા રણમાં તે એકલા, નાઠા દેવ આકાશ રે;
કિહાં તરુછાયા આવાસ રે, જળ જળ કરી ગયો સાસ રે,
બળભદ્ર સરોવર પાસ રે, સુણી પાંડવ શિવવાસ રે. સ૦૫

રાજી ગાજી રે બોલતા, કરતા હુકમ હેરાન રે,
પોઢયા અગ્નિમાં એકલાં, કાયા રાખ સમાન રે;
બ્રહ્મદત્ત નરક પ્રયાણ રે, એ ઋદ્ધિ અથિર નિદાન રે,
જેવું પીંપળ પાન રે, ધરો જૂઠ ગુમાન રે. સ૦૬

વાલેસર વિના એક ઘડી, નવિ સોહાતું લગાર રે,
તે વિણ જનમારો વહી ગયો, નહિ કાગળ સમાચાર રે;
નહીં કોઈ કોઈનો સંસાર રે, સ્વારથિયો પરિવાર રે,
માતા મરુદેવી સાર રે, પહોંચ્યા મુક્તિ મેડી મોઝાર રે. સ૦૭

માતા પિતા સુત બાંધવા, અધિકો રોગ વિચાર રે,
નારી આશાથી રે ચિત્તમાં, વંછે વિષય ગમાર રે;
જુઓ સૂરિકંતા જે નાર રે, વિષ દીધો ભરતાર રે,
નૃપ જિનધર્મ આધાર રે, સજ્જન નેહ નિવાર રે. સ૦૮

હસી હસી દેતાં રે તાલીઓ, શય્યા કુસુમની સાર રે,
તે નર અંતે માટી થયા, ઢોક ચણે ઘરબાર રે;
ઘડતા પાત્ર કુંભાર રે, એહવું જાણી અસાર રે,
છોડો વિષયવિકાર રે, ધન્ય તેહનો અવતાર રે. સ૦૯

થાવચ્ચા સુત શિવ વયા, વળી એલાચીકુમાર રે,
ધિક્ ધિક્ વિષયા રે જીવને, લઈ વૈરાગ્ય રસાળ રે,
મેલી મોહ જંજાળ રે, ઘેર રમે કેવળ બાળ રે,
ધન્ય કરકંડુ ભૂપાળ રે સ૦ ૧૦

શ્રી શુભવિજય સુગુરુ લહી, ધર્મરયણ ધરો છેક રે;
વીર વચન રસ શેલડી, ચાખે ચતુર વિવેક રે;
ન ગમે તે નર ભેક રે ધરતા ધર્મનો ટેક રે,
ભવજળ તરિયા . અનેક રે. સ૦ ૧૧

---

## શ્રી પાંચમની સજ્ઝાય

શ્રી ગુરુચરણ પસાઉલે રે,
પંચમીનો મહીમાય આતમા;
વીવરીને કહીશ્યું મેરે,
સુણતાં પાતક જાય આતમા,
પંચમી તપ પ્રેમે કરો રે લાલ. પં. ૧

મન શુદ્ધે આરાધતાં રે લાલ,
તુટે કર્મનિદાન આતમા;
આ ભવ સુખ પામો ઘણા રે લાલ,
પરભવ અમર વિમાન આતમા. પં. ૨

સયલ સૂત્ર રચના કરી રે લાલ,
ગણધર હુઆ વિખ્યાત આતમા;
જ્ઞાને કરીને જાણતા રે લાલ,
સ્વર્ગ નરકની વાત આતમા. પં. ૩

ગુરુજ્ઞાને દીપતા રે લાલ,
તે તરીયા સંસાર આતમા;
જ્ઞાનવંતને સહુ નમે રે લાલ,
ઊતારે ભવપાર આતમા. પં. ૪

અજુઆળી પક્ષ પંચમી રે લાલ,
કરો ઉપવાસ જગીશ આતમા;
નમો નાણસ્સ ગુણણું ગણે રે લાલ,
નોકારવાલી વીશ આતમા. પં. ૫

પંચ વરસ એમ કીજીયે રે લાલ,
ઉપર વલી પંચ માસ આતમા;
શક્તિ અનુસારે ઉજવો રે લાલ,
જેમ હોય મનને ઉલ્લાસ આતમા. પં. ૬

વરદત્ત ને ગુણમંજરી રે લાલ,
તપ નિર્મલ થાય આતમા;
કીર્તિવિજય ઉવજ્ઝાયનો રે લોલ,
કાંતિવિજય ગુણ ગાય આતમા. પં. ૭

---

## શ્રી ધન્ના અણુગારનું પંચ ઢાલિયું

॥ દોહા ॥

કર્મ રૂપ અરિ જીતવા, ધીર પુરુષ મહાવીર;
પ્રણમું તેહના પયકમળ, એક ચિત્ત સાહસ ધીર. ૧

ગુણ ધન્ના અણુગારના, કહેતાં મનને કોડ;
સાન્નિધ્ય કરજો શારદા, જાપે થાયે જોડ. ૨

## ઢાળ પહેલી

( રાજગૃહી નગરીનો એ-દેશી )

કાકંદી નગરી કેરો,
જિતશત્રુ રાય ભલેરો હો, રાય જિનગુણ રાગી;
ભુજબળે કરી અરિયણ જીપે,
તેજે ભેજે કરી દ્વિણુયર દીપે હો. રા૦ ૧

તેહ નયરી માંહે નિરાબાધ,
વસે ભલા સારથવાહી હો, સુંદર સોભાગી;
ઘર સોવન બત્રીસ કોડી,
કોઇ ન કરે તેહની જોડી હો. રા૦ ૨

તસ સુત ધન્નો ઈણ નામે,
અનુક્રમે જોવન વય પામે હો સુ૦;
એક લગને બત્રીસ સારી,
પરણાવી માએ નારી હો. સુ૦ ૩

સોવનવરણી શશીવદની,
મૃગનયણી ને મનહરણી, સુ૦;
લહી વિલસે સુખ સંયોગ,
દોગુંદકની પરે ભોગ હો. સુ૦ ૪

એહવે શ્રી જિન મહાવીર,
વિચરંતા ગુણ ગંભીર હો, જિનજી સોભાગી;
આવ્યા કાંકદીને ઉદ્યાને,
પહોંચ્યા પ્રભુ નિરવદ્ય સ્થાને હો. જિન. ૫

વનપાળકે વિનવ્યો રાય,
પાઊધાર્યા, જન સુખદાય હો જિ૦;
ત્રિણ્ય લોકતણા હિતકાર,
ભવિજનને તારણહાર હો. જિ૦ ૬

પ્રીતિદાન હરખશું દેઈ,
ચતુરંગી દળ સાથે લેઈ હો રાય જિનગુણ રાગી;
પંચ અભિગમને જિન વંદે,
સુણે દેશના મન આણંદે હો. રા૦ ૭

પરિવારશું પાળે ધન્નો,
આવ્યો વંદણ તે એકમનો હો, સુંદર સોભાગી;
સુણી દેશના અમીય સમાણી,
વૈરાગી થયો ગુણખાણી હો. સુ૦ ૮

આવી અનુમતિ માંગે,
ધન્નો સંયમને રાગે, કુમાર સોભાગી;
ઈમ સુણીને મુર્છા ખાઈ,
જાણી કહે ભદ્રા માઈ હો. સુ૦ ૯

તું જોવનવય સુકુમાળ,
વચ્છ ભોગવ ભોગ રસાળ હો કું૦;
અનુમતિ વચ્છ કોઈ ન દેશે,
પાડોશી સંયમ લેશે હો. કું૦ ૧૦

એહવે તિહાં બત્રીસે આવી,
ભામિની ભરી ભરી આંખે હો, પિઉડા સોભાગી;

ગદ્‌ગદ્ વચને કહે ગુણવંતી,
આગળ ખોળા નાંખે હો. પિ૦ ૧૧
લાખો ગુનાહ અબળા તુમચી,
પ્રિતમ પ્રાણાધાર હો પિ૦;
વિણ અપરાધે વાહલા એહવો,
કાં ઘો ટાઢો માર હો. પિ૦ ૧૨
ભરજોવનમાં ભમતાં મૂકી,
છેહ દ્યો કુણ માટ હો. પિ૦;
પદ્મિનીને પીડા ઊપાઈ,
કોણે કહી કહી મુગતિની વાટ હો. પિ૦ ૧૩
શાને તો પરણી પિયુ અમને,
ચિહું લોકતણી મળી સાખો હો. પિ૦;
જો છોડી છે તો પિયુ અમચો,
તુમે અવગુણ કોઇક દાખો હો. પિ૦ ૧૪
પાલવ ઝાલી પ્રેમ વિશુદ્ધિ,
ગોરી કહે ગુણગેહ હો. પિ૦;
ઊડો- જાણીને આદરિયો,
છીલર થઈને દિયો છેહ હો. પિ૦ ૧૫

## ઢાલ બીજી

કહે ધન્નો કામીની પ્રતે, કાજ ન આવે કોય રે,
પરભવ જાતાં જીવને, જો વાત વિચારી જોય રે. કહે. ૧
માતપિતા બંધવ સહુ, પુત્ર કલત્ર પરિવારો રે,
સ્વારથનાં સહુ કો સગાં, મિળિયાં છે સંસારો રે. કહે. ૨

નારી નરકની દીવડી, દુર્ગતિનો દાતારો રે,
વીરે વખાણી વખાણુમાં, મેં આજ સુણ્યો અધિકારો રે. કહે. ૩

તિણે રતિએ ઘરવાસમાં, હું રહેતાં બહુ દુઃખ સહંતો રે,
સુખ પામીશ સંયમ થકી, અરિહંતની આણા વહંતો રે. કહે. ૪

માતા ને માનુની હવે, વડ વૈરાગી જાણે રે;
અનુમતી આપે દીક્ષાતણી, પ્રીતિ ન હોય પરાણે રે. કહે. ૫

## ઢાળ ત્રીજી

(ભવીક જન સાંભળો રે, મલયાનો અધિકાર–એ દેશી)

ગઈ ભદ્રા લેઈ ભેટણું, નૃપ જીતશત્રુ પાસ,
નરપતિને પ્રણમી કહે, અવધારો અરદાસો રે. વૈરાગી થયો. ૧

મ્હા રો ના ન ડી યો, સુ કુ મા ળ,
વીર વચન સુણી, ચારિત્ર લે ઊજમાળો રે. વૈ. ૨

તિણે પ્રભુ તુમને વિનવું, કરવા ઓચ્છવ કાજ,
છત્ર ચામર દીયો રાઊલા, વળી નોબતનો સાજો રે. વૈ. ૩

તે નિસુણી રાજા કહે, સુણો ભદ્રા સસનેહ,
ઓચ્છવ ધન્નાનો અમે, કરશું દીક્ષાનો એહો રે. વૈ. ૪

જીતશત્રુ રાજા હવે, આપ થઈ અસ્વાર,
ભદ્રાને ઘરે આવીયો, જીહાં છે ધન્નકુમારો રે. વૈ. ૫

ધ ન્ના ને ન વ રા વી ને, પ હે રા વી શિ ણ ગા ર,
સહસવાહન સુખપાળમાં, બેસાર્યો તેણી વારો રે. વૈ. ૬

છત્ર ધરી ચામર કરી, વાજાં વિવિધ પ્રકાર,
આડંબરથી આણિયો, જિન કને વનહ મોઝારો રે. વૈ. ૭

તિહાં શિબિકાથી ઊતરી, ખૂણ ઈશાને આઈ,
આભરણો દેઈ માતને, લોચ કરે ચિત્ત લાઈ રે. વૈ. ૮

વાંદી ભદ્રા વીરને, કહે સુણો કરુણાવંત,
દીઉં હું ભિક્ષા શિષ્યની, વોહરો ત્રિભુવન કંતો રે. વૈ. ૯

શ્રીમુખ શ્રી જિન વીરજી, પંચ મહાવ્રત હેવ,
ધન્નાને ત્રિભુવન ધણી, ઊચ્ચરાવે તતખેવો રે. વૈ. ૧૦

પંચ મહાવ્રત ઊચ્ચરી, કહે ધન્નો અણુગાર,
આજ થકી કલ્પે હવે, સુણો પ્રભુ જગદાધારો રે. વૈ. ૧૧

છઠ તપ આંબિલ પારણે, કરવો જાવજ્જીવ,
ઈણ માંહે ઓછો નહીં, એ તપ કરવો સદ્દીવો રે. વૈ. ૧૨

ભદ્રા વાંદીને વળ્યાં, કરત વીર વિહાર,
નયરી રાજગૃહી અન્યદા, પહોંત્યા બહુ પરિવાર રે. વૈ. ૧૩

ભાવ સહિત ભક્તિ કરી, શ્રી શ્રેણિક ભૂપાળ,
વાંદીને શ્રી વીરને, પૂછે પ્રશ્ન રસાળો રે. વૈ. ૧૪

ચૌદ સહસ અણુગારમાં, કુણ ચઢતે પરિણામ,
કહો પ્રભુજી કરુણા કરી, નિરૂપમ તેહનું નામો રે. વૈ. ૧૫

## ઢાળ ચોથી

શ્રેણિક સુણ સહસ ચૌદમાં, ગુણવંતો હો ગિરુઓ છે જેહ કે,
ચારિત્રીયો ચઢતે ગુણે, તપે બળિયો હો, તપસીમાંહી એહ કે.
તે મુનિવર જગ વંદિયે. એ આંકણી ૧

એક ધન્ય જ હો ધન્નો અણુગાર કે કાયા તે કીધી કોહ્યલો,
બળ્યો આવળ હો જાણે દીસે છાર કે. તે. ૨

છઠતપ આંબીલ પારણે, લીયે અરસ હો વિરસ તીમ આહાર કે,
માખી ન વંછે તેહવો, દીયે આણી હો દેહને આધાર કે. તે. ૩

વેલીથી નીલું તુંબડું, તોડીને હો તડકે ધર્યું જેમ કે,
સુકવી લીલરીયો વળી, તે ઋષિનું હો માથું થયું તેમ કે. તે. ૪

આંખો બે ઊંડી તગતગે, તારાતણી હો પરે દીસે તાસ કે,
હોઠ બે સૂકા અતી ઘણા, જીભ સૂકી હો, પાનડલું પલાસ કે. તે. ૫

જુ જુઇ દીસે આંગળીઓ, કોણી બે હો નિસરિયો તિહાં હાડ કે,
જંઘા બે સૂકી કાગની, દીસે જાણે હો કે જીરણ તાડ કે. તે. ૬

આંગુળી પગની હાથની, દીસે સૂકી હો જીમ મગની સીંગ કે,
ગાંઠા ગણાએ જુજુઆ, તપસી માંહી હો ધોરી એહ દીંગ કે. તે.૭

ગોચરી વાટે ખડખડે, હીંડંતાં હો જેહનાં દીસે હાડ કે,
ઊંટનાં પગલાં સારીખાં, દોઇ આસન હો બેઠાં થઈ ખાડ કે. તે. ૮

પીંડી સુકી પગ તણી, થઈ જાણે હો ધમણ સરીખી ચામ કે,
ચાલે તે જીવ તણે બળે, પણ કાયની હો જેહને નથી હામકે. તે. ૯

પરિહરિ માયા કાયની, શોષવાને હો રૂધીર ને માંસ કે,
અનુતરોવવાઇય સૂત્રમાં, કરી વીરે હો પરસંસ કે. તે. ૧૦

ગુણ સુણી શ્રી અણગારના, દેખવાને હો જાય શ્રેણિક રાય કે,
હીંડે તે વનમાં શોધતો, ઋષિ ઊભો હો પણ ઊંડ ખાય કે. તે. ૧૧

જોતાં રે જોતાં ઓળખ્યો, જઈ વંદે હો મુનિનાં પય ભૂપ કે,
જેહવું વીરે વખાણીયું, તેહવું હો તપસીનું રૂપ કે. તે. ૧૨

વાંદી સ્તવી રાજા વળ્યો ઋષિ, કીધો હો અણસણ તીહાં હેવ કે,
વૈભારગિરિ એક માસનો, પાળીને હો ચ્યવી ઊપન્યો દેવ કે. તે. ૧૩

## ઢાળ પાંચમી

ધન ધન ધન્નો ઋષિસર તપસી, ગુણતણેા ભંડારજી,
નામ લીયંતાં પાપ પણાસે, લહીયે ભવનો પારજી.
એ આંકણી ૧

તપિયાને જવ અણસણ સીદ્યું, ભંડોપગરણને લેઈજી,
સાધુ આવીને જીનજીને વંદે, ત્રિણ પ્રદક્ષિણા દેઈજી. ધન. ૨

પ્રભુજી શિષ્ય તુમારેા તપસી, જે ધન્નો અણગારજી,
હમણાં કાળ કીધેા તીણ મુનિવરે, અમે આવ્યા ઇણ વારજી. ધન. ૩

સાંભળી વૃદ્ધ વજીર પ્રભુજીના, શ્રી ગૌતમ ગણધારજી,
પૂછે પ્રશ્ન પ્રભુજીને વાંદી, કરજોડી તીણી વારજી. ધન. ૪

કહેા પ્રભુજી ધન્નો ઋષિ તપસી, તે ચારિત્ર નવ માસજી,
પાળીને તે કીણ ગતે પહેાત્યેા, તેહ પ્રકાશેા ઊલ્લાસજી. ધન. ૫

સુણ ગેાયમ શ્રીવીર પયંપે, જીહાં ગતિ સ્થિતિ શ્રીકારજી,
સર્વારથસિદ્ધ નામ વિમાને, પામ્યેા સુર અવતારજી. ધન. ૬

આયુ સાગર તેત્રીસનું પાળી, ચવિ વિદેહ ઊપજશેજી,
આર્યકુળ અંવતરીને કેવળ, પામી સિદ્ધ નીપજશેજી. ધન. ૭

એહવા સાધુ તણા પય વંદી, કરીયે જન્મ પ્રમાણુજી,
જીભ સફલ હેાવે ગુણ ગાતાં, પામીજે કલ્યાણુજી. ધન. ૮

રહી ચેામાસું સતર એકવીસે, ખંભાત ગામ મેાઝારજી,
શ્રાવણ વદિ તિથિ બીજ તણે દિન, ભૃગુનંદન ભલેા વારજી. ૯

મુજગુરુ શ્રી મુનિ માણેકસાગર, પામી તાસ પસાયજી,
ઈમ અણગાર ધન્નાના હરખે, જ્ઞાનસાગર ગુણ ગાયજી. ૧૦

## આચાર્ય શ્રી વિજયકનકસૂરિજી મહારાજની સજ્ઝાય

(ઋષભની શોભા હું શી કહું–એ રાગ)

(ગુરુગુણ ગહુંલી)

વિજયનકસૂરિજી વંદીએ, ગુણમણિ રયણ–ભંડાર રે;
શોભે મુદ્રા સમતામયી, તપગચ્છના શણગાર રે. વિ. ૧

કચ્છ વાગડમાં દીપતું, સુંદર પલાંસ્વા શહેર રે;
શાંતિ જિનેશ્વર શોભતા, નામે થાય લીલા લહેર રે. વિ. ૨

ઉત્તમ કોટીના આતમા, ઉપન્યા જીહાં મહાભાગ રે;
અનેક ભાઇબહેનો ખુઝીયાં, સંયમ લીયે શુભ રાગ રે. વિ. ૩

શ્રાવક લોક સુખીલા વસે, શ્રદ્ધા ક્રિયા ભરપુર રે;
બહોલો પરિવાર જેહનો રે, ચંદુરા કુલ સનુર રે. વિ. ૪

નાનચંદ પિતાજી નિર્મળા, માતા નવલબાઈ નામ રે;
ઓગણીસ ઈગુણ ચાળીશેં, નભસ્ય વદ પંચમી અભિરામ રે. વિ. ૫

શુભ નક્ષત્ર વારે જનમીઆ, કાનજીભાઈ અભિધાન રે;
લઘુ વયમાં વૈરાગી થયા, એ પૂરવ પુણ્ય અનુમાન રે. વિ. ૬

ઓગણીસ બાસઠ ભીમાસરે, પૂર્ણિમા માગસિર માસ રે;
સંઘ ચતુર્વિધ સાક્ષીએ, ચારિત્ર લીએ ઉલાસ રે. વિ. ૭

આગમ સકળ અવગાહીને યોગ વહન પણ કીધ રે;
છોતર કાર્તિક વદ પંચમી, પંન્યાસ પદવી પ્રસિદ્ધ રે. વિ. ૮

શ્રી સિદ્ધગિરિની છાયમાં, વરત્યો જય જયકાર રે;
પાઠક પદવી પંચાસીએ, મલિનાથ દરબાર રે. વિ. ૯

શુકલ એકાદસ માઘની, ભોયણી તીર્થ મોઝાર રે;
ઉપાધ્યાય ઉમંગથી, કચ્છ ભણી કર્યો વિહાર રે. વિ. ૧૦

ગ્રામાનુગ્રામ અનુક્રમે, વિચરતા ગુરુરાજ રે;
રાજનગર સંઘે કીયો, સૂરિપદ મહોત્સવ શુભ સાજ રે. વિ. ૧૧

નેવ્યાસી પોસ વદિ સાતમે, સિદ્ધિસૂરીશ્વર રાય રે;
પટધર મેઘસૂરીશ્વર વરદ હસ્તે, ત્રણ પદ થાય રે. વિ. ૧૨

તપગચ્છ ગયણાંગણ દિનમણિ, મણિવિજયજી મહારાય રે;
દાદા બિરુદે બીરાજતા, મહિમા અધિક ગવાય રે. વિ. ૧૩

પદ્મવિજયજી પદ્મ સારીખા, જીતવિજયજી શિષ્ય હીર રે;
તસ શિષ્ય મુજ ગુરુ શોભતા, વિજયકનકસૂરિ ધીર રે. વિ. ૧૪

ઓગણીસ સતાણું ખંભાતમાં, મહા સુદિ છઠ્ઠ રવિયાગ રે;
દીપવિજય ગુરુ ગુણ થકી, મંગળ વાંછીત ભોગ રે.
વિજયકનકસૂરિજી વંદીએ. ૧૫

---

## પડિક્કમણાના ફળની સજ્ઝાય

ગૌતમ પૂછે શ્રી મહાવીરને રે,
ભાખો ભાખો પ્રભુજી સંબંધ રે;
પડિક્કમણાથી શું ફલ પામીએ રે,
શું શું થાએ પ્રાણીને પુણ્યબંધ. રે. ગૌ૦ ૧

સાંભળ ગાતમ તે કહું રે,
પડિક્કમણું કરતાં જે થાય રે;
તેથી ઉત્તરોત્તર સુખ ભોગવી રે,
અનુક્રમે શિવપુર જાય રે. ગૌ૦ ૨

ઇચ્છા પડિક્કમણું કરીને પામીએ રે,
પ્રાણીને થાયે પુણ્યબંધ રે;
પુણ્યની કરણી જે ઉવેખશે રે,
પરભવ થાયે અંધોઅંધ રે. ગૌ૦ ૩
પાંચ હજાર ઉપર પાંચશે રે,
દ્રવ્યા ખરચી લખાવે તેહ રે;
જીવા ભગવઈ પન્નવણા સૂત્રની રે,
મૂકે ભંડારેં પુણ્ય થાયે એહ રે. ગૌ૦ ૪
પાંચ હજાર ઉપર પાંચશેં રે,
ગાયેા ગર્ભવતી જેહ રે;
તેહને અભયદાનં દેતાં થકાં રે,
મુહપતિ આપ્યાનું ફલ એહ રે. ગૌ૦ ૫
દશ હજાર ગેાકુલ ગાયેાતણાં રે,
એકે દશ હજાર પ્રમાણ રે;
તેહને અભયદાન દેતાં થકાં રે,
ઉપજે પ્રાણીને પુણ્ય જાણ રે. ગૌ૦ ૬
તેથી અધિકું ઉત્તમ ફલ પામીએ રે,
પરને ઉપદેશ દીધાનું જાણ રે;
ઉપદેશ થકી સંસારી તરે રે,
ઉપદેશે પામે કેવલનાણ રે. ગૌ૦ ૭
શ્રી જિન-મંદિર અભિનવ શેાભતાં રે,
સહસ પચવીસ સખર કરાવે જેહ રે;
અકેકેા મંડપ બાવન ચૈત્યનેા રે,
ચરવલેા આપ્યાનું ફલ એહ રે. ગૌ૦ ૮

માસખમણની તપશ્ચર્યા કરે રે,
અથવા પંજર કરાવે એક રે;
એહવાં કોડ પંજર કરતાં થકાં રે,
કટાસણું આપ્યાનું ફલ એહ રે. ગૌ૦ ૯

સહસ અઠ્ઠાસી દાનશાલા તણો રે,
ઊપજે પ્રાણીને પુણ્યનો બંધ રે;
સ્વામી સંઘ ગુરુને સ્થલે રે,
વંદન કરતાં પુન્ય ફલનો બંધ રે. ગૌ૦ ૧૦

શ્રી જિનપ્રતિમા સોવનમયી કરે રે,
સહસ અઠ્ઠાસીનું પ્રમાણ રે;
અકેકી પ્રતિમા પાંચશેં ધનુષ્યની રે,
ઇરિયાવહિ પડિકમ્યાનું ફલ જાણ રે. ગૌ૦ ૧૧

આવશ્યક સૂત્ર નિર્યુક્તિ ગ્રંથમાં રે,
ભાખ્યો પડિક્કમણાનો સંબંધ રે;
જીવાભિગમ નિર્યુક્તિ જોય જો રે,
સ્વયં મુખ ભાખે વીરજિણુંદ રે. ગૌ૦ ૧૨

વાચકયશ કહે જે શ્રદ્ધા ધરે રે,
પાલે શુદ્ધ પડિક્કમણાનો વ્યવહાર રે;
અનુત્તર સુર સુખ પામે મોટકાં રે,
પામશે ભવિજન ભવનો પાર રે.
ગૌતમ પૂછે શ્રી મહાવીરને રે. ૧૩

## શિયળ વિષે સ્ત્રીને શિખામણની સજ્ઝાય

એક અનોપમ શિખામણ ખરી, સમજી લેજો રે સુગુણી સુંદરી.
સુંદરી સહેજે હૃદય હેજે પરસેજે નવિ બેસીયે,
ચિત્ત થકી ચૂકી લાજ મૂકી પરમંદિર નવી પેસીયે;
અહુ ઘેર હિંડે નારી નિર્લજ્જ શાસ્ત્રે ત્યજવી તે કહી,
જેમ પ્રેત-દૃષ્ટે પડયું ભોજન જમવું તે જુગતું નહીં. ૧

પરશું પ્રેમે રે હસીય ન બોલીએ, દાંત દેખાડી રે ગુહ્ય ન બોલીએ.
ગુહ્ય ઘરનું પરની આગે કહો કેમ પ્રકાશીએ,
વળી વાત જે વિપરીત ભાસે તેહથી દૂરે નાસીયે;
અસુરાં સવેરાં અને અગોચર એકલડાં નવિ જઇયે,
સહસાતકારે વાત કરતાં સહજે શિયળ ગમાવીયે. ૨

નટવિટ નરશું રે નયણ ન જોડયે, મારગ જાતાં રે આઘું ઓઢીયે.
આઘું તે ઓઢી વાત કરતાં ઘણું જ રૂડાં શોભીયે,
સાસુ અને માના જાણ્યા વિણ પલક પાસ ન થોભીયે;
સુખદુઃખ સરજ્યું પામિયે પણ કુળાચાર ન મૂકીયે.
પરવશ વસતાં પ્રાણ જાતાં શિયળથી નવિ ચૂકીયે. ૩

વ્યસની સાથે રે વાત ન કીજીયે, હાથોહાથે રે તાળી ન લીજીયે.
તાળી ન લીજે નજર ન દીજે ચંચળ ચાલે ન ચાલીયે,
વિષય બુદ્ધે વસ્તુ કેહની હાથે પણ નવી ઝાલીયે;
કોટી કંદર્પ રૂપ સુંદર પુરુષ પેખી ન મોહીયે,
તણખલા તોલે ગણી તેહને ફરિય સામું ન જોઇયે. ૪

પુરુષ પિયારે વળી ન વખાણીયે, વૃદ્ધ તે પિતા સરખો રે જાણીયે.
જાણીયે પિયુ વિણ પુરુષ સઘળા સહોદર સમોવડે,

પતિવ્રતાનો ધર્મ જોતાં નાવે કોઈ તડોવડે,
કુરૂપ કુસ્ટી કુખડો ને દુષ્ટ દુર્બળ નિર્ગુણો,
ભરતાર પામી ભામિની તે ઇન્દ્રથી અધિક ગુણો. ૫
અમરકુમારે રે તજી સુરસુંદરી પવનંજયે રે અંજના પરહરી.
પરહરી સીતા રામે વનમાં નળે દમયંતી વળી,
મહાસતી માથે કષ્ટ પડયાં પણ શિયળથી તે નથી ચળી;
કસોટીની પરે કસીય જોતાં હેતશું વિહડે નહીં,
તન મન વચને શિયળ રાખે સતી તે જાણો સહી. ૬
રૂપ દેખાડી રે પુરુષ ન પાડીયે, વ્યાકુળ થઈને રે મન
ન બગાડીએ.
મન ન બગાડીયે પરપુરુષનું જોગજાતાં નવિ મળે,
કલંક માથે ચડે કૂડાં સગાં સહુ દૂરે ટળે,
અણ સરજ્યો ઊચ્ચાટ થાયે પ્રાણ તિહાં લાગી રહે,
ઈહ લોક પામે આપદા પરલોક પીડા બહુ સહે. ૭
રામને રૂપે રે સૂર્પનખા મોહી કાજ ન સિધું રે વળી
ઈજ્જત ખોઈ.
ઈજ્જત ખોઈ દેખ અભયા શેઠ સુદર્શન નવિ ચલ્યો,
ભરતાર આગળ પડી ભોંઠી અપવાદ સઘળે ઉછલ્યો;
કામની બુદ્ધે કામિનીયે વંકચૂળ વાહ્યો ઘણું,
પણ શિયળથી ચૂકયો નહીં દ્રષ્ટાંત એમ કંતાં ભણું. ૮
શિયળ પ્રભાવે રે જુઓ સોળે સતી ત્રિભુવન માંહે રે,
જેજે થઈ છતી.
સતી થઈને શિયળ રાખ્યું કલ્પના કીધી નહીં,
નામ તેહનાં જગત જાણે વિશ્વમાં ઊગી રહી;
વિવિધ રત્ને જડિત ભૂષણ રૂપ સુંદર કિન્નરી,
એક શિયળ વિણ શોભે નહિ તે સત્ય ગણજો સુંદરી. ૯

શિયળ પ્રભાવે રે સહુ સેવા કરે, નવે વાડે રે જેહ નિર્મળ ધરે.
ધરે નિર્મળ શિયળ ઉજ્જવળ તાસ કીર્તિ ઝળહળે,
મનકામના સવિ સિદ્ધિ પામે કષ્ટ-ભય દૂર ટળે;
ધન્ય ધન્ય તે જાણો ધરા જે શિયળ ચોખ્ખું આદરે,
આનંદના તે ઓધ પામે ઉદય મહાજસ વિસ્તરે. ૧૦

---

## રાત્રિ ભોજનની સજ્ઝાય – ૧

અવનીતળ[૧] વારુ[૨] વસે જી, કુંડનપુર ઉદાર,
શેઠ યશોધન જાણીયે જી, કરે વ્યવસાય[૩] અપાર રે;
માનવી રાત્રિભોજન વાર. ૧

રંભા ઘરણી રૂયડી જી રે, પુત્ર સલૂણા રે દોય,
હંસકુમર ભાઈ વડો જી રે, લઘુ ભાઈ કેશવ હોય રે;
માનવી રાત્રિભોજન વાર. ૨

દોષ અનંતા ઓળખ્યા જી રે, જિમ ન પડે સંસાર રે મા.
(એ આંકણી)

એક દિન રમતાં ભેટીયા જી, સાધુ-શિરોમણિ સૂરિ;
ધર્મઘોષ નામે નમી જી, આવી આણંદપુર રે. મા. ૩

સૂરિ ભણે રજનીતણું જી, ભોજન છંડે જેહ;
તસ સુર નર સેવા કરે જી, લહે મુક્તિ નિઃસંદેહ રે. મા. ૪

સાંજે રાંધી રાતે જમે જી રે, તે ઉત્કૃષ્ટો રે દોષ;
દિવસે રાંધી રાતે જમે જી રે, પાપ તણો બહુ પોષ રે. મા. ૫

---

૧ પૃથ્વીમાં, ૨ સારું, ૩ વ્યાપાર.

રાત્રે રાંધી મૂકિયું જી, દિવસે તે કરે આહાર;
તે જીવિત પ્રાયે બાહિરા જી રે, અતિ જીવ તણો સંહાર રે. મા. ૬

દિવસે રાંધી દિવસે જમે જી, ઘડીય તજે દોય દોય;
પુણ્યવંત તે પૂજીયે જી, જે નર એહવા હોય રે. મા. ૭

ઘેર આવ્યા માતા કને જી, ભોજન માંગે રે દીશ;
ચાર ઘડી છે પાછલી જી, પિતા કહે બહુ રીશ રે. મા. ૮

માતા બ્હીતી નવિ દીયેજી, માન કરે તે ત્યાંય;
લાંઘણ કરતા દહાડલાજી, પાંચ ઇંણી પરે જાય રે. મા. ૯

છઠ્ઠે દિવસે સહોદરાજી, મળિયા એકણ ચિત્ત;
રાતે જમો કે બાહિર રમો જી, નહીં અમ ઘર એ રીત રે. મા. ૧૦

હંસકુમાર તિહાં ક્ષોભિયો જી, વાળુ કીધું રે જામ;[1]
વિષહર ગરલેર મૂકીયું જી, માંહે જમાણું તામ રે. મા. ૧૧

કેશવકુમાર વનમાં ગયો જી, તિહાં કીધો વિશ્રામ;
યક્ષદેવ તિહાં આવીયો જી, મઢી નિહાળે તામ રે. મા. ૧૨

એ પુરુષ મ્હોટો અછે જી, વ્રત નવિ ભાંજ્યું રે જેણ;
ભંજાવું હું તેહનાં જી, માયા માંડી તેણ રે. મા. ૧૩

સૂરજ રચિયો કારમો જી, માણસ રચ્યાં બહુ થોક;
કેશવકુમાર જગાવીયો જી, ઊઠ જમે છે સહુ લોક રે. મા. ૧૪

કેશવ મનમાં ચિંતવે જી, હજીય ન થયો પ્રભાત;
એ કાંઈક કૌતુક અછે જી, અમે ન જમશું રાત રે. મા. ૧૫

ત્રણ પ્રદક્ષિણા દેઈ કરી જી, લાગ્યો કેશવને પાય;
માગ વત્સ તૂઠયે તુને જી, કાંઈક કરું પસાય રે મા. ૧૬

---

૧. જ્યારે, ૨. સાપની લાળથી.

મુજ ભાઈ એ વ્રત ભાંજિયું જી, વિષધર ગ્રહીયો જેણ;
હું માગું છું તુજ કને જી, જે જીવાડો એણ રે. મા. ૧૭
યક્ષદેવ તિહાં આવીયો જી, લેઈ માણસનું રૂપ;
વમન કરીને છાંડીયો જી, જાગી ઊઠ્યો ભૂપ રે. મા. ૧૮
રાત્રિભોજન પરિહરિ જી, હુઓ સાકેતપુર રાજ;
સંયમ લેઈ તમ કરીજી, સાર્યાં આતમ-કાજ રે. મા. ૧૯

---

## રાત્રિભોજનની સજ્ઝાય – ૨

પુણ્યસંયોગે નરભવ લાધ્યો, સાધ્યો આતમ-કાજ;
વિષયારસ જાણો વિષ સરીખો, એમ ભાખે જિનરાજ રે;
પ્રાણી રાત્રિભોજન વારો, આગમવાણી સાચી જાણી,
સમકિત ગુણ સહિ નાણી રે, પ્રાણી રાત્રિભોજન (એ આંકણી) ૧
અભક્ષ બાવીશમાં રયણીભોજન, દોષ કહ્યા પરધાન;
તેણે કારણ રાતે મત જમજ્યો, જે હોય હૈડે સાન રે
પ્રાણી. રા. ૨
દાન સ્નાન આયુધ[૧] ને ભોજન, એટલાં રાતે ન કીજે;
એ કરવાં સૂરજની સાખે, નીતિ વચન સમજી જે રે.
પ્રાણી. રા. ૩
ઉત્તમ પશુ પંખી પણ રાતે, ટાળે ભોજન ટાણો;
તુમે તો માનવી નામ ધરાવો, કેમ સંતોષ ન આણો રે.
પ્રાણી. રા. ૪

---

૧. શસ્ત્ર.

માંખી જૂ કીડી કોળીયાવડો,[૧] ભોજનમાં જો આવે;
કોઢ જળોદર વમન[૨] વિકળતા,[૩] એવા રોગ ઉપાવે રે.
પ્રાણી. રા. ૫

છન્નું ભવ જીવહત્યા કરતાં, પાતક જેહ ઉપાયું;
એક તળાવ ફોડતાં તેટલું, દૂષણ ગુરુએં બતાયું રે.
પ્રાણી. રા. ૬

એકોત્તર (૧૦૧) ભવ સર[૪] ફોડ્યા સમ, એક દવ દેતાં પાપ;
અડોત્તર (૧૦૮) ભવ દવ દીધા જિમ, એક કુવણિજ સંતાપ રે
પ્રાણી. રા. ૭

એકસો ચુમ્માળીશ ભવ લગેં કીધા, કુવણિજના જે દોષ;
કૂડું એક કલંક દિયંતાં, તેહવો પાપનો પોષ રે.
પ્રાણી. રા. ૮

એકસો એકાવન ભવ લગેં, દીધાં કૂડાં કલંક અપાર;
એક વાર શીળ ખંડ્યા જેહવો, અનરથનો વિસ્તાર રે.
પ્રાણી. રા. ૯

એકસો નવાણું ભવ લગે ખંડ્યાં, શિયળ વિષય સંબંધ;
તેહવો એક રાત્રિભોજનમાં, કર્મ નિકાચિત બંધ રે.
પ્રાણી. રા. ૧૦

રાત્રિભોજનમાં દોષ ઘણા છે, કહેતાં નાવે પાર;
કેવળી કહેતાં પાર ન પાવે, પૂરવ કોટિ મઝાર રે.
પ્રાણી. રા. ૧૧

---

૧. કરોળિયા. ૨. ઊલટી. ૩. ગાંડાઈ. ૪. તળાવ.

એવું જાણીને ઉત્તમ પ્રાણી, નિત ચઉવિહાર કરીજે;
માસે માસે પોસખમણનો, લાભ એણી વિધ લીજે રે.
પ્રાણી. રા. ૧૨

મુનિ વસતાની એહ શીખામણ, જે પાળે નર–નારી;
સુર નર સુખ વિલાસીને હોવે, મોક્ષતણા અધિકારી રે
પ્રાણી. રા. ૧૩

---

## રાત્રિભોજનની સજ્ઝાય – ૩

( શારદ જુધદાયી–એ દેશી )

( ઢાળ )

શ્રી ગુરુપદ પ્રણમી, આણી પ્રેમ અપાર,
છઠ્ઠું વ્રત જાણો, નિશિભોજન પરિહાર;
આરાધી પામો, સુરસુખ શિવસુખ સાર,
ઈહ ભવે વળી પરભવે, જેમ લહીયે જયજયકાર. ૧

( ત્રુટક )

જયજયકાર હોવે જગમાંહે, નિશિભોજન પરિહરતાં,
પાતક પ્રોઢાં એહનાં ભાખ્યાં, રયણીભોજન કરતાં;
બહુ વિધ જીવ વિરાધન હેતે, એહ અભક્ષ્ય ભણીજે,
પ્રત્યક્ષ દોષ કહ્યા આગમમાં, ભવિ તે હૃદય ધરીજે. ૨

( ઢાળ )

મતિને હણે કીડી, વમન કરાવે માખી,
લૂતાથી[૧] કોઢી, જલોદરી જ ભાંખી;

---

૧. માકડી.

ગળું વીંધે કાંટો, વાળે હોય સ્વરભંગ,
સડે પેટ ઘિરોલે, વિંછીએ તાળુ અંગ. ૩

(ત્રુટક)

અંગ ઉપાંગે હોય વળી હીણો, જો આવી વિષ જાત,
દૃષ્ટિદોષ ઇહ લોકે જાણો, પરભવે નરકે પાત;
દોય ઘડી પરભાતે સાંજે, ટાળી કરો આહાર,
નોકારસી તાણું ફળ પામો, સાંભળો ચોવિહાર. ૪

(ઢાળ)

દેવપૂજા આહૂતિ દાન, શ્રાદ્ધ સ્નાન નવિ સૂઝે,
રાતે આધાથી નિશ્ચે નરકે મુંઝે;
ધાન્ય આચમન કરતાં, પવિત્ર હોયે નવિ દેહ,
નિશિભોજન કરતા, લહે અવતાર જ એહ. ૫

(ત્રુટક)

એહ અવતાર જ ઘૂક[૧] માંજારી,[૨] કાકગૃધ્રહ[૩] અહિ વીંછી,
વડવાગુલ સિંચાણ[૪] ઘરોળી, ઇત્યાદિ ગતિ નીચી;
હંસ મોર પિક શુક ને સારસ, ઉત્તમ પંખી જેહ,
રાતે ચૂણ ન કરે તો માનવ, કિમ આયે અન્ન તેહ. ૬

(ઢાળ)

ઇમ જાણી છંડો, નિશિભોજન ભવિ પ્રાણી,
એ આગમ માંહે, વેદ પુરાણની વાણી;
દિનકર આથમતે, પાણી રૂધિર[૫] સમાન;
અન્ન માંસ જરાબરી, કહે માર્કંડ પુરાણ. ૭

---

૧ ઘૂવડ, ૨ બિલાડી, ૩ ગરઘેલ, ૪ બાજ, ૫ લોહી.

( ત્રુટક )

જાણુ હોય તે વળી ઈમ જાણે, અસ્ત થાયે જવ સૂર,
હૃદય નાભિકમળ સંકુચાણે, કિમ હોયે સુખ પૂર;
યજુર્વેદ માંહે ઈમ ભાખ્યું, માસે પક્ષ ઉપવાસ,
સ્કંદ પુરાણુ દિવસ જમ્યાનું, સાત તીર્થફળ ખાસ. ૮

## ઢાળ બીજી

(રામ ભણે હરિ ઊઠીયે – એ દેશી)

પરશાસ્ત્ર માંહિ કહ્યું, રયણીભોજન પાપ રે,
દોષ ઘણેા છે તેહમાં રે, એમ ભાખે હરિ આપ રે;
વેદ પુરાણુની છાપ રે, પાંડવ પૂછે જવાબ રે,
એ તેા પાપનેા વ્યાપ રે, રયણીભોજન પરિહરેા. (એ આંકણી) ૧

ભવ છન્નુ લગે પારધી, જેતું પાપ કરેઈ રે,
તે એક સરોવર શોષતાં, તે એકસેા ભવ જોય રે;
એક દવ દીધે તે હોય રે, એ સમ પાપ ન કોય રે. ૨. ૨

એક સેા આઠ ભવ દવ તણા, એક કુવાણિજ્ય કીધ રે;
તે એક સેા ચુમાલીસ તે ભવે, કૂડું આલ[1] એક દીધ રે. ૨. ૩

આળ એકાવનસેં ભવે, એક પરનારીનું પાપ રે,
તે એકસો નવાણું ભવે તે હવે, એક નિશિ ભુંજે પાપ રે;
તેહથી અધિક સંતાપ રે. ૨. ૪

તે માટે નવિ કીજીયેં, જિમ લહીયે સુખસાર રે,
રયણીભોજન સેવતો, નરભવે પશુ–અવતાર રે;
ચાર નરક તણાં બાર રે, પ્રથમ તે એ નિરધાર હે. ૨. ૫

---

૧ ખોટું કલંક.

તે ઉપર ત્રણ્ય મિત્રનો, ભાખ્યો એક દૃષ્ટાંત રે,
પડિક્કમણો સૂત્રવૃત્તિમાં, તે સુણજો સવિ સંત રે;
જિમ ભાંગે તુમ્હ ભ્રાત રે, શિવસુંદરી કેરા કંત રે,
જિમ થાઓ ભવિ ગુણવંત રે. ૨. ૬

## ઢાળ ત્રીજી

(આજ ન હેજો રે દીસે નાહલો–એ દેશી)

એક કુળ ગામેં મિત્ર ત્રય વસે, માંહોમાંહે નેહ;
શ્રાવક ભદ્રક ને મિથ્યામતિ, આપ આપ ગુણગેહ. ૧
ભવિ નિશિભોજન–વિરમણ–વ્રત ધરો. (એ આંકણી)
જૈન આચાર જ એક દિન આવીયા, વંદી નિસુણે વાણ;
શ્રાવક કુળથી રે ભાવ થકી ગ્રહે, અભક્ષ્ય સકળ
પચ્ચક્ખાણ ભ૦ ૨

ભદ્રક નિશિભોજન–વિરમણ કરે, સહેજે આણી નેહ;
મિથ્યામતિ તે નવિ પ્રતિબૂઝિયો, કૂડ કદાગ્રહ ગેહ. ભ૦ ૩

શ્રાવક ભદ્રક સંગતિથી થયો, સકળ કુટુંબ વ્રતવંત;
એક દિન રાજનિયોગતણે વશે, જમી ન શક્યા ગુણવંત. ભ૦ ૪

સંધ્યા સમયે તે ઘર આવિયા, બેહુ ને કહે પરિવાર;
ભદ્રક નિશ્ચળ ભાવે નવિ જમ્યો, શ્રાવકે કીધો આહાર. ભ૦ ૫

ચૂકાપાને જળોદર તસ થયું, વ્રતભંગ ગુણ પાત;
વ્યાધિ પીડયો મરીને તે થયો, ક્રૂર માંજારની જાત. ભ૦ ૬

શ્વાને ખાધો પ્રથમ નરકે ગયો, સહેતો નરકે દુઃખ;
ભદ્રક નિયમ તણા પ્રભાવથી, સૌધર્મે સુરસુખ. ભ૦ ૭

મિથ્યાત્વીનું પણ નિશિભોજન થકી, વિષ મિશ્રિત થયું અન્ન;
અંગ સડી મરી માંજાર થયો, પ્રથમ નરકે ઉત્પન્ન. ભ૦ ૮
શ્રાવક જીવ ચવીને અનુક્રમે, થયો નિર્ધન દ્વિજ પુત્ર;
શ્રીપુંજ નામેં તસ લઘુ બંધવ, મિથ્યાત્વી થયો તત્ર. ભ૦ ૯
શ્રીધર નામે બેહુ મહોટા થયા, ચાલે કુળ આચાર;
ભદ્રક સુર તવ જોવે જ્ઞાનશું, પ્રતિબોધ્યા તિણિ વાર. ભ૦ ૧૦
જાતિસમરણ પામ્યા બેહુ જણ, નિયમ ધરે દૃઢ ચિત્ત;
રયણીભોજન ન કરે સર્વથા, કુટુંબ ધરે અપ્રીત. ભ૦ ૧૧

## ઢાળ ચોથી

(શ્રેણિક મન અચરિજ થયું—એ દેશી)

ભોજન ના આપે તેહને પિતામાતા કરે રીસો રે;
ત્રણ્ય ઉપવાસ થયા તિસ્યે, જોયો નિયમ જગીશો રે. ૧

એકમનાં વ્રત આદરો, (એ આંકણી)
જિમ હોય સુર રખવાળા રે;
દુશ્મન દુષ્ટ દૂરે ટળે; હોયે મંગળ માળા રે એ૦ ૨
ભદ્રક સુર સાન્નિધિ કરે, કરવા પ્રગટ પ્રભાવે રે;
અકસ્માત્ નૃપ પેટમાં, શુલ વ્યથા ઉપજાવે રે. એ૦ ૩
વિફળ થયા સવિ જ્યોતિષી, મંત્રી પ્રમુખને ચિંતા રે;
હાહારવ પુરમાં થયો, મંત્રવાદી નાગ દમતા રે. એ૦ ૪
સુરવાણી તેહવે સમે, થઈ ગગને ઘનગાજી રે;
નિશિભોજન વ્રતનો ધણી, શ્રીપુંજ દ્વિજ દિનલોજી રે એ. ૫

તસ કર ફરસ થકી હોવે, ભૂષતિ નિજ અંગે રે;
પડહ વજાવી નયરમાં, તેડાવ્યો ધરી રંગે રે. એ૦ ૬

ભૂપતિ નીરોગી થયો, પંચસય ગામ તસ દીધાં રે;
તે માહમાથી બહુ જણે, નિશિભોજન વ્રત લીધાં રે. એ૦ ૭

શ્રીપુંજ શ્રીધર અનુક્રમે, સૌધર્મે થયા દેવા રે;
રાજાદિક પ્રતિ બૂઝીયા, ધર્મ કરે સયમેવા રે. ૮

નરભવ તે ત્રણ પામીયા, પાળી સંયમ સુધા રે;
શિવસુંદરીને તે વર્યા, થયા જગપ્રસિદ્ધા રે. એ૦ ૯

એમ જાણી ભવિ પ્રાણિયા, નિશિભોજન વ્રત કીજે રે;
શ્રી જ્ઞાનવિમલ ગુરુનામથી, સુજસ સૌભાગ્ય લહીજે રે. એ૦ ૧૦

---

## શ્રી ભરત બાહુબલીની બે ઢાળની સજ્ઝાય

(દોહા)

સ્વસ્તિ શ્રી વરવા ભણી, પ્રણમી શ્રી ઋષભ જિણંદ;
ગાશું તસ[૧] અતિ બળી, બાહુબળી મુનિચંદ. ૧

ભરતે સાઠ સહસ[૨] વરસ, સાધ્યા ષટ્[૩] ખંડ દેશ;
અતિ ઉચ્છવ આણંદ શું, વિનિતા કીધ પ્રવેશ. ૨

ચક્રરત્ન આવે નહિ, આયુધશાળા માંહ;
મંત્રીશ્વર ભરતને તદા,[૪] કહે સાંભળ તું નાહ.[૫] ૩

સ્વામી તેં નિજ ભુજબળે, વશ કીધા ષટ્ ખંડ;
પણ બાહુબળી ભ્રાતનો, નવિ દીઠો ભુજદંડ. ૪

---

૧. તેમના, ૨. હજાર, ૩. છ, ૪. ત્યારે, ૫. નાથ.

સુરનર માંહે કો નહિ, તસ જીપણુ[૧] સમર્થ;
તો પ્રભુ તુમ બળ જાણશું, જો સહેશો તસ હત્થ. ૫

સુણતા મંત્રી વયણ ઈમ, ચક્રી હુવો સતેગ;
બાહુબળી ભણી મોકલ્યો, નામે દૂત સુવેગ. ૬

ભટ[૨] રથ હયવર ઠાઠશું, દૂતે કીધ પ્રયાણ;
શુકન હુવા બહુ વંકડા, પિણ સ્વામીની આણ. ૭

ધરા[૩] ઓલંધી અતી ઘણી, આવ્યો બહોળી દેશ;
જિહાં કોઈ બાહુબળી વિના, જાણે નહીં નરેશ. ૮

તક્ષશિલા નગરી જિહાં, બાહુબળી ભૂમીંદ;[૪]
દૂત સુવેગ જઈ તિહાં, પ્રણમ્યો પય–અરવિંદ.[૫] ૯

બાહુબળી પૂછે કુશળ, ભરત તણો પરિવાર;
ચતુરાઈ શું દૂત તવ, બોલે બોલ વિચાર. ૧૦

આસન અર્ધું બેસવા, આપે સુરપતિ જાસ;
લક્ષ જક્ષ સેવા કરે, જગત કરે જસ આશ. ૧૧

હેલે[૬] જીત્યા ખંડ ષટ્, ખેદ ન હતો કોય;
ઋષભ દેવ સાન્નિધ્ય કરે, તસ કિમ કુશળ ન હોય. ૧૨

પણ પ્રભુ તુમ આવ્યા વિના, માને સકળ નિરત્થ;[૭]
કામ નહીં હવે ઢીલનો, સેવો પ્રભુ સમર્થ. ૧૩

નહિ તો જો તે કોપશે, કોઈ ન રહેશે તીર;[૮]
તસ ભુજ–દંડ–પ્રહાર એક, સહેશે તુજ શરીર. ૧૪

---

૧. જીતી લેવામાં, ૨. લડવૈયા, ૩. પૃથ્વી, ૪. રાજા, ૫. પદકમળ.
૬. રમતમાં, ૭. નકામું, ૮. આરો.

એ સેના વળી એ ઋદ્ધિ, તિહાં લગે જાણો સર્વ;
જિહાં લગે એ કોપ્યો નહીં, મૂકો તે ભણી ગર્વ. ૧૫

## ઢાળ પહેલી

(રાગ બંગાળી)

જા રે શું તુજ માર્‌ હૂત, બાહુબળી બોલે થઈ ભૂત;
રાજા નહી નમે;
કોપે ચઢ્યો હું ત્હારો રે નાંહિ, એક મૂઠિયે ધરું ધરતી માંહી;
(એ આંકણી) રાજા૦ ૧

હું તો જાણતો તાત[૧]જી જેમ,
ભાઈપણાનો હવે જાણ્યો પ્રેમ; રાજા.
એહ જ માહરી કહેજે ગુજ્જ,[૨]
જો બળ હોય તો કરજે જુજ;[૩] રાજા. ૨

દેઈ ચપેટા કાઢ્યો હૂત,
વિલખો થઇ વિનિતાયે પહુંત; રાજા.
સંભળાવ્યો સઘળો વિરતાંત,
કોપ્યો ભરતપતિ જેમ કૃતાંત;[૪] રાજા. ૩

રણદુંદુભી[૫] વજડાવી જામ,
સેના સજ હુઈ સઘળી તામ; રાજા.
કોડ સવા નિજ પુત્ર સજ્જ,
રણના રસિયા હુવા સજ્જ.[૬] રાજા. ૪

---

૧. બાપ, ૨. છૂપો સંદેશો, ૩. લડાઈ, ૪. કાળ, ૫. લડાઈનું વાજું, ૬. તૈયાર.

લાખ ચોરાશી વર[1] ગજરાજ,
ઘોડા લાખ ચોરાશી સાજ; રાજા.
લાખ ચોરાશી રથ વળી જાણ,
લાખ ચોરાશી ધુર[2] નિશાણ. રાજા. ૫

પાયક[3] છન્નું કોડિ ઝુંઝાર,
વિદ્યાધર કિન્નર નહીં પાર; રાજા.
એમ સુભટની કોડાકોડ કોટ,
રણરસે બાંધી હોડાહોડ. રાજા. ૬

પૃથ્વી કંપી સેનાને પૂર,
રજશું છાયો અંબર સૂર[4] રાજા.
સોળ લાખ વાજે રણતૂર,
ચક્રો ચાલ્યો સેનાને પૂર. રાજા. ૭

પહોંત્યો બહોળી દેશની સીમ,
સુણી બાહુબળી થયો અતિ ભીમ; રાજા.
ત્રણ લાખ બાહુબળિયા પૂત,
ક્રોધે ચઢયા જાણે જમદૂત. રાજા. ૮

સેના સમુદ્ર તણે અનુહાર,
કહેતાં કિમહી ન આવે પાર; રાજા.
ચક્રીશ્વરની સેના સર્વ,
તૃણ જેમ ગણતો મ્હોટે ગર્વ. રાજા. ૯

---

૧. ઉત્તમ, ૨. નગારું, વાજીંત્ર, ૩. પગે ચાલનારા લડવૈયા, ૪. આકાશમાંનો સૂર્ય.

પહેરી કવચ[1] અસવારી કીધ,
બાહુબળી રણડંકા દીધ; રાજા.
ભરતે પહેર્યો વજ્રસનાહ,[2]
ગજરતને ચઢ્યો અધિક ઉચ્છાહ. રાજા. ૧૦
બેહુ સામાં આવ્યાં સેન,
કાંપ્યા ગગન ને પૃથ્વી જેણ; રાજા.
ઘોડેઘોડા ગજેગજરાજ,
પાળેપાળા અડે રણકાજ. રાજા. ૧૧
ઝળકે ભાલા ભીમ[3] ખીડગ્ગ;
તીરે છાયો ગગનનો મગ્ગ;[4] રાજા.
શુર સુભટ ભિડે છે તેમ,
નાંખે ઉલાળી ગજ કાંકરી જેમ. રાજા. ૧૨
રૂધિર નદીઓ વહે ઠામોઠામ,
બાર વરસ એમ કીધો સંગ્રામ; રાજા.
બેહુમાં કોઈ ન હાર્યો જામ,
ચમર સુધર્મેંદ્ર આવ્યા તામ. રાજા. ૧૩
તાતજી સૃષ્ટિ કરી છે એહ,
કાંઈ પમાડો[5] તેહના છેહ; રાજા.
ભાઈ દોય ગ્રહો રણભાર,
જેમ ન હોય જનનો સંહાર.[6] રાજા. ૧૪
માન્યું વચન બે ભાઈ એ જામ,[7]
દેવે થાપ્યાં ત્યાં પાંચ સંગ્રામ; રાજા.

---

૧ બખ્તર, ૨ વજ્રટોપ, ૩ બીહામણું, ૪ માર્ગ, ૫ કરો, ૬ નાશ, ૭ જ્યારે.

દૃષ્ટિ, વચન, બાહુ, મૂઠી ને દંડ,
બેહુ ભાઈ કરે યુદ્ધ પ્રચંડ. રાજા. ૧૫

(દોહા)

અનિમિષ[૧] નયણે જોવતાં, ઘડી એક થઈ જામ;
ચક્રીને નયણે તુરત, આવ્યાં આંસૂ તામ. ૧

સિંહનાદ[૨] ભરતે કર્યો, જાણે ફૂટ્યો બ્રહ્માંડ;
બેડાનાદ બાહુબળે, તે ઢાંકયો અતિ ચંડ. ૨

ભરતે બાહુ પસારિયો, તે વાળ્યો જિમ કંબ;
વાનર જિમ હિંચે ભરત, બાહુબળી ભુજ લંબ. ૩

ભરતે મારી મુષ્ટિકા,[૩] બાહુબળી શિરમાંય;
જાનુ લગે બાહુબળી, ધરતી માંહે જાય. ૪

ગગન ઉછાળી બાહુબળી, મૂકી એહવી મૂઠ;
પેઠા ભરતેશ્વર તુરત, ધરતીમાંહે આકંઠ.[૪] ૫

ભરત દંડે બાહુ તણો, ચૂર્યો મુગટ સનૂર;
ભરત તણો બાહુબળે, કિયો કવચ ચકચૂર. ૬

બોલ્યા સાખી દેવતા, હાર્યા ભરત નરેશ;
બાહુબળી ઉપર થઈ, ફૂલવૃષ્ટિ સુવિશેષ. ૭

ચક્રી અતિ વિલખો થયો, વાચા ચૂકયો તામ;
બાહુબળીભાઇ ભણી, મૂકયું ચક્ર ઉદ્દામ.[૫] ૮

ઘરમાં ચક્ર ફરે નહિ, કરી પ્રદક્ષિણા તાસ;
તેજે જળહળતું થકું, આવ્યું ચક્રી પાસ. ૯

---

૧ આંખ્ય મટમટાવ્યા વગર, ૨ સિંહના જેવી જબરી ત્રાડ, ૩ ગડદો, ૪ ગળા સુધી, ૫ તેજદાર.

બાહુબળી કોપે ચઢ્યા, જાણે કરું ચકચૂર;
મૂઠી ઉપાડી મારવા, તવ ઊગ્યો દયા અંકૂર. ૧૦

તામ વિચારે ચિત્તમેં, કિમ કરી મારું ભ્રાત;
મૂઠી પણ કિમ સંહરું,[૧] આવી બની દોઈ વાત. ૧૧

હસ્તીદંત જે નીકળ્યા, તે કિમ પાછા જાય;
ઇમ જાણી નિજ કેશનો, લોચ કરે નરરાય. ૧૨

## ઢાળ બીજી

(જિન વચને વૈરાગિયો હો ધન્ના–એ દેશી)

તવ ભરતેશ્વર વિનવે રે ભાઈ, ખમો મુજ અપરાધ;
હું ઓછો ને ઉછાંછળો રે ભાઈ, તું છે અતિહે અગાધ[૨] રે;
બાહુબળીભાઈ, યું કયું કીજે બે, (આંકણી) ૧

તું મુજ શિરનો શેહેરોરે ભાઈ, હું તુજ પગનો રે બેહ;
એ સવિ રાજ્ય છે તાહરું રે ભાઈ, મન માને તસ દેય રે. બા.યું. ૨

હું અપરાધી પાપીયો રે ભાઈ, કીધાં અનેક અકાજ;
લોભવશે મુકાવિયાં રે ભાઈ, ભાઈ અઠાણુંના રાજ રે. બા.યું. ૩

એક બંધવ તું મહારે રે ભાઈ, તે પણ આદરે એમ;
તો હું અપજશ આગળો રે ભાઈ, રહેશું જગમાં કેમ રે. બા.યું. ૪

કોડ વાર કહું તુજને રે ભાઈ, તાતજી ઋષભની આણ; [૩]
એક વાર હસી બોલને રે ભાઈ, કર મુજ જન્મ પ્રમાણ[૪] રે બા.યું.૫

---

૧. પાછી ફેરવું, ૨. ઘણો જ ગંભીર. ૩. સોગંદ, ૪. સફળ.

ગુન્હો[૧] ઘણો છે મ્હારો રે ભાઈ, બક્ષીશ[૨] કરીય પસાય;
રાખો રખે દૂભણ કિશી રે ભાઈ, ઘળી ઘળી લાગું છું પાય રે. બા.યું૬

ચકીને નયણે ઝરે રે ભાઈ, આંસૂડાં કેરી ધાર;
તે દુઃખ જાણે તે ઉરે[૩] રે ભાઈ, કેમ જાણે કીરતાર[૪] રે. બા.યું. ૭

નિજ નયરી વિનિતા ભણી રે ભાઈ, જાતાં ન વહે પાય;
હા ! મૂરખ મેં શું કિયું રે ભાઈ, ઇમ ઝીલો પસ્તાય રે. બા.યું. ૮

વિવિધ વચન ભરતેશનાં રે ભાઈ, સુણી નવી રાચ્યા તેહ;
લીધું વ્રત તે કયું ફીરે રે ભાઈ, જેમ હાથેળીમાં[૫] રેહ રે. બા.યું. ૯

કેવળ લહી મુગતે ગયા રે ભાઈ, બાહુબળી અણગાર;
પ્રાતઃ[૬] સમય નિત્ય પ્રણમીએ રે ભાઈ,
જિમ હોય જય જયકાર રે. બા.યું. ૧૦

(કળશ)

શ્રી ઋષભ જિન સુપસાય ઇણિપરે, સવંત સત્તર ઇકોતરે;
ભાદ્રવા સુદિ પડવા તણે દિન, રવિવાર ઉલટ ભરે;
વિમળવિજય ઉવજ્ઝાય[૭] સદ્ગુરુ, શીશ તસ શ્રી શુભવરે;
બાહુબળી મુનિરાજ ગાતાં, રામવિજય જયશ્રી વરે. ૧૧

---

## શિયળ વિષે પુરુષને શીખામણની સજ્ઝાય

સુણ સુણ કંતા રે, સીખ સોહ્યામણી;
પ્રીત ન કીજે રે, પરનારી તણી.

---

૧. વાંક, ૨. માફ, ૩. મનમાં, ૪. ઈશ્વર, ૫. હથેળીમાં.
૬. સવારે, ૭. ઉપાધ્યાય,

પરનારી સાથે પ્રીત પિયુડા, કહેા કેણી પરે કીજીયે,
ઊંધ વેચી આપણી, ઉજાગરેા કેમ લીજીયે;
કાછડી છૂટેા કહે લંપટ, લેાક માંહે લાજીયે,
કુળ વિષે આંપણુ રખે લાગે, સગામાં કેમ ગાજીયે. ૧

પ્રીત કરતાં રે, પહેલાં બ્હીજીએ;
રખે કેાઈ જાણે રે, મનશું ઘૂજીએ.

ઘૂજીએ મનશું ઝૂરીએ પણ, જોગ મળવેા છે નહીં,
રાત-દિન વિલપતાં જાયે, અવટાઈ મરવું છે સહી;
નિજ નારીથી સંતેાષ ન વળ્યેા, પરનારીથી કહેા શું હશે,
ભર્યે ભાણે તૃપ્તિ ન વળી, તેા એંઠ ચાટચે શું થશે ? ૨

મૃગતૃષ્ણાથી રે તૃષ્ણા નહીં ટળે;
વેળુ પીલ્યાં રે તેલ ન નીકળે.

ન નીકળે પાણી વલેાવતાં, લવલેશ માખણનેા વળી,
બૂડતા બચકા લહિયા કેણે, તે તર્યા વાત ન સાંભળી;
તેમ નારી રમતાં પર તણી, સંતેાષ ન વળ્યેા એક ઘડી,
ચિત્ત ચટપટી ઉચ્ચાટ થાવે, નયણે નાવે નિંદડી. ૩

જેવેા ખેાટેા રે રંગ પતંગનેા;
તેવેા મટડેા રે પરસ્ત્રી સંગનેા.

પરનારી સાથે પ્રેમ પિયુડા, રખે તું જાણે ખરેા,
દિન ચાર રંગ સુરંગ રૂડેા, પછી નહીં રહે નિર્ધરેા;
જે ઘણા સાથે નેહ માંડે, છાંડ તેહશું વાતડી,
એમ જાણી મ મ કરતા હલા, પરનારી સાથે પ્રીતડી. ૪

જે પતિ વ્હાલો રે વંચે પાપણી;
પરશું પ્રેમે રે, રાચે સાપણી.

સાપણી સરખી વેણી નીરખી, રખે શિયળ થકી ચળે,
આંખને મટકે અંગને લટકે, દેવ દાનવને છળે;
મનમાંહે કાળી અતિ રસાળી, વાણી મીઠી શેલડી,
સાંભળી ભોળા રખે ભૂલો, જાણુજો વિષવેલડી. ૫

સંગ નિવારો રે પર-રામા તણો;
શોક ન કીજે રે મન મળવા તણો.

શોક શાને કરો ફોગટ, દેખવું પણ દોહીલું,
ક્ષણ મેડિયે ક્ષણ શેરિયે, ભમતાં ન લાગે સોહિલું;
ઉચ્છ્વાસ નતિ શ્વાસ આપે, અંગ ભાંગે મન ભમે,
વળિ કામિની દેખી દેહ દાઝે, અન્ન દીઠું નવી ગમે. ૬

જાયે કલામી રે મન શું કળ મળે;
ઉન્મત્ત થઇને રે અલલપલલ લવે.

લવે અલલપલલ જાણે મોહ વાહેલો મન રડે,
મહામદન વેદન કઠિણ જાણી, મરણ વારુ ત્રવડે;
એ દશ અવસ્થા કામ કેરી, કંત કપ્યાને દહે,
એમ મિસ જાણી તજે રાણી, પારકી તે સુખ લહે. ૭

પરનારીના પરાભવ સાંભળે;
કંતાડીને રે ભાવ તે નિર્મળો.

નિર્મળે ભાવે નીહ સમળો, પરવધૂ રસ પરિહરો,
ચાંપીયો કીચક ભીમસેને, શિલા હેઠળ સાંલગ્યો;

રણમાંહે રાવણ દશે મસ્તક, રડવડયાં ગુંપે કહ્યાં,
તેમ મુંજરાજ દુઃખ પુંજ પામ્યેા, અપજશ જગમાંહે લહ્યેા. ૮

શિયળ સલૂણા રે માણસ સેાહીએ;
વિણ આભરણે રે જગ મન મેાહીએ.

મેાહાયે સુર નર કરે સેવા, વિષ અમિય થઈ સંચરે,
કેસરી સિંહ શિયાળ થાયે, અનલ અતિ શીતળ કરે;
સાપ થાયે ફૂલમાળા, લચ્છી ઘર પાણી ભરે,
પર નારી પરિહરિ શિયળ મન ધરી, મુક્તિ વધૂ હે લાવ રે. ૯

તે માટે હું રે વાલમ વિનવું;
પાય લાગી ને રે મધુર વયણે સ્તવું.

વયણ મહારું માનીને, પરનારીથી રહેા વેગળા,
અપવાદ માથે ચઢે મ્હેાટા, નરકે થઈએ દેાહીલા;
ધન્ય ધન્ય તે નરનારી જે જગ શિયળ પાળે કુળતિલેા,
તે પામશે જશ જગમાંહી, કુમુદચંદ્ર સમ ઊજળેા. ૧૦

---

## તપગચ્છનભેાનભેામણિ પરમપૂજ્ય પં. મણિવિજયજીના શિષ્યરત્ન જ્યેાતિષશિરેામણિ પદ્મવિજયજી મહારાજની સજઝાય

દેવ-સમા ગુરુ પદ્મવિજયજી, સબહી ગુણે પૂરા;
શુદ્ધ પ્રરૂપક સમતાધારી, કેાઈ વાતે નહિ અધુરા;
મુનીશ્વર લીજે વંદના હમારી, ગુરુદર્શન સુખકારી મુનિ૦
એ આંકણી. ॥૧॥

સંવત અઢાર છાસઠની સાલેં ઓસવાલ કુલેં આયા,
ગામ ભરૂડીએ શુભ લગ્નેં માતા રૂપાંબાઇએ જાયા.
મુનિ૦ ॥૨॥
સતર વર્ષના રવિ ગુરુ પાસે હુવા યતિ વેષધારી,
ગુરુ વિનયે ગીતારથ થયા ચંદ્ર જેસા શીતલકારી.
મુનિ૦ ॥૩॥
સંવત ઓગણી અગિયારાની સાલે સંવેગ રસ ગુણ પીધો,
રૂપે રૂડા જ્ઞાને પૂરા જિનશાસન ડંકો દીધો.
મુનિ૦ ॥૪॥
સંવત ઓગણી ચોવીસાની સાલે છેદોપસ્થાપન કીધો,
મહારાજ મણિવિજયજી નામનો વાસક્ષેપ શીર લીધો.
મુનિ૦ ॥૫॥
દિન દિન અધિકે સંવેગ રંગે કામ કષાય નિવારી,
ધર્મ ઉપદેશે બહુ જીવ તારી જ્ઞાન ક્રિયા ગુણ ધારી.
મુનિ૦ ॥૬॥
સંવત ઓગણી આડત્રીસ વૈશાખે સુદિ અગિયારસ રાતે,
પ્રથમ જામે પલાંસવા કાલધર્મ કીધો, જીત નમે નિત્ય પ્રિતે.
મુનિ૦ ॥૭॥

---

## પરમપૂજ્ય તપસ્વી ગુરુ મહારાજ શ્રીજીતવિજયજી મહારાજની સજ્ઝાય

(શ્રી જિનવરને પ્રગટ થયું રે ક્ષાયિક ભાવે જ્ઞાન–એ દેશી)

સમતા ગુણે કરી શોભતા રે જીતવિજય મહારાય,
તેહના ગુણો ગાતા થકાં રે આતમ નિર્મલ થાય રે;

ભવિયણ વંદો મુનિવર એહ જેમ થાયે ભવોદધિ છેહ રે.
એ આંકણી. ॥૧॥

કચ્છ દેશમાં દીપતું રે મનફરા નામે ગામ;
ભવિક જ વિકાસતું રે જીહાં શાંતિજિણ ધામ રે. ભ૦ ॥૨॥

સંવત અઢાર છનુએં રે ચૈત્ર ઉજ્જવલ બીજ સાર;
માતા અવલબાઇયે જનમીયાં રે વર્ત્યો જય જયકાર રે. ભ. ॥૩॥

બાર વર્ષના જબ થયા રે નેત્રપીડા તબ થાય;
સોળ વર્ષની વયમાં રે દ્રવ્ય લોચન અવરાય રે. ભ. ॥૪॥

જ્ઞાન લોચન પ્રકાશથી રે અભિગ્રહ ધરે સુજાણ;
જો નેત્ર પડલ દૂરે જશે રે સંયમ લેશું સુખખાણ રે. ભ. ॥૫॥

દૃઢ અભિગ્રહ પ્રભાવથી રે મનવંછિત સિદ્ધ થાય;
સંવત ઓગણીસ પંદરમાં રે ચક્ષુદર્શન શુદ્ધ થાય રે. ભ. ॥૬॥

સંવત ઓગણીસ વીસમાં રે શ્રી સિદ્ધક્ષેત્ર મોઝાર;
તીર્થપતિની સમક્ષમાં રે ઉચ્ચરે ચતુર્થ વ્રત સાર રે. ભ. ॥૭॥

ચઢતે સંવેગ રંગથી રે આવ્યા આડીસર ગામ;
ગુરુ ગુણવંતા વખાણીયે રે પદ્મવિજયજી નામ રે. ભ. ॥૮॥

તેહની પાસે સંયમ લીયે રે ઓગણીસેં પચીસ મોઝાર;
વૈશાખ અક્ષય ત્રીજ ભલી રે શુભ મુહૂર્ત શુભ વાર રે. ભ. ॥૯॥

સંયમ લઈ આનંદથી રે કરે ગુરુ સાથ વિહાર;
વિનય કરી શુભ ભાવથી રે આગમ ભણે સુખકાર રે. ભ. ॥૧૦॥

અનુક્રમે સૂત્ર ધરતા રે મૂલ અર્થ વિસ્તાર;
એમ પીસ્તાલીસ સૂત્રના રે જાણ થયા નિરધાર રે. ભ. ॥૧૧॥

સંવત ઓગણીસ અડત્રીસે રે ગુરુ સિધાવ્યા પરલોક,
પછી વિચરી પ્રતિબોધીયા રે અનેક દેશના લોક રે. ભ. ॥૧૨॥

કચ્છ કાઠિયાવાડ ભલો રે સોરઠ ગુજરાત સાર;
મેવાડ મારવાડ તેમ સહી રે થરાદરી વઢીઆર રે. ભ. ॥૧૩॥

જ્ઞાન ક્રિયા ઉપદેશતા રે મધુર વચનેં મનોહાર;
દૃષ્ટાંત બહુ દર્શાવીને રે સમજાવે ધર્મસાર રે. ભ. ॥૧૪॥

તેહ દેશના સાંભલી રે દીક્ષા કેઈ ભવ્ય લીધ;
કેઈક દેશવિરતિ ગ્રહે રે સમકિત કેઈ પ્રસિદ્ધ રે. ભ. ॥૧૫॥

નિર્મલ ભાવના ભાવતા રે સંવેગી શિરદાર;
કામ કષાયને જીપતા રે નિર્મમ નિરહંકાર રે. ભ. ॥૧૬॥

તપસીને વ્યાધી થયો રે દુર્બળ થયું નિજ દેહ;
તોપણ દૃઢ શ્રદ્ધા થકી રે તાપ નવી મૂકે જેહ રે. ભ. ॥૧૭॥

ચોપન વર્ષ એમ ચોપથી રે કીધો પર ઉપગાર;
અખંડ ચારિત્ર પાલીને રે સફલ કર્યો અવતાર રે. ભ. ॥૧૮॥

પંચાવનમા વર્ષમાં રે અધિક વ્યાધિ થયો જામ;
આતમબલ આગલ કરી રે ધરતા સિદ્ધનું ધ્યાન રે. ભ. ॥૧૯॥

સંવત ઓગણીસ એંશીયે રે અષાઢ કૃષ્ણ છઠ ધાર;
શુક્રવારે સિધાવીયા રે પરલોક પલાંસવા મઝાર રે. ભ. ॥૨૦॥

તેહની ભક્તિ પૂરે ભર્યા રે હીરવિજયજી ગુણગેહ,
શિષ્ય કનક કહે ભવિ તુમે રે ગુરુપદ નમો સસ્નેહ રે. ભ. ॥૨૧॥

# પરિશિષ્ટ–૩

## પ્રકીર્ણ : કવિતા, દુહા વગેરે

### શીખામણની કવિતા

સજી ઘરબાર સારું, મિથ્યા કે છે મારું મારું;
તેમાં નથી કશું તારું રે, પામર પ્રાણી,
ચેત તો ચેતાવું તુને રે. ૧
તારે હાથે વવરાશે, તેટલું જ તારું થાશે;
બીજું તો બીજાને જાશે રે પામર પ્રાણી. ૨
માખીએ તો મધ કીધું, ન ખાધું ન દાન દીધું;
લૂંટનારે લૂંટી લીધું રે, પામર પ્રાણી. ૩
ખંખેરીને હાથ ખાલી, ઓચિંતાનું જાવું ચાલી,
કર માથાકુટ ખાલી રે, પામર પ્રાણી. ૪
સાહુકારીમાં તું સવાયો, લખોપતિ તું કેવાયો;
કેને સાચું શું કમાયો રે, પામર પ્રાણી. ૫
આવે તે સાથે જ લેવો, કમાયો તું માલ કેવો;
અડડરે તે તો ઝટ લેવો રે, પામર પ્રાણી. ૬
દેવે તુંને મણિ દીધો, તેની ન કિંમત કીધી;
માણ સાટે મસ લીધી રે, પામર પ્રાણી. ૭
ખોળામાંથી ધન ખોયું, ધૂળથી કપાળ ધોયું;
જાણપણું તારું જોયું રે, પામર પ્રાણી. ૮
હજી હાથમાં છે બાજી, કર તું પ્રભુને રાજી;
કર તારી મુડી તાજી રે, પામર પ્રાણી. ૯

મનના વિચારો તારા, મનમાં રહી જાનારા;
વળી પાછો નાવે વારો રે, પામર પ્રાણી. ૧૦
હાથમાંથી બાજી જાશે, પાછળથી પસ્તાવું પડશે;
પછી કરી નહીં શકાશે રે, પામર પ્રાણી. ૧૧
નીકળ્યો તું શરીરથી, પછી તું માલિક નથી;
દીધું દલપતે કથી રે, પામર પ્રાણી. ૧૨

---

## શ્રી શત્રુંજય મહાતીર્થનાં
## ૨૧ ખમાસમણાં દેવા માટેના
## ૨૧ નામોના ગુણગર્ભિત દુહા

૧–સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર. ૧

[ આ દુહો પ્રત્યેક ખમાસમણ દીઠ ખમાસણના દુહા બોલ્યા બાદ બોલવો અને તે પછી ખમાસમણ દેવું. ]

[1]અંગ [2]વસન [3]મન [4]ભૂમિકા, [5]પૂજોપગરણ સાર;
[6]ન્યાય દ્રવ્ય [7]વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. ૨
કાર્તિક સુદિ પૂનમ દિને, દશ કોટી પરિવાર;
દ્રાવિડ વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર. ૩
તિણે કારણ કાર્તિકી દિને, સંઘ સલથ પરિવાર;
આદિજિન સનમુખ રહી, ખમાસમણ બહુ વાર. ૪
એકવીશ નામે વરણવ્યો, તિહાં પહેલું અભિધાન;
શેત્રુંજય શુકરાયથી, જનક વચન બહુમાન. સિદ્ધા. ૫

---

૧. શરીરશુદ્ધિ. ૨. વસ્ત્રશુદ્ધિ. ૩. ચિત્તશુદ્ધિ. ૪. ભૂમિ-શુદ્ધિ. ૫ ઉપકરણશુદ્ધિ. ૬. દ્રવ્યશુદ્ધિ. ૭. યથાર્થ વિધિશુદ્ધિ.

૨–સમોસર્યા સિદ્ધાચલે, પુંડરીક ગણધાર;
લાખ સવા માહાતમ કહ્યું, સુરનરસભા મઝાર. સિદ્ધા. ૬

ચૈત્રી પૂનમને દિને કરી, અણસણ એક માસ;
પાંચ કોડિ મુનિ સાથ શું, મુક્તિનિલયમાં વાસ. સિદ્ધા. ૭

તિણે કારણ પુંડરીકગિરિ, નામ થયું વિખ્યાત;
મન વચન કાયે વંદીયે, ઊઠી નિત્ય પ્રભાત. સિદ્ધા. ૮

૩–વીશ કોડીશું પાંડવા, મોક્ષ ગયા ઈણે ઠામ;
એમ અનંત મુકતે ગયા, સિદ્ધક્ષેત્ર તિણે નામ. સિદ્ધા. ૯

૪–અડસઠ તીરથ ન્હાવતાં અંગ રંગ ઘડી એક;
તુંબી–જલ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. સિદ્ધા. ૧૦

ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠિન મલધામ;
અચલપદે વિમલા થયા, તિણે વિમલાચલ નામ. સિદ્ધા. ૧૧

૫–પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુવા સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય. સિદ્ધા. ૧૨

ભરતાદિ ચૌદ ક્ષેત્રમાં, એ સમો તીરથ ન એક;
તિણે સુરગિરિ નામે નમું, જિહાં સુરવાસ અનેક. ૧૩

૬–એંસી યોજન પૃથુલ છે, ઊંચપણે છવ્વીશ;
મહિમાએ મોટો ગિરિ, મહોગિરિ નામ નમીશ. સિદ્ધા. ૧૪

૭–ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનિક;
જેહવો તેહવો સંયમી, વિમળાચલે (એ તીરથે) પૂજનિક. સિદ્ધા. ૧૫

વિપ્રલેાક વિષધર સમા, દુઃખીયા ભૂતલ માન;
દ્રવ્ય લિંગી કણક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન. સિદ્ધા. ૧૬

શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ;
પુણ્યની રાશિ વધે ઘણી, તિણે પુણ્યરાશિ નામ. સિદ્ધા. ૧૭

૮–સંયમધર મુનિવર ઘણી, તપ તપતા એક ધ્યાન;
કર્મવિયોગે પામીયા, કેવળ લક્ષ્મી નિધાન. સિદ્ધા. ૧૮

લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર;
નામ નમો તિણે આઠમું, શ્રીપદ્મગિરિ નિરધાર. સિદ્ધા. ૧૯

૯–શ્રી સીમંધરસ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ;
ઇંદ્રની આગે વર્ણવ્યો, તિણે એ ઇન્દ્રપ્રકાશ. સિદ્ધા. ૨૦

૧૦–દશ કોટિ અણુવ્રત ધરા, ભક્તે જમાડે સાર;
જૈનતીર્થ યાત્રા કરે, લાભ તણો નહીં પાર. સિદ્ધા. ૨૧

તેહ થકી સિદ્ધાચલે, એક મુનિને દાન;
દેતાં લાભ ઘણા હુવે, મહાતીરથ અભિધાન. સિદ્ધા. ૨૨

૧૧–પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાલ અનંત;
શેત્રુંજય માહાતમ સુણી, નમો શાશ્વતગિરિ સંત. સિદ્ધા. ૨૩

૧૨–ગૌ નારી બાલક મુનિ, ચઉ હત્યા કરનાર;
યાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ લગાર. સિદ્ધા. ૨૪

જે પરદારા લંપટી, ચોરીના કરનાર;
દેવ દ્રવ્ય ગુરુદ્રવ્યના, જે વળી ચોરણહાર. સિદ્ધા. ૨૫

ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે યાત્રા ઈણે ઠામ;
તપ તપતાં પાતિક ગળે, તિણે દૃઢશકિત નામ. સિદ્ધા. ૨૬

૧૩–ભવ–ભય પામી નીકળ્યા, થાવચ્ચા–સુત જેહ;
સહસ મુનિશું શિવ વર્યા, મુકિતનિલયગિરિ તેહ. સિદ્ધા. ૨૭

૧૪–ચંદા સૂરજ બિંહુ જણા, ઊભા ઈણે ગિરિશૃંગ;
વધાવિયેા વર્ણવ કરી, પુષ્પદંત ગિરિ રંગ. સિદ્ધા. ૨૮

૧૫–કર્મ કલણ ભવજલ તજી, ઈહાં પામ્યા શિવસદ્મ;
પ્રાણી પદ્મ નિરંજની, વંદેા ગિરિ મહાપદ્મ. સિદ્ધા. ૨૯

૧૬–શિવવહુ વિવાહ ઉત્સવે, મંડપ રચિયેા સાર;
મુનિવર વર બેઠક ભણી, પૃથ્વી પીઠ મનેાહાર. સિદ્ધા. ૩૦

૧૭–શ્રી સુભદ્રગિરિ નમેા, ભદ્ર તે મંગલ રૂપ;
જલતરુરજ ગિરિવર તણી, શિશ ચડાવે ભૂપ. સિદ્ધા. ૩૧

૧૮–વિદ્યાધર સુર અપચ્છરા, નદી શેત્રુંજી વિલાસ;
કરતા હરતા પાપને, ભજીયે ભવી કૈલાસ. સિદ્ધા. ૩૨

૧૯–બીજા નિર્વાણી પ્રભુ, ગઈ ચેાવીશી મેાઝાર;
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર. સિદ્ધા. ૩૩

પ્રભુ-વચને અણસણ કરી, મુકિતપુરીમાં દામ;
કદંબગિરિ નમેા, તેા હેાય લીલ વિલાસ. સિદ્ધા. ૩૪

૨૦–પાતાલે જસ મૂલ છે, ઉજ્જવલ ગિરિનું સાર;
ત્રિકરણ યેાગે વંદતાં, અલ્પ હેાયે સંસાર. સિદ્ધા. ૩૫

૨૧–તનમનધન સુત વલ્લભા, સ્વર્ગાદિક સુખ ભેાગ;
જે વંછે તે સંપજે, શિવરમણી સંયેાગ. સિદ્ધા. ૩૬

વિમલાચલ પરમેષ્ઠિનું, ધ્યાન ધરે ખટ્ માસ;
તેજ અપૂરવ વિસ્તરે, પૂરે (પૂગે) સઘળી આશ. સિદ્ધા. ૩૭

ત્રિજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ;
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતર મુહૂરત સાચ. સિદ્ધા. ૩૮

સર્વકામદાયક નમો; નામ કરી ઓળખાણ;
શ્રી શુભ વીરવિજય પ્રભુ, નમતાં કોડ કલ્યાણ સિદ્ધા. ૩૯

---

## નરકદુઃખ વર્ણન ગર્ભિત
## શ્રી આદિનાથ જિનવિનતિ

(દુહા)

આદિ જિણંદ જુહારિયે, આણી અધિક ઉલ્લાસ;
મન, વચ, કાયા શુદ્ધશું, કીજે નિત્ય અરદાસ. ૧

નરક તણાં દુઃખ દોહિલાં, મેં સહ્યાં વાર અનંત;
વર્ણવું તેહ કિણિ પરે, જાણો સવિ ભગવંત. ૨

કરમ કઠોર ઉપાઈને, પહોત્યા નરક નિવાસ;
વેદન તીન પ્રકારની, સહત અનંત દુઃખ રાશ. ૩

### ઢાળ પહેલી

(સંભવ જિનવર વિનતિ)

આદીસર અવધારિયે, દાસ તણી અરદાસ રે;
નરક તણી ગતિ વારિયે, દીજે ચરણમાં વાસ રે. આદી. ૧

શીતલ યોનિમાં ઊપન્યો, બલતી ભૂમિ વસંતો રે;
તીખી તીખી સૂચિકા, ઉપરે પાય ઠવંતો રે. આદી. ૨

સડિત દુગંધી કલેવરા, ચાલે પૂતિ પ્રવાહ રે;
વસવું તેમાં અહોનિશે, ઊઠે અધિકો દાહ રે. આદી. ૩

દીન હીન અતિ દુઃખિયા, દેખે પરમાધામી રે;
હાહા, હવે કેમ છૂટશું, કવણ દશા મેં પામી રે. આદી. ૪

હસી હસી પાપ સમાચરે, ન ગણે ભય પરલોક રે;
ફળ ભોગવતાં જીવડો, ફોગટ કાં કરે શોક રે. આદી. ૫
ખોટી કમાઈ આપણી, શું હોયે પછતાયે રે;
વાવે બીજ કરીરનું, આંબા તે કેમ ખાયે રે. આદી. ૬

## ઢાળ બીજી

(સુત સિદ્ધારથ ભૂપનો રે)

મુદ્ગર કર લહી લોહના રે, ઊઠે અસુર ક્રૂર રે;
પાપી પીડા નવિ લહે રે, ભાંજી કરે ચકચૂર રે.
પ્રભુજી મયા કરો, જિમ ન લહું ગતિ તેહો રે;
જબ તે સાંભરે, તવ કંપે મુજ દેહો રે. પ્ર૦ ૧
નદી વૈતરણી તે કરે રે, અતિ વિષમો પંથ જાસ;
તાતા તરુઆ જળ ભરી રે, તામેં ઝબોળે તાસ રે. પ્ર૦ ૨
તેલ ઉકાળી આકરો રે, કુભીમાં ધરે દેહ;
જે પશુમાંસ પચાવતો રે, પામે ફળ તસ એહ રે. પ્ર૦ ૩
સંધાણા ગૂલર ભખે રે, વેંગણ મૂળા રે શાક;
દારુણ વેદન તે સહે રે, રસના એ વિપાક રે. પ્ર૦ ૪
છાયા જાણી તરુ તળે રે, તે જાયે નિરધાર રે;
ઉપર પત્ર ઝડી પડે રે, જાણે ખડ્ગની ધાર રે. પ્ર૦ ૫
નાસી ગિરિકંદર ગયો રે, તનુ ધરી અધિક પ્રપંચ;
વજ્ર શિલા મસ્તક પડે રે, ભાંજી કરે સત ખંડ રે. પ્ર૦ ૬
ભાર ઘણો ગાડે ભરે રે, જોત્ર દિયે તસ ખંધ;
વેળુ માંહી ચલાવતા રે, તૂટે તનની સંધ રે. પ્ર૦ ૭

## ઢાળ ત્રીજી

(સોનાં રૂપાકે સોગઠે)

કીધાં કર્મ છૂટે નહિ, જાણો ચતુર સુજાણ;
પામે વેદના દોહિલી, ચેતો મન ધરી નાણ.
તારો શ્રી જિનરાજજી, હું છું દીન અનાથ;
વાર વાર કિસ્યું વિનવું, મેટાડો દુઃખ સાથ. તારો૦ ૧

અગ્નિવરણી કરી પૂતળી, ફરસાવે તસ અંગ;
અસુર પ્રચારે ઉપરે, કીધા પરસ્ત્રી સંગ. તારો૦ ૨

ઢાઢી કરી મસ્તક ધરે, કરવત કેરી ધાર;
કાઠ તણી પરે છેદતાં, ઉપર નાખે ખાર. તારો૦ ૩

ઊંચો જોયણ પાંચસેં, ઊડ્યા જાય જ્યું તૂલ;
પડતાં અસુર તિહાં વળી, તળે માંડે ત્રિશૂલ. તારો૦ ૪

ટળવળતો ધરણી પડે, પ્યાસો માંગે નીર;
તપત રાંગ મુહમેં દિયે, વાધે બહુલી પીર. તારો૦ ૫

કો નહિ તસ રક્ષણ કરે, દુઃખી દીન અવતાર;
શરણ થહું હવે તાહરું, કીજે સેવક સાર. તારો૦ ૬

પરમાધામી સુર કહે, અમને ન દો દોષ;
આપ કમાઇ ભોગવે, કીજે રાગ ન રોષ. તારો૦ ૭

## ઢાળ ચોથી

(વિમલ જિન દીઠા લોયણ આજ)

એક જીભે શું વરણવું રે, દુઃખ અનંત અગાહ,
જેમ તેમ તે દિન નિગમ્યા રે, તે જાણો જગનાહ;
હો સ્વામી, પૂરો માહરી આશ, ન લહું નરકનિવાસ. હો૦ ૧

પાપી પાપ માને નહિ રે, રાતે ગલ ગલ ખાય;
વદન ભરી તસ કીડીઓ રે, હોઠ સીવે ગલે સાય. હો સ્વામી. ૨

કાનવશે જે માનવી રે, તેહને કાન કથીર;
નયન ચપળતા જે ધરે રે, તેહમાં તાતો નીર. હો સ્વામી. ૩

જીભા લંપટ જે હુએ રે, ખંડે તેહની જીભ;
નાસા રસ રસિયા તણું રે, છેદે નાક અખીહ. હો સ્વામી. ૪

તપ જપ સંજમ નવિ ધરે રે, પોષે બહુવિધ દેહ;
કંટક સેજ બિછાવીને રે, પોઢાડે તિહાં તેહ. હો સ્વામી. ૫

આપસમાં લડે નારકી રે, હાથ ગ્રહી હથિયાર;
ખંડ ખંડ થઈને પડે રે, પામે કષ્ટ અપાર. હો સ્વામી. ૬

ભૂખ અનંતી તે સહે રે, તેમ અનંતી પ્યાસ;
વ્યાધિ વ્યથા દુઃખ આપદા રે, સહે તે દીન નિરાશ. હો સ્વામી. ૭

લાખ ચોરાશી જાણીએ રે, સાતે નરક નિવાસ;
લેશ થકી એ ભાખિયું રે, સુણી જિન આગમ ભાષ. હો સ્વામી. ૮

વંશ ઈક્ષ્વાગ સોહામણો રે, નાભિ નરિંદ મલ્હાર;
શેત્રુંજાગિરિ રાજિયો રે, સેવક જન આધાર. હો સ્વામી. ૯

કલશ

શ્રી આદિ જિનવર, સયલ સુખકર, નિરય દુઃખ નિવારિયે,
સમકિત દીજે, મયા કીજે, ભવ મહોદધિ તારિયે;
પ્રભુ જગત ભાસન દુરિત નાશન, શ્રી ગુણસાગરઇયે,
ઇન્દ્રલોક સુખ, પરલોક શિવપદ, સ્વામી સ્મરણે પાઇએ. ૧

## ચૌદ પૂર્વના દુહા

શ્રી ઉત્પાદ પૂર્વ પ્રથમ, વસ્તુ ચૌદ તસ જાણ,
એક કોડી પદ જેહનાં, નમો નમો ભવિક સુજાણ. ૧

અગ્રયણી પૂર્વ બીજું, વસ્તુ છવીસ સુખકાર,
છનું લાખ પદ જેહનાં, નમતાં હોય ભવપાર. ૨

વીર્યપ્રવાદ પૂર્વ ત્રીજું, વસ્તુ સોલ અધિકાર,
પદ તોતેર લાખ છે, નમતાં હરખ અપાર રે. ૩

અસ્તિપ્રવાદ પૂર્વ ચોથું, વસ્તુ અઠાવીસ કહીયે,
આઠ લાખ પદ જેહનાં, નમતાં સમકિત લહીયે. ૪

જ્ઞાનપ્રવાદ પંચમું પૂર્વ, વસ્તુ બાર પ્રધાન,
એક ઊણે એક કોડી પદ, નમતા કેવલજ્ઞાન. ૫

સત્યપ્રવાદ પૂર્વ છઠું, પદ સણસઠ એક કોડી,
વસ્તુ બે છે જેહની, તે નમીયેં કર જોડી. ૬

સાતમું શ્રી આત્મપ્રવાદ પૂર્વ, વસ્તુ સોલ તસ કહીયે,
કોડી છવીસ પદ પ્રણમતાં, તત્ત્વ પછી રસ લહીયે. ૭

આઠમું કર્મપ્રવાદ પૂર્વ, વસ્તુ ત્રીસ તસ જોય,
એંસી સહસ કોડી પદ, નમતાં શિવસુખ હોય. ૮

પ્રત્યાખ્યાન નવમું પૂર્વ, વસ્તુ વીશ છે જેહ,
લાખ ચોરાસી પદ વલી, નમતાં ભવ દુઃખ છેહ. ૯

વિદ્યાપ્રવાદ દશમું પૂર્વ, પનર વસ્તુ તસ જાણીયે,
એક કોડી દશ લાખ પદ, નમતાં સવિ પાપ ગામીએ. ૧૦

એક દશમું કલ્યાણ પૂર્વ, વસ્તુ બાર કહેવાય,
છત્રીસ કોડી પદ જેહનાં, નમતાં શિવસુખ થાય. ૧૧

પ્રાણાવાય એ બારમું પૂર્વ, વસ્તુ જેહની તેર,
છપન લાખ એક કોડી પદ, નમતાં નહીં ભવફેર. ૧૨

ક્રિયાવિશાલ તેરમું પૂર્વ, વસ્તુ જેહની ત્રીસ,
નવ કોડી પદ તેહનાં, નમતાં અધિક જગીશ. ૧૩

લોકબિંદુસાર ચૌદમું પૂર્વ, વસ્તુ પચીસ તજ જાણ,
માગ બાર કોડી પદ જેહનાં, નમતાં કોડી કલ્યાણ. ૧૪

---

## મત કરના અભિમાન

પ્રાણી મત કરના અભિમાન, એક દિન નિકલ જાયગા પ્રાણ,
બચ્ચા રાવણકી જો સંપત્તિ, દેખો ફિરત લંકમેં ઢુંઢી;
રામચંદ્રકા લગા ઝપાટા, વુશળ ગઇ દશ મુંઠી. બચ્ચા. ૧

દુર્યોધનકા બલ કયા દેખો, બાર હજાર હાથી;
ભીમસેનકી લગી ગદા જબ, તનકી હો ગઈ મટ્ટી. બચ્ચા. ૨

સાત બાલ તો કંસને મારા, મસ્ત હુઆ મથુરા મેં,
સપડ ગયા જબ બાલ કૃષ્ણસે, મિલા રાજ ધુલનમેં;
બચ્ચા મત કરના અભિમાન, એક દિન નિકલ જાયગા પ્રાણ. ૩

---

## વેપારમાં અનીતિ કરનાર માટે ઉપદેશ-કવિત

વાણિયા જોઈને કરો વેપાર, આગળ ખાંડાની છે ધાર,
ઓછું દેતો ને અધિકું લેતો, દાંડી ઉંચડાવે વારંવાર;
આ શરીરથી નીકળ્યા એટલે, નરકે સહેશો બહુ માર.
વાણિયા. ૧

કુડાં કથન તુમે મુખેં વદીને, બની રહ્યા છો ગમાર;
રોતાં છુટકબારો થશે નહિ, જ્યારે આશો જમડાની માર.
વાણિયા. ૨

કોઈએ દોઢા કોઈએ બમણા કીધા, કોઈ મુળગી મુડીથી ખુવાર;
હઠીલો મૂખો હારી ગયો, પછી ચાલ્યો નરક મઝાર.
વાણિયા. ૩

તું રે જાણે હું ખાટ કરું છું, પણ એ લાભમાં નહિ સાર;
નરકથી તિર્યંચમાં જશે, એ તો સીધો છે અધિકાર.
વાણિયા. ૪

કુડ કપટ છળ ભેદ કરીને, દોલત મળી અપાર;
દોલત નામે બે લાત મારે, જ્ઞાની વચન નિરધાર.
વાણિયા. ૫

ઉદરમાં ઉંધે મસ્તકે રહ્યો, પછી દુઃખ સહી આવ્યો બહાર;
એ વેદના તું ભૂલી ગયો, તને વ્હાલો લાગ્યો સંસાર.
વાણિયા જોઈને કરો વેપાર, આ. ૬

## ઉપાધ્યાય શ્રી. વિનયવિજયજીકૃત

## શ્રી શંત્રુજયાધીશ શ્રી આદીશ્વર પ્રભુને વિનતિ

પામી સુગુરુ પસાય રે, શત્રુંજયધણી;
શ્રી રિસહેસર વિનવું એ. ૧

ત્રિભુવન-નાયક દેવ રે, સેવક વિનંતિ;
આદીશ્વર અવધારીએ એ. ૨

શરણે આવ્યો સ્વામી રે, હું સંસારમાં;
વિરુએ વૈરીયેં નડયા એ. ૩

તાર તાર મુજ તાત રે, વાત કિશી કહું?
ભવ ભવ એ ભાવઠ તણી એ. ૪

જન્મમરણજંજાલ રે, બાલ તરુણપણું;
વલી વલી જરા દહેણું એ. ૫

કેમ ન આવ્યો પાર રે, સાર હવે સ્વામી;
રયે ન કરો મહારી એ. ૬

તાર્યા તુમે અનંત રે, સંત સુગુણ વળી;
અપરોધી પણ ઉદ્ધર્યા એ. ૭

તો એક દીનદયાલ રે, બાલ દયામણો;
હું શા માટે વિસર્યો એ. ૮

જે ગિરુઆ ગુણવંત રે, તારો તેહને;
તે માંહે અચરિજ કિશું એ. ૯

જે મુજ સરિખો દીન રે, તેહને તારતાં;
જગ વિસ્તરશે જસ ઘણો એ. ૧૦

આપદ્દે પડિયેા આજ રે, રાજ ! તુમારડે;
ચરણે હું આવ્યો વહી એ. ૧૧

મુજ સરિખેા કેાઈ દીન રે, તુજ સરિખેા પ્રભુ;
જોતાં જગ લાભે નહીં એ. ૧૨

તોયે કરુણા-સિંધુ રે, બંધુ ભુવન તણા;
ન ઘટે તુમ ઉવેખવું એ. ૧૩

તારણહારેા કેાઈ રે, જો બીજો હુવે;
તેા તુમ્હને શાને કહું ? એ. ૧૪

તુંહિ જ તારીશ નેટ રે, પહિલા ને પછે;
તેા એવડી ગાઢીમ કિસી એ. ૧૫

આવી લાગ્યેા પાય રે, તે કેમ છેાડશેા;
મન મનાવ્યા વિણ હવે એ. ૧૬

સેવક કરે પેાકાર રે, બાહિર રહ્યા જશે;
તેા સાહિબ શેાભા કિસી એ. ૧૭

અતુલ બલ અરિહંત રે, જગને તારવા;
સમરથ છેા સ્વામી તુમે એ. ૧૮

શું આવે છે જોર રે, મુજને તારતાં;
કે ધન બેસે છે કિશ્યું એ. ૧૯

કહેશેા તુમે જિણુંદ રે, ભક્તિ નથી તેહવી;
તેા તે ભક્તિ મુજને દિયેા એ. ૨૦

વળી કહેશેા ભગવંત રે, નહિ તુજ યેાગ્યતા;
હમણા મુક્તિ જાવા તણી એ. ૨૧

યોગ્યતા તે પણ નાથ રે, તુમહી જ આપશો;
તો તે મુજને દીજિયે એ. ૨૨

વળી કહેશો જગદીશ રે, કર્મ ઘણા તાહરે;
તો તેહ જ ટાલો પરાં એ. ૨૩

કર્મ અમારાં આજ રે, જગપતિ વારવા;
વળી કોણ બીજો એ આવશે એ. ૨૪

વળી જાણો અરિહંત રે, એહને વિનતિ;
કરતાં આવડતી નથી એ. ૨૫

તો તેહી જ મહારાજ રે, મુજને શીખવો;
જેમ તે વિધિ શું વિનવું એ. ૨૬

માયતાય વિણ કોણ રે, પ્રેમે શીખવે;
બાલકને કહો બોલવું એ. ૨૭

જો મુજ જાણો દેવ રે, એહ અપાવન;
ખડયો છે કલિ-કાદવે એ. ૨૮

કેમ લેઉં ઉત્સંગ રે, અંગભર્યું એહનું;
વિષય કષાય અશુચિશું એ. ૨૯

તો મુજ કરો પવિત્ર રે, કહો કોણ પુત્રને;
વિણ માવિત્ર પખાલશે એ. ૩૦

કૃપા કરી મુજ દેવ રે, ઇહાં લગે આણીઓ;
નરક નગોદાદિ થકીએ. ૩૧

આવ્યો હવે હજૂર રે, ઊભો થઈ રહ્યો;
સામું શ્યે જુઓ નહીં એ. ૩૨

આંડો માંડી આજ રે, બેઠો બારણે;
માવિત્ર તુમે મનાવશો એ. ૩૩

તુમે છો દયા-સમુદ્ર રે, તો મુજને દેખી;
દયા નથી શ્યે આણુતા એ. ૩૪

ઉવેખશ્યો અરિહંત રે, જો એણી વેલા;
મહારી શી વલે થશે એ ? ૩૫

ઊભા છે અનેક રે, મોહાદિક વૈરી;
છલ જુએ છે માહરાં એ. ૩૬

તેહને વારો વેગે રે, દેવ દયા કરી;
વળી વળીને વિનવું એ. ૩૭

મરુદેવી નિજ માય રે, વેગે મોકલી;
ગજ બેસારી મુક્તિમાં એ. ૩૮

ભરતેસર નિજ નંદ રે, કીધો કેવળી;
આરીસા અવલોકતાં એ. ૩૯

અઠ્ઠાણું નિજ પુત્ર રે, પ્રતિબોધ્યા પ્રેમે;
ઝુઝ કરંતા વારીયા એ. ૪૦

બાહુબલીને નેટ રે, નાણ કેવલ તમે;
સ્વામી સાહામું મોકલ્યું એ. ૪૧

ઈત્યાદિક અવદાત રે, સઘલા તુમ તણા;
હુ જાણું છું મૂલગા એ. ૪૨

માહારી વેલા આજ રે, મૌન કરી બેઠા;
ઉત્તર શેં આપો નહીં એ ? ૪૩

વીતરાગ અરિહંત રે, સમતા સાગરુ;
માહારાં તાહારાં શું કરો એ. ૪૪

એક વાર મહારાજ રે, મુજને શ્રીમુખેં,
બોલાવો સેવક કહી એ. ૪૫

એટલે સિધ્યાં કાજ રે, સઘલાં માહરાં;
મનના મનોરથ સવિ ફલ્યા એ. ૪૬

ખમજો મુજ અપરાધ રે, આસંગો કરી;
અસમંજસ જે વિનવ્યું એ. ૪૭

અવસર પામી આજ રે, જો નવિ વિનવું તો;
પસ્તાવો મન રહે એ. ૪૮

ત્રિભુવન તારણહાર રે, પુણ્યે મહારે;
આવી એકાંતે મિલ્યા એ. ૪૯

બાલક બોલે રે, જે અવિગત પણે;
માયતાયને તે રૂચે એ. ૫૦

નયણે નીરખ્યો નાથ રે, નાભિ-નરિંદનો;
નંદન નંદન-વન જિસ્યો એ. ૫૧

મરુદેવી ઉર-હંસ રે, વંશ ઈક્ષ્વાગનો;
સોહાકર સોહામણો એ. ૫૨

માયતાય પ્રભુ મિત્ર રે, બંધુ માહરો;
જીવ જીવન તું વાલહો એ. ૫૩

અવર ન કો આધાર રે, એણે જગ તુજ વિના;
ત્રાણ શરણ તું મુજ ધણી એ. ૫૪

વળી વળી કરું પ્રણામ રે, ચરણે તુમ તણે;
પરમેશ્વર! સન્મુખ જુઓ એ. ૫૫
ભવ ભવ તુમ પાય સેવ રે, સેવકને દેજો;
હું માગું છું એટલું એ. ૫૬
શ્રી કીર્ત્તિવિજય ઉવજઝાય રે, સેવક એણી પરે;
વિનય વિનય કરી વિનવે એ. ૫૭

---

## ગહુંલી–૧

કુંવર પાગલે પગ દઈને ચડિયા–એ દેશી.

રૂડી ગહુંલી, રંગરસાલી, જિનશાસન માંહે નિત્ય રે દીવાલી;
રૂડી રાજગૃહી અતિ સોહે, તે દેખી ત્રિભુવનમન મોહે. ૧
તિહાં તો વીર આવ્યા રે ચોમાસેં, રાજા શ્રેણિક વંદે ઉલ્લાસે;
તસ અભયકુંવર પ્રધાન, મંત્રી બહુ બુદ્ધિનિધાન. ૨
રાજા શ્રેણિકની ધરનાર, શિરોમણિ ચેલણા સાર;
બાર વ્રતની સાડી જ પહેરી, નવ વાડની ઘાટડી ઘહેરી. ૩
પહેરયાં જિનગુણભુષણ અંગે, ગુરુગુણ ગાવે મન રંગે;
સમકિત કચોલું રે ભરિયું, શ્રદ્ધામાંહે કુંકુમ ઘોલિયું. ૪
પંચાચાર તે પંચરતન, ઠવણી ઉપરે કરો રે જતન;
મન નિર્મલ મોતી વધાવે, તે તો શિવરમણી સુખ પાવે. ૫
બુધ ન્યાયસાગરનો શિષ્ય, જે ભણશે જિનગુણ જગીસ;
તસ ઘર હોય કોડી કલ્યાણ, વલી પામે મોક્ષ સુજાણ. ૬

---

## ગહુંલી-૨

ધેર આવો જી આંબો મોરીઓ-એ દેશી

મહાવીરજી આવી સમોસર્યા,
રાજગૃહિ નયરી ઉદ્યાન;
સમવસરણ દેવે રચ્યું,
તિંહાં બેઠા શ્રી વર્ધમાન. મહા૦ ૧

વનપાલકે આપી વધામણી,
હરખ્યો શ્રેણીક ભૂપાલ;
ગૌતમ આદિ ગણધરું
સાધવી છે ત્રીસ હજાર. મહા૦ ૨

રાજા ગજ શણગાર્યાં ભલપતા,
તુર્ય તણો નહિ પાર;
રાજા બહું સામગ્રીયે સંચરીયો,
સાથે મંત્રી અભયકુમાર. મહા૦ ૩

ઢોલ દદા મા ગડગડે,
સરણાઇ અતિહિ રસાલ;
રાય ગજ થકી હેઠાં ઊતર્યા,
આવી વાંદે પ્રભુજીના પાય. મહા૦ ૪

રાય ત્રણ પ્રદક્ષિણા દઈ કરી,
આવી બેઠા સભા મોઝાર;
રાણી ચેલણા લાવે ગહુંલીયાં,
સાથે સખીઓનો પરિવાર. મહા૦ ૫

રાણીએ ઘાટ ઉઠ્યો રે ધૂટી તણો,
રાણી ચેલણાનો શણગાર;
રાણીએ કુંકુમ ઘોલ્યાં કંકાવટી,
રાણીએ લીધું શ્રીફલ શ્રીકાર. મહા૦ ૬

રાણી ચેલણાં પુરે ગહુંઅલી,
મહાવીરના પાવલા હેઠ;
રાણી બહુ પરિવારેં પરવરી,
રાણી ગાવે ગીત રસાલ. મહા૦ ૭

રાણી લળી લળી લીયેં રે લૂછણાં,
રાણી પૂજે પ્રભુજીના પાય;
મહાવીરની દેશના સાંભલી,
સમકિત પામ્યેા નરરાય. મહા૦ ૮

પ્રભુ તુમ સરીખા ગુરુ મુઝ મલ્યાં,
મહારી દુર્ગતિ દૂર પલાય;
પ્રભુ સેવક જાણી તારજો,
મુને મુક્તિ તણા સુખ થાય. મહા૦ ૯

---

## જીવાભિગમ સૂત્રની ગંહુલી-૩

ભવિ તુમે વંદો રે સૂરીશ્વર ગચ્છરાયા–એ દેશી

સહિયર સુણીયે રે જીવાભિગમની વાણી,
મીઠી લાગે રે મુઝને વીરની વાણી. એ આંકણી.

સૂત્રતણી રચના ગણધરની, અર્થ તે વીરે ભાખ્યાં,
ગૌતમ પૂછે બે કર જોડી, આતમ હિત કરી દાખ્યા. સ. મી. ૧

જીવ અજીવ તણી જે રચના, પૂછી ગૌતમસ્વામી,
નરક નિગોદ તણી જે વાતો, ભાખે અંતરજામી. સ. મી. ૨

સાતે નરક તણા દુઃખ ભાંખ્યાં, આતમહિત કરી શીખ્યા,
જે જે પ્રશ્ન પૂછે ગોયમ, તે તે પ્રભુજીએ ભાંખ્યા. સ. મી. ૩

પાંચ અનુત્તર તણી જે રચના, વિવિધ પ્રકારે ભાંખી,
ભવિક જીવને સુણવા કારણ, શ્રીજિનઆગમ સાખી. સ. મી. ૪

મીઠી વાણીયેં ગહુંલી ગાવે, વીર જિંણુદ વધાવે,
સ્વસ્તિક પૂરે ભાવ ધરીને, અક્ષતે કરીને વધાવે. સ. મી. ૫

નૌતમ પુરમાં રંગે ગાઈ, ગંહુલી ચઢતે ઉમંગે,
કહે મુક્તિ જિનરાજની વાણી, સુણજો અતિ ઉછરંગે. સ. મી. ૬

---

## ગંહુલી-૪

ચાલોને બાઈ ચાલોને જુઓ, સોહમ ગણધર રચના રે,
ચાલોને બાઈ ચાલોને. એ આંકણી.
રાજગૃહી નગરી સોહામણી, તસ વનમાં સોહમ આવ્યો રે,
રાજા કોંણિક વંદન આવે, ભાવ ધરીને વધાવે રે. ચાલો. ૧

ચતુરંગિણી સેના લેઈ આવે, આનંદમંગલ પાવે રે,
બહુ યુકતે કરી સોહમ વાંદે, રાજા મન આણંદે રે. ચાલો. ૨

કેઈ મુનિ તપસી કેઈ વ્રત ધારી, કેઈ સંજમના રસિયા રે,
કેઈ મુનિ જિન આણાને ધારે, વારે વિષય-કષાયા રે. ચાલો. ૩

પ્રત્યેકે સહુ મુનિને વાંદે, ભવજલ પાર ઉતરવાને,
રજત રકેબી હાથ ધરીને, સોહમ સ્વામી વધાવે રે. ચાલો. ૪

ચિહું ગતિ વારક સાથિયો પૂરે, મોતી થાલે વધાવે રે,
પદ્માવતી રાણી મન રંગે, સોલ સજ્યા શણગાર રે. ચાલો. ૫

બહુ સખી પરિવારે રાણી, મનમાં ઉલટ આણી રે,
કોણિક રાજા દેશના નિસુણે, વાણી અમૃત સરખી રે. ચાલો. ૬

ભાવ ધરીને રાજા-રાણી, અભિનવ નિસુણી વાણી રે,
જલધર વાણી નિસુણી રાજા, વાજ્યા સુજસના વાજા રે. ચાલો. ૭

ભુજપુરમંડણ ચિંતાચૂરણ, શ્રીચિંતામણિ સ્વામી રે,
ચિહું ગતિ ચૂરણ ગહુંલી ગાઈ, સંઘને સદા વધાઈ રે. ચાલો. ૮

જે ગહુંલી ગાશે મન રંગે, તસ ઘર નિત્ય ઉછરંગ રે,
શ્રીજિનઆણા પાલે અહોનિશ, મુક્તિ પદ પામે વિશેષ રે. ચાલો. ૯

---

## ગહુંલી-૫

જપો તપ રોહિણી એ—એ દેશી

ચંપાનગરી ઉદ્યાનમાં એ, આવ્યા સોહમ ગણધાર,
નમો ગુરુ ભાવશું એ, હર્ષ પુરિત નગરી જનાએ,
વાંદવા જાય ઉજમાલ નમો. ૧

કોણિકરાય તવ પૂછતો એ, આજ કિશ્યો ઉત્સવ થાય; નમો.
ઇંદ્ર ઉત્સવ કે કૌમુદ્દી એ, એવડા લોક કિંહા જાય. નમો. ૨

કે કોઈ જૈન મુનિ આવીઆ એ, કે તિહાં જાયે સવિ જન; નમો.
તેહ કહે પ્રભુ સાંભળો એ, હર્ષ કરીને મન્ન. નમો. ૩

તવ કોણિકે વાત સાંભલી એ, ઉલસી સાતે ધાત; નમો.
ગજ રથ પાયક સજ કરયાં એ,કરી વલિ નિર્મલ ગાત્ર. નમો. ૪
મસ્તક મુકુટ રત્ને જડયાં એ, હઈએ હાર સોહંત; નમો.
એક સૂરજ એક ચંદ્રમા એ, એ દોય કુંડલ ઝલકંત. નમો. ૫
ચતુરંગી સેનાયે પરિવરયો એ, શ્રેણીકરાયનો પુત્ર; નમો.
તસરાણી પદ્માવતીએ, નવશત અંગ ધરયા શણગાર. નમો. ૬
સ્વામી સુધર્મા જિંહા અછે એ, તિંહા આવ્યા કોણિકરાય; નમો.
પંચ અભિગમ સાચવી એ, ભકિતએં હર્ષ ભરાય. નમો. ૭
સાથિયો પૂરે પ્રેમશું એ, ચૌગતિ દુઃખ વારણ હાર; નમો.
પદ્માવતી રાણી વધાવતાં એ, ઉછાલે અક્ષત સાર. નમો. ૮
કરે પરમગુરુ વંદના એ, ભવજલ તારણ નાવ; નમો.
લહે મુક્તિપદ શાશ્વતું એ. જે વાંદે ગુરુ ભલે ભાવ. નમો. ૯

---

## ઉપાધિમય કફનીની ચોપાઈ

પૂર્વે એક યવનનું રાજ, જાલિમ જુલ્મ તણું સામ્રાજ્ય;
પ્રાંત પ્રાંતના હાકમ કીધ, અધિકાર સહુ તેહને દીધ. ૧
પડયો એક મહોટો દુષ્કાળ, ખેડુત વર્ગ થયો કંગાલ;
ભરી શકે નહીં મહેસુલ કોય, કોપ્યો હાકમ તાતો હોય. ૨
આણ્યા ખેડુત બાંધી હાથ, આણ્યો એક સંન્યાસી સાથ;
દોરીને લીધા દરબાર, મારે બહુ મુદ્દારનો માર. ૩
ખેડુત કહે દુઃખ વાદળ ઘસ્યું, સત્તા આગળ શાણપ કિસ્યું;
બછારડે સંન્યાસી હસે, હાકમને મન કૌતક વસે. ૪
સંન્યાસી તું સાચું બોલ; હાકમ કેમ હસે અતોલ;
સંન્યાસી કહે ન્યાય ન નામ, પખાલી વાંકે પાડાને ડામ. ૫

વાંક તમારો હું છું રાંક, આ કફનીનો સઘળો વાંક;
છતાં વાંક વિણ શિક્ષા થાય, હસવું આવે તેથી રાય. ૬
સુણી હાકમ મન અચરિજ થાય, કહો કફનીનો મહીમાય;
તવ સંન્યાસી બોલે સાક્ષાત, સાંભળો આ કફનીની વાત. ૭

કફનીયે કેર મચાવ્યો રાજ, કફનીયે;
મને ભવનાટકમાં નચાવ્યો રાજ, કફનીયે.

સંન્યાસી હું નગરનિવાસી, જનપરિચયથી ઉદાસી;
ધ્યાનનો ભંગ થવાથી ત્રાસી, પહાડ પર ગયો નાસી રાજ.
કફની ૧
એક ગુફાનો આશ્રય કરીને, ફળ પત્ર ફૂલ ખાઉં ભાવે;
એકાંતે ધરું ધ્યાન પ્રભુનું, તિહાં વિધિ વાંકો થાવે રાજ.
કફની ૨
એક મારી કફની કાપી, ઉંદરડીએ વૈર વાળ્યું;
તસ રોધન તન રક્ષહા અર્થે, બિલ્લિનું બચ્ચું પાળ્યું મેં રાજ.
કફની ૩
માંજારીના ગંધે ઉંદરડી, ભય ભાળી ને ભાગી;
એક ઉપાધિ મટી તવ પાછળ, બીજી ઉપાધી જાગી રાજ.
કફની ૪
કાંખમાં ધાલી સાંજ સવારે, જાઉં હું નિત્ય દૂધ પાવા;
તલાટીએ ભરવાડ વસે તે, ઘે દૂધ જાણી ખાવા રાજ.
કફની ૫
જાતાં વળતા કાળ કોપથી, આહીરને દયા આવી;
ગાય ઉપાધીમય એક આપી, થાય ન મિથ્યા ભાવી રાજ.
કફની ૬

ગાયને ખાવા ચરો જોઈએ તે, ખેતર પંચે આપ્યું;
હળ કોદાળી સાધન જાચ્યાં, દાટયું મે બાપનું દાવું રાજ.
કફની ૭

રાત દિવસ મહાયત્ન કરીને, ખેડ ખાતર કરી વાપ્યું;
કણબી થાતાં ધ્યાન ભૂલ્યો હું, ખેતરનું ધ્યાન ધ્યાયું રાજ.
કફની ૮

ગાય ને બિલ્લિ ભાગી ગયાં બે, કફની ને હું પકડાયાં;
વાંક નથી મારો અહીંયાં સાહેબ, હું નિર્દોષ છું રાયા રાજ.
કફની ૯

કફનીની કુડી માયામાં, માર મેં બાધો ભારો;
યોગ ધ્યાન ને ભાન ભૂલ્યો હું, ધિગ માયા ગોઝારી રાજ.
કફની ૧૦

જા કફની હવે કામ ન તારું, હમે દિગંબર થઈશું;
તજી સંસારની કુડી માયા, પ્રભુને ચરણે જઈશું રાજ.
કફની ૧૧

સંન્યાસીની વાત સુણીને, હાકેમ વિસ્મય પામ્યો;
ખેડુત સંન્યાસીને છોડયા ચિંતિ, સ્વરૂપ વિરામ્યો રાજ.
કફની ૧૨

છોટી કફનીની મહોટી ઉપાધી, બગડી બાવાની બાજી;
સાંકળચંદ સંસાર ઉપાધિ, કોડ ગમે રહી રાજી રાજ.
કફનીયે કેર મચાવ્યો. ૧૩